


ભગવાન
શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું બૃહદ્ જીવનચરિત્ર

ભાગ - ૨

પાંચસો પરમહંસોને એક સાથે
દીક્ષા આપીને ઇતિહાસ રચતા શ્રીહરિ



સ્વામિનારાયણ સદ્ધર્મપ્રણાલિકાઓએ, એમના
બ્રહ્મચર્યે, એમના સદ્ગુરુઓએ, એમના સંત
કવિવરોએ સંપ્રદાયને ઘડ્યો ને પ્રવર્તાવ્યો છે.
બ્રહ્માનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદ,
ભૂમાનંદ, દેવાનંદ, યોગાનંદ, મંજુકેશાનંદ...
સ્વામી સંપ્રદાયી અષ્ટ કવિઓ સને ૧૮૦૦ થી
૧૮૫૦નો દેશકાળ ભરી ટહુકે છે.
વૈદિક ઋષિવરોના અનુજો જેવા તુલસીદાસજી,
સૂરદાસજી, તુકારામ, નરસિંહ મહેતા તેમ
સ્વામિનારાયણીય સાધુજનો કવિસંતો હતા.
બ્રહ્મમંત્રો ગાતા, તેમ જ જીવતા. ગોપાળાનંદ,
ગુણાતીતાનંદ, નિત્યાનંદ, વાસુદેવાનંદ : કવિ
નહોતા એવા ને કવિ હતા એવા સદ્ગુરુઓએ
સ્વામી સંપ્રદાયને ખિલાવ્યો, મહોરાવ્યો,
દિશદિશમાં સંપ્રદાયનો સંદેશ સંભળાવ્યો છે.
વચનામૃતો, શિક્ષાપત્રી, સદ્ધર્મપ્રણાલિકાઓ,
કવિઓ, સદ્ગુરુઓ, ઉત્સવો, સમૈયા - એ સકળ
ધર્મસામગ્રી સ્વામી સંપ્રદાયને સાગમટે સાંપડી એ
સંપ્રદાયનાં ને દેશનાં ધન્ય ભાગ્ય.

- કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન
શ્રી સ્વામિનારાયણ

(વિસ્તૃત જીવન અને કાર્ય)

ભાગ ૨

: પ્રેરક :

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BHAGWAN SHRI SWAMINARAYAN - PART II

(Biography of Purna Purushottam Bhagwan Shri Swaminarayan)

By Harshadrai T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

4th Edition:
2003. Copies: 7,000

ISBN: 81-7526-209-5

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : હર્ષદરાય ત્રિ. દવે

ચતુર્થ આવૃત્તિ : ૨૦૦૩

પ્રત : ૭,૦૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

ઉદ્‌ગીથ ૧ : માણાવદરમાં ધર્મસભા

ઉદ્‌ગીથ ૨ : રઘુનાથદાસે ઉપાડેલી ઉપાધિ

ઉદ્‌ગીથ ૩ : શ્રીહરિનો પાંચાળમાં પ્રવેશ

ઉદ્‌ગીથ ૪ : બોચાસણ : શ્રીહરિનું લક્ષ્ય

ઉદ્‌ગીથ ૫ : રઘુનાથદાસ વિમુખ થાય છે

ઉદ્‌ગીથ ૬ : કચ્છનો સત્સંગ

ઉદ્‌ગીથ ૭ : સોરઠ-હાલારમાં વિચરણ

ઉદ્‌ગીથ ૧૩ : વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા

ઉદ્‌ગીથ ૧૪ : ગુજરાત તરફ પ્રયાણ

ઉદ્‌ગીથ ૧૫ : ગઢપુરમાં પુનઃ આગમન

● આ.સં. ૧૮૬૩ (સને ૧૮૦૬-૧૮૦૭)

ઉદ્‌ગીથ ૧૬ : જૂનાગઢમાં હરિનવમીનો ઉત્સવ

ઉદ્‌ગીથ ૧૭ : કાલવાણીમાં સંતોને પરમહંસની દીક્ષા

ઉદ્‌ગીથ ૧૮ : વ્હાલે વજાડી વાંસળી કાલિન્દીને તીર

ઉદ્‌ગીથ ૧૯ : મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે

ઉદ્‌ગીથ ૨૦ : ભાદરાથી બે પત્રો લખ્યા - કચ્છમાં વિચરણ

ઉદ્‌ગીથ ૨૧ : જામ સાહેબ મહારાજનું સ્વાગત કરે છે

ઉદ્‌ગીથ ૨૨ : ગઢપુરમાં ફૂલદોલ અને હરિનવમી ઉત્સવો

ઉદ્‌ગીથ ૨૫ : જેતલપુરમાં યજ્ઞ

ઉદ્‌ગીથ ૨૬ : અમદાવાદના સૂબાનું કાવતરું



''અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને
જે ઠેકાણે પરમહંસ બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ
સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી
હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા
તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું.
અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો
તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે.
માટે એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામ-સ્મરણ
તે કલ્યાણકારી છે.''


- ભગવાન શ્રી સ્વામિનારાયણ



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય-મુક્તો લઈ;
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી;
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ	પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



ઉદ્ગીથ ૧

માણાવદરમાં ધર્મસભા

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૩)

શ્રીહરિ મેઘપુરમાં બિરાજતા હતા. આ.સં. ૧૮૬૦ની સાલ હમણાં જ બેઠી હતી. આષાઢ સુદ પક્ષના પ્રારંભના દિવસો હતા. માણાવદરના મયારામ વિપ્રે શ્રીહરિને માણાવદર પધારવાનું આમંત્રણ આપ્યું. શ્રીહરિને તેમણે કહ્યું : "હે મહારાજ ! આપે ગયે વર્ષે માંગરોળપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો. તેવો જ ઉત્સવ આ વર્ષે માણાવદરમાં આપ કરો તેવી મારી પ્રાર્થના છે."

રામાનંદ સ્વામીના આ જૂના શિષ્યને શ્રીહરિના સ્વરૂપમાં સર્વોપરી પરમાત્મસ્વરૂપનો નિશ્ચય થઈ ગયો હતો. રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી દ્વારા ઠપકાના શબ્દો કહેવરાવ્યા ત્યારથી જ તેમની સંશયગ્રંથિ ગળી ગઈ હતી. શ્રીહરિએ તેમના ભાવને પોષવા આમંત્રણ સ્વીકાર્યું. શ્રીહરિ માણાવદર પધાર્યા. મયારામ ભટ્ટે તથા તેમના ભાઈ ગોવિંદરામે તેમજ વૈશ્ય ભક્તો આંબાભાઈ, જીવાભાઈ, શ્યામજીભાઈ, કલ્યાણભાઈ, લક્ષ્મણભાઈ અને મીઠી, રત્નવતી વગેરે સ્ત્રીઓએ સર્વેએ મળીને શ્રીહરિનું સ્વાગત કર્યું.

રામાનંદ સ્વામીએ ડુગડુગી વગાડી મુમુક્ષુઓનો સારો એવો સમૂહ ભેગો કર્યો હતો. શ્રીહરિ આ પૂર્વભૂમિકાથી પ્રસન્ન હતા. હવે એકાંતિક ધર્મની સ્થાપના કરી ભક્તોના આત્યંતિક કલ્યાણનું કાર્ય તેમને કરવાનું હતું. મયારામ ભટ્ટે શ્રીહરિની વાતોમાંથી 'એકાંતિક ધર્મ' અને 'આત્યંતિક કલ્યાણ'ના શબ્દો સાંભળ્યા હતા તેથી તેમની ઇચ્છા હતી કે માણાવદરમાં મહાસભા થાય, મુમુક્ષુઓ ભેગા થાય અને આ બે નવીન શબ્દોનું સ્પષ્ટીકરણ પણ થાય.

શ્રીહરિનો ઉતારો મયારામ ભટ્ટને ઘેર જ હતો. તેઓ તથા તેમના ભાઈ ગોવિંદરામ શ્રીહરિની સેવામાં ખડે પગે રહેવા લાગ્યા. અન્ય ભક્તો પણ મદદમાં હતા. સાધુ, બ્રહ્મચારીઓ તથા દેશ-દેશના હરિભક્તો પણ જન્માષ્ટમીના ઉત્સવ

ઉપર માણાવદર આવવા લાગ્યા. આવા પ્રસંગે તેમને જ્ઞાનનું પોષણ મળતું. શ્રીહરિની સ્વરૂપની નિષ્ઠા થતી અને ભક્તિનો ભાવ વધતો.

આ.સં. ૧૮૬૦ના જન્માષ્ટમી ઉત્સવનો શુભ દિન આવ્યો. શ્રીહરિએ સૌને આજ્ઞા કરી કે "આજે સૌને નિર્જળા ઉપવાસ. મધ્યરાત્રિએ શ્રીબાલકૃષ્ણના જન્મનો ઉત્સવ થશે અને પછી કીર્તન-ભક્તિ ઠેઠ સવાર સુધી."

કૃષ્ણઅષ્ટમીની સવારથી જ સૌની ઇન્દ્રિયોની વૃત્તિ પોતપોતાના આહારમાંથી પાછી હઠી ગઈ. પંચવિષયના ભોગની ઇચ્છા ટળી ગઈ ! તેમને આશ્ચર્ય થયું કે ઇન્દ્રિયોની વૃત્તિઓ આમ એકાએક કેમ કુંઠિત થઈ ગઈ ? સવારથી જ આવા મંગલમય વાતાવરણમાં ઉત્સવ શરૂ થયો.

શ્રીહરિ સભામાં પધાર્યા. ત્રેવીસ વર્ષના આ યુવાન પરિવ્રાજકમાં સૌને પરમાત્માનાં દર્શન થયાં. આ દર્શનથી તેમનાં મન સ્થિર થઈ ગયાં, ચિત્તવૃત્તિ એકાગ્ર બની ગઈ. શ્રીહરિના દિવ્ય સ્વરૂપના પ્રભાવનો સૌને અનુભવ થયો. મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. શ્રીહરિએ સભામાં એકાંતિક ધર્મ અને આત્યંતિક કલ્યાણની વાત કરી. એકાંતિક ધર્મની સિદ્ધિ થાય ત્યારે બ્રહ્મભાવને પમાય. તેવો શુદ્ધ બ્રહ્મભાવ એ જ આત્યંતિક કલ્યાણ.

મયારામ ભટ્ટના અતરમાં ઘોળાતા બે પ્રશ્નોના ઉત્તર થઈ ગયા. તે સિવાય શ્રીહરિએ બીજી ઘણી વાતો કરી. સાધુ, બ્રહ્મચારીમાંથી કેટલાક સમજ્યા, ઘણા ન સમજ્યા; પરમાત્માની પરાવાણીનો સ્રોત ઝીલવો સહેલો નથી.

રાત્રે કૃષ્ણજન્મ ઉત્સવ ધામધૂમથી થયો. માખણ અને મિસરીનો પ્રસાદ વહેંચાયો. સૌએ પ્રસાદ પાત્રમાં લઈ લીધો. પારણાં કરી પ્રસાદ લેવાનું માહાત્મ્ય હતું. બીજે દિવસે સવારે પ્રાતઃવિધિથી પરવારી શ્રીહરિએ સૌ ભક્તો તથા વિપ્રોને સારી રીતે જમાડી તૃપ્ત કર્યા. પોતે મધ્યાહ્ને જમ્યા. ત્યારપછી આ પ્રસંગે યોજાયેલી જાહેરસભામાં પોતે પધાર્યા.

ધર્મસભા

શ્રીહરિને સત્સંગમાં આવ્યે લગભગ ચાર વર્ષ થઈ ગયાં હતાં. તેમાં બે વર્ષ રામાનંદ સ્વામીની છત્રછાયા નીચે વિતાવ્યાં. તેમના અંતર્ધાન થયા પછી શ્રીહરિએ સમાધિ-પ્રકરણ ચલાવ્યું. જડ, અજ્ઞાન ને ભોળી પ્રજાને મન ધર્મ અને અધર્મનો કોઈ વિભાગ ન હતો. વિધિ અને નિષેધના નિયમોનું જ્ઞાન ન હતું. તેમને અધર્મના ફળરૂપે નરક યાતનાના અનુભવ કરાવ્યા, ધર્મના ફળરૂપે

પરમાત્માનાં દર્શન પણ કરાવ્યાં. પરંતુ જ્યાં સુધી અંતરમાં જ્ઞાન ન ઠરે, ત્યાં સુધી સમાધિના દિવ્ય અનુભવની અસર ક્ષણજીવી જ રહે. તેથી પ્રસંગે પ્રસંગે તેઓ જ્ઞાનોપદેશ કરતા. ગીતા, ભાગવત અને ઉપનિષદના પાઠ પણ બ્રાહ્મણો પાસે કરાવતા. તેમણે જોયું કે ધીરે ધીરે લોકોનાં અંતરમાં ધર્મસર્ગનો વિકાસ થઈ રહ્યો છે. પોતાના જ આશ્રયના બળથી પોતા પ્રત્યેની ગુરુભક્તિથી લોકો ધર્માભિમુખ થવા લાગ્યા છે.

આ પ્રસંગે પણ શ્રીહરિએ ધર્મ અને અધર્મ સમજાવતાં કહ્યું : "ધર્મમાં નારાયણનો અંશ છે એટલે ધર્મને સેવનારાઓને નારાયણ સુગમ છે.[1] સાચો ધર્મ એ છે કે જેનાથી અંતરમાં નારાયણ પ્રગટે. જે તત્ત્વોથી અંતરમાં ધર્મનો ભાવ નાશ પામે, તે અધર્મ. લોભ, કામ, સ્નેહ, રસાસ્વાદ અને માન એ પાંચ અધર્મના આધારસ્તંભ છે. વસિષ્ઠ અને સહસ્રાર્જુનનો પરાભવ લોભથી થયો. બ્રહ્મા, ઈન્દ્ર, સૌભરી તેમજ નહુષ અને બીજા અનેક દેવો અને ઋષિઓ કામથી ભ્રષ્ટ થયા. ભરતજી સ્નેહના ભાવથી મૃગબાળમાં આસક્ત થયા અને તપમાંથી ચ્યુત થયા. ઋષ્યશૃંગ તથા અન્ય એવા મોટા રસાસ્વાદની આસક્તિથી પોતાની પદવીમાંથી ભ્રષ્ટ થયા. દક્ષ પ્રજાપતિનો માનમાંથી પરાભવ થયો. આવા મોટા કહેવાતા મહાનુભાવોનો એ પંચવિષયોએ પરાભવ કર્યો. તે સમયના દેશકાળ શુભ હતા, છતાં અંતરમાં પંચવિષયની આસક્તિથી અંતે ભ્રષ્ટ થયા, ત્યારે આજે તો અધર્મસર્ગ જ પ્રવર્ત્યો છે. માટે સાવધાન રહી પોતપોતાના વર્ણ અને આશ્રમના ધર્મનું પાલન નહિ કરો તો અંતે આ જ દશા આવશે. હું તો ધર્મનો પુત્ર છું તેથી ધર્મ મને પ્રિય છે. તમે સૌ ધર્મ પાળશો, તો અંતરમાં ભક્તિ પ્રગટશે."[2]

બાંટવાના નવાબ શ્રીહરિનાં દર્શને

શ્રીહરિની કીર્તિ સાંભળીને બાંટવાના નવાબ ધૂલેખાં પણ શ્રીહરિનાં દર્શને માણાવદર આવ્યા. કુરાનના તેઓ સારા અભ્યાસી હતા તેથી તેમાંથી જે જે પ્રશ્નો તેમણે શ્રીહરિને પૂછવાના નક્કી કર્યા હતા તે તમામ પ્રશ્નોનું સમાધાન શ્રીહરિએ તેમની સાથે વાત કરતાં કરી દીધું. નવાબને પ્રશ્ન પૂછવાના રહ્યા નહિ. શ્રીહરિનો આવો પ્રભાવ જોઈ ધૂલેખાંને શ્રીહરિ ઓલિયા પુરુષ જેવા લાગ્યા.

ધૂલેખાંએ આ વાત માણાવદરના નવાબ ગજેફરખાનને કરી અને કહ્યું :

---

૧. धर्मो यत्र नारायणस्थितिः। – સત્સંગિજીવન; પ્ર. ૨, અ. ૧૦, શ્લોક ૨૪.

૨. આ પ્રસંગનો વિસ્તાર સત્સંગિજીવન : પ્ર. ૨, અ. ૧૦માં છે.

"તમારાં અહોભાગ્ય છે કે આવા પુરુષ તમારે આંગણે પધાર્યા છે."

નવાબ તો શ્રીહરિની કીર્તિ જાણતા હતા. તેમને અનુભવ પણ થયો હતો. મૂળજી લુવાણા તથા ગોંડળના માથાભારે પઠાણ શેખજીને શ્રીહરિએ પોતાનો પ્રભાવ બતાવ્યો હતો તે નવાબે જોયું હતું. તેથી તેણે ધૂલેખાંને કહ્યું : "શ્રીહરિ તો સાક્ષાત્ ખુદા છે."

ધૂલેખાંને પણ આ વાતની અંતરમાં પ્રતીતિ થઈ ગઈ હતી.

✧

શ્રીહરિએ મેઘપુર, લોજ, માંગરોળ, સરધાર વગેરે ગામોમાં સદાવ્રત સ્થાપ્યાં અને ત્યાં સાધુઓને સેવા કરવા રાખ્યા. પરિણામ એ આવ્યું કે અન્નાર્થીઓની કતાર લાગવા માંડી. ભેખધારીઓ, બાવાઓ, વેરાગીઓ પણ આવવા લાગ્યા. તેમાં કેટલાક દ્વારિકાની જાત્રા કરવા જતા આ સદાવ્રતનો લાભ લેતા. સદાવ્રત આપતા સાધુઓની નમ્રતા, વિવેક અને પ્રેમ જોઈને તેઓ તેમને પૂછતા : "આ સદાવ્રત કોણે બંધાવ્યું છે ?"

તેઓ કહેતા : "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેમણે યાત્રાળુઓ તથા અન્નાર્થીઓ માટે આવાં સદાવ્રતો બાંધ્યા છે."

સ્વામિનારાયણનું નામ સાંભળતાં જ કેટલાકનાં અંતરમાં પ્રકાશ થતો. અક્ષરધામની દિવ્ય મૂર્તિનાં દર્શન તે પ્રકાશમાં તેમને થતાં. કેવળ નામમાત્રમાં જ આવો ચમત્કાર અનુભવી તેમને સ્વામિનારાયણનાં દર્શનની ઇચ્છા થતી. શોધીને દર્શન કરવા જતા. ધામની મૂર્તિ અને પ્રત્યક્ષ મનુષ્યરૂપ મૂર્તિમાં એકતા જોતા અને પ્રભુ પામ્યાનો આનંદ અનુભવીને સ્વામિનારાયણના સંત સમાજમાં જોડાઈ જતા. આ પ્રમાણે સ્વામિનારાયણ ભગવાન પાસે સંતમંડળ જમા થવા લાગ્યું.

પરંતુ આની વિપરીત અસર બાવાઓની જમાતમાં થવા લાગી. દરેક જમાતના મોટા મોટા મહંત સ્વામિનારાયણના સતમડળમા જોડાવા લાગ્યા. તેમના મોક્ષભાગી ગૃહસ્થ શિષ્યો પણ સ્વામિનારાયણ ભગવાનનું દિવ્ય ઐશ્વર્ય જોઈ તેમના આશ્રિત થવા લાગ્યા. કેવળ મોક્ષ માટે જ જે પરિશ્રમ કરતા હોય તેવા દૈવી મુમુક્ષુ જીવો કોઈ મતપંથ કે વાડામાં બંધાયેલા રહે જ નહિ. તેમની અંતર્વૃત્તિ અવિરતપણે ખોજ કરતી જ રહે છે. પ્રભુપ્રાપ્તિમાં જ તે ખોજનો અંત હોય છે. આવા તીવ્ર મોક્ષભાગીઓ સ્વામિનારાયણ ભગવાનના શિષ્યમંડળમાં આવવા લાગ્યા. શ્રીહરિનો સમાજ વધવા લાગ્યો.

બાવાઓને પોતાનો પથ પડી ભાંગશે એવી દહેશત પેઠી. તેમને થયું કે

સ્વામિનારાયણે નક્કી કંઈ જડીબુટ્ટી મેળવી છે, તેથી લોકો તેમને જોઈ તેમનામાં ખેંચાઈ આવે છે. તેમની જમાતના સંતો ધર્મ પાળે છે અને લોકોને ધર્મ શું ? તે સમજાવે છે. તેઓ તપ કરે છે અને તપમાં જ પ્રભુની પ્રસન્નતા રહેલી છે તેવું અન્યને શીખવે છે. તેઓ ભક્તિ કરે છે અને 'अहं ब्रह्मास्मि'નાં ભ્રામક સૂત્રોની પોકળતા બહાર પડી જાય છે. આથી, ભેખને બીક લાગી કે તેમનો પંથ પડી ભાંગશે. તેમણે નક્કી કર્યું : "સ્વામિનારાયણે સ્થાપેલાં સદાવ્રતો જ તોડી નાખવાં. એ સદાવ્રતો તૂટશે તો આપોઆપ તેમનો પંથ પડી ભાંગશે."

ભેખ સદાવ્રતો તોડે છે

શ્રીહરિને આ સમાચાર મળ્યા : સદાવ્રતો ઉપર બાવાઓનાં ઝુંડનાં આક્રમણો થાય છે. સદાવ્રત આપનાર સાધુઓને તેઓ મારે છે. તેમની કંઠી તોડી નાખે છે, જનોઈ ખેંચી લે છે, તેમની સામે સ્ત્રીઓ લાવી તેમને ભ્રષ્ટ કરવા પ્રયત્નો કરે છે, તેમની પૂજા, મૂર્તિઓ આંચકી લે છે, મૂર્તિઓ તોડી નાંખે છે. સદાવ્રતમાં સંઘરેલા અન્નને વેરવિખેર કરી મનુષ્ય કે પશુના ઉપયોગમાં ન આવે તેવું નકારું કરી દે છે.

શ્રીહરિએ આ સમાચાર સાંભળ્યા. તેમના દરેક કાર્યમાં સંતોની કસોટી હતી – તેમના ધર્મની, તેમની ભક્તિની, તેમની ધીરજની ! તેમને સંતોનો એક આદર્શ સમાજ સ્થાપવો હતો. એક એક સંતનું એવું કવચ ઘડવું હતું કે તેમને શસ્ત્રો છેદી શકે નહિ, અગ્નિ બાળી શકે નહિ, પાણી પલાળી શકે નહિ. नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः એ ગીતાસૂત્ર શું આત્માના અદૃશ્ય સ્વરૂપ માટે જ બોલાયેલું હતું કે આત્માના ભાવને પામેલા સંતના ખમીરનું સૂચક હતું ? જેમને શબ્દો વેધી શકતા નથી, ક્રોધાગ્નિ બાળી શકતો નથી, આ લોકના મિથ્યા ભાવો જેમને આર્દ્ર કરી શકતા નથી તે જ સંત ! તે આત્માનું મૂર્ત સ્વરૂપ !

શ્રીહરિને આવા આત્મસ્થિતિવાળા સંતો પકવવા હતા. તેમણે જ્યાં સદાવ્રત ચાલતાં હતાં, ત્યાં પત્રો લખી દીધા : "સદાવ્રતો ચાલુ રાખવાં, ગમતું ગોવિંદનું થશે, આપણી સાધુતા વિશેષ ઉજ્જ્વળ દેખાશે."

શ્રીહરિએ વિચાર્યું કે સત્સંગ વિના, શુદ્ધ જ્ઞાનની સમજણ વિના, મુમુક્ષુતા હોવા છતાં ભોળા ભાવના લોકો ભેખમાં ભરમાય છે. તેમને જ્ઞાન આપવું, સત્સંગના રંગે રંગવા જેથી શબ્દના અર્થ સમજતા શીખે અને સત્ તથા અસત્‌નો વિવેક અંતરમાં સ્થપાય.

તેમણે વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું : "તમો ગુજરાત જાઓ. ચરોતર ફરી ઠેઠ સુરત સુધી સત્સંગની વાતો કરો, લોકોને સત્સંગના રંગે રંગી દો."

ભાડેરમાં જળઝીલણી અને શ્રાદ્ધપક્ષ : આ.સં. ૧૮૬૦

ભાડેર ગામના ભૂપતિ વાઘજીભાઈ આ સમૈયા ઉપર માણાવદર આવ્યા હતા. તેમણે આ લાભ લીધો. પોતાની પ્રજાને પણ આ લાભ મળે તે માટે તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી : "મહારાજ ! જળઝીલણીનો ઉત્સવ ભાડેરમાં કરો."

વાઘજીભાઈ સાથે તેમના ભાઈ મૂળજી અને પિતા અક્ષયરાજ પણ હતા. વાઘજીભાઈના પુત્ર દેસાજીએ પણ પિતાના આ આમંત્રણમાં પોતાનો સૂર પુરાવ્યો. શ્રીહરિએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું અને ભાડેર પધાર્યા. શ્રીહરિ પધાર્યા અને પુરમાં આનંદ પ્રવર્તી ગયો. વિપ્રો, વૈશ્યો, સ્ત્રીઓ સૌ સેવામાં મંડી પડ્યાં.

શ્રીહરિના સ્વરૂપમાં દિવ્યતા હતી તેથી લોકોનાં ઈન્દ્રિયો, અંતઃકરણ તેમના સ્વરૂપમાં ખેંચાઈ જતાં. જગત પ્રત્યેની તેમની વૃત્તિ ઉન્મુખ થઈ જતી. આવા શુદ્ધ ભાવમાં સાંભળેલા જ્ઞાનના, ઉપદેશના શબ્દો અંદર સોંસરા ઊતરી જતા. શ્રીહરિને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું હતું.

જળઝીલણીનો ઉત્સવ ભાડેરમાં કર્યો. શ્રાદ્ધપક્ષ પણ અહીં જ વિતાવ્યો. ભાદરવા માસની અમાસને દિવસે ધર્મપિતાનું શ્રાદ્ધ પોતે કર્યું. વિપ્રોને જમાડી તૃપ્ત કર્યા. આ પ્રસંગની સભામાં શ્રીહરિને વાઘજીભાઈએ પૂછ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ પરમાત્મા છો. ધર્મપિતા તો આપના સાન્નિધ્યમાં જ ધામમાં ગયા છે. તો પછી તેમનો શ્રાદ્ધવિધિ કરવામાં આપનો શો ઉદ્દેશ છે ?"

શ્રીહરિએ સ્મિત કરતાં કહ્યું : "વૈદિક ધર્મની પ્રણાલિકા જાળવવા માટે જ મોટાપુરુષો પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. તેમના આચરણનું બીજા અનુકરણ કરે છે. એટલે મોક્ષગતિને પામેલાઓ માટે શ્રાદ્ધવિધિ આવશ્યક નથી. છતાં તેમને અન્યની શિક્ષા માટે, ધર્મનું, વિધિ-નિષેધનું આચરણ ચાલુ રખાવવા માટે, આ વિધિ કરવો પડે છે. નહિ તો ભવિષ્યમાં આ ધર્મો લુપ્ત થઈ જાય, કલ્પિત ધર્મો પ્રવર્તે અને તેમાંથી ઘણું અનિષ્ટ થાય."

શ્રીહરિ ભાડેરમાં નવરાત્રનું રહસ્ય સમજાવે છે

બીજા દિવસથી જ નવરાત્ર ઉત્સવ શરૂ થવાનો હતો. આ ઉત્સવમાં દેવીને

નૈવેદ્યમાં સુરા અને માંસ ધરાવવામાં આવતાં. તેથી પશુઓની હિંસા થતી. બ્રાહ્મણો શાસ્ત્રના અર્થનું રહસ્ય સમજ્યા સિવાય કેવળ પોતાની આજીવિકા માટે આ ઉત્સવમાં દેવીને સુરા અને માંસનું નૈવેધ ધરાવતા. તે પ્રસાદ પોતે જમતા અને બીજાને આગ્રહ કરી જમાડતા. બ્રાહ્મણોની આ અધમ મનોવૃત્તિને કારણે ઠેર ઠેર નવરાત્ર ઉત્સવોમાં, યજ્ઞોમાં પશુહિંસા થતી. એ રીતે તામસ દેવ-દેવીઓની આરાધના અને પૂજન થતાં. અધમ વૃત્તિના આશયથી પ્રવર્તેલા આ હિંસામય ઉત્સવો બંધ કરાવવાનો શ્રીહરિએ નિશ્ચય કર્યો. આ સભામાં બ્રાહ્મણો પણ હતા, ક્ષત્રિયો પણ હતા, તેથી શ્રીહરિએ તેમને સંબોધીને કહ્યું :

"આવતી કાલથી નવરાત્ર પર્વ શરૂ થાય છે. દરેક પર્વ પાછળ આધ્યાત્મિક રહસ્ય રહેલું છે. પરંતુ તે રહસ્ય ન સમજાય તેથી ઉત્સવો એટલે પંચવિષયનો ભોગ, એવું માની આવા પવિત્ર પર્વ પાછળ શાસ્ત્રકારોએ જે રહસ્યો મૂક્યાં છે તેનો અનાદર થાય અને કેવળ ભોગવૃત્તિ જ પ્રવર્તે. ગૃહસ્થોને પંચવિષયનો યોગ છે એટલે તેમણે વિશેષ સાવધાન રહેવું જોઈએ. ત્યાગીઓ પણ 'અમે જિતેન્દ્રિય છીએ' એમ સમજી જો ઇન્દ્રિયોના વ્યવહારમાં સાવધાન ન રહે, તો બળવાન ઇન્દ્રિયો તેમને પણ પંચવિષય તરફ ઘસડી જાય છે."

શ્રીહરિની વાતનું રહસ્ય યથાર્થ ન સમજી શકવાથી એક બ્રાહ્મણે પૂછ્યું : "અમારે આવતી કાલથી શરૂ થતા નવરાત્ર વ્રતનો ઉત્સવ કેવી રીતે કરાવવો ? અમારી આજીવિકા પણ સચવાય અને ધર્મ પણ સચવાય ?"

બ્રાહ્મણોની ધર્મ સાચવવાની ભાવના જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "નવરાત્ર ઉત્સવ એ વેદમાતા સાવિત્રી, લક્ષ્મીજી તથા પાર્વતી એ મુખ્ય દેવીઓને પ્રસન્ન કરવાનો ઉત્સવ છે. આ દેવીઓ તો ધર્મ, વૈરાગ્ય અને ભક્તિપ્રધાન છે તો તેમને સુરા અને માંસનું નૈવેધ કેમ ધરાવાય ? તેમની સમક્ષ હિંસા કેમ થાય ? તામસી દેવ-દેવીઓ જ મદ્ય-માંસનું ભક્ષણ કરે છે. તેમની પ્રસન્નતાથી કોઈ પ્રાપ્તિ થતી નથી ઊલટો અધર્મ થાય છે અને ભ્રષ્ટ થવાય છે. એટલે તેમનું પૂજન છોડી સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીની આરાધના કરી, ઉત્સવના દિવસોમાં તપ કરી તેમને ભક્તિભાવ અર્પણ કરવો. મનથી પણ કોઈની હિંસાનો સંકલ્પ કરવો તેને શાસ્ત્રકારોએ હિંસા ગણી પાપ કહ્યું છે. તો પછી પશુહિંસા કરવી તેમાં કેટલું અધિક પાપ હોય ?"

"પાપ અને પુણ્યનો વિચાર કરીએ તો અમારી આજીવિકા ટળી જાય. અત્યારે યજમાનો બહુધા કૌલ પંથના હોય છે. ચંડી કે કાલિકા આદિ દેવીઓનું

પૂજન તેમને પ્રિય હોય છે. સુરાપાન, માંસભક્ષણ અને વ્યભિચારની પ્રવૃત્તિને તેઓ દેવીઓને પ્રસન્ન કરવાનાં શુભ કર્મો માને છે.[3] અમે અત્યાર સુધી તેમને પોષ્યાં, આ સત્ય છે એવું સમજાવ્યું. હવે તે જૂઠું છે, પાપ છે તેમ અમારે જ તેમને કેમ કહેવું ?"

કૌલમતવાદી બ્રાહ્મણોએ જ પ્રવર્તાવેલી આ અધર્મ પ્રવૃત્તિ જોઈ શ્રીહરિ ખિન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "તમારે યજમાનોને કહેવું, અમને જ્ઞાન લાધ્યું, પ્રકાશ થયો, આ દેવીઓએ જ સ્વપ્નમાં આવી કહ્યું કે આ પાપ છે, હવે બંધ કરો. તમારી શુભ ભાવના હશે તો ભગવાન તમને સહાય કરશે. ભગવાનની પણ ઇચ્છા આ અધર્મ અટકાવવાની છે. તેથી તમારી અંતરની ભાવના અને ભક્તિથી ભગવાન તમારા યોગ-ક્ષેમનું જરૂર વહન કરશે. તેમનો વિશ્વાસ રાખજો."

દ્રવ્યનું આલંબન છોડી ભગવાનનું આલંબન રાખવું તે બ્રાહ્મણોને જરા કઠણ પડ્યું, પરંતુ શ્રીહરિના શબ્દોમાં ચેતન હતું. તે શબ્દો બ્રાહ્મણોના અંતરતલ સુધી પહોંચી ગયા હતા. તેમને વિચાર કરતા જોઈ વાઘજીભાઈએ ઊઠીને તેમને કહ્યું : "ભૂદેવો ! શું વિચાર કરો છો ? આ તમને ઉપદેશ આપે છે તે પોતે જ ભગવાન છે. તેમનો દૃઢ વિશ્વાસ હશે તો આભ ફાડીને પણ આ ભગવાન તમારું પૂરું કરશે. પાપનાં પોટલાં ભેગાં કરીને બ્રાહ્મણપણું તો ખોયું છે પણ હવે સાચું બ્રાહ્મણપણું મેળવવાનો આજે અવસર આવ્યો છે માટે માટી થાઓ માટી !"

બ્રાહ્મણોના જીવમાં જીવ આવ્યો. ધર્મ અને આજીવિકા બંને સચવાય, શ્રીહરિ પણ પ્રસન્ન થાય. શ્રીહરિની વાત તેમને ગળે ઊતરી ગઈ. નિષ્ઠા અને દૃઢ આશ્રયનું બળ અંતરમાં પ્રગટ થયું. તેમની સુષુપ્ત સાત્ત્વિકતા બહાર આવી ગઈ. નવરાત્રનો ઉત્સવ નવી રીતથી ઊજવવાનું તેમણે નક્કી કર્યું.

નવરાત્રના ઉત્સવ સાત્ત્વિક ભાવથી, ભક્તિભાવથી ઉજવાયા. સૌનાં અંતરમાં દિવાળીના દીપ પ્રગટ્યા. અન્નકૂટનો આ.સં. ૧૮૬૦નો સમૈયો શ્રીહરિએ ભાડેરમાં કર્યો. ત્યાંથી જૂનાગઢની પશ્ચિમે લીલાછમ ઘેડ પ્રદેશમાં જમનાવડ પધાર્યા.

શ્રીહરિ જમનાવડમાં

સોરઠની લીલી ધરતીએ તેમના અંતરને આકર્ષ્યું હતું. સોરઠના માનવી

---

૩. क्षुद्रा देवाश्च देव्यो वा ये स्युर्मद्यामिषप्रियाः ।
तामसानां न कर्तव्यं व्रतं तेषां न पूजनम् ॥
– સત્સંગિજીવન; પ્ર. ૨, અ. ૧૬, શ્લોક ૩૭.

તેમને હૈયે વસી ગયા હતા. અહીં રામાનંદ સ્વામીએ પડ છાંટ્યું હતું, રોપ રોપ્યા હતા. તેમને ઉછેરવા, નવી વાડી ખિલવવા, એકાંતિક ધર્મની સ્થાપના કરવા તેમણે ઠેઠ ઉત્તર ભારતમાંથી આ પ્રદેશ ઉપર દૃષ્ટિ કરી હતી.

જમનાવડના દરબાર સુજાનસિંહ (દાદાભાઈ) અને પંચાળાના દરબાર મનુભા બંને સગા ભાઈ હતા. ક્ષત્રિયકુળભૂષણ સિદ્ધરાજ જયસિંહના વંશના સોલંકી વાઘેલા આ બે રાજપૂત ભાઈઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. શ્રીહરિ રામાનંદ સ્વામી સાથે પંચાળા ગયા ત્યારથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવવાનો દાદાભાઈને સંકલ્પ હતો. આજે શ્રીહરિ તેમને ત્યાં પધાર્યા અને તેમના બત્રીસે કોઠા ટાઢા થઈ ગયા. તેમનાં બહેન મોટીબા પણ મહામુક્ત હતાં.

શ્રીહરિ તથા સંઘની સેવામાં અંબારામ વિપ્ર ખડે પગે હતા. અંબારામ ભોળા હતા. બ્રાહ્મણત્વના ગૌરવનું મિથ્યા અભિમાન તેનામાં ન હતું. 'દયા પ્રભુની' કરીને જીવન વ્યતીત કરનારા આ ભોળા બ્રાહ્મણને કૌલ અને શક્તિપંથના બ્રાહ્મણોની કલુષિતતા અડી ન હતી. આહારે અને આચારે શુદ્ધ હતા. તાંબડીના લોટ ઉપર નિર્વાહ કરી, સાત્ત્વિક અને સાદું જીવન જીવતા હતા. દાદાભાઈનો પણ તેમના ઉપર પ્રેમ હતો.

તેમણે શ્રીહરિને સુંદર રસોઈ કરી જમાડ્યા. અંબારામે જાણ્યું કે શ્રીહરિ જમ્યા અને હવે પ્રસન્નચિત્ત છે એટલે તેમણે તેમને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! અમે તો જીવ છીએ અને તમે જગદીશ છો. આપણા વચ્ચે એટલું છેટું છે કે કેમે કરીને અમારી નજર તમારા તરફ પહોંચે તેવું નથી."

શ્રીહરિ તેમની આ ભોળી વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અંબારામ ! આપણી વચ્ચે કાંઈ જ છેટું નથી. જો તમારી દૃષ્ટિ ફરી જાય, તો સાવ ઢૂકડું જ છે."

અંબારામ આ વાણીમાં ન સમજ્યા. શ્રીહરિ તેમની મૂંઝવણ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "અંબારામ ! આમ જુઓ. આપણા વચ્ચે આટલું જ છેટું છે." અને શ્રીહરિ સમક્ષ અંબારામની દૃષ્ટિ થઈ અને તરત તેને સમાધિ થઈ ! અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર અનંત મુક્તો શ્રીહરિની સેવામાં તેણે જોયા. પોતે પણ શ્રીહરિ સન્મુખ શ્રીહરિના દિવ્ય સ્વરૂપનો આનંદ માણતા જાણે ખોવાઈ ગયા હોય તેવા ઊભા હતા.

દાદાભાઈ અંબારામની આ સ્થિતિ જોઈ મૂંઝાઈ ગયા. તેમને થયું કે "બ્રાહ્મણ બીચારો સેવા કરવા આવ્યો ત્યાં તેને આ શું થઈ ગયું !" તેણે શ્રીહરિને પ્રાર્થના કરી : "મહારાજ ! આને શું થયું ? જીવતો કરો નહિ તો

અમને બ્રહ્મહત્યાનું પાપ લાગશે.''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''બાપુ ! અંબારામ તો જીવતો જીવ છે. પણ જેને આ સ્વરૂપની ઓળખાણ નથી તે બધા જ જીવતા છતાં મરેલા છે. જેમ લુહારની ધમણ હાંફે છે, તેમ તે બધા કેવળ હાંફે છે પણ તેમનામાં જીવન નથી હોતું.''

એટલીવારમાં અંબારામ બેઠો થઈ ગયો ! બાપુને આશ્ચર્ય થયું. અંબારામે જે કહ્યું તે સાંભળી બાપુને વધુ આશ્ચર્ય થયું ! શ્રીહરિ તેમને ખરેખર અકળ લાગ્યા !

બીજે દિવસે શ્રીહરિ ત્યાંથી નીકળી કાલાવડ, વંથળી થઈને મોડે પધાર્યા. ક્ષત્રિય દાજીભાઈ[૪], બાપુભાઈ, રણમલજી તથા જીવુબા, સજુબા વગેરે હરિભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું. શ્રીહરિએ તેમનો ભાવ જોઈ ત્યાં કાર્તિકી એકાદશીનો સમૈયો કરવાનું નક્કી કર્યું.

આ.સં. ૧૮૬૦ના કાર્તિકની દેવઊઠી એકાદશી આવી. શ્રીહરિ અહીં સમૈયો કરવાના છે તે જાણી અલૈયાથી પણ ક્ષત્રિય હરિભક્તો અજાભાઈ, ગોબર સોની, નારાયણ, મૂળજી, નાનજી, વસતાભાઈ, લાધાભાઈ, વીરજી તથા સુથાર લાડુબાઈ વગેરે બાઈ-ભાઈ આવ્યાં. શ્રીહરિ સવારે કરમદીના ધૂને નાહવા પધાર્યા. હરિભક્તો સાથે જળક્રીડા કરી સૌને દિવ્ય આનંદમાં તરબોળ કરી દીધા. શ્રીહરિની દિવ્ય સત્, ચિદ્, આનંદમય મૂર્તિમાં સર્વ પ્રકારે આનંદ ભરપૂર હતો. તેમનાં દર્શનમાં આનંદ, સ્પર્શમાં આનંદ, તેમની વાણીમાં આનંદ, આમ, એ દિવ્ય રસઘન મૂર્તિના સંબંધે જ સૌનાં અંતરમાં આનંદ વ્યાપી જતો, મધુરતા પ્રસરી જતી. શ્રીહરિના સંબંધનો વિશેષ આનંદ પોતાને મળે તે માટે તેમણે સૌએ શ્રીહરિને પ્રાર્થના કરી : ''મહારાજ ! પૂર્ણિમાનો સમૈયો અલૈયામાં કરો.''

શ્રીહરિએ તત્કાળ સંમતિ આપી દીધી. સૌ રાજી થયા.

કાર્તિક પૂર્ણિમાનો અલૈયા મોડામાં ઉત્સવ

શ્રીહરિ અલૈયા પધાર્યા. પરંતુ આ પ્રદેશમાં અજ્ઞાન, વહેમ વગેરે જડ ભાવોનો વાસ હતો. અજ્ઞાન અને વહેમની જડમાંથી લોકોને બહાર કાઢવાનું સહેલું ન હતું. ક્ષુદ્ર દેવ-દેવીઓની આરાધના અને ગ્રહપનોતીની જાળમાં ફસાયેલી અજ્ઞાત પ્રજાને જ્ઞાનના શબ્દો કામયાબ નીવડે તેમ ન હતા. તેથી

---

૪. દાજીભાઈએ પાછળથી પરમહંસની દીક્ષા લીધી હતી. તેમનું નામ અક્ષરાનંદ રાખ્યું હતું.

શ્રીહરિએ નવી યુક્તિ અજમાવી. તેમની રસવૃત્તિ જગાડવા લાગ્યા. અંતરમાં લુપ્ત થયેલા આનંદને બહાર લાવવા લાગ્યા. એ આનંદ બાહ્યભોગથી અપેક્ષિત ન હતો તેવું ઉપદેશના સરળ શબ્દોથી તેમને ભાન કરાવ્યું. આ ભાન તેમને થયું ત્યારે તેમને નવી દૃષ્ટિ મળી. એ નવી દૃષ્ટિથી તેમણે શ્રીહરિને જોયા, એ સ્વરૂપનો આનંદ અનુભવ્યો તેથી બાહ્ય વિષયોનો આનંદ તેમને ક્ષુદ્ર જણાયો. આ જ ઉપાસ્ય સ્વરૂપ છે, તેમના આધારે જ બધું રહ્યું છે તેવું જ્ઞાન થયું. તેઓ નિર્ભય થઈ ગયા. એ નિર્ભયતામાંથી સત્ત્વશુદ્ધિ જાગ્રત થઈ. સત્ત્વશુદ્ધિથી ઉપાસનાની શુદ્ધિ થઈ. તેથી અનેકોપાસનામાંથી એકોપાસનાની ભાવનામાં તેઓ સહેજે જ અલ્પ ઉપદેશથી જ આવી ગયા. શ્રીહરિની આ સિદ્ધિ હતી.

કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો શ્રીહરિએ અલૈયામાં કર્યો. શ્રીહરિના સમૈયા એટલે રસની લહાણ, જ્ઞાનની લહાણ, આનંદની લહાણ. આત્મા અને પરમાત્માનાં સ્વરૂપોનું સૂક્ષ્મ જ્ઞાન કે પંચવિષયના ભોગમાં અનાસક્તિ અથવા ધર્મ અને નીતિમય આચરણનો ઉપદેશ અહીંની પ્રજાને સમજાય તેવો ન હતો. પરંતુ શ્રીહરિના સંતોનું આચરણ જોઈ તેમના આચરણમાં શુદ્ધિ આવી. વળી, સંતોની તેમના પ્રત્યે પણ સેવાભાવનારૂપ ભક્તિ હતી તેથી એ ભક્તિભાવ તેમનામાં જાગ્રત થયો. તેમના હૃદયમાં આનંદ વ્યાપ્યો - ધર્મ અને નીતિમય જીવનનો, શ્રીહરિ પ્રત્યે ભક્તિના ભાવનો.

શ્રીહરિ સંતોને કહેતા : "તમે આચરણ કરશો અને ઉપદેશ નહિ કરો તો પણ લોકોમાં આચરણશુદ્ધિ આવશે. તમે ઉપદેશ કરશો અને આચરશો નહિ તો એ ઉપદેશની અસર લોકો ઉપર પડશે નહિ. માટે ઉપદેશ કરતાં આચરણ શ્રેષ્ઠ, આચરણ ને ઉપદેશનો સમન્વય સધાશે ત્યારે જ તમારા કાર્યની સિદ્ધિ થશે."

અલૈયાના હરિભક્તોને આ ઉત્સવથી શ્રીહરિ ભગવાન છે એવો ભાવ થયો. રામાનંદ સ્વામીના શિષ્ય તરીકે ઓળખાવેલા શ્રીહરિમાં રામાનંદ સ્વામીથી પર એવા પરમાત્મ સ્વરૂપનાં દર્શન થવાં, એવો નિશ્ચય થવો, તે કઠણ હતું. છતાં ધીરે ધીરે એવો ભાવ ભક્તોને શ્રીહરિ પ્રત્યે થતો ગયો. શ્રીહરિ પણ પ્રસંગે પ્રસંગે રામાનંદ સ્વામી કે રાધાકૃષ્ણનો મહિમા કહેતા.

શ્રીહરિ સંન્યાસીઓના અખાડામાંથી આવેલા મહંતોને બ્રહ્મ નિરંજન છે, નિરાકાર છે એવું પણ કહેતા. શ્રીહરિના આ શબ્દોથી તેમને પોતાના મતની પુષ્ટિ થતી હોય તેવું લાગતું. શ્રીહરિને પણ તેમને સૌને પોતા પ્રત્યે હેત કરાવવું હતું. સમજણમા ભેદ હોય તો મનભેદ થાય, એ મનભેદ ન થાય તે માટે તેમણે અત્યારે

સમજણનાં ચૂંથણાં ન કરવાનું મુનાસીબ માન્યું. તેથી અખાડાધારી મહંતોને શ્રીહરિ પ્રત્યે સ્નેહ થઈ ગયો. શ્રીહરિની આજુબાજુનું વર્તુળ મોટું થવા લાગ્યું.

આ સમૈયા પ્રસંગે શેખપાટથી લાલજી સુથાર તથા અન્ય હરિભક્તો તેમજ ભાદરાથી મૂળજી ભક્ત તથા વશરામ સુથાર, ડોસાભાઈ, રત્ના ભગત પણ આવ્યા. તેઓ સૌ આવ્યા ત્યારે મધ્યાહ્ન સમય થઈ ગયો હતો અને શ્રીહરિ સ્નાન કરવા નદીએ ગયા હતા. શ્રીહરિ સ્નાન કરી પાછા ફરતા હતા ત્યારે તેઓ સૌ શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યા. મૂળજી ભક્ત શ્રીહરિને દંડવત્ કરી સૌની પાછળ ઊભા રહ્યા. મહારાજનાં દર્શન કરતાં કરતાં તે એકદમ સ્થિર થઈ ગયા !

તે સમયે ત્યાં ઊભેલા ડોસાભાઈને અલૌકિક દર્શન થયાં. તે એકદમ બોલવા માંડ્યા : "જુઓ, જુઓ, આ પુરુષોત્તમ ! આ તેમનું ધામ અક્ષર અને આ સૌ મુક્તો અહીં આવ્યા છે. સૌ દર્શન કરી લ્યો."

આ સાંભળીને ત્યાં ઊભેલા કેટલાક ભક્તોને શ્રીહરિ ભગવાન છે એવો નિશ્ચય થયો અને તેઓ સૌ મહારાજના આશ્રિત થયા. પછી શ્રીહરિએ મૂળજી ભક્તને પાસે બોલાવી તેમના તરફ કરુણાર્દ્ર દૃષ્ટિ કરી. પછી પૂછ્યું : "સુખિયા છો ને ?"

મૂળજી ભક્તે કહ્યું : "મહારાજ ! આપનાં દર્શને અખંડ સુખ છે."

મહારાજે તેમને ફરી પૂછ્યું : "તમારે અને લાલજી સુથારને ગોષ્ઠિ ચાલે છે ને ?"

"હા મહારાજ ! રોજ રાત્રે મળીએ છીએ અને આખી રાત ગોષ્ઠિ કરીએ છીએ." શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા.

પછી શ્રીહરિ ઉતારે આવ્યા. સુથાર નારણ દેવરાજના ઘેર શ્રીહરિનો ઉતારો હતો ત્યાં ઓસરીમાં ઢોલિયા ઉપર તેઓ બિરાજમાન થયા. થોડી વારે જમવાનો વખત થયો એટલે સૌને બોલાવ્યા. પણ મૂળજી ભક્ત તો ત્યાં જ બેસી રહ્યા. મહારાજે તેમને કહ્યું : "તમારે જમવા જવું નથી ?"

ત્યારે તેમણે ટૂંકમાં કહ્યું : "ના, મહારાજ !"

પરંતુ મહારાજ સમજી ગયા. વર્ણાશ્રમ ધર્મના નિયમો મૂળજી ભક્ત કદી લોપતા નહિ. મહારાજ રાજી થયા. તેમણે મૂળજી ભક્તને પોશ ભરીને સાકર આપી. મૂળજી ભક્ત તેમાંથી થોડી પ્રસાદી જમ્યા. તે જોઈ મહારાજે કહ્યું : "સાકર ન માફક આવે તો રસોઈ બનાવો."

મૂળજી ભક્તે હસીને કહ્યું : "મહારાજ ! મને રાંધતાં આવડતું નથી."

મહારાજ પણ હસ્યા. તેમણે કહ્યું : "ચાલો, હું શિખવાડું." એમ કહી મગની દાળ અને ઘઉંનો લોટ મંગાવી પાસે બેસીને બાટી અને દાળ મૂળજી ભક્ત પાસે બનાવરાવ્યાં. પછી દૃષ્ટિપ્રસાદી કરી મૂળજી ભક્તને જમવાની આજ્ઞા કરી.

✧

સમૈયો પૂરો થયો એટલે ભાદરાના ભક્તોના આગ્રહથી શ્રીહરિ ભાદરા જવા નીકળ્યા. તે સમયે રાવળ જ્ઞાતિના એક હરિભક્તના દીકરા જલાએ આગલે દિવસે જ તેના બાપ જામનગરથી પેંડાની માટલી લાવ્યા હતા તે શ્રીહરિ પાસે મૂકી. શ્રીહરિએ તે લાલજી સુથારને આપી અને કહ્યું : "રાખો, રસ્તામાં ટીમણ કરવા કામમાં આવશે."

લાલજી સુથારે માટલી પોતાના લૂગડાને છેડે બાંધી દીધી. પછી સૌ નીકળ્યા. શેખપાટના હરિભક્તો પણ મહારાજ સાથે ભાદરા જવા નીકળ્યા.

અલૈયાથી ભાદરા જતાં રસ્તામાં એક તળાવડી આવે છે ત્યાં સૌ મહારાજની આજ્ઞાથી ટીમણ કરવા રોકાયા. સૌ પોતપોતાની પાસે જે ટીમણ હતું તે છોડીને બેઠા. લાલજી સુથારે પેંડાની માટલી શ્રીહરિને આપી. શ્રીહરિએ મૂળજી ભક્તને બોલાવી તેમાંથી દસ પેંડા તેમને આપ્યા. પછી સાથેના સૌને પ્રસાદી આપી. ટીમણ કરીને ત્યાંથી નીકળ્યા અને સૌ ભાદરા પહોંચ્યા.

શ્રીહરિ ભાદરા પ્રથમ વાર જ પધાર્યા હતા એટલે તે રળિયામણું ગામ જોઈને રાજી થયા. ગામના પાદરે વહેતી ઊંડ નદી, તેનાં ખળ ખળ વહેતાં નીર, હાલારની ધરતીને જાણે હાલરડાં ગાતી હિંચોળતી હતી. ઊંડ નદીએ તેના આ પ્રેમાસ્પન્દથી ત્યાંની ધરતીને રસકસથી ભરપૂર કરી દીધી હતી. બંને કિનારાની આજુબાજુનાં ખેતરોમાં શેરડીનો મબલખ પાક ઊભો હતો. પવનની લહેરોથી નમી નમીને જાણે શ્રીહરિના પાદસ્પર્શ કરવા ઉત્સુક એ ઇક્ષુદંડો શ્રીહરિના આગમનથી ઉલ્લસિત દેખાતા હતા. શ્રીહરિ ગામ જોઈને બોલ્યા : "આ ગામમાં તો અક્ષરમુક્તોના ઢગલા છે."[૫]

ભાદરામાં થોડા દિવસ રહી શ્રીહરિ ત્યાંથી પાછા અલૈયા પધાર્યા.

---

૫. ભાદરામાં સોળ મુક્તોએ જન્મ લીધો હતો : વસતા સુથાર; રામજી સુથાર; રાજાભાઈ; લાલજી સુથારનાં બહેન રૂડીબાઈ, તેના ચાર પુત્રો વશરામભાઈ, માવજીભાઈ, રણછોડભાઈ, નારણભાઈ અને બે પુત્રીઓ હરબાઈ તથા લાડુબાઈ; ડોસાભાઈ; સમાધિવાળા દેવાભાઈ; સમાધિવાળા રત્નાભાઈ અને રામભંડેરી. વિપ્રકુળમાં મૂળજી ભક્ત તથા તેમના ભાઈ સુંદરજીભાઈ.



ઉદ્‌ગીથ ૨

રઘુનાથદાસે ઉપાડેલી ઉપાધિ

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૩)

એટલામાં અમદાવાદથી રામદાસ સ્વામીનો પત્ર લઈ ગણપતરામ ત્યાં આવ્યા. શ્રીહરિને આ જરૂરી પત્ર પહોંચાડવાનો જ હતો. એટલે ગણપતરામ પણ શ્રીહરિને ગોતતાં ગોતતાં અલૈયા પહોંચી ગયા. તેમણે શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી સ્વામીનો પત્ર આપ્યો.[૬] શ્રીહરિએ પત્ર ઉઘાડ્યો અને વાંચવા લાગ્યા. શ્રીહરિ પત્ર વાંચતા ગયા અને તેમના મુખ ઉપર હાસ્યની રેખા ફરકતી ગઈ. મુક્તાનંદ સ્વામીની શ્રીહરિના મુખારવિંદ તરફ જ દૃષ્ટિ હતી તેથી તેમને લાગ્યું કે ''રામદાસ સ્વામીના પત્રમાં કાંઈક મર્મ લાગે છે.''

તેમણે ધીરે રહીને પૂછ્યું : ''મહારાજ ! આપની પ્રસન્ન મુખમુદ્રા જોતાં પત્રમાં કાંઈક શુભ સમાચાર આવ્યા હોય એવું જણાય છે.''

રઘુનાથદાસે આદરેલી ઉપાધિ

શ્રીહરિએ તરત જ કહ્યું : ''શુભ સમાચાર છે સ્વામી ! માયાનું જોર વધ્યું છે. તેની પ્રબળતામાં જ આપણી જીત છે. અહીં વેરાગીઓએ સદાવ્રતો ભાંગ્યાં, સાધુઓને માર માર્યો. ગુજરાતમાં રઘુનાથદાસે ઉપાધિ આદરી. તે વીસનગરની આસપાસ ફરે છે અને સૌને કહે છે કે 'રામાનંદ સ્વામીનો હું જ સાચો વારસ છું. હું તેમનું સ્વરૂપ છું. મારામાં તેમની તમામ શક્તિ આવી છે. માટે ગુરુ કે ઈષ્ટદેવ જે ગણો તે હું જ છું. વર્ણી તો આજકાલના આવેલા છે, મુક્તાનંદ વહેવારે મોટા છે.' એમ લોકોને ભમાવે છે. શુદ્ધ મુમુક્ષુઓ તો તેનું સાંભળતા પણ નથી. પણ ભોળા જનો તેની વાતથી ભરમાય છે. તેમની આ પ્રવૃત્તિથી

૬. 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં આ પત્ર શ્રીહરિને જેતપુરમાં મળ્યાનો ઉલ્લેખ છે. ભાગ-૧, પા. ૧૬૩.

રામદાસ મૂંઝાયા છે તેથી તેમણે આપણને અમદાવાદ તેડાવ્યા છે."

શ્રીહરિને તો આ વાત કેવળ હસવા જેવી જ લાગી. પરંતુ મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે રઘુનાથદાસ સત્સંગમાં ભાગલા પડાવશે અને મોટો વિક્ષેપ કરશે. તેથી તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! આપણે અમદાવાદ જવું જ જોઈએ. નહિ તો મિથ્યાભિમાની રઘુનાથદાસ વધારે ઉપાધિ કરશે અને સત્સંગમાં મોટો વિક્ષેપ કરશે."

"પણ પહેલાં કચ્છ જઈને પછી અમદાવાદ જઈએ તો ?" શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું. '

"અરે, ના મહારાજ ! પહેલાં જ અમદાવાદ. ત્યાં સૌને સમજાવી, શાંત કરી પછી આપ કચ્છમાં પધારજો." મુક્તાનંદ સ્વામીએ તરત જ કહ્યું.

તેમને રઘુનાથદાસ સત્સંગમાં વિક્ષેપ કરશે તેની ચિંતા હતી. માયાના નિયંતા મૂળ પુરુષ, તેથી પર અક્ષર અને અક્ષરના પણ આધાર, નિયંતા અને સ્વામી આ જ સાક્ષાત્ પુરુષોત્તમ છે તે તેમના મનુષ્યસ્વરૂપમાં યથાર્થ સમજાય તેવું ન હતું. શ્રીહરિ પણ નટરાજ હોવાથી પોતાનું પાત્ર બરાબર ભજવતા હતા. તેમણે કહ્યું : "સાચું સ્વામી ! રઘુનાથદાસને રોકવો તો જોઈએ. પણ તે માનશે ? તેણે પણ પોતાનું મંડળ તો જમાવ્યું હશે."

ઉપાધિની ચિંતામાં મુક્તાનંદે પણ શ્રીહરિના સૂરમાં સૂર પુરાવ્યો : "ખરું છે મહારાજ ! સત્સંગમાં વિક્ષેપ મોટો પડશે. સ્વામીએ સ્થાપેલ સત્સંગ વેરવિખેર થઈ જશે."

મુક્તાનંદ સ્વામીની ચિંતાથી શ્રીહરિ ફરી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! રઘુનાથદાસ તો મચ્છર જેવો કહેવાય. તેની સાથે ભળેલા ફૂટલ વાસણ જેવા, સત્સંગમાં નહિ રહે તેથી સત્સંગ કાંઈ પડી ભાંગવાનો નથી. આપણે તો આખા બ્રહ્માંડમાં સ્વામિનારાયણનું ભજન કરાવવું છે. સ્વામી ! આવી ફૂટલ નિષ્ઠાવાળાં મડદાં તો છેટે જ સારાં. પોતેય બગડે અને બીજાને પણ બગાડે."

મુક્તાનંદ સ્વામી સમજી ગયા. આ શ્રીહરિને મન તો આવા રઘુનાથદાસોનો કાંઈ હિસાબ ન હતો.

મુક્તાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીને અને અન્ય સંતમંડળને લઈને શ્રીહરિ અલૈયાથી ગુજરાત તરફ જવા નીકળ્યા. વચ્ચેનાં ગામોમાં હરિભક્તો શ્રીહરિને રોકતા, ખૂબ આગ્રહ કરતા અને શ્રીહરિ રોકાઈ જતા. આમ, જેતલપુર જવામાં મોડું થતું હતું તેથી મુક્તાનંદ સ્વામીને ચિંતા થતી હતી.

રઘુનાથદાસે જેતલપુરના હરિભક્તોને તો ભમાવ્યા હતા અને હજુ વળી કેટલીય ઉપાધિ કરી સત્સંગ ચૂંથી નાખશે તે વિચારમાં મુક્તાનંદ સ્વામી, શ્રીહરિના ઠેર ઠેરના મુકામથી અકળાતા હતા. પરંતુ શ્રીહરિ પાસે કાંઈ બોલી શકાતું ન હતું.

ડાંગરામાં ખીમા પટેલને ઘેર

શ્રીહરિ તમાસણ થઈને જાળિયા પધાર્યા. ત્યાંથી ડાંગરે પહોંચ્યા. અહીં ખીમા પટેલને ઘેર ઊતર્યા. તેણે શ્રીહરિ માટે જ તેના ફળીમાં પીપર હતી તે ઉપર હિંડોળો બાંધી રાખ્યો હતો. તેને સંકલ્પ હતો કે મહારાજને મારે અહીં ઝુલાવવા, દિવ્ય લાભ લેવો. શ્રીહરિને તેનો સંકલ્પ પૂરો કરવો હતો.

સવારે ઘેલા નદીમાં સ્નાન કર્યું, જળક્રીડા કરી અને પછી ખીમા પટેલને ઘેર પધાર્યા. આવીને સીધા જ હિંડોળા ઉપર બિરાજ્યા. ખીમા પટેલને કહ્યું : "પટેલ ! હિંડોળો તો ઠીક બાંધી દીધો. અમને હિંડોળે ઝૂલવાનો સંકલ્પ હતો તે તમે પૂરો કર્યો."

આ સાંભળી ખીમા પટેલ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપને તો એવા કંઈ સંકલ્પ ન હોય પણ અમારા સંકલ્પ પૂરા કરવા આપ આવી લીલા કરો છો."

શ્રીહરિ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : "જુઓ પટેલ, અમારે પણ તમારા જેવા ભક્તોના મનોરથો પૂરા કરવાના સકલ્પ તો હોય જ. એ માટે તો અમારો જનમ છે."

ખીમા પટેલ સમજી ગયા. ભગવાનને ભક્તના સુખના જ સંકલ્પો થાય છે. તેમના અંતરમાં ભક્ત સિવાય બીજું હોતું નથી !

✧

ડાંગરાથી શ્રીહરિ ખીરસરા, ખાંભા થઈને ગોંડળ પધાર્યા. ગોંડળના મહારાજ દેવાજીએ શ્રીહરિનું સન્માન કર્યું ને પોતાના આવાસમાં ઉતારો આપ્યો. શ્રીહરિનું આગમન સાંભળી રત્નો કડિયો શ્રીહરિનાં દર્શન માટે આવ્યો. મહારાજાને ત્યાં શ્રીહરિનો મુકામ હોવાથી તેને ત્યાં જતાં સંકોચ તો થયો પણ હિંમત ભેગી કરીને તે ત્યાં ગયો. શ્રીહરિના ચરણમાં દંડવત્ કર્યા. પછી બે હાથ જોડી કહ્યું : "દયાળુ ! આપ તો ગરીબનિવાજ છો. અહીં રાજદરબારે અમારા જેવાથી ઝાઝું અવાય નહિ માટે મારે ઘેર ઉતારો રાખો તો અમને કાંઈક સુખ આવે."

તે સાંજે જ શ્રીહરિ રાજદરબારેથી નીકળી ગામમાં રત્ના કડિયાને ઘેર પધાર્યા. રત્નો તો રાજી રાજી થઈ ગયો. પણ ઘરમાં ઢોલિયો નહિ, પાથરવાનું નહિ, તેથી આઘોપાછો થતો હતો ત્યાં શ્રીહરિ સાંગામાંચી ઉપર બેસી ગયા. સાથેના સંતોએ ખુલ્લામાં ઉતારો કર્યો. ભગવાનને વિદુરની ભાજી દુર્યોધનના મેવા કરતાં મીઠી લાગી હતી તેમ આજે દરબારનાં પકવાન્ન કરતાં રત્નાનો રોટલો પ્રભુને મીઠો લાગ્યો. તેમાં સ્વાદ હતો ભક્તિભાવનો. અન્નમાં પોતે જ મૂકેલા સ્વાદ કરતાં તેમને ભક્તિભાવનો સ્વાદ વધારે મીઠો લાગ્યો.

✧

ગોંડળથી શ્રીહરિ મોવૈયા થઈને બંધિયા પધાર્યા. રામાનંદ સ્વામીનું આ પ્રિય સ્થાન હતું. મુક્તાનંદ સ્વામીને અહીં તેમણે દીક્ષા આપી હતી. અહીંના ક્ષત્રિય હરિભક્તો મૂળુભા, તખોજી, સુરોજી તથા વણિક ભક્ત ડોસાભાઈ, ભૂરા શેઠ, હંસરાજભાઈ, આછુબા, લખુબા શ્રીહરિનાં દર્શનથી, શ્રીહરિ સહેજે જ પધાર્યા એ તેમની કૃપાથી, કૃતકૃત્ય થઈ ગયાં.

કચ્છના સુંદરજી સુથારની શ્રીહરિએ કરેલી કસોટી

શ્રીહરિ ગુજરાતમાં જવાની ઉતાવળ બતાવતા હતા. મુક્તાનંદ સ્વામીની મૂંઝવણ જાણે પરખતા હોય તેમ તેમના બોલવા-ચાલવામાં ઉતાવળ હતી. પરંતુ હરિભક્તોના ભાવથી રોકાઈ જતા. તેથી મુક્તાનંદ સ્વામીને તેમની ક્રિયા અકળ લાગતી. તેમની અકળામણ વધી જતી.

અહીં મૂળુભા દરબારની રસોઈ જમી સભામાં બિરાજ્યા. તે વખતે કચ્છના રાવના કારભારી સુંદરજી સુથાર[૭] ત્યાં આવ્યા, તેમની સાથે થોડા ઘોડેસવારો પણ

૭. ભુજની એક સુથાર બહેનને કચ્છના મોરબી તાલુકામાં દહીંસરા ગામમાં પરણાવવામાં આવી હતી. તે વખતે કચ્છના રાજકુટુંબના એક કુંવર અંદર અંદરની રાજ્ય ખટપટને કારણે ભુજ છોડીને નાસી ગયા. દહીંસરા આવીને ત્યાંના તળાવની પાળ ઉપર તે સૂતા હતા. તે વખતે એક સંન્યાસીએ તેના પગમાં રાજ્ય ચિહ્નો જોયાં. તેથી તેમણે તેને જગાડ્યો અને કહ્યું, "ભવિષ્યમાં તમે રાજવી થશો. આ દહીંસરા ગામમાં જો તને દહીં, જારની રાબ અને ઘોડો મળે તો મારું વચન સાચું માનજો." એમ કહીને તે ત્યાંથી ચાલતા થયા.
રાજકુંવર આ ભવિષ્યવાણી સાંભળી વિચારમાં પડી ગયા. તે વખતે ભુજની સુથાર બહેન ત્યાં પાણી ભરવા આવી. તે બહેન આ કચ્છના કુંવરને તરત જ ઓળખી

હતા. ખાસ કચ્છથી શ્રીહરિનાં દર્શન માટે સોરઠમાં તેઓ આવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમની પ્રતિભા તેમને દિવ્ય લાગી. શ્રીહરિના સ્વરૂપમાંથી પ્રકાશ નીકળ્યો અને તેનાં નેત્રો ત્યાં જ જડાઈ ગયાં. સુંદરજી આ દિવ્ય દર્શનથી સ્તબ્ધ થઈ ગયા ! એટલામાં શ્રીહરિએ તેમનો હાથ પકડ્યો. સુંદરજીને આ સ્પર્શ કાંઈક જુદો જ લાગ્યો. તેનાં ઇન્દ્રિયો, અંતઃકરણ શ્રીહરિના સ્વરૂપમાં એકાગ્ર થઈ ગયાં હતાં. શ્રીહરિએ તેમને ડોસાભાઈની બાજુમાં બેસાર્યા.

ગઈ અને તેને પૂછ્યું : "કુંવર સાહેબ ! તમે અહીં ? એકલા અટૂલા !"

કુંવરે તે બાઈને પૂછ્યું : "બહેન ! તમે કોણ છો ?"

તે બહેને કહ્યું : "ભુજમાં મારું પિયર છે અને અહીં મારું સાસરું છે."

કુંવરને આ સાંભળી વિશ્વાસ આવ્યો. તેણે તેની બધી હકીકત કહી. તે સાંભળી તે બહેને કહ્યું : "કુંવર સાહેબ ! અહીં ન બેસી રહેવાય, મારે ઘેર ચાલો."

પછી તે બહેન તે કુંવરને પોતાને ઘેર લઈ ગઈ. ઘેર આવ્યા પછી તે બહેને કુંવરને દહીં અને જારની રાબ જમવા માટે આપ્યાં. કુંવર આ જોઈ આશ્ચર્ય પામ્યો. તેને સંન્યાસીની વાત ફળતી હોય તેમ લાગ્યું. તે જમી રહ્યો એટલે તેણે તે બહેનને કહ્યું : "કચ્છ રાજ્યની વાર મારી પાછળ પડી છે. હું ભાગ્યો છું એટલે મને શોધી પકડવા તેઓ ફરે છે."

તે સાંભળી તે બહેને કહ્યું : "કુંવર સાહેબ ! મૂંઝાશો નહિ. આ અમારો રોઝો ઘોડો લ્યો અને અહીંથી જ્યાં જવું હોય ત્યાં જલદી સાબદા થઈ જાઓ." એમ કહી ઘોડો આપ્યો. કુંવરને હવે વિશ્વાસ આવી ગયો કે કચ્છનું રાજ્ય હવે હાથવેંતમાં છે.

તે કુંવર ત્યાંથી અમદાવાદ ગયો, ત્યાંના પેશ્વાના સૂબાની મદદ લઈ તેણે કચ્છ ઉપર ચડાઈ કરી. કચ્છનું રાજ્ય મેળવ્યું. તે કુંવર રાવ ખેંગારજી પહેલા.

ખેંગારજી ગાદી ઉપર આવ્યા અને થોડા સમયે તેને દહીંસરાની સુથાર બહેન યાદ આવી. તેણે દહીંસરા માણસો મોકલ્યા અને સંદેશો મોકલ્યો કે તું તો મારી ધરમની બહેન છો, તારી મદદથી મને કચ્છનું રાજ્ય મળ્યું છે માટે તમે બધા પરિવાર સાથે ભુજમાં આવી જાઓ. તમોને અમારા રાજ્ય આશ્રિત તરીકે અમારે પોષવા છે.

તે સુથાર બહેનના વંશજો કચ્છ રાજ્યના કારભારી નિર્માતા. તેના વંશમાં સુંદરજીભાઈ તથા હીરજીભાઈ હતા તેથી તેઓ કચ્છ રાજ્યનાં અંગત કામો કરતા. રાજ્યમાં કોઈ પણ પ્રસંગ હોય ત્યારે રાજ્યને તેઓ તેમની સેવા આપતા અને તે પ્રમાણે રાજ્ય પણ તેમના ઘેર પ્રસંગ હોય ત્યારે પડખે ઊભું રહેતું.

સુંદરજીભાઈનો પ્રભાવ રાજ્ય ઉપર ઘણો જ હતો.

આ હકીકત સ્વામિનારાયણ મંદિર, ભુજના હાલના કોઠારી મુરબ્બી શ્રી ખટાઉભાઈ પાસેથી મળી છે. — લેખક

પછી શ્રીહરિએ સુંદરજીભાઈને કચ્છના હરિભક્તોના સમાચાર પૂછ્યા. સુંદરજીભાઈએ તમામ સમાચાર આપ્યા અને પછી કહ્યું : "મહારાજ ! આપની સૌ વાટ જુએ છે માટે આપ જલદી પધારો તો સૌને શાંતિ થાય."

શ્રીહરિએ કહ્યું "શાંતિ મોટાપુરુષે આપેલી સમજણમાં છે. તે સમજણથી સૌએ સુખિયા રહેવાનું છે." એટલું કહીને પછી તેમને પૂછ્યું : "તમે તો સુખિયા છો ને ?"

સુંદરજીભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપે સુખિયો છું. પણ વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો."

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "સુંદરજીભાઈ ! ભગવાનના દાસ થવું એ બહુ કઠણ છે. આ લોકની સર્વે વાસનાનો ત્યાગ કરી, આત્મારૂપે વર્તાય, ભગવાનની એક પણ આજ્ઞા ન લોપાય ત્યારે દાસપણું આવ્યું કહેવાય."

સુંદરજીભાઈ શૂરવીર હતા. શ્રીહરિનો મહિમા સમજતા હતા. તેથી તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપ આજ્ઞા કરો અને ન પળાય તો પછી આ ધડ ઉપર માથું જ ન રહે."

શ્રીહરિ તેમની શૂરવીરતા જાણતા હતા. પણ આજે તેમની પરીક્ષા કરવી હતી. શરીર ઉપરથી માથું ઉતારી દેવું તે કાંઈ કઠણ ન હતું. પરંતુ શરીર અને મન ભગવાનને સોંપી દેવાં અને જીવનભર તેમની અનુવૃત્તિ સાચવીને રહેવું તે કઠણ હતું. શ્રીહરિએ તેથી તરત જ કહ્યું : "તો સુંદરજીભાઈ ! થઈ જાઓ માટી. પડાવો આ મૂછોના થોભિયા, ભગવાં પહેરો અને ઊપડો કાશીની જાત્રાએ !"

સુંદરજીભાઈ તરત ઊઠ્યા. શ્રીહરિને પગે લાગ્યા. એટલે શ્રીહરિએ તેમનો હાથ પકડ્યો. પ્રસન્નતાના આશીર્વાદ આપ્યા. પછી ડોસાભાઈને કહ્યું : "શેઠ, તમે પણ ઊઠો. તમારે પ્રાયશ્ચિત્ત કરવું છે કે નહિ ?"

ડોસાભાઈ આ સાંભળી મૂંઝાઈ ગયા. રામાનંદ સ્વામીના પોતે શિષ્ય હતા, અજાણતાં પણ કોઈ પાપ કર્યું ન હતું તો પછી પ્રાયશ્ચિત્ત શેનું ?

તેમના મનોમંથનને અટકાવીને શ્રીહરિએ કહ્યું : "ડોસાભાઈ ! સાંભરે છે ? રામાનંદ સ્વામીએ તમને કાશી જવાનું કહ્યું હતું ? તમે એ વખતે સ્વામીની આજ્ઞા નહોતી પાળી. તેનું આજે પ્રાયશ્ચિત્ત કરો. તમે પણ આ સુંદરજીભાઈ સાથે કાશીએ જાઓ."

ડોસાભાઈ તો આભા બની ગયા. કેટલાંય વર્ષ પહેલાંની આ વાત. સ્વામીએ મને કહ્યું હતું, મુક્તાનંદ પણ તે જાણતા ન હતા. આ વર્ણીએ ક્યાંથી જાણ્યું ?

શ્રીહરિ તેમને વિચાર કરતા જોઈ હસ્યા. તેમણે કહ્યું : ''શેઠ, એવો વિચાર કરશો તો તો હજુ ઘણું ઘણું વિચાર કરવાનું આવશે. ગાંડા થઈ જશો. માટે અહીંથી સીધા જ જાઓ. ઘેર જવું નહિ, વાહન ઉપર બેસવું નહિ અને જરૂર પડે તો કોટમાં કંઠી પહેરી છે તે વટાવી લેજો.''

સુંદરજી સુથારની જેમ ડોસાભાઈ પણ શૂરવીર હતા. તેમને થયું, સ્વામીની આજ્ઞા ન પાળી તો હવે આ તો પ્રભુની આજ્ઞા છે. પ્રભુ પ્રસન્ન થશે અને વળી, સ્વામીની આજ્ઞા લોપી તેનું પ્રાયશ્ચિત્ત પણ થઈ જશે. બંને ત્યાંથી કાશીએ જવા ઊપડ્યા.

મુક્તાનંદ સ્વામી આ બધો ખેલ જોઈ રહ્યા હતા. પણ જ્યારે ખરેખર બંનેએ કાશીની વાટ પકડી, ત્યારે તેઓ માથું ખંજવાળવા માંડ્યા.

શ્રીહરિએ તેમને પૂછ્યું : ''સ્વામી ! અમે કેવાં કામ કર્યાં ? દીવાનને મૂંડ્યા અને શેઠનેય પ્રાયશ્ચિત્ત આપ્યું.''

મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે મનમાં છે તે તો કહી જ દેવું. તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! બહુ ભૂંડું કર્યું. અહીં તો બધા મારે છે અને સુખે રોટલોય ખાવા મળતો નથી. એક કચ્છમાં ઉપાધિ નહોતી. પણ આજે દીવાનને મૂંડ્યા એટલે ત્યાં પણ ઉપાધિ શરૂ થઈ જશે.''

સ્વામીની વાત સાંભળી શ્રીહરિ વિચારમાં પડ્યા. તેમણે થોડી વારે કહ્યું : ''સ્વામી ! તમે ખરું કહો છો. સુંદરજી હોય તો કચ્છમાં શાંતિ રહે ખરી.'' એમ કહીને તેમના ઘોડેસવારને કહ્યું : ''જાઓ, સાબદા થાઓ અને બંનેને પાછા બોલાવી લાવો. હજુ બહુ આઘેરા ગયા નહિ હોય.''

સવાર તો તરત જ ઘોડે ચડીને દોડ્યો. થોડી વારે સવાર બંનેને આંબી ગયો અને મહારાજનો સંદેશો કહ્યો. આજ્ઞા સાંભળી બંને તરત જ પાછા ફર્યા.

શ્રીહરિ તેમને જોઈને હસ્યા. તેમણે કહ્યું : ''તમે સાચા શૂરવીર ભક્ત છો. આજ્ઞા પણ પાળી અને પાછા પણ વળ્યા. હવે સુખેથી તમારો વ્યવહાર કરો.''

પછી થોડી વારે તેમણે સુંદરજીને પૂછ્યું : ''પણ સુંદરજીભાઈ ! કોઈ પૂછશે કે આ દાઢી-મૂછ કેમ ઉતરાવ્યાં ત્યારે શું જવાબ દેશો ?''

''અરે, મહારાજ ! અમારે તે વળી જવાબ ગોતવાના હોય ? પાપ નામનો પિતરાઈ હતો તે મૂઓ. તેનું સૂતક ઉતાર્યું.'' પણ પછી થોડી વારે તેમણે કહ્યું : ''મહારાજ ! આવી આકરી કસોટી હવે બીજાની ન કરશો. એમાં પાર પડવું બીજા માટે કઠણ પડશે.''

શ્રીહરિ તો જાણતા જ હતા કે કચ્છનાં સત્સંગમાં સુંદરજીનું સ્થાન મોખરાનું છે. પરંતુ આ શબ્દોમાં શ્રીહરિને અહંનો પ્રવેશ જણાયો. મહારાજે તેમના આ શબ્દો સાંભળી મર્માળું હાસ્ય કર્યું.[૮]

કચ્છમાં રામાનંદ સ્વામી વારંવાર પધારતા. તેમના સંતો પણ જતા. રામાનંદ સ્વામીના બે સંતો કચ્છના રાવ લખપતજીની પીંગળશાળામાં વ્રજભાષા ભણવા રહ્યા હતા. તેઓ પ્રથમ રઘુનાથજીના મંદિર નજીક રામવાડીમાં રહેતા હતા અને ભિક્ષા માગી નિર્વાહ કરતા. પરંતુ પાછળથી ત્યાં ઉપાધિ આવી એટલે તેમણે રહેઠાણ બદલ્યું. તેમને સુંદરજીભાઈનાં માતુશ્રી રૂપાબાઈએ પોતાની ભૂતની વાડીમાં એક ઓરડી રહેવા આપી. ગામમાં આ વાતની સૌને ખબર પડી ત્યારે લોકો કહેવા લાગ્યા : ''ડોશીએ સાધુને મારી નાખવા ભૂતવાડીમાં ઉતાર્યા. બીચારા ઊગતો દા'ડો જોવા પામશે નહિ.''

બીજે દિવસે સવારે સાધુઓ 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ'ની આહ્લેક જગાવતા ગામમાં ઝોળી માગવા નીકળ્યા. લોકોએ તેમને સાજાસમા જોયા અને તેમને આશ્ચર્ય થયું : ''તમને ભૂત નડ્યું નહિ ?''

એક જણે તો ઝોળીમાં લોટ નાખતાં પૂછી પણ લીધું : ''મહારાજ ! ભૂતવાડીમાં ઊતર્યા હતા ?''

સાધુ તેમનો પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''હા, ભૂતવાડીમાં જ ઊતર્યા હતા. અમે રાત્રે ભજન કરતા હતા. ભૂતો પણ અમારું ભજન સાંભળવા આવ્યા હતા. અમે કૃષ્ણમંત્રનો જાપ કર્યો અને તેમના ઉપર જળ છાંટ્યું એટલે તેઓ અદૃશ્ય થઈ ગયાં ! કૃષ્ણમંત્ર જે સાંભળે છે તેમની સદ્ગતિ થાય છે. હવે બદરિકાશ્રમમાં જઈને તપ કરશે.''

આ સાંભળી લોકોને લાગ્યું કે સાધુ પવિત્ર છે. સુંદરજીભાઈને ઘેર સાધુઓ ગયા ત્યારે તેમણે તેમને પૂછ્યું : ''તમારા ગુરુ સમર્થ હોય એવું લાગે છે. અહીં આવે કે નહિ ?''

સાધુએ કહ્યું : ''અમારા ગુરુ રામાનંદ સ્વામી છે. અહીં ઘણી વાર આવે

---

૮. આવી વાત પણ સત્સંગમાં પ્રચલિત છે : તે સમયના કચ્છના રાવ ભાઈજી બાવાને ત્રણ રાણીઓ હતી. છતાં ચોથી વારનાં તેમનાં લગ્ન ભાવનગરના મહારાજા ગોહિલ વખતસિંહજીની કુંવરી હેતુબા સાથે થવાનાં હતાં. તેથી સુંદરજીભાઈ ખાંડું લઈને તે વખતે ભાવનગર જઈ રહ્યા હતા. રસ્તામાં બંધિયામાં તેમને મહારાજનાં દર્શન થયાં અને ઉપરનો પ્રસંગ બન્યો.

છે. આ વખતે આવશે ત્યારે તમારો મેળાપ કરાવી દેશું.''

આ સાધુ જ્યારે લોજ ગયા ત્યારે તેમણે રામાનંદ સ્વામીને સુંદરજી સુતારની વાત કહી. સ્વામી તો જાણતા હતા કે તે સારા મુમુક્ષુ છે, સંસ્કારી છે, સત્સંગનાં બીજ પણ અંતરમાં છે. હવે જોગ થશે અને તે ઊગી નીકળશે.

રામાનંદ સ્વામી જ્યારે કચ્છમાં ગયા, ત્યારે સુંદરજીભાઈ તથા તેમના ભાઈ હીરજીભાઈને તેમનો જોગ થઈ ગયો. રામાનંદ સ્વામીની પ્રતિભાથી તેમના સસ્કાર પાગર્યા. સુતારોમા તથા મલ્લોમા તેમના યોગે સત્સગ સારો થયો હતો. તે સત્સગ જાળવવા તેમણે જ્યા જ્યા સુતારોના ઘર હતા તે ભુજ, કાળા તળાવ અને તેરા ગામમાં પણ સદાવ્રતો બાંધ્યાં હતાં. આમ, કચ્છમાં ધીરે ધીરે સત્સંગ વધતો હતો.[૯]

શ્રીહરિએ સુંદરજી સાથે કરેલી આ લીલાની સાથે સૌએ આમ કચ્છના સત્સંગની સ્મૃતિ કરી.

બંધિયાથી શ્રીહરિ પાંચ તળાવ અને સાજડિયાળે થઈને સરધાર પધાર્યા. સરધાર પહોંચ્યા ત્યારે રાત સારી પેઠે ગઈ હતી. છતાં શ્રીહરિ આવ્યાના સમાચાર સાંભળી ક્ષત્રિય ભક્તો તોંગાભાઈ, વેરાભાઈ, હકાભાઈ, માનોભાઈ, જેજોભાઈ તેમજ વણિક ભક્તો કમળશીભાઈ, ગોવર્ધનભાઈ, ઇન્દ્રજી, પ્રેમજીભાઈ, ભીમજી, વીરમજી, વસતો દરજી તેમજ હસનભાઈ ખોજા, અભરામ, દેવરાજ રૈયો, વશરામ, લાડકીબાઈ, આણંદીબાઈ વગેરે સામાં આવ્યાં. સદાવ્રતમાં કામ કરતા સાધુઓ રામદાસ તથા બીજા પણ સામા આવ્યા.

સૌએ શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! ગામમાં ઉતારો તૈયાર રાખ્યો છે. બધી સગવડ રાખી છે માટે પધારો.''

પરંતુ શ્રીહરિને ઉઘાડી ધરતી પસંદ હતી. વૃક્ષ-વેલીના વીંઝણા ખપતા હતા અને આકાશનાં ઓઢણાં જોઈતાં હતાં. તેમણે કહ્યું : ''આ તો સાક્ષાત્ નૈમિષારણ્ય ક્ષેત્ર છે માટે અત્યારે તો અહીં જ રહેશું. વહેલી સવારે ગામમાં આવીશું.''

વહેલી સવારે શ્રીહરિ તળાવમાં નાહ્યા. રામાનંદ સ્વામી એ તળાવમાં નાહ્યા હતા, મુક્તાનંદ સ્વામી પણ નાહ્યા હતા. અહીં મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ થયો હતો તેથી શ્રીહરિને પણ આ સ્થાનનો મહિમા હતો. શ્રીહરિ નિત્યકર્મથી પરવારીને ગામમાં પધાર્યા.

---

૯. શ્રીપુરુષોત્તમલીલામૃતસાગર; પા. ૪૦, લેખક : સ્વામી અચ્યુતદાસજી, સંશોધક : સ્વામી ધર્મજીવનદાસજી, ભુજ, સં. ૨૦૩૦.

શ્રીહરિના સંતો ઉપર ભેખે વર્તાવેલો ત્રાસ

અહીં શ્રીહરિ સભામાં બિરાજ્યા. ત્યાં તો તેમણે બે સાધુને આવતા જોયા. સભામાંથી એક હરિભક્તને કહ્યું : "પેલા બે સાધુઓને બોલાવી લાવો."

તે હરિભક્ત તે સાધુ પાસે ગયા અને તેમને શ્રીહરિના સમાચાર આપ્યા. સરધારમાં જ શ્રીહરિ બિરાજે છે તે સાંભળી તે સાધુઓને ઘણો આનંદ થયો. તેઓ તરત જ ત્યાં આવ્યા. શ્રીહરિને દંડવત્ કર્યા. પછી શ્રીહરિએ પૂછ્યું : "કહો, આપણા સંતોને હવે ઉપાધિ કેવી છે ?"

આ સાંભળી સાધુઓની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! એ જ વાત કહેવા અમે આવ્યા છીએ. હવે ત્રાસ વધતો જાય છે. વેરાગીઓ તુંબડાં, પત્તર ભાંગી નાખે છે, કંઠી અને જનોઈ તોડી નાખે છે, શિખા કાપી લે છે, સદાવ્રતોમાંથી લોટ, દાળ લૂંટી લે છે, ગાળો દે છે, અનેક ઉપાધિઓ કરે છે. પૃથ્વી પરનું કોઈ દુઃખ એવું નથી જે તમારા સાધુઓ ઉપર પડ્યું ન હોય."

શ્રીહરિએ તેમની વાત શાંતિથી સાંભળી. પછી ધીરે રહીને તેમને કહ્યું : "પૃથ્વી ઉપર જે સુખ નથી, તે સુખ તમને મળ્યું છે. મનુષ્ય-જીવનનું જે ફળ છે, તે તમને મળ્યું છે. દુઃખથી હારે તે સાધુ નહિ. આપણે સાધુ રહેવું છે માટે ક્ષમા રાખવી." એમ તેમને આશ્વાસન આપ્યું અને જમાડીને રવાના કર્યા.

અહીં એક તૈલંગી સોળ વર્ષના યુવાન બ્રાહ્મણ ગોપાળદાસ રહેતા હતા. તે બહુ જ મુમુક્ષુ હતા. શ્રીહરિના વધતા જતા પ્રતાપની વાત સાંભળી તે દર્શને આવ્યા. મહારાજે તેમને પોતાની પાસે રાખ્યા. પાછળથી તેમને દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામ રાખ્યું. તેઓ નાના ગોપાળાનંદ સ્વામી તરીકે સત્સંગમાં ઓળખાતા હતા.[૧૦]

---

૧૦. અદ્ભુતાનંદ સ્વામીની વાતું; પા. ૪૬.



ઉદ્‌ગીથ ૩

શ્રીહરિનો પાંચાળમાં પ્રવેશ

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૩-૧૮૦૪)

માંચાખાચરનું શ્રીહરિને આમંત્રણ

શ્રીહરિએ ત્યાંથી નીકળવાની તૈયારી કરી. તેમની સાથે કારિયાણીના માંચોખાચર હતા.[૧૧] તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી : "મહારાજ ! કારિયાણી

---

૧૧. શ્રીહરિલીલામૃત; ૪/૧૯/૨૪-૨૫ મુજબ માંચાખાચર રામાનંદ સ્વામીના અગ્રણી સત્સંગી હતા, શ્રીહરિની ધર્મધુરાના પ્રસંગે રામાનંદ સ્વામીએ તેમનો અભિપ્રાય લીધો હતો. તેમ છતાં એક પ્રચલિત પ્રસંગ દ્વારા તેમને સત્સંગ કેવી રીતે થયો તે આમ વર્ણવાય છે :

કારિયાણીના માંચોખાચર તથા ભોજો ચારણ બંને બાળમિત્રો હતા. એક વખત માંચાખાચરે ભોજાને કહ્યું : "ભોજા ! કાં તું ભગવાન ગોતવા જા ને કાં હું જાઉં !" તે સાંભળી ભોજાએ કહ્યું : "બાપુ ! તમે તો ગામેતી કહેવાય, માટે રે'વા દ્યો અને હું ભગવાન ગોતવા જાઉં છું."

ત્યારે માંચા ભગતે તેને કહ્યું : "પણ તારે મને ભગવાન ભેટાડવા."

પછી ભોજો ચારણ નીકળ્યો. ફરતો ફરતો લોજ આવ્યો. અહીં તેને શ્રીહરિનાં દર્શન થયાં અને અંતરમાં શાંતિ થઈ ગઈ. થોડા દિવસ મહારાજ પાસે રહીને તે કારિયાણી આવ્યો ત્યારે માંચોખાચર ચોરે બેઠા હતા. ભોજા ચારણને સામેથી આવતો જોઈ માંચાખાચર એકદમ ઊભા થઈ ગયા. તેના બે ખભા પકડીને તેને પૂછ્યું : "ભોજા ! ભગવાન મળ્યા ?"

ભોજાએ હસતે મોઢે કહ્યું : "હા, બાપુ ! લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમે ભગવાન પધાર્યા છે. હું તો ભેગો રહ્યો અને બહુ સુખ લીધું. આજ તો આખો સોરઠ શું પણ ઠેઠ હિન્દુસ્તાનમાંથી (ઉ. હિંદ) પણ સંન્યાસીઓ તેમની પાસે ભેગા થઈ ગયા છે." આ સાંભળી માંચાખાચરને લગની લાગી ગઈ.

થોડા દિવસ પછી માંચાખાચરે શ્રીહરિનાં દર્શને જવા નીકળ્યા. ત્યારે તેમના

પધારો. આપને કારિયાણી તેડી જવા માટે જ હું આંહીં આવ્યો છું.''

શ્રીહરિએ તેમનો ભાવ જોઈ કહ્યું : ''તમે આંહીંથી કારિયાણી પાછા જાઓ. ત્યાં સીધા-સામગ્રીની તૈયારી કરો. અમે થોડા દિવસમાં ત્યાં આવીશું.'' એમ કહીને તેમને કારિયાણી મોકલ્યા.

શ્રીહરિ સરધારથી નીકળી કોટડા પાસે કરિયાણા પધાર્યા. શ્રીહરિ ઉત્તમ મુમુક્ષુને લક્ષ્યમાં રાખીને જ તેને ગામ પધારતા. અહીં ગામ બહાર પંચપીરની જગ્યા છે ત્યાં વડની સુંદર ઘટા છે. શ્રીહરિ આ સુંદર સ્થાન જોઈ અહીં ઊતર્યા.

કરિયાણામાં શ્રીહરિ

કરિયાણાના દરબાર દેહાખાચરના ભાઈ ઉન્નડખાચરની સાથે ગઢપુરના હાદા ધાધલની મોટી પુત્રી મીણબાઈને પરણાવ્યાં હતાં. મીણબાઈમા આજન્મ નૈષ્ઠિક વ્રતધારી હતાં. પૂર્વજન્મના અતિ બલિષ્ઠ સંસ્કારને લઈને તેમનાં અંતરમાં ગુણના કોઈ ભાવ ન હતા. અંતરની નિર્મળતા દૃષ્ટિમાં આવી હતી. એ દૃષ્ટિમાં કોઈ આવરણ ન હતું. દૂર દૂર ભવિષ્યનું તે જોઈ શકતાં હતાં. પરંતુ તેમને તો ફક્ત શ્રીહરિને જ જોવા હતા. તેમના સ્વરૂપમાં જ તેમની વૃત્તિ હતી. તેથી શ્રીહરિનો જન્મ, બાળલીલા, વનવિચરણ બધું જ પોતે દેખતાં. રાહ જોઈ રહ્યાં હતાં કે ક્યારે વહાલો આવે અને નેણાં તૃપ્ત થાય. આજ મહારાજ પધાર્યા અને તેમણે મોટી ડેલીએ કહેવરાવ્યું કે ''પંચપીરની જગ્યાએ માણસ મોકલો. ભગવાન પધાર્યા છે.''

મીણબાઈની પરમાત્મા પ્રત્યેની અસાધારણ ભક્તિનો સૌને ખ્યાલ હતો. ઘરનું કામકાજ કરતાં કરતાં પણ ઘણી વાર સ્થિર થઈ જતાં અને કહેતાં :

ભત્રીજા વસ્તાખાચરે તેને કહ્યું : ''આ બધો વણ ઊભો છે તે મૂકીને ક્યાં હાલ્યા ? તેને ઠેકાણે પાડીને પછી જાઓ.'' માંચાએ વિચાર કર્યો કે આ પણ ઠીક વાત કહે છે. તેણે પોતાના ગામની અને આજુબાજુનાં ગામની ગાયો ભેગી કરીને ખેતરમાં છૂટી મૂકી દીધી. થોડી વારે વસ્તાખાચર આવ્યા. તેણે ગાયોને ખેતરમાં વણ ખાતી જોઈ પૂછ્યું : ''આપા ! આ શું કર્યું ?''

માંચા ભક્તે કહ્યું : ''આ તો વણ ઠેકાણે પાડું છું. પછી તેનો સંકલ્પ ન થાય કે શું ભાવ આવશે અને શું થશે ?'' પછી પોતે નીકળી પડ્યા.

સરધારમાં મહારાજનાં દર્શન થયાં. તે વખતે મહારાજ તળાવની પાળ ઉપર સભા કરીને બિરાજમાન થયા હતા. મહારાજનાં દર્શન કર્યાં. ભોજા ચારણની વાત તેમને સાવ સાચી લાગી. તેમના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ.

"દર્શન કરો - ઝટ દર્શન કરી લ્યો, મહારાજ પધાર્યા છે."

પરંતુ બીજાની દૃષ્ટિમાં એ દિવ્ય સ્વરૂપ ન આવતું. રાજ્યનો વૈભવ હોવા છતાં મીણબાઈમા પૃથ્વી ઉપર સૂતાં, મિતાહારી રહેતાં અને સારાં વસ્ત્ર કે ઘરેણાં અંગે ન અડાડતાં, પુરુષથી સદા પાંચ હાથ દૂર રહેતાં. ગર્ભવતી સ્ત્રીના પેટમાં પુત્ર હોય તો તે કળી જતાં અને તે સ્ત્રીથી પણ એટલાં જ દૂર રહેતાં. પોતાના અંતરમાં એક મહારાજ સિવાય અન્ય પુરુષને તેમણે સ્થાન આપ્યું ન હતું.

મીણબાઈનો સંદેશો આવ્યો કે તરત જ દેહાખાચરે પંચપીરની જગ્યાએ માણસ મોકલ્યો. ત્યાં તો મહારાજ અને સાધુનો સંઘ ઊતર્યો હતો. સાધુઓ ગામમાં ભિક્ષા માગવા જવાની તૈયારીમાં હતા ત્યાં દરબારનો માણસ આવ્યો અને તેણે મહારાજને કહ્યુ : "તમને અમારા દરબાર બોલાવે છે."

બે સાધુ લઈ મહારાજ દરબાર પાસે ગયા. દેહાખાચરે મહારાજને જોયા અને તેમને ખ્યાલ આવી ગયો કે આ જ મીણબાઈના ભગવાન ! તેમણે કહ્યું : "મહારાજ ! ક્યાં ઊતર્યા છો ? પંચપીરની જગ્યામાં ?" મહારાજે હા કહી.

"આવા મા'ત્મા કેટલાક ભેગા છે ?" દરબારે તેમની દરબારી રીત પ્રમાણે જ વાત શરૂ કરી. મહારાજ તો કાઠીઓની અડબંગાઈ જાણતા હતા. તેમને આ કઠણ માટીમાંથી પોચા માણસ બનાવવા હતા.

"અમે તો અહીં આવ્યા છીએ તમારાં મીણબાઈને દર્શન દેવા. વરસોથી અમારી રાહ જુએ છે." મહારાજે દરબારને કહ્યું અને દરબારનાં ભવાં ઊંચાં થયાં.

"ભગવાન આવ્યા, દર્શન કરી લ્યો' એમ મીણબાઈ બોલતાં'તાં ત્યારે તમે દેખાતા હતા ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "મીણબાઈને તો અમે નિરંતર દેખાઈએ છીએ."

"તો આજે જ તમને કેમ અમે ભાળ્યા ?" દેહા બાપુએ ચાલુ જ રાખ્યું.

મહારાજે કહ્યું : "દરબાર ! ભગવાનને જોવાની દૃષ્ટિ જોઈએ. અર્જુને શ્રીકૃષ્ણના વિશ્વરૂપને જોયું ને બીજાને તો સાડા ત્રણ હાથની મૂર્તિ જ દેખાતી હતી. બલિરાજાએ ભગવાનનું સ્વરૂપ આખા બ્રહ્માંડમાં વ્યાપેલું જોયું, જ્યારે ત્યાં બેઠેલાઓને તો ફક્ત વામન સ્વરૂપ જ દેખાયું."

શ્રીહરિ બોલતા હતા ત્યારે દેહાખાચરને શ્રીહરિનું સ્વરૂપ બદલાતું દેખાવા માંડ્યું. તેને લાગ્યું કે તેની નાડીઓ ખેંચાય છે. અંગેઅંગમાં ઝણઝણાટી થાય છે. આંખો ઊંડી ઊતરતી જાય છે. તે એકદમ ઊભા થઈ ગયા. આંખો ચોળી અને

બોલ્યા : ''એ મહારાજ ! ભગવાન તો મીણબાઈને જોવે છે, મારે નહિ.''

મહારાજ આ સાંભળી હસ્યા. માનવીને ક્યાં ગરજ છે ? ગરજ તો ભગવાનને છે કે સામે આવીને દ્વાર ખખડાવે છે. મહારાજે કહ્યું : ''આ મીણબાઈના સંબંધે તમારે ત્યાં આવ્યા છીએ. તમને ખપ જાગશે ત્યારે દેખાશે.''

એટલામાં મીણબાઈએ મોટી ડેલીએ તપાસ કરવા માણસ મોકલ્યો હતો તે ત્યાં આવ્યો. દેહાખાચરે મહારાજને કહ્યું : ''તંયે આપ મીણબાઈને ઓરડે પધારો.''

મહારાજ બે સાધુને ત્યાં બેસારી મીણબાઈને ઓરડે જવા નીકળ્યા. દેહાખાચર તેમને જતા જોઈ રહ્યા. ધૂળમાં પડેલાં ચરણ જોયાં. તેમણે બંને ચરણોમાં ઊર્ધ્વરેખા જોઈ. તેમને લાગ્યું, ''આ માનવી નથી, નક્કી ભગવાન છે.'' તે પાછા ડેલીએ આવ્યા. ત્યાં બેઠેલા ડાયરાને કહ્યું : ''મીણબાઈમા પવિતર ખરાં. તેમને જોગે ભગવાન આંહીં આવ્યા.''

પછી ત્યાં બેઠેલા સાધુઓને પૂછ્યું : ''જમવાનું શું કર્યું ?''

સાધુએ કહ્યું : ''હમણાં ગામમાં ભિક્ષા માગવા નીકળીશું.''

''અરે, દરબારની ડેલીએ આવો અને ભિક્ષા મગાય ?'' એમ કહી તેમણે સંઘ માટે સીધું મોકલ્યું.

એટલામાં મહારાજ પાછા પધાર્યા. ડાયરામાં બિરાજ્યા. તેમની વેધક વાણીએ સૌનાં અંતર વીંધ્યાં. દરેક વ્રતધારી થયા; કંઠી પહેરી; દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર, અફીણ, ગાંજો વગેરેનો ત્યાગ કર્યો. જ્યાં રોજ કૂકડાં કપાતાં, હરણિયાંના માંસની મહેફિલ થતી, અફીણ ઘૂંટાતું; ત્યાં અડદની દાળ, રોટલા અને 'શેલણ'નાં સાત્ત્વિક ભોજન શરૂ થયાં. ગળામાં કંઠી અને હાથમાં માળા રાખી કાઠીઓ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્ર જપવા લાગ્યા. દેહાખાચરને સત્સંગ થયો.

રસોઈ તૈયાર થઈ અને મહારાજ તથા સર્વે સંતો જમ્યા. સાંજ પડી અને મહારાજ મીણબાઈ પાસે ગયા અને કહ્યું : ''મીણબાઈ ! અમે હવે ચાલશું.''

મીણબાઈ તો મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યાં. અંતરમાં આ મૂર્તિ અખંડ દેખાતી હતી છતાં પ્રત્યક્ષ દર્શનની તેમને અતિશય તાણ હતી. તેથી તેમનાં નેત્રો મહારાજની મૂર્તિ સન્મુખથી ખસ્યાં જ નહિ. આંખમાં આંસુની ધારા ચાલી. તેમણે ગદ્‌ગદ કંઠે કહ્યું : ''મહારાજ ! આજ તો એકાએક પધાર્યા અને કાંઈ લહાવો લીધો નહિ. માટે કાલે જમીને પછી ચાલજો.''

મીણબાઈના અત્યંત ભક્તિભાવની અવગણના કોઈ રીતે થઈ શકે તેમ ન

હતું. છતાં મહારાજને તેમની અસાધારણ ભક્તિની ચકાસણી કરવી હતી, અન્યને મીણબાઈનો મહિમા સમજાવવો હતો. તેથી તેમણે કહ્યું : "મીણબાઈ ! ઘણો લહાવો લીધો. અમારે પણ હજુ ઘણે ફરવાનું છે, માટે જાવું જ જોશે."

આ સાંભળી મીણબાઈ પણ ભાવમાં આવી ગયાં. માથે છેડો જરા આઘેરો ઓઢ્યો હતો, દૃષ્ટિ નીચી હતી, તે ભાવ તેમણે છોડ્યો અને મહારાજની દૃષ્ટિમાં પોતાની દૃષ્ટિ પરોવી. ક્ષણ પહેલાં જ આર્દ્ર હૃદયનાં આંસુથી ભીની થયેલી આંખોમાં ચમક આવી અને મહારાજને તેમણે કહ્યું : "અંતરમાં તો તમને પૂરી દીધા છે. હવે બહારથી પણ બંધનમાં મૂકું છું તે છોડીને જો જઈ શકો તો તમને બળિયા બકું." એટલું કહીને પોતે ત્યાં જ મહારાજનાં ચરણારવિંદ પાસે બેસી ગયાં. આંખો મીંચી અને ધ્યાનસ્થ થઈ ગયાં ! મહારાજ તો ત્યાંથી નીકળ્યા, ઘોડી ઉપર બિરાજ્યા પણ ઘોડી ફળિયામાંથી એક ડગલુંયે ખસી નહિ. મહારાજની સાથેના પાર્ષદો પણ આ જોઈ રહ્યા. તેમણેય ઘોડીનું ચોકડું ખેંચ્યું. પાછળ સોટી પણ મારી પણ ઘોડી ખસી જ નહિ. મીણબાઈ હજુ ધ્યાનસ્થ સ્થિતિમાં જ હતાં !

શ્રીહરિ ઘોડી ઉપરથી નીચે ઊતરી ગયા. મીણબાઈ પાસે ધીરે ધીરે આવ્યા. ભગવાનને પણ ભક્તની બીક લાગતી હોય છે. તેમણે મીણબાઈને કહ્યું : "મીણબાઈ ! અમે રોકાઈએ છીએ."

મીણબાઈએ આંખો ખોલી મૃદુ હાસ્ય કરતાં કહ્યું : "મહારાજ ! અંદર કે બહાર તમે તો સદાય એક જ સ્વરૂપે છો ! જો અંદર પુરાયા છો, તો બહારથી શી રીતે જશો ?" શ્રીહરિ તેમની ભક્તિથી પ્રસન્ન હતા. આવા પ્રસંગે ભક્તના અંતરમાંથી ભક્તિના ભાવ પ્રગટ થઈ જતા. મહારાજને આવા ભક્તનો મહિમા સૌને સમજાવવો હતો. તેમની ક્રિયા સકારણ અને દિવ્ય હોય, તેમાં મિથ્યા ભાવ કદી ન હોય.

હરજી ઠક્કર મહારાજને મળે છે

તે જ વખતે એક ભગત ત્યાં આવ્યા અને મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમને પૂછ્યું : "તમે કોણ ?"

તેણે કહ્યું : "હું પીથલપરથી આવું છું. મારી મા જાનબાઈએ મને ભગવાન શોધવા મોકલ્યો છે. વાયવ્ય ખૂણામાં ભગવાન મળશે એવું તેણે કહ્યું એટલે શોધતો શોધતો અહીં આવ્યો. તમે ભગવાન છો એવું અહીં સાંભળ્યું તેથી મનમાં થયું કે હવે શોધ પૂરી થઈ."

મહારાજ તેની વાત સાંભળી હસ્યા. તેમણે પૂછ્યું : ''તમે શાથી જાણ્યું કે હું ભગવાન છું ?''

ભગતે કહ્યું : ''મને તો માંયલા સાક્ષીએ કહ્યું કે શોધ પૂરી થઈ એટલે જાણ્યું કે આપ ભગવાન છો.''

મહારાજને તેની વાતમાં રસ પડ્યો. મહારાજે પૂછ્યું : ''તમારું નામ શું ?''

તેણે કહ્યું : ''હરજી ઠક્કર.''

મહારાજે તેને માથે બે હાથ મૂક્યા. પછી કહ્યું : ''હરજી ભગત ! તમારી માએ અમને દૂધ પાયું હતું. અમે તેને કહ્યું હતું કે તમારા દીકરાને ત્રણેક વરસ પછી આ બાજુ મોકલજો. અમે મળીશું.''

હરજી ઠક્કરને તેની મા જાનબાઈએ કહેલી વાત યાદ આવી ગઈ. તેને પ્રભુ મળ્યાની પ્રતીતિ થઈ. મહારાજના ચરણમાં તે પડી ગયા. મહારાજે કહ્યું : ''ભગત ! ચાલો જમવા. તમારે તો અમારી ભેગા કાયમ રહેવાનું છે.''

હરજી ઠક્કરનાં ભાગ્ય ઊઘડી ગયાં. થોડા સમય બાદ હરજી ઠક્કર તથા તેના ભાઈઓ ગાંગજી ઠક્કર અને ધનજી ઠક્કર તેમના પિતા ભાયા ઠક્કરની રજા લઈ ગઢડા આવી ગયા.

✧

મીણબાઈની રસોઈ જમીને મહારાજ કરિયાણાથી નીકળ્યા. ત્યાંથી વાવડિયે પધાર્યા. અહીંના હરિભક્તો વાઘાખાચર તથા ઉકાખાચર અને તેમનાં માતુશ્રીએ શ્રીહરિને ભાવથી દૂધ-સાકર જમાડ્યાં. મહારાજને નીકળવાની ઉતાવળ હતી તેથી તરત જ ત્યાંથી નીકળી ગયા. માંડવધાર પહોંચ્યા. અહીંથી સૌ સંતો-પાર્ષદોને સીધા કારિયાણી જવાની આજ્ઞા કરી અને પોતે આનંદાનંદ સ્વામી સાથે ગઢપુર પધાર્યા.

ગઢપુરની પુણ્યવતી ભૂમિમાં

ગઢપુરમાં મહારાજ ગામની પશ્ચિમ દિશામાં ઉન્મત્ત ગંગાને તીરે મલેકશાહ ફકીરનો[૧૨] બાગ હતો ત્યાં ઊતર્યા. આનંદાનંદ સ્વામી ઉન્મત્ત ગંગામાં નાહવા ગયા અને શ્રીહરિ ત્યાં એકલા જ બેઠા.

૧૨. મલેકશાહ સાંઈએ ભવિષ્યકથન કર્યું હતું કે ''અહીં હિંદુના ઓલિયા પુરુષ આવશે.'' આ બાગ અને મસિદ ઉન્મત્ત ગંગાને કિનારે ટેકરા ઉપર શ્રીઅક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) મંદિરની બાજુમાં છે.

એટલામાં શ્રીહરિ પાસે ત્યાં રમતાં નાનાં બાળકો આવ્યાં. નિર્દોષ ભાવનાં બાળકોને શ્રીહરિના સ્વરૂપમાં દિવ્યતા દેખાઈ. તેઓ પાસે આવ્યાં. વ્રજનાં બાળકોને જેમ શ્રીકૃષ્ણે સમાધિ કરાવી, ગોલોક ધામનાં દર્શન કરાવ્યાં હતાં, તેમ શ્રીહરિએ આ બાળકોને સમાધિ કરાવી અક્ષરધામમાં પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. બાળકો અચેતન બની પૃથ્વી ઉપર ઢળી પડ્યાં. છેટેથી આ કૌતુક જોઈ લોકો ત્યાં આવવા લાગ્યા. બાળકોને અચેતન દશામાં પૃથ્વી ઉપર પડેલા જોઈ તેમને થયું કે આ બાવાએ કાંઈ જાદુ કર્યું લાગે છે. તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! આ બધા છોકરા ઉપર શું જાદુ કર્યું છે ? ઝટ બેઠા કરો, નહિ તો આખું ગામ આંહીં ઊમટશે અને જોયા જેવી થશે."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જાદુ કાંઈ નથી કર્યું. તેમને સૌને સમાધિ થઈ છે અને ભગવાનનાં દર્શન કરે છે. હમણાં બેઠાં થશે."

વાત ગામમાં પ્રસરી ગઈ અને લોકો કડિયાળી ડાંગ અને લાકડિયું લઈને ત્યાં આવવા લાગ્યા. ગામધણી જીવાખાચર પણ મૂળુખાચરને લઈને ત્યાં આવ્યા. તેમણે આ આશ્ચર્ય જોયું. શ્રીહરિ તરફ દૃષ્ટિ કરી. તેમને લાગ્યું કે આ કોઈ સામાન્ય પુરુષ નથી. તેમણે હાથ જોડી પ્રાર્થના કરી : "મહારાજ ! હું ગામધણી છું. આ ગામનાં છોકરાને કાંઈ થાય તો મારી આબરૂ જાય. માટે આ બધાંને બેઠાં કરો."

શ્રીહરિએ બાળકો તરફ દૃષ્ટિ કરી સૌને જગાડ્યાં. સૌ જાગ્યાં અને ઊઠીને શ્રીહરિ સન્મુખ દોડીને તેમનાં ચરણમાં પડી ગયાં. આ જોઈ સૌને આશ્ચર્ય થયું!

શ્રીહરિએ તેમને કહ્યું : "તમે એમને પૂછો કે તેમણે સમાધિમાં શું જોયું ?"

બાળકોને પૂછ્યું ત્યારે કોઈકે કહ્યું : "અમે વૈકુંઠલોક જોયો." અને કોઈકે કહ્યું : "અમે કૈલાસ જોયો." કોઈકે ગોલોક તો કોઈકે અક્ષરધામ પણ જોયું. એ ધામોનું વર્ણન સાંભળી સૌને આશ્ચર્ય થયું : "જેમણે કદી ભગવાનના ધામની વાત સાંભળી જ નથી તેમને આ ક્યાંથી દેખાયું ! કેમ સમજાયું ?"

પરંતુ બુદ્ધિના પ્રેરક શ્રીહરિ છે. એ પ્રેરણાના બળે જીવ અજ્ઞાન દશામાં હોવા છતાં જોઈ શકે છે, જાણી શકે છે.

જીવાખાચરને શ્રીહરિ મહાન લાગ્યા. તેમણે તેમને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! મારા દરબારમાં પધારો. અમને પાવન કરો."

શ્રીહરિએ તેમનો ભાવ જોઈ કહ્યું : "તમારું આ ગામ, ભૂમિ, આ નદી, વૃક્ષો બધું જ મને ગમે છે. આ ભૂમિ ખૂબ પવિત્ર છે, અક્ષરધામ તુલ્ય છે. અહીં

અમે રહીશું પણ સમો આવશે ત્યારે. અત્યારે તો અમે અહીંથી જઈશું.''

એટલું કહ્યું ત્યાં આનંદાનંદ સ્વામી નાહીને આવ્યા. મહારાજે ચાલવાની તૈયારી કરી ત્યારે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! ઘડીક ખમો. હું કંદોઈ પાસેથી ચોખ્ખું સુખડું તૈયાર કરાવીને મોકલું છું.'' મહારાજ તેનો ભાવ જોઈ રોકાયા. જીવાખાચંર ગામમાં ગયા અને લખુ કંદોઈને ત્યાંથી પેંડા-બરફી લીધાં. મહારાજ પાસે ગયા અને મહારાજને ચરણે ધર્યાં. શ્રીહરિ તેમાંથી થોડું જમ્યા, આનંદ સ્વામીને પણ આપ્યું અને પ્રસાદી જીવાખાચરને આપીને ત્યાંથી ચાલી નીકળ્યા.

ગામમાં એભલખાચરને પણ ખબર પડી કે મલેકશાહ પીરની જગ્યામાં એક બાવો આવ્યો છે. તેણે છોકરાઓને સમાધિ કરાવી છે. તે તરત જ ત્યાં જવા નીકળ્યા પરંતુ શ્રીહરિ તો ત્યાંથી નીકળી ગયા હતા. એટલે એભલખાચરને તેમનો ભેટો થયો નહિ. આવી વિભૂતિનાં દર્શન ન થયાં તેથી બાપુ ઉદાસ થઈ ગયા. તેમની સાથે તેમના કારભારી હતા. તેમણે કહ્યું : ''બાપુ ! તમારો ભાવ છે તો જરૂર તમને ભેટો થશે.'' એભલખાચર ભગ્ન હૃદયે ગામમાં આવ્યા.[૧૩]

---

૧૩. ગોપનાથના ગોપાળ યોગીના શિષ્ય આત્માનંદ સ્વામી હતા. આત્માનંદ સ્વામીને ચાર શિષ્યો હતા : જુક્તાનંદ, મુક્તાનંદ, રામાનંદ અને મેનનાથ અથવા માનગર અતીત. મેનનાથના શિષ્ય ઉન્નડખાચર હતા. તેમનાં પત્ની રાણદેવી મેનનાથની શ્રદ્ધાપૂર્વક સેવા કરતાં. તે સેવાથી પ્રસન્ન થઈ તેમણે રાણદેવીને કહ્યું : ''આજથી આરંભીને બારમે માસે તમારે ત્યાં બળવાન, દૃઢ, નિષ્કામી વ્રતવાળો, ધર્મનિષ્ઠાવાળો પુત્ર થશે. તે પુત્રનું નામ તમો બાવાખાચર રાખજો અને હંમેશાં દાન આપજો.'' એટલું કહીને પછી કહ્યું : ''તમો જે જગ્યાએ સદાવ્રત આપો છો, તે સ્થાનમાં માંડવ્ય ઋષિએ પૂજેલું ભગવાન શંકરનું પ્રતાપી લિંગ છે. આ તમારું ગઢપુર પૂર્વે દ્વારિકાપુરીનું શાખાનગર હતું અને ભગવાન શ્રીકૃષ્ણ અહીં ઘણી વાર આવેલા હતા. એવા તમારા અતિ પવિત્ર ગઢપુર ગામમાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ દીર્ઘકાળ પર્યંત નિવાસ કરીને રહેશે. તમારા પુત્રને તેના કરતાં પણ અધિક ગુણવાળો પુત્ર થશે જેનું નામ અભયકુમાર હશે. અને તે અભયખાચરને ઘેર પૂર્ણ પુરુષોત્તમનારાયણના ઉત્તમ એવા મહામુક્ત ઉત્તમકુમાર (દાદાખાચર) જન્મ લેશે જેની કીર્તિ નવખંડ ધરતીમાં પ્રસરી જશે.''

મેનનાથ પોતે માંડવ્ય ઋષિ હતા પરંતુ દુર્વાસાના શાપથી મેનનાથરૂપે થયા હતા. (શ્રી દુર્ગપુર માહાત્મ્ય : લે. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ (મૂળ સંસ્કૃતમાં) અનુવાદ : મૂળજીભાઈ પંજવાણી : પા. ૮-૯, પ્રકાશક : બાઢડા સત્સંગ સમાજ, સને ૧૯૬૭)

શ્રીહરિ ગઢપુરથી નીકળી સીધા કારિયાણી પધાર્યા. અહીં વેલાખાચરની પીપર નીચે શ્રીહરિએ ઉતારો કર્યો. આનંદ સ્વામીએ ગામમાં સમાચાર આપ્યા

દ્વારિકાપુરીનું શાખાનગર ગઢપુર (તે વખતે તો જે નામ હોય તે) કાળના ઝપાટામાં પડીને પાદર થઈ ગયું. પરંતુ ભૂમિનાં પુણ્ય અને પવિત્રતા તો કાળના ઝપાટાને પણ ઠેલ મારી દ્યે છે.

ગઢપુરનો બીજો ઈતિહાસ આ પ્રમાણે છે :

ખુમાણ વંશના પૌત્ર ખાચર નામે થયા. તે બહુ જ પરાક્રમી હતા તેથી તેના વંશજો ખાચર કહેવાયા. ખાચર વંશનો વિસ્તાર જસદણ, વાંકિયા, ભડલી, આણંદપર, પાળિયાદ, ચોટીલા, ગઢડા, બોટાદ વગેરે ગામોમાં ફેલાયો. દાદાખાચરના વડવા મહાપરાક્રમી ગોદડખાચર હતા. ભાલમાં વેજી અને શિયાળ ગામમાં મિયાણા સાથે ધિંગાણું થતાં મહાપરાક્રમી ગોદડખાચર તેમાં કામ આવી ગયા. પરંતુ તેમનું ધડ લડ્યું અને દુશ્મનોમાં કાળો કેર વર્તાવ્યો. ગોદડખાચરના આ પરાક્રમનો દુહો હજુ ગવાય છે :

ગોદડકા માથુ ગીયે, ઘટ ઘટ પ્રસનન ધા,
ચાંપાવાળે ચાલિયો, પગલે પાવર રા.

જેતપુરના મહાપરાક્રમી ચાંપરાજવાળાના જ વંશજ ગોદડખાચરનું માથું કપાઈ જતાં તેમનું ધડ લડ્યું હતું. ગોદડખાચરનો પાળિયો હજુય તેના પરાક્રમની ગાથા ગાતો ખડો છે. તેમના વંશજો હજુ આ વડવાને પગે લગાડવા જાય છે.

વિ. સં. ૧૬૩૫માં યદુવંશના ફટાયાકુંવર રા' કાને ભડલી ગામ વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. આ રા' કાનનો એક જૂનો ગઢ ઘેલા નદીને કાંઠે હતો. ગોદડખાચરના પુત્ર ભોકાખાચરે હડિકાથી આવી રા' કાન સાથે ધિંગાણું કર્યું. તેમાં રા' કાન મરાયો. આ ભોકાખાચરના પુત્ર દાનાખાચર નવું ગામ વસાવી ત્યાં તોરણ બાંધવા નીકળ્યા હતા, ત્યાં વાડમાંથી સસલું નીકળ્યું અને તેણે ગાતર કરી એટલે દાનાખાચરને લાગ્યું કે આ જમીન પવિત્ર છે. તેથી તેમણે સાંગા રાજગર સાથે મળીને ગઢડાનું તોરણ બાંધ્યું.

(દાદાખાચરના વડવાઓનો ઈતિહાસ; લે. મૂળજી છગનલાલ પંજવાણી, 'સદાચાર' માસિક : વર્ષ-૧ લું : ઑક્ટોબર-૧૯૭૫માં પ્રગટ થયેલા લેખને આધારે)

બીજો પણ એક ઈતિહાસ કહેવાય છે :

દાનાખાચરના ત્રણ દીકરા : દેવાતખાચર, ઉન્નડખાચર અને જીવોખાચર. જીવાખાચરના પૂંજોખાચર, તે પૂંજાખાચરના પુત્ર જીવાખાચર.

પાણી ત્રણ પરજુ તણું, જાતુ જીવા જે
બંધ ગઢડે બાંધીને, રાખ્યું તે પૂજાઉત.

કે શ્રીહરિ પધાર્યા છે.

તે સમાચાર મળતાં જ કારિયાણીના નૃપ માંચોખાચર, વસ્તાખાચર તથા ત્યાં આવેલા ધોળેરાના બુટોભાઈ તથા તેમના પુત્રો પૂંજાજી અને બનેસિંહ, બનેસિંહના પુત્ર ભોજાભાઈ, બુટાભાઈની પુત્રી અજુબાઈ તથા ફુલજીબા વગેરે ગામલોકો સાથે વાજતે-ગાજતે શ્રીહરિનું સામૈયું કરવા આવ્યાં.

નિર્જન વનમાં એકાકી ફરતા, અન્ન-પાણીની પણ ખેવના ન કરતા શ્રીહરિના કૃશ સ્વરૂપમાં દિવ્યતાની દૃષ્ટિ જેમ જેમ મુમુક્ષુઓને થતી ગઈ તેમ તેમ તેમનો ભક્તિભાવ આ રીતે ઊભરાવા લાગ્યો. આ લોકનાં કયા સાધન વડે અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનું સ્વાગત કરવું ? છતાં અલ્પ જીવોના અલ્પ ભાવનો સ્વીકાર પોતે પણ એવા અલ્પ બની કરી રહ્યા હતા. તેમના ભક્તિભાવમાં તેમને ઓછપ ન લાગે અને પોતે પણ પોતાની અતિ મોટપની ઊંચાઈમાં ઊંચા બની તેમને આંબવા ન દે તો પોતાની સાથેનો સંબંધ પરિપક્વ કેમ થાય ? તેથી તેઓ ભક્તને સજાતિ બન્યા, અલ્પ બન્યા અને તેમની ભક્તિ સ્વીકારી તેમને કૃતાર્થ કર્યા !

માંચાખાચરે શ્રીહરિની પૂજા કરી. સ્તુતિ કરી અને પછી વાજતે-ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. શ્રીહરિની દિવ્ય મુખમુદ્રાનાં દર્શન કરી અજુબા અને ફુલીબાને સમાધિ થઈ ગઈ. અક્ષરધામમાં શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં તેમને દર્શન થયાં. સમાધિમાંથી જાગ્રત થઈ તેમણે આ દર્શનની વાત સભાજનોને કરી. કિશોર અને મનુષ્ય સદૃશ્ય દેખાતા શ્રીહરિના સ્વરૂપમાં સૌને અલૌકિકતા દેખાવા લાગી.

શ્રીહરિ રસોઈ જમ્યા. સૌ સંતોને જમાડ્યા, હરિભક્તોનો સંઘ પણ જમ્યો. પછી શ્રીહરિએ સભામાં વાતો કરી. શ્રીહરિની વાત સૌને નવીન લાગી. શ્રીહરિના સાધુઓએ નવીન ભાત પાડી. તેમણે સ્થાપેલ સાધુઓનો અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ તે પણ સૌના માટે નવીન જ હતો. આ બધું નવીન હતું, કારણ કે શ્રીહરિ અક્ષરધામમાંથી આ સાધુ, આ વાતું અને આ નિયમો લાવ્યા હતા. સાધુ આ લોકના ન હતા, નિયમ પણ આ લોકના ન હતા અને વાતો પણ પ્રકૃતિથી પરના શુદ્ધ ગુણાતીત પ્રદેશ - અક્ષરધામની હતી.

શ્રીહરિને કુંડળનાં રાઈબાઈનું આમંત્રણ

શ્રીહરિ કારિયાણીમાં પધાર્યા છે, તે વાત છાની ન રહી. બાજુના કુંડળ

ગામમાં સમાચાર પહોંચી ગયા. ત્યાંનાં રાઈબાઈ પણ મુક્ત હતાં, રામાનંદ સ્વામીનાં શિષ્ય હતાં. તેમનો પરિવાર પણ એ સંઘમાં ભળ્યો હતો. તેના ત્રણ પુત્રો મામૈયો પટગર, હાથિયો પટગર અને રામ પટગર. આ ત્રણેયે માની કૂખ દીપાવી હતી. રામાનંદ સ્વામીનો તેમના ઉપર પણ પ્રભાવ પડ્યો હતો.

તેઓ બધાં કુંડળથી નીકળી કારિયાણી શ્રીહરિનાં દર્શને આવ્યાં. શ્રીહરિનાં દર્શનથી તેમનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. આ સાક્ષાત્ પ્રભુ છે તેવી પ્રતીતિ થઈ.

મનુષ્યસ્વરૂપમાં ભગવાન જોવા તે કઠણ છે પણ પૂર્વના સંસ્કારથી અજ્ઞાનનાં પડળ ઓસરી ગયાં હોય તો તે જ્ઞાનદૃષ્ટિથી એ દિવ્યતાનાં દર્શન સુગમ છે. જ્યાં ભગવાન હોય, ત્યાં ભક્તો હોય; જ્યા ભક્ત હોય, ત્યાં ભગવાન હોય જ. આ બંનેનો સંબંધ અપૃથક્સિદ્ધ છે. તેથી ભગવાન છે કે નહિ એવી શંકા ન થાય. વિજ્ઞાનના કે બુદ્ધિવાદના ચૂંથણાંથી એ સ્વરૂપને મૂલવવાનો પ્રયત્ન જ ન હોય. રાધા, કૃષ્ણ અને ગોપીઓનો સંબંધ કે રામ, લક્ષ્મણ, જાનકી તથા સુગ્રીવ અને હનુમાનજીનો સંબંધ - એ પરસ્પરના સંબંધને સમજવા માટે બુદ્ધિની તીક્ષ્ણતા કરતાં હૃદયના અંતરતલની જાગૃતિની વિશેષ જરૂર છે.

સૌરાષ્ટ્રના કાઠીઓની પ્રકૃતિ, રીતભાત જોતાં તેમનામાં બુદ્ધિના વિકાસ કરતાં જડતાની ઝાંખી વિશેષ થતી હતી. લૂંટ, ચોરી અને દારૂ-માંસના સેવનથી તેમનાં હૃદય; લાગણી કે વિચારના ભાવો વિના, ઉજ્જડ થઈ ગયાં હતાં. તેમની પ્રકૃતિ, તેમનો વ્યવસાય અને વ્યવહાર જોતાં સત્સંગને અને તેમને ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલું છેટું હતું. પરંતુ શ્રીહરિએ વગર ઉપદેશે, પોતાના પ્રેમની, દિવ્યતાની, ઐશ્વર્યની મૂક ભાષાથી તેમના હૃદયને નવપલ્લવિત કરી દીધાં. તેમને ખેંચ્યા. પૂર્વના જાણે મુક્ત હોય તેમ શ્રીહરિનું નામ સાંભળતાં, તેમનાં દર્શન કરતાં, તેમના અજ્ઞાનનાં તિમિર નાશ થઈ ગયાં. જડ બુદ્ધિના જીવ પરમાત્માને ઓળખવાની દિવ્ય બુદ્ધિ પામી ગયા !

રાઈબાઈએ શ્રીહરિને કુંડળ પધારવાનું આમંત્રણ આપ્યું. પરંતુ શ્રીહરિ કાંઈ બોલ્યા નહિ. શ્રીહરિના મૌનથી રાઈબાઈની આંખમાં આંસુ આવી ગયાં. ફરી વિનંતી કરી, પરંતુ શ્રીહરિએ મૌન તોડ્યું નહિ. રાઈબાઈનું હૃદય શ્રીહરિના આ અતૂટ મૌનથી ભાંગી ગયું. રડતા હૃદયનો ભાવ આંખોમાંથી ટપકવા લાગ્યો. માંચાખાચર રાઈબાઈની ભક્તિ પિછાણતા હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! ગુજરાત જવાની ઉતાવળ હોય, તો પણ રાઈબાઈનું આમંત્રણ તો સ્વીકારવું જ પડશે. રામાનંદ સ્વામીનાં જૂનાં શિષ્યા છે."

શ્રીહરિ માંચાખાચરની વાત શાંતિથી સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું : ''જો એવાં ભક્ત હોય, તો આપણે જવું પડે.''

રાઈબાઈને તથા તેના પુત્રોને શ્રીહરિ કુંડળ પધારવાના છે તે જાણી આનંદ થયો. માંચાખાચરે તેમને કહ્યું : ''તમે હમણાં જ જાઓ, શ્રીહરિ કુંડળ પધારશે, એકાદ રાત રોકાશે પણ ખરા.''

રાઈબાઈ આંખો બંધ કરીને આ શબ્દો સાંભળી રહ્યાં. શ્રીહરિની મૂર્તિને, તેમના દિવ્ય સુખને જાણે અંતરમાં જ ઉતારી ત્યાં સ્થિર કરી દેવા તેમણે ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ અંતર્મુખ કરી દીધી. આ સુખ કેમ સહેવાશે, રખે સ્રવી તો નહિ જાય ને ? એવા ભાવથી તેમનું આખું શરીર સંકોચાઈને સ્થિર થઈ ગયું. માંચાખાચરે તેમને જગાડ્યાં : ''રાઈબા મા ! સાંભળો છો ને ! હવે સાબદાં થાઓ અને માંડો તૈયારી કરવા.''

રાઈબાઈએ આંખો ખોલી. શ્રીહરિની મૂર્તિ હજુ તેમની નજર સમક્ષ જ હતી. છેડો વાળીને માંચાખાચરને પગે લાગ્યાં. તેમનાં દુઃખણાં લીધાં અને આંખમાં આંસુ સાથે બોલ્યાં : ''બાપુ ! બહુ મહેર કરી. તમારી ભલામણે મહારાજ પધારશે.''

રાઈબાઈ અને તેના પુત્રો તથા કુંડળના ભક્તજનો તરત જ ત્યાંથી કુંડળ જવા નીકળી ગયાં. કુંડળ આવ્યાં. આભલાં ભરેલા ચાકળાથી દીવાલો શણગારી. રંગીન ઢોલિયો, મશરૂનાં ગાદલાં, ગાલ-મસૂરિયા, તકિયા, રેશમી ધડકીઓ વગેરે તૈયાર કરી દીધાં. ઘરોઘર ઘંટીઓ ચાલવા લાગી. ઘેબર અને દહીંથરાં માટે, સેવ માટે, પડસૂદીનો લોટ તૈયાર થઈ ગયો. લીલાછમ બાજરાનો લોટ પણ તૈયાર થઈ ગયો. ઘી, દૂધ, દહીં, માખણનાં દોણાં પણ તૈયાર કરી દીધાં. દળેલું બૂરું અને ચોખા પણ 'શેલણ'નાં જમણ માટે તૈયાર કર્યાં. રાઈબાઈનો, તેમના પુત્રોનો ઉત્સાહ માતો ન હતો. ગામ પણ આ ઉત્સાહના આનંદમાં હિલોળે ચઢ્યું હતું. સૌ શ્રીહરિના આવવાની રાહ જોઈ રહ્યા.

કારિયાણીમાં શ્રીહરિ થોડા દિવસ રહી પછી કુંડળ જવા નીકળ્યા. આગળથી સંદેશો મોકલ્યો હતો. કુંડળને પાદર શરણાઈના સૂર અને ઢોલના ધ્રિબાંગ-ધ્રિબાંગ અવાજ સંભળાવા લાગ્યા. વિવિધ ભાતના સાફા પહેરી સજ્જ થયેલા મામૈયો, હાથિયો, રામ અને અમરો પટગર તથા અન્ય દરબારીજનો ઢાલ, તલવાર અને ભાલાથી સજ્જ થઈ કાઠિયાવાડી પાંખાળી ઘોડીઓને રાંગમાં ફેરવતા હતા. પાસવાનો જામગરી ચાંપીને બંદૂકોના અવાજ કરતા હતા.

લોકોનાં મોં ઉપર જાણે અક્ષરધામના આનંદની લહરી પથરાઈ ગઈ હતી.

એટલામાં સામેથી ધૂળની ડમરી ઊડતી દેખાણી અને બંદૂકોના અવાજ પણ સંભળાયા. અહીંથી પણ સામે બંદૂકોના અવાજ થયા. ઘોડીઓ થનગની રહી. મામૈયાના ઈશારાની સૌ રાહ જોઈ રહ્યા હતા. મામૈયે ઘોડી ફેરવી અને કાઠીઓની ઘોડીઓના ડાબલાથી ધરતી ધ્રૂજવા લાગી. ઢોલ અને શરણાઈઓના અવાજ ઘેરા બન્યા. ગુલાલ ઊડવા લાગ્યો. શ્રીહરિ નજીક પહોંચ્યા એટલે કાઠી દરબારો ઘોડીએથી ઊતરી શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. કાઠીશાહી તુમાખીનો તોર આજે શ્રીહરિના ચરણે ધૂળમાં રગદોળાયો. સૌ કાઠી મટી ગયા, ભક્ત બની ગયા ! શ્રીહરિના સ્વરૂપમાં આવું કામણ હતું. લોકોની તામસી વૃત્તિઓને ખંખેરીને, અંધારામાં પ્રકાશ કરી, માણસાઈના દીવા પ્રગટાવવાનું કામ શ્રીહરિએ શરૂ કર્યું હતું.

શ્રીહરિ તથા સંત-હરિભક્તોનો સંઘ કુંડળને પાદર આવ્યો. ઘેરે રાગથી મંગળ ગીતો ગાતી કાઠિયાણીઓ નીચે નમી, પાલવ પાથરી, શ્રીહરિને પગે લાગી. સૌએ છેટેથી શ્રીહરિનાં દુઃખણાં લીધાં. રાઈબાઈ તો સ્થિર થઈ ગયાં હતાં. સૌને લાગ્યું કે હમણાં પડી જશે પણ ત્યાં તો શ્રીહરિની આરતી કરતાં હોય તેવી ચેષ્ટા તે કરવા લાગ્યાં. સૌને આશ્ચર્ય થયું. શ્રીહરિ તેમની પાસે આવ્યા. દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવી અને રાઈબાઈ જાગ્રત થઈ ગયાં. સમાધિ અવસ્થામાં અક્ષરધામમાં નીરખેલા અક્ષરનાથ અને આ શ્રીહરિ તેમને એક જ જણાયા. શ્રીહરિમાં પુરુષોત્તમ સ્વરૂપનો ભાવ તેમને દૃઢ થઈ ગયો !

લોકોમાં આનંદ સમાતો ન હતો. નાચતાં, કૂદતાં સહજાનંદ સ્વામીની જય બોલાવતો સંઘ આગળ વધ્યો. અમરા પટગરના દરબારમાં સૌ આવ્યાં. શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. દરબારમાં રંગત ઢોલિયો બિછાવ્યો હતો. મોદિયાં પાથરી દીધાં હતાં. શ્રીહરિ ઢોલિયા ઉપર બિરાજ્યા. સૌ સંતો શ્રીહરિની આજુબાજુ બેસી ગયા. હરિભક્તો મોદ ઉપર બેઠા.

શ્રીહરિએ કુંડળ ગામનો પ્રેમ જોયો. હરિભક્તોનો ભાવ જોયો. રાઈબાઈની ભક્તિ જોઈ. ગોકુળ અને વૃંદાવન સૌરાષ્ટ્રની આ ભૂમિ ઉપર આવી વસ્યાં હોય એવું તેમને લાગ્યું. સંતોએ કીર્તનો ગાયાં પછી તેમણે થોડી વાત કરી. પછી આરતી કરી નારાયણ ધૂન કરાવી.

રાઈબાઈના ઓરડામાં જ શ્રીહરિનો ઉતારો હતો. શ્રીહરિ ઓરડે પધાર્યા. મુકુન્દ વર્ણીએ થાળ તૈયાર રાખ્યો હતો. ઘી, સાકર અને સેવ, દહીંથરાં, ઘેબર,

દૂધપાક તથા બીજાં અનેક પ્રકારનાં પકવાન્નો બનાવ્યાં હતાં.

શ્રીહરિ હાથ-પગ ધોઈ, પીતાંબર પહેરી બાજોઠ ઉપર બિરાજ્યા. રાઈબાઈએ તૈયાર કરાવેલ અનેક સામગ્રીઓમાંથી શ્રીહરિ ભાવપૂર્વક રુચિ પ્રમાણે જમ્યા. પછી સંતોને જમાડ્યા. કાઠીઓને પણ ઘી, સાકર અને ચોખા, બાજરાના રોટલા, દૂધ, દહીં, માખણ જમાડ્યાં. શ્રીહરિ સંતોને પીરસી તેમને પણ પીરસવા પધાર્યા. ગોવાળ મંડળી કરી બેઠેલા કાઠીઓને દૂધ અને ઘી સારી રીતે જમાડ્યા. સૌ તૃપ્ત થયા. આ તૃપ્તિ શ્રીહરિની પ્રસાદીની હતી. દૂધ, દહીં અને ઘી તો ઘરે પણ જમતા, પરંતુ શ્રીહરિની પ્રસાદીમાં - આ અમૃતમાં - જે સ્વાદ હતો તેની તૃપ્તિથી સૌ તૃપ્ત થઈ ગયા !

ગજા ગઢવી પૂર્ણાનંદ બને છે

મેમકાના મૂળજી શેઠ કારિયાણી આવ્યા હતા. તેમને શ્રીહરિને મેમકા તેડી જવા હતા. શ્રીહરિએ તેમને કહ્યું : ‘‘ભેગા ચાલો. અનુકૂળતા હશે તો મેમકા આવી જઈશું.’’

કુંડળથી નીકળી મહારાજ સીધા મેમકા પધાર્યા. ભેળા મુક્તાનંદ સ્વામી તથા બીજા થોડા સાધુ હતા. મહારાજ મેમકા આવ્યા એટલે મૂળજીભાઈએ મેથાણ અજાભાઈને ખબર મોકલ્યાં કે ‘‘સ્વામિનારાયણ ભગવાન અમારે ત્યાં પધાર્યા છે. તમારે દર્શન કરવાં હોય તો આવી જજો.’’

આ સમાચાર મળતાં જ અજાભાઈ મેમકા જવા તૈયાર થયા. તેમની સાથે મહારાજનાં દર્શન કરવા સારુ જુવાન કવિરાજ ગજા ગઢવી પણ તૈયાર થયા. ગજા ગઢવીએ રજવાડી પોષાક પહેર્યો હતો. માથે આંટાવાળી પાઘડી પહેરી હતી. તેઓ મેમકા પહોંચ્યા ત્યારે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે ત્યાં નાહવા પધાર્યા હતા.

આ બંનેને મહારાજનાં દર્શનની ઉત્સુકતા હતી તેથી તેઓ નદીએ ગયા. મહારાજ તે અરસામાં મીંઢીંઆવળ અને મરચાંનો ગોળો પણ કોઈ કોઈ વખત જમતા, તેથી વારંવાર દિશાએ જવું પડતું. મહારાજ દિશાએ જઈને આવતા હતા તે દર્શન અજાભાઈ તથા ગઢવીને થયાં. ગઢવીને મહારાજની ચાલ મોહક લાગી. તેમને લાગ્યું કે આવી ચાલ મનુષ્યની ન હોઈ શકે. મહારાજ ભગવાન છે તેવો નિશ્ચય તેમને મહારાજની મોહક ચાલ જોઈને જ થયો.

મહારાજ કૂવે પધાર્યા અને ત્યાં હાથ ધોયા. મૂળજી શેઠે મેથાણના

અજાભાઈની ઓળખાણ કરાવી. ગઢવીનો તેમને પરિચય ન હતો. તેથી મહારાજે જ તેમને પૂછ્યું : ''જાતે કેવા છો ?''

''મહારાજ ! જાતે ચારણ છીએ, દેવીપુતર.'' ગઢવીએ હાથ જોડી નમ્રતાથી કહ્યું. તેમને લાગ્યું કે દેવીપુતર આટલું ઓછું બોલતો કેમ થઈ ગયો ! પણ પછી સમજાયું કે પરમાત્મા પાસે તો જીભ સિવાઈ જ જાય. મહારાજે તેમનું નામ પૂછ્યું. તેમણે કહ્યું : ''ગજાભાઈ દાદાભાઈ ગઢવી.'' મહારાજે ગજા ગઢવીને દૃષ્ટિમાં લઈ લીધા.

ગજા ગઢવી તાલુકદાર હતા. તેમના ગરાસનો વહીવટ તેમના મોટાભાઈ કરતા. ધ્રાંગધ્રા રાજ્યના પોતે દશોંદી હતા. ધ્રાંગધ્રા બાપુ રણમલસિંહજીએ રાજ્યના ખર્ચે તેમને ભુજનગરમાં પિંગળ શીખવા મોકલ્યા હતા. ત્યારબાદ તેઓ ધ્રાંગધ્રા રાજ્યના રાજકવિ તરીકે રહ્યા હતા.

ધ્રાંગધ્રા રાજ્ય ઝાલાવંશના ગરાસિયાઓનું હતું. શ્રી ગજા ગઢવી 'ટાપરિયા' શાખના ચારણ હતા. ઝાલાવંશના દશોંદી 'ટાપરિયા' શાખના ચારણો ગણાય છે. લોકવાયકા એવી છે કે ચારણોની દેવી વિસત માતા હતાં. એક વખત બે દિવ્ય બાળકો રસ્તામાં રમતાં હતાં. તેવામાં બે તોફાની સાંઢ લડતાં લડતાં રસ્તામાં આવતા હતા. તે બાળકોને ઈજા ન થાય તે માટે માતાએ એક બાળકનો હાથ ઝાલીને તેને બચાવી લીધો. બીજા બાળકને ટપલી મારીને રસ્તાની બાજુએ મૂકી દીધો. જે બાળકનો હાથ ઝાલ્યો તે બાળકના વંશજ ઝાલા શાખના રાજપૂતો કહેવાયા. જે બાળકને ટપલી મારી હતી તેના વંશજો ટાપરિયા શાખના ચારણો કહેવાયા. ત્યારથી ઝાલા રજપૂતો દશોંદી 'ટાપરિયા' શાખના ચારણો કહેવાય છે.

શ્રીહરિ હાથ ધોઈ સ્નાન કરવા લાગ્યા. ત્યારે તેમની સમીપે બે જણા સૂતેલા પડ્યા હતા. તે જોઈ અજાભાઈએ પૂછ્યું : ''આમને શું થયું છે ?''

મૂળજી શેઠે તરત જ કહ્યું : ''એમને સમાધિ થઈ છે.''

એટલે નરનારાયણાનંદ સ્વામીએ કહ્યું : ''અખે એમ કહ્યું છે કે બીજાનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય. માટે આ ભગવાન છે.''

તે સાંભળી ગજા ગઢવી બોલ્યા : ''સ્વામી ! બીજાનાં નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે.''

પછી તે બંનેને મહારાજે સ્નાન કરતાં કરતાં વર્તમાન ધરાવ્યાં.

આ ગજા ગઢવીને મહારાજે થોડા સમય પછી દીક્ષા આપી 'પૂર્ણાનંદ'

નામ પાડ્યું.[૧૪]

મેમકા છોડી દેજો

મહારાજ મેમકામાં ત્રણ-ચાર દિવસ રહ્યા. પછી બોચાસણ જવા નીકળ્યા. મૂળજી શેઠ તથા સુથાર હંસરાજભાઈ, પટેલ શ્યામો કણસાગરો અને પટેલ શ્યામો અગોલો મહારાજને વળાવવા સાથે ચાલ્યા.

મહારાજે તેમને પાછા વાળતાં કહ્યું : "તમે અમારી આજ્ઞા પાળશો ?"

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું."

તે સાંભળી મહારાજ રાજી થયા. પછી તેમને કહ્યું : "તમે આજથી વીસ દિવસની અંદર વઢવાણ પરગણાનું આ મેમકા છોડીને પર-પરગણામાં રહેવા જજો. કારણ વડોદરાથી બાબાજીનું લશ્કર આવશે. વઢવાણ સાથે લડાઈ થાશે અને મેમકું આખું બાળી દેશે." એ પ્રમાણે મહારાજે કહ્યું. તે સાંભળીને ચારે જણા ગંભીર બની ગયા. મહારાજે તેમને કહ્યું : "સુખિયા થવું હોય તો આજ્ઞા પાળજો."

મહારાજ ત્યાંથી તરત જ ગુજરાત તરફ પધાર્યા.

મહારાજની આજ્ઞાનુસાર મૂળજી શેઠ મેમકા છોડી લીંબડી ગયા. હંસરાજ સુથાર ગામ ખોલડિયાદ ગયા, શ્યામો કણસાગરો અને શ્યામો અગોલો બંને ચાણપુર રહેવા ચાલી ગયા.

બરાબર વીસમે દિવસે વડોદરેથી બાબાજી દીવાનનું લશ્કર આવ્યું અને મેમકા લૂંટીને બાળી દીધું. પરંતુ મહારાજના આશ્રિત ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી એટલે તેમની રક્ષા થઈ ગઈ.[૧૫]

---

૧૪. સદ્ગુરુ પૂર્ણાનંદ કાવ્ય. તેમનું જીવન અને કવન; લેખકો : સાગરદાન શિવદાન સ્વામિનારાયણ તથા કવિ અક્ષરદાન પ્રભુદાસ ટાપરિયા, પ્રકાશક : કવિશ્રી અક્ષરદાન પ્રભુદાસ ટાપરિયા, મુ. હેબતપુર, તા. દાસડા. સં. ૨૦૨૫.

૧૫. સદ્ગુરુ નિર્ગુણદાસ સ્વામીની વાતું; વા ૯મી, પ્રકાશક અને સંશોધક : સ્વામી કૃષ્ણવલ્લભદાસ, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ, સં. ૨૦૧૮.



ઉદ્‌ગીથ ૪

બોચાસણ : શ્રીહરિનું લક્ષ્ય

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૪)

બીજે દિવસે સવારે શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા. તેમને બોચાસણ યાદ આવ્યું. કાશીદાસનાં મા નાનીબાની પણ ઝંખના ભારે હતી. નીલકંઠ વર્ણી અચાનક નીકળી ગયા અને તેમનાં દર્શનનો, જમાડવાનો, સેવાનો તેનો ભાવ અપૂર્ણ રહ્યો. આકાશવાણીએ તેમને સાંત્વન આપ્યું : "હું ફરી આવીશ." એ શબ્દોના આધારે નાનીબા જીવન જીવતાં હતાં. નીલકંઠની ચરણરજનાં રોજ દર્શન કરતાં. નીલકંઠ ગયાને ચાર વર્ષ વીતી ગયાં હતાં. એટલે તેમની અકળામણ પણ વધી ગઈ હતી. એ અંતરનો સાદ શ્રીહરિએ સાંભળ્યો અને મેમકાથી સીધી ગુજરાતમાં બોચાસણની વાટ તેમણે પકડી.

શ્રીહરિ બોચાસણ આવી કાશીદાસના ઘરના આંગણામાં જ જઈને ઊભા રહ્યા. કાશીદાસ તથા તેમનાં માતુશ્રી નાનીબા આ દિવ્ય વિભૂતિને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયાં ! વણનોતર્યા અતિથિ આંગણામાં આવીને ઊભા રહ્યા. ન કળાય અને ન સમજાય એવી આ વિભૂતિના અણસારની ઝાંખી કરતાં નાનીબા શ્રીહરિની સહેજ નજીક આવ્યાં એટલે શ્રીહરિ બે ડગલાં પાછા ખસી ગયા. માથે જરિયાની ફેંટો, રેશમી અચકન ઉપર જરિયાની સુરવાલ, કંઠમાં મોતીની માળા, દશે આંગળીમાં સોનાના વેઢ, પગમાં મોજડી. આ રજવાડી ઠાઠ જોઈ નાનીબા મૂંઝાયાં. તેમને કોઈ અગમ્ય વિભૂતિના અણસારની પ્રતીતિ આ સ્વરૂપમાં થતી હતી. સ્મૃતિપટ પર નીલકંઠની મૂર્તિ આવી. પણ ક્યાં એ તપસ્વી અને ક્યાં આ રાજવી ! સ્વરૂપ જુદું દેખાતું હતું પરંતુ મુખારવિંદ નીલકંઠનું હતું. તે મૂંઝવણમાં પડી ગયાં. કાશીદાસ પણ અવાક્ બની ગયા.

એટલામાં શ્રીહરિએ કહ્યું : "નાનીબા ! સાવ ભૂલી ગયાં ? અમે અહીં આવ્યા હતા. રામજી મંદિરમાં ઊતર્યા હતા. તમારે ઘેર આવી દૂધ-ભાત જમ્યા

હતા.'' નાનીબાના સ્મૃતિપટ પર નીલકંઠ વર્ણીની મૂર્તિ આવી ગઈ.

શ્રીહરિ બોલ્યે જ જતા હતા : ''નાનીબા ! તે દિ' અમે તપસ્વી વેશે હતા. માથે જટા હતી, શરીર ઉપર એક કૌપીન સિવાય કોઈ વસ્ત્ર ન હતું.''

નાનીબાના હૃદયમાં નીલકંઠની મૂર્તિ હવે સંપૂર્ણ કંડારાઈ ગઈ : ''હા, હા, પ્રભુ ! તમે ચાલ્યા ગયા અમને સાવ નોધારાં મૂકીને.''

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : ''નાનીબા ! અમે ભક્તને કદી નોંધારાં મૂકતા નથી. તે અમારી વાટ જુએ છે અને અમે તેમની પાસે જઈએ છીએ. તે અમને સંભારે છે અને અમે પ્રત્યક્ષ થઈએ છીએ. અમે ભક્તોની પાછળ ફરીએ છીએ.''

નાનીબા શબ્દે શબ્દે અમૃત પીતાં હતાં. તેમની આંખો બંધ હતી પણ અંતઃચક્ષુ ખૂલી ગયાં હતાં. શ્રીહરિની દૃષ્ટિ કાશીદાસ ઉપર પડી. કાશીદાસ પાસે આવ્યા. શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રીહરિએ તેમનું કાંડું પકડ્યું. નાનીબાને કહ્યું : ''નાનીબા ! આ કાશીદાસ અમારા પરમ ભક્ત છે. તેમની ભક્તિથી આ ગામ પવિત્ર થઈ જશે, તીર્થ થશે, પરમધામ બની જશે.''

નાનીબાએ ઢોલિયો ઢાળ્યો. તે ઉપર ધડકી પાથરી. શ્રીહરિ તે ઉપર બિરાજ્યા. મોજડી કાઢીને ચરણ પ્રસાર્યા. એટલે નાનીબાએ બંને ચરણમાં સોળે ચિહ્ન જોયાં. આ સ્વરૂપમાં તેમને ભગવાનનો ભાવ થયો. આકાશવાણીના શબ્દો સાચા પડ્યા. નાનીબા કૃતકૃત્ય થઈ ગયાં ! કાશીદાસ વ્યવસ્થાની તજવીજમાં પડી ગયા. ગામમાં ખબર પડી કે કાશીદાસને ઘેર કોઈ મહાન વિભૂતિ આવી છે. એટલે લોકો ત્યાં ઊમટ્યા. નાનીબા તો બધાંને કહેવા લાગ્યાં : ''આ સાક્ષાત્ ભગવાન છે, દર્શન કરો, સેવા કરો. કલ્યાણ થઈ જશે.''

ગામના લોકોને આ કાંઈ સમજાયું નહિ. તેમની ભગવાનની કલ્પના જુદી હતી. ભગવાન એટલે પ્રકાશમય મૂર્તિ, ચતુર્ભુજ સ્વરૂપ, ઘડીકમાં દર્શન દઈને અલોપ થઈ જાય એવા હોય તેને ભગવાન કહેવાય ! તેમની આ પ્રકારની સમજણમાં તેમનો કોઈ દોષ ન હતો. કારણ બુદ્ધિમાન લોકો ભગવાનના માનુષી સ્વરૂપમાં તેમની બુદ્ધિના માપદંડથી જે ભાવ દેખે તેવું જ સમજે અને સમજાવે. શ્રીકૃષ્ણને એ જ રીતે લોકોએ રાજનીતિજ્ઞ પુરુષ કહ્યા, કુશળ કહ્યા, ડાહ્યા કહ્યા, યોગી કહ્યા, મનુષ્યમાં જોડ ન જડે તેવા અજોડ પણ કહ્યા. પરંતુ તેમને ભગવાન કહેતા અચકાયા.

શ્રીહરિ પધાર્યાની વાત વાની પેઠે આજુબાજુનાં ગામોમાં પ્રસરી ગઈ. નહિ તાર, નહિ ટપાલ કે નહિ બીજા સંદેશા પહોંચાડવાનાં સાધનો ! છતાં

શ્રીહરિના પ્રતાપનો ઉદ્‌ઘોષ તેઓ જ્યાં જતા ત્યાં આજુબાજુ થઈ જ જતો.

વડતાલથી બાપુભાઈ તથા તેના પુત્ર રણછોડદાસ પણ બોચાસણ આવ્યા. બાવા, સંન્યાસીઓ ઘણા ફરતા હશે. ગામોગામ જતા હશે, પરંતુ તેમના પ્રતાપનો આવો પ્રભાવ ભાગ્યે જ અગાઉ કોઈએ જોયો હતો. શ્રીહરિ જ્યાં જતા ત્યાં કીડિયારાની જેમ માણસ ઊભરાતા. બાપુભાઈને જોઈ શ્રીહરિએ તેમને પૂછ્યું : ''તમે ક્યાંથી આવ્યા ?''

આ સાંભળી કાશીદાસે કહ્યું : ''પ્રભુ ! એ તો વડતાલથી આપનાં દર્શન માટે જ આવ્યા છે. આ બાપુભાઈ, તેમનું મૂળ નામ કુબેરદાસ અને આ તેમના પુત્ર રણછોડદાસ !''

શ્રીહરિ તેમને જોઈ હસ્યા. બંનેને માથે હાથ મૂક્યા. બાપુભાઈએ શ્રીહરિનો ચરણસ્પર્શ કરવા હાથ લાંબો કર્યો એટલે શ્રીહરિએ પોતાના બંને ચરણ પ્રસાર્યા. બાપુભાઈએ બંને ચરણમાં સોળ ચિહ્‌નો જોયાં. તેમને પ્રતીતિ થઈ કે નિશ્ચય આ પ્રભુ છે. કાશીદાસના પિતા કાનદાસ આ જોઈ રહ્યા પણ તેમને કાંઈ સમજાયું નહિ. પ્રભુનો નિશ્ચય તો પ્રભુ કરાવે તો જ થાય. તેમની કૃપા હોય ત્યારે જ પ્રભુ ઓળખાય.

થોડી વારે મુકુન્દાનંદ વર્ણી શ્રીહરિ માટે થાળ લાવ્યા. શ્રીહરિ થાળ જમવા બેઠા અને બાપુભાઈ તથા તેમના પુત્ર રણછોડદાસને પણ બોલાવ્યા. પોતે થાળ જમતા જાય અને સ્વાદુ પ્રસાદી આ બંને પિતા-પુત્રને આપતા જાય. શ્રીહરિની કૃપાદૃષ્ટિ તેમના ઉપર પડી ગઈ. તેથી તે બંનેને તરત જ સમાધિ થઈ. મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય તેજોમય અક્ષરધામનાં તેમને દર્શન થયાં. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર તેમણે આ જ શ્રીહરિને બિરાજેલા જોયા. અનંત કોટિ અક્ષરમુક્તો શ્રીહરિની સેવામાં તેમણે જોયા. મૂર્તિમાન ચાર વેદો પણ શ્રીહરિની સ્તુતિ કરતા તેમણે નિહાળ્યા. મોટા મોટા દેવો અને દેવેશને પણ જે સ્વરૂપની ઝાંખી ન થાય તે અક્ષરેશ શ્રી પુરુષોત્તમનારાયણનાં તેમને સહજમાં દર્શન થયાં. ધામની મૂર્તિ અને મનુષ્યની મૂર્તિની એકતા જોઈ તેઓ કૃતકૃત્ય થઈ ગયા ! હર્ષનાં આંસુ નેત્રમાંથી વહેવા લાગ્યાં. થોડી વારે સમાધિમાંથી તેઓ જાગ્યા. શ્રીહરિની દિવ્યતા, પરપણું નિહાળી તેઓ અવાક્ બની ગયા !

શ્રીહરિ તેમની સામું જોઈ હસ્યા. સ્વસ્થ થયા પછી બાપુભાઈ ઊઠીને શ્રીહરિના ચરણમાં પડી ગયા. અંતરમાં અનુભવેલા અતિ અપાર આનંદથી તે એક શબ્દ પણ બોલી શક્યા નહિ. તેમના પુત્ર રણછોડદાસ પણ પાસે આવ્યા.

તેમણે કહ્યું : ''મહારાજ ! બાપુ બોલી શકતા નથી પરંતુ આપને વડતાલ તેડાવવાનો તેમનો ભાવ છે.''

શ્રીહરિએ કહ્યું : ''અમે જરૂર વડતાલ આવીશું.''

એટલામાં કાનદાસે કહ્યું : ''મહારાજ ! ત્યાં જવા જેવું નથી. ત્યાં તો ચોર અને ધારાળાનો ત્રાસ છે. જે કોઈ ત્યાં જાય છે તેનાં વસ્ત્રો, વાહન, પદાર્થો - બધું લૂંટી લે છે.''

તે સાંભળી રણછોડદાસે કહ્યું : ''મહારાજ ! આપ ફિકર ન કરો. ચોર, ધારાળા અમારાથી બીએ, આડા ન ફરી શકે. માટે આપ જરૂર વડતાલ પધારો.''

શ્રીહરિએ તેમનો ભાવ જોઈ કહ્યું : ''જાઓ, અમો આવતી કાલે વડતાલ આવીશું.''

શ્રીહરિ બાપુભાઈના આમંત્રણથી વડતાલ પધારે છે

શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું તેથી બાપુભાઈ અત્યંત રાજી થયા. તેમણે બે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારા વડતાલમાં એક સંન્યાસી અહીં તળાવકાંઠે જે ઘેલા હનુમાન કહેવાય છે ત્યાં આવ્યા હતા. રાત ત્યાં રહ્યા હતા. બોરડી નીચે મુકામ કર્યો હતો. બહુ જ નિઃસ્પૃહ છતાં સૌને બોલાવીને ઉપદેશ આપવામાં બહુ જ ચીવટવાળા હતા.

''તેમાં એક ભગવાનદાસ પ્રજ્ઞાચક્ષુ હતા. તેણે સંન્યાસીને પ્રાર્થના કરતાં કહ્યું : 'પ્રભુ ! આંખનાં રતન ગયાં છે. તેના ઉપર જીવનનો આધાર છે તો દયા કરો.' સંન્યાસીએ તેના સામી દૃષ્ટિ કરી, આખે હાથ ફેરવ્યો અને ભગવાનદાસની આંખોમાં સૂર્યનારાયણ પ્રગટ થયા. ભગવાનદાસે ધરતી ઉપર અજવાળું જોયું અને તેઓ ગદ્‌ગદ થઈ ગયા.''

શ્રીહરિ બાપુભાઈની વાત એક ધ્યાનથી સાંભળ્યે જતા હતા. બાપુભાઈ પણ શ્રીહરિને તેમની વાતમાં રસ પડ્યો છે જાણી એકધાર્યું બોલ્યે જ જતા હતા. તેમણે કહ્યું : ''એ મહાત્માની અમે સેવા કરી. બોરડી નીચેથી આસન છોડી ઘેર પધારવા ઘણું કહ્યું પણ એ તો એમ જ કહેતા કે આ સ્થાન જેવું કોઈ પવિત્ર સ્થાન નથી. આંહીં ભવિષ્યમાં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે.''

શ્રીહરિએ એ વાત સાંભળી એકદમ કહ્યું : ''અહો, ત્યારે તો બહુ પવિત્ર જગ્યા કહેવાય.''

''મહારાજ ! એ તો એમ કહેતા હતા કે એ બોરડી નીચે લક્ષ્મીજીએ તપ

કર્યું હતું તેથી ત્યાં લક્ષ્મી સદા બિરાજશે."

શ્રીહરિએ કહ્યું : "એવા સિદ્ધોની વાત ખોટી પડે જ નહિ."

"પણ પ્રભુ ! પછી એ સિદ્ધ તો ત્યાંથી ચાલ્યા ગયા. અમે ઘણી ભાળ કાઢી, આજુબાજુનાં ગામોમાં તપાસ કરી પણ ક્યાંય ન મળ્યા !"

આ ભૂમિના આવા સંસ્કાર, આવાં પુણ્ય અને આ ભૂમિના વાસીઓની મુમુક્ષુતા પરખીને જ પોતે ઠેઠ ઉત્તરમાંથી સારા ભારતમાં ફરી અને ગુજરાતની ભૂમિમાં આવીને સ્થિર થયા હતા. ભોળા ભાવના બાપુભાઈને શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં છતાં તેમનો આવો મહિમા ક્યાંથી સમજાય ? દર્શનથી આંખો પવિત્ર થાય, જ્ઞાનથી અંતર પવિત્ર થાય. શ્રીહરિના સ્વરૂપનું એ જ્ઞાન હજુ તેમને લાધ્યું ન હતું. તેમણે ફરી શરૂ કર્યું : "પ્રભુ ! એ સિદ્ધે તો કહ્યું હતું કે તમારા ગામમાં પૂર્ણ પુરુષોત્તમ પધારશે."

શ્રીહરિએ તરત જ કહ્યું : "હા, આવ્યા જ છે ને !"

આ શબ્દો સાંભળી બાપુભાઈનાં અંતરકમાડ ઊઘડી ગયાં : "અહો, આ જ પૂર્ણ પુરુષોત્તમ !" થોડા વખત પહેલાં જ સમાધિમાં જે સ્વરૂપનાં દર્શન થયાં હતાં તે તેઓ ભૂલી ગયા હતા. તેમને તે સ્મૃતિ થઈ આવી. ફરી ગદ્‌ગદ થઈ ગયા અને મહારાજના ચરણમાં પ્રણિપાત કર્યા : "મહારાજ ! આપ તો સર્વજ્ઞ છો છતાં મારા જેવા અબુધની વાત સાંભળ્યે જ રાખી ?"

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "તમારી આવી ભક્તિભાવભરી વાતો સાંભળવા જ અમે પ્રગટ થયા છીએ. અમારું સર્વજ્ઞપણું દબાવીને તમારી સાથે તમારી રીતે વર્તીએ તો જ તમને આનંદ આવે ને !"

✧

શ્રીહરિ વરતાલ પધાર્યા ને ત્યાં બદરી તળે જ સંતો સાથે ઊતર્યા. બાજુમાં ગંગાજળિયો કૂવો હતો તેમાં સ્નાન કર્યું. પછી ત્યાં જ નિત્યવિધિ કરી. એટલામાં બાપુભાઈ તથા પુરજનો વાજિંત્રો લઈને ત્યાં આવ્યા. સૌ શ્રીહરિનાં ચરણકમળમાં પૃથ્વી ઉપર ઢળી પડ્યા. શ્રીહરિ બદરીની છાયા નીચે બિરાજતા હતા. બાપુભાઈએ તથા ગ્રામજનોએ શ્રીહરિને પ્રાર્થના કરી : "પ્રભુ ! ગામમાં પધારો. સારો મેડીબંધ ઉતારો તૈયાર રાખ્યો છે. સીધા, પાગરણની પણ વ્યવસ્થા કરી છે."

શ્રીહરિ કહે : "અમને તો એમ થાય છે કે આ જ સ્થાનમાં સદા બેસી રહીએ."

પછી શ્રીહરિ બાપુભાઈને મેડે પધાર્યા. સંતો બધા ત્યાં જ રહ્યા. બાપુભાઈના આઠ પુત્રો રણછોડભાઈ, બેચરદાસ, દાજીભાઈ, કાનદાસ,

ભાઈજીભાઈ, રાઈજીભાઈ, વ્રજભાઈ, મૂળજીભાઈ તથા રણછોડભાઈનાં પત્ની રંગબાઈ શ્રીહરિની સેવામાં ગૂંથાઈ ગયાં હતાં. શ્રીહરિએ ત્યાં ઉપદેશની વાતો કરી. કેટલાક ભક્તોને સમાધિ પણ કરાવી. શ્રીહરિની દિવ્ય મૂર્તિનો અદ્‌ભુત પ્રતાપ અને અષ્ટાંગ યોગની સાધના વિના પણ સદ્ય સમાધિની સ્થિતિ કરાવતા જોઈ ત્યાં સૌને શ્રીહરિનો અપાર મહિમા સમજાયો.

રણછોડદાસ રસોઈની વ્યવસ્થામાં હતા. તેમણે પવિત્ર બ્રાહ્મણ બોલાવી તેની પાસે સુંદર રસોઈ કરાવી. મુકુન્દ વર્ણીએ થાળ કર્યો. શ્રીહરિ જમ્યા. પછી સંતોને પોતે પીરસ્યું. પકવાન્નને દૃષ્ટિપ્રસાદી કરી હરિભક્તોમાં તે પિરસાવ્યાં. સૌ તૃપ્ત થઈ ગયા.

શ્રીહરિ પછી તેમના ફળિયામાં ગાડાના માંચડા ઉપર જ ગાદલાં નખાવીને પોઢ્યા. દાજીભાઈ શ્રીહરિની સેવામાં હતા. તેમણે શ્રીહરિનો પ્રતાપ જોયો, ઉપદેશની વાતો સાંભળી, સમાધિમાં ગયેલા ભક્તોની સ્થિતિ પણ જોઈ છતાં તેમને અંતરમાં શ્રીહરિના પુરુષોત્તમ સ્વરૂપની પ્રતીતિ આવી ન હતી. તેમણે સાંભળ્યું હતું કે ભગવાનનાં ચરણારવિંદમાં સોળ ચિહ્‌ન હોય. જો શ્રીહરિના ચરણમાં સોળ ચિહ્‌ન હોય, તો તે પ્રભુ, નહિ તો નહિ. જીવના સંકલ્પોનો કોઈ અંત હોતો નથી. અર્જુનને ભગવાને વિશ્વરૂપ બતાવ્યું. પોતાની અનંત વિભૂતિઓનાં સ્વરૂપો કહ્યાં છતાં તેમના સંશયનો અંત આવ્યો નહિ. તેણે પ્રશ્નો પૂછ્યે જ રાખ્યા. છેવટે શ્રીકૃષ્ણ પરમાત્માની કૃપાથી જ તેના મોહનો અંત આવ્યો. તેમ દાજીભાઈના અનિશ્ચિત મનમાં ઘેરાયેલી શંકાઓએ તેમને શ્રીહરિના સ્વરૂપમાં કાંઈક નવું જોવા પ્રેર્યા, અને શ્રીહરિની પણ તેમના ઉપર કૃપા હતી જ. પોતાનું સ્વરૂપ તેમને ઓળખાવવું હતું તેથી તેમણે તેમના બંને ચરણ પ્રસાર્યા અને તેમાં સોળે ચિહ્‌ન દાજીભાઈને બતાવ્યાં. દાજીભાઈની શંકાનું નિવારણ થયું. શ્રીહરિ સાક્ષાત્ પ્રભુ છે એવો નિશ્ચય તેમને થઈ ગયો.

રાત્રે શ્રીહરિ તેમની મેડીએ પલંગમાં પોઢ્યા. સવારે નિત્યવિધિથી પરવારી જ્ઞાનવાર્તા કરી, વાસણ સુથારના આમંત્રણથી તેને ઘેર પધાર્યા. તેના ઘરની પાછળ દાડમડીના ઝાડ નીચે ઢોલિયા ઢાળી શ્રીહરિને ત્યાં પધરાવ્યા. શ્રીહરિની તેણે ભાવપૂર્વક પૂજા કરી અને પ્રાર્થના કરી કે ''હે મહારાજ ! આપનાં ચરણકમળનું નિત્ય ધ્યાન રહે એવી કૃપા કરો.''

શ્રીહરિ તેની ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. તેને વરદાન આપીને પછી પોતાની સાથે આવેલા સંતોને લઈને શ્રીહરિ પોતાના ઉતારે પધાર્યા.

જોબનને ભગવાનનો ઘોડો ઉપાડવાનું મન થાય છે

શ્રીહરિ ભગવાન છે. બહુ જ પ્રતાપ બતાવે છે – એવી વહેતી થયેલી વાતોથી વડતાલમાં રહેતો જોબન પગી અકળાયો. તેને થયું કે આ ભગવાન પાસે પાણીદાર ઘોડો છે તે જ ઉપાડવો જોઈએ. જોઈએ કેવું ભગવાનપણું દેખાડે છે ?

તે વખતે જોબનનો ત્રાસ સારા ગુજરાતમાં વર્તતો હતો. એમ કહેવાતું કે તે વખતે જોબનનો તીર ચાલતો હતો. તેના ભાઈઓ સુંદર, દલો અને શકરો પણ એવા જ બળિયા હતા. ત્રાસ વર્તાવવામાં પણ મોળા પડે એવા ન હતા. જોબન બધાનું પગેરું પકડતો પણ જોબનનું પગેરું કોઈ પકડી શકતું નહિ. વર્ણી વેશે શ્રીહરિ તેને ઘેર પધાર્યા હતા. તેનું અન્ન જમ્યા હતા. પરંતુ તેની તામસી વૃત્તિથી એ બધું ભુલાઈ ગયું હતું. તેની નજર તો ફક્ત શ્રીહરિના રોઝા ઘોડા ઉપર જ હતી. તેણે સુંદર પગીને બોલાવીને કહ્યું : "આજ રાત્રે આ ભગવાનનો ઘોડો ઉપાડવો છે. એવે ઠેકાણે લઈ જવો કે એની દશ કોઈને જડે નહિ."

સુંદર પગીને જોબનના આ શબ્દો ગમ્યા નહિ. તેણે કહ્યું : "જોબન ! મેં એ ભગવાનનાં છેટેથી દર્શન કર્યાં છે. બહુ જ ચમત્કારી છે. માટે એમની છેડતી કરવી ઠીક નથી."

"અરે, એવા ભગત થઈએ તો પેટ ફોડી નાખવું પડે. આપણો ધંધો પડી ભાંગે. ફરી આવો કાઠિયાવાડી પાણીદાર ઘોડો હાથ ન આવે."

સુંદરે જાણ્યું કે જોબન લીધી લત મૂકે તેવો નથી, તેથી તેણે કશો જવાબ આપ્યો નહિ. અર્ધી રાત્રે જોબન ઊઠ્યો અને બાપુભાઈને ઘેર પહોંચ્યો. ધીરે રહીને તેણે ખડકીનું કમાડ ઠેલ્યું. ફળિયામાં જ સૂતેલા રાઈજીભાઈ અવાજ સાંભળતાં એકદમ જાગી ગયા. પાંગત્યે જ તરવાર હતી તે લઈને એ એકદમ કૂદ્યા. અંધારામાં કોણ છે તે તેને ન ઓળખાયું પણ જોબનને તેમના હાથમાં ચળકતી તલવાર દેખાણી. તે થોડો દૂર ખસી ગયો.

રાઈજીભાઈએ પૂછ્યું : "કોણ છો ?"

આ શબ્દો સાંભળી જોબન હસ્યો. તેણે કહ્યું : "એ તે કાંઈ પૂછવાનું હોય ? કાળી રાતે જોબન સિવાય બીજો કોઈ તમારે ત્યાં હોય ?"

રાઈજીભાઈ ચમક્યા. એ અવાજમાં બીજા પણ જાગી ગયા. રાઈજીભાઈએ જોબનને કહ્યું : "અમારી છેડતી કરો છો પણ તે ભારે પડી જશે."

જોબન આ સાંભળી લુચ્ચું હસ્યો. તેણે કહ્યું : "મોટા ! તમે તો ઘરના

કહેવાવ. તમારી છેડતી કરવી એ અમારો ધરમ નથી પણ તમારે ત્યાં જે ભગવાન આવ્યા છે ને તેનો રોઝો ઘોડો જરૂર પડાવવો છે. આજે તો તમે જાગી ગયા છો પણ એ ગમે ત્યાં હશે ત્યાંથી હું એ ઘોડો લીધા સિવાય છોડવાનો નથી.''

એટલામાં દીવા થયા. જોબન હજુ પણ સ્થિર ઊભો હતો. સૌએ તેને જોયો. તેના મોં ઉપર અણગમતો એક પણ ભાવ કોઈને દેખાયો નહિ. તે શાંત હતો પણ તેના હાવભાવ ઉપર તેણે કરેલા નિર્ણયની દઢતા દેખાતી હતી.

બાપુભાઈ પણ ત્યાં આવી ગયા. તેમણે જોબનને જોયો. તેમનું પાટીદારી ખમીર ઊછળ્યું. છલાંગ મારીને તે જોબનને પકડવા ગયા. જોબન એક ડગલું પણ ન ખસ્યો. તેણે કહ્યું : ''મોટા ! તમે મને ઓળખો છો. આ રીતે તો તમે નહિ ફાવો અને મારે પણ તમારી આમન્યા રાખવી પડે.''

બાપુભાઈએ તેનું માથું જોરથી પકડ્યું, ખૂબ હલાવ્યું અને કહ્યું : ''આવા પાપી જ રહેવું છે કે જન્મારો સુધારવો છે ?''

''જન્મારો તો તમારા ભગવાનનો ઘોડો મળશે ને એટલે સુધરી જ જશે. મોટા ! તમને તો પાયે પડું છું પણ તમારા ભગવાનને કદી હું છોડવાનો નથી.''

શ્રીહરિ આ અવાજથી જાગી ગયા. તેમણે આ શબ્દો સાંભળ્યા અને મેડીની બારી પાસે આવીને કહ્યું : ''બાપુભાઈ ! જોબનને કહેજો કે અમે પણ તેને છોડવાના નથી.''[૧૬]

જોબને આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા અને તે ત્યાંથી નીકળી ગયો.

શ્રીહરિ વડતાલમાં ત્રણ દિવસ રહ્યા અને પછી ત્યાંથી નીકળ્યા. નીકળતી વખતે પણ બદરીવૃક્ષ પાસે આવ્યા. તેની નીચે થોડી વાર બિરાજ્યા અને પછી ત્યાંથી ચાલ્યા. તે વખતે બાપુભાઈએ ફરી પૂછ્યું : ''પ્રભુ ! આ સ્થાન આપને

---

૧૬. ''ગુજરાતના ખેડુ, કોળી, ઠાકરડાઓની એક સૌથી નીચલી કોમ કે જે ચોરી, લૂંટના ગુનાઓ માટે જાણીતી છે. તેની વંશપરંપરામાં ઊતરતાં વેરઝેર, અદાવત એ આ વર્ગની સ્વાભાવિક ખાસિયત છે. માણસ જેવા માણસને ધારિયાની ધારે મારી, ટુકડેટુકડા કરી તેને બેપત્તા બનાવી દેવા, એ તેમને મન રીંગણાં બાફવા બરાબર છે. એ ચોર-ડાકુઓનો રાજા જોબન પગી વડતાલનો હતો. તેને ભગવાન સ્વામિનારાયણે પાપ મેલાવી હાથમાં માળા પકડાવી.''

(શ્રી ઝવેરચંદ મેઘાણી 'જન્મટીપ'ના પરિચય : ભાગ ૩માંથી)

''વડતાલથી ઠેઠ પૂના સુધી જોબન પગીના લૂટારાઓ લૂંટફાટ કરતા, ગામો ભાંગતા અને ધોળે દહાડે દુકાનોમાં આવી લૂંટ કરી જતા.'' (ભક્તરાજ જોબન પગી; પા. ૬, સંપાદક-લેખક : રાજકવિ માવદાન ભીમજીભાઈ રત્નુ. ઈ.સ. ૧૯૭૩)

કેમ આટલું પ્રિય થઈ ગયું ?"

"પૂર્વે આ હિડંબા વન હતું. નારદજીના વચને ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીએ આ બદરી તળે તપ કર્યું હતું. તે તપથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું. લક્ષ્મીએ માગ્યું કે 'આપ મારા પતિ થાઓ. વળી, આ સ્થાન મને બહુ જ પ્રિય છે તેથી આ સ્થાનમાં આપણે સાથે લક્ષ્મીનારાયણ સ્વરૂપે બિરાજીએ એવું સુંદર મંદિર અહીં થાય.'[૧૭] વિષ્ણુએ કહ્યું : 'તથાસ્તુ.' એ વિષ્ણુ ભગવાનના વરદાનથી ભવિષ્યમાં અહીં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે." શ્રીહરિએ આ ભૂમિનો મહિમા કહ્યો અને ભવિષ્યકથન પણ કર્યું. બાપુભાઈ પોતાની ભૂમિનો આવો મહિમા સાંભળી પ્રસન્ન થયા.

શ્રીહરિ ઉમરેઠમાં

શ્રીહરિ વડતાલથી નીકળ્યા. સાથે ચાર ઘોડેસવારો હતા અને ચાર પગવાળા પાર્ષદો હતા. શ્રીહરિ રેશમી પલાણથી સજ્જ કરેલા ઘોડા ઉપર બિરાજમાન થઈને સીધા ઉમરેઠ પધાર્યા. તેમના કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક હતું અને મધ્યે કુંકુમનો ગોળ ચાંદલો હતો. પ્રભાતનો સમય હતો. તે વખતે ત્યાંથી નરભેરામ માણેકજી દવે ઘોડા ઉપર નીકળ્યા. ચોતરા ઉપર બેઠેલી આ વિભૂતિને જોઈ તેઓ બે ઘડી થંભી ગયા. તેમને મનમાં થયું કે અણસાર તો પરિચિત છે પણ કોણ હશે તેનો ખ્યાલ આવતો નથી.

એટલામાં મહારાજે તેમને બોલાવ્યા : "નરભેરામજી દુબે ! ઓરા આવો." પરંતુ નરભેરામ મહારાજની હિંદી બોલીમાં સમજ્યા નહિ. પછી મહારાજે હસતાં હસતાં કહ્યું : "નરભેરામજી ! કૈસા ભય રખતે હો." એમ કહીને તેમણે હાથ વતી ઈશારો કરીને તેમને પાસે બોલાવ્યા. નરભેરામજી ડરતાં ડરતા પાસે આવ્યા. તેઓ પાસે આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યુ : "ક્યું ભૂલ ગયે ? હમ જાગનાથ મહાદેવકી પાસ ચબૂતરે પર બૈઠે થે ઔર તુમ ઔર રૂપરામ ઠાકર હમારી પાસ આયે થે."

આ સાંભળી નરભેરામજીની સ્મૃતિ તેજ થઈ ગઈ. તેમણે તરત જ મહારાજને સાષ્ટાંગ દંડવત્ કર્યા. હાથ જોડીને કહ્યું : "મહારાજ ! ભૂલી જવાયું."

મહારાજ હસવા લાગ્યા. પછી કહ્યું : "આજ તુમ જહાં જાતે હો તહાં તકરાર હૈ, પંચ ભેગા થવાના હૈ. ઈસ વાસ્તે તુમ જાતે હો."

---

૧૭. શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૨૦.

દવેજીએ હાથ જોડી કહ્યું : "હા મહારાજ ! હું મોટા ઊંટખરીએ જઉં છું અને તમારા આશીર્વાદથી તકરારનો નિવેડો આવી જાશે." એમ કહી તેઓ મહારાજને ફરી પગે લાગ્યા.

મહારાજે માથે હાથ મૂક્યો અને કહ્યું : "જાઓ, અચ્છા હો જાએગા."

નરભેરામ ઘોડા ઉપર બેસીને ઊંટખરીએ જવા નીકળ્યા.

પછી મહારાજ ત્યાંથી જાગનાથ મહાદેવમાં આવ્યા. અહીં આવી પોતે ચોતરે બિરાજ્યા અને રૂપરામ ઠાકરને સંદેશો મોકલ્યો. રૂપરામ ઠાકર તરત જ આવ્યા. પરતુ મહારાજ સાથે બડકમદાર ચાર અસવારો અને ચાર પાળાઓને જોઈ બી ગયા. મહારાજે તેમને કહ્યું : "રૂપરામ ! તુમ હમારા ભક્ત હો. બીનો મત."[૧૮] રૂપરામને પણ મહારાજની ઓળખાણ ન પડી. મહારાજે તેમને પણ સ્મૃતિ કરાવી દીધી. રૂપરામને મહારાજનાં દર્શનથી આનંદ થયો.

મહારાજ ત્યાંથી પછી નીકળી ગયા અને સંતમંડળ સાથે જેતલપુર પધાર્યા. અહીં મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતો મળ્યા. જેતલપુરમાં રઘુનાથદાસે હરિભક્તોને ભરમાવ્યા હતા તેથી વાતાવરણ કલુષિત થઈ ગયું હતું. રઘુનાથદાસને પૂરો અભિનિવેશ થયો હતો કે "હું જ રામાનંદ સ્વામીનો સાચો વારસદાર છું. તેમની મારા ઉપર જ કૃપા હતી. મારો મહિમા તેઓ બહુ કહેતા." આવા આવા ભાવથી તેને રામાનંદ સ્વામીના સ્થાને બેસી સત્સંગના અધિષ્ઠાતા બનવાના કોડ જાગ્યા હતા. તેના તે બધા મનસૂબા ભાંગી ગયા તેથી તે છંછેડાયો હતો. રામાનંદ સ્વામીના અહીં જે શિષ્યો હતા તેમને તેણે શ્રીહરિ વિરુદ્ધ ઉશ્કેર્યા અને સત્સંગમાં ઉલ્કાપાત મચાવ્યો.

મુક્તાનંદ સ્વામીને શ્રીહરિએ અહીં મોકલ્યા હતા પરંતુ તેમને આ ઉપાધિ અસહ્ય લાગી. રામાનંદ સ્વામીએ સ્થાપેલ સત્સંગ ચૂંથાઈ જશે એવી ચિંતા તેમને થવા લાગી. અસહાય બનીને શ્રીહરિના આવવાની રાહ જોતા તે બેસી રહ્યા હતા.

---

૧૮. 'શ્રીઉમરેઠમાં હરિલીલા ચિન્તવની'ના આધારે.
(સંપાદક તથા પ્રકાશક : દવે પુરુષોત્તમ દામોદર, સં. ૧૯૭૭, સને ૧૯૨૧)
ઉપરનો પ્રસંગ બીજા કોઈ ગ્રંથમાં મળતો નથી અને આ નાની પુસ્તિકામાં છે તેથી અહીં લીધો છે. આ પુસ્તિકાના લેખક દવે નરભેરામ માણેકજીના વંશજ હોઈ તેમણે પરંપરાગત સાંભળીને લખ્યો લાગે છે. પરંતુ આ પ્રસંગમાં આ પુસ્તિકામાં જે બીજી વિગતો આપી છે, તે સાલવારી પ્રમાણે મળતી નથી. તેથી અહીં એટલો જ પ્રસંગ લીધો છે જેથી ઉમરેઠના સત્સંગનો ઇતિહાસ અકબંધ આવી જાય. — લેખક

શ્રીહરિ ગંગામાને ઘેર ઊતર્યા. ત્યાં તેમણે તૈયાર કરેલો થાળ જમ્યા. મુક્તાનંદ સ્વામીને પ્રસાદી આપી. પછી મુક્તાનંદ સ્વામીને વડતાલની બધી વાત કરી. ત્યાં મુમુક્ષુજનો ઘણા છે, સત્સંગ વધે તેમ છે – એ પ્રમાણે કહીને કહ્યું : "સ્વામી ! તમે અહીંથી વડતાલ જાઓ અને ત્યાં સૌને સત્સંગ કરાવો."

પરંતુ મુક્તાનંદ સ્વામીના મનમાં જેતલપુરની ચિંતા હતી. અહીં હરિભક્તોનાં મન અશાંત થઈ ગયાં હતાં. સત્સંગમાં બે પક્ષ પડી ગયા હતા.

મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "આપની આજ્ઞા છે તેથી હું તો વડતાલ જાઉં છું પણ અહીંના સત્સંગનું શું થશે એ ચિંતા વિશેષ છે. રઘુનાથદાસે ભારે ઉત્પાત મચાવ્યો છે."

શ્રીહરિ શાંતિથી સાંભળી રહ્યા. રામાનંદ સ્વામીએ સ્થાપેલા સત્સંગનું મમત્વ મુક્તાનંદ સ્વામીને હોય તે સ્વાભાવિક છે. સત્સંગમાં જેને આત્મબુદ્ધિ છે તેને આવા વિક્ષેપના પ્રસંગે દુ:ખ પણ થાય. પરંતુ જેણે શ્રીહરિને જ સર્વકર્તા માન્યા છે તે એ ઉપાધિથી અકળાતા નથી.

શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે ચિંતા ન કરો. મોટા મોટા રાવણ, કંસ, શિશુપાલ જેવા ઊખડી ગયા તો આ રઘુનાથદાસનો શો હિસાબ ? આવા પ્રસંગે જ નિષ્ઠાવાનની નિષ્ઠાની અને સત્સંગ પ્રત્યે જેને આત્મબુદ્ધિ છે તેવા દૃઢ ભક્તોની પરીક્ષા થાય છે. બધાયનાં મન શાંત થઈ જશે અને સૌને સાચું સમજાઈ જશે."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રહ્યા. તેમનું મન માન્યું નહિ. તેમણે કહ્યું : "પ્રભુ ! આમાં કેટલાક અત્યંત હઠીલા અને આગ્રહી પણ છે તે ઠેકાણે નહિ આવે."

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! એવાની આપણે જરૂર પણ નથી. શુદ્ધ સત્સંગને તો ખરા ખપવાળાની જ જરૂર છે. જે અવળા પક્ષમાં રહેશે, તે આપોઆપ નષ્ટપ્રાય થઈ જશે."

મુક્તાનંદ સ્વામીને હવે કશું કહેવાનું ન હતું. તેઓ કાંઈક શાંત થયા પછી વડતાલ જવા તૈયાર થયા.

ગોવિંદ સ્વામીને માયા મૂર્તિમાન મળે છે

આ વખતે ગોવિંદ સ્વામી ત્યાં હતા. અયોધ્યામાં હનુમાન ગઢીની વેરાગીઓની જમાતના એ બાવા હતા. ભારતનાં તીર્થોની જાત્રા કરવા ચારસો બાવાની જમાત લઈને તે નીકળ્યા હતા. નાસિક અને ત્ર્યંબક થઈ તે જમાત

પંઢરપુર આવી. અહીં શ્રીહરિ વનવિચરણ દરમ્યાન લગભગ બે માસ રહ્યા હતા. તે પછી તરત જ આ જમાત ત્યાં આવી. શ્રીહરિના વર્ણીસ્વરૂપમાં લોકો ખૂબ આકર્ષાયા હતા. તેમનો વૈરાગ્ય, દેહાતીત સ્થિતિ તેમજ જ્ઞાનોપદેશ અને ચમત્કારોથી પંઢરપુરની ભાવિક પ્રજામાં સારો પ્રભાવ પડ્યો હતો.

આ જમાત અહીં આવી ત્યારે ગોવિંદ સ્વામીએ વર્ણીના પ્રભાવની વાતો સાંભળી. તેમની મુમુક્ષુતા જાગ્રત થઈ. અંતરનાં કમાડ ઊઘડી ગયાં ! તેમણે વિચાર્યું કે આ વર્ણીનો જો યોગ થઈ જાય, તો જીવન સુધરી જાય. એ જ વિચારની દઢતામાં તેઓ એક રાત્રે સૌને સૂતા મૂકીને ત્યાંથી ચાલી નીકળ્યા. પરંતુ તેમના વૈરાગ્યની, મુમુક્ષુતાની, ખરા ખપની પરીક્ષા મહારાજને કરવી હતી.

સિદ્ધિઓ ખરા ખપવાળાને આડી આવે. ભગવાન સિદ્ધિઓને પ્રેરે. જો સિદ્ધિઓમાં લોભાય, તો તે ભક્ત નહિ. જો તેને ઠોકરે મારીને આગળ વધે, તો ખરો ખપવાળો ! ગોવિંદ સ્વામીની પણ મહારાજે પરીક્ષા કરી. રાજરાણીના મહાલયમાં વસતી દેવાંગના જેવી સ્ત્રી તેમને રસ્તામાં મળી. તેનું દેહસૌષ્ઠવ અને ગૌર મુખ જોઈ સહેજે જોગી પણ ચળી જાય. ગોવિંદ સ્વામી પણ તેને જોઈ ઊભા રહી ગયા. તે સ્ત્રી પણ ગોવિંદ સ્વામીનું સ્વરૂપ જોઈ મોહ પામી ગઈ. યુવાન અવસ્થા, ત્યાગના નિયમોના પાલનથી શરીરની સુદઢતા અને ભગવાન પ્રત્યેના ભક્તિભાવથી મુખ ઉપરની ચમકતી રેખાઓથી આ સ્ત્રીને ગોવિંદ સ્વામી વરવા જેવા લાગ્યા. તેણે તેમને કહ્યું : "બાવાજી ! આટલી ઉતાવળથી ચાલતા હતા તે કેમ થંભી ગયા ?"

ગોવિંદ સ્વામી મૌન રહ્યા. તેમણે વિચાર્યું કે સ્ત્રી સાથે ઝાઝો વિવાદ ન કરવો. તેમનું મૌન જોઈ તે સ્ત્રી હસી. તેણે કહ્યું : "બાવાજી ! તમારો વાંક નથી. મોટા મોટા ઋષિમુનિઓ પણ તપભંગ થઈ ગયા છે. માટે તમારે તપ કરવું હોય, જોગ સાધવો હોય તો ગૃહસ્થાશ્રમ કરી, વાસના ટાળીને જાઓ. કન્યા શોધવા જવું પડે તેમ નથી. ભગવાને સામે જ મોકલી છે. વળી, મારાં શરીર ઉપર અલંકારો પણ એટલા છે જેથી તમારો ને મારો સંસાર સુખેથી ચાલશે."

હજુ ગોવિંદ સ્વામી મૌન હતા. તેમણે જાણ્યું કે આ ખરેખર માયા જ આવી છે. જીવને ભગવાન ભજવા છે પણ માયા તેને વળગી છે તે ભગવાન ભજવા દે તેવી નથી. ભક્તિમાર્ગમાં અંતરાય કરે તે જ માયા ! પરંતુ તેમને થયું કે હવે આ લપમાંથી છૂટવું શી રીતે ? થોડી વાર વિચારી તેમણે કહ્યું : "હું તમને ઓળખતો નથી, પણ મને લાગે છે કે ભગવાને જ તમને મોકલ્યાં છે.

ગૃહસ્થાશ્રમ કરી કચાશ કાઢીને પછી જ ત્યાગ ગ્રહણ કરવો જોઈએ."

સ્ત્રી આ સાંભળી આનંદમાં આવી ગઈ. તરત જ ગોવિંદ સ્વામીનો હાથ પકડવા પાસે આવી. પરંતુ ગોવિંદ સ્વામી સહેજ ખસી ગયા. તેમણે કહ્યું : "ચાલો, આપણે સામે ઝાડ નીચે જઈએ. તમે ત્યાં બેસો. મારાં વસ્ત્રો, તુંબીપાત્ર બધું સંભાળો. ત્યાં હું શૌચ કરીને આવી જઉં છું."

બંને સાથે ચાલ્યાં. ગોવિંદ સ્વામીએ વસ્ત્રો ઉતાર્યાં. તુંબીપાત્ર ત્યાં મૂક્યું અને એક વસ્ત્ર પહેરી તુંબડી લઈને ત્યાંથી ચાલ્યા. મનમાં નિરાંત થઈ કે લપ વળગી હતી તે ઠીક કાઢી. ગોવિંદ સ્વામી ગયા સિદ્ધિને ઠોકર મારીને. ભગવાન ભજવાનો તેમનો ખપ સાચો હતો.

પછી દ્વારિકાની યાત્રા કરી, જીવનમુક્તાનું નામ સાંભળી લોજ આવ્યા. અહીં રામાનંદ સ્વામીનો પ્રતાપ જોયો. તેમની પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. રામાનંદ સ્વામીએ તેમનું નામ ગોવિંદ સ્વામી પાડ્યું.

પછી તેઓ જેતલપુરમાં જ સ્થિર થયા. શ્રીહરિ જેતલપુર પધાર્યા ત્યારે તેમને તેમનાં ત્યાં દર્શન થયાં અને તેમની અદ્‌ભુત પ્રતિભા જોઈ તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું ત્યાં સુધી તેઓ જેતલપુરમાં ભાવિક ભક્તોમાં ભગવાન તરીકે પૂજાયા અને મનાયા હતા.[૧૯]

---

૧૯. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત 'શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ'; પા. ૪૯-૫૦
(સંપાદક, સંશોધક, પ્રકાશક : શાસ્ત્રી હરજીવનદાસ, વડતાલ)
આ ગ્રંથમાં ઉપરોક્ત સંકલન સમયની દૃષ્ટિએ બંધબેસતું લાગતું નથી. શ્રીહરિ વનવિચરણ દરમ્યાન પંઢરપુર પધાર્યા. ત્યાંથી નીકળી લગભગ એક જ વર્ષમાં લોજ આવી ગયા. ત્યારે રામાનંદ સ્વામી કચ્છમાં હતા. ગોવિંદ સ્વામી દ્વારિકાની જાત્રા કરતાં કરતાં લોજમાં આવ્યા હોય તેમાં લગભગ પાંચ-છ માસ થઈ ગયા હોય. રામાનંદ સ્વામી તે સમયે ત્યાં હશે કે કચ્છમાં હશે અગર ત્યાં હોય અને દીક્ષા આપીને તેમને ત્યાં જ રાખ્યા હોય તો તો શ્રીહરિનો મેળાપ તેમને લોજમાં થવો જોઈએ. રામાનંદ સ્વામી સાથે કચ્છમાં ગયા હોય તો શ્રીહરિનો મેળાપ પીપલાણામાં થવો જોઈએ અથવા દીક્ષા આપીને જેતલપુર મોકલ્યા હોય તો જ્યારે શ્રીહરિને મહાદીક્ષા આપી અથવા પટ્ટાભિષેક કર્યો કે રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો ત્યારે તેઓ શ્રીહરિને મળ્યા હોય.
વળી, શ્રીહરિલીલામૃત (કળશ ૫, વિશ્રામ ૧૯, પંક્તિ ૨૪)માં પણ એવો ઉલ્લેખ છે કે ગોવિંદ સ્વામી શ્રીહરિ સાથે જ બોચાસણમાં હતા. એટલે જેતલપુરમાં પ્રથમવાર મળ્યા એ ઉલ્લેખ યોગ્ય લાગતો નથી. — લેખક



ઉદ્‌ગીથ ૫

રઘુનાથદાસ વિમુખ થાય છે

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૪)

જેતલપુરમાં રઘુનાથદાસે કરેલી ઉપાધિનું પ્રશમન

શ્રીહરિએ વિચાર્યું કે રઘુનાથદાસના શબ્દોથી જેની વિપરીત મતિ થઈ છે તે કેવળ જ્ઞાનોપદેશથી ઠેકાણે આવશે નહિ. જે રજોગુણ અને તમોગુણના વેગમાં હોય તેને જ્ઞાનના શબ્દોની ચોટ લાગતી નથી. ઇન્દ્ર કોપ્યો અને શ્રીકૃષ્ણે ગોવર્ધન તોળ્યો; ભીષ્મ કોપ્યા અને શ્રીકૃષ્ણે રથનું ચક્ર ઉપાડ્યું; જ્યારે શ્રીહરિ તો નિર્ધાર કરીને જ પ્રગટ થયા હતા કે અસુરોને ડામવા શસ્ત્ર ધારણ કરવાં નથી. મુમુક્ષુઓને બુદ્ધિથી સમજાવવા, અજ્ઞાની અને જડ મનુષ્યોને ઐશ્વર્યથી અને કેવળ આસુરી બુદ્ધિવાળાનો અન્ય દ્વારા ધ્વંસ કરાવવો; પરંતુ અધર્મ તો રહેવા દેવો જ નથી. ભાગવતધર્મનું સંપૂર્ણ પ્રસ્થાપન કરવું છે અને શુદ્ધ ગુરુપરંપરા દ્વારા તેને સદાય જીવંત રાખવો છે. આવા રઘુનાથદાસ તો ભવિષ્યમાં હજુ ઘણા પ્રગટ થશે અને તેને માત કરવા માટે પોતાની અમોઘ શક્તિ પણ સદા પ્રગટ જ રહેશે.

શ્રીહરિના પ્રભાવથી સૌ દબાયા. શ્રીહરિના શબ્દોમાં તેમને રામાનંદ સ્વામીની વાણી સંભળાણી. એ વાણીમાં શ્રીહરિનો મહિમા હતો, રઘુનાથદાસના દંભ પ્રત્યેનો પ્રકોપ હતો. સૌ સાંભળતા હતા રામાનંદ સ્વામીને, પરંતુ બોલતા હતા શ્રીહરિ ! શ્રીહરિની વાણી સ્થંભી અને સૌ નત મસ્તકે ઊભા રહ્યા. શ્રીહરિ સામું જોયું અને સમાધિઅવસ્થાના દિવ્ય સુખમાં સૌ લીન થઈ ગયા ! શ્રીહરિના સંકલ્પમાત્રથી જ જ્યાં બ્રહ્માંડોમાં ઊથલપાથલ થઈ જતી હોય છે ત્યારે આ બીચારા અજ્ઞાન માનવીઓનું શ્રીહરિ પાસે શું ગજું ! ઉપાધિની પરાકાષ્ઠા એવી હતી કે ભલભલાને શિથિલ બનાવી દે. પરંતુ શ્રીહરિની સંકલ્પશક્તિ એવી હતી કે ઉપાધિને તૃણવત્ બનાવી દે !

જેતલપુરમાં હરિભક્તોનાં ઉદ્વિગ્ન થયેલાં મનને શાંત કરી શ્રીહરિ અમદાવાદ પધાર્યા.[૨૦] જેતલપુરમાં રઘુનાથદાસનો દ્વેષ હતો, અહીં રઘુનાથદાસ મૂર્તિમાન હતો.

શ્રીહરિ પાંચકૂવા પાસે એક જગ્યામાં ઊતર્યા. રામદાસ સ્વામી તો અગાઉથી જ અહીં હતા. સદ્‌ભાવવાળા હરિભક્તો પણ શ્રીહરિ પધાર્યા છે તે સાંભળી તરત જ શ્રીહરિનાં દર્શને આવ્યા. તેમણે સીધાં-સામગ્રીની વ્યવસ્થા કરી દીધી. મુકુન્દ વર્ણીએ શ્રીહરિ માટે રસોઈ બનાવી. રામદાસ સ્વામીએ અન્ય સંતો તથા હરિભક્તો માટે રસોઈ તૈયાર કરાવી. શ્રીહરિ જમ્યા પછી પોતે સૌને પીરસીને જમાડ્યા.

રામદાસ સ્વામીએ રઘુનાથદાસે અમદાવાદમાં આદરેલી ઉપાધિનું વર્ણન કર્યું. શ્રીહરિ રૂપાની સળી વતી દાંત ખોતરતાં ખોતરતાં રામદાસ સ્વામીની વાત સાંભળી રહ્યા હતા : "ગાદીનો હું જ વારસ છું. મને જ રામાનંદ સ્વામીએ જ્ઞાન આપ્યું છે, મને જ વારે વારે બોલાવતા, મને જ દરેક વાતમાં પૂછતા એટલે ખરો વારસદાર તો હું જ છું. આ સહજાનંદે તો એમને ભમાવ્યા એટલે એમને ગાદી સોંપી દીધી."

રામદાસ સ્વામી જે બન્યું હતું, જે સાંભળ્યું હતું તે બધું કહેતા હતા. શ્રીહરિએ તેમની વાત સાંભળી કહ્યું : "સ્વામી ! ભગવાનની જેમ મરજી હશે તેમ થશે. આપણે તો તેનું ભૂંડું ન થાય એ જોવાનું છે."

શ્રીહરિના આ શબ્દો સાંભળી રામદાસ સ્વામી વિચારમાં પડી ગયા. આટલો દ્રોહ કરે છે, અનેકને તેમના વિરુદ્ધ ભરમાવે છે છતાં શ્રીહરિ કહે છે કે તેનું ભૂંડું ન થાય એ જોવાનું છે. પ્રભુ વિના આવી દયાનો ભાવ કોનામાં હોય ?

---

૨૦. ભગવાન સ્વામિનારાયણ પહેલવહેલા સંવત ૧૮૫૯ના મહા સુદિ પાંચમે અમદાવાદ પધાર્યા હતા એવો ઉલ્લેખ પણ મળી આવે છે. ત્યારે અમદાવાદના ગાયકવાડી સૂબા રઘુનાથ મહિપત જે કાકાસાહેબના નામથી ઓળખાતા હતા, તેમના તરફથી તેમના ભત્રીજા મલ્લુબા અને ચીમનરાવજી મારફત શ્રીસ્વામિનારાયણનું સ્વાગત-સામૈયું થયેલું. તેમણે રઘુનાથદાસના વિરોધનો સામનો કરેલો અને શ્રીસ્વામિનારાયણને ટેકો આપેલો.

(શ્રીસ્વામિનારાયણ; વર્ષ ૯, અંક ૭-૮ : જેતલપુર યજ્ઞ મહોત્સવ વિશેષાંક, ૧૫૦, વર્ષ જુલાઈ-ઑગસ્ટ ૧૯૭૬, પાન. ૨૧ : જેતલપુરનો ઇતિહાસ. લેખક : મહંત શાસ્ત્રી, નરનારાયણદાસજી, વેદાંતાચાર્ય, જેતલપુર)

મનુષ્યદેહની પ્રાપ્તિ થવી તે દુર્લભ છે. તેમાં પણ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણનો મનુષ્યરૂપે સાક્ષાત્ યોગ થવો અને તેમની ઓળખાણ થવી તે પણ દુર્લભ છે. આવો મનુષ્યદેહ પામી પોતે માનેલી મોટાઈ સાચવવા કે પોતે બુદ્ધિની કલ્પનાએ કરેલા નિર્ણયો દૃઢતાપૂર્વક પકડી રાખવા જે કોઈ આવી દિવ્ય વિભૂતિનો દ્રોહ કરે છે તે મનુષ્યદેહ એળે ગુમાવી બેસે છે. છતાં ભગવાન તો દયાના સાગર છે. એવા ક્ષુદ્ર જીવનો વિરોધ કે વિક્ષેપ તેમના કાર્યમાં વિઘ્ન કરી શકતો નથી. તેથી તેમને તો હંમેશાં એ જ વિચાર રહેતો હોય છે કે ક્યારેય પણ એવા જીવ આ સત્સંગમાંથી વિમુખ ન થાય, પોતાનો મોક્ષ ન બગાડે, તેથી તેઓ પોતાની ભ્રૂકુટિને કદી તંગ કરતા નથી.

શ્રીકૃષ્ણે શિશુપાળની ગાળો સહન કરી, પોતાનાં માતા-પિતાને કંસે આપેલ અપાર કષ્ટ ને દુઃખ પણ સહન કર્યાં, યાદવોની ઉપેક્ષાવૃત્તિ અને ઉપાલંભ પણ સહન કર્યાં. શ્રીહરિના જીવનમાં પણ કષ્ટ અને સાધુ-બાવાઓ થકી અપમાન અને દ્રોહ જ જોવા મળે છે. તેથી જ અવતારી પુરુષના જીવનની કેવળ દિવ્ય લીલાનું જ ગાન કરવાનું હોતું નથી; તેમણે સહન કરેલાં કષ્ટ, અપમાન, દ્રોહ તે પણ ગાવાના હોય છે. તેમણે એવે એવે પ્રસંગે દાખવેલ અસમર્થપણું તેનું પણ ગાન કરવાનું હોય છે. કારણ એવા પ્રસંગોનું ગાન કરવાથી ભક્તનું ખમીર દૃઢ બને છે. અપમાન, નિંદા, દ્રોહ કે દુઃખના વિષમ પ્રસંગોમાં તેની દૃઢતા કદી ઓસરતી નથી અને સત્સંગના દિવ્ય પથથી કદી વિચલિત થવાતું નથી. મનુષ્યસ્વરૂપે પ્રગટેલા પૂર્ણ પુરુષોત્તમની સહજ એવી માનુષી લીલા પણ સહેતુક અને દિવ્ય જ હોય છે.

રામદાસને તથા અન્ય સંતો અને ભક્તોને શાંતિ પમાડી શ્રીહરિએ શ્રીનગરમાં પોતાનું કાર્ય શરૂ કર્યું. શ્રીનગરની તેમની આ પ્રથમ જ મુલાકાત હતી. રામાનંદ સ્વામીએ સ્થાપેલા સત્સંગની અહીં તો હજી એક આછી જ શરૂઆત હતી. તેમાં રઘુનાથદાસ સાથે ઘર્ષણના પ્રસંગોથી તે સત્સંગને ધક્કો લાગ્યો હતો. શ્રીહરિએ તેથી અખંડ ભગવત્‌વાર્તાનો પ્રવાહ ચાલુ રાખ્યો. હરિભક્તો આવતા તેમનાં મન શ્રીહરિની દિવ્યવાણી સાંભળી શાંત થતાં. કોઈકને સમાધિ પણ થતી, શ્રીહરિનાં જુદાં જુદાં સ્વરૂપે દર્શન થતાં. શ્રીહરિનાં ઐશ્વર્ય-પ્રતાપનાં સૌને દર્શન થયાં. તેમની વાણીમાં રઘુનાથદાસ પ્રત્યેના અભાવનો કોઈ ભાવ ન હતો. ઘર્ષણની તેઓ કદી વાત કરતા નહિ. તેમના સાધુ રામદાસ, મુક્તાનંદ, વ્યાપકાનંદ, સ્વરૂપાનંદ, પ્રભવાનંદ વગેરે જે જે ત્યાં

આવ્યા હતા તેમની સાધુતા તેમણે નિહાળી હતી. આથી સૌના અંતરમાં રઘુનાથદાસ પ્રત્યેનો ભાવ ઓછો થઈ ગયો. રઘુનાથદાસને પણ લાગ્યું કે તેને ત્યાં ભક્તો આવતા ઓછા થઈ ગયા છે. પરંતુ આમાં શ્રીહરિનો પ્રભાવ જોવાને બદલે તેને શ્રીહરિ પ્રત્યે ઊલટો દ્વેષ વધ્યો..

શ્રીહરિ રઘુનાથદાસને સમજાવે છે

આથી છંછેડાઈને તે તેના શિષ્યો સાથે શ્રીહરિ પાસે આવ્યો. શ્રીહરિએ તેને પ્રેમથી બોલાવ્યો, સન્માન કર્યું, ગાદી પાથરી આપી. પણ તેના ક્રોધના વેગમાં, આ પ્રેમમાં તેને સદ્‌ભાવની ગંધ ન આવી. છંછેડાયેલા વાઘની જેમ તે ગાદી ઉપર વીર આસને ગોઠણ ઉપર હાથ ટેકવી બેઠો. શ્રીહરિએ તેના કુશળ પૂછ્યા પણ તેણે તેનું મૌન તોડ્યું નહિ. છતાં શ્રીહરિએ તો તેનો ક્રોધ ઓસરે, બે શબ્દો તેના અંતરમાં ઊતરે તે માટે તેને કહ્યું : "રઘુનાથદાસ ! તમે રામાનંદ સ્વામીના જૂના શિષ્ય છો. તેમની સાથે રહીને સત્સંગનું કાર્ય તમે કર્યું છે. તેમની આજ્ઞા અત્યાર સુધી પાળતા આવ્યા છો માટે સત્સંગના જ હિત સારુ આ બધો વિરોધ હવે મૂકી દ્યો."

શ્રીહરિની આટલી વાત સાંભળ્યા છતાં રઘુનાથદાસ કાંઈ બોલ્યો નહિ.

તેથી શ્રીહરિએ ફરી કહ્યું : "અત્યારે જેમ મુક્તાનંદ સ્વામી સત્સંગમાં ફરે છે, સૌ તેમનો આદર કરે છે, તેમ તમે પણ ફરો. રામાનંદ સ્વામીએ સ્થાપેલ સત્સંગની પ્રતિષ્ઠા વધારો." આટલું કહીને શ્રીહરિએ તેની સામું જોયું પણ તેના ઉપર શ્રીહરિના આ શબ્દોની અસર થતી હોય તેવું લાગ્યું નહિ. શ્રીહરિને તો તેનું શ્રેય કરવું હતું. કોઈ રીતે પણ તે જો સમજી જાય, દ્રોહ કરતો આળસે તો તેનું કલ્યાણ થાય. તેથી તેમણે ફરી કહ્યું : "રઘુનાથદાસ ! વાતમાં કાંઈક સમજો. મહંતાઈ જોઈતી હોય તો આ અમદાવાદની મહંતાઈ તમને આપીએ. પણ આમ, ગુરુની આજ્ઞાવિરુદ્ધ જશો અને સત્સંગમાં આડા પડશો તો તેમાં તમારું શ્રેય નથી. તમારા હિતની વાત છે એટલે તમને કહીએ છીએ."

રઘુનાથદાસ છંછેડાયેલો તો હતો જ. તે કાંઈ આવા હિતના શબ્દો સાંભળવા આવ્યો ન હતો. તેને તો શ્રીહરિને ઠપકો આપવો હતો, બે આકરા શબ્દો તેમને કહેવા હતા. તેથી તે એ જ ઉશ્કેરાટમાં બોલ્યો : "તમે કેવા જ્ઞાની છો, સમજુ છો તે હું જાણું છું. ગાદી લેવા માટે ગુરુને ભરમાવ્યા. ત્યાગીની રીત મેલી ગૃહસ્થની રીત લીધી. પ્રભુ થઈને પૂજાવા માંડ્યા અને સામો મને ઉપદેશ

ધો છો ? તમારી ઉંમરનો, અનુભવનો, વિદ્યાનો કાંઈ વિચાર તો કરો. તમારું શ્રેય ઇચ્છતા હો તો મારી આજ્ઞામાં રહો.''

શ્રીહરિ આ વાત સાંભળી રહ્યા. તે જાણતા હતા કે રામદાસ સ્વામી તથા બીજા સંતોને રઘુનાથદાસનું મોં જોવું પણ પસંદ નથી. તેમાં તેના આવા શબ્દોથી તેઓ ઉશ્કેરાશે. તેથી તેમણે કહ્યું : ''રઘુનાથદાસ ! તમે ઊંધે રસ્તે ચડી ગયા છો. તમારો અંતે હું વિનાશ દેખું છું.'' શ્રીહરિએ આટલું કહ્યું.

એટલામાં બહાર કાંઈ કોલાહલ થતો સંભળાયો. શ્રીહરિ એકદમ ઊઠ્યા. સંતોને તેમણે કહ્યું : ''આપણે સૌ ઊઠો. આની સાથે બેસવામાં આપણું શ્રેય નથી.'' એમ કહી તેઓ બીજે દરવાજેથી બહાર નીકળી ગયા.

કોલાહલ વધ્યો. હાથમાં ચીપિયા, ધોકા, ગેડી, ત્રિશૂળ, ભાલા અને તલવાર લઈને બાવાઓનું ટોળું ત્યાં જમા થઈ ગયું. રઘુનાથદાસ તથા તેના શિષ્યો તો ત્યાં બેસી જ રહ્યા. શ્રીહરિ ઉપરનો તેનો ક્રોધ શમ્યો ન હતો. તે જડતામાં તે ત્યાંથી ખસ્યો જ નહિ.

બાવાઓ આવ્યા હતા જીવનમુક્તાને મારવા. જીવનમુક્તાએ તેમનો પથ તોડી નાખ્યો હતો, આજીવિકા બંધ કરી દીધી હતી. જીવનમુક્તાએ સાધુઓના ધર્મ લોકોને સમજાવ્યા હતા. સાધુઓએ સ્ત્રીઓનો, ધનનો ત્યાગ રાખવો જોઈએ; મન, વાણી અને કાયાથી અહિંસા ધર્મ આચરવો જોઈએ; જગતમાં રાગ ટાળી ભગવાનમાં પ્રીતિ કરવી જોઈએ; આત્મનિષ્ઠા દૃઢ કરી માન, અપમાન, સુખ, દુઃખ સહન કરવાં જોઈએ. દેહનો અનાદર કેળવી જેમ તેમ, જેવું તેવું ચલાવી લેતા શીખવું જોઈએ. રસાસ્વાદનો ત્યાગ કરવો જોઈએ. આ બધું અત્યાર સુધી લોકો જાણતા ન હતા. જીવનમુક્તાએ આ બધું તેવા સાધુ બનાવી લોકોને સમજાવી દીધું હતું. તેથી તેમને બીક હતી કે લોકો તેમને હવે માનશે નહિ; તેમને પાકાં સીધાં મળશે નહિ; રામકીને તેમની સાથે જોઈ લોકોને તેમના પ્રત્યે જુગુપ્સા જાગશે; અફીણ, ગાંજો અને ચરસના કેફથી લોકો તેમને ગંજેરી કહેશે. આવાં આવાં અનેક અનિષ્ટો આ જીવનમુક્તાએ તેમની જમાત માટે ઊભાં કર્યાં હતાં. તેમને તેનો રોષ હતો. જીવનમુક્તાને, તેના પંથને, તેના સાધુઓને ખતમ કરી નાખવા તેઓ કટિબદ્ધ થઈ ગયા હતા.

રઘુનાથદાસ હજુ ગાદી ઉપર જ બેઠો હતો. તેના શિષ્યો અંદર અંદર ધીમેથી વાતો કરતા હતા. એવામાં આ ટોળું ત્યાં ધસી આવ્યું. રઘુનાથદાસ કાંઈ પણ સમજી શકે તે પહેલાં તો તેને ગાદી ઉપર બેઠેલો જોઈ, તેને જ જીવનમુક્તા

સમજી આ બાવાઓ તેના ઉપર તૂટી પડ્યા. ધોકા, ચીપિયા અને ગેડીઓથી રઘુનાથદાસ અને તેના ચેલા ઉપર તેમણે હલ્લો કર્યો. અચાનક આ આક્રમણ થવાથી રઘુનાથદાસ અને તેના શિષ્યો મૂંઝાયા. સામનો કરવાનું કોઈ સાધન તેમની પાસે ન હતું, તેમ એવો સમય પણ ન રહ્યો. ગેડી, ધોકા અને લાકડીઓના મારથી રઘુનાથદાસ અને તેના શિષ્યો ધરતી પર ઢળી પડ્યા. વીસેક લંગોટાઓના જૂથે રઘુનાથદાસ અને તેના પાંચ-સાત શિષ્યોને મરણતોલ કરી દીધા. થોડી વારમાં ઘણું બની ગયું. શ્રીહરિએ તો રઘુનાથદાસને સમજાવી સન્માર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો પરતુ રઘુનાથદાસના અવળા સ્વભાવે તેમા આડ કરી. શ્રીહરિની કર્તાપણાની શક્તિએ રઘુનાથદાસને દંડ દીધો. અધર્મ સર્ગના ઉત્થાનનું કાર્ય શ્રીહરિ આ રીતે અન્ય દ્વારા કરાવી રહ્યા હતા.[૨૧]

બીજે દિવસે રામદાસ સ્વામીએ શ્રીહરિને કહ્યું "મહારાજ ! રઘુનાથદાસને તમે ગમે તેટલો સમજાવશો તો પણ તે સમજશે નહિ. તેનું અભિમાન તેના અંતરને કદી કુમળું નહિ કરી શકે. તે સત્સંગમાં જેટલો વધુ રહેશે, તેટલો સત્સંગમાં વધુ બગાડ કરશે. માટે તેને તો હવે વિમુખ કરી સત્સંગમાંથી કાઢી જ મૂકો."

શ્રીહરિને રામદાસ સ્વામીની વાત વાજબી લાગી. જો કે ધૂંધવાયેલા કાષ્ઠ જેવાં આવાં સ્વરૂપો, પોતાની મહત્તાના ભારમાં દબાયેલાં, જ્યારે એ મહત્તાનો ધ્વંસ થાય છે, ત્યારે કદી ટકી શકતાં નથી. છતાં જેટલો સમય પણ તેવાં સ્વરૂપો સત્સંગમાં હોય તે સમયમાં અન્ય ભોળા મુમુક્ષુજનોને પણ તેઓ ભરમાવે છે અને કલ્યાણના પથથી ચ્યુત કરી નાખે છે. તેથી બહુજનના કલ્યાણને માટે શ્રીહરિને આજે આ નિર્ણય લેવાનો જ હતો. તેમને મૌન બેઠેલા જોઈ રામદાસે ફરી કહ્યું : "મહારાજ ! વિચાર કરવાનો હવે કાંઈ સમય રહ્યો નથી. ખડિયો ને કલમ લાવું છું. લખો કાગળ અને મારો મહોરછાપ. આજ તો કાટો કાઢવો જ રહ્યો."

શ્રીહરિ રઘુનાથદાસને વિમુખ કરે છે

રામદાસ સ્વામી તથા અન્ય સંતો રઘુનાથદાસને વિમુખ કરવા કૃતનિશ્ચયી થયા હતા. તે હવે વાર્યા વળે તેમ નહોતા. મહારાજને પણ હવે તેમને વારવા ન હતા. તેમને લાગ્યું કે જે સત્સંગમાં રહીને સત્સંગની કોઈ મર્યાદા પાળતા નથી,

૨૧. શ્રીહરિલીલામૃત; કળશ ૫, વિશ્રામ ૨૦.

પોતાના આશ્રમધર્મની અવગણના કરે છે, ગાદી-તકિયાના લાલચુ બની રહે છે, ખોટા અભિનિવેશથી પોતાની જ મહત્તાનાં વરવાં ગાન કર્યા જ કરે છે, એવા કદાચ સત્સંગમાં રહેશે તો સત્સંગને પણ સ્થૂળ ભાવને પમાડી દેશે. ભાગવત-ધર્મના પ્રસ્થાપનના વિરોધી બની રહેશે અને ખુદ સત્સંગ સમાજમાં ભ્રષ્ટાચાર પ્રવર્તાવશે. આ પરિસ્થિતિ અટકાવવી જ રહી. હવે તો ભાગવતધર્મધારી પરમહંસોની સમાજને ભેટ આપી, તેમના દ્વારા શુદ્ધ સત્સંગ શું છે તે જગતને જણાવવું. સત્સંગમાં શુદ્ધીકરણ કર્યે જ જવું, જેથી જ્યાં શુદ્ધ સત્સંગ હશે, ત્યાં જ મુમુક્ષુઓનાં મન સ્થિર થશે. તેમનાં ઇન્દ્રિયો, અંતઃકરણની ધારા ત્યાં જ કુંઠિત થશે અને ત્યાં જ પ્રભુપ્રાપ્તિની સાધના માટે પડાવ નાખશે.

શ્રીહરિની વિચારધારા અસ્ખલિત પ્રવાહમાં ચાલતી હતી. તેને રામદાસ સ્વામીએ તોડી : "મહારાજ ! હજુ શું વિચારી રહ્યા છો ?"

"હા, સત્સંગમાં શુદ્ધિ લાવવા માટે વિચાર તો કરવો જ રહ્યો. પણ હવે લખો કાગળ."

શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રામદાસ સ્વામીએ સમગ્ર સત્સંગમાં કાગળો લખ્યા : "રઘુનાથદાસને વિમુખ કર્યો છે માટે તેનો કોઈએ સંગ કરવો નહિ અને જે તેનો સંગ કરશે, તે ભ્રષ્ટ થઈને અંતે વિમુખ થઈ જશે."

કાગળો ઉપર મહોરછાપો મારી અને દેશો-દેશ કાગળો મોકલાવ્યા. રઘુનાથદાસ વિમુખ જાહેર થયો ! પહેલાં હરબાઈ અને વાલબાઈ નીકળ્યાં. તેઓ ધર્મભ્રષ્ટ નહોતાં પણ શ્રીહરિએ સ્ત્રી-પુરુષની મર્યાદાનો જે નિયમ આપ્યો તેની તેમણે ઉપેક્ષા કરી હતી. ધર્મમાં રહેલા છિદ્રને તેમણે અવગણ્યું હતું અને શ્રીહરિના કાર્યમાં બાધા નાખી હતી. શુદ્ધ સંપ્રદાયમાં તે ટકી શક્યાં નહિ અને વિમુખ થયાં ! રઘુનાથદાસને રામાનંદ સ્વામીની ગાદી લેવાનો મોહ હતો. મોટેરા બની મનાવાના અને પૂજાવાના કોડ જાગ્યા હતા. અભિનિવેશમાં તે ઉદ્ધત બન્યો. તે ઉદ્ધતાઈના મદમાં તે પણ વિમુખ થયો !

બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ એવા આ સત્સંગમાં કોઈ વિકારી તત્ત્વો ટકી શકતા જ નથી. ભવિષ્યના સત્સંગને દૃષ્ટાંતરૂપ બને તે માટે શ્રીહરિએ આ કાર્ય કર્યું અને સૂચવ્યું કે કોઈ સ્ત્રી-પુરુષની મર્યાદા તોડશો નહિ અને મોટેરા બની પૂજાવા-મનાવાના કોડ સેવશો નહિ. શ્રીહરિના આ સિદ્ધાંત અનુસાર આવાં તત્ત્વો જ્યાં જ્યાં દેખાય તેમને વગર કર્યાં વિમુખ જ સમજવાં !

✧

શ્રીહરિને હવે કચ્છ તરફ જવું હતું. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી ત્યાંના હરિભક્તોને પોતાનાં દર્શન થયાં ન હતાં. છતાં વિશ્વાસુ હતા તેથી શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરી તેઓ તેમના ભજનમાં રત રહેતા હતા. શ્રીહરિને આ વિશ્વાસુ ભક્તોને પોતાના સ્વરૂપનું સુખ આપવું હતું. તત્ત્વે સહિત પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવો હતો. તેથી શ્રીહરિ શ્રીનગરથી નીકળ્યા.

શ્રીહરિ મછિયાવ પધાર્યા અને આંહીં ફૈબાના દરબારમાં ઊતર્યા. એક દિવસ રોકાઈને શ્રીહરિ ત્યાંથી નીકળી મેથાણ પધાર્યા. અહીં અજા પટેલ તથા કાકાભાઈ, પૂજાભાઈ વગેરે ભક્તોને દર્શન દઈ ત્યાંથી નીકળી હળવદ પધાર્યા. અહીં નારાયણ જોષીને ત્યાં થાળ જમ્યા. .

ત્યાંથી નીકળી શ્રીહરિ હાલારમાં શેખપાટ ગામે પધાર્યા. અહીં લાલજી સુથારને ઘેર રહ્યા. બીજે દિવસે તેમને તેડીને ત્યાંથી ભાદરા પધાર્યા.

ભાદરામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૬૦

અહીં શ્રીહરિએ વસંતપંચમીનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું તેથી અલૈયા, મોડા તથા શેખપાટ અને આજુબાજુનાં ગામોના ઘણા હરિભક્તો આવ્યા. મૂળજી ભક્ત તથા તેમના ભાઈ સુંદરજી, ડોસા ભક્ત, રત્ના ભક્ત, વશરામ સુથાર અને નાઈ નાથ ભક્ત વગેરે ભક્તો સમૈયામાં આવેલા હરિભક્તોની તથા શ્રીહરિની સેવામાં મંડી પડ્યા.

વસંતપંચમીના દિવસે સવારે કુંભનું પૂજન કર્યું, વસંતોત્સવ કર્યો. બપોરે સૌ સંત-હરિભક્તોને જમાડ્યા. સાંજે શ્રીહરિએ સંતો-હરિભક્તોની સભા કરી. સભા મધ્યે સુંદર સિંહાસન ગોઠવ્યું તેમાં શ્રીહરિ બિરાજમાન થયા. સ્ત્રીઓ મર્યાદા અનુસાર બેઠી. શ્રીહરિએ સભાને સંબોધતાં કહ્યું : "ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ છે. તે મુજબ આચરણ કરવાથી એ ત્રણેની સિદ્ધિ થાય છે. પરંતુ તેથી ત્રણ ગુણ - સત્ત્વ, રજ અને તમ - તેના ભાવથી પર થવાતું નથી માટે ગુણથી પર થવું તે મોટો પુરુષાર્થ છે અને તે જ મોક્ષ ! તે પુરુષાર્થ તો પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને તેમની ભક્તિથી જ સિદ્ધ થાય છે. મોક્ષની એ અંતિમ દશા છે. અમારા સ્વરૂપની ભક્તિ અમારા પરમ એકાંતિક સંતના પ્રસંગથી જ ઉદય થાય છે. માટે એવા સંતનો સમાગમ કરી મોક્ષ સાધી લેવો. પરંતુ જો ગાફલાઈ રહી અને અસુરોનો સંગ થઈ ગયો, તો જ્ઞાન અને ભક્તિના જે સંસ્કારો પડ્યા હશે, તે પણ નાશ પામી જશે."

શ્રીહરિની આ વાત સાંભળી મૂળજી ભક્તે બે હાથ જોડી પૂછ્યું : "હે મહારાજ ! અસુર કયા લક્ષણે ઓળખાય ?"

શ્રીહરિએ તેમનો પ્રશ્ન સાંભળી તેમના પ્રત્યે દૃષ્ટિ કરી. અનાદિ અજ્ઞાનનો નાશ કરવા શ્રીહરિના આદેશથી તેમની સાથે જ પ્રગટ થયેલા અનાદિ અક્ષરબ્રહ્મના મૂર્ત સ્વરૂપ મૂળજી ભક્તનો આ પ્રશ્ન મુમુક્ષુઓને, અસુરોને ઓળખાવવા માટે જ હતો. મોક્ષમાર્ગમા અસુરોનો સંગ એ મહાવિઘ્નરૂપ છે. દાનવોનાં પૌરાણિક સ્વરૂપોની કલ્પના કરતા મુમુક્ષુઓને આ લોકના અસુરોની ઓળખાણ થાય જ નહિ.

શ્રીહરિએ હાસ્ય કરતાં કહ્યું : "તમારો પ્રશ્ન યથાર્થ છે. મનુષ્યસ્વરૂપમાં જેમ ભગવાન કે તેમના પરમ એકાંતિક સંત ઓળખવા કઠણ છે તેમજ મનુષ્યસ્વરૂપમાં વિચરતા અસુરો પણ ઓળખવા કઠણ છે. પરંતુ બેઠક, ઊઠક, વાણી કે વિચાર વિનિમયથી અસુરો ઓળખાય છે. ભગવાન કે ભગવાનના ભક્તના ચરિત્રમાં, માહાત્મ્યમાં દોષ દેખવો અને અન્યને દેખાડવો, આ અસુરનાં લક્ષણ છે. આવા જે હોય, પછી તે સાધુના સ્વાંગમાં હોય કે ભક્ત બની તિલક, કંઠી કે માળા ધારણ કરતા હોય, પરંતુ તે અસુર જ છે. વળી, જે જીવહિંસા કરતા હોય, સુરાપાન અને માંસભક્ષણ કરતા હોય, પરદારાનો સંગ કરતા હોય, રસાસ્વાદમા લોલુપતા રાખતા હોય અને વર્ણાશ્રમના ધર્મનો લોપ કરતા હોય તેવાઓને પણ અસુર જાણવા."[૨૨]

શ્રીહરિના આ શબ્દો સ્પષ્ટ હતા. સત્સંગમાં આવા સ્વાંગધારીઓને ઉઘાડા પાડવા માટે દર્પણરૂપ હતા. એમનો સંગ એ ધીમા ઝેર સમાન જ ગણાય. હરબાઈ તથા વાલબાઈ અને રઘુનાથદાસ મૂળ તો રામાનંદ સ્વામીનાં ભક્ત હતાં. પરંતુ અંદરનું આસુરી બીજ પ્રસંગ આવ્યો ત્યારે કોળ્યું અને તેમનું સ્વરૂપ ખુલ્લું થયું.

ઊંડવતી નદીમાં શ્રીહરિની લીલા

શ્રીહરિ વશરામ સુથારને ત્યાં ઊતર્યા. પછી મહારાજ બધા સખાઓને લઈને નદીએ નાહવા પધાર્યા. ઊંડ નદીમાં પાણી બે કાંઠે ભરપૂર હતું. મહારાજ ભરપૂર નદી જોઈ પ્રસન્ન થયા. પછી સખાઓને કહ્યું : "તૈયાર થાઓ. આજે તો જળક્રીડા કરવી છે." એમ કહીને મહારાજ નદીના કાંઠા ઉપર આવેલા વડ ઉપર ચડ્યા અને ત્યાંથી નદીમાં ધૂબકો માર્યો. સખા પણ સૌ નદીમાં નાહવા

૨૨. સત્સંગિજીવન; પ્રકરણ ૨, અધ્યાય ૧૭.

પડ્યા. મહારાજે સ્નાન કરતાં કરતાં ડોસાભાઈને કહ્યું : "ડોસાભાઈ ! આ જગ્યાએ તો બડા તીર્થ થાશે ને આ વડ તથા નદી અમારે જોગે કરીને બહુ પવિત્ર થયેલ છે માટે આગળ જતાં અહીં ઘાટ બંધાશે."[૨૩]

એટલું કહી મહારાજે લાલજી સુથારને કહ્યું : "લાલજી ! એક નાવ બનાવી લાવો તો નદીના પાણીમાં વિહાર કરીએ."

લાલજી આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! એમ કાંઈ નાવ બનતી હશે ? લાકડાં જોઈએ, હથિયારો જોઈએ, ખીલા જોઈએ. આ બધી સામગ્રી તૈયાર હોય અને બે-ચાર સુથાર તૈયાર કરે તો પણ નાવ બનતાં ત્રણ-ચાર દિવસ તો લાગે."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "એવું કઠણ કામ હોય તો એક ચલાખો લાવો."

વળી, લાલજી સુથાર ચમક્યા. તેમણે કહ્યું : "ચલાખાનું શું કામ છે ?"

શ્રીહરિએ કહ્યું : "નદીના પ્રવાહમાં મૂકશું અને આપણે બધા તે ઉપર બેસી વિહાર કરીશું."

"અરે મહારાજ ! લૂગડાનો એક જાડો કટકો નદીમાં મૂકવો અને તેની ઉપર આપણે બેસીએ, આ તે કેવી વાત થાય છે ?"

મહારાજને પણ આજે ગમ્મત કરવી હતી. તેમણે કહ્યું : "આજે જોયા જેવી વાત થાય છે. તમે ચલાખો લાવો તો ખરા."

વિશ્વાસુ ભક્ત લાલજી સુથાર નદીમાંથી નીકળી વડ નીચે મૂકેલા પોતાના ખલતામાંથી ગજીનો એક લાંબો-પહોળો કટકો લાવ્યા અને મહારાજને આપ્યો. મહારાજે તે નદીના વહેણ ઉપર બિછાવ્યો અને સૌ સખાને કહ્યું : "હવે આ ચલાખા ઉપર સૌ બેસી જાઓ." એમ કહી પ્રથમ પોતે જ તે ઉપર બિરાજ્યા. સૌ સખાઓ જોઈ રહ્યા. પછી લાલજી સુથાર બેઠા, વશરામભાઈ બેઠા, મૂળજી ભક્ત બેઠા અને શ્રીહરિએ નાવ ચલાવ્યું.

નદીના પાણીમાં આ રીતે વિહાર કરી શ્રીહરિ કિનારે આવ્યા. સૌ ચલાખા પરથી ઊતરી ગયા એટલે શ્રીહરિએ લાલજી સુથારને કહ્યું : "હવે તમારો લૂગડાનો કટકો લઈ લ્યો, નહિ તો તણાઈ જાશે."

પછી વસ્ત્ર બદલીને વડની નીચે સૌ બેઠા. શ્રીહરિએ ડોસાભાઈ,

---

૨૩. અત્યારે નદીકિનારે સુંદર ઘાટ બંધાઈ ગયો છે અને ભાદરા મહાતીર્થધામ બની ગયું છે.

વશરામભાઈ તથા દેવાભાઈને સંસ્કૃત શ્લોક તથા કીર્તનો બોલતાં શિખવાડ્યું. પછી વશરામભાઈના વાઢે પધાર્યા.

વશરામભાઈ વાઢમાંથી લોભવૃત્તિથી પાતળા પાતળા શેરડીના સાંઠા લાવ્યા. તે જોઈ શ્રીહરિએ તેમને પૂછ્યું : "વશરામભાઈ ! તમારા વાઢ બરાબર થયા નથી કે શું ?"

ત્યારે તેમને પોતાની ભૂલ સમજાણી. તેમણે કહ્યું : "મહારાજ ! વાઢ તો બરાબર થયો છે." પછી જાડા જાડા સાંઠા લાવ્યા.

તે જોઈ મહારાજ રાજી થયા અને કહ્યું : "વશરામભાઈ ! તમે જાણતા હશો કે તમે પાણી પાઈને શેરડી મોટી કરી છે."

તે સાંભળી વશરામભાઈ શ્રીહરિના ચરણમાં પડી ગયા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! એ તો તમારી કૃપાથી જ આવો વાઢ થયો છે. અમારું શું ગજું ?"

મહારાજે સૌને સારી રીતે શેરડી જમાડી. પછી પોતે ઉતારે પધાર્યા.

તે સાંજે મહારાજ વશરામભાઈને ઘેર ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. ત્યારે વશરામભાઈએ ખેતરમાંથી આવીને મહારાજને કહ્યું : "મહારાજ ! ખેતરેથી આવતાં રસ્તામાં રાફડા ઉપર કીડીઓનું કીડિયારું જોયું.[૨૪] તે જોઈને મને મનમાં સંકલ્પ થયો કે 'આવા અસંખ્ય જીવોનો શી રીતે મોક્ષ થાય ?' ત્યાં તો હજારો વિમાન મેં જોયાં અને કીડીઓ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં ગઈ. આવું ઐશ્વર્ય મેં જોયું."

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : "વશરામભાઈ ! એમાં કાંઈ નવાઈ નથી. અમારે કરોડો જીવનાં કલ્યાણ કરવાં છે એવો સંકલ્પ કરીને જ અમે અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. અક્ષર અને પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપનો આ પ્રતાપ છે. તમારા આ ગામમાં અમારું અક્ષરધામ આ મૂળજી ભક્તરૂપે પ્રગટ થયા છે તેથી તમે જેટલા સંકલ્પ કરશો તે બધા અમે પૂરા કરીશું. આજે તો તમે કીડીઓ માટે આવો સંકલ્પ કર્યો, પરંતુ જો આખા બ્રહ્માંડના જીવો માટે એવો સકલ્પ કર્યો હોત, તો પણ અક્ષરપુરુષોત્તમનાં પ્રગટ સ્વરૂપોની ઉપાસનાના બળના પ્રતાપે આખા બ્રહ્માંડના જીવોનો પણ મોક્ષ થઈ જાત."

સર્વે હરિભક્તો આ વાત સાંભળી ઘણું આશ્ચર્ય પામ્યા.

---

૨૪. આ જગ્યાએ હાલ આરસનો ઓટો કર્યો છે અને તે ઉપર મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

ઉદ્‌ગીથ ૬



કચ્છનો સત્સંગ

(આ.સં. ૧૮૬૦, ઈ.સ. ૧૮૦૪)

શ્રીહરિ સાથે કચ્છના ભોમિયા લાલજી સુથાર

શ્રીહરિ ભાદરામાં છ દિવસ રોકાયા. ત્યાંથી શેખપાટ પધાર્યા. શેખપાટના ભક્તો પણ શ્રીહરિ સાથે જ હતા. શેખપાટ આવ્યા પછી શ્રીહરિએ લાલજી સુથારને કહ્યું : ‘‘અમારે કચ્છમાં જવા વિચાર છે. પરંતુ વચ્ચે વિકટ રણ આવે છે. એટલે એકલા જવું મુશ્કેલ છે, પણ તમારા જેવો જો કોઈ ભોમિયો મળી જાય, તો કચ્છ જવાનું સુગમ બને.’’

લાલજી સુથાર બુદ્ધિશાળી હતા. તેમણે વિચાર કર્યો કે શ્રીહરિને મારા જેવો ભોમિયો જોઈએ છે. અત્યારે એવો ભોમિયો શોધવા જાઉં તો અવસર ચૂકી જાઉં. વળી, શ્રીહરિની ઇચ્છા પણ મને જ સાથે લઈ જવાની જણાય છે. તેમણે એ પ્રમાણે વિચાર કરીને શ્રીહરિને હસતાં હસતાં કહ્યું : ‘‘પ્રભુ ! મારા જેવો ભોમિયો અત્યારે તો હું જ છું એટલે આપની સાથે હું જ આવીશ.’’

શ્રીહરિ લાલજી ભક્તની સમો સાચવવાની ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. તેમને તો લાલજી સુથારને જ ભેળા લઈ જવા હતા. પરંતુ તેમની ભક્તિની, તીવ્ર બુદ્ધિની અને અનુવૃત્તિ સાચવવાની સમજની પરીક્ષા કરવી હતી.

રામાનંદ સ્વામીએ જ્યારે તેમને પ્રથમ લોજમાં જઈ વર્ણીનાં દર્શન કરવા જવા આજ્ઞા કરી હતી ત્યારે તેમને એ આજ્ઞાનું મહત્ત્વ સમજાયું ન હતું. પીપલાણામાં જ્યારે ફરી મળ્યા અને રામાનંદ સ્વામીએ તેમની ઓળખાણ વર્ણીને કરાવી, ત્યારે વર્ણીએ કહ્યું હતું કે એ તો અમારા જ છે અને ગ્રંથો રચી અમારા મહિમાનું ગાન કરશે. જેતપુરમાં શ્રીહરિનો પટ્ટાભિષેક કર્યો ત્યારે પણ લાલજી સુથાર આવ્યા હતા અને શ્રીહરિને પોતે તૈયાર કરેલો સુંદર કારીગરીવાળો કલાત્મક પટારો ભેટ આપ્યો હતો. તેમના પિતા રામભાઈને ગુરુ

રામાનંદ સ્વામીએ કહ્યું હતું કે "તમારે ત્યાં એક સમર્થ ભગવત્‌ભક્ત મુક્તપુરુષ અવતાર લેશે અને ઘણાં મહાકાર્યો કરી સદ્‌ઉપદેશામૃતથી ઘણા મુમુક્ષુઓને અભય કરી મોટી કીર્તિ પ્રાપ્ત કરશે."

આ વચન તેમના જીવનમાં શ્રીહરિ પ્રત્યે વિકસતી નિષ્ઠાના આધારે સાર્થક થતાં દેખાતાં હતાં.

તેમના પિતા રામભાઈ પ્રથમ હાલારમાં લતીપુર ગામે રહેતા હતા. પરંતુ ત્યાં દ્વેષીઓની ઉપાધિના કારણે રામાનંદ સ્વામીના વચને પોતાના તે વતનનો ત્યાગ કરી તેઓ શેખપાટ આવી વસ્યા હતા. અહીં રામાનંદ સ્વામીએ આપેલા આશીર્વાદના ફળરૂપે આ.સં. ૧૮૨૨માં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો અને તેનું નામ લાલજી પાડ્યું. માતા અમૃતબાને રામાનંદ સ્વામીનાં વચનની સ્મૃતિ થઈ આવી. તેમને ત્યાં આવા મુક્તપુરુષે જન્મ લીધો તેથી માતા-પિતા કૃતાર્થ થઈ ગયાં. બાલ્યકાળથી જ સ્વધર્મપરાયણ અને સંસાર પ્રત્યેની અનાસક્તિથી માતા-પિતાને લાલજી પ્રત્યે વિશેષ ભાવ થતો ગયો. જગત પ્રત્યે અનાસક્ત ભાવથી રહેતા લાલજીનાં બાલજીવનથી માતા-પિતાને પણ પ્રેરણા મળતી અને તેઓ પણ ધીરે ધીરે સંસારનાં બંધનથી મુક્ત થવા માટે જ્ઞાન, વૈરાગ્ય, શમ, દમ આદિ ગુણો કેળવવા લાગ્યાં.

લાલજી સુથાર પોતાના પિતાના ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા લોજ ગયા. ગુરુદર્શન થતા જ અતરમા રહેલા વૈરાગ્યના સુષુપ્ત સંસ્કારો જાગ્રત થઈ ગયા અને લાલજી સુથારે રામાનંદ સ્વામીના ચરણમાં પડી કહ્યું : "સ્વામી ! મારે સંસારનાં બંધન ખપતાં નથી. ભાગવતી દીક્ષા લઈ આપની સેવામાં રહેવું છે."

ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પરમહંસદશામાં વર્તતા લાલજી સુથારની મુક્ત સ્થિતિ રામાનંદ સ્વામીની નજરમાં હતી. તેમણે તેમને ધીરજ આપતાં કહ્યું : "લાલજી ! હમણાં સમય પાક્યો નથી માટે તમે ઘેર જાઓ અને આ આશ્રમમાં જ રહો. જ્યારે સમય પરિપક્વ થશે, ત્યારે અમે તમને બોલાવી લઈશું."

આ શબ્દો સાંભળી લાલજી ભક્તનું હૈયું ભાંગી ગયું. પરંતુ ગુરુની આજ્ઞા હતી, પોતાના શ્રેયની ગુરુને કાળજી હતી, તેઓ તે જાણતા હતા. પોતાના વૈરાગ્યમાં કાંઈક કચાશ હશે કે પછી ત્યાગની સ્થિતિમાં કાંઈક વિઘ્ન આવવાનું હશે તે તેઓ સમજી શક્યા નહિ. પણ ગુરુનાં વચનમાં તેમને વિશ્વાસ હતો. પોતાના શ્રેય માટે જ આ આજ્ઞા હતી તેવું સમજી લાલજી ભક્ત અનિચ્છા છતાં પણ ઘેર પાછા ગયા.

રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા. પોતાનો સમય હજુ પાક્યો ન હતો તે ચિંતાથી વ્યગ્ર રહેતા લાલજીને વર્ણીના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થવા લાગી. વર્ણીને પણ લાલજીની છેલ્લી કસોટી કરી તેમને હવે પોતાના પરમહંસ મંડળમાં ભેળવવા ઇચ્છા હતી. તેથી તેમણે લાલજી સુથારને કચ્છ જવામાં ભોમિયા તરીકે પોતાની સાથે લઈ લીધા.

કચ્છની વાટની વિકટતાથી લાલજી ભક્ત અજાણ્યા ન હતા. તેથી તેમણે રસ્તામાં પોતાના ઇષ્ટદેવને જમાડવા માટે ભાથું સાથે લઈ લીધું. એક બતકમાં પાણી પણ ભરી લીધું અને વિશેષ જરૂર પડે તો ખર્ચા માટે દસ-બાર કોરી પણ લીધી. આ બધું તૈયાર કરીને તેઓ શ્રીહરિ પાસે આવ્યા. તેમને જોઈ શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું : "લાલજીભાઈ ! આ ભાર ભેગો કેમ લીધો ?"

લાલજીએ કહ્યું : "પ્રભુ ! એ તો અન્ન-પાણીની જોગવાઈ કરી છે. રસ્તામાં જરૂર પડે ત્યારે સૂકા રણમાં ક્યાં ગોતવા જવું ?"

તેમની વાત સાંભળી શ્રીહરિ મર્માળું હસ્યા. લાલજી ભક્તના આ ભાવમાં શ્રીહરિ પ્રત્યે ભક્તિ હતી, છતાં વિશ્વંભરનું પોષણ કરવાના વિચારમાં શ્રીહરિના મહિમા અને કર્તાપણાનો અભાવ પણ હતો. શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા કે મહિમા કેવળ ઉપદેશથી દૃઢ થતા નથી. શ્રીહરિ પોતે જ એવા પ્રસંગો ઊભા કરે, અનુભવ કરાવે કે પોતે કૃપા કરે ત્યારે અંતસ્તલને આશરીને રહેલું અનુભવજ્ઞાન ઉદય થાય છે. ત્યારે જ શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે અને યથાર્થ મહિમા પણ સમજાય છે.

શ્રીહરિ લાલજી ભક્ત સાથે શેખપાટથી નીકળ્યા અને ભીલા ગામે પહોંચ્યા. રાત પડી ગઈ હતી એટલે લાલજી સુથારે કહ્યું : "પ્રભુ ! આપણે અહીં જ રાત રહીએ અને સવારે ચાલીશું."

બીજે દિવસે સવારે પ્રાતર્વિધિથી પરવારી શ્રીહરિ અને લાલજી ભક્ત ત્યાંથી નીકળ્યા. થોડુંક ચાલ્યા ત્યાં માર્ગમાં એક ભિક્ષુક મળ્યો. તેણે શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! ભૂખ્યો છું. જો કાંઈ અન્ન નહિ મળે, તો પ્રાણ નીકળી જશે."

શ્રીહરિએ લાલજી ભક્ત સામું જોયું. પરંતુ લાલજી ભક્ત તો બીજી જ દિશામાં જોવા લાગ્યા. શ્રીહરિ તેમનો ભાવ સમજી ગયા. તેમણે લાલજી ભક્તને કહ્યું : "ભક્તરાજ ! અન્નાર્થીને અન્ન આપવું એ આપણો ધર્મ છે. અન્ન વિના આના પ્રાણ જવાની તૈયારી છે. માટે આપણી પાસે જે ભાથું છે તે બધું તેને આપી દો."

લાલજીને શ્રીહરિની આ આજ્ઞા ભારે લાગી. તેણે તરત જ કહ્યું : "પણ પછી આપ ભૂખ્યા થશો ત્યારે હું આપને શું આપીશ ?"

આ સાંભળી શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "જુઓ લાલજી ભક્ત, આ બીચારો અત્યંત ભૂખ્યો થયો છે અને પ્રાણ જવાની તૈયારીમાં છે. એટલામાં ભગવાને તેને આપણો ભેટો કરાવી દીધો. આપણી એવી સ્થિતિ થશે તો ભગવાન આપણી રક્ષા નહિ કરે ?"

લાલજી ભક્ત પાસે આનો ઉત્તર ન હતો.

"પદાર્થોના પરિગ્રહને આશરે રહેવા કરતાં અપરિગ્રહવ્રત રાખી કેવળ પરમાત્માને જ આશરે રહેવું તેમાં જ ભક્તિનું સાચું બળ છે, પરમાત્માની સર્વકર્તાશક્તિની પિછાણ છે." શ્રીહરિએ કહ્યું.

લાલજી સુથારને આ શબ્દોથી જ્ઞાન થયું, તેમણે તમામ અન્ન ભિક્ષુકને આપી દીધું. આમ, શ્રીહરિએ એક ઉપાધિનો ત્યાગ કરાવ્યો.

ત્યાંથી આગળ ચાલ્યા. લાલજી શ્રીહરિની પરમ ઉદારતા, કરુણા, અપરિગ્રહવ્રત વગેરે ગુણોનો વિચાર કરતા નીચું મસ્તક રાખી આગળ ચાલ્યે જતા હતા. પાછળ શ્રીહરિ પણ એટલી જ ઉતાવળથી ચાલતા હતા. એકાએક લાલજી સાથે કોઈ અથડાયું. તેણે ઊંચું જોયું અને તેના હોશકોશ ઊડી ગયા ! માથે બોકાની બાંધેલા, મૂછના બંને છેડાને વળ દઈને અણીદાર બનાવી લોકોને ડારતા, હાથમાં બંદૂકધારી લૂંટારાને જોઈ લાલજીનાં ગાત્ર ગળી ગયાં. તેને થયું કે બીજું તો કોઈ જોખમ નથી પણ શ્રીહરિ માટે વખત પડે દસ-બાર કોરી સાચવી રાખી છે તે જો આના હાથમાં આવી જશે તો ભૂંડી થશે. લૂંટારાએ તેનાં લૂગડાં જોયાં, તેના વરવા વેશથી તેમને લાગ્યું કે આની પાસે કાંઈ લાગતું નથી.

શ્રીહરિ દૂર ઊભા રહી આ તમાશો જોઈ રહ્યા હતા. લૂંટારા શ્રીહરિ પાસે તો ન આવ્યા પણ લાલજી ભક્તની ઝડતી બરાબર લીધી. કાંઈ ન મળ્યું એટલે નિરાશ થઈ ચાલવા લાગ્યા. એટલામાં શ્રીહરિએ તેમને સાદ પાડ્યો : "એ ભાઈઓ ! આમ, ઓરા આવો, ઓરા."

શ્રીહરિનો સાદ સાંભળી લૂંટારા શ્રીહરિ પાસે આવ્યા. લાલજી ભક્તને ફફડાટ થવા લાગ્યો. તેમને થયું કે માંડ લપ ગઈ હતી ત્યાં વળી આમને કેમ પાછા બોલાવ્યા ?

શ્રીહરિએ તે લૂંટારાને કહ્યું : "ભાઈઓ ! કેટલાં વરસથી તમે આ ધંધો કરો છો ?"

લૂંટારા તો કાંઈ બોલ્યા નહિ. પછી શ્રીહરિએ તેમને કહ્યું : "જુઓ, તમે તમારા ધંધામાં પાવરધા નથી. આ ભગત પાસેથી તમને કાંઈ ન મળ્યું ?"

આ સાંભળી લાલજી ભક્તને ધ્રુજારી છૂટી ! તેને થયું કે રખે શ્રીહરિ આમને કોરિયું અપાવી દેશે. તે થોડા દૂર ખસવા લાગ્યા.

શ્રીહરિએ લૂંટારાને કહ્યું : "આવી જોખમી વાટે ડાહ્યો માણસ હોય તે પોતાનું જોખમ લૂંગડામાં રાખે જ નહિ. આ ભગત છે. તેની પાસે કોરિયું છે તે ગોતી કાઢો."

લાલજી ભક્તને આ સાંભળી ફાળ પડી. તેને લાગ્યું કે હવે પૂરા લૂંટાવાના. લૂંટારા ફરી તેમની પાસે આવ્યા. તેમનો ફેંટો, કેડિયું, સૂથણું બધું જ ફરી જોયું. તે જોઈ શ્રીહરિ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "એ કોરિયું તમને નહિ જડે. તમારા ધંધામાં તમે પાકા નથી. એ ભગતની મોજડી તપાસો."

અને લાલજી કૂદ્યા. પણ લૂંટારાએ તેમને પકડ્યા. તેમની મોજડી કાઢી તો કોરી મળી ગઈ ! તે લઈને તેમણે શ્રીહરિને સજ્જન જાણી નમસ્કાર કર્યા અને પછી પોતાની વાટે પડ્યા.

લૂંટારા ગયા પછી લાલજી ભક્તે શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! આપ આટલા બધા ઉદાર થઈ ગયા ! ભિક્ષુકને ખાવાનું અપાવી દીધું, ચોરોને કોરીઓ અપાવી દીધી અને આપણે માટે કાંઈ ન રહેવા દીધું !"

આ સાંભળી શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "લાલજી ભક્ત ! તમારે માથે વિઘ્ન આવવાનું હતું. હવે પાસે કાંઈ રહ્યું નથી એટલે ચિંતા પણ ન રહી અને વિઘ્ન પણ ટળી ગયું !"

લાલજી ભક્તને આ વાત સમજાણી નહિ છતાં શ્રીહરિની ઇચ્છાને આધીન થવું જ રહ્યું. શ્રીહરિ એ પ્રમાણે એ માર્ગે થોડા દિવસ ચાલ્યા અને ગામ માળિયા પધાર્યા. ત્યાં વિશ્રામ કરી ત્યાંથી આગળ ચાલ્યા. લાલજી સુથારે હવે ફક્ત પાણીની બતક જ રહી હતી તેમાં મીઠું પાણી ભરી લીધું. હવે જ રણની ખરી વાટ આવતી હતી અને કોઈ ઠેકાણે મીઠું પાણી મળે તેમ ન હતું.

શ્રીહરિ અને લાલજી આગળ ચાલવા લાગ્યા. ઉજ્જડ વેરાન રણમાં કોઈ જગ્યાએ મીઠી છાંયડી ન મળે કે ન મળે કોઈ છાપરું કે આરામનું સ્થળ. વંટોળિયો શરૂ થાય ત્યારે રણની રેતીના થાંભલા બની જતા. આંખ, કાન, નાક ને માથામાં, શરીરનાં લૂગડાંમાં રેતી ભરાઈ જતી અને સામે પગલે ચાલવાની માનવીની તાકાત ન રહેતી. ઠેકાણે ઠેકાણે મરેલા ઊંટનાં હાડપિંજર અને મરેલા

માનવીની ખોપરીઓ, હાડકાંઓ પડેલ હતાં. બાવળિયાના કાંટાની શૂળો પવનના સુસવાટાથી આખે રસ્તે પડેલી હતી. રેતીમાં ઢંકાયેલી આ શૂળો શ્રીહરિના પગમાં પેસી જતી ત્યારે શ્રીહરિ તે કાઢવા ઊભા રહેતા. લાલજી આ જોઈ રહેતા. તેમના અંતરમાં કંપારી છૂટતી. પૂર્ણ પુરુષોત્તમનારાયણ આજે મુમુક્ષુ જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા, તેમનો ભવરોગ ટાળવા, જન્મ-મરણના ચકરાવામાંથી તેમને છોડાવવા માટે કેટલું સહન કરી રહ્યા છે !

તેમણે શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! મારી આ મોજડી પહેરો.''

''લાલજી ! આ બાવળની શૂળો જગતના પંચવિષયની શૂળો જેવી છે. જેમ જગતની શૂળો હૃદયની આરપાર પેસી જાય છે, તેમ આ શૂળો મોજડીના આવરણને ભેદીને આરપાર નીકળી જાય એવી છે.'' શ્રીહરિએ લાલજીને સમજાવ્યું.

એટલામાં સામેથી એક પુરુષ આવતો તેમણે જોયો. શ્રીહરિની પાસે તે આવ્યો ત્યારે તેણે શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આટલામાં ક્યાંય પાણી મળશે ? બહુ જ તૃષા લાગી છે.''

શ્રીહરિએ તરત જ સાથે ચાલતા લાલજી ભક્તને કહ્યું : ''લાલજી ભક્ત ! આમને પાણી આપો.''

લાલજી ભક્તે હવે નિર્ધાર કરી રાખ્યો હતો કે શ્રીહરિની લીલાનાં કેવળ દર્શન જ કરવાં પણ તેમનાં વચનમાં કોઈ શંકા કરવી નહિ. શંકા કરવાથી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા શિથિલ થાય અને આજ્ઞા ન પાળવાથી ભક્તિમાં વિઘ્ન આવે. તેમણે પાણીની બતક કાઢી અને તે પુરુષને પાણી પાવા લાગ્યા. બે હાથનો ખોબો કરીને પાણી પીતા એ મહાપુરુષ બતકમાંનું બધું પાણી પી ગયા. પાણી પીને તે મહાપુરુષ તો તરત ચાલવા લાગ્યા.

લાલજી ભક્તે પણ બતકમાં રહેલાં પાણીનાં થોડાં ટીપાંને છંટકારી બતક તદ્દન સાફ કરી દીધી. થોડી વારે તો રણની તપેલી રેતી ઉપરથી ધોમ ધખતા સૂરજનારાયણની ગરમીએ બતકને કોરીકટ કરી દીધી અને તે જ વખતે લાલજી ભક્તનું ગળું પણ સુકાવા લાગ્યું. છતાં તે થોડુંક તો આગળ ચાલ્યા પણ પછી તો ગળામાં શોષ પડવા લાગ્યો. મોઢું પણ સુકાઈ ગયું. તેણે શ્રીહરિને કહ્યું : ''પ્રભુ ! હવે પાણી વગર મારા પ્રાણ જાય તેમ છે. આ રણમાં તો હજુ પાંચ ગાઉ સુધી કોઈ ઠેકાણે મીઠી વીરડી આવે તેમ નથી.''

શ્રીહરિ લાલજી ભક્તના આ શબ્દો સાંભળી તેમની પાસે આવ્યા.

પોતાના જ દૃઢ આશ્રયના ભરોસે આ ભક્તરાજે અન્ન, પાણી બધું જ આપી દીધું હતું. કોરી પણ લૂંટાવી દીધી હતી. હવે તેને ફક્ત મારો જ આધાર રહ્યો છે. અન્ય આધારની ઉપાધિઓ ટળી ગઈ છે. તેમણે ધીરે રહીને કહ્યું : "લાલજી ! અહીં જરા હાથે કરીને ખોદો, વીરડા જેવું કરો. પાણી નીકળશે."

શ્રીહરિના આ શબ્દો સાંભળી લાલજીએ નિઃશ્વાસ નાખ્યો. તેણે કહ્યું : "પ્રભુ ! આ વાટે હું ઘણું ફર્યો છું. અહીં કોઈ ઠેકાણે મીઠું પાણી નીકળતું જ નથી. બધે ખારુંદવ પાણી નીકળે છે." એટલું કહેતાં તેનો કંઠ અતિશય સુકાવા લાગ્યો. શરીર પણ સંકોચાવા લાગ્યું.

શ્રીહરિએ તેમના શરીર ઉપર હાથ ફેરવ્યો. પછી કહ્યું : "લાલજી ! જુઓ અહીં ભીની ભોં દેખાય છે. ચાલો આપણે બંને વીરડો ગાળીએ." એમ કહીને શ્રીહરિ પોતે નીચા નમ્યા.

શ્રીહરિના સ્પર્શથી લાલજી ભક્તમાં તેજી આવી હતી. તેથી તે તરત નીચે બેસી ગયા અને રેતી થોડી આઘીપાછી કરી ત્યાં પાણી નીકળ્યું. હાથ ધોઈને તેણે પહેલાં પાણી ચાખી જોયું. ખારા રણમાં મીઠી વીરડી નીકળી ! લાલજીને આશ્ચર્ય થયું. તેણે બતકમાં કપડા વતે ગાળીને જળ ભર્યું અને શ્રીહરિને આપ્યું. શ્રીહરિએ થોડું જળ પીધું અને તે પ્રસાદી લાલજીને આપી દીધી. લાલજી ભક્ત બતકમાંનું બધું પાણી પી ગયા. તેમની તૃષા છીપી, શાંતિ થઈ, જીવમાં જીવ આવ્યો. ફરી બતક ભરી લેવા વાંકા વળ્યા, પણ પાણીનો રંગ બદલાઈ ગયો. તેણે પાણી ચાખ્યું તો ખારું ઝેર જેવું લાગ્યું. તે ઊઠ્યા. શ્રીહરિ આ કૌતુક જોતા હતા.

હવે લાલજી ભક્તના પગમાં જોર આવ્યું હતું. શ્રીહરિની સાથે ચાલતાં તેણે શ્રીહરિને પૂછ્યું : "પ્રભુ ! આ રણમાં આવો ધોમ ધખે તે સમયે અહીં કોઈ નીકળતું નથી છતાં આપણને જે પુરુષ મળ્યો તે કોણ હતો ? વળી, અહીં તો પાણી ખારું જ નીકળે તે મીઠું શી રીતે થયું ? એ જ પાણી મેં ફરી ચાખ્યું તો ખારુ હતું."

શ્રીહરિ તેમનો પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "લાલજી ભક્ત ! જે પુરુષ આપણને મળ્યા હતા, તે રામાનંદ સ્વામી હતા. તમારી તેમના પ્રત્યેની ભક્તિ હતી. પરંતુ ઇન્દ્રિયો, અંતઃકરણના ભાવ તે સ્વરૂપમાં લીન નહોતા થયા તેથી તમે રામાનંદ સ્વામીને બીજા સ્વરૂપમાં ઓળખી શક્યા નહિ. જે ભક્તને પોતાના ઇષ્ટદેવ પ્રત્યે અનન્ય ભક્તિ હોય; ઇન્દ્રિયો, અંતઃકરણના ભાવ સમગ્ર રીતે તે સ્વરૂપમાં લીન થઈ ગયા હોય તે ભક્ત પોતાના ઇષ્ટદેવને તેમના ગમે

તે સ્વરૂપમાં ઓળખી જ કાઢે."

પરાભક્તિનું આવું સૂક્ષ્મ રહસ્ય લાલજી ભક્તને શ્રીહરિના આ શબ્દોથી સમજાયું. પરમાત્માનું સ્વરૂપ અગાધ છે. તેમનો મહિમા અકલ્પ્ય છે, શબ્દાતીત છે. તેથી ફક્ત મંત્રજાપ કે પૂજાપાઠ કરી તેને ભક્તિ માની લેવી એ તો અગાધ સમુદ્રમાં કેવળ ડૂબકી મારવા બરોબર છે. તેથી સમુદ્રનો તાગ ન આવે.

લાલજીને શ્રીહરિના પરભાવનો અનુભવ થવા લાગ્યો. તેનું અંતર અવર્ણનીય આનંદમાં હિલોળા લેવા લાગ્યું. શ્રીહરિએ પછી કહ્યું : "જુઓ લાલજી ભક્ત ! તમે બધા આધાર છોડી દીધા અને કેવળ મારો એક જ અનન્ય આધાર રાખ્યો તો મેં તમારા માટે ખારું જળ મીઠું બનાવ્યું. ભગવાનને અનન્ય આશ્રયવાળા ભક્તથી બીજી કોઈ વસ્તુ અધિક નથી. ગજેન્દ્રનો આર્તનાદ સાંભળી ભગવાને લક્ષ્મીનો, ગરુડનો, અરે ! પોતાની પાદુકાનો પણ ત્યાગ કર્યો અને એ ગજને છોડાવવા દોડ્યા."

લાલજી ભક્તની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. આજે અક્ષરના આધાર પુરુષોત્તમનારાયણે ભોમિયા તરીકે પોતાને સ્વીકાર્યો, અજ્ઞાનથી તેમનો આધાર છોડી બીજા આધારની ઉપાધિ વળગાડી હતી તે છોડાવી, પોતાનું ભક્તવત્સલપણું બતાવ્યું. આજનો આ ધન્ય અવસર હૈયામાંથી ઝૂંટવાઈ ન જાય તે માટે તેમણે છાતી ઉપર બે હાથ મૂકી દીધા.

એટલામાં આગળ ચાલતા શ્રીહરિ એક બાવળિયાના ઝાડ નીચે બેસી ગયા. બાવળિયાનાં પણ અહોભાગ્ય ! ક્યાં રણનો બાવળિયો અને ક્યાં અક્ષરાતીત એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ ! લાલજી ભક્તના હૈયામાં જેમ પાતાળ ફાટે અને પાણી ઊછળે, તેમ આ પુરુષોત્તમનારાયણના અતિ અપાર મહિમાની શેડ્યો ઊછળતી હતી. તે શ્રીહરિ પાસે આવી તેમની સન્મુખ બેસી ગયા.

શ્રીહરિએ તેમના ખોળામાં પોતાનો પગ મૂક્યો અને કહ્યું : "લાલજી ! પગમાં બહુ જ કાંટા વાગ્યા છે. તમને કાઢતાં આવડે છે ?"

લાલજીએ તરત જ કેડિયાની કસ ઉપર બાંધેલ કાંટા કાઢવાનો નાનો ચીપિયો કાઢ્યો અને શ્રીહરિના ચરણકમળમાંથી તેમને વાગે નહિ તે પ્રમાણે હળવે હાથે કાંટા કાઢવા લાગ્યા. તેમણે આર્દ્રતાથી કહ્યું : "પ્રભુ ! કાંટા તો બહુ જ વાગ્યા છે."

"હા લાલજી ! માનવીનાં હૈયાંમાં પણ ગણ્યા ગણાય નહિ એટલા અસંખ્ય કાંટા ભરાયા છે. તે કાઢવા અમે આવ્યા છીએ. જેમ તમે આ ચીપિયે

કરીને કોમળતાથી અમારા પગમાં વાગેલા કાંટા કાઢો છો, તેમ અમે પણ મનુષ્યમાં રહેલા દોષાદિકના ભાવ ગ્રહણ કરી મનુષ્ય જેવા થયા છીએ. જ્યારે અમે ગ્રહણ કરેલા દોષોને દિવ્ય માનશો, અમારા સમગ્ર સ્વરૂપમાં દિવ્યતા દેખશો ત્યારે તમારા હૈયામાં પેઠેલા દેહાભિમાન વગેરે દોષોરૂપી કાંટા સહેજે નીકળી જશે. નહિ તો કલ્પો સુધી સાધનો કરશો તો પણ તે દેહાભિમાનરૂપી કાંટા અંતરમાંથી નીકળશે નહિ.''

શ્રીહરિના શબ્દો અગમ્ય હતા. તેમાં ઉપદેશ ન હતો પણ જ્ઞાન હતું. અંતરના અજ્ઞાનને હઠાવે એવું જ્ઞાન હતું. લાલજી ભક્તનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. શ્રીહરિનાં બંને ચરણકમળમાં તેને સોળ ચિહ્ન દેખાયાં. ભગવાનને ઓળખવાનાં આ ત્રણ સાધન : ચિહ્ન, ચરિત્ર અને તેમના ઉત્તમ ભક્ત !

શ્રીહરિના ચરણકમળમાંથી લાલજી ભક્તે બધા જ કાંટા કાઢી નાખ્યા, બંને ચરણ મસ્તક ઉપર ચડાવ્યા, છાતીમાં પણ દબાવ્યા. એટલામાં શ્રીહરિએ એકાએક કહ્યું : ''લાલજી ! આપણે હવે ચાલશું ?''

તરત જ લાલજી ભક્ત ઊઠ્યા. બંને ચાલવા લાગ્યા. આગળ ચાલતાં આધોઈ ગામ આવ્યું.

લાલજી ભક્ત નિષ્કુળાનંદ બને છે

શ્રીહરિ ગામને પાદર ઝાડ નીચે બેસી ગયા. લાલજી ભક્તને તેમણે કહ્યું : ''ભૂખ બહુ લાગી છે. માટે ગામમાં જઈને ભિક્ષા માગી આવો.''

શ્રીહરિનાં આ વચન સાંભળી લાલજી ભક્ત મૂંઝવણમાં પડ્યા. તેમનું મૌન જોઈ શ્રીહરિએ ફરી તેમને કહ્યું : ''લાલજી ! જાઓ ગામમાં, ભિક્ષા લઈ આવો.''

લાલજી ભક્તે હવે જરા હિંમત ધરી બે હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આ ગામમાં મારા ઘણા ઓળખીતા રહે છે. તેથી ભિક્ષા માગવા જતાં મૂંઝવણ થાય છે.''

આ સાંભળી શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : ''તમને કોઈ ન ઓળખે એવા કરી દઉં તો ?''

લાલજી ભક્ત વિચારમાં પડ્યા. એટલામાં શ્રીહરિએ પોતે ખાસ આ પ્રસંગ માટે જ સાથે કાતર લાવ્યા હતા તે કાઢી અને લાલજી ભક્તની મૂછો કાતરી નાખી. કૌપીન અને અલફી પહેરાવ્યાં અને પછી તેમની સામું જોઈ હસ્યા. તેમને કહ્યું : ''હવે તમે લાલજી સુથાર મટી નિષ્કુળાનંદ સ્વામી બન્યા. દેહના સગાની ઉપેક્ષાથી પર બની ગયા. માટે જાઓ ગામમાં, ભિક્ષા લઈ

આવો."[૨૫]

નિષ્કુળાનંદ સ્વામી ગામમાં જઈ ભિક્ષા લઈ આવ્યા. શ્રીહરિ તેમની આ હિંમતથી, લોકલાજના ત્યાગથી પ્રસન્ન થયા. સ્વામી પણ શ્રીહરિનાં ચરણકમળમાં પડી ગયા અને ગદ્ગદ કંઠે કહ્યું : "પ્રભુ ! આપે મારા ઉપર બહુ જ મહેર કરી. ઘણાં વર્ષોની મારી કામના આજે ફળી. હવે ફક્ત આપના સ્વરૂપ સિવાય અન્ય કોઈ સ્વરૂપમાં મારી વૃત્તિ ન ચોંટે અને મારો વૈરાગ્ય પાર પડી જાય એવા આશીર્વાદ આપો."

શ્રીહરિ તેમના ભાવથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "સ્વામી ! તમારામાં તો બૃહદ્ વૈરાગ્ય હતો તેથી આગળ રાજ્ય છોડી તમે તપશ્ચર્યા કરવા ગયા હતા. પરંતુ મૃગલીના બચ્ચામાં દયાના ભાવથી બંધાયા. તે બંધન જડભરતના દેહમાં આવી તમે તોડ્યું. એટલે શુદ્ધ તો થયા પરંતુ બ્રહ્મભાવ

---

૨૫. આ પ્રસંગનો વિસ્તાર પરંપરાગત સદ્ગુરુઓથી આમ પણ પ્રચલિત છે :

આધોઈમાં લાલજી સુથારનું સાસરું હતું. લાલજી સુથારનાં પત્ની કંકુબા તથા તેમના બે બાળવયના પુત્રો માધવજી અને કાનજી તે સમયે આધોઈમાં જ હતાં. તેથી શ્રીહરિએ તેમને દીક્ષા આપી તેમના સસરાને ઘેર જ ભિક્ષા લેવા જવા આજ્ઞા કરી.

નિષ્કુળાનંદ સ્વામી તે પ્રમાણે ત્યાં જઈ ઊભા રહ્યા અને 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ' એ નામની આહ્લેક કરી. ઘરમાંથી સાસુ બહાર આવ્યાં. તેમણે જમાઈને ઓળખી લીધા. અંતરમાં ફાળ પડી. ઘરમાં ગયાં અને દીકરીને કહ્યું : "કંકુ ! બેટા ! જમાઈ તો વેરાગી થઈને આવ્યા છે. તું ઝટ નવાં કપડાં પહેરી આ બે છોકરાને શણગારી તેમની પાસે જા તો વેરાગ ઊતરી જશે."

કંકુએ તે પ્રમાણે કર્યું પરંતુ સ્વામી તો નીચી દૃષ્ટિ કરી ઊભા જ રહ્યા. છતાં કંકુ તો ત્યાં ઊભી જ રહી, બે શબ્દો પણ કહ્યા. તેથી સ્વામીએ પોતાની તળપદી ભાષામાં કહી દીધું : "ભેંસ હોય તે તેની પાડી કે પાડા સારુ પારસો મૂકે. પણ આ તો પાડો છે. માટે હવે તારી બધી આશા ફોગટ છે. જો ભગવાનને રાજી કરવા હોય, તો તેમના સારુ હું ભિક્ષા લેવા આવ્યો છું માટે ભિક્ષા આપો."

કંકુ બધું સમજી ગઈ. તે તરત જ રસોડામાં ગઈ. બે-ત્રણ ઊના રોટલા બનાવી, અંદર ઘી-ગોળ નાખી, બહાર આવી, સ્વામીની ઝોળીમાં નાખ્યા !

સ્વામી તે લઈ બોલ્યા : "કુળ રે તજી નિષ્કુળ થયા, જેનું કુળ અવિનાશજી."

સ્વામી ભિક્ષા લઈ શ્રીહરિ પાસે આવ્યા અને તમામ વાત કહી. શ્રીહરિએ વાંસો થાબડી કહ્યું : "આવું તો તમે જ કરી શકો. રામાનંદ સ્વામીએ એટલે જ કહ્યું હતું કે સમય આવશે ત્યારે અમે બોલાવી લઈશું. આજે એ સમય આવ્યો અને તમને બોલાવી લીધા."

પામવાનું અધૂરું હતું. શુદ્ધ બ્રહ્મભાવ પામ્યા પછી જ મારી ભક્તિના અધિકારી થવાય છે. તેથી જ આ જન્મ તમને આપ્યો છે. આ જન્મે બધું પાર પડી જશે.''

શ્રીહરિના આ શબ્દોનું સ્વામી આંખો બંધ કરીને ધરાઈ ધરાઈને પાન કરતા હતા. શ્રીહરિની અપાર કરુણાના પ્રતાપે તેમની આર્દ્ર થયેલી આંખો ધીરે ધીરે અશ્રુ સારવા લાગી. શ્રીહરિએ તેમનો ખભો પકડી કહ્યું : ''સ્વામી ! તમે તો ભાદરાના મૂળજી શર્માનો સમાગમ કર્યો છે. મારા આ દિવ્ય સ્વરૂપની તેમણે તમને ઓળખાણ કરાવી છે એટલે અન્ય કોઈ દેવ-દેવીઓનો અંતરમાં ભાર રહેશે નહિ. અરે, એટલું જ નહિ પણ તમારા સંબંધમાં જે આવશે, તમારા ગ્રંથો જે વાંચશે તેના અંતરમાં પણ મારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ જાશે. આજથી તમારું કાર્ય હવે શરૂ થાય છે.''

પછી શ્રીહરિએ તેમને કહ્યું : ''સ્વામી ! થાક બહુ જ લાગ્યો છે. માટે ગામમાં કોઈ હરિભક્તનું ઘર હોય તો ત્યાં રહીએ. તમારે હવે અહીં જ રહેવાનું છે. ગામને ચોરે મુકામ કરજો.'' એટલું કહી શ્રીહરિ ઊઠ્યા.

નિષ્કુળાનંદ સ્વામી તેમને ગામમાં લઈ ગયા. ત્યાં લુવાણા ભક્ત ઠક્કર કચરાને ત્યાં શ્રીહરિ પધાર્યા. સ્વામી તેમને ત્યાં મૂકીને કચરા ભક્તને શ્રીહરિની સેવા બરાબર કરવાની ભલામણ કરી ત્યાંથી નીકળી ચોરે આવ્યા અને ત્યાં મુકામ કર્યો. કચરા ભક્તનો પ્રેમ જોઈ શ્રીહરિ તેને ઘેર બે દિવસ રહ્યા. પછી પોતે એકાકી જ કચ્છમાં ફરવા નક્કી કર્યું.

શ્રીહરિ કચરા ભક્તને ત્યાંથી નીકળી ચોરે સ્વામી પાસે પધાર્યા. સ્વામીએ ઊઠીને દંડવત્ કર્યા. શ્રીહરિએ તેમને માથે બે હાથ મૂક્યા અને કહ્યું : ''સ્વામી ! હવે અહીં રોકાઓ. ગામના લોકોને વાતો કરી સત્સંગ કરાવજો અને નવરાશના વખતે 'યમદંડ' નામનો ગ્રંથ બનાવજો.''

સ્વામી શ્રીહરિની આ વાત સાંભળી રહ્યા. શ્રીહરિ એકલા શી રીતે જશે ? મારગમાં તેમની સેવા કોણ કરશે તે ચિંતા તેમને થવા લાગી. શ્રીહરિ તેમના સંકલ્પો જાણીને કહેવા લાગ્યા : ''સ્વામી ! અમે સાત વરસ વનમાં એકાકી જ ફર્યા છીએ. અજગરવૃત્તિ રાખી હતી છતાં કાંઈક ને કાંઈક જમવાનું મળી રહેતું. ન મળતું તો વાયુ ભરખીને પણ રહેતા. છતાં દેહ ટક્યો. માટે અમારી ચિંતા છોડી દ્યો.''

છતાં ભક્તની ભક્તિમાં આ ભાવ રહે જ છે. જે સમગ્ર બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રની ચિંતા કરે છે, તે પોતાના ઇષ્ટદેવની ચિંતા ભક્તને રહે જ. તેમને

કોણ અન્ન આપશે, કોણ જળ આપશે, કોણ પથારી કરી સુવાડશે, સમે સમે તેમની સંભાળ કોણ રાખશે એવી ચિંતા ઇષ્ટદેવમાં જેમને આત્મબુદ્ધિ છે તેવા ભક્તને સદા રહે જ.

શ્રીહરિએ સ્વામીની એ ચિંતા વિદારતાં કહ્યું : "સ્વામી ! યમદંડનો ગ્રંથ રચવાની તમે શરૂઆત કરજો."

"પણ મહારાજ ! મેં તો યમને જોયા નથી, નરકયાતના જોઈ નથી તો એ બધું વર્ણન મારે કઈ રીતે કરવું ?" સ્વામીએ નમ્રભાવે કહ્યું.

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જગતના નાસ્તિક જીવો નરક કે નરકની યાતના, યમદૂતો, આ બધું તૂત છે; ભોળા જીવોને બીક બતાવવાનું સાધન છે એવું માને છે. તેમની એ માન્યતા જૂઠી છે એવું ઠસાવવા માટે મારે તમને તો પ્રથમ એ બધું બતાવવું પડશે. ત્યારે જ તમે તેનું યથાર્થ વર્ણન કરી કરશો." એટલું કહી શ્રીહરિએ સ્વામીને સમાધિ કરાવી અને સમાધિમાં જ નરક અને નરકયાતનાનાં દર્શન કરાવ્યાં. થોડી વારે સ્વામી સમાધિમાંથી જાગ્યા. પંચવિષયના અલ્પ સુખની આશામાં ઘોર યમયાતનાની વિડંબના કરતા માનવજીવોને સત્પંથે વાળવા સ્વામીએ શ્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી.

શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા અને કચ્છની વાટ લીધી.[૨૬]

✧

શ્રીહરિ એકાકી નીકળ્યા અને પહેલા ધમડકા પધાર્યા. અહીંના રાજા

---

૨૬. સં. ૧૮૬૦ના મહા સુદિ પંચમીનો સમૈયો શ્રીહરિએ ભાદરામાં કર્યો (સત્સંગિજીવન; પ્ર. ૨, અ. ૧૭). ત્યાંથી શેખપાટ થઈ લાલજી સુથારને સાથે લઈ તેમને આધોઈમાં દીક્ષા આપી. એટલે સં. ૧૮૬૦ના મહા માસમાં નિષ્કુળાનંદ સ્વામીની દીક્ષાનો સમય કહી શકાય. ત્યાંથી શ્રીહરિ કચ્છમાં પધાર્યા. કચ્છમાં શ્રીહરિ સં. ૧૮૬૦માં પહેલી વાર જ પધારે છે, જ્યારે ભક્તચિંતામણિમાં આધોઈનો પ્રસંગ શ્રીહરિ કચ્છમાં બીજી વાર પધારે છે ત્યારનો આલેખ્યો છે (પ્ર. ૫૫).

સ્વામી અચ્યુતદાસજીકૃત 'પુરુષોત્તમલીલામૃતસાગર'માં લેખક લખે છે કે "શ્રીસહજાનંદજી મહારાજ સં. ૧૮૬૦ના મહા સુદિ ૭ના દિવસે પ્રથમ ભુજનગરમાં સાંજના સમયે પધાર્યા." (પા. ૪૦). આ જોતાં સંવત ૧૮૬૦ની સાલ વધારે બંધબેસતી જણાય છે.

ભક્તચિંતામણિમાં નિષ્કુળાનંદ સ્વામીએ ખુલાસો કર્યો છે કે *"અનુક્રમે મળી કે ન મળી, પણ કહેવી છે વાત સઘળી."* (પ્ર. ૯૦). તેથી કદાચ એ રીતે ભક્ત-ચિંતામણિમાં અનુક્રમનો ખ્યાલ તેમણે રાખ્યો નહિ હોય.

રાયધણસિંહને ત્યાં ઉતારો કર્યો. ત્યાં એક દિવસ રોકાઈ ત્યાંથી કંથકોટ થઈને અજાર પધાર્યા.

શ્રીહરિ કચ્છમાં પહેલી જ વાર પધાર્યા હતા. વળી, એકાકી હતા તેથી તેમના આગમનની જાણ તેમજ તેમના સ્વરૂપની અને મહિમાની ઝાઝી જાણ લોકોમાં થઈ ન હતી. વળી, તેમનું મુખ્ય નિશાન ભુજનગર હતું. તેથી અંજારમાં પણ રોકાયા નહિ અને સીધા ભુજનગર પધાર્યા.

ભુજમાં સુંદરજી સુથારને ઘેર

ભુજમાં શ્રીહરિ સુંદરજીભાઈના ડેલામાં સીધા પધાર્યા. તેમનું અલૌકિક સ્વરૂપ જોઈ સુંદરજીભાઈની માતા રૂપાબાઈને લાગ્યું કે આ તપસ્વી કોઈ અલૌકિક વિભૂતિ છે. શ્રીહરિનો દેહ કૃશ હતો છતાં આકર્ષક હતો. માથે ભૂરા કેશની સુંદર જટા શોભતી હતી. કમળદળના પત્ર સમાન સુંદર નેત્રો હતાં. મસ્તક ઉપર અંચળો બાંધ્યો હતો અને ભગવી ચાદર ઓઢી હતી.

તે વખતે સુંદરજીભાઈને ઘેર ઠક્કર ડોસાભાઈ તથા ઠક્કર ભગવાનજીભાઈ અને ગંગારામ મલ્લ બેઠા હતા. ધીરે ધીરે જેમ જેમ ભક્તોને ખબર પડી, તેમ તેમ હરિભક્તો ત્યાં આવવા લાગ્યા. સુંદરજીભાઈ પણ આવી ગયા. તેમના ભાઈ હીરજીભાઈ તેમજ રામજીભાઈ સુથાર, નાથજીભાઈ કાયસ્થ, શિવરામ કાયસ્થ, હરજીવન કાયસ્થ, સુથાર જીવરામ, કુંવરજી, ભટ્ટ મહીદાસ, જેઠી ખીમજી, ઠક્કર ઉકરડાભાઈ, ઠક્કર સેજપાલ, કોઠારી વલ્લભજી, નાનીબાઈ વિપ્ર, ભાગબાઈ, ભોજો સોની, હરચંદ, તેજપાલ, સારસ્વત વીરજી, અખઈ જીવરાજ ગોર, રાજગોર શંકરજી, વીસનગરાં સૂરજબાઈ, માધવજી ભટ્ટ, વિશ્વેશ્વર, સુથાર ભગવાનજી, સુથાર નારણજી, હીરબાઈ, મૂળજી રાજગોર, વાઘજીભાઈ, ત્રિકમજી મલ્લ વગેરે રામાનંદ સ્વામીનું ભક્તવૃંદ ત્યાં આવી ગયું.

સૌને ખબર હતી કે રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને સાક્ષાત્ નારાયણ તરીકે ઓળખાવ્યા હતા. સુંદરજી સુથારે તો અગાઉ બંધિયામાં શ્રીહરિનાં પ્રથમ દર્શને તેમના સ્વરૂપનો નિશ્ચય કરી લીધો હતો.

શ્રીહરિ ડેલામાં આવ્યા કે તરત જ ત્યાં તેમના ઘરમાં દોઢ હાથ ઊંચી પથ્થરની પાળ હતી[૨૭] તે ઉપર જેમ ઘોડી પલાણે તેમ શ્રીહરિ બેસી ગયા હતા.

૨૭. આ સ્થાન હજુ પણ છે અને સૌ ભક્તો તથા યાત્રાળુઓ સુંદરજીભાઈના પ્રસાદીના ઘરના દર્શન કરવા જાય, ત્યારે આ સ્થાનના દર્શન કરે છે.

તેમનું આ ચરિત્ર સૌને જરા વિચિત્ર લાગ્યું. પરંતુ ભગવાનની રીત અલૌકિક હોય છે. આ લોકની ક્રિયા કે આચાર સાથે તે મળતી ન પણ આવે. છતાં તેમની અલમસ્તાઈથી અને નિઃશંક વર્તવાની ટેવથી જ તેમના સત્ય સ્વરૂપની પ્રતીતિ મુમુક્ષુઓને થઈ શકે.

પછી શ્રીહરિ ત્યાં આવેલા ભક્તોની સભામાં આવી બિરાજ્યા. શ્રીહરિની રુચિની સૌને જાણ થઈ ગઈ હતી. તેથી બાઈ હરિભક્તો પુરુષવર્ગથી થોડે દૂર બેસી શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં. શ્રીહરિએ આ સભામાં સત્સંગ સંબંધી ઘણી વાત કરી તેમજ પોતાના સ્વરૂપની પણ પરોક્ષભાવે વાતો કરી. રામાનંદ સ્વામીના સ્વરૂપની નિષ્ઠાવાળા જે હરિભક્તો હતા તેમને શ્રીહરિની વાતોથી શ્રીહરિ સાક્ષાત્ પરમાત્મા છે તેવો નિશ્ચય થયો.

કૃપાનંદ સ્વામી અને વીરભદ્રાનંદ સ્વામી

તે વખતે સુથાર ભગવાનજીભાઈના ડેલામાં રામાનંદ સ્વામીએ સદાવ્રત બંધાવ્યું હતું. તે સદાવ્રતમાં ભિક્ષા લેવા પૂર્વ દેશના બે વેરાગી બાવા આવ્યા. શ્રીહરિ એ વખતે ત્યાં જ હતા. તેમણે આ બે વેરાગી બાવાઓ માટે ખાસ શીરો-પૂરી બનાવ્યાં અને પોતે જાતે પીરસી તેમને જમાડ્યા. તે બે બાવાઓને આવા પ્રેમથી કોઈએ જમાડ્યા ન હતા. શ્રીહરિ પ્રત્યે તેમને હેત થયું. શ્રીહરિના સ્વરૂપનું આકર્ષણ પણ થયું. ત્યારથી શ્રીહરિની સભામાં તેઓ જવા લાગ્યા. શ્રીહરિના શબ્દોમાં કોશલ દેશની ભાષાનો સૂર સાંભળી તેમને શ્રીહરિ પ્રત્યે વધુ આત્મીયતા થઈ.

એક દિવસ શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમો બંને ક્યાંથી આવો છો ?"

તેમણે કહ્યું : "અમે તો ઉત્તર કોશલ દેશના સરવરિયા બ્રાહ્મણના પુત્રો હતા. પરંતુ વૈરાગ્યને લઈને ઘરનો ત્યાગ કરી ફરતાં ફરતાં જગન્નાથપુરી ગયા. પણ ત્યાં એક નાના બ્રહ્મચારી તીર્થ કરવા આવ્યા હતા તેમને માટે ત્યાં રહેતા નાગડા વેરાગીઓમાં પરસ્પર કલેશ થયો અને તેમાંથી ખૂનખાર યુદ્ધ થયું. ઘણા મરી પણ ગયા. પણ અમે ત્યાંથી જીવ લઈને નાઠા. પછી ફરતાં ફરતાં દ્વારિકા જવા ઇચ્છા હતી પરંતુ અહીં ભુજનગરમાં આવી ગયા. અહીં સદાવ્રત લેવા આવ્યા ત્યાં આપનો જોગ થઈ ગયો."

તેમની આ વાત સાંભળી શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. તેમણે તેમને કહ્યું : "તો હવે દ્વારિકા ક્યારે જવું છે ?"

બંને વેરાગીઓ મુમુક્ષુ હતા. શ્રીહરિનાં દર્શનથી અને તેમની વાતોથી તેમના અંતરમાં જગત પ્રત્યેના રાગ ટળી ગયા. તેથી તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું : "મહારાજ ! અમારે તો હવે આપનાં દર્શન અને સત્સંગ મૂકીને ક્યાંય જવાની ઇચ્છા નથી."

શ્રીહરિને તેમની વાતમાં રસ પડ્યો. તેમણે ફરી પૂછ્યું : "શું સમજીને અહીં રહેશો ? સમજણ વગર તો જ્યાં રહેશો ત્યાં – પછી તે શહેર હોય, ગામ હોય કે વગડો હોય, દુઃખ આવ્યા વગર રહેશે જ નહિ."

પરતુ આ બે જણા ગાજ્યા જાય તેવા ન હતા. તેમણે કહ્યુ : "અમારે તો મહારાજ ! આપનાં દર્શન અને સમાગમનું સુખ જોઈએ છે. તેનાથી સાચી સમજણ આવશે અને પછી આપ જ્યાં કહેશો ત્યાં જઈશું."

તેમની વાત સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા.

બીજે દિવસે હમીરસર તળાવમાં સ્નાન કરવા પધાર્યા. અહીં આથમણે આરે સ્નાન કરીને શ્રીહરિએ ત્યાં જ પૂજા, પાઠ, નિત્યવિધિ વગેરે કર્યાં. ત્યારબાદ સુંદરજીભાઈને ઘેર ગયા. જમીને શ્રીહરિ ડેલામાં પધાર્યા. અહીં રામાનંદ સ્વામીના ઓરડામાં જે પાટ હતી તે ઉપર શ્રીહરિ આથમણે મુખારવિંદે બિરાજમાન થયા. સર્વ હરિભક્તો તથા રામાનંદ સ્વામીએ ત્યાં રાખેલા સંતો વગેરે નીચે બેઠા. પછી શ્રીહરિએ બે વૈરાગી બાવાઓને બોલાવ્યા. તેઓ શ્રીહરિ પાસે આવ્યા ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું : "અમારા સાધુ થશો ?"

તેમણે તરત જ હા કહી. એટલે શ્રીહરિએ વાળંદને બોલાવી તેમનું મુંડન કરાવ્યું. પછી સ્નાન કરી તેઓ શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિએ તેમને બંનેને ભગવી ચાદર ઓઢાડી અને બોલ્યા : "હવે તમારું દીક્ષાનું નામ કૃપાનંદ અને વીરભદ્રાનંદ. કોશળ દેશ, ન્યાત, જાત, સગાં-કુટુંબી બધાં હવે બળી ગયાં. હવે તમારો દેશ અનિર્દેશ અને તમારી જાત બ્રહ્મ." એટલું કહીને તેમના કાનમાં મંત્ર આપ્યો. પછી કહ્યું : "આ બધાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો."

એટલે તેમણે પ્રથમ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. પછી સભાને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિ તેમનું નિર્માનીપણું જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "સાધુ તો બાળકની જેમ નિર્માની જ હોવા જોઈએ."

પછી શ્રીહરિએ તેમને જગન્નાથપુરીની વાત કરી અને કહ્યું : "તે બ્રહ્મચારી તે અમે જ હતા. અમારે તો શસ્ત્ર પકડ્યા વિના અસુરોનો નાશ કરવો હતો. એટલે અમારા મિષે જ પરસ્પર લડ્યા અને તેમાં ઘણા માર્યા ગયા અને

ઘણા નાસી ગયા.''

શ્રીહરિની આ વાત સાંભળતાં સાંભળતાં તે બંનેને સમાધિ થઈ. થોડી વારે સમાધિમાંથી જાગ્રત થયા ત્યારે તેમણે ગદ્‌ગદ કંઠે શ્રીહરિની સ્તુતિ કરી : ''હે મહારાજ ! આપ અક્ષરધામના અધિપતિ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છો.''

આજ સુદર્શનચક્ર ઘરોઘર આપ્યું છે

તેમની આ વાત સાંભળી સુંદરજીભાઈએ શ્રીહરિને પૂછ્યું : ''મહારાજ ! આજ સુદર્શનચક્ર ક્યાં મૂકીને આવ્યા છો ? આજે ભક્તો આટલા પીડાય છે છતાં આપ કેમ નફકરા થઈને બેસી રહ્યા છો ?''

તેમનો આ પ્રશ્ન સાંભળી શ્રીહરિ હસ્યા. કચ્છના માનવી ભોળા ગણાય પરંતુ મોક્ષ માટે બુદ્ધિ સતેજ કરી શ્રીહરિને ઓળખી તેમના સ્વરૂપનો પાકો નિશ્ચય કરી લીધો હતો. વ્યાવહારિક બુદ્ધિ કરતાં વ્યવસાયાત્મિકા બુદ્ધિ શ્રેષ્ઠ છે.

શ્રીહરિએ તેમને કહ્યું : ''એ સુદર્શનચક્ર તો ભગવાન પાસે જ રહ્યું. ભક્તની આપદા વખતે ભગવાને વાપર્યું. પરંતુ ભક્તોને તે આપ્યું નહિ. પણ આજ તો અમે ભગવાનના સ્વરૂપના જ્ઞાનરૂપી સુદર્શનચક્ર ઘરોઘર ભક્તોને આપ્યું છે. જીવના હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને તે સુદર્શનચક્ર ટાળી નાખે છે. પણ સૂર્ય, ચંદ્ર કે પ્રલયકાળનો અગ્નિ અંતરના તે અજ્ઞાનને ટાળી શકતો નથી. તે જ્ઞાનરૂપી ચક્ર જ ભક્તોની કામ, ક્રોધાદિક દોષોથી રક્ષા કરે છે.''

સુંદરજીભાઈ શ્રીહરિના આ ઉત્તરથી પ્રસન્ન થઈ ગયા.

લાધીમાને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય

શ્રીહરિ ગંગારામ મલ્લને ત્યાં પધાર્યા. અહીં પાટ ઉપર પોતે બિરાજ્યા. પછી ગંગારામને તેમણે કહ્યું : ''અમે આટલા દિવસથી અહીં આવ્યા છીએ છતાં લાધીમા હજુ દર્શને આવ્યાં નથી. માટે તેમને કહેવરાવો કે તમને સ્વામી બોલાવે છે.''

શ્રીહરિની આ આજ્ઞા સાંભળી મલ્લે તરત જ લાધીમાને સંદેશો મોકલ્યો. પરંતુ તરત જ લાધીમા તરફથી જવાબ આપ્યો કે ''સ્વામી તો એક રામાનંદ ! હું તો તેમના સમાગમથી કૃતાર્થ થઈ ગઈ છું. એટલે મારે અન્યનાં દર્શન કરવાની ઇચ્છા નથી.''

શ્રીહરિ તેમની રામાનંદ સ્વામી પ્રત્યેની નિષ્ઠાથી પ્રસન્ન થયા. પછી

તેમણે ફરી કહેવરાવ્યું કે "માને જઈને કહો કે તમેય રામાનંદ સ્વામીનાં શિષ્ય છો અને અમે પણ તેમના શિષ્ય છીએ. માટે આપણે તો ગુરુભાઈ કહેવાઈએ. માટે મળવા આવો."

આ સંદેશો સાંભળી લાધીમા મલ્લને ઘેર આવ્યાં. સહજાનંદ સ્વામીને પાટ ઉપર બેઠેલા જોઈ લાધીમાને થયું કે કહે છે કે આપણે ગુરુભાઈ કહેવાઈએ અને બેઠા છે તો પાટ ઉપર. છતાં તે અંદર આવ્યાં. શ્રીહરિને બે હાથ જોડી નમસ્કાર કર્યા અને દૂર બેસી ગયાં. લાધીમાએ રામાનંદ સ્વામીની પૂર્ણ ભાવથી સેવા કરી હતી તેથી શ્રીહરિને તેમનું કલ્યાણ કરવું હતું. શ્રીહરિએ લાધીમા તરફ દૃષ્ટિ કરી અને તરત જ તેમને સમાધિ થઈ. અધોર્ધ્વ અને પ્રમાણરહિત દિવ્ય અક્ષરધામમાં લાધીમાએ સમાધિમાં મનુષ્યતનુધારી શ્રીહરિને દિવ્ય સિંહાસન પર બિરાજમાન થયેલા જોયા. અનંત મુક્તો મહારાજની સ્તુતિ કરતા હતા. રામાનંદ સ્વામીને પણ તેણે મહારાજની સેવામાં જોયા. આ સમાધિના દિવ્ય સુખના અનુભવથી તેનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. તેને જ્ઞાન લાધ્યું અને શ્રીહરિના સ્વરૂપનો તેને નિશ્ચય થયો. સમાધિમાંથી ઊઠીને શ્રીહરિ પાસે આવી તેણે પંચાગ પ્રણામ કર્યા. મૂક ભાષામાં જ તેણે શ્રીહરિને કહી દીધું કે "આપ પ્રભુ છો અને હું આપની ભક્ત છું."

પછી શ્રીહરિ ઠક્કર ભગવાનજીભાઈને ઘેર જમવા પધાર્યા. ભગવાનજીભાઈએ મહારાજને બેસવા માટે ઢોલિયો ઢાળી દીધો. શ્રીહરિ તે ઢોલિયા ઉપર તરત જ બેસી ગયા.

પછી શ્રીહરિ જમવા બિરાજ્યા. જમ્યા પછી ભગવાનજીભાઈએ શ્રીહરિનું કેસર મિશ્રિત ચંદનથી પૂજન કર્યું. પુષ્પના હાર પહેરાવ્યા. પછી હેમની ઊતરી, કડા, વેઢ, વીંટી, કંદોરો વગેરે આભૂષણો શ્રીહરિને પહેરાવ્યાં. શ્રીહરિએ તેની સેવા સ્વીકારી. ભગવાનજીભાઈએ શ્રીહરિની એ દિવ્ય મૂર્તિનાં દર્શન કર્યાં. પછી કહ્યું : "મહારાજ ! આ હેમના દાગીના પણ મેં રામાનંદ સ્વામી માટે કરાવ્યા હતા. તેમને ધરાવ્યા ત્યારે પણ તેમણે કહેલું : આવા ભારે દાગીના અમારાથી ન પહેરાય. તમે રાખી મૂકો. આ દાગીનાના પહેરનાર તમારે ઘેર આવશે."

✧

શ્રીહરિએ તપનો સ્વભાવ છોડ્યો ન હતો. ભારે ભારે ભોજનનો ત્યાગ કરી ઘણી વાર તાંસળી ભરીને મીંઢીઆવળ પી જતા અને તે ઉપર ખાટી આમલીનો રસ પણ તાંસળી ભરીને પી લેતા. કોઈ કોઈ વખત લવિંગિયાં

મરચાંની ચટણીનો લાડુ કરીને જમી જતા. તેમની દેહાતીત સ્થિતિનાં દર્શન ઘણી વાર સૌને થતાં. કોઈ કોઈ વખત કોઈ મલ્લ કે જબરો આદમી શ્રીહરિનું કૃશ શરીર જોઈ ધીમે ધીમે શરીર દાબતો ત્યારે શ્રીહરિ કહેતા કે તમારામાં જેટલું બળ હોય તેટલા બળથી શરીર દાબો. ત્યારે તે ભક્ત અત્યંત ભાર દઈને શ્રીહરિનું શરીર દાબતા. તેમને શરીરે પરસેવો આવી જતો પરંતુ શ્રીહરિ તો કહેતા કે "હજુ જોરથી દાબો."

આવા આવા અનેક પ્રસગોમા જેનું જેવું અગ તેને તે પ્રમાણે પોતાના સ્વરૂપનો અનુભવ કરાવી પોતાના સ્વરૂપનો નિશ્ચય શ્રીહરિ કરાવતા.

માનકૂવામાં આદાભાઈને સત્સંગ

શ્રીહરિ માનકૂવા પધાર્યા. અહીં સુથાર નાથા ભક્તની ડેલીએ તેઓ ઊતર્યા. આ ગામના દરબાર આદાભા[૨૮] જબરા આંટુકદાર હતા. ઊડતા પક્ષીને પાડતા. શ્રીહરિ અહીં પધાર્યા છે, લોકો તેમને ભગવાન કહે છે એવી વાયકા સાંભળી શ્રીહરિ જ્યાં જતા ત્યાં રસ્તામાં તે ઊભા રહેતા અને કોઈ ન જુએ તેમ શ્રીહરિ ઉપર કાંકરી ફેંકતા. પરંતુ શ્રીહરિને એક પણ કાંકરી કે પથ્થર વાગતો નહિ. આથી તેમને થયું કે મારું નિશાન કદી ખાલી ન જાય. છતાં આમને કેમ એક કાંકરી સરખી વાગતી નથી ? છેવટે તેમને અંતર્દૃષ્ટિ થઈ. શ્રીહરિ પાસે આવ્યા અને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપ ભગવાન ખરા."

શ્રીહરિ તેમની સામું જોઈ હસ્યા, પછી કહ્યું : "તમે શાથી જાણ્યું ?"

આદાભાએ હાથ જોડી કહ્યું : "પ્રભુ ! હું ગામનો દરબાર છું. જબરો નિશાનબાજ છું. તમે જ્યારે જ્યારે ગામમાં નીકળતા, ત્યારે હું તમારા ઉપર કાંકરી કે પથ્થર ફેંકતો પણ તમને એક પણ કાંકરી કે પથ્થર વાગતો નહિ. આથી મેં જાણ્યું કે તમે ભગવાન છો."

શ્રીહરિ તેમની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "દરબાર ! એમ તો કોઈ

---

૨૮. કચ્છના મહારાજ પ્રાગમલજીની ચોથી પેઢીમાં આદાભા હતા. એ રીતે કચ્છના ભાયાત તરીકે તેમને પાંચ ગામ હતાં : માનકૂવા, સુખપર, સામત્રા, વાડાસર, ગઢસીસા પાસે ઘોડાલખ. તેમાં ચાર ગામમાં તેમનો અર્ધો ભાગ હતો અને વાડાસર તેમને રાજ્યે અઘાટ લખી દીધું હતું.
આ હકીકત આદાભાની ચોથી પેઢીએ હાલના દરબાર કનુભા રામસંગજી પાસેથી મળી છે. — લેખક

ગોડિયો હોય એ પણ તમારા લાગમાં ન આવે તો તેને તમે ભગવાન કહેશો ?"

દરબાર વિચારમાં પડી ગયા. થોડી વારે તેમણે કહ્યું : "મહારાજ ! એવું જ્ઞાન તો મારામાં નથી પણ તમે ભગવાન છો એ સાચું."

શ્રીહરિ તેમનો ભોળો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "દરબાર ! જે કોઈ ઐશ્વર્ય બતાવે, ચમત્કાર બતાવે તે ભગવાન નથી. પરંતુ જીવના અંતરમાં જે પંચવિષયના રાગ છે, આસક્તિ છે, વાસના છે તેને ટાળે અને જીવને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન કરાવે તેને ભગવાન કહેવાય."

દરબાર આદાભાઈ શ્રીહરિના આ કૃપાવાક્યથી કૃતાર્થ થઈ ગયા. તેમણે તો નિશ્ચયની ગ્રંથિ દૃઢ કરી લીધી હતી.

તારી સાત પેઢીમાં કોઈને અમે સાધુ કરવાના નથી

માનકૂવામાં પાછળથી થયેલા સ્વામિનારાયણ મંદિરના ચોકની જગ્યાએ તે સમયે વશરામ શિયાણીનું ઘર હતું. મહારાજ ત્યાં એક દિવસ જમવા પધાર્યા ત્યારે જમતાં જમતાં તેમણે વશરામને પૂછ્યું : "વશરામ ! તમે અમારી પાસે ને પાસે કેમ બેસી રહો છો ?"

ત્યારે તેણે પેટછૂટી વાત કરતાં કહ્યું : "મહારાજ ! તમારી સાથે દેવશી રહે છે તેને તમે કદાચ સાધુ બનાવી ઘો તે માટે હું તમારી સાથે ને સાથે ફરું છું."

આ સાંભળી મહારાજ હસ્યા. જગતમાં પટેલ થવું, મુખી થવું સૌને ગમે પણ સાધુ થવું કોઈને ન ગમે. મહારાજે તેને કહ્યું : "જો વશરામ ! સાંભળ. તારી સાત પેઢીમાં કોઈને અમે સાધુ કરવાના નથી.[૨૯] હવે તો નિરાંત થશે કે નહિ ?"

વશરામ આ સાંભળી રાજી થયો. મહારાજ તેનું અજ્ઞાન જોઈ ખિન્ન થઈ ગયા. સાક્ષાત્ ભગવાનની સાથે ફરે છે તો પણ અજ્ઞાનના પડળને હઠવા દેવું નથી ! કેટલી મૂર્ખતા ?

શ્રીહરિ વર બની પોંખાયા

સુથાર નાથા ભક્તની પુત્રી દેવબાઈનાં લગન લીધાં હતાં. વીથોણથી જાન આવી હતી પણ દેવબાઈએ હઠ લીધી કે શ્રીહરિ મારી સાથે આવે તો જ હું સાસરે જાઉં. બધાએ ખૂબ સમજાવી પણ તેણે તેની હઠ મૂકી નહિ.

૨૯. તેની આઠમી પેઢીમાં તેનાં વંશજ સાધુ થયા હતા પરંતુ સાત પેઢી ઉપર તો મહારાજની દૃષ્ટિ ઠરી જ નહિ.

એટલામાં વર પોંખાવા માંડવે આવ્યા. દેવબાઈની મા મોડિયો બાંધી હાથમાં દીવડો લઈને વર પોંખવા નીકળ્યાં અને તોરણે આવ્યાં. તેમણે પોંખણું શરૂ કર્યું. ત્યાં તો તેમને વરની જગ્યાએ શ્રીહરિ દેખાયા. તે મૂંઝાઈ એટલે તરત વર દેખાયો અને પોંખણું શરૂ કર્યું. ત્યારે ફરી શ્રીહરિ દેખાયા. છેવટે વિધિ પૂરી કરી ઘરમાં આવી ત્યારે તેણે દેવબાઈને કહ્યું : "દીકરી ! શ્રીહરિ સાક્ષાત્ વર થઈને તારી સાથે લગન કરવા આવ્યા છે. માટે હવે હઠ છોડી દે."

માની વાત સાંભળી દેવબાઈને શાંતિ થઈ. લગન પત્યા પછી તે શ્રીહરિના આશીર્વાદ લઈને સાસરે ગઈ.

✧

શ્રીહરિ નાથા ભક્તને ત્યાં ભોજન કરતા હતા તે સમયે દઢાવ્ય દેશના રાજપૂત ડુંગરજીભાઈ શ્રીહરિનાં દર્શને આવ્યા. શ્રીહરિએ પોતે જે મરચાંનો લાડુ જમતા હતા તે પ્રસાદી તેમને આપી. ડુંગરજી થોડી પ્રસાદી જમ્યા અને તેમનું ગળું, આંખ, કાન બળવા લાગ્યાં. થોડી વારે તો તેને લાગ્યું કે તેના પ્રાણ નીકળી જશે. શ્રીહરિએ તરત જ ઊભા થઈને તેને ગાયનું ઘી પાયું. તેથી તે શુદ્ધિમાં આવ્યા.

પછી શ્રીહરિએ તેને દાળ અને રોટલો અપાવ્યાં. જમતા જમતા દાળના સ્વાદમાં તે એકરસ થઈ ગયા. તેથી શ્રીહરિએ તેમને કહ્યું : "દરબાર ! દર્શન મૂકીને સ્વાદમાં આસક્ત થવું તે ભગવાનના ભક્તને ખોટ કહેવાય. સ્વાદ તો ભગવાનની મૂર્તિનો લેવો."

શ્રીહરિના આ શબ્દોથી ડુંગરભાઈ સચેત થઈ ગયા. તેમને થયું કે પંચ જ્ઞાનઇન્દ્રિયો જો શ્રીહરિના સંબંધમાં અખંડ રહે અને એવું જાણપણું નિત્ય રહે તો જ દેહભાવ ટળે. શ્રીહરિની એ રુચિ જાણી ત્યારથી જ તેમણે આ પ્રકારના માનસિક યોગની સાધનાનો આરંભ કરી દીધો.

રામપરમાં શ્રીહરિનું વર્ણીરૂપે દર્શન

શ્રીહરિ માનકૂવાથી નીકળી ચાલ્યા અને રામપર પધાર્યા. અહીં મેરાઈની વાડીએ સાંજે પધાર્યા. અહીં કણબી ભક્ત ભીમજી, ખીમજી અને લક્ષ્મણ આ ત્રણ ભાઈઓ કોસ હાંકતા હતા. મહારાજે તેમને કહ્યું : "મને ભૂખ લાગી છે તે કાંઈ ખાવાનું હોય તો આપો."

ત્યારે ભીમજી અને ખીમજીએ કહ્યું : "અમારી પાસે કાંઈ ખાવાનું નથી."

મહારાજે તેમને કહ્યું : "આ ઝાડની ડાળે માટલી બાંધી છે તેમાંથી અર્ધો

રોટલો આપો."

પણ તેમણે ના કહી. ત્યારે લક્ષ્મણે પોતાના ભાગનો રોટલો હતો તે મહારાજને જમવા આપી દીધો. મહારાજ તે જમ્યા અને પછી લક્ષ્મણ તરફ અમૃતદૃષ્ટિ કરી તેથી તેને શ્રીહરિ જે આમલીના ઝાડ નીચે ઊભા હતા ત્યાં શ્રીહરિનું નીલકંઠ બ્રહ્મચારી સ્વરૂપે દિવ્ય દર્શન થયું. વાડીમાં પ્રકાશ પથરાઈ ગયો.

પછી મહારાજે લક્ષ્મણને કહ્યું : "હું તારા ઉપર પ્રસન્ન થયો છું તો તું મારી પાસે કાંઈ વરદાન માગ."

એટલે લક્ષ્મણે ભોળા ભાવે કહ્યું : "બ્રહ્મચારી ! અમે મહાદેવની ઉપાસના કરીએ છીએ એટલે ધન કે પુત્ર તો મહાદેવ આપે છે અને વળી આપશે."

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : "લક્ષ્મણ ! જા હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ. એટલું જ નહિ પણ તારી સાત પેઢી સુધી તારા કુળમાં મુક્તજીવ જન્મ લેશે." એટલું કહીને શ્રીહરિ ત્યાંથી રામપર પધાર્યા.

રામપર એક દિવસ રહીને શ્રીહરિ દહીંસરા પધાર્યા. અહીં તળાવની દક્ષિણે નૈર્ઋત્ય ખૂણામાં પાળ છે ત્યાં આવીને બેઠા. પછી શૌચક્રિયા કરી તળાવમાં સ્નાન કર્યું. સ્નાનવિધિ બાદ ત્યાં ભક્તોની સભામાં બિરાજ્યા અને સૌને કહ્યું : "આ તળાવમાં અમે સ્નાન કર્યું છે તેથી આ તળાવને 'હરિસરોવર' કહેવું."

બીજે દિવસે શ્રીહરિ ભુજ પધાર્યા. શ્રીહરિનું ભુજના હરિભક્તોએ ભવ્ય સન્માન કર્યું. ગજેન્દ્ર ઉપર પધરાવી સારા નગરમાં શોભાયાત્રા કાઢી. ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કચ્છના મહારાવશ્રી ભાઈજી બાવાએ પણ એ સ્વાગતમાં ભાગ લીધો.

કચ્છની રાજકીય પરિસ્થિતિ

તે સમયે કચ્છની રાજકીય પરિસ્થિતિ અસ્તવ્યસ્ત જેવી હતી. અગાઉના કચ્છના રાવ રાજા રાયધણસિંહજી ઈસ્લામી મજહબથી રંગાયા હતા. તેથી તેમણે હિંદુઓ ઉપર કેર વર્તાવ્યો હતો. તેમના વિરુદ્ધ માંડવીમાં પ્રજાએ બળવો કર્યો અને રાયધણસિંહને માંડવી છોડી ભાગી જવું પડ્યું. પરંતુ ભુજમાં આવીને પણ તેણે આ ત્રાસ તો ચાલુ જ રાખ્યો. તેથી રાણીઓએ વાઘા પારેખ અને તેમના ભાઈ કોરા પારેખને કહી રાયધણસિંહને કેદ કરવા કાવતરું કર્યું. પરંતુ રાયધણસિંહને આ ગંધ આવી ગઈ તેથી તે મહેલમાંથી છટકી ગયા અને મહેલમા તેમને કેદ પકડવા ગયેલા વાઘા પારેખ અને કોરા પારેખ તથા તેમના માણસોની તેમણે કતલ કરાવી નાખી.

અંતે મેઘજી શેઠે રાયધણને કેદ કરી લીધા. પછી તેમના ભાઈ પૃથુરાજ ઉર્ફે ભાઈજી બાવાને નામે લશ્કર ઊભું કર્યું. તે સમયે બીજા પણ તેમની મદદમાં હતા તેથી તે બાર ભાઈનું[30] રાજ્ય કહેવાવા લાગ્યું. પરંતુ મેઘજી શેઠના મૃત્યુ પછી ફત્તેહમહમદ પૂરી સત્તામાં આવ્યા.

ભાઈજી બાવાને ત્રણ રાણીઓ હતી. ચોથી વાર સંવત ૧૮૫૮માં એમણે ભાવનગરના ગોહિલ વખતસિંહજીનાં કુંવરી હેતુબા સાથે લગ્ન કર્યાં હતાં. તેમના મૃત્યુ પછી પાછા રાયધણજી ગાદી ઉપર આવ્યા. પરંતુ ફત્તેહમહમદ સાથે તેને વેર હતું. અગાઉ સં. ૧૮૫૦માં રાયધણસિંહે ઝેર પાયેલ ખંજરનો છૂટો ઘા તેના ઉપર કર્યો હતો. પરંતુ ફત્તેહમહમદ ખસી ગયો તો પણ ખંજરની અણી તેના હાથ ઉપર વાગી ગઈ[31] અને તે નાઠો. ત્યારબાદ તેણે મુંદ્રાથી મદદ મગાવી રાયધણસિંહને કેદ કર્યા. આ જૂનું વેર રાયધણસિંહ અને ફત્તેહમહમદ બંનેનાં હૈયાંમાં પડેલું હતું. એટલે કચ્છના કારભારમાં અસ્તવ્યસ્તતા હતી.

વળી, ફત્તેહમહમદનો સલાહકાર વીસનગરનો પ્રપંચી નાગર બ્રાહ્મણ જગજીવન વેણીરામ મહેતા હતો. તેના પ્રપંચથી પણ કચ્છના રાજ્ય-વહીવટમાં સ્થિરતા રહી ન હતી. છતાં ફત્તેહમહમદની મુત્સદીગીરીથી કચ્છ છેક પડતું અટકી ગયું હતું. તે અણનમ યોદ્ધો હતો અને હિંદુ-મુસ્લિમ એકતાને સિદ્ધ કરી બતાવનાર ઐક્યનો સ્તંભ હતો. તેણે કચ્છમાં સ્થિરતા લાવવા અનેકવિધ પરિવર્તનો કર્યાં હતાં.[32]

ભુજમાં હરિજયંતીનો ઉત્સવ : આ.સં. ૧૮૬૦

રામનવમીના મંગલ દિવસે શ્રીહરિએ સૌ હરિભક્તો, ત્યાગી તથા બાઈ હરિભક્તોને ઉપવાસ કરવા આજ્ઞા કરી.

---

૩૦. બાર ભાઈ : ૧. વેણ ડોસલમિયા, ૨. સૂમરા શાફી અહમદ, ૩. વેણ લાલમહમદ, ૪. વેલા તમાચી, ૫. ભંડેરી જાનમહમદ, ૬. કોરેજા મીઠામિયા, ૭. જિયેજા ગુલામઅલી, ૮. ચૌહાણ ઉસ્માનજી, ૯. અબડાભારા, ૧૦. વેણ રહીમતુલ્લા, ૧૧. કોરેજા બેગમહમદ, ૧૨. નોતિયાર ફત્તેહમહમદ.

૩૧. કહેવાય છે કે ફત્તેહમહમદને વાગેલા ખંજરના ઘાની સારવાર રામાનંદ સ્વામીએ કરી હતી. તેથી તેને રામાનંદ સ્વામી પ્રત્યે ખૂબ સદ્‌ભાવ હતો.

૩૨. ઉપરની હકીકત 'કચ્છ કલાધર' ગ્રંથના આધારે લીધી છે. (લેખક : શ્રી દુલેરાય કારાણી. પ્રકાશક : યતિશ્રી કેસરીચંદ્ર. ચારિત્ર રત્નાશ્રમ, સોનગઢ, સૌરાષ્ટ્ર)

પોતે સ્વયં પૂર્ણકામ છે, સાક્ષાત્ પરમાત્મા છે પરંતુ પરમાત્મા પ્રત્યેની ભક્તિની શિક્ષા આપવા ઉપવાસ કર્યો. यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः । શ્રેષ્ઠ પુરુષના આચરણનું અન્ય અનુકરણ કરે છે. તેથી તેમના જીવનમાં આચરણશુદ્ધિ અને આચરણધર્મના પ્રસારણનો ભાવ હોવો જ જોઈએ.

મધ્યાહ્ને શ્રીહરિએ રામચંદ્ર ભગવાનની મૂર્તિનું વિધિવત્ પૂજન કર્યું. ત્યારબાદ શ્રીહરિએ વર્ણીઓ, સાધુઓ તથા બ્રાહ્મણોનું પણ પૂજન કર્યું.

રાત્રે દસ ઘડી વીત્યા બાદ શ્રીહરિના જન્મનો ઉત્સવ થયો. હરિભક્તોએ શ્રીહરિનું કેસર મિશ્રિત ચંદનથી પૂજન કર્યું, પુષ્પના હાર ધરાવ્યા અને સૌએ શ્રદ્ધાપૂર્વક ભેટ આપી. ત્યાગી હરિભક્તોએ પણ શ્રીહરિનું ચંદન-પુષ્પહારથી પૂજન કર્યું. આવી રીતે શ્રીહરિનો જન્મોત્સવ ઊજવી સૌ ભક્તિભાવમાં તરબોળ થઈ ગયા.

આ પ્રસંગે જગજીવન મહેતાનાં પત્ની પ્રભાવતી પણ આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યાં હતાં. તેમને સુંદરજીભાઈનાં પત્ની પૂજીબાના પ્રસંગથી શ્રીહરિનો મહિમા સમજાયો હતો અને તેમને પ્રગટ પુરુષોત્તમ જાણી તેમનો આશ્રય કર્યો હતો. દૂર ઊભાં રહી બે હાથ જોડી સ્તુતિ કરતાં પ્રભાવતીને શ્રીહરિએ પાસે બોલાવ્યાં. સંતો ત્યાંથી દૂર ખસી ગયા.

શ્રીહરિએ પ્રભાવતીને કહ્યું : ''તમે મારો આશ્રય કર્યો છે તો હવે કોઈ ચિંતા કરશો નહિ. તમારા પતિ તો આસુરી બુદ્ધિવાળા છે, તેમનું શ્રેય કરવાનો અમે વિચાર કરીએ તો પણ તેમનો આસુરભાવ તેમના શ્રેયના માર્ગમાં આડો આવવાનો જ. વછનાગના છોડને સાકરનું પાણી પાવાથી તે ઝેર મટી જતું નથી.''

પ્રભાવતી આ સાંભળી ગદ્ગદ થઈ ગઈ. પોતાના પતિના શાક્તપંથના સંસ્કાર તે જાણતી હતી. તે રૂઢ થયેલા સંસ્કાર કદી નાશ પામવાના જ નથી તેની તેને પણ ખાતરી હતી. તેથી એ ક્ષુલ્લક દેહના સંબંધને અવગણીને પોતાના શ્રેયની સાધના કરવાનો તેણે નિશ્ચય કરી લીધો.

બીજે દિવસે સવારે પ્રાતઃવિધિથી પરવાર્યા બાદ શ્રીહરિએ આ ઉત્સવ-પ્રસંગે દેશોદેશથી આવેલા હરિભક્તોને, સંતોને પોતે જાતે પીરસી જમાડ્યા. સૌને પોતાનાં દર્શનથી અને પોતાની પ્રસાદીથી અતિ તૃપ્ત કરી દીધા. ત્યારબાદ સર્વે હરિભક્તોએ ફરી શ્રીહરિનું પૂજન કર્યું અને ભીને હૈયે શ્રીહરિની વિદાય લીધી.

બીજે દિવસે શ્રીહરિ ધમડકા પધાર્યા. અહીંના રાજા લુબ્ધજીતના

દરબારમાં ઉતારો કર્યો. તે રાજાના પુત્રો કલ્યાણસિંહ, ઇન્દુજી, રામસિંહ અને રાયધણજી શ્રીહરિની સેવામાં જોડાઈ ગયા. કરણીબાએ પણ શ્રીહરિની ભક્તિભાવથી સેવા કરી.

શ્રીહરિ ધમડકા બે દિવસ રહ્યા. ત્યાંથી નીકળી ભચાઉ પધાર્યા. અહીંના ભક્તો જયરામ, કરમણ તેમજ દેવિકા વગેરે સ્ત્રી ભક્તો પણ શ્રીહરિની ભક્તિપૂર્વક સેવાશુશ્રૂષામાં પ્રવૃત્ત થઈ ગયાં. શ્રીહરિના સંબંધથી, સેવાથી, ભક્તિથી તેઓ સૌ કૃતકૃત્ય થઈ ગયાં.

શ્રીહરિ ભચાઉમાં પણ બે દિવસ રહ્યા અને ત્યાંથી નીકળી કંથકોટ પધાર્યા. કંથકોટમાં મૂળજી, કચરા વગેરે ભક્તો તેમજ વાયવી, હરિબાળા એ આદિ સ્ત્રી ભક્તોને પણ શ્રીહરિની સેવાનો લાભ મળ્યો. અહીં શ્રીહરિ એક દિવસ રહ્યા. પછી ત્યાંથી સમુદ્રની ખાડી ઊતરી જોડિયા બંદર પધાર્યા.



ઉદ્ગીથ ૭

સોરઠ-હાલારમાં વિચરણ

(આ.સં. ૧૮૬૦-૬૧, ઈ.સ. ૧૮૦૪)

શ્રીહરિ જોડિયા બંદરથી ધ્રોળ અને સરપદડ થઈને રાજકોટ પધાર્યા. અહીં આજી નદીમાં ગામથી અગ્નિખૂણે રામનાથ મહાદેવનું મંદિર છે. તે સ્થળે બહુ વિપ્રો સ્નાન કરતા હતા. શ્રીહરિએ પણ ત્યાં સ્નાન કર્યું. પછી મહાદેવના મંદિરમાં આવી સંધ્યાવંદન કર્યું. થોડી વારે માહેશ્વર ભટ્ટ નામના બ્રાહ્મણ ત્યાં આવ્યા. તેમણે શ્રીહરિને કેટલાક પ્રશ્નો પૂછ્યા. શ્રીહરિએ તેના સંતોષકારક ઉત્તર કર્યા એટલે તેને લાગ્યું કે આ પવિત્ર પુરુષ છે અને વિદ્વાન પણ છે. ઉંમર નાની છે પણ પ્રતિભા મોટી છે.

એટલામાં ત્યાં રાઘવજી રાજપૂત ગરાસિયા આવ્યા. તે પણ શ્રીહરિની દિવ્ય પ્રતિભામાં ખેંચાયા. તેમણે તથા માહેશ્વર ભટ્ટે શ્રીહરિને આગ્રહ કર્યો કે આપ ગામમાં પધારો. તેમના આગ્રહથી શ્રીહરિ ગામમાં પધાર્યા. પરંતુ રોજા દાવલની આંબલિયો જોઈ તે સ્થાનને ઉત્તમ જાણી શ્રીહરિએ ત્યાં આસન કર્યું. માહેશ્વર ભટ્ટ પોતાને ઘેરથી શ્રીહરિ માટે ભોજન લઈ આવ્યા. બાલમુકુન્દને થાળ ધરાવી શ્રીહરિ જમ્યા. તેમની જમવાની રીતમાં પણ તેને અલૌકિકપણું લાગ્યું. તેને પ્રતીતિ થઈ કે આ કોઈ દિવ્ય વિભૂતિ જણાય છે.

ત્યાંથી શ્રીહરિ માંખાવડ થઈને લોધિકા પધાર્યા. લોધિકામાં રાત રહ્યા અને ત્યાંથી મેંગણી પધાર્યા.

શ્રીહરિ એકાકી વિચરતા હતા. તેમને મુમુક્ષુઓને શોધીને ભેગા કરવા હતા, એકાંતિક ધર્મના સ્થાપન માટે તૈયાર કરવા હતા. તેમની પ્રતિભામાં કેટલાક આકર્ષાતા જ્યારે કેટલાક તેમની ઉપેક્ષા પણ કરતા. પરંતુ તેમના અંતરમાં તે એકેય ભાવને તેઓ સંઘરતા નહિ.

મેંગણીથી શ્રીહરિ કંડોરડે પધાર્યા. કંડોરડેથી નીકળી ફણેણી પધાર્યા.

ફણેણીથી બીજે દિવસે નીકળી જમનાવડમાં દરબાર દાદાભાઈને ત્યાં શ્રીહરિ એક રાત રહ્યા. ત્યાંથી નીકળી વડાળ થઈ શ્રીહરિ જૂનાગઢ પધાર્યા. અહીં પંચાળાના દરબાર દાદાભાઈની હવેલીમાં શ્રીહરિ ઊતર્યા. પાંચીબાઈએ શ્રીહરિ માટે સીધાંની સામગ્રી મોકલી. વિપ્રે શ્રીહરિ માટે રસોઈ બનાવી અને શ્રીહરિને ભાવપૂર્વક જમાડ્યા.

જૂનાગઢમાં માયાની ઉપાધિ

શ્રીહરિ અહીં કાળવાને કાંઠે આસોપાલવ નીચે સભા કરતા. તેમાં પ્રશ્ન-ઉત્તર પણ થતા. શ્રીહરિના અપૂર્વ પ્રતાપને સહન ન કરી શકનાર અન્ય મતવાદીઓ તેમનો પરાભવ કરવાની અનેક યુક્તિઓ કરતા. અડદ મંતરીને પણ શ્રીહરિ ઉપર નાખતા, કામણટૂમણ પણ કરતા. છતાં પરમાત્મા પાસે આ ક્ષુદ્ર પ્રયોગો કામયાબ નીવડતા નહિ.

શ્રીહરિ અહીં સભા ભરીને બિરાજ્યા હતા. ત્યારે દ્વેષીઓએ એક સીદણને પુરુષના વેશમાં સભામાં મોકલી. અંતરયામી શ્રીહરિ આ જાણી ગયા અને સંતોને સાન કરી એટલે સંતો સૌ સભામાંથી ઊઠી દૂર જઈ બેઠા. સીદણે આ જોયું. તેનું કપટ બહાર પડી ગયું. તેણે તરત જ પોત પ્રકાશ્યું : “અરે સ્વામિનારાયણ ! આ બધા મારાથી દૂર જાય છે પણ તેમનો જનમ તો સ્ત્રી થકી જ થયો છે.”

માયા પરના પુરુષોને જગતની દૃષ્ટિથી ઓળખી ન શકાય એટલે જગતના જીવોની તો આવી જ ભાષા હોય.

શ્રીહરિએ તેને કહ્યું : “એ બધા તો માયા પરના દિવ્યધામના પુરુષો છે, અજન્મા છે. તેમને માયાની ગંધ આવે છે તેથી તેઓ દૂર નાસે છે.”

સીદણને આ ભાષા સમજાય તેમ ન હતું. તેણે ત્યાં ધમાલ મચાવી. શ્રીહરિએ જાણ્યું કે માયા હવે પેટ કૂટે છે કે આ બધા જીવો મારા હાથમાંથી ગયા. તેમણે વિચાર્યું કે આ વખતે તો આંહીંથી નીકળી જવું. પણ ફરી જૂનાગઢ આવી માયાને માથે પગ મૂકીને દિગ્વિજય કરવો છે.[૩૩]

✧

શ્રીહરિ જૂનાગઢથી નીકળી વંથળી પધાર્યા. અહીં પાંચા પટેલને ત્યાં

૩૩. ભક્તશિરોમણિ ઠાકોર શ્રી ઝીણાભાઈ; પાન ૬૩. લેખક-સંપાદક : શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી, જૂનાગઢ. પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ, જૂનાગઢ, સને ૧૯૬૨.

ઊતર્યા. પૂજીબાઈએ થાળ કરાવ્યો અને મહારાજ જમ્યા.

પછી ત્યાંથી મેઘપુર પધાર્યા. અહીં સોની જેસંગભાઈને ઘેર ઊતર્યા. નારણજી મહેતાની સ્ત્રી રુકમાઈએ રસોઈ કરી. શ્રીહરિ જમ્યા.

ત્યાંથી નીકળી નરસિંહ મહેતાને ઘેર પીપલાણા પધાર્યા. અહીં તેમનાં ધર્મપત્ની લાડુબાઈએ થાળ કર્યો. શ્રીહરિનાં દર્શન અને સેવામાં જ આ ભક્તોને તેમના સાક્ષાત્કારના સુખનો અનુભવ થતો હતો. તેમનાં ઇન્દ્રિયો, અંતઃકરણ શ્રીહરિના સ્વરૂપમાં તદાકાર થઈ ગયાં હતાં. તેમને નિત્ય તેમના સ્વરૂપનો જ આલોચ હતો.

શબરીએ સાઠ વર્ષ સુધી રામચંદ્ર ભગવાનની રાહ જોઈ હતી. સાઠ વર્ષ સુધી બોર વીણીને, ચાખીને મીઠાં બોર ભગવાન માટે સાચવી રાખતી, સાંજે નિરાશ થઈ બાળકોને આપી દેતી. એક દિવસ તેની આશા ફળી. ભગવાન પધાર્યા. શબરીનાં એઠાં બોર જમ્યા. શબરી ભગવાનનાં દર્શનમાં તલ્લીન થઈ ગઈ હતી. સાઠ વર્ષ સુધી ઇન્દ્રિયો, અંતઃકરણ જે સ્વરૂપની ઝંખનામાં રત બની ગયાં હતાં તેને ફક્ત આટલું અલ્પ સુખ તે સાઠ વર્ષની પ્રતીક્ષાનું ફળ હતું. તેથી ભગવાનનાં દર્શનમાં અને સેવામાં તે ખોવાઈ ગઈ હતી.

સ્વસ્વરૂપનો ભાવ અદૃશ્ય થાય ત્યારે જ ભગવાનના સ્વરૂપનું યથાર્થ સુખ આવે. શ્રીહરિ જ્યાં જ્યાં પધારતા ત્યાં ભક્તો તેમના સ્વરૂપમાં અપૂર્વ ભક્તિ-ભાવથી લીન થઈ જતા. તેમને એ જ સુખ હતું, શ્રીહરિનો એ જ પ્રભાવ હતો.

કાલવાણીમાં ભીમ એકાદશીનો સમૈયો : આ.સં. ૧૮૬૦

આખાથી મઢડા અને અગત્રાઈ થઈ શ્રીહરિ કાલવાણી પધાર્યા. અહીં ભીમ એકાદશીનો ઉત્સવ થવાનો હતો. તેથી ગુજરાતથી પણ સારી સંખ્યામાં હરિભક્તો આવ્યા હતા. સંતો પણ આવ્યા હતા. એકાદશીના આ પર્વમાં તો ઇન્દ્રિયો, અંતઃકરણના ઉત્સવ જુદા પ્રકારના હોય. તેમને જગતના વિષયમાંથી તોડી પરમાત્માના દિવ્ય સ્વરૂપમાં જોડવાના હોય. પંચજ્ઞાનેન્દ્રિયો અને ચાર અંતઃકરણ જ્યારે પ્રત્યક્ષ પ્રભુના સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે જોડાય છે ત્યારે તેમની મલિનતા ટળી જાય છે. આ યોગયજ્ઞ કહેવાય. શ્રીહરિએ તે દિવસે આ પ્રકારના યોગયજ્ઞમાં સૌને પ્રવૃત્ત કરી દીધા. શ્રીહરિની દિવ્ય મૂર્તિનું સાન્નિધ્ય, તેમનું દર્શન, તેમની વાતો - આ બધું એટલું બધું દિવ્ય હતું, આકર્ષક હતું કે સમૈયામાં આવેલા સંતો-હરિભક્તોને બીજા કોઈ સુખની અપેક્ષા ન રહી. દિવસ આ રીતે

વીત્યો. રાત્રિ અખંડ ભજન કરતાં વીતી.

બારશની સવારે સૌ નિત્યવિધિથી પરવાર્યા અને શ્રીહરિએ તેમને ભાવતાં ભોજન જમાડ્યાં. શ્રીજીમહારાજે સંતો પાસે તપ કરાવ્યું અને પોતાની મૂર્તિનું અનુસંધાન રખાવી યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞનું મહત્ત્વ પણ સમજાવ્યું. તે જ રીતે મિષ્ટ ભોજનો પણ જમાડ્યાં. તેમાં સ્વાદ તો પોતાની મૂર્તિનો જ લેવાનું શીખવાડ્યું. ભગવાનને મૂકીને સ્વાદમાં, સ્નેહમાં, માનમાં, શબ્દમાં કે સ્પર્શમાં આસક્ત બનવું તેને મહારાજે મોટું પાપ કહ્યું છે.

શ્રીજીમહારાજની રીત અનોખી હતી. તેમને પોતાના ભક્તનું મન અનાસક્ત કરી દેવું હતું અને અનાસક્ત થયેલા તે મનમાં પોતાની મૂર્તિ પધરાવી દેવી હતી. યોગનો આ ઉચ્ચતમ પ્રકાર છે. પછી તેને ગમે તે શબ્દોથી કહીએ પણ તે સાધનાને માર્ગે જે ચાલ્યા હોય અને સિદ્ધ થયા હોય તે જ આ ઉચ્ચતમ માર્ગના અનુભવનો આનંદ માણી શકે છે. આ આનંદથી, આ દિવ્ય રંગથી શ્રીહરિએ સૌનાં અંતર રંગી દીધાં. કારણ પોતે रसौ वै सः હતા.

શ્રીહરિના સંતોને ભેખે કરેલી ઉપાધિ

શ્રીહરિ સંતોને મળ્યા અને એમનું હૈયું હરખ્યું. પરંતુ તેમનો કૃશ દેહ દેખી શ્રીહરિનું અંતર દુખાયું. તેમણે સંતોને પૂછ્યું : "સંતો ! દેહે અને અંતરે કુશળ છો ને ?"

ત્યારે સંતોએ કહ્યું : "મહારાજ ! અંતરે તો કુશળ છીએ."

શ્રીહરિ આ શબ્દનો મર્મ સમજી ગયા. તેમણે પૂછ્યું : "દેશકાળ કેવા વર્તે છે ?"

ત્યારે સાધુઓએ કહ્યું : "મહારાજ ! વેરાગીઓ બહુ જ દુઃખ દે છે."

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : "વિગતથી વાત કહો તો કાંઈ ખબર પડે."

એટલે આનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપે અમને બોચાસણ મોકલ્યા. ત્યાં કથાવાર્તા કરી અમો ડાકોર ગયા. ત્યાં વેરાગીઓની પંક્તિમાં અમે જમવા બેઠા. તે વખતે મેં ચાર સંપ્રદાયની 'જય' બોલાવી. પણ તેમાં એક ધૂર્ત બાવો હતો. તેણે કહ્યું : 'આ તો જીવનમુક્તાના સાધુ છે માટે કોઈએ 'જય' બોલવી નહિ.' ત્યારે વળી બીજો બાવો બોલ્યો : 'જીવનમુક્તાના સાધુ છે તેથી શું થયું ? 'જય' તો ચારેય સંપ્રદાયની બોલાવે છે ને ?' તે સાંભળી બીજા રોષે ભરાયા અને અંદર અંદર મારામારી થઈ. અમે તો જમીને ત્યાંથી નીકળી જ

ગયા એટલે ઊગર્યા.''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. 'જય' બોલાવવામા પણ તકરાર ? જીવનમુક્તાના સાધુ અહિંસા, બ્રહ્મચર્ય આદિ ધર્મ પાળે, ભક્તિ કરે. તેઓ 'જય' બોલાવે તેનો નિષેધ અને જેને નિયમ, ધર્મ કશાનું ઠેકાણું નથી તેને એ અધિકાર ! તેમણે વિચાર્યું કે આવા પાખંડીઓ અને તેમણે ચલાવેલો પાખંડ ધર્મ આજે વિશેષપણે ભારતભરમાં પ્રવર્તી રહ્યો છે. ભોળા લોકો સાધુનો સ્વાંગ જોઈ ફસાય છે. અંતરમાં સાધુતા છે કે નહિ તે જોવાની તેમની પાસે દૃષ્ટિ નથી. લોકોનું આ અજ્ઞાન ધૂર્તોને ફાવી ગયું હતું. તે અજ્ઞાનને જીવનમુક્તાના સાધુ હઠાવતા હતા તે તેમને સાલતું હતું.

શ્રીહરિને આમ વિચાર કરતા જોઈ આનંદ સ્વામીએ કહ્યું : ''પ્રભુ ! અમે ત્યાંથી કાનમ દેશ ફરી વીસલનગર ગયા. ત્યાં વેરાગી બાવાઓનાં ઝુંડ અમને મળ્યા. ભાગ, ગાજા અને ચરસથી ચકચૂર થયેલા આ વેરાગીઓ અમને જોઈને અમારી પાસે ધસ્યા. ગડદા, પાટુ, ગેડી, લાકડી જે સૂજ્યું તે વડે અમને મારતા જાય અને બોલતા જાય : 'લોકોને ભાંગ, ગાંજો કેમ છોડાવો છો ? અમારા ચેલાઓને કેમ મૂંડિયા બનાવી દ્યો છો ?' આમ, અન્ન તો ખાવા ન મળ્યું પણ ઊલટાનો માર ખાવાનો મળ્યો. પણ અમને સંતોષ થયો કે આ રીતે પણ વેરાગીઓએ તેમનો રોષ ઉતાર્યો.

''ત્યાંથી અમે ધ્રાંગધ્રા આવ્યા. ત્યાં ચાર-પાંચ દિવસ રહ્યા. થોડી શાંતિ મળી. પણ ત્યાંથી નીકળ્યા અને રસ્તામાં ચાર વેરાગી મળ્યા. તેમણે પાછો માર માર્યો. પુસ્તક, તુંબડાં લૂંટી લીધાં. અમારી બધાની આ દશા જોઈ દેવીવાળા મગનીરામ (અદ્વૈતાનંદ) ઉશ્કેરાયા. તેમણે મને કહ્યું : 'સ્વામી ! આજ્ઞા આપો. આ બબ્બેનાં માથાં સામસામાં અફાળીને ફોડી નાખું.' એટલે મેં તેમને કહ્યું : 'એ એમનો ધર્મ છોડતા નથી અને આપણે આપણો સાધુનો ધર્મ છોડવો નહિ. આવા વિચારો કરશો તો અમારા મંડળમાં નહિ રહેવા દઈએ.' એટલે એમણે તરત માફી માગી લીધી. આમ, જ્યાં જ્યાં ગયા ત્યાં વિરોધનો વંટોળ સામે જ આવતો.''

બીજા સદાવ્રત આપતા સંતોએ પણ પોતાની વીતક કહી : ''તમારાં સદાવ્રતો અમે તોડશું ત્યારે જ અમે જંપીને બેસશું. તમારો પંથ વધારવા સદાવ્રત આપો છો.''

આ બાવાઓને જીવનમુક્તાનો પંથ વધતો હતો તેની સામે વાંધો હતો. લોકો સદાચારી બની ભક્તિ કરતા થાય, દુરાચાર કે વ્યસન છોડે તે તેમને

ખપતું ન હતું. પરમાત્માની ભક્તિ થતી હોય તે જોઈ ન શકે, તેનું પ્રસારણ થતું હોય તે ખમી ન શકે, એવા ધગેલ હૈયાના માનવી ભગવામાં હોય કે પ્રતિષ્ઠિતપણાનું બિરુદ લઈ ધર્મની ધજા ફરકાવતા હોય, છતાં ભાગવતધર્મના તેઓ શત્રુ છે અને ધર્માભિમુખ થવા ઇચ્છતા સમાજના પણ તેઓ શત્રુ છે.

શ્રીહરિએ આ સાંભળી નિશ્ચય કરી લીધો. તેમણે સંતોને કહ્યું : “તેઓ આપણાં સદાવ્રત ભાંગે તે પહેલાં આપણે જ સદાવ્રત બંધ કરી દઈએ અને સુખે માળા ફેરવીએ. તમારા માળારૂપી શસ્ત્રથી લોકોના અંતરનો અધર્મ ટળી જશે.”

એટલું કહીને શ્રીહરિ થોડી વાર અટક્યા. પછી બોલ્યા : “પણ સાંભળો સંતો ! આટલું કરીને આપણે સંતોષ માનવાનો નથી. આપણે ગામડે-ગામડે, ખેતરે-ખેતરે અને ઝૂંપડે-ઝૂંપડે ફરવાનું છે, લોકોને નિર્વ્યસની કરવાના છે, ધર્મ અને નીતિને માર્ગે વાળી તેઓ પરમાત્માની ભક્તિ કરે તેવા ચોખ્ખા તેમને કરવા છે. સમાજને શુદ્ધ કરવો છે. પરતુ જેમ આપણી દૃઢતા છે, તેમ વિરોધીઓની પણ એવી જ દૃઢતા છે, માટે ધીરજ રાખજો. તેમના વિરોધની જ્વાળા આપણા સુવર્ણકળશને વધુ પ્રકાશિત કરશે.”

શ્રીહરિનાં વચન ઉપર મરજીવા થયેલા આ સંતોએ શ્રીહરિનાં આ અમૃતવચનો ઘૂંટી ઘૂંટીને પી લીધાં. તેમણે નક્કી કરી લીધું : अर्थं साधयामि वा देहं पातयामि । આ તો મરજીવાનો માર્ગ છે. શ્રીહરિએ સંતોની ધીરજ જોઈ લીધી. મનમાં આનંદ પામ્યા કે ખમીર તો ઉત્તમ ઘડાયું છે.

✧

શ્રીહરિ કાલવાણીથી નીકળી માંગરોળ, લોજ થઈને પંચાળા ઝીણાભાઈના દરબારમાં પધાર્યા. ઝીણાભાઈ અર્થાત્ હેમંતસિંહજીના પિતા મનુભા તથા કાકા સુજાનસિંહ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. સુજાનસિંહ જમનાવડના દરબાર હતા. પ્રથમ શ્રીહરિ રામાનંદ સ્વામી સાથે પંચાળા પધાર્યા હતા ત્યારથી જ ઠાકોર ઝીણાભાઈને તેમના પ્રત્યે આકર્ષણ થયું હતું. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી શ્રીહરિના અદ્‌ભુત ઐશ્વર્ય પ્રતાપની વાતો સાંભળી ઠાકોર ઝીણાભાઈને શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ હતી. માંગરોળમાં શ્રીહરિએ કરેલા ઉત્સવમાં તેઓ ગયા હતા અને શ્રીહરિનાં દર્શનથી તથા તેમની કૃપાથી હજારો મુમુક્ષુઓને થતી સમાધિ જોઈ શ્રીહરિના પરમાત્મસ્વરૂપનો નિશ્ચય તેમને થયો હતો. તેમનાં માતુશ્રી ગંગાબા તથા બહેન અદીબાને પણ શ્રીહરિના સ્વરૂપમા આવો ભાવ હતો.

અદીબાએ વિપ્ર લાડકીબાઈ પાસે થાળ કરાવ્યો અને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા. શ્રીહરિ તેમનો ભાવ જોઈ એક રાત રહ્યા અને બીજે દિવસે સવારે નીકળી આખા, પીપલાણા થઈને મેઘપુર જવા નીકળ્યા.

મેઘપુર જતાં રસ્તામાં શ્રીહરિએ તેમના પાર્ષદ મૂળજીને બોલાવીને કહ્યું : "મૂળજી ! આ દર્શન કરી લે, આ મૂર્તિ અંતરમાં ઉતારી લે. આપણે મેઘપુર જઈએ છીએ. ત્યાં ઉપાધિ થાય તો પણ શાંતિ રાખજે." એમ કહી મહારાજે પ્રભાતના સૂર્ય તરફ જોયું અને બોલ્યા : "આ સૂર્ય રુધિરનો ભર્યો હોય એવો રાતો આજે કેમ દેખાય છે ?" પણ શ્રીહરિના આ વાક્યનો મર્મ કોઈ સમજી શક્યા નહિ.

શ્રીહરિ મેઘપુરમાં પધાર્યા. તેમને ત્યાં રોકાવાની ઇચ્છા ન હતી. પરંતુ અમરસિંહ ભાટે બહુ જ આગ્રહ કર્યો. શ્રીહરિએ તેમને કહ્યું : "અમરસિંહ ! આ તમારો દુરાગ્રહ છે. આ ગામમાં વેરાગી બાવા આપણા દ્વેષી છે અને અમે જો રોકાશું તો જરૂર અનર્થ કરશે."

પરંતુ અમરસિંહ માન્યા નહિ અને શ્રીહરિ તેના ઘેર પધાર્યા. તેની પુત્રી લાડકીબાને સમાધિ થતી. કેટલીક વાર ભવિષ્યનું તે જાણી પણ જતી. આજે પણ તેને થયું કે જરૂર કાંઈ અનિષ્ટ થવાનું છે. તેના મુખ ઉપર શ્રીહરિ પધાર્યા છતાં શ્યામતા છવાઈ ગઈ હતી.

શ્રીહરિએ ઉતારો કર્યો, સ્નાનવિધિથી પરવાર્યા. મૂળજી નદીએ સ્નાન કરવા જતો હતો. મહારાજે તેને કહ્યું : "મૂળજી ! જતાં અને આવતાં ભજન કરજે, શાંતિ રાખજે, ક્રોધ કરીશ નહિ."

મૂળજીને મહારાજના આ શબ્દો રોજના ઉપદેશ જેવા લાગ્યા. તે સ્નાન કરીને આવતો હતો ત્યારે ગામના ચોરામાં ભાટ લોકો અને વેરાગીઓ બેઠા હતા. તેમણે મૂળજીની મશ્કરી કરી. પરંતુ મૂળજી કાંઈ બોલ્યો નહિ. છેવટે તેને ઉશ્કેરવા શ્રીહરિ માટે પણ અસભ્ય શબ્દો કહેવા માંડ્યા. આ સાંભળી મૂળજીને રીસ ચડી. તે તરત જ ચોરા ઉપર ચડ્યો અને કેડ્યેથી તલવાર કાઢી વેરાગીના મહંતને એક ઝાટકો માર્યો. મહંતના બે કટકા થઈ ગયા અને ચોરામાં બેઠેલા બાવાઓના અંતરમાં અગ્નિની જ્વાળા પ્રગટી. મૂળજી તો ત્યાંથી કૂદકો મારી ભાગ્યો. બાવાઓ તેની પાછળ દોડ્યા. અમરસિંહના દરબારની ઓસરીમાં મહારાજ જમવા માટે બિરાજ્યા હતા. લાડકીબા પીરસતાં હતાં. મહારાજે ગઢની રાંગ ઉપર રીડિયા અને ગોકીરા સાંભળ્યા : "મારો, કાપો', 'મારો, મૂળજીના કટકા કરી નાખો', 'સ્વામિનારાયણને પકડો'."

મહારાજે અમરસિંહને કહ્યું : "કાંઈક ધમાલ થઈ હોય એવું લાગે છે."

અમરસિંહ પણ આ ગોકીરો સાંભળી મૂંઝાયા. મહારાજે તરત જ ચળુ કરી લીધું. અમરસિંહને કહ્યું : "અમરસિંહ ! અમારો ઘોડો આ ઓસરી ઉપર લાવો."

અમરસિંહે મહારાજના ઘોડાને ઓસરી ઉપર ચડાવ્યો. ઓસરી અને ગઢની રાંગ વચ્ચે પંદર હાથનું અંતર હતું. ઓસરી પણ ઊંચી અને પંદર-વીસ હાથ પહોળી હતી. મહારાજ ઘોડા ઉપર સવાર થઈ ગયા અને ઘોડાના પેટમાં પેંગડું માર્યું અને ઘોડો ઝાડ થઈ ગયો. ત્યાંથી કૂદ્યો અને ગઢની રાંગ ઓળંગીને દસ હાથ દૂર પડ્યો. મહારાજે તરત જ ચોકડું ઢીલું કર્યું, ઘોડાને લગામ મારી અને ઘોડો ત્યાંથી ગરુડના વેગે ચાર પગે દોડ્યો. ગઢની રાંગને ઘેરીને ઊભેલા બાવા બધા મહારાજને જતા જોઈ રહ્યા. તેમણે જાણ્યું કે સ્વામિનારાયણને હવે આંબી શકાય તેવું નથી તેઓ હતાશ થઈ ગયા.

મૂળજીની પાછળ પડેલા બાવાઓ પણ મૂળજીના વેગથી તેમને કોઈ રીતે પકડી શકે તેમ ન હતું. તેથી તેમણે ત્યાંથી જ બૂમ મારી : "મૂળજી ! તું આગળ વધે તો તને 'સ્વામિનારાયણ'ની આણ છે."

આ સાંભળી મૂળજી ત્યાં જ ઊભા રહી ગયા. બાવાઓ પાસે આવી ગયા અને મૂળજી ઉપર તેમણે પ્રહાર કર્યો. મૂળજી ત્યાં ઢળી પડ્યા. બાવાઓ અમાનુષી ઉન્માદમાં પાછા ફર્યા.

મહારાજ તો બહુ દૂર નીકળી ગયા હતા. પરંતુ તેમણે દૂરથી આ જોયું. મૂળજી ભક્તને ઘવાયેલા જોઈને તેમનું હૈયું પણ ઊકળી ઊઠ્યું. જ્યાં મૂળજી પડ્યા હતા, ત્યાં મહારાજ આવ્યા. અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. મૂળજી ભક્ત મહારાજનું સ્મરણ કરતા હતા. તેમનાં બધાં જ ગાત્રો નિર્જીવ બની ગયાં હતાં. ફક્ત આંખમાં ચૈતન્ય હતું. મહારાજનાં દર્શન કર્યાં અને તેણે આંખો ઢાળી દીધી.

એટલામાં ત્યાં અમરસિંહ ભાટ તથા બીજા ભક્તો અને પાર્ષદો આવી પહોંચ્યા. મૂળજી મરાયા એટલે સૌનાં અંતરમાં ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો. પરંતુ મહારાજે તેમને શાંત કર્યા. મહારાજે તેમને કહ્યું : "ધર્મના પ્રસ્થાપન માટે અધર્મનું જોર વૃદ્ધિ પામે છે. આવું બનતું આવ્યું છે. માટે કોઈ શોક કરશો નહિ. આ કુગ્રામમાં આપણે હવે આવવું નહિ." એટલું કહી મહારાજ તેમના પાર્ષદો અને સંતો-હરિભક્તો સાથે ત્યાંથી નીકળી માણાવદર પધાર્યા.[૩૪]

---

૩૪. મેઘપુરના હરિભક્તો આ પ્રસંગ આ રીતે જ કહે છે. તેમની પાસેથી સાંભળીને જ આ રીતે અહીં આલેખ્યો છે.

માણાવદરથી ઝીંઝરી થઈને શ્રીહરિ ગણોદ પધાર્યા. અહીંના દરબાર ખેંગારજીભાઈ, મોડજીભાઈ તથા ભગવાનજીભાઈ ભાવિક હતા. પૂર્વના અતિબલિષ્ટ સંસ્કારવાળા હતા તેથી શ્રીહરિ તેમના દરબારમાં જ ઊતર્યા. દરબારે તરત જ ગામના વિપ્ર ભીમજીભાઈ તથા દેવરામને બોલાવ્યા. આ બન્નેને પણ શ્રીહરિના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હતો. તેમણે શ્રીહરિ માટે ઉત્તમ રસોઈ બનાવી. શ્રીહરિ તથા તેમના સંતોને જમાડ્યા. ભાદરતટે આવેલા તેમના બાગમાં સાંજે સભા કરી. શ્રીહરિએ અદ્‌ભુત વાતો કરી. રાત્રે સંતમંડળ સાથે રાસ રમ્યા. ગણોદમાં પોતાના ભક્તોને અલૌકિક સુખ આપ્યું. એ બાગમાં જ રાત્રે શ્રીહરિ પોઢી ગયા. એ રીતે એ બાગને મહાપ્રસાદીમય બનાવી તીર્થનું ધામ બનાવી દીધો.

ગણોદથી નીકળી શ્રીહરિ જાળિયા પધાર્યા. અહીં સાંગા બાબરિયાને ઘેર ઊતર્યા. સાંગા બાબરિયાની સ્ત્રી રતનબાઈની નસોમાં પણ શુદ્ધ સત્સંગનું લોહી વહેતું હતું. આજે અણતેડ્યા પ્રભુ પધાર્યા તેથી તેના આનંદનો પાર ન રહ્યો. તેણે ગામમાં જઈ વિપ્રને રસોઈ કરવા બોલાવ્યા. શ્રીહરિ પધાર્યા છે તે વાત સાંભળી ગામના ભાવિક ભક્તો નાથાભાઈ લુવાણા તથા ખીમજી, હીરજી, મકનજી અને ભગવાન વગેરે ત્યાં આવી પહોંચ્યા. શ્રીહરિ તથા સંતોની સરભરામાં સૌ લાગી ગયા.

બાબરિયાના ફળિયામાં પીપળો હતો. ત્યાં હિંડોળો બાંધ્યો. શ્રીહરિ તે ઉપર બિરાજ્યા. સૌ હરિભક્તો શ્રીહરિને હિંચોળવા લાગ્યા. તે સમયે શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. તેમને સૌને આ દિવ્ય દર્શનથી અહો ! અહો ! થવા લાગ્યું. બીજાને તેમના આ આચરણમાં ગાંડપણ દેખાયું. શ્રીહરિના સ્વરૂપમાં દિવ્યતા જોવાની દૃષ્ટિ કેવળ શ્રીહરિની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. થોડી વારે રસોઈ તૈયાર થઈ ગઈ અને શ્રીહરિ જમવા પધાર્યા. શ્રીહરિ જમ્યા પછી સંતોને પોતે જ પીરસ્યું.

આ અપ્રતિમ સેવા અને દિવ્ય દર્શનનો લાભ આપી શ્રીહરિ ત્યાંથી ઉપલેટા પધાર્યા. અહીં નદીતટ ઉપર વાડીમાં ઊતર્યા. કાનજી જોશીને ખબર આપી. તેણે રસોઈ કરી દીધી. બીજા હરિભક્તો વિપ્ર શવજી તથા ક્ષત્રિય નથુભાઈ, પટેલ કરસન, આહીર કરસન, ખવાસ ગોકળ તથા ગોવિંદ વગેરે સૌ શ્રીહરિની સેવામાં આવી ગયા. અચાનક શ્રીહરિ પધાર્યા એટલે સૌને ઇચ્છા થઈ કે ગામમાં પધારે અને સૌને દર્શનનું સુખ આપે, પધરામણીનો પણ લાભ મળે. શ્રીહરિએ તેમના સૌના મનોરથ પૂરા કર્યા.

પછી ત્યાંથી ગોંડળ દરબારના ભાઈ હઠીભાઈના આમંત્રણથી ધોરાજી પધાર્યા. ધોરાજીમાં લુવાણા ભગવાનભાઈને ઘેર એક રાત રહ્યા. દરબાર હઠીસિંહજીએ[૩૫] પણ પોતાના દરબારમાં પધરાવી શ્રીહરિની પૂજા-સેવાનો લાભ લીધો.

પછી શ્રીહરિ ત્યાંથી ફણેણી પધાર્યા. અહીં વેલા સોનીને ત્યાં રહ્યા. રામાનંદ સ્વામીનું આ પ્રસાદીનું ગામ. અહીં એમણે દેહ છોડ્યો. અહીંથી જ સ્વામિનારાયણના મંત્રજાપનો આદેશ પોતે આપ્યો, અહીં ધર્મસભા કરી. શ્રીહરિના સ્મૃતિપટ પર આ બધા પ્રસંગો તાજા થઈ ગયા. તેમને આ કામને વેગ આપવો હતો. તેઓ જ્યાં જતા ત્યાં લોકોનાં અંતર નિર્મળ થઈ જતાં. ધર્મ અને અધર્મનો ભેદ સમજાતો, ભક્તિને પંથે વળવાની પ્રેરણા મળતી. આ કાર્ય માટે તેમનું વિચરણ હતું. માનવીના બુઝાયેલા દીપકને તેમને પ્રગટાવવો હતો. એ દીપક પ્રગટશે નહિ ત્યાં સુધી માનવી પરમ સત્યને પંથે વળી શકશે નહિ. શ્રીહરિનું સાન્નિધ્ય, તેમની વાતુ, તેમના આશીર્વાદ, તેમના સંતોનો સમાગમ – આ બધાથી આ મહાન કાર્ય થતું જતું હતું. તેનો વેગ દેખાતો હતો.

ફણેણી શ્રીહરિ એક રાત રહ્યા. ત્યાં ગુંદાળે સમાચાર પહોંચી ગયા. ત્યાંના ભક્તો સોની આણંદજી, મીઠાભાઈ, કરમશી તથા લાખો કુંભાર, કેસરબાઈ વગેરે શ્રીહરિની સન્મુખ આવ્યાં. શ્રીહરિ પણ તેમને જોઈ હરખ્યા. તેમની સન્મુખ જે પગલાં કરે તેનો તેમને આનંદ હતો. શ્રીહરિને તેમણે ગામમાં પધરાવ્યા. દર્શન, સમાગમ અને સેવાનું સુખ લીધું.

ગુંદાળાથી નીકળી શ્રીહરિ જેતપુર પધાર્યા. અહીં વામન ભટ્ટને ઘેર ઉતારો કર્યો. દરબાર ઉન્નડ ખુમાણે પણ શ્રીહરિને પોતાના દરબારમાં પધરાવ્યા. શ્રીહરિના સ્વરૂપનો તેમને નિશ્ચય હતો. ભાદરના નીરમાં શ્રીહરિનું શેષશાયી સ્વરૂપ તેમણે જોયું હતું. રામાનંદ સ્વામીએ તેમને ધર્મધુરા સોંપી એ નિશ્ચય દૃઢ કરાવ્યો હતો. ઉન્નડ બાપુને લોભ હતો શ્રીહરિને રોકવાનો અને શ્રીહરિને લોભ હતો બીજા હરિભક્તોને લાભ આપવાનો.

શ્રીહરિ કહેતા : "વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું."

એવી ખબડદારી, એવો ખપ હોય તો જ શ્રીહરિના આ વિદ્યુતવેગી વિચરણનો લાભ મળે.

---

૩૫. ગોંડળ નરેશ દેવાજીના ભાઈ અને ગોંડળ રાજ્યના સેનાપતિ. તેઓ ઘણું ખરું ધોરાજીમાં જ રહેતા.

શ્રીહરિ ગોંડળમાં

શ્રીહરિ જેતપુરથી વીરપુર પધાર્યા. ગોંડળ નરેશ દેવાજી બાપુને આ સમાચાર મળ્યા એટલે તેમણે શ્રીહરિને ખાસ ગોંડળ પધારવા આમંત્રણ મોકલાવ્યું. તેમનો ભાવ જોઈ શ્રીહરિ ગોંડળ પધાર્યા. દેવાજી બાપુએ પોતાના લાવલશ્કર સાથે શ્રીહરિની સન્મુખ જઈ શ્રીહરિનું ભવ્ય સ્વાગત કર્યું. ગોંડળી નદીને કિનારે હાલ જ્યાં નવલખો છે ત્યાં સુંદર દેવાર્ચનના સ્થળમાં શ્રીહરિને ઉતારો આપ્યો. ગામના હરિભક્તો - ક્ષત્રિય ભક્ત ડોસાભાઈ, જેઠાભાઈ વિપ્ર, મીઠાભાઈ, રૂડા શેઠ, રાઘવજી, સુથાર જીવરામ, તેના પુત્રો દેવરામ, નારાયણ અને અજરામર, સુથાર જોધાભાઈ તથા રત્નાભાઈ, હરભમ, નારાયણ, વાઘજી, વાલજી, કડવાભાઈ, અર્જણભાઈ, દેવશીભાઈ, લખુજી, નાથજી, વાલજી વગેરે લુહાર ભક્તો તેમજ વણકર ભક્તો ગગો અને નારાયણ, જણસારી આંબાભાઈ તથા કાનજી અને મુસલમાન ભક્તો શેખજી અને જીવણ વગેરેને તથા બાઈઓ હરિભક્તોને પણ બોલાવ્યાં.

દેવાજી બાપુએ શ્રીહરિનું ચંદન, પુષ્પ, અત્તર વગેરેથી અર્ચન કર્યું. મેવા તથા મીઠાઈઓના થાળ ધર્યા. શ્રીહરિનાં ચરણકમળ છાતીમાં લીધાં. પોતાના ગુરુ મુક્તમુનિ તેમજ અન્ય સંતોની પણ તેમણે પૂજા કરી. ત્યારપછી સંતોએ કીર્તન-ઉત્સવ કર્યો.

શ્રીહરિ તથા સંતો માટે તેમણે વિપ્રો પાસે રસોઈ કરાવી હતી. શ્રીહરિને તથા સંતોને પોતાના દરબારગઢમાં પધરાવવા માટે દેવાજી બાપુ શણગારેલો હાથી, રથ, પાલખીઓ વગેરે લાવ્યા હતા. શ્રીહરિને પોતે હાથ પકડીને હાથી ઉપર બેસાર્યા. મુક્તમુનિ તથા અન્ય મોટેરા સંતો રથમાં બેઠા. બીજા સંતો તથા હરિભક્તો ઝાંઝ-પખાજ સાથે કીર્તન-ઉત્સવ કરવા લાગ્યા. આગળ દરબારી ઘોડેસવારો, પાછળ કીર્તનમંડળી, મધ્યમાં હાથી ઉપર શ્રીહરિ અને તેમને ચામર ઢોળતા દેવાજી બાપુ અને ત્યારબાદ સંતોના રથ, પદાતિ વગેરેથી સવારી અપૂર્વ શોભતી હતી. બજારો પાણી છાંટી સ્વચ્છ બનાવ્યાં હતાં. ઠેર ઠેર આસોપાલવનાં તોરણો શોભતાં હતાં. સમગ્ર ગામ જાણે આ ઉત્સવના રંગે રંગાઈ ગયું હોય તેવા ભાવમાં હતું.

રાજદરબારમાં સવારી ઝૂકી. શ્રીહરિ ઊતર્યા. દરબારમાં પધાર્યા. રાજાએ શ્રીહરિને પોતાના સિંહાસન ઉપર પધરાવ્યા. અન્ય સંતો પણ વ્યવસ્થા પ્રમાણે

બેઠા. મુક્તાનંદ સ્વામીએ સભામાં પ્રસંગોચિત થોડી વાતો કરી. ત્યારબાદ મુકુન્દ વર્ણી તથા જયાનંદ વર્ણીએ દૂધપાક-પૂરીની રસોઈ શ્રીહરિ માટે કરી હતી તે તૈયાર થઈ એટલે શ્રીહરિ જમવા પધાર્યા. જમીને શ્રીહરિએ દેવાજી બાપુને પ્રસાદીનો થાળ આપ્યો. અન્ય સંતોને શ્રીહરિ જાતે દૂધપાક પીરસવા પધાર્યા.

જમ્યા પછી શ્રીહરિએ બાપુને કહ્યું : ''આપની રુચિ અનુસાર આપ કહો તો કીર્તન-ઉત્સવ કરીએ, નહિ તો જ્ઞાનવાર્તા કરીએ.''

દેવાજી બાપુએ હાથ જોડ્યા અને કહ્યું : ''પ્રભુ ! આપ અંતર્યામી છો, અમારું શ્રેય થાય તેમજ કરો છો તેથી આપને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે કરો.''

શ્રીહરિ તેમની સરળતાથી પ્રસન્ન થયા. પછી મુક્તમુનિને કીર્તન ગાવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામીએ 'નયનભરી કબ દેખું કિરતાર' એ કલ્યાણ રાગનાં પાંચ પદો ગાયાં. શ્રીહરિના સ્વરૂપમાં પરમાત્મસ્વરૂપનો ભાવ રામાનંદ સ્વામીને વચને તેમને થયો હતો. ત્યારબાદ તેમણે મેઘપુરમાં રચેલાં પદો 'લગન લગી હૈ મૂર્તિ માધુરી સે' એ પદો ગાયાં અને ત્યારબાદ 'પ્રગટ કે ગુન હમ ગાવે' એ કાફી રાગનાં ચાર પદો ગાયાં. શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠાનાં મુક્તાનંદ સ્વામીનાં આ પદો સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા અને કહ્યું : ''તમારાં આવાં ભક્તિભાવનાં પદો સાંભળી અમને ખૂબ આનંદ થયો.''

દેવાજી બાપુ રાજા હતા એટલે રાજનીતિમાં તો પ્રવીણ હતા, બુદ્ધિ પણ સતેજ હતી અને મોક્ષની રીત સમજવામાં પણ તેમની એટલી જ તીવ્ર બુદ્ધિ હતી. તેમણે મુક્તમુનિને કહ્યું : ''સ્વામી ! તમારાં આ પદોમાં જ્ઞાન સભર ભર્યું છે. સકળ શાસ્ત્રનો સાર તેમાં આવી જાય છે.''

મુક્તમુનિની આંખમાં આંસુ હતાં. તેમણે ફક્ત એટલું જ કહ્યું : ''બાપુ ! જેમ સૂર્ય પોતાના તેજથી પ્રકાશમાન છે, ઓળખાય છે. ચંદ્ર કે તારા તેની ઓળખાણ આપી શકે નહિ. તેમ પ્રભુ પણ સ્વયં પૃથ્વી ઉપર પધારે ત્યારે જ તેમની ઓળખાણ થાય છે. હું પણ ભૂલો પડ્યો હતો પણ મહારાજે મહેર કરી એટલે ઓળખાણ પડી.''

શ્રીહરિ આ ગોષ્ઠિ સાંભળી મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : ''તેથી જ તો શ્રુતિ કહે છે 'यमेवैष वृणुते' માટે બાપુ ! આ મુક્તમુનિએ જે ગાયું છે તેમા મર્મ છે. સતના અને અમારા જે દર્શન થયા છે તે જ મોક્ષનું મૂળ છે. પ્રગટ પ્રભુ વિના તેમના પરોક્ષ કે વ્યાપક સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ સ્થિર થતી નથી. સાચા સદ્‌ગુરુમાં ભગવાન પ્રગટ હોય છે તે દ્વારા ભગવાનનું સ્વરૂપ

ઓળખાય છે.''

શ્રીહરિ ગોંડળમાં દેવાજી બાપુના ભાવથી પાંચ દિવસ રહ્યા. ત્યાંથી નીકળવાનો વિચાર કર્યો એટલે બાપુ ઉદાસ થઈ ગયા. પરંતુ શ્રીહરિએ તેમને કહ્યું : ''જે સુખ લીધું છે તે સંભારી અખંડ આનંદમાં રહેવું. ઉદાસીનતાને અંતરમાં ઉતારવી નહિ. તેથી ભક્તિમાં વિઘ્ન થાય.''

શ્રીહરિ ગોંડળથી સરધાર જવા નીકળ્યા. બંધિયાના દરબાર મૂળુભા બાપુને એમ હતું કે શ્રીહરિ બંધિયા પધારશે. તેથી તે શ્રીહરિની સન્મુખ આવવા નીકળ્યા. તેમણે શ્રીહરિને દૂરથી આવતા જોયા અને તરત જ પૃથ્વી ઉપર પડી દંડવત્ કરવા લાગ્યા. શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તેમણે તેમના ઘોડાની સરક પકડી અને પ્રાર્થના કરી કે ''પ્રભુ ! બંધિયા પધારો, રાહ જોઈને જ હું બેઠો હતો.''

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : ''અમે પણ ગોંડળમાં તમારી રાહ જોતા હતા કે બાપુ પધારશે. ગોંડળ ક્યાં છેટું હતું ? પણ તમે અહીં બેસી રહ્યા.''

મૂળુભા બાપુને થયું કે આપણી ભૂલ થઈ ગઈ. તેમણે ક્ષમા માગી. શ્રીહરિને ફરીથી પ્રાર્થના કરી. પરંતુ શ્રીહરિએ કહ્યું : ''અમારે સરધાર પહોંચવું છે એટલે આ વખતે તો અમે નહિ આવીએ.''

પણ મૂળુભા બાપુ શ્રીહરિને એમ છોડે તેમ ન હતા. તેમણે કહ્યું : ''પ્રભુ ! જે દંડ દેવો હોય તે દેજો પણ અમારી વિનંતી સ્વીકારો.''

શ્રીહરિએ તેમનો આગ્રહ જોઈ કહ્યું : ''ભલે. એક શરતે અમે બંધિયા આવીએ. પણ પછી તમારે અમારા ભેળા ચાલવું પડશે.''

મૂળુભા કબૂલ થયા અને શ્રીહરિ તથા સંઘ બંધિયાને માર્ગે ચડ્યો. બંધિયા ગામના હરિભક્તો – વણિક ડોસાભાઈ, તેમના બે ભાઈ જૂઠાભાઈ તથા હંસરાજ તથા ક્ષત્રિય ભક્તો જેસાજી, જગુભા તથા આછુબા, લખુબા વગેરે સ્ત્રી હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યાં. વાજતે-ગાજતે શ્રીહરિને બંધિયા ગામમાં પધરાવ્યા.

શ્રીહરિ જૂઠા શેઠને ઘેર ઊતર્યા. સંધ્યાટાણું થયું હતું તેથી આરતી, ધૂન, ભજન સૌએ કર્યાં. એટલામાં થાળ થયો એટલે શ્રીહરિ જમવા પધાર્યા. કાઠી દરબારો જે સાથે હતા તેમને પણ જમાડ્યા. રાત્રે જ્ઞાનગોષ્ઠિ કરી શ્રીહરિ પોઢી ગયા. સવારમાં ત્યાંથી વહેલા નીકળી કોટડા અને ભાડવા થઈને શ્રીહરિ સરધાર પધાર્યા.

આષાઢી સંવત ૧૮૬૦નું વર્ષ પૂરું થયું.

ઉદ્‌ગીથ ૮



સરધારથી પાંચાળમાં પ્રવેશ

(આ.સં. ૧૮૬૧, ઈ.સ. ૧૮૦૪)

સરધારમાં વેરીભાઈ (વૈરજીત) અને તોંગાજી (તુંગજીત) દરબારના દરબારમાં શ્રીહરિએ ઉતારો કર્યો. શ્રીહરિ તથા સંઘની સેવામાં વેરીભાઈ તથા તેમના ભાયાતો ભીમભાઈ, હીકાભાઈ વગેરે જોડાઈ ગયા. અન્ય ભક્તો કરીમભાઈ, મૂકો, હસનભાઈ, રયાભાઈ, હમજીત વગેરે પણ યથોચિત સેવામાં લાગી ગયા. વેરીભાઈ અને તોંગાજી બંનેને શ્રીહરિ પ્રત્યે ભક્તિભાવ હતો. શ્રીહરિને તેમના પ્રત્યે ભાવ હતો. આ ભાવનાં બંધનમાં બંને બંધાયા. શ્રીહરિએ ત્યાં ચાતુર્માસ ગાળવાનું નક્કી કર્યું. શ્રીહરિ સરધારમાં પધાર્યા છે એ સમાચાર આજુબાજુ પ્રસરી ગયા. તેથી કરિયાણાથી દેહાખાચર ને મીણબાઈ ત્યાં શ્રીહરિનાં દર્શન અને સેવા-સમાગમનો લાભ લેવા આવ્યાં. બીજા પણ ઘણા ભક્તો ત્યાં આવ્યા. સરધારમાં ભક્તોની ભીડ જામી.

શ્રીહરિની લીલાનાં દર્શન અને તેમનું ગાન તે ભવરોગની પીડા ટાળે છે. મોક્ષમાર્ગમાં ભક્તો માટે એ સિવાય બીજું કાંઈ પ્રબળ સાધન નથી. વ્યાસજીને અશાંતિ થઈ હતી તે પ્રગટ કૃષ્ણની લીલાનું ગાન ભાગવતપુરાણમાં રચી કર્યું ત્યારે જ ટળી. નરસિંહ મહેતાએ પણ નિત્ય દર્શન, નિત્ય સેવા જ માગ્યાં.

આ.સં. ૧૮૬૧ શ્રાવણ વદિ ૭ને દિવસે શ્રીહરિ સંઘ સાથે તળાવે પધાર્યા. શ્રીહરિ રોઝા ઘોડા ઉપર બિરાજ્યા. સેવકો ચામર ઢોળવા લાગ્યા. બંદીજનો છડી પોકારવા લાગ્યા. સંતો-હરિભક્તો કીર્તન ગાતા સરધારના તળાવ પાસે આવ્યા. શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. વસ્ત્રો ઉતારી તળાવમાં સ્નાન કરવા પધાર્યા. સખાઓ પણ શ્રીહરિ સાથે તળાવમાં ઊતર્યા. ગોપમંડળી કરી શ્રીહરિએ જળલીલા કરી. સંતોને-સખાઓને ખૂબ આનંદ કરાવ્યો.

બહાર નીકળી શરીર લૂછતાં શ્રીહરિએ કહ્યું : "રામાનંદ સ્વામીએ આ

તળાવમાં ઘણી વાર સ્નાન કર્યું છે. વળી, અમે પણ ઘણી વાર નાહ્યા છીએ. મહાપવિત્ર તીર્થ સમાન આ જળમાં જીવ-પ્રાણીમાત્ર જે કોઈ સ્નાન કરશે તે પરમગતિને પામશે.''

શ્રીહરિની આ વાતથી ત્યાં એક આશ્ચર્ય બન્યું. જળમાં રહેલાં માછલાં, કાચબા પાણીની સપાટી ઉપર આવી ગયાં. જાણે જડ બની ગયાં હોય તેમ તે સૌ પાણી ઉપર તરવા લાગ્યાં. આ જોઈ કોઈએ શ્રીહરિને પૂછ્યું : ''પ્રભુ ! આ માછલાં પાણી ઉપર મડાની જેમ તરે છે તે મરી ગયાં છે કે શું ?''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''એમને સમાધિ થઈ છે અને ભગવાનનાં દર્શનનું સુખ લે છે.''

શ્રીહરિ સૌને સમાધિ કરાવે છે પરંતુ માછલાં પણ આ રીતે જડવત્ બની પ્રભુના સુખનો આસ્વાદ માણી રહ્યાં છે તે સૌને આશ્ચર્યમય લાગ્યું. મુક્તાનંદ સ્વામી આગળ આવ્યા અને શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આ માછલાં પાણી ઉપર તરે છે પણ સમળા કે સિંચાણા તેમને મારી નાખશે માટે તેમને સમાધિમાંથી જલદી બહાર લાવો.''

શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! મારી ઇચ્છા વિના જો સૂકું પાંદડું પણ હાલી ન શકે તો આ માછલાંને કોણ મારનાર છે ? હું જેની રક્ષામાં છું તેનો ઘાત કોણ કરી શકે ?''

શ્રીહરિના દિવ્યભાવનું સતત જાણપણું ન રહ્યું તેથી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિનાં ચરણકમળમાં તરત જ મસ્તક નમાવી દીધું. પછી કહ્યું : ''મહારાજ ! આપ સર્વકર્તા છો એ ભાવની દૃઢ નિષ્ઠા અમારા અંતરમાં અચળ રહે એવી કૃપા કરો. પ્રસંગે એ જાણપણું નથી રહેતું એ ખોટ છે.''

શ્રીહરિએ કહ્યું : ''સ્વામી ! એ જાણપણું એ જ અક્ષરધામનું દ્વાર છે. જેટલો સમય એ જાણપણામાં તમે રહો તેટલો સમય તમે બ્રહ્મરૂપ છો. માટે અખંડ એ સ્થિતિમાં રહેવાય તેવી દૃઢતા કરી દેવી.''

પછી શ્રીહરિએ માછલાં તરફ જોયું અને તરત જ તેમનામાં ગતિ આવી.

શ્રીહરિ સંઘ સાથે ઉતારે પધાર્યા. શ્રીહરિના સંબંધે સરધાર ગામમાં નવો ઉત્સાહ પ્રગટ્યો હતો. તેમને પરમાત્માના સ્વરૂપની ઝાંખી ન હતી. છતાં સંતો જેમના સંબંધે આવો નિષ્કામ ધર્મ પાળી શકતા હોય; માન, લોભ, સ્વાદ અને સ્નેહના ભાવથી પર બની ગયા હોય; જેમના સંબંધે મનુષ્યોનાં હૃદય નિર્મળ બની ભગવાનની ભક્તિ તરફ પ્રેરાતાં હોય; જગતની ગંધ અંતરમાંથી ઓગળી જતી

હોય તે પુરુષને પરમાત્મા કહેવામાં તેમનું મન અચકાયું નહિ. શ્રીહરિના સ્વરૂપમાં આખું ગામ ખેંચાયું. ભક્તિના ભાવે રંગાયેલું ગામ આજે હિલોળે ચડ્યું હતું.

શ્રીહરિ પ્રત્યેનું આ આકર્ષણ ગામના કેટલાક મતપંથવાદીઓને ન રુચ્યું. તેમને લાગ્યું કે આ જીવનમુક્તાનો કોઈ પણ રીતે પરાભવ કરવો જોઈએ. તે રાત્રે સભામાં સૌ એકત્રિત થયા. તેમાં વામપંથી, વેદાંતી, શાક્તપંથી વગેરે હતા. દરેકને ઇચ્છા હતી કે પ્રશ્નો પૂછી શ્રીહરિને મૂંઝવવા. પરંતુ સભામાં બેઠા અને તેમનાં નેત્રની વૃત્તિ સ્થિર થઈ ગઈ ! અંતઃકરણ પણ નિર્મળ બની ગયાં ! મુક્તાનંદ સ્વામીના મૃદુ કંઠે ગવાતાં કીર્તન ગાજ્યાં. સૌ તરબોળ બની ગયા !

પછી શ્રીહરિનો ઘેરો નાદ સંભળાયો. તેમાં ધર્મની વાત આવી. નિષ્કામ ધર્મનું અતિશય પ્રતિપાદન થયું. સદાચારની આવશ્યકતા જણાવી. શ્રીહરિના શબ્દોની, પ્રમાણોની ધારી અસર વામમાર્ગીઓ ઉપર થઈ. તેમના પ્રશ્નો જ ઓસરી ગયા. દિગ્મૂઢ બની તે સાંભળી જ રહ્યા. શ્રીહરિએ જ્ઞાનની ચર્ચા કરી. આત્મા-પરમાત્માના સ્વરૂપોમાં ભેદ બતાવ્યો. ગુરુ-શિષ્યના સંબંધે અભેદભાવની કલ્પના અવાસ્તવિક બનાવી દીધી. જગતના મિથ્યાત્વને ભ્રમ મનાવી, તેનું નાશવંતપણું સમજાવી વૈરાગ્યની દૃઢતા કરાવી.

સ્વયં પરમાત્માના આ શબ્દો હતા. શ્રીહરિએ સૌનાં અંતર પકડી પોતાના વક્તવ્યને - પોતાના આ દિવ્ય શબ્દોને - સૌનાં અંતરમાં સ્થાપી દીધા. મતપંથીઓએ પોતાનો ભ્રામક સ્વાંગ ત્યજી દીધો, સત્સંગનો અંચળો પહેરી લીધો. સૌ આશ્ચર્યવત્ બની આ પરિવર્તન જોઈ રહ્યા.

સરધારમાં જન્માષ્ટમીનો ઉત્સવ : આ.સં. ૧૮૬૧

બીજે દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ હતો. આ ઉત્સવ માટે શ્રીહરિએ દેશોદેશમાં આમંત્રણો મોકલ્યાં હતાં. જુદા જુદા દેશોમાં ધર્મપ્રસારણ અર્થે વિચરણ કરતાં સંતોનાં મંડળોને પણ તેમણે તેડાવ્યાં હતાં. સૌ આવી ગયા હતા. શ્રીહરિનાં દર્શન કરવા, તેમની અમૃતમય દૃષ્ટિ ઝીલવા, તેમની પરાવાણીના શબ્દોને અંતરમાં ઉતારવા અને એ રીતે જીવન જીવવાના સંકલ્પ કરતા હજારો હરિભક્તોની મેદની ભરાઈ ગઈ. કારિયાણીથી ખટવાંગ રાજા અર્થાત્ માંચાખાચર પણ આવી ગયા હતા.

જન્માષ્ટમીના દિવસે સવારથી જ વાતાવરણ ભક્તિમય બની ગયું. શ્રીહરિના સંબંધે સર્વેનાં મન, ઇન્દ્રિયો તેમના સ્વરૂપમાં સ્થિત થઈ ગયાં હતાં.

શ્રીહરિની મૂર્તિનું એવું આકર્ષણ હતું. કૃષ્ણજન્મ એટલે ઇન્દ્રિયોનું કર્ષણ કરી, જગતની ઉન્મુખ થઈ ભગવાન સન્મુખ થવાની યોગસાધના. આઠમના મેળામાં રમાતાં જુગાર, ચોપાટ કે ગોપ-ગોપીના બીભત્સ રાસ - એ વિકૃત ભાવોનો કૃષ્ણજન્મ સાથે કોઈ સંબંધ ન હતો. શ્રીહરિએ આવા સમૈયા યોજી સમાજમાં પ્રવર્તતા આવા બીભત્સ ભાવોનું રૂપાંતર કરી દીધું. જીવ અને પરમાત્માના મિલનનો અહીં આનંદ હતો. એ આનંદનો અનુભવ ઇન્દ્રિયાતીત અવસ્થામાં જ થઈ શકે તેમ હતું.

રાત્રે કૃષ્ણજન્મ પછી આરતીમાં સૌએ આશ્ચર્ય જોયું. શ્રીકૃષ્ણરૂપે તેમણે શ્રીહરિને જોયા. તેમની ઇન્દ્રિયોનો નિરોધ શ્રીહરિના પ્રગટ સ્વરૂપમાં હતો. તેના ફળરૂપે તેમને આ દર્શન થયાં. શ્રીહરિના મનુષ્યસ્વરૂપમાં દિવ્યભાવનો નિશ્ચય સૌને થવા લાગ્યો. જન્માષ્ટમીનો ઉત્સવ આવા દિવ્ય વાતાવરણમાં ઊજવાઈ ગયો.

નવમીના દિવસે તોંગાજીએ શ્રીહરિ માટે મુકુન્દ બ્રહ્મચારી પાસે થાળ કરાવ્યો. સમગ્ર સંઘને પણ જમાડ્યો. પછી સંઘ વીખરાવા લાગ્યા. જેમને અનુકૂળતા હતી તેઓ વિશેષ લાભ લેવા ત્યાં રહી ગયા.

સર્વ અનર્થનું મૂળ લોભ

એકાદશીના દિવસે શ્રીહરિ સભામાં પધાર્યા. સભામાં શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો : "કામ, ક્રોધ અને લોભ તેમાં કયો વિષય અત્યંત બળવાન છે ?"

શ્રીહરિએ નિષ્કામ ધર્મ સ્થાપવા માટે ત્યાગીઓને સ્ત્રીઓના પ્રસંગનો નિષેધ કર્યો હતો. તે જ પ્રકારે આજે આ પ્રસંગે શ્રીહરિએ ત્યાગીઓ માટે તેમજ ગૃહસ્થો માટે અર્થ એ વિશેષ અનર્થકારી છે તે સમજાવતાં કહ્યું : "આ ત્રણે દોષમાં લોભ એ વિશેષ પાપસ્વરૂપ છે. ગૃહસ્થોએ પણ લોભ ત્યજવો જોઈએ અને ત્યાગીઓએ તો સર્વથા જીતવો જોઈએ. ત્યાગીઓએ તેમના ત્યાગમાં જેમ સ્ત્રી વિઘ્નકર્તા છે તે જ પ્રકારે ધન પણ વિઘ્નકર્તા છે જ. અર્થના દૂષણનું ત્યાગીઓને એવું પાપ લાગે છે જે પ્રાયશ્ચિત્તથી પણ પ્રજળતું નથી. લોભથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી મોહ અને મોહથી અંતે બુદ્ધિનાશ થાય છે. અર્થમાંથી ત્રણ અનર્થો ઉદ્ભવે છે. સ્ત્રી, દ્યૂત અને મદ્ય. આ દૂષણોમાંથી અર્થનો લોભી કોઈ બચી શક્તો નથી. પછી ભલે તે ત્યાગી હોય."[૩૬]

---

૩૬. સત્સંગિજીવન; પ્ર. ૨, અધ્યાય : ૨૧માં આ વિષયની વિગતવાર ચર્ચા કરી છે.

આ રીતે શ્રીહરિએ અર્થના અનર્થનું સ્પષ્ટ નિરૂપણ કર્યું. સૌ આ અનર્થનો વિચાર કરતા ઊભા થયા. શ્રીહરિએ પણ સૌને હવે પોતપોતાના દેશમાં જવા આજ્ઞા આપી.

તે વખતે ભુજથી દેવાનંદ દંડી સંન્યાસી ત્યાં આવ્યા અને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી ચરણસ્પર્શ કરી પાસે બેઠા. તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! ભુજમાં આપની સૌ રાહ જુએ છે. તમારી મૂર્તિનું આકર્ષણ ભારે છે. તેથી મારાથી રહેવાયું નહિ એટલે અહીં આવ્યો છું. લોજમાં આપણે સાથે રહ્યા ત્યારે આવો પ્રતાપ જણાયો ન હતો. આજ તો જાણે સમગ્ર અવતારોનુ ઐશ્વર્ય આપની મૂર્તિમાં રહ્યું છે, એવો જબરો પ્રતાપ આપનો નજરે દેખાય છે."

તેમની વાત સાંભળી શ્રીહરિ હસ્યા, પરંતુ કાંઈ બોલ્યા નહિ.

આ ઉત્સવ પર આવેલા અલૈયાખાચર, સોમલાખાચર તથા સુરાખાચર વગેરે સૌની ઈચ્છા હતી કે શ્રીહરિ તેમને ગામ પધારે. તેમણે મુક્તાનંદ સ્વામીને વાત કરી. મુક્તાનંદ સ્વામીએ તેમનો ભાવ જોઈને શ્રીહરિને તેમના વતી વિનંતી કરી. શ્રીહરિએ કહ્યું : "હું ધર્મનો પુત્ર છું. તેથી જો તેઓ બધા ધર્મ રાખશે અને પાપ કરતાં બંધ થશે તો તેમને ત્યાં જઈશ. આગળ મોટા મોટા ભક્તો પ્રહ્લાદ, અંબરીષ, પ્રિયવ્રત, ધ્રુવ, પાંડવો, ગોપી, ગોવાળો વગેરેએ ભગવાનનું શરણ લીધું તો ભગવાને તેમની રક્ષા કરી અને તેમનો મોક્ષ કર્યો. જે મને ભજે છે તેને હું ભજું છું. માટે મનગમતું છોડીને અમારા ગમતામાં રહેશે તો તેમનું શ્રેય થશે."

શ્રીહરિની આ વાત સાંભળી મુક્તાનંદ સ્વામી પણ વિચારમાં પડી ગયા. શ્રીહરિ જેમ પ્રસન્ન થાય તેમજ કરવું પરંતુ મનગમતું કદી ન કરવું એ ગાંઠ તેમણે વાળી દીધી. શ્રીહરિના સુધાસમ ઉપદેશ ઉપર તેમણે 'ઐસી ભક્તિ કરો મનમિતા' એ આઠ પદ બનાવ્યાં.

સરધારમાં બ્રાહ્મણોની ચોરાશી

તે રાત્રે શ્રીહરિએ મોટેરા સંતોને બોલાવ્યા. સરધારના દરબારને પણ બોલાવ્યા. રામજી મંદિરના વેરાગી બાવા શ્યામદાસને પણ બોલાવ્યા. પછી શ્રીહરિએ સૌને કહ્યું : "આવતી કાલે અમારે બ્રાહ્મણોની ચોરાશી કરવાનો વિચાર છે. તેની તૈયારી તમારે કરવાની છે. જે ખર્ચ થશે તે અમે આપીશું."

શ્રીહરિના આ શબ્દો સાંભળી દરબારે કહ્યું : "પ્રભુ ! અમે તો આપના સેવક છીએ. અમારું જે કાંઈ છે તે બધું આપનું જ છે. માટે ખર્ચ લેવાનો હોય

નહિ.'' વૈરાગી બાવા શ્યામદાસને પણ થયું કે આ પ્રસંગ શ્રીહરિને પ્રસન્ન કરવાનો છે. તેથી તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! હું આપનો સેવક છું. આ મુકુન્દદાસને અમે રામાનંદ સ્વામીને સોંપેલા હતા. માટે અમે પણ આપના જ છીએ. તો આવતી કાલની ચોરાશીનો ખર્ચ અમે આપીએ એવી અમારી પ્રાર્થના છે.'' શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે મોટેરા સંતોને કહ્યું : ''આ દરબાર તથા શ્યામદાસની સાથે રહીને બધી તૈયારી કરો.''

બીજે દિવસે શ્રીહરિએ બ્રાહ્મણોને ખૂબ મોદક જમાડ્યા. બ્રાહ્મણો તૃપ્ત થઈ ગયા. સંતોને પોતે પીરસી જમાડ્યા. તે વખતે હરિભક્તોને શ્રીહરિએ કહ્યું : ''સંતો જમ્યા તો ખરા, પણ બધા સંતો આવી ન શક્યા. સદાવ્રતમાં સંતો રોકાઈ ગયા છે. તે જો તેમાંથી છૂટે તો હરિભક્તોને બેવડો લાભ મળે - તેમના સમાગમનો અને તેમની સેવાનો.'' એમ કહી શ્રીહરિ વિચારમાં પડી ગયા. જો સદાવ્રતો બંધ થાય તો સંતો સત્સંગમાં, નવા દેશોમાં ફરે. મુમુક્ષુઓને અભયદાનની લહાણ કરે અને સત્સંગનો રંગ જમાવે. તેમણે તરત જ એમ કરવાનો નિર્ણય લઈ લીધો.

બપોરે જ્યાં જ્યાં સદાવ્રતો ચાલતાં હતાં, ત્યાં મુક્તાનંદ સ્વામી પાસે પત્રો લખાવ્યા. સંતોને કહ્યું : ''ગામમાં આગેવાન ગૃહસ્થ હોય તેમને સદાવ્રતનો તમામ સામાન આપી દેજો અને તેમને કહેજો કે આ પરમાર્થનું કામ ચાલુ રાખે. સદાવ્રત અંગેની ચીજ-વસ્તુ જરાય છુપાવશો નહિ.'' આ પ્રમાણે કાગળો લખાવ્યા.[૩૭] સંતોને તેમને શુદ્ધ રાખવા હતા. સદાવ્રતની વસ્તુઓમાં કોઈનું પણ મન લોભાય અને થોડો સંગ્રહ કરે તે તેમને ગમતું નહિ. તેઓ કહેતા : ''સંગ્રહમાં સદા વિગ્રહ છે. માટે અપરિગ્રહવ્રતના ધારક સંતોએ કોઈ વસ્તુમાં લોભાવું નહિ.''

ગ્રંથોમાં લખી રાખેલા ધર્મના આદેશો જ્યાં સુધી તેના પ્રવર્તાવનારા પ્રગટ ન થાય ત્યાં સુધી ગ્રંથોમાં જ પુરાયેલા રહે છે. કવચિત્ કવચિત્ પ્રવચનકારોનાં પ્રવચનમાં તે ઝળકે છે. પરંતુ આગિયાના તેજ જેવા તે, પૂરો પ્રકાશ પાડી શકતા નથી. તેથી ધર્મના સ્થાપન અને પ્રવર્તનનો ભાર તો ભગવાન કે તત્સ્વરૂપ સંતના શિરે જ રહે છે. તેની સ્થાપના માટે 'ભગવાન યુગે યુગે પ્રગટ થશે' એવું વિધાન આપણાં શાસ્ત્રોમાં મળે છે.

---

૩૭. આ પ્રસંગ શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૩, તરંગ-૬૧માં સં. ૧૮૫૯ના માગશર સુદ ૧૩ના દિવસે બન્યો એવો ઉલ્લેખ મળે છે.

પરંતુ શ્રીહરિએ વિચાર્યું કે માયા અનાદિની છે. તેથી તે તેનું કાર્ય અવિરતપણે કર્યા જ કરે છે. માટે ભગવાને પણ જો ધર્મપ્રસારણનું કામ અખંડ ચાલુ રાખવું હોય તો તેમણે સ્વયં અથવા તો પોતાના સ્વરૂપરૂપ સંત અથવા ભક્ત દ્વારા પૃથ્વી ઉપર પ્રગટ રહેવું જ પડશે, નહિ તો ધર્મના આછા પ્રકાશને માયાનું ઘાટું અંધારું ખાઈ જશે !

એ વખતે સભામાં કારિયાણીના ખટ્વાંગ રાજા માંચાખાચરે શ્રીહરિને પ્રાર્થના કરી : "પ્રભુ ! આપને મારી એક વિનંતી છે. આપ સોરઠ દેશના હરિભક્તોને વિશેષ લાભ આપો છો. અમારા પાંચાળ દેશમાં પણ સૌને આપનાં દર્શન, સેવા-સમાગમનો લાભ મળે એવી અમારી વિનંતી સ્વીકારવા કૃપા કરો."

શ્રીહરિ તેમનો ભાવ જાણતા હતા. માર્ગીપંથમાં હતા છતાં નિષ્કામ ધર્મ દૃઢ પાળતા હતા. અર્થના દોષમાં પણ લેપાયા ન હતા. શ્રીહરિએ તેમને કહ્યું : "અમો અહીં પ્રબોધિની એકાદશી સુધી રોકાશું. પછી તમારે ત્યાં જરૂર આવશું. હાલ તો તમે તમારે ગામ જાઓ અને મુમુક્ષુઓને સત્સંગની વાત કરો."

શ્રીહરિએ તેનું આમંત્રણ સ્વીકાર્યું તેથી માંચાખાચર અત્યંત રાજી થયા. શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કરી પોતે કારિયાણી જવા નીકળ્યા.

માંચાખાચર ત્યાંથી નીકળ્યા અને ગઢપુર પહોંચ્યા. ત્યાં રાત પડી ગઈ. અહીં બાપુ એભલખાચરના દરબારમાં તેઓ સીધા આવ્યા.

બાપુ એભલખાચર કારિયાણીના અધિપતિ નાગેશની પુત્રી સુરપ્રભાને પરણ્યા હતા. તેમનું બીજું લગ્ન બોટાદના નૃપની પુત્રી સોમાદેવી સાથે થયું હતું. આ રીતે તેઓ માંચાખાચરના સંબંધી થતા હતા. સુરપ્રભાથી તેમને ચાર પુત્રીઓ થઈ હતી : જયા, લલિતા, પાંચાળી અને નાની. સોમાદેવીથી તેમને પ્રભુના પરમભક્ત ઉત્તમકુમાર પ્રાપ્ત થયા હતા.[૩૮]

ઉત્તમકુમારનો જન્મ સં. ૧૮૫૭ના પોષ વદિ ૬ના દિવસે બોટાદમાં તેમના

૩૮. શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રચિંતામણિ, અક્ષરાનંદ સ્વામીની વાતું વગેરે ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે ઉત્તમકુમાર સુરપ્રભાદેવીના પુત્ર હતા. જ્યારે સત્સંગિજીવન, શ્રીહરિચરિત્રામૃતસાગર, શ્રીહરિદિગ્વિજય, દુર્ગપુરમાહાત્મ્ય વગેરે ગ્રંથોમાં ઉત્તમકુમાર સોમાદેવીના પુત્ર હતા તેવો ઉલ્લેખ છે. હકીકતમાં ઉત્તમકુમાર એમના મોસાળ બોટાદમાં જન્મ્યા હતા. સોમાદેવી પોતે બોટાદનાં રણગામી રાજાનાં પુત્રી હતાં તેથી ઉત્તમકુમાર સોમાદેવીના પુત્ર હતા. એટલે સુરપ્રભાદેવીનો તેમની જનની તરીકેનો ઉલ્લેખ યોગ્ય નથી.

મોસાળમાં થયો હતો. તેઓ 'દાદા' અને 'ઉન્નડ' તરીકે પણ ઓળખાતા હતા.[૩૯]

બાપુ એભલખાચર તેમની બે પત્નીઓ અને પુત્રીઓ તેમજ ઉત્તમકુમાર સર્વે પ્રભુપરાયણ જીવન જીવતાં હતાં. કૃષ્ણભક્તિનો તેમને રંગ લાગ્યો હતો તેથી શ્રીમદ્ભાગવત પુરાણનું તેઓ વારંવાર શ્રવણ કરતાં હતાં. આજ પણ ભાગવતની કથા સાંભળી સૌ બેઠાં હતાં. એટલામાં જયાએ કહ્યું : "બાપુ ! અધર્મ વધે ત્યારે ભગવાન પ્રગટ થાય એવું આ કથામાં આવ્યું. ત્યારે અત્યારે તો પારાવાર અધર્મ પ્રવર્તી રહ્યો છે તો પરમાત્મા પ્રગટ થશે કે કેમ ?" આ પ્રશ્ન પુછાયો અને માંચાખાચરે પ્રવેશ કર્યો.

એભલખાચરને ભગવાન પ્રગટ્યા તે સમાચાર મળે છે

માંચાખાચરને જોઈ બાપુ એભલખાચર એકદમ ઊભા થઈ ગયા. બંને પ્રેમથી ભેટ્યા. પછી એભલખાચરે પૂછ્યું : "માંચા ! આ ટાણે અચાનક આવા અનરાધાર વરસતા મેમાં કેમ આવવું થિયું ?"

માંચાખાચર નીચે ગાદી ઉપર બેસી ગયા. પછી થોડી વારે તેમણે કહ્યું : "હું હમણાં જ સરધારથી સીધો આવું છું." એટલું કહી તે થોડી વાર થંભ્યા પછી બોલ્યા : "બાપુ ! શું કહું ? આજ આખું સોરઠ હિલોળે ચડ્યું છે. ભગવાન પ્રગટ થયા છે. મેં માંગરોળમાં તેમનો પ્રતાપ જોયો, ફરી સરધારમાં જોયો અને નિશ્ચય થયો કે આ ભગવાન છે. શું તેમની વાતો ? પથ્થરને પણ પિગળાવી દે, હૈયાને હચમચાવી દે અને પંચવિષયના ભાવ નિર્મૂળ કરી દે એવી તેમની વાતો હૈયામાં સોંસરી ઊતરે છે ત્યારે તેમની મૂર્તિ સિવાય અંતરમાં બીજું કાંઈ દેખાતું નથી."

માચાખાચર એકશ્વાસે બોલ્યે જતા હતા. બાપુ એભલખાચર, જયા, લલિતા પણ તીવ્ર જિજ્ઞાસાથી તેમની વાતો સાંભળી રહ્યાં હતાં.

બાપુ એભલખાચરને અંતરમાં હતું કે અત્યારે ઘોર કળિકાળ વ્યાપ્યો છે. ભગવાનને પ્રગટ થવું હોય તો આ વખતે જ પ્રગટ થઈ પોતાનું બિરુદ સાચવવું જોઈએ. તેમના અંતરમાં ઘોળાતા આ વિચારો માંચા ભક્તની વાતથી સાકાર થવા લાગ્યા છતાં તેમણે પૂછ્યું : "તમે શાથી જાણ્યું કે એ ભગવાન છે ?"

માંચાખાચરે એભલખાચર સામું જોયું ત્યારે તેમની આંખમાંથી હર્ષનાં

---

૩૯. દાદાખાચરનો જન્મ બોટાદમાં હાલ નગરશેઠની પોળમાં જ્યાં દરબારગઢ હતો ત્યા થયો હતો. જન્મસ્થાનનું મકાન મિસ્ત્રી પીતાંબરભાઈ કાળાભાઈ પટારાવાળાના કબજામાં છે.

આંસુ વહેતાં હતાં. તેમણે એ જ બાષ્પભાવમાં કહ્યું : "બાપુ ! શું કહું એ મૂર્તિની લાવણ્યતા ? એ મૂર્તિનું આકર્ષણ ? સામે જુઓ ને ઇન્દ્રિયો સ્થિર થઈ જાય ! જગતના ઘાટમાત્ર ટળી જાય ! અર્જુનને જેમ ભગવાને દિવ્ય દૃષ્ટિ આપી ત્યારે તેને ભગવાનનું સ્વરૂપ ઓળખાયું, તેમ આ તો તેમની પાસે જાઓ અને દિવ્ય દૃષ્ટિ મળી જાય. વિકાર ઓગળી જાય અને નિર્વિકારી થઈ જવાય. એવા નિર્વિકારી ભાવથી તેઓ ઓળખાય. આપણા કાઠીભાઈઓ લૂંટ કરનારા, ખૂન કરનારા, લોકોને રંજાડનારા આજે તેમને વશ થઈ ગયા છે. તે ભગવાન હુકમ ચલાવતા નથી, લોખંડી શસ્ત્રો રાખતા નથી પણ પ્રેમના શસ્ત્રથી બધાને જીતી લે છે. બાપુ ! શું કહું એ ભગવાનની વાત ! મરજીવા થશો તો ઓળખાશે."

બાપુ એભલખાચર માંચાખાચરને યથાર્થ જાણતા હતા. તેમનામાં નિષ્કામ ધર્મ હતો. નિઃસ્પૃહપણું હતું. રામનામનો જાપ અખંડ જપ્યા કરતા હતા. તેમની દૃષ્ટિ નિર્મળ હોય તે સ્વાભાવિક હતું. એભલ બાપુનું મન વિચારે ચડી ગયું. તે ભૂતકાળમાં સરી પડ્યા. માંચાનું સગપણ તેના મામાની દીકરી વેરે કર્યું ત્યારે માંચો કારિયાણીમાં નહોતો. વાણિયો વધામણીમાં દુકાને બેસીને સાકર વહેંચતો હતો. ઢોલી બૂંગિયો ઢોલ વગાડતો હતો. એટલામાં માંચાખાચર આવ્યા. તેમણે પૂછ્યું : "આ આનંદમંગળ શાનાં છે ?"

વાણિયે કહ્યું : "બાપુ ! તમારું સગપણ મામાની દીકરી વેરે કર્યું તેની આ સાકર વહેંચાય છે અને બૂંગિયો પણ તેથી વાગે છે."

આ સાંભળી માંચાખાચરને પગથી માથા સુધી ઝાળ લાગી. તેણે તરત જ કહ્યું : "એલા મૂરખ ! મામાની દીકરી તો મારી બહેન થાય. તેની સાથે સગપણ તે થાતાં હશે ? વળી, એટલું સમજી લે કે જેટલી બાઇયું છે તે બધી જ મારે મન મા-બે'ન કે દીકરી છે. માટે હાટ બંધ કરી ઘેર જા અને બૂંગિયો વગાડે છે તેને પણ કહી દે કે બાપુ માંચાખાચરે તો સગપણ ભગવાન સાથે કરી લીધું છે."[૪૦]

બાપુ એભલખાચર આમ વિચારે ચડી ગયા હતા ત્યાં તેમને માંચાખાચરે ઢંઢોળ્યા. તેમણે પૂછ્યું : "બાપુ ! ન મનાયું ? મારી વાતમાં શંકા થઈ ?"

એભલખાચરે આંખ્યો લૂંછતાં કહ્યું : "ના માંચા ! તારી વાતમાં શંકા કેમ થાય ? તારા જેવો મહાનિષ્કામી, બાલબ્રહ્મચારી, ભગવાનને વરી ચૂકેલો ભગવાનને ઓળખે જ. ભગવાન મેળવીને તું મારે ઘેર આવ્યો તેનાથી મારાં

---

૪૦. અક્ષરાનંદ સ્વામીની વાતું : પૃ. ૩૦૬. છપાવી પ્રસિદ્ધ કરાવનાર બ્ર. ગદાધરાનંદજી, ગઢપુર, સં. ૧૯૮૯, સને ૧૯૩૩.

બીજાં કયાં રૂડાં ભાગ્ય !" એટલું કહીને તેમણે જયા-લલિતાને કહ્યું : "આજ તો લાપસીનાં આંધણ મૂકો. ભગવાન પ્રગટ થયા છે એ સમાચાર આજે માંચાએ આપ્યા છે. એના કરતાં બીજી શી રૂડી વધામણી હોય ?"

જમ્યા પછી ફરી મંડળી જામી. એભલ બાપુએ કહ્યું : "માંચા ! એક વાર આ પ્રભુ આંહીં આવ્યા હતા અને મલેકશા ફકીરના બાગમાં ઊતર્યા હતા. ત્યારે ઘણાં બાળકોને તેમણે સમાધિ કરાવી હતી. હું આ સમાચાર સાંભળી ત્યાં ગયો. પણ તે તો ત્યાંથી નીકળી ગયા હતા. મને લાગે છે કે આ એ જ પ્રભુ હશે."

માંચાખાચરે કહ્યું : "આ એ જ પ્રભુ, અહીં થોડું રોકાઈને કારિયાણી પધાર્યા હતા અને પછી ગુજરાત તરફ નીકળી ગયા હતા."

"હવે ફરી ક્યારે આવશે ?" એભલ બાપુએ તરત પૂછ્યું.

"હમણાં તો પ્રબોધિની સુધી સરધારમાં રોકાશે. પછી કારિયાણી આવશે ત્યારે હું તમને ખબર કહેવરાવીશ. ત્યારે તમે જરૂર આવજો." માંચાખાચરે બાપુ એભલખાચરની જિજ્ઞાસા સંતોષી.

બાપુને આનંદ થયો કે પ્રભુનાં દર્શન થોડા વખતમાં કારિયાણીમાં થશે !

સરધારમાં દશેરા, દિવાળી, અન્નકૂટના ઉત્સવો : આ.સં. ૧૮૬૧

શ્રીહરિએ સરધારમાં દશેરા, દિવાળી અને અન્નકૂટના ઉત્સવો કર્યા. પ્રબોધિની એકાદશીનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. બ્રાહ્મણોની ચોરાશી કરી. આ પ્રમાણે સરધારમાં ચાર માસ સંતો-હરિભક્તોને સુખ આપ્યું. પછી ત્યાંથી પીપરડી પધાર્યા.

અહીં ભાણજી વિપ્રને ત્યાં આવ્યા. તેણે પ્રેમપૂર્વક પ્રભુને જમાડ્યા. ત્યાંથી આ.સં. ૧૮૬૧ના કાર્તિક પૂનમના રોજ નીકળી શ્રીહરિ સીધા કારિયાણી પધાર્યા. શ્રીહરિ કારિયાણી પધારવાના છે તે નક્કી જ હતું તેથી માંચાખાચરે પોતાનાં સગાં-સંબંધીઓને તેડાવ્યાં હતાં. બધી તૈયારીઓ કરી હતી.

શ્રીહરિ પધાર્યા છે તે સાંભળી માંચાખાચર, રૂડોખાચર, વસ્તોખાચર, રામખાચર, વેલોખાચર, વિકમસીખાચર, કણબી ભક્તો કમો, વીરદાસ, રાઘવદાસ તથા વણિક શેઠ દેવજીભાઈ, ગોવર્ધનદાસ તેમજ વિપ્ર વૈકુંઠદાસ તથા સોની પૂંજાભાઈ તેમજ બૂઢોભાઈ, કાંધો, જેઠીભાઈ અને માલુભાઈ - ચાર ભાઈઓ અને ધોલેરાનાં ગરાસિયા ભક્તો પૂંજોભાઈ, બનેસિંહ, અજુબા, જેઠીભાઈની પુત્રી ફૂલજીબા વગેરે આવી ગયાં હતાં.

બોટાદથી સોમલોખાચર, માતરા ધાધલ, ઝિંઝાવદરના અલૈયાખાચર, નાગડકાથી સુરાખાચર, સારંગપુરથી જીવાખાચર, ખંભાળાથી માણસિયાખાચર, વાંકિયાના મોકોખાચર, લાખણકાના નાજા ભક્ત એ બધા કાઠી રાજવીઓ માંચાખાચરના સંબંધીઓ હતા. તેઓ સર્વે માંચાખાચરના આમંત્રણને માન આપી કારિયાણી આવી ગયા હતા.

શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી માંચાખાચર તેમના સર્વે સંબંધીઓને સાથે લઈ ઘોડેસવારો, પદાતિઓ વગેરે સાથે બંદૂકોના અવાજ કરતા, ઢોલ, તાસાંના નાદ અને શરણાઈના સૂરથી વાતાવરણને મંગલમય બનાવતા શ્રીહરિનું સામૈયું કરવા નીકળ્યા. કાઠી રાજવીઓના ચળકતા ભાલા, કેડે શોભતી સોનાની મૂઠવાળી તલવારો, પીઠે બાંધેલી ગેંડાની ઢાલ અને રાંગમાં શોભતી રેવાલ ચાલે ચાલતી કેસર, બોદલી, ફૂલમાળ આદિ ઘોડીઓનો સાજ શ્રીહરિને સન્માનવા ઊપડ્યો.

ઉદ્‌ગીથ ૯



શ્રીહરિ કારિયાણીમાં

(આ.સં. ૧૮૬૧, ઈ.સ. ૧૮૦૪-૧૮૦૫)

શ્રીહરિ રોઝા ઘોડાની ડોકને અઢેલી એક હાથે તેની કેશવાળી પકડી આ સન્માનનું સામૈયું જોતા હતા. તેમને આનંદ હતો આ અક્ષરમુક્તોને આ સ્વરૂપે નીરખવાનો. તેમના બદલાયેલા સ્વરૂપમાં, બદલાયેલી પ્રકૃતિમાં કોઈ તેમને મુક્ત તો શું પણ મનુષ્ય કહેવા પણ ન લલચાય એવાં કર્મની તેમની કહાણી હતી. પરંતુ શ્રીહરિના નામના કેવળ શ્રવણમાત્રથી એ કર્મનો પુંજ જાણે બળીને ભસ્મ થઈ ગયો. તેમને તેમની પૂર્વોક્ત સ્થિતિની સ્મૃતિ થઈ આવી અને આજે એ જ તલવારો, એ જ ભાલાઓ શ્રીહરિની સેવામાં ભાગવતધર્મના પ્રસ્થાપનના તેમના કાર્યમાં ભક્તિમય બની જવા તત્પર થઈ ગયા હતા !

શ્રીહરિને સૌએ સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા. તેમની ચરણધૂલિ માથે ચડાવી. એ પ્રમાણે સંતોને પણ સૌએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. કાઠી રાજવીઓનાં અણનમ માથાં કાં તો વિજયી બની ફૂલના હારથી શોભતાં અને કાં તો શત્રુઓનો નાશ કરી કુંકુમ સમા લોહીથી અંકિત થઈ માભોમને ખોળે રમતાં; એ આજે શેરડીના દંડની જેમ શ્રીહરિ અને તેમના સંતોના ચરણમાં તેમની ચરણધૂલિથી અંકિત થવા લાગ્યાં.

વ્રજનાં ગોપબાળકોને શ્રીકૃષ્ણ સાથે રમતાં જોઈ બ્રહ્માજીએ કહ્યું હતું :

'अहो भाग्यमहो भाग्यं नन्दगोपव्रजौकसाम् ।'

એવાં આજે પરમ ભાગ્ય આ કાઠી રાજવીઓનાં હતાં.

શ્રીહરિ માંચાખાચરના દરબારમાં ઊતર્યા. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો પણ જુદી જુદી જગ્યાઓમાં ઊતર્યા. માંચાખાચર રાજવીના પદનું માન મૂકીને સૌની દાસભાવે સેવા કરવા લાગ્યા. આજે તેમને માટે પુણ્ય અવસર હતો. અન્ય ભક્તોમાં પાંચાભાઈ, રત્નાભાઈ, રઘુભાઈ, લાધાભાઈ,

હરજીભાઈ તેમજ લાલાભાઈ, ખોડાભાઈ, ધનાભાઈ, ભગવાન, માધાભાઈ, શામજીભાઈ, તેના ભાઈ તથા હરિબા, શીતબા, ધનુબા, દેવીબા વગેરે સ્ત્રી હરિભક્તો પણ પોતપોતાની રીતે શ્રીહરિ તથા સંઘની સેવામાં લાગી ગયાં.

કાર્તિકી પૂનમનો ઉત્સવ હતો. ઉત્સવના આ દિવસે મોટી સભા થઈ. માંચા ભક્તે શ્રીહરિની ચંદન-પુષ્પ અને આભૂષણો તથા વસ્ત્રો ધરાવી પૂજા કરી. બીજા હરિભક્તોએ પણ આભૂષણો, ફૂલના હાર, ગજરા, વસ્ત્રોથી શ્રીહરિની પૂજા કરી. સ્ત્રી-ભક્તોએ પણ આ પ્રસંગે આ લહાવો લીધો.

પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માના મનુષ્યસ્વરૂપનો આવો સંબંધ થવો તે અતિ દુર્લભ વાત હતી. મોટા મોટા મુનિઓના ધ્યાનમાં જે નથી આવતા તે પરમાત્મા આજે મનુષ્ય સદૃશ્ય થઈ મનુષ્યોને સુલભ બન્યા હતા. પણ એ લહાવો જેણે લીધો તેના ભાગ્યનો પાર ન રહ્યો. સૌ ભાવવિભોર બની ગયા.

શ્રીહરિના સ્વરૂપનાં દિવ્ય દર્શન

ભક્તો આ ભાવથી શ્રીહરિના સ્વરૂપ સાથે એકાકાર થઈ ગયા. પ્રગટ પ્રભુ સિવાય તેમની દૃષ્ટિમાં બીજું કાંઈ જ ન રહ્યું. તે વખતે તેમને સૌને શ્રીહરિના સ્વરૂપમાંથી અતિ ઉજ્જ્વલ પ્રકાશનાં દર્શન થયાં. એ પ્રકાશમાં દિવ્ય સિંહાસન ઉપર દિવ્ય મૂર્તિ શ્રીહરિને બિરાજેલા તેમણે જોયા. અનંત અક્ષરમુક્તો શ્રીહરિની સ્તુતિ કરતા દેખાયા. સર્વ અવતારોના કારણ આ શ્રીહરિના સ્વરૂપમાં અનંત અવતારો પણ સૌને દેખાવા લાગ્યા. વેદો શ્રીહરિની સ્તુતિ કરતા દેખાયા. આ દિવ્ય દર્શનથી સૌ દિવ્ય આનંદમાં મગ્ન બની ગયા. શ્રીહરિએ એક મુહૂર્ત સુધી સૌને આ સુખ આપ્યું. પછી એ ઐશ્વર્ય સંકેલીને પોતે મનુષ્યસ્વરૂપે દેખાવા લાગ્યા.

શ્રીહરિ પણ ભક્તોના ભાવથી અતિ પ્રસન્ન થયા હતા. તેમણે માંચા ભક્તને કહ્યું : "માંચા ભક્ત ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું માટે તમારી જે ઇચ્છા હોય તે વર તમે માગો."

માંચાખાચરના ઘરમાં તે વખતે એક લાખ રૂપિયા રોકડા હતા, દાણાના ભંડાર ભરેલા હતા, સો ગાયો હતી, સો ભેંસો હતી અને ઉપરાંત ખેતી લીલી હતી. તેથી આ લોકની સમૃદ્ધિમાં તેમનું મન ન હતું. તેમને થયું કે ભગવાન મળ્યા છે, પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યું છે તો હવે માગવામાં ખોટ ન રાખવી. તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! જો આપ પ્રસન્ન થયા હો, તો કામ-ક્રોધાદિક દોષથી મારી રક્ષા કરજો, મારા અંતરમાં સ્થિર થઈને

રહેજો, આપના સ્વરૂપ સિવાય બીજે ક્યાંય મારું મન ન લોભાય, આપના ભક્તો પ્રત્યે હંમેશાં ભક્તિભાવ રહે અને આપનું અખંડ સ્મરણ રહે !"

શ્રીહરિ તેની માગણીથી પ્રસન્ન થઈ ગયા. આગળના કોઈ ભક્તે જે માગ્યું ન હતું તે માંચા ભક્તે માગ્યું. પ્રગટ પ્રભુ પ્રસન્ન થયા એટલે તેમણે પણ માગવામાં ખામી રાખી નહિ. શ્રીહરિએ પ્રસન્ન થઈને કહ્યું : "માંચા ભક્ત ! તમે જે માગ્યું છે તે તમને સિદ્ધ થશે."

પરંતુ માંચા ભક્તને એટલેથી સંતોષ ન થયો. તેમને તો પોતાના સંબંધીઓને પણ શ્રીહરિનો સંબંધ કરાવવો હતો. તેમને સૌને પણ આ પરમપદના, શ્રીહરિના અતિ દિવ્ય સંબંધના અધિકારી બનાવવા હતા. તેથી તેમણે ફરી કહ્યું : "પ્રભુ ! એક બીજું પણ માંગવાનું છે."

શ્રીહરિ ચમક્યા. નિષ્કામી જણાતા આ ભક્તને વળી બીજો શો લોભ લાગ્યો ! પરંતુ તરત જ માંચાખાચરે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું : "પ્રભુ ! અહીં ગઢપુર ગામમાં અમારા સંબંધી એભલખાચર, તેમની કુંવરીઓ, તેમનો નાનો ઉત્તમકુમાર - બધાં ખૂબ જ સંસ્કારી અને પવિત્ર છે, કૃષ્ણભક્તિમાં સદા લીન રહે છે. હું સરધારથી ગઢપુર ગયો ત્યારે તેમને આપની વાત કરી હતી. તે સૌ આપનાં દર્શનના પ્યાસી છે. આપની આજ્ઞા હોય તો તેમને સૌને હું તેડાવું."

માંચા ભક્તની આ વાત સાંભળી શ્રીહરિએ આંખો મીંચી દીધી. તેમના મુખ પર ભક્તિના ભાવ દેખાયા. સૌ ભક્તોને આ જોઈ આશ્ચર્ય થયું. થોડી વારે શ્રીહરિએ નેત્રો ખોલ્યાં. તેમણે ધીરે રહીને કહ્યું : "માંચાખાચર ! ગઢપુરના એ ભક્તો માટે તો હું આંહીં આવ્યો છું. જેમ કરિયાણાનાં મીણબાઈ અને પીપલાણાનાં લાડકીબાઈ, અમે પ્રગટ થયા છીએ ત્યારથી અમારી સર્વ ક્રિયા દેખે છે, તેમ એભલખાચરની પુત્રી જીવુબા પણ અમને એ પ્રમાણે સાક્ષાત્ દેખે છે. અભય નૃપનો તમામ પરિવાર મુક્ત સ્થિતિ પામેલો છે. તમો તેમને સૌને પત્ર લખી અહીં તેડાવો. અમારે પણ તેમનાં દર્શન કરવાં છે."

શ્રીહરિના આ શબ્દો સાંભળી માંચાખાચરને આશ્ચર્ય થયું. તેમના કુટુંબ સાથેના સંબંધને લીધે તે જાણતા તો હતા જ કે તે કુટુંબ અત્યંત પવિત્ર છે, કૃષ્ણભક્તિના રંગથી રંગાયેલું છે. પરંતુ શ્રીહરિ પણ તેમનાં દર્શન ઇચ્છે છે એવી તેમની ભક્તિનો ભાવ તેઓ પિછાણી શક્યા ન હતા. એ જ દિવસે તેમણે પત્ર લખીને ગઢપુર દૂત મોકલ્યો.

અહીં ગઢપુરમાં એભલખાચરને વાવડ તો મળ્યા હતા કે શ્રીહરિ

કારિયાણી પધાર્યા છે. પરંતુ માંચાખાચરે ખાસ કહ્યું હતું કે હું સંદેશો મોકલીશ અને તમને સૌને ત્યાં તેડાવીશ. તેથી તેઓ સૌ શ્રીહરિનું ચિંતવન કરતા સંદેશાની રાહ જોઈ રહ્યા હતા.

માંચાખાચર દૂતને ગઢપુર મોકલે છે

રોજના નિયમ પ્રમાણે દશમસ્કંધમાં શ્રીકૃષ્ણની લીલાના અધ્યાયોની કથા કરીને શ્રીહરિનું સ્મરણ કરતા સૌ મોડી રાત્રે સૂતા. શ્રીહરિ પણ તેમના સ્મરણને સંભારતા માંચાખાચરનો દૂત પહોંચે તે પહેલાં જ ગઢપુર પહોંચી ગયા. એભલખાચરને દર્શન થયાં. શ્રીહરિ અનંત મુક્તો, અનંત અવતારો સાથે દિવ્ય વિમાનમાં બિરાજી ગઢપુરમાં એભલખાચર પાસે પધાર્યા. જીવુબા અને લાડુબાને પણ દર્શન આપ્યાં. આ દિવ્ય દર્શનથી દરબારગઢમાં સૌ જાગ્રત થઈ ગયાં. જીવુબા અને લાડુબા બાપુ એભલખાચર પાસે આવ્યા. બાપુ એભલખાચર પણ પલગમા બેઠા બેઠા આ દિવ્ય દર્શનના દિવ્ય આનંદથી ભાવવિભોર બની ગયા હતા.

એટલામાં બંને બહેનો ત્યાં આવી. જીવુબાએ બાપુને પલંગમાં બેઠેલા જોઈ પૂછ્યું : ‘‘બાપુ ! ઊંઘ નથી આવતી ?’’

બાપુએ કહ્યું : ‘‘બહેન ! ઊંઘ તો આવી ગઈ હતી પરંતુ શ્રીહરિ આપણે ત્યાં અનંત મુક્તો અને અનંત અવતારો સાથે દિવ્ય વિમાનોમાં બેસી પધાર્યા. અહીં આવી આ પલંગ ઉપર બિરાજી ગયા. હું તરત જ જાગ્રત થઈ ગયો !’’

આ સાંભળી જીવુબા અને લાડુબાએ પણ કહ્યું : ‘‘બાપુ ! અમને પણ એવાં જ દર્શન થયાં. શ્રીહરિ આપણને બોલાવે છે. હવે કારિયાણીથી સંદેશો આવશે એવી રાહ જોવી નથી. કાલે સવારે આપણે કારિયાણી જઈએ.’’

બાપુ એભલખાચરને પણ થયું કે શુભ કાર્ય માટે સંદેશાની કે આમંત્રણની રાહ ન જોવી જોઈએ. તેમણે તરત જ કહ્યું : ‘‘ભલે, ત્યારે તૈયારી કરો.’’

વહેલી સવારે માંચાખાચરે મોકલાવેલ દૂત પત્ર લઈને મારતે ઘોડે ગઢપુર પહોંચી ગયો. સીધો બાપુની ડેલીએ તે ગયો. બાપુ તે વખતે પૂજાથી પરવારી કારિયાણી જવાની તૈયારી કરતા હતા તે વખતે દૂતે ત્યાં આવી પત્ર આપ્યો. પત્ર જોઈને જ એભલ બાપુને આનંદ થયો. તેમણે પત્ર વાંચ્યો. માંચાખાચરે લખ્યું હતું કે ‘‘પત્ર મળે વહેલા આવજો. શ્રીહરિ તમારાં દર્શન ઇચ્છે છે.’’

શ્રીહરિના તમામ સમાચારો પછીના આ છેલ્લા શબ્દે એભલ બાપુનું હૈયું હલાવી દીધું. તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. પત્ર લઈને તે સીધા જીવુબા

પાસે આવ્યા. તેમને જોઈ જીવુબાએ તરત જ કહ્યું : "બાપુ ! સંદેશો આવ્યો ?"

"હા દીકરી ! તને તો બધું દેખાય છે પણ મનેય હવે શ્રીહરિ દેખાવા માંડ્યા. જેવા સપનામાં દીઠા હતા તેવા ને તેવા જ જાણે ઘોડીએ બેસીને અહીં આવતા હોય તેવું દેખાય છે."

તરત જ બધી તૈયારીઓ થઈ ગઈ. દૂતને કંસાર જમાડ્યો. બીજા બધાએ તો વ્રત લીધાં હતાં - શ્રીહરિનાં દર્શન કરીને પછી જ જમવું. તેથી સૌ દરબારગઢમાંથી બહાર આવી ગયાં. દરબારગઢના ચોકમાં રથ તૈયાર હતા. એક રથમાં એભલ બાપુની બે રાણીઓ સોમા દેવી અને સુરપ્રભા બેઠાં. બીજા રથમાં જીવુબા અને લાડુબા બેઠાં. ત્રીજા રથમાં બીજી બે નાની પુત્રીઓ પાંચુબા અને નાનીબા બેઠાં. ચોથા રથમાં એભલ બાપુ તેમના પુત્ર ભક્તરાજ ઉત્તમકુમારને ખોળામાં લઈને બેઠા. સાથે બીજા સંબંધીઓ પણ હતા. બાપુના જમાઈ નાંગમાલ તથા સાળા ઘેલો ધાધલ અશ્વ ઉપર બેઠા. અન્ય દાસ-દાસીઓ પણ બીજાં વાહનોમાં બેઠાં. શૂરવીર યોદ્ધાઓ પણ થનગનતી ઘોડીઓ ઉપર બેઠા. આ પ્રમાણે એભલ બાપુનો પરિવાર કારિયાણી જવા તૈયાર થઈ ગયો.

શુભ શુકનની રાહ જોતા હતા ત્યાં વાછડી સાથે ગાય આવતી સામે મળી. વિપ્રો નીલકંઠેશ્વર મહાદેવને જળ ચડાવી વેદમંત્રો બોલતા સામેથી આવતા હતા. માળી પણ તેના રોજના નિયમ પ્રમાણે બાપુના અને બહેનોના ઠાકોરજીની પૂજા માટે ફૂલહાર લઈને આવતો હતો. એભલ બાપુએ તેની પાસેથી શ્રીહરિને ધરાવવા માટે ફૂલહાર લઈ લીધા. તેને તેના દામ કરતાં વધારે કિંમત આપી. આવા મંગલમય શુકન સાથે સૌ દરબારગઢમાંથી નીકળ્યા.

બાપુ એભલખાચરને તથા બહેનોને શ્રીહરિના સ્મરણ સિવાય બીજો કોઈ સંકલ્પ હતો નહિ. ઉગામેડી, નિંગાળા, ઝિંઝાવદર જેમ જેમ પસાર થતાં ગયાં તેમ તેમ અંતરમાં શ્રીહરિનાં દર્શન માટેની ઉત્સુકતા વધતી ગઈ. કારિયાણી એક ગાઉ છેટું રહ્યું એટલે એભલ બાપુ તથા બહેનો, રાણીઓ બધાં રથમાંથી ઊતરી ચાલવા લાગ્યાં. શ્રીહરિનાં દર્શનની ઉત્સુકતાથી હૈયું ધડકતું હતું. શ્રીહરિ ક્યાં હશે ? શું કરતા હશે ? વગેરે સંકલ્પોથી મન સભર બની ગયું હતું. થોડે છેટે રહ્યા એટલે તેમણે દૂત મોકલ્યો. દૂતે જઈ માંચાખાચરને સંદેશો આપ્યો કે બાપુ એભલખાચર પરિવાર સાથે આવી ગયા છે.

માંચાખાચરને આ સંદેશો મળ્યો એટલે તરત જ તેમના સંબંધી ભાયાતો અને ત્યાં આવેલા અન્ય દરબારોને લઈને એભલ બાપુને તેડવા માટે સામે ગયા.

સૌ એકબીજાને મળ્યા. સન્માનનો વિધિ કર્યો અને સૌ ગામમાં આવ્યા. બાપુ એભલખાચર તથા તેમના પરિવાર માટે સારો ઉતારો તૈયાર રાખ્યો હતો તેમાં તેઓ સૌ ઊતર્યા. પણ આ બધા વિધિ દરમ્યાન બાપુ તથા બહેનો વારંવાર પૂછતાં હતાં કે શ્રીહરિ ક્યાં છે ? શ્રીહરિ ક્યાં છે ?

માંચાખાચરે તેમની અકળામણ પારખી લીધી. પરંતુ શ્રીહરિનાં દર્શનની તાલાવેલી વધુ તીવ્ર બને તે માટે તેઓ કાંઈક ને કાંઈક બહાનું શોધી તેમનાં દર્શનની ત્વરાને ધીમી પાડતા હતા. છેવટે એભલ બાપુએ કહ્યું : "હવે તો શ્રીહરિનાં દર્શન પછી જ બીજી વિધિઓ કરીશું." ત્યારે માંચાખાચર તેમને શ્રીહરિ પાસે લઈ ગયા.

એભલ પરિવાર કારિયાણીમાં

મુક્તમંડળની વચ્ચે શ્રીહરિ જેમ તારાઓથી વીંટળાયેલ ચંદ્ર શોભે, તેમ શોભી રહ્યા હતા. જ્ઞાનગોષ્ઠિ ચાલતી હતી. એટલામાં ત્યાં બાપુ એભલખાચર આવ્યા. માંચા ભક્તે તેમની તથા તેમના પરિવારની ઓળખાણ કરાવી. એભલ બાપુને શ્રીહરિના સ્વરૂપમાં સૌમ્ય પ્રકાશ દેખાયો. જેવા સ્વપ્નામાં નીરખ્યા હતા, તેવા ને તેવા જ પ્રત્યક્ષ જોયા. તેમણે દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિએ તેમના મસ્તક ઉપર બે હાથ મૂક્યા અને પછી ઊભા થઈને તેમને ભેટ્યા. ઉત્તમકુમાર તો શ્રીહરિના ચરણકમળ પાસે જ બેસી ગયા.

બાપુ એભલખાચરને પ્રેમપાશમાંથી મુક્ત કરી શ્રીહરિ પોતાના આસને બેસવા જાય છે ત્યાં તેમણે તેમના ચરણ પાસે જ ઉત્તમકુમારને જોયા. એભલખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! એ મારો કુંવર છે !"

શ્રીહરિએ તરત જ ઉત્તમકુમારને તેડી લીધા અને કહ્યું : "એ અમારોય કુંવર છે !"

શ્રીહરિના આ શબ્દો સાંભળી સૌને આશ્ચર્ય થયું. શ્રીહરિએ બાપુ એભલખાચરને કહ્યું : "બાપુ ! અમે તમારે ગામ આવ્યા હતા પણ તમારો ભેટો થયો નહિ. તે વખતે તમને મળવાનો સંકલ્પ હતો તે આજે ફળ્યો."

"મહારાજ ! આપ પધાર્યા છો તે વાત સાંભળી અને તરત જ હું મલેક સાહેબના બાગમાં આવ્યો પણ આપ ત્યાંથી પધારી ગયા હતા." એભલ બાપુએ ખુલાસો કર્યો. પછી હાથ જોડી કહ્યું : "તો મહારાજ ! હવે આપ અમારે ત્યાં પધારો. આ મારો કુંવર દાદો, મારી કુંવરિયું, મારો બધો પરિવાર – બધું

આપની સેવામાં અર્પણ છે."

બાપુના શબ્દોમાં ભક્તિ હતી. એ વેવલાઈના વેણ ન હતા. સમગ્ર સભાએ એ જોઈ લીધું. શ્રીહરિએ પણ તરત જ કહ્યું : "બાપુ ! અમે પણ તમને અમારા માન્યા છે. તમારો પરિવાર, દરબારગઢ બધું જ અમારું માનીને અમે તમારે ત્યાં રહેશું. તમારે અમને રાખવાનો ખપ છે ને અમારે તમારે ત્યા રહેવાનો ખપ છે."

શ્રીહરિના મુખમાંથી સરી પડતા શબ્દોથી શ્રીહરિનો બાપુ એભલખાચર અને તેમના પરિવાર પ્રત્યે કેટલો પ્રેમ છે તેની પ્રતીતિ સૌને થતી હતી. બાપુ એભલખાચરની શ્રીહરિ પ્રત્યેની ભક્તિનું એ ભાવમાં દર્શન હતું.

આ બધો પ્રસંગ મૂક વદને નિહાળી રહેનાર માંચાખાચરને હવે ખરેખર ધ્રાસકો પડ્યો. તેમણે એકદમ બાપુ એભલખાચર પાસે આવી કહ્યું : "બાપુ ! સંબંધી જાણીને તમને અમે અહીં શ્રીહરિનાં દર્શને તેડ્યા ત્યારે તમે જ જાણે અક્રૂર જેવાં કામો કરવા માંડ્યા !"

શ્રીહરિ તેમની આ અકળામણ જોઈ હસ્યા. પણ માંચાખાચરને હજુ કહેવું હતું. તેમણે કહ્યું : "ઠેઠ સરધાર જઈને આમંત્રણ આપી આવ્યો હતો. મહારાજે આવવાની હા કહી પણ ત્રણ મહિના રાહ જોવરાવીને પછી પધાર્યા છે અને તમે આજે આવીને એક દીમાં મહારાજને તેડી જાવા તૈયાર થયા છો ?"

બાપુ એભલખાચરે હાથ જોડ્યા અને કહ્યું : "માંચા ! આ તો અંતરમાંથી વેણ નીકળી ગયાં. હવે શ્રીહરિને જેમ ગોઠે તેમ કરે."

શ્રીહરિએ તરત જ માંચાખાચરને કહ્યું : "માંચાખાચર ! તમારા સૌના પ્રેમને વશ થઈને તો હું સોરઠમાંથી અહીં આવ્યો છું. તમારા સર્વ મનોરથ હું પૂરા કરીશ, પછી તો રજા આપશોને ?"

માંચાખાચરે તરત જ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ !"

સૌરાષ્ટ્રમાં અરાજકતા પ્રવર્તાવવામાં મોટો હિસ્સો કાઠીઓનો હતો. મુઠ્ઠીભર ધરતી માટે લીલાં માથાં વાઢી તેમણે શાંતિને સૌરાષ્ટ્રના સીમાડામાંથી હાંકી કાઢી હતી. છતાં એ ધિંગાણાં મરદાનગીનાં હતાં, વટનાં હતાં, એ ધિંગાણાંમાં પણ તેમણે ધરમની ધજાને હેઠે પડવા દીધી ન હતી, એ ધરમના અંશને, એ સચ્ચાઈને, એ શૂરવીરતાને પારખીને શ્રીહરિ આ પુણ્યભૂમિને વધુ પુણ્યવતી કરવા ઠેઠ પૂર્વમાંથી અહીં પધાર્યા હતા. કોઈ ઠેકાણે એમનું મન ન માન્યું. તેમના અંતરના શબ્દને ઝીલે એવો કોઈ માઈનો પૂત તેમને ક્યાંય ન જડ્યો. સોરઠની ધરતીમાં તેમનું મન ઠર્યું. પાંચાળમાં બહેલ્યું અને ગુજરાતની

પોચી ધરતીમાં તે વિકસ્યું. સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતની ભૂમિ તેમના પાદસ્પર્શે પુણ્યવતી બની ગઈ. એ ધરતીના માનવી દેહે કઠણ પણ અંતરે માખણ જેવા આજે તેમને મળી ગયા. તેમના કાર્યનો આરંભ તેમણે અહીંથી શરૂ કર્યો. એ કાર્ય ધરતીને પુણ્યવતી બનાવતું વિશેષ વિસ્તરશે, ધરતીનો છેડો આવશે ત્યારે એ કાર્ય અટકશે. એવા શૂરવીરો તેમને મળી ગયા હતા, જેમણે બહારના શત્રુઓને ધ્રુજાવ્યા હતા. હવે અંતરના શત્રુઓને ધ્રુજાવવા તત્પર બની ગયા હતા. આવા કાઠી રાજવીઓ શ્રીહરિના સાથી બની ગયા હતા. શ્રીહરિને તેનું ગૌરવ હતું.

પછી શ્રીહરિએ માંચાખાચરને કહ્યું : "માંચાખાચર ! અમારે અહીં વસંતપંચમીનો ઉત્સવ અતિ ધામધૂમથી કરવો છે. ત્યાં સુધી અમો અહીં રહીને તમને સૌને સુખ આપીશું." પછી એભલખાચર તરફ જોઈ તેમણે કહ્યું : "એભલ બાપુ ! અહીં વસંતનો ઉત્સવ કરીને અમે તમારે ત્યાં આવીશું."

આ સાંભળી એભલખાચર રાજી થયા. તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમે પણ ત્યાં સુધી અહીં જ રહીશું અને પછી આપને લઈને જ ગઢપુર જઈશું." મહારાજ તે સાંભળી પ્રસન્ન થયા.

માંચાખાચરને પોતાને આંગણે આવેલા આ પ્રસંગથી શ્રીહરિને ખરેખર પ્રસન્ન કરી લેવાની તાલાવેલી લાગી. પોતાના જીવને સત્સંગના રંગે રંગી નાખવાની તેમને તીવ્ર ઇચ્છા હતી. તેમની પાસે ધન હતું, ધાન હતું, દૂધ-દહીંની છોળ્યું ઊડતી હતી. કોઈ વાતની કમી ન હતી. તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! મારી પાસે ધન છે તે આપ આપને યોગ્ય લાગે તેમ વાપરો. ધાન છે તે હરિભક્તોને, સંતોને, બ્રાહ્મણોને જમાડવામાં વાપરો. દૂધ, દહીં અને ઘીની પણ છોળ્યું ઊડે છે. માટે મારી આ સંપત્તિનો ઉપયોગ કરો."

શ્રીહરિ તેમનો ભાવ જોઈને પ્રસન્ન થયા. તેમને તો કાંઈ ધન જોઈતું ન હતું. પણ અસુરોની વગથી તે સમયે હિંસામય યજ્ઞો થતા, અજ્ઞાની લોકો પોતાની અર્થસિદ્ધિ માટે યજ્ઞો કરાવતા, દેવીઓને પ્રસન્ન કરવા પશુહિંસા કરતા. યજ્ઞના નૈવેદ્યનું માંસ ખાતા, મદ્યપાન કરતા અને તેના અનિષ્ટ રૂપે વિષયભોગ પણ ભોગવતા. આ અનિષ્ટોનું મૂળ હિંસામય યજ્ઞો હતા. તે તેમને બંધ કરાવવા હતા. પરંતુ ઉપદેશથી તે સમયે તે શક્ય ન હતું. તેથી તેમણે વિચાર કર્યો કે હવે આપણે જ અહિંસક યજ્ઞો કરીએ, બ્રાહ્મણોને જમાડીએ, દક્ષિણા આપીએ. એ રીતે તેમને પ્રસન્ન કરીને અહિંસક યજ્ઞો જ શાસ્ત્રમાન્ય છે તેની પ્રતીતિ સૌને કરાવીએ. માંચાખાચરના ધનનો આ રીતે ઉપયોગ

કરવાનું તેમણે નક્કી કરી લીધું.

કારિયાણીમાં તળાવ ગળાવ્યું

શ્રીહરિને જીવોને ધર્માભિમુખ કરવા હતા. તેમ કરવામાં જીવોને જે જે મુશ્કેલીઓ નડતી હતી તે તેમને દૂર કરવી હતી. સતત અનાવૃષ્ટિને લઈને અન્ન અને પાણીની સર્વત્ર અછત હતી. અન્નની અછતને પહોંચી વળવા તેમણે સદાવ્રતો શરૂ કર્યાં. માંગરોળમાં પુરાઈ ગયેલી પુરાતન વાવને સજીવન કરી તે પ્રદેશમાં પાણીનો પ્રશ્ન પણ તેમણે હલ કર્યો. અહીં પણ એ પ્રશ્ન હતો જ. શ્રીહરિએ વિચાર્યું કે આખું પૃથ્વીનું તળ પાણીથી ભરેલું છે તો પૃથ્વીમાંથી પાણી કાઢવું. તેમણે નક્કી કર્યું કે ગામને પાદર ઉત્તર દિશામાં સુંદર સપાટ જમીન છે ત્યાં વિશાળ તળાવ ખોદાવવું.

આ પ્રસગે સમાગમ કરવા આવેલા તમામ ભક્તોને, સતોને નવું તળાવ ખોદવાની શરૂઆત કરવાનું કહી દીધું. તે પ્રમાણે કામ શરૂ થયું. શ્રીહરિ પણ સવારથી ખીજડા નીચે પલંગ બિછાવી ત્યાં બિરાજતા. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સૌ સંતો, ભક્તો શ્રમ કરતા. શ્રીહરિ તેઓમાં ઉત્સાહ પ્રેરવા તેઓને ભેટતા. તેમનાં ગારાવાળાં હાથ-પગ કે લૂગડાં જોઈ તેઓ કહેતા કે "આ તો ચંદન છે." અન્યને માટે ભક્તિપૂર્વક શ્રમ કરવો તેને તેઓ સાચો શ્રમયજ્ઞ કહેતા.

સૌને જમવા માટે રાત્રે બાજરો પલાળી રાખતા. તેમાં તલ ભેળવતા અને શ્રીહરિ પોશે પોશે સૌને વહેંચતા. એટલા બધા હરિભક્તો ભેગા થયા હતા કે પંદર મણ બાજરો અને પાંચ મણ તલ રોજ વહેંચાતા. આ રીતે શ્રીહરિ શ્રમ અને સ્વાદનો મેળ જામવા દેતા ન હતા. દરબાર વસ્તાખાચરે આ બધો ખર્ચ ઉપાડી લીધો હતો.

થોડા દિવસમાં વિશાળ તળાવ ભરાઈ ગયું. પાણી પણ અમૃત જેવું નીકળ્યું. શ્રીહરિએ તે પ્રથમ પીધું. તેની પશ્ચિમ દિશામાં બે કુંડ પણ તૈયાર કરાવ્યા અને તેનું નામ રામકુંડ અને ભીમકુંડ રાખ્યું. તેમાં પ્રથમ પોતે સંતો સહિત સ્નાન કર્યું. પોતાના સંબંધે સાચું અને સર્વોપરી તીર્થત્વ તેને આપ્યું. ઘણા સમયની પાણીની ખોટ આ રીતે ટળી. મનુષ્ય, પશુ, પંખી સૌ સુખિયાં થઈ ગયાં.

✧

હવે શ્રીહરિએ વિષ્ણુયાગ આરંભ કરવાનું નક્કી કર્યું. જુદે જુદે સ્થળે કાગળો લખ્યા. વેદિયા વિપ્રોને તેડાવ્યા. સરોવરની પશ્ચિમ દિશામાં ચાળીસ

ચોકા કરાવ્યા. લોટ, દાળ, ચોખા, ગોળ, ઘી વગેરે સામગ્રી તૈયાર થઈ ગઈ. યજ્ઞને માટે મંડપ તથા યજ્ઞકુંડ પણ તૈયાર કરાવી દીધા. અહિંસક વિષ્ણુયાગનો આરંભ થયો. વેદના મંત્રોનો ઉદ્‌ઘોષ થવા માંડ્યો. શેરે શેર ઘીના મોદક જમી વિપ્રોનાં ગળાં ખુલ્લાં થઈ ગયાં હતાં. તેથી મંત્રનો ઘોષ ચારે દિશામાં વ્યાપી ગયો. યજ્ઞકુંડમાં હોમાતા ઘીથી થતો ધુમાડો ઊંચે ચડતો અને દેવતાઓને આ યજ્ઞના તથા યજ્ઞના અધિષ્ઠાતા પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન કરવા આમંત્રણ આપતો હતો. પાંચાળની ભૂમિએ ન દીઠેલું એવું યજ્ઞનું મહાસત્ર અહીં આરંભાઈ ગયું. હજારો વિપ્રો 'સહજાનંદ સ્વામીની જય', 'નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર' કરતા મોદકને મોડ્યા સિવાય ઉદરમાં પધરાવતા હતા. સંતો-હરિભક્તો યજ્ઞની, રસોઈની, પીરસવાની સેવામાં જોડાઈ ગયા હતા. તેમને સૌને શ્રીહરિને પ્રસન્ન કરવાનો ભાવ હતો. યજ્ઞ તે માટેનું નિમિત્ત હતું. ભોજન તેમને મન ગૌણ હતું.

સાક્ષાત્ પુરુષોત્તમનારાયણે આ યજ્ઞ આદર્યો હતો. માંચા ભક્ત જેવા મહાનિષ્કામી ભક્ત યજમાનપદે હતા. સંતસ્વરૂપે શ્રીહરિના ભાગવતધર્મ-સ્થાપનના કાર્યમાં જોડાયેલા તેમની સાથે જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર પધારેલા સંતો અને હરિભક્તો આ યજ્ઞની સેવામાં હતા. પવિત્ર બ્રાહ્મણો વેદપાઠ, ગીતાપાઠ, વિષ્ણુસહસ્રના જાપ વગેરે કરતા હતા. આ પ્રકારે શ્રીહરિના સંબંધે આ યજ્ઞનું આયોજન થયું. કાર્ય શરૂ થયું. મંત્રોના ઘોષ શરૂ થયા. ત્યારે યજ્ઞનારાયણને પણ પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરવા આવવું પડ્યું. તેમને લાગ્યું કે સત્યયુગના ધર્મો યજ્ઞ, યાગાદિક આ કળિકાળમાં વિલીન થઈ ગયા હતા. તે ધર્મોનું શ્રીહરિ પુનઃ પ્રસ્થાપન કરી રહ્યા હતા. યુગના ધર્મોની ઉપેક્ષા કરી રહેલા માનવીઓને સાત્ત્વિક યજ્ઞોનો મહિમા સમજાવતા શ્રીહરિ પૃથ્વી ઉપરથી લુપ્ત થયેલા યુગના ધર્મો પણ સજીવન કરી રહ્યા હતા. શ્રીહરિએ આ પ્રકારે યોજેલા વિષ્ણુયાગની ધામધૂમપૂર્વક પૂર્ણાહુતિ કરી.

વિષ્ણુને પ્રસન્ન કર્યા. હવે શિવજીને પણ પ્રસન્ન કરવા જોઈએ. શિવજીને નારાયણ સાથે ભક્તિભાવે એકતા છે. તેથી શિવજીની પ્રસન્નતામાં નારાયણની પ્રસન્નતા રહેલી છે. અને જે નારાયણને ઇષ્ટભાવે ભજતા હોય તે ઉપર શિવજીની પણ પ્રસન્નતા સદા હોય છે. શિવજીનો આવો મહિમા સમજાવવા શ્રીહરિએ અતિરુદ્ર આદર્યો.

આ પ્રસંગે ગઢપુરથી જીવાખાચર પણ તેમની બે પુત્રીઓ અમૂલાબાઈ તથા

અમરબાઈને લઈને આવ્યા. સાથે તેમના ભાઈ મૂળુખાચર પણ આવ્યા. ગઢપુરમાં મલેક સાહેબના બાગમાં શ્રીહરિનાં દર્શન કર્યાં પછી આ બીજી વાર તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિના સ્વરૂપમાં તેમને આજે કંઈક વિશેષ નવીનતા લાગી. તેમનામાં મુમુક્ષુતા હતી પરંતુ વ્યવહાર પ્રધાન હતો. એટલે કારિયાણીમાં શ્રીહરિએ આદરેલા વિષ્ણુયાગની વાતો સાંભળ્યા પછી પણ તેમને અહીં આવવા નવરાશ મળી ન હતી. પરંતુ શ્રીહરિને તેમનું કલ્યાણ કરવું હતું તેથી તેમણે આંતરપ્રેરણા કરી અને વ્યવહારના જાળામાંથી છૂટીને તેઓ અહીં આવ્યા.

ગઢપુરમાં મોટી ડેલીના તે ધણી કહેવાતા. બાપુ એભલખાચર અને બાપુ જીવાખાચર બન્ને છ છ ગામના ધણી હતાં.[૪૧] ગઢડામાં બંનેનો અરધ ભાગ હતો. છતાં બાપુ જીવાખાચરની ભાવનગર રાજ્યમાં વગ વિશેષ હતી. તેમની વ્યાવહારિક બુદ્ધિને લીધે તેઓ ભાવનગર રાજ્ય પાસે પોતાનું ધાર્યું કરાવી શકતા. શ્રીહરિ જીવાખાચરની વ્યાવહારિક મોટાઈ જાણતા હતા. તેથી માંચાખાચરને તેમણે ભલામણ કરી કે જીવાખાચરની બરાબર સરભરા કરે.

✧

એક દિવસ શ્રીહરિ હાલ જ્યાં દેરી છે તેની પાસે તળાવને કાંઠે ઓટો છે તે ઠેકાણે સભામાં બિરાજમાન થયા હતા. તે વખતે બરવાળાથી જૈનના બે ગોરજી ત્યાંથી પસાર થતા હતા. તેમણે સ્વામિનારાયણને જોયા. મનમાં બીક લાગી કે સ્વામિનારાયણ જેના સામું જુએ છે તે લાકડા જેવું લાકડું થઈ જાય છે. તેથી તેઓ ઉતાવળી ગતિથી ચાલવા લાગ્યા. પરતુ એક ગોરજીએ મહારાજ સામું જોયું અને મહારાજે પણ તેના સામું જોયું એટલે તરત તેને સમાધિ થઈ. તેણે સમાધિમાં તીર્થંકરોને જોયા. તેથી તેને આશ્ચર્ય થયું. બીજા ગોરજી તો આ જોઈ ઠેઠ તળાવને કાંઠે જઈને ઊભા રહ્યા. તેથી મહારાજે પેલા ગોરજી તરફ દૃષ્ટિ કરી અને તે સમાધિમાંથી જાગ્રત થઈ ગયો. તરત જ તે ઊઠ્યો અને એકદમ ત્યાંથી દોડ્યો. તે જોઈને સભામાં બેઠેલા હરિભક્તો હસવા લાગ્યા. જે તીર્થંકરોની પોતે ભક્તિ કરતા હતા, તેમનાં દર્શન મહારાજની કૃપાથી તેને થયાં છતાં મહારાજને વિશે કેવળ એક જાદુગરનો ભાવ રાખી જિજ્ઞાસાથી પણ આ

---

૪૧. બાપુ એભલખાચરનાં ગામો : માંડવધાર, રળિયાણા, લાખણકા, ઝિંઝાવદર (નાનું), તાજપર, સુરકા, ગઢડું અર્ધું.
બાપુ જીવાખાચરનાં ગામો : અડતાળા, ઊગામેડી, શિયાનગર (વલ્લભીપુર પાસે), ખોપાળા, માળોદ, વનાળી અને ગઢડું અર્ધું.

પ્રકારની લીલાનું રહસ્ય જાણવા પ્રયત્ન ન કરવો તે કેવળ જડતા જ કહેવાય.

✧

અતિરુદ્રની પૂર્ણાહુતિ થઈ. હજારો બ્રાહ્મણો જમ્યા. તેમને દક્ષિણા મળી. શ્રીહરિએ આ પ્રસંગે હજારો બ્રાહ્મણોને આટલા દિવસ સુધી મોદક જમાડ્યા. તે સીધાની સામગ્રી ક્યાંથી આવતી, કોણ બધું પૂરું પાડતું તે બધું સૌને આશ્ચર્ય જેવું લાગ્યું ! માંચાખાચરના ભંડારમાં જે અનાજ હતું, શ્રીહરિને તેણે જે ધન આપ્યું હતું તેમાંથી આવો અદ્‌ભુત વિષ્ણુયાગ કે અતિરુદ્ર થાય તેવું ન હતું. તેનો તો તેને પણ ખ્યાલ હતો. છતાં યજ્ઞ, ભોજન, દાન-દક્ષિણા બધું જ વ્યવસ્થિત ચાલતું હતું. કોઈ ઠેકાણે ક્યાંય ખોટ જણાતી ન હતી. શ્રીહરિનું આ ઐશ્વર્ય હતું તેની સૌને પ્રતીતિ થઈ હતી. જીવો પ્રભુમય જીવન જીવે તેવી એ ઐશ્વર્ય-દર્શન કરાવવા પાછળની શ્રીહરિની ભાવના હતી. કાઠીઓની જ્ઞાતિમાં જાગૃતિ આવી ગઈ હતી. તેમના અંતરનો રામ જાગ્યો હતો. સૂરજદાદાને આપેલા અર્ઘ્ય સૂરજદાદાએ સ્વીકારી પૂર્ણ પુરુષોત્તમના ચરણે ધરી દીધા હતા. સૌરાષ્ટ્રના કાઠીઓનો નવો ઇતિહાસ લખવાની શરૂઆત હવે થતી હતી.

શ્રીહરિને પ્રસન્ન કરવા સ્ત્રીહરિભક્તો પણ આ સેવામાં સંપૂર્ણતઃ જોડાઈ ગયાં હતાં. રોટલા ઘડવા; દૂધ, દહીં, છાશ, માખણ તૈયાર કરવાં; શ્રીહરિ માટે ભાત ભાતની રસોઈ બનાવવી; આ સેવાઓ ભક્તિ સમજી શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં તન્મય બની સૌ બહેનો કરતી હતી. ઊંઝાની જેકુંવરબાઈ તો ફક્ત એક શિંગોડું જ ખાઈ રોજ મણ બાજરાનું દળણું કરતી. શ્રમયજ્ઞ, સેવાયજ્ઞ અને યોગયજ્ઞ એ ત્રણેનો આદર શ્રીહરિની મૂર્તિને લક્ષ્યમાં રાખી સૌ કરતાં હતાં. શ્રીહરિને પણ આ જ સાધના સૌ પાસે કરાવવી હતી.

કારિયાણીમાં વિષ્ણુયાગ અને અતિરુદ્ર અત્યંત દિવ્ય વાતાવરણમાં સંપૂર્ણ થયા. શ્રીહરિના સ્વરૂપમાં ઉત્તરોત્તર દિવ્યતાનાં દર્શન સૌને થવા લાગ્યાં.

એટલામાં વસંતપંચમી આવી. શ્રીહરિને ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ હતો. કેવળ તપ કે વૈરાગ્યની શુષ્કતા તેમને ખપતાં ન હતાં. જીવનમાં વસંત પાંગરવી જોઈએ, હૈયાના દોલા પર પ્રભુને હિંચોળવા જોઈએ. હરિજયંતી કે કૃષ્ણાષ્ટમી અંતર્યામીને પ્રગટ કરવા ઊજવવાં જોઈએ. મન પ્રભુના સંગે, પ્રભુના રંગે ઉલ્લસિત હશે તો પંચવિષયના ભોગની અપેક્ષા રહેશે નહિ. સાધનાની એ જ પરાકાષ્ઠા છે. જીવનની દરેક ક્ષણમાં આ સાધના સધાતી જ રહેવી જોઈએ. તેમાં અંશતઃ પણ વિક્ષેપ આવે તો તે તેની સિદ્ધિમાં વિઘ્નરૂપ જરૂર બનશે.

તેથી જ શ્રીહરિ ઉત્સવોમાં સૌને આમંત્રતા. પોતે સૌ સાથે રમતા, ખેલતા, હિંડોળે હિંચકતા, ક્રીડા કરતા અને એ પ્રકારે સૌનાં અંતર પોતાની દિવ્ય મૂર્તિની સ્મૃતિથી ભરી દેતા.

વસંતનો ઉત્સવ આવ્યો અને દેશાંતરથી હરિભક્તો પણ આવી ગયા. શ્રીહરિએ ગાડાંઓ ભરી ગુલાલ મંગાવ્યો. સૌ સંતો, હરિભક્તો સાથે ગુલાલથી રમ્યા. સૌને આ દિવ્ય સુખમાં તરબોળ કરી દીધા. સંતો, હરિભક્તો સાથે તળાવમાં નાહવા પધાર્યા. પછી પોતે મુકુંદ બ્રહ્મચારીએ તૈયાર કરેલો થાળ જમ્યા. સૌ હરિભક્તોને પોતે પીરસીને જમાડ્યા.

વસંતનો ઉત્સવ પૂરો થયો. શ્રીહરિએ સૌને પોતપોતાને ઘરે જવા રજા આપી. કેટલાક ઘેર ગયા. કેટલાકને લોભ હતો શ્રીહરિ ગઢપુરમાં ઉત્સવ કરવાના છે તેનો આનંદ લૂંટવાનો, તે રસલહાણમાં ભાગ લેવાનો એટલે તેઓ શ્રીહરિની આજ્ઞા લઈ ત્યાં રહી ગયા.

શ્રીહરિ ત્યાંથી બોટાદના નગરશેઠ ભગા દોશી તેમજ સોમલાખાચર અને અન્ય હરિભક્તોના આગ્રહથી બોટાદ પધાર્યા. હરિભક્તોને ઘરે પધાર્યા. સૌ ભક્તોના મનોરથ પૂરા કરી બે દિવસ રહી પાછા કારિયાણી પધાર્યા.

કારિયાણી આવ્યા પછી દરબાર એભલ બાપુએ શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું કે "પ્રભુ ! વસંતપંચમી ગઈ અને હવે એકાદશી આવશે. આપે વસંત-પંચમી પછી ગઢપુર પધારવાનું કહ્યું હતું. તો હવે આપ ગઢપુર પધારી અમારી મનોવાંછના પૂરી કરો."

શ્રીહરિએ તરત જ કહ્યું : "હા. હવે ચાલવું જ રહ્યું. ગઢપુર જવા આજે જ નીકળીશું." એમ કહી સૌને તૈયાર થવા કહ્યું. માંચાખાચરની રજા માગી.

માંચાખાચરે રજા આપી. તેઓ તથા સોમલોખાચર, સુરાખાચર તથા અન્ય હરિભક્તો શ્રીહરિને વળાવવા માટે સાથે નીકળ્યા. થોડે સુધી તેઓ આવ્યા અને શ્રીહરિએ તેમને પાછા વાળ્યા. પરંતુ સોમલાખાચર તથા સુરાખાચર તો શ્રીહરિની સાથે જ ચાલ્યા.



શ્રીહરિનું ગઢપુરમા આગમન

(આ.સં. ૧૮૬૧, ઈ.સ. ૧૮૦૫)

ગઢપુરમા ઘેલા ધાધલ તથા નાગમાલ તેમજ જીવાખાચરના પુત્ર ભોકાખાચર અને મૂળુખાચરના પુત્ર રામખાચર શ્રીહરિના સન્માનની પૂર્વતૈયારીમાં લાગી ગયા. આખું નગર વાળીને સાફ કર્યું, પાણીનો છંટકાવ કર્યો. આસોપાલવનાં તોરણો બાંધ્યાં. કેળના સ્તંભો રોપીને કલાત્મક દરવાજા બનાવ્યા. બંને દરબારગઢ એ રીતે શણગારી સજ્જ કરી દીધા.

શ્રીહરિના ઉતારામાં મશરૂનાં ગાદલાં બિછાવીને પલંગ તૈયાર કરી દીધો. ભીંતો આભલા ભરેલા સુંદર ચાકળાથી શોભવા લાગી. ગઢપુર નગરીને શોભાવંત બનાવવામાં ક્યાંય કચાશ રાખી નહિ. પુણ્યવતી આ નગરી શ્રીહરિના આગમનની રાહ જોતી ઉન્મત ગંગાનાં કલકલ વહેતાં નીરના ઝંકારથી જાણે નૃત્ય કરતી, ઉલ્લસતી શોભતી હતી. સૌના અંતરમાં દિવ્ય આનંદ હતો.

શ્રીહરિ સાથે બાપુ એભલખાચર તેમના પરિવાર સાથે આવતા હતા. જીવાખાચર પણ સાથે હતા. મુકુંદ વર્ણી તથા મુક્તાનંદ આદિ સંતો પણ સાથે હતા. મયારામ ભટ્ટ પણ ભક્તોમાં મુખ્ય હતા. કાઠી ગિરાસદારો તથા તેમના ભાયાતો પણ શ્રીહરિના સખા બની વ્રજનાં ગોપબાળકોના ભાવે શ્રીહરિને વીંટળાઈને તેમની છાયારૂપ બની સાથે ચાલતા હતા.

અત્યારે જ્યાં રાધાવાવ છે, ત્યાં તે વખતે મોટી વાડી હતી. શ્રીહરિ પોતાના સંઘ સાથે ત્યાં ઊતર્યા. એભલખાચરે ગઢપુરમાં શ્રીહરિના આગમનની ખબર મોકલી. શ્રીહરિ પધાર્યા છે એ સમાચાર મળ્યા. બાપુ એભલખાચર તથા બાપુ જીવાખાચરે પોતાના દરબારમાંથી શ્રીહરિ માટે અનેક પ્રકારનાં પકવાન્નો મગાવ્યાં. શ્રીહરિ તે જમ્યા, સાથેના સંઘને પણ જમાડ્યો. પછી નગરમાં પ્રવેશ કરવાની તૈયારી થવા લાગી. રથ, ઘોડા, વેલ્ય, ગાડાં તથા ઊંટ ઉપર નોબત

સાથેની સવારી શ્રીહરિના સન્માન માટે નાગમાલ, ઘેલો ધાધલ, ભોકોખાચર તથા રામખાચર તૈયાર કરીને લાવ્યા. ગરુડની ગતિને શરમાવે એવા શણગારેલા રોઝા ઘોડા ઉપર શ્રીહરિ બિરાજ્યા. બીજા રથોમાં મુક્તમુનિ તથા અન્ય સંતો બેઠા. જેરામ બ્રહ્મચારી તથા મુકુંદ વર્ણી શ્રીહરિની સાથે રહી શ્રીહરિને ચામર ઢોળવા લાગ્યા. ઉમાભાઈએ સુવર્ણનાં ઈડાંવાળું છત્ર શ્રીહરિના શિર પર ધર્યું. કુબેરસિંહ છડી પોકારવા લાગ્યા. માળીઓએ ફૂલોની છાબો ભરી તૈયાર રાખી હતી, તેમાંથી સૌ ફૂલ-ગજરા અને હાર લઈ શ્રીહરિને ચડાવવા લાગ્યા. શરણાઈના સુરો, ભૂંગળના ગગનભેદી અવાજો તથા ઢોલ, તાસાં અને નગારાંના ઘોષ બ્રહ્માંડના ચૌદ લોકના દેવોને આ દર્શન કરવા આમત્રણ આપતા હતા. તપ, ધ્યાન અને યોગથી જે સ્વરૂપની ઝાંખી પણ ન થાય તે પૂર્ણ પુરુષોત્તમનારાયણ આજે અલ્પ બની ગઢપુરને અક્ષરધામ તુલ્ય બનાવી રહ્યા હતા. ગઢપુર નગરીના જનો અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ કરવા લાગ્યા.

સવારીને મોખરે ઢોલ, તાસાં અને નગારાં હતાં. શરણાઈ અને ભૂંગળના ગગનભેદી સૂરો દિશાઓ ગજાવતાં હતાં. તેની પાછળ સંતો કીર્તન ગાતા ચાલતા હતા. પાછળ શસ્ત્રધારી પાર્ષદો બંદૂકોના અવાજ કરતા શ્રીહરિનો વિજયનાદ કરતા હતા. તેમની પાછળ સોનેરી પલાણથી શોભતા રોઝા ઘોડા ઉપર હાથમાં હીરથી મઢેલી સરક પકડી, સોનેરી તારથી ગૂંથેલાં વસ્ત્રોમાં અનેક પ્રકારનાં આભૂષણોથી શોભતા શ્રીહરિ બિરાજમાન થયા હતા. તેમની પાછળ વૃદ્ધ સંતો રથોમાં બિરાજમાન થયેલા દેખાતા હતા. પાછળ હરિભક્તો તાલ, મૃદંગ લઈ કીર્તન ગાતા આ દિવ્ય આનંદને પોતાના દેહના અણુ અણુમાંથી વ્યક્ત કરતા, નૃત્ય કરતા, ડોલતા, રાસ લેતા ચાલતા હતા.

ધીરે ધીરે સવારી નગરમાં પ્રવેશી. બજારની હાટમાં વેપારીઓ શ્રીહરિની આ દિવ્ય સવારી નિહાળી ચિત્રવત્ બની ગયા. કોઈ ઘરાકને હેમના દાગીના બતાવતા સ્થિર થઈ ગયા, તો કોઈ હૂંડી લખતા કે નામું લખતા વિસ્ફારિત નેત્રે શ્રીહરિ તથા આ દિવ્ય સવારીને જોઈ રહ્યા. માલ જોખતા વેપારી ત્રાજવામાં માલ નાખતા થંભી ગયા. ગઢપુરના નગરવાસીઓનાં ઇન્દ્રિયો, અંતઃકરણ શ્રીહરિના સ્વરૂપમાં ખેંચાઈ ગયાં. સૌ સાનભાન ભૂલી ગયાં.

સ્ત્રીઓ અટારીઓમાંથી, છાપરાં ઉપરથી, આ દિવ્ય દર્શનનો લાભ લેતી હતી. શ્રીહરિના આગમનના અવાજે તેમની સૂધબૂધ ભુલાઈ ગઈ હતી. કોઈએ ધાવતાં બાળક વછોડ્યાં, કોઈએ વલોણાંનાં નેતરાં છોડ્યાં, કોઈએ દોહવાનું

છોડ્યું, કોઈએ સંબંધીઓના સાથ છોડ્યા. ગઢપુરની સ્ત્રી આમ જાણે બાવરી બની ગઈ હોય તેમ શ્રીહરિના સ્વરૂપમાં ખેંચાઈને નારીના વૃંદમાં જઈ પડી.

ગઢપુર ગામ આજે હિલોળે ચડ્યું હતું. શ્રીહરિ માણેકચોકમાં થઈને બાપુ એભલખાચરના દરબારમાં પધાર્યા.[૪૨] સવારી અહીં અટકી. જય જય શબ્દોના ઘોષ થયા. સ્વામિનારાયણના મંત્રથી આકાશ ભરાઈ ગયું !

સં. ૧૮૬૧ના માઘની શુક્લ એકાદશીએ શ્રીહરિ ગઢપુરમાં પધાર્યા. ગઢપુર અક્ષરધામ સમું બની ગયું.

શ્રીહરિ માટે ખાસ ઉતારો તૈયાર રાખ્યો હતો. ત્યાં તેઓ ઊતર્યા. તેમનું દિવ્યધામ અક્ષર હોવાથી આ મુકામને પણ તેમણે 'અક્ષર ઓરડી' એવી સંજ્ઞા આપી. આમાં અક્ષરનો શ્રીહરિ સાથેનો અવિનાભાવિ સંબંધ હતો તેનું સૂચન હતું. શ્રીહરિની સેવામાં મુકુન્દ બ્રહ્મચારી, જેરામ બ્રહ્મચારી વગેરે હતા. સ્વરૂપાનંદ સ્વામી તથા અન્ય સંતોને જીવાખાચરના દરબારમાં ઉતારો આપ્યો. હરિભક્તો તથા કાઠી રાજવીઓને પણ યથાયોગ્ય ઉતારા આપ્યા. કરિયાણાથી મીણબાઈ તથા દેહાખાચર આવ્યાં હતાં તેમને દરબારગઢમાં જ રાખ્યાં.

શ્રીહરિ માટે ફરાળમાં બરફી, પેંડા, બાસુંદી તથા બીજી અનેક પ્રકારની ફરાળી વાનગીઓ તૈયાર કરી હતી. હરિભક્તોને પણ એ પ્રમાણે ફરાળ કરાવ્યું. સંતોને તો નિર્જળા ઉપવાસ હતો. એકાદશીનો ઉપવાસ યથાર્થ થઈ શકે, ઇન્દ્રિયો, અંતઃકરણ તેનો આહાર બંધ કરી શકે, તેથી શ્રીહરિએ કથા, વાર્તા, કીર્તન અને ભજન-ભક્તિમાં સૌને જોડી દીધાં. મનને કોઈ પ્રકારનો એક ક્ષણનો પણ અવકાશ સંકલ્પ કરવા રહેવા દીધો નહિ. શ્રીહરિના સંબંધે પુણ્યવતી ગઢપુરનગરી મહાતીર્થનું ધામ બની ગઈ.

✧

રોજ શ્રીહરિ પ્રાતઃકાળમાં ઉન્મત્ત ગંગામાં[૪૩] સંતો-હરિભક્તો સાથે સ્નાન

---

૪૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં શ્રીહરિ બાપુ જીવાખાચરના દરબારમાં પ્રથમ પધાર્યા એવો ઉલ્લેખ છે. મોટા સદ્‌ગુરુની પરંપરાગત વાતોમાં પણ એવો ઉલ્લેખ મળી આવે છે કે શ્રીહરિ થોડો સમય બાપુ જીવાખાચરના દરબારમાં રહ્યા હતા. પરંતુ 'સત્સંગિજીવન' તથા અન્ય ગ્રંથોમાં શ્રીહરિ બાપુ એભલખાચરના દરબારમાં જ સીધા પધાર્યા એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. – લેખક.

૪૩. ઘેલા સોમનાથ જે જ્યોતિર્લિંગ છે તેની બાજુમાં ફુલજર નામે વન હતું. તે જગ્યાએ હાલ ગામ છે. તેની ઉત્તર તરફ ડુંગર છે. ત્યાં માંડવ્ય ઋષિ તપ કરતા

કરવા પધારતા. જીવાખાચર પણ ઘણી વાર શ્રીહરિ સાથે સ્નાન કરવા આવતા. શ્રીહરિ તેમની પ્રાર્થના સ્વીકારી તેમના દરબારમાં પધારતા અને ત્યાં પણ થોડા દિવસ રોકાતા. આ રીતે શ્રીહરિ ગઢપુરમાં બાપુ એભલખાચર તથા બાપુ જીવાખાચરને તેમના સંકલ્પ પ્રમાણે આનંદ કરાવતા, ઉપદેશ પણ આપતા. હિંસા, મદ્યપાન, ચોરી, લૂંટ વગેરેનો નિષેધ કરતા. પોતે કહેતા કે હું ભક્તિ-ધર્મનો પુત્ર છું તેથી ધર્મ મને અતિ વહાલો છે. જે ધર્મ રાખે છે તેનામાં ભક્તિ ઉદય થાય છે. ધર્મ અને ભક્તિ જ્યાં હોય ત્યાં હું સદા પ્રગટ રહું છું.

શ્રીહરિના ઉપદેશમાં એક વિશેષતા હતી. તેમની ભાષા પ્રેમની હતી છતાં સ્પષ્ટ અને સચોટ હતી. અંતરમાં ઊતરી જાય તેવા શ્રીહરિના શબ્દો જે સાંભળતા તેનું અંતર રંગાઈ જતું. સંતોને પણ શ્રીહરિએ આ રીત શીખવાડી દીધી હતી. આગ્રહ કરીને ઉપદેશના શબ્દો ન કહેવા. શ્રીહરિના સંતોમાં આ મીઠાશ હતી, પ્રેમ હતો. સાંભળનારાનાં અંતરનો ભાવ, તેમની ગ્રહણશક્તિ જોઈ તેઓ ઉપદેશ કરતા. આ ઉપદેશની અસર ધીરે ધીરે થતી ગઈ. સૌરાષ્ટ્રની ભૂમિ ઉપરથી લૂંટ, ચોરી, હિંસા, વ્યભિચાર વગેરે અધર્મનાં તત્ત્વો નાબૂદ થવા લાગ્યાં.

જીવાખાચરના દરબારમાં ફૂલદોલોત્સવ : આ.સં. ૧૮૬૧

બાપુ જીવાખાચરના આગ્રહથી શ્રીહરિએ અહીં ફૂલદોલનો ઉત્સવ તેમના દરબારમાં કરવાનું નક્કી કર્યું. તેમના દરબારગઢમાં પૂર્વ તરફના દ્વારવાળા બાપુ જીવાખાચરના ઓરડા છે. ઓરડાને અડીને એટલી જ લાંબી અને પહોળી ઓસરી છે. ઉત્તર તરફના દ્વારવાળા જે ઓરડાઓ છે તેમાં બાપુ જીવાખાચરનાં કુંવરી અમૂલાબા રહેતાં હતાં. શ્રીહરિને તે ઓરડામાં ઉતારો આપ્યો હતો. દરબારગઢની આજુબાજુ વિશાળ ચોક હતો. તેથી ફૂલદોલના ઉત્સવમાં રંગે રમવાનું અનુકૂળ પડે તેવું હતું. શ્રીહરિએ ગાડાં ભરીને ગુલાલ મગાવ્યો. કેસર

હતા. તેમનું તપ પૂરું થયું ત્યારે સ્નાન કરવાને માટે ગંગાને યાદ કરી પણ ગંગાને આવતાં વાર લાગી તેથી ઋષિએ ભગવાનનું ધ્યાન કરીને વામનજીના મહામંત્રનો જાપ શરૂ કર્યો. વામનજી પ્રસન્ન થયા અને તેમણે પાતાળમાં પાટુ મારી, તેથી ચમત્કારી ગંગાજી ઉન્મત્તની પેઠે નીકળ્યાં. તેથી આ નદીનું નામ ઉન્મત્ત ગંગા પડ્યું છે. માંડવ્ય ઋષિ હાલ જ્યાં માંડવધાર છે, ત્યાં ભોયરું હતું તેમાં રહેતા હતા. માંડવ્ય ઋષિ તે જગ્યાએ પોતાના આશ્રમ પાસે ઉન્મત્ત ગંગાને લાવ્યા હતા.

— શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાત-૧.

અને કેસૂડાંનો રંગ પણ તૈયાર કરાવ્યો. જીવાખાચર પોતાનાં ધન્યભાગ્ય માનવા લાગ્યા કે શ્રીહરિએ પોતાના દરબારગઢને પોતાની અલૌકિક લીલાનું ક્રીડાસ્થાન બનાવી દીધો.

ફૂલદોલના દિવસે શ્રીહરિ નિત્યવિધિથી પરવારી ઓસરીમાં પલંગ ઉપર બિરાજ્યા. સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી સૌ સંતોને તથા હરિભક્તોને તેમણે કહ્યું : "આજે હોલિકાનો નાશ થયો અને ભગવાન અને તેમના ભક્ત પ્રહ્‌લાદનો વિજય થયો તેનો આ મંગલ પ્રસંગ છે. ભગવાન અને ભક્તના વિજયમાં આપણે રાચવાનું છે. તેનો આજે ઉત્સવ છે. તે ઉત્સવમાં ભગવાનની સ્મૃતિ થાય, ભગવાનનું ગાન થાય એ કરવાનું છે. પરંતુ ઉત્સવઘેલા બની જેમ તેમ વર્તવાનું નથી. ઉત્સવનું રહસ્ય શું છે તે સમજવાની જિજ્ઞાસા રાખીને આપણે રંગે રમવાનું છે જેથી પરમાત્માના રંગે રંગાઈ જવાય. આજે ભગવાનને પુષ્પદોલામાં પધરાવી હિંચોળવાના છે જેથી અંતરમાં પરમાત્મા પ્રગટ થાય અને હૃદયના હિંડોળે ઝૂલે."

શ્રીહરિએ અજ્ઞાનથી ચાલી આવેલી ઉત્સવોની રૂઢિને તિલાંજલિ આપી ઉત્સવનું રહસ્ય સમજાવ્યું અને આવા ઉત્સવો ઊજવી પ્રભુભક્તિ પામવાની પ્રેરણા સૌને આપી.

પછી શ્રીહરિએ રંગક્રીડા શરૂ કરી. સંતોને મહારાજ સાથે રંગે રમવાનો આ અલૌકિક લાભ મળી ગયો. સંતો ઘણા અને મહારાજ એક. ગુલાલ અને કેસર-કેસૂડાંના રંગે શ્રીહરિ ભીંજાઈ ગયા. પિચકારી ભરી સંતો સાથે રમવા જાય ત્યાં સંતો ઘડા ભરીને રંગ તેમના ઉપર નાખે. ગુલાલ પણ ફાંટ ભરીને ઉછાળે. શ્રીહરિની આંખોમાં ગુલાલ છવાઈ ગયો. કપડાં બધાં રંગાઈ ગયાં. શ્રીહરિને લાગ્યું કે સંતોને પહોંચાશે નહિ. તેથી ઓસરી ઉપરથી કૂદકો મારીને ચોકમાં લિંબતરુના ઝાડ ઉપર ચડી ગયા. શ્રીહરિ તો ઊંચી ડાળીએ જઈને બેઠા. નિત્યાનંદ મુનિ પણ પાછળ ચડ્યા અને શ્રીહરિને પકડીને તેમણે હાથમાં પહેરેલાં સુવર્ણનાં કડાં કાઢી લીધાં. કડાં લઈને નિત્યાનંદ સ્વામી નીચે ઊતર્યા. સૌને શ્રીહરિનાં કડાં[૪૪] બતાવ્યાં અને બોલ્યા : "સંતો રાખો હવે. આપણી જીત થઈ અને મહારાજ હાર્યા."

એટલામાં મહારાજ પણ લિંબતરુથી ઊતરી નીચે આવ્યા. સંતોએ

---

૪૪. શ્રીજીમહારાજે પહેરેલાં પ્રસાદીનાં આ કડાં વરતાલના અક્ષર ભવનમાં રાખવામાં આવ્યાં છે.

મહારાજને કહ્યું : "મહારાજ ! તમે હાર્યા અને અમે જીત્યા."

મહારાજે હસતાં હસતાં કહ્યું : 'સંતોની સદા જીત જ હોય છે. સંતોની જીતમાં ભગવાનની જીત હોય છે. ભગવાનને જીતી જાય એવા સંતો પૃથ્વી પર ન હોય તો પૃથ્વી ઉપર ધર્મ રહે જ નહિ. આજે તમારી એવી ભક્તિ છે તેથી ભગવાન પણ તમને વશ થઈ ગયા છે, જિતાઈ ગયા છે."

પછી ઉન્મતગંગામાં સ્નાન કરવા મહારાજ સૌ સંતો-ભક્તો સાથે પધાર્યા. તેમની સાથે જળક્રીડા કરી. ત્યારબાદ સફેદ વસ્ત્રો પહેરી શ્રીહરિ બાપુ જીવાખાચરના દરબારમાં પધાર્યા.[૪૫]

અહીં રસોઈ જમ્યા. સંતોને, પાર્ષદોને, હરિભક્તોને તથા રાજવીઓને પણ જમાડ્યા. પછી બાપુ જીવાખાચર તથા તેમની બે પુત્રીઓ અમૂલાબાઈ અને અમરીબાઈએ શ્રીહરિની પૂજા કરી. બાપુ જીવાખાચર તથા તેમના પરિવારે સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. પછી શ્રીહરિ ત્યાંથી નીકળવા તૈયાર થયા. જીવાખાચરે શ્રીહરિને રોકાવા માટે બહુ જ પ્રાર્થના કરી. પરંતુ શ્રીહરિએ કહ્યું : "રામાનંદ સ્વામીએ સ્થાપેલ આ સત્સંગમાં અમારે ફરવું છે. સૌને સત્સંગ દૃઢ કરાવવો છે. એકાંતિક ધર્મ સ્થાપવો છે માટે હવે રોકાવાય તેવું નથી."

શ્રીહરિએ પછી સંતોને કહ્યું : "મુક્તાનંદ સ્વામી સિવાય બીજા તમામ સંતો દેશ-પરદેશમાં વિચરણ કરવા માટે જાઓ. ધર્મ-નિયમમાં ફેર પડવા દેશો નહિ, નિષ્કામધર્મ દૃઢ રાખજો અને નિર્માનીપણે વર્તજો. આનંદ સ્વામીની આજ્ઞામાં સૌ રહેજો અને તેઓ કહે ત્યાં મંડળ લઈને જજો." એ પ્રમાણે શીખ આપી પોતે નીકળ્યા.

શ્રીહરિ માણેકચોકમાં આવ્યા. ત્યાં બાપુ એભલખાચર તેમનાં દર્શન માટે આવતા હતા તે સામા મળ્યા. તેમણે શ્રીહરિને જતા જોઈ વિનંતી કરી : "મહારાજ ! અમને જોઈએ તેવો લાભ મળ્યો નથી. માટે મારા દરબારમાં થોડા દિવસ રહીને પછી આપ પધારો."

માંચાખાચરે પણ અભય રાજાના આગ્રહને પુષ્ટિ આપી. શ્રીહરિ ત્યાંથી અભય રાજાના દરબારમાં પધાર્યા. અહીં રામનવમીના ઉત્સવ સુધી શ્રીહરિએ રોકાવાનું નક્કી કર્યું. શ્રીહરિના આ નિર્ણયથી બાપુ એભલખાચરને આનંદ થયો.

---

૪૫. આ પ્રસંગ 'દુર્ગપુર-માહાત્મ્ય' ગ્રંથના આધારે લીધો છે. 'દુર્ગપુર-માહાત્મ્ય'; સંપાદક : મૂળજીભાઈ પંજવાણી, પ્રકાશક : બાઢડા સત્સંગ સમાજ. મૂળ ગ્રંથ સંસ્કૃતમાં છે અને તે ધ.ધૂ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે રચ્યો હોય તેમ જણાય છે.

ઉદ્‌ગીથ ૧૧



ગઢપુરમાં મહારાજનો પ્રૌઢ પ્રતાપ

(આ.સં. ૧૮૬૧, ઈ.સ. ૧૮૦૫)

શ્રીહરિએ ગઢપુરમાં પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવવા માંડ્યો. પરીક્ષા કરવા, ચિકિત્સા કરવા કે બીજા જે કોઈ ભાવથી તેમનાં દર્શને જે આવતા તેમને અવનવા અનુભવો થતા. કોઈકને સમાધિ થઈ જતી અને સમાધિમાં તેમના ઈષ્ટદેવનાં, તે દેવનાં ધામનાં તેમને દર્શન થતાં. તે સ્વરૂપો શ્રીહરિના સ્વરૂપમાંથી પ્રગટતાં અને પાછા શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ જતાં. આથી ભાવિકોને નિશ્ચય થતો કે શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે. કોઈકને તેમના સંકલ્પોના ઉત્તર મળી જતા, કોઈકના સંકલ્પો ફળતા. શ્રીહરિનો આવો અદ્‌ભુત પ્રતાપ જોવા છતાં જેને આ કૃપાસમાધિનો પોતાની બુદ્ધિને સંતોષ થાય એવો ઉકેલ ન મળતો ત્યારે તે માનતા કે શ્રીહરિએ બાબરો ભૂત વશ કર્યો છે, કાં તો કોઈક મંત્રનો ગુટકો તેમની પાસે છે તેથી તેમનાં દર્શન કરવા આવનારને અષ્ટાંગ યોગની સાધના કર્યા વગર સમાધિ થાય છે.

આ રીતે કેટલાક મુમુક્ષુઓ શ્રીહરિનો પ્રતાપ જોઈ તેમને શરણે થઈ જતા, જ્યારે કેટલાક આ ધતિંગ છે એવું કહી શ્રીહરિની પ્રવૃત્તિને ડામવા માટે ઊહાપોહ કરતા. કાઠિયાવાડનો કાઠી સમાજ ધીરે ધીરે શ્રીહરિના અદ્‌ભુત પ્રતાપથી આકર્ષાઈ તેમને શરણે થતો હતો.

આ વાત ઠેઠ ભાવનગર સુધી પહોંચી. ભાવનગરના મહારાજ ઠાકોર વખતસિંહજી ગોહિલકુળદીપક હતા, પ્રજાવત્સલ હતા. શત્રુને પણ સન્માનવાની, બિરદાવવાની તેમનામાં ખાનદાની હતી. વળી, સાહિત્ય અને કળાના પોષક હતા. પ્રજાની આબાદીમાં પોતે સુખ માણતા. પરંતુ પ્રજામાં પ્રચાર પામતાં કુલક્ષણો કે અસદ્‌ વર્તનને પોતે સહન કરી શકતા નહિ.

તેમને આ સમાચાર મળ્યા : "ગઢપુરમાં ઉત્તર હિંદુસ્તાનમાંથી એક

એકવીસ-બાવીસ વર્ષનો બાવો આવ્યો છે. બાપુ એભલખાચરના દરબારમાં પડ્યો પાથર્યો રહે છે. તેનાં દર્શને જે જાય તેને તે સમાધિ કરાવે છે અને પોતે ભગવાન થઈ પૂજાય છે. બાપુ એભલખાચર તથા બાપુ જીવાખાચર તેમના શિષ્ય થઈ ગયા છે. આ ધતિંગને વહેલી તકે ડામવાની જરૂર છે.''

વખતસિંહજી બાપુને રોજના રોજ આવા વાવડ મળ્યે જતા હતા. તેથી તેમને પણ ભ્રમ પેઠો. કળિયુગમાં ભગવાન ક્યાંથી હોય ? યુગે યુગે ભગવાન અધર્મનો નાશ કરવા અને ધર્મનું સંસ્થાપન કરવા પ્રગટ થાય છે એ ઓસાણ તેમને રહ્યું નહિ. તેમને લાગવા માંડ્યું કે આ પાપને વહેલી તકે પ્રગટ કરી દેવું જોઈએ.

ભાવનગરના દરબારમાં ગઢવી લાડુદાન કવિ

એટલામાં તેમને સમાચાર મળ્યા કે જૂનાગઢના નવાબ પાસેથી અનેક શિરપાવ લઈ ખાણ ગામના કવિ લાડુદાનજી ભાવનગર પધારે છે. તેમને પોતાના કવિતથી વખતસિંહજી બાપુને રિઝાવવા છે. વખતસિંહજી બાપુ આ સમાચાર સાંભળી રાજી થયા. કવિશ્રી માટે ઉત્તમ પ્રકારનો રજવાડી ઉતારો, ખાનપાન તથા યોગ્ય સરભરાની તૈયારી કરવા તેમણે હુકમો આપી દીધા.

કવિશ્રી લાડુદાનજી ભાવનગરમાં પધાર્યા. મહારાજાના હુકમ અનુસાર તેમનું ઉત્તમ પ્રકારે સ્વાગત કર્યું, ઉતારો કરાવ્યો. તેમની તમામ પ્રકારની બરદાસ્ત કરવામાં રાજ્યના અનુચરોએ કાંઈ ખામી રાખી નહિ. પછી મહારાજને તે સમાચાર મોકલાવ્યા. વખતસિંહજી બાપુએ તરત જ કહેવરાવ્યું : ''કવિને લાંબા પંથનો થાક હશે માટે થોડા દિવસ રહી થાક ઉતારે. પછી મુલાકાત ગોઠવીશું.''

આ સમાચાર કવિશ્રીને આપ્યા. પરંતુ તેમને જન્મભૂમિમાં જવાની ઉતાવળ હતી. તેથી બાપુને જેમ બને તેમ જલદી મળવાની તેમની ઇચ્છા હતી. તેમની આ ઇચ્છાને માન આપી બાપુએ તે પ્રમાણે સભા ગોઠવવાનો હુકમ આપી દીધો.

ભાવેણા દરબાર બાપુ વખતસિંહજીએ[૪૬] કવિશ્રી લાડુદાનજીની વિદ્વત્તા

---

૪૬. વખતસિંહજી બાપુ સને ૧૭૭૨માં ગાદી ઉપર આવ્યા અને સને ૧૮૧૬ સુધી તેઓએ રાજ્ય કર્યું. લાડુદાનજી ભાવનગરમાં આવ્યા તે સમય સને ૧૮૦૫નો લેખાય છે. તેથી વખતસિંહજી બાપુએ જ સન્માન્યા છે તે નક્કી છે. બાપુ વજેસિંહ સને ૧૮૧૬ થી સને ૧૮૫૨ સુધી ગાદી ઉપર હતા. તેથી લાડુદાનજીને તેમણે સન્માન્યા હોય એ શક્ય નથી.

અને પ્રતિષ્ઠાને છાજે તેવું સન્માન દરબારમાં કરવાનો નિર્ણય કરી લીધો. રાજ્યસભામાં પોતાના રાજ્યના વિદ્વાનોને આમંત્ર્યા, રાજવીઓને તો આગળથી આમંત્રણ આપી તેમણે બોલાવી લીધા હતા. સૌને કહેણ મોકલી દીધું કે કવિશ્રી લાડુદાનજીના સન્માનની સભા આજે યોજી છે.

કવિશ્રીની વિદ્વત્તાને બિરદાવવાનો, તેમને સાંભળવાનો આ અનુપમ લહાવો લેવા ભાવનગર દરબારની કચેરી હકડેઠઠ ભરાઈ ગઈ. કવિ લાડુદાનજીને તેડવા ખાસ પાલખી મોકલી હતી. સાથે હજૂરી અને સેવકો પણ મોકલ્યા હતા. અન્ય રાજવીઓ, કવિઓ, વિદ્વાનો સભામાં ગોઠવાઈ ગયા હતા. બાપુ વખતસિંહજી મખમલના ગાદી-તકિયા ઉપર બિરાજમાન થયા હતા.

એટલામાં ચોપદારે નેકીનો અવાજ પુકાર્યો. વખતસિંહજી બાપુ કવિશ્રીની તાજીમ સ્વીકારવા પોતે જાતે ઊભા થઈ સામા ચાલ્યા. ગોહિલ કુલશિરોમણિ અને ચારણ કવિશિરોમણિનું અદ્ભુત મિલન થયું, બંને ભેટ્યા. કવિશ્રીએ બાપુને સૂર્યવંશી કહીને બિરદાવ્યા. બાપુએ તેમને પોતાની બાજુમાં જ મખમલના ગાદી-તકિયા ઉપર બેસાર્યા.

પછી બાપુ વખતસિંહજીએ કવિને કહ્યું : "કવિરાજ ! અમારા ગોહિલ-કુળને તો સૌ કવિઓ ચંદ્રવંશી કહીને બિરદાવે છે અને તમે સૂર્યવંશી કેમ કહ્યા ?"

કવિએ તરત જ ખુલાસો કરતાં કહ્યું : "ક્ષત્રિયમુગટમણિ, હિન્દવા શાલિગ્રામ, પ્રાતઃસ્મરણીય, મહાવીર મહારાણા શ્રી પ્રતાપસિંહજીની બિરદાવલીમાં 'ગહલોત-ગહલોત' વગેરે શબ્દપ્રયોગો ઘણા જ પ્રાચીન કાળથી કાવ્યમાં છે. તેથી ગહલોત શબ્દનો કાવ્યમાં પ્રયોગ કરી 'સૂર્યવંશી' કહીને બિરદાવ્યા છે." તે ઉપર પોતે પ્રાચીન દોહો બોલ્યા :

ગોહિલકુળ તન ગાઢ, લેવણ અકબર લાલચી;
કોડી દે નહિ કાઢ, પણ દઢ રાણા પ્રતાપસી.[૪૭]

૪૭. રાણા પ્રતાપનું ગોહિલ રજપૂતનું મજબૂત કુળરૂપી ધન અકબર લૂંટી લેવાને લાલચુ થઈ રહ્યો છે. પરંતુ રાણા પ્રતાપનું 'પણ' (ટિક) એવું તો દઢ છે કે તે ધનમાંથી એક કોડી પણ કાઢીને તે આપતો નથી; અર્થાત્ પોતાના ગોહિલ ક્ષત્રિયકુળને એબ લગાડતો નથી.

(શ્રી બ્રહ્મસંહિતા - સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીનું જીવન અને કવન; પૃ. ૧૧૬-૧૧૭, સંપાદક અને પ્રકાશક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ, કાલાવડ. સંગ્રાહક : પાર્ષદવર્ય શ્રી કેસરભક્ત, અમદાવાદ.)

"પ્રાચીન કાવ્યોના પ્રમાણથી જ ગોહિલ શાખામાં મહારાણા પ્રતાપનો જન્મ હતો. તે જ શાખામાંથી છૂટા પડીને સેજકજી ગોહિલ સૌરાષ્ટ્રમાં આવ્યા હતા. તે પછી મોખડાજી ગોહિલે પેરમબેટ કબજે કરી પેરમના પાદશાહનું બિરુદ મેળવેલ હતું. એ મહાવીર મોખડાજીના જ વંશમાં આપ એ બિરુદ સાચવી રહ્યા છો."

બાપુ વખતસિંહજી આ બિરદાવલી સાંભળી અત્યંત પ્રસન્ન થઈ ગયા. તેમને ગૌરવ થયું કે મહારાણા પ્રતાપના ગોહિલકુળમાં તેમનો જન્મ છે અને એ કુળને આજે તેઓ શોભાવી રહ્યા છે. તેમણે તરત જ સભામાં બેઠેલા રાજુલાના સોનીને બોલાવ્યો. સોની મહાજન તરત જ ઊભા થઈને બાપુ પાસે આવ્યા અને બાપુના પગમાં પડી, નમસ્કાર કરી, હાથ જોડી ઊભા રહ્યા. તરત જ બાપુએ હુકમ કર્યો : "મહાજન ! કવિરાજને શિરપાવ આપવો છે. એટલે કડાં, વેઢ, વીંટીઓ, બાજુબંધ, પોંચીઓ વગેરે તૈયાર કરો. તે બનાવવા માટે કવિરાજનાં અંગેઅંગનું માપ બરાબર લઈ લ્યો."

મહાજન તરત જ કવિરાજ પાસે ગયા અને માપ લેવાનું શરૂ કર્યું. મહાજનના કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક તથા તે મધ્યે ગોળ ચાંદલો જોઈ કવિરાજે તેમને પૂછ્યું : "મહાજન ! શક્તિપંથી હોય તેને કપાળમાં કંકુની આડ હોય, શિવપંથીને ત્રિપુંડ્ર હોય, વૈષ્ણવોને એકલું ઊર્ધ્વપુંડ્ર હોય ત્યારે તમારા કપાળમાં આ બે પાંખડાંવાળું અને વચ્ચે કચ્છ પ્રદેશની કોરી જેવડા કુમકુમના ચાંદલાવાળું આ નવીન ટીલું કયા પંથનું છે ?"

વખતસિંહજી મહારાજ પણ આ સાંભળી ચમક્યા. તેમણે તરત જ કહ્યું : "કવિરાજ ! ગઢડામાં ભગવાન પ્રગટ્યા છે. કાંઈક ધતિંગ ચલાવે છે અને આવા ભોળા તેમાં ફસાય છે. આપ જેવા ગઢડા જઈ આ સહજાનંદની પરીક્ષા કરી તેનો ભ્રમ ઉઘાડો કરો તો ભોળા લોકો ફસાય છે તે બચી જાય."

કવિરાજે તરત જ કહ્યું : "બાપુ ! અબઘડી જ ઊપડું. હવે એમાં વિલંબ ન હોય. આમાં તો હજારોનો કચ્ચરઘાણ નીકળી જાય."

પણ વખતસિંહજી બાપુને કવિશ્રીને વધુ રોકી તેમના કવિતની લહાણ લેવી હતી. તેથી તેમણે કહ્યું : "કવિરાજ ! એવડી ઉતાવળ કરવાની જરૂર નથી. થોડા દિવસ અમારી મહેમાનગતિ ચાખો, તમારા કવિતનો લાભ આપો. પછી ગઢડે પધારો."

"ના, બાપુ ! એમાં વિલંબ ન હોય. ભગવાનની ગાદીએ ચડેલાને તો

પાડવો જ પડે. ત્રણ દિવસમાં તેમનું પોકળ ઉઘાડીને આપની સામે ખડો કરી દઉં."

બાપુને પણ લાગ્યું કે ભલે કવિરાજ જઈ આવે. કવિશ્રીએ તે દિવસે જ જવાનું નક્કી કરી લીધું. સભા બરખાસ્ત થઈ.

એટલામાં કવિશ્રીના મામા ખાણ ગામથી તેમને તેડવા માટે શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા. તેમની સાથે તેમના બીજા એક સગા હતા. બંને લાડુ બારોટને મળ્યા. ખૂબ આનંદ થયો. પછી બધા સાથે જમ્યા. કવિશ્રીએ મામાને ગઢપુરની બધી વાત કરી : "સ્વામિનારાયણ નામે ભગવાન ત્યાં પ્રગટ્યા છે તેને ઉઘાડા પાડવા છે એટલે આજે ગઢડા જવું છે. તમો પણ સાથે આવો. બે દિવસમાં તો આપણે અહીં પાછા આવી જાશું."

મામાને પણ પોરસ ચડી ગયો. તેમણે કહ્યું : "શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડે તમને ખાસ તેડાવ્યા છે. માટે હવે ઝાઝો વિલંબ નથી કરવો. સ્વામિનારાયણની પોલ બહાર પાડી એક વધુ દિગ્વિજય કરી આપણે વડોદરા જવાનું છે. વડોદરા તમને માનપાનથી પહોંચાડવાનો હુકમ પણ સરકારે તેમના સૂબાને આપી દીધો છે."

કવિરાજ તરત જ તૈયાર થયા. નીચે આવી ઘોડાની સરક હાથમાં પકડી ત્યાં સોની મહાજન આવ્યા. તેમણે કવિશ્રીને નમસ્કાર કર્યા. કવિશ્રીએ પૂછ્યું : "મહાજન ! કાંઈ માપબાપ લેવાનું બાકી રહી ગયું છે ?"

મહાજને હાથ જોડી કહ્યું : "ના, કવિરાજ ! માપ તો બધુંય લઈ લીધું છે. પણ ગઢડે આપ પધારો છો ત્યાં આપનું માપ નીકળી ન જાય તે સંભાળજો."

કવિશ્રીને આવું કહેનાર હજુ સુધી કોઈ મળ્યું ન હતું.

ધ્રાંગધ્રાનરેશ મહારાજાધિરાજ શ્રી રણમલજી, જામનગરના રાજવી જસા જામ તથા જૂનાગઢના નવાબ બહાદુર હામીદખાનજી – આ ત્રણેય અગ્રગણ્ય રાજવીના સન્માનનો મોરો મેળવીને હું આવું છું, ત્યારે આ ત્રણ બદામનો સોની સ્વામિનારાયણ આગળ મારું માપ નીકળી જશે એવું કહેવાની હિંમત કરે છે ! તેમણે તરત જ ભવાં ચડાવીને કહ્યું : "મહાજન ! કાંઈક બોલવામાં વિવેક રાખો. ઘરેણાં ટીપી ખાનારા તમે આ કવિને શું સમજો છો ?"

મહાજન એવી જ સ્થિતપ્રજ્ઞતાથી હાથ જોડી બોલ્યા : "કવિરાજ ! હું તો એટલું જ કહું છું કે આજ મીઠાની પૂતળી સાગરનો તાગ કાઢવા જાય છે, તેની શી વલે થશે તે તો તે જાણે."

આ સાંભળી કવિશ્રીનો પારો એકદમ ચડી ગયો. તેમણે તરત જ કહ્યું :

''એ તો તમારા સ્વામિનારાયણ ભગવાનને હું આંહીં લઈ આવીશ ત્યારે જોજો.'' એટલું કહીને કવિરાજ ઘોડી ઉપર ચડી ગયા અને ઘોડીના પેટમાં પેંગડું માર્યું અને ઘોડી ઝાડ થઈ. થોડી વારમાં કવિરાજ અને તેમના મામા ઊડતી રજમાં અદૃશ્ય થઈ ગયા !

લાડુદાનજી ગઢડા પધારે છે

ગઢપુર જેમ નજીક આવતું ગયું, તેમ કવિશ્રીના મનમાં વિચારો ઘોળાવા લાગ્યા. ખરેખર ભગવાન હશે તો ? કયે લક્ષણે તેમને ઓળખવા ? બહુ દા'ડા ભેગા રહ્યા તોય અર્જુનને ઓળખાયા નહિ, જ્યારે મારે તો ત્રીજે દિવસે તેમને મા'ત કરીને ભાવનગર પહોંચવું છે. કવિ ખરેખર મૂંઝાવા લાગ્યા. તેમની કવિત્વશક્તિ, વિદ્વત્તાનું અહં, પ્રતિષ્ઠાનો ગર્વ બધું જ જાણે અંતરમાંથી સરી જતું હોય એમ લાગ્યું. ભગવાનને ઓળખવા માટેની તેમની પાસે બુદ્ધિ નથી, શક્તિ નથી. અંતરમાં ભગવાનને મા'ત કરવાના તેમના સંકલ્પો હતા તે ટળી ગયા અને હવે તેમને ઓળખવાના સકલ્પો થવા લાગ્યા.

છેવટે તેમણે વિચાર્યું, ''જો સ્વામિનારાયણ ખરેખર ભગવાન હોય, તો તે અંતર્યામી હોવા જોઈએ. તેમના ચરણમાં સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે સોળ ચિહ્નો પણ હોવાં જોઈએ.''

તેમને હજુ એક વધુ સંકલ્પ થયો. તેમને લાગ્યું કે આ સંકલ્પ સિદ્ધ થવો કઠણ છે. તેમણે ધાર્યું કે ''સ્વામિનારાયણના કંઠમાં ગુલાબનો હાર હોય અને તે મને મારું નામ લઈ બોલાવીને પહેરાવે.''

તેમને આ સંકલ્પ થયો અને તે હસ્યા. આ ઋતુમાં ગુલાબ ક્યાંથી કાઢશે ? છતાં હજુ પણ તેમનો મનનો ઘોડો તેમના અશ્વના વેગથી પણ વધુ ઝડપથી દોડતો હતો. તેમને વિચાર આવ્યો ''કાળા કામળા ઉપર શ્રીમદ્‌ભાગવત પધરાવી પૂર્વમુખે બેસીને તેની કથા કરતા હોય.''

આ સંકલ્પથી તેમને સંતોષ થયો. મંત્ર, જંત્ર, મેલીવિદ્યા કે ભૂત-ભૈરવની સાધનાવાળાને ભાગવત સાથે કાંઈ લેવાદેવા ન હોય.

એટલામાં ગઢપુર આવી ગયું. ગઢપુર શહેરમાં પ્રવેશતાં જ તેમણે ત્યાંના નગરજનોને પૂછ્યું : ''આ ગામમાં સ્વામિનારાયણ ભગવાન રહે છે તે ક્યાં મળશે ?''

''બાપુ એભલખાચરના દરબારમાં જાઓ. ભગવાન ત્યાં બિરાજે છે.''

નગરજનોએ કહ્યું.

કવિશ્રી તથા તેમના મામા અને સાથે આવેલા અસવારો ઘોડા દોડાવતાં બાપુ એભલખાચરના દરબાર તરફ ચાલ્યા. કવિશ્રીનો પોશાક રાજવીને પણ શરમાવે તેવો હતો. એટલે તેમને જોઈને નગરજનોને સહેજે લાગ્યું કે કોઈ રાજવી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા આવ્યા લાગે છે.

એભલખાચરના દરબારમાં શ્રીહરિ નિંબતરુ[૪૮] નીચે રંગત પાટ ઉપર પૂર્વમુખે બિરાજમાન થયા હતા. શ્રીહરિની પાછળ શસ્ત્રધારી પાર્ષદો ભગુજી, રતનજી, જાલમસિંહ, બેચર ચાવડા વગેરે ઊભા હતા. શ્રીહરિની સન્મુખ તેમનું મુક્તાનંદ આદિ સંતવૃંદ હતું. હરિભક્તો પણ હતા. બાપુ એભલખાચર પોતાના

૪૮. દરબાર એભલખાચર કાંઈક કામ પ્રસંગે બાબરિયાવાડ ગયા હતા. ફરતાં ફરતાં ઉમેદ ગામમાં આવ્યાં. ત્યાં લાખા આહિરની વાડીએ આવી તેમણે ઘોડી છોડી અને હાથ-મોઢું ધોઈ પાણી પીધું. લાખાએ બાપુ જાણી ઝાડ નીચે ખાટલો ઢાળી દીધો. બાપુ એભલખાચર ખાટલામાં આડા પડ્યા હતા. તે વખતે ત્યાં આત્માનંદ સ્વામીના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાલાનંદ પણ આવ્યા હતા. તેમણે લાખા આહિરને કહ્યું : "લાખા ! આ લીંબડાનો છોડ કોણે રોપ્યો છે ?"
લાખાએ કહ્યું : "બાપુ ! બે દિવસ પહેલાં જ મેં રોપ્યો છે."
તે સાંભળીને વિઠ્ઠલાનંદ હસ્યા. લાખો આ મર્મ સમજી શક્યો નહિ. તેને તે સમજવા જેવી વાત ન લાગી. તેથી તે તો ત્યાંથી ઊઠતો હતો. એટલામાં વિઠ્ઠલાનંદે કહ્યું : "લાખા ! આ લીંબડા નીચે ભગવાન બેસશે."
આ વાત છેટે ખાટલામાં સૂતાં સૂતાં બાપુ એભલખાચરે સાંભળી. પ્રભુભક્તિના રસમાં રંગાયેલા બાપુને આ સાંભળી તાલાવેલી લાગી. લાખાને એવો કાંઈ વિચાર કરવાની ત્રેવડ ન હતી. તેના મનમાંથી પણ આ શબ્દો સરી ગયા હતા. આ નાના રોપડા નીચે ભગવાન બેસશે ! તેને બાવાજીની વાતમાં વધુ તથ્ય લાગ્યું નહિ. બંને બાવાજી તો થોડી વાર પછી ત્યાંથી ચાલી ગયા.
બાપુ એભલખાચરે ઊઠવાની તૈયારી કરી. ઘોડી છોડી અને લાખાને બોલાવ્યો. તેણે લાખાને કહ્યું : "લાખા ! આ રોપડું હું લઈ જાઉં છું."
તેને લાગ્યું કે બાપુ રોપડું લઈને રાજી થતા હોય તો ભલે લઈ જાય. આનાકાની કરીશ વળી થોટથપાટ કરશે. તેણે કહ્યું : "ભલે બાપુ."
તરત જ એભલખાચરે ઘોડીનો પાવરો સાફ કર્યો અને તેમાં માટી સહિત લીંબડાનો રોપ કાઢી મૂકી દીધો. ઘેર આવીને તેમણે તેમના ફળિયામાં આ રોપ રોપ્યો. તેમાંથી મોટું નિંબવૃક્ષ થયું અને શ્રીહરિ ત્યાં આવી તેની નીચે બિરાજ્યા.
— શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાર્તા ૧૫૭.

કુમાર દાદાખાચરને ખોળામાં લઈને બેઠા હતા. સ્ત્રીઓ દૂર શ્રીહરિની આજ્ઞા પ્રમાણે મર્યાદા સાચવી બેઠી હતી. ચારે બાજુ ઉત્તર, પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ કોરના ઓરડાની લાંબી પડથારમાં પણ સ્ત્રીઓ બેઠી હતી. સફેદ માટીથી લીંપીને આરસ જેવી મુલાયમ બનાવેલ આ ઓરડાની દીવાલો આભલાં ભરેલ ભાતીગળ ચાકળાથી શોભતી હતી. ભાતીગળ તોરણો પણ ઓરડા ઉપર ઝૂલતાં હતાં.

શ્રીહરિના કંઠમાં ગુલાબનો હાર હતો, કાને ગુલાબના પુષ્પના ગજરા બાંધ્યા હતા. ગુલાબે ગરકાવ થયેલા શ્રીહરિની મૂર્તિ મોહક લાગતી હતી. તેમની સન્મુખ નાનો બાજોઠ હતો. તે ઉપર કાળો કામળો પાથર્યો હતો. તે ઉપર શ્રીમદ્‌ભાગવતનું પુસ્તક હતું અને શ્રીહરિ તેમાંથી રહસ્યના અધ્યાયો સમજાવતા હતા.

બરાબર તે જ સમયે કવિશ્રી લાડુદાનજી અને તેમના મામાએ દરબારગઢમાં પ્રવેશ કર્યો. રાજવી સમા દીપતા આ જુવાન અસવારને જોઈ એભલખાચર તરત જ ઊભા થઈ ગયા. તેમના માણસોને તેમણે ઇશારો કર્યો. તેઓએ તરત જ આવેલ અસવારોની સામે જઈ તેમના ઘોડાની લગામ પકડી લીધી. પછી એભલખાચર તેમને મળ્યા અને ભેટ્યા. લાડુદાનજીનો હાથ પકડી મહારાજ પાસે લઈ આવ્યા.

લાડુદાનજીએ સોનેરી કિનખાબનો મોટો ઘેરવાળો ગુલાબી રંગનો પગના કાંડા સુધી લાંબો જામો પહેર્યો હતો. સાચી લીલી અતલસનો હીરની નાડીવાળો પાયજામો પહેર્યો હતો. બુરાનપુરી સોનેરી કસૂંબલ ફેંટાની મારવાડી ઢબથી બાંધેલી ભેઠ, ભેઠમાં કચ્છી કારીગરીવાળો સોનાની મૂઠવાળો મોટો કટાર ખોસ્યો હતો. લીલા મખમલનો ઝીંક, સતારા ભરેલ કચ્છી કારીગરીની ઉત્તમ 'હમેલ', હમેલના કમરપટ્ટામાં સોનેરી મૂઠવાળી મખમલના મ્યાનવાળી દેશળસાઈ કચ્છી તલવાર શોભતી હતી. કંઠમાં સોનાનો ટૂંપીઓ, મોહનમાળા અને કચ્છના રાવે આપેલ નવગ્રહનો કંઠો, કાનમાં હીરાજડિત મારવાડી બૂટિયું, નંગજડિત 'ઠોળિયાં', સાચા મોતીવાળી છેલકડી, બંને ભુજા ઉપર બાજુબંધો, સિંહના મોરાવાળાં હેમનાં કડાં, પગમાં સોનાનો તોડો વગેરે શણગાર સજ્યા હતા. વિશાળ ભાલમાં કુમકુમનો ચાંદલો શોભતો હતો. નેત્ર વિશાળ હતાં. નેત્ર ઉપરની બે ભ્રમરો કાળી અને વંકાયેલી હતી. વાંકડી મૂછો, ભરાવદાર મુખ, મહાકાય કવિશ્રીને જોઈને દરબારગઢમાં બધા માગ દેવા લાગ્યા.

શ્રીહરિ સભામાં ભાગવતના પ્રસંગોની વાતો કરતા હતા. આવી દિવ્ય

અક્ષરધામની સભામાં કવિશ્રી લાડુદાનજીએ પ્રવેશ કર્યો. સૌ તેમના તરફ જોવા લાગ્યા. તેમનો આવો રાજાશાહી રજોગુણી પોશાક જોઈ સભામાં સૌને લાગ્યું કે કોઈ રાજવી શ્રીહરિનાં દર્શને પધાર્યા છે. કવિશ્રીનાં નેત્રો શ્રીહરિની મૂર્તિ જોતાં તેમના સ્વરૂપમાં જ સ્થિર થઈ ગયાં. તેમણે જોયું - શ્રીહરિના કંઠમાં ગુલાબનો હાર હતો, કાળા કામળા ઉપર ભાગવત હતું, પૂર્વાભિમુખે શ્રીહરિ બિરાજમાન થયા હતા. જાણે તેમની સાથે પૂર્વની ઓળખાણ હોય તેમ સ્મિત વેરતા શ્રીહરિ તો કવિશ્રી સામું અનિમેષ નેત્રે જોઈ રહ્યા હતા. શ્રીહરિએ તેમને બોલાવ્યા : "આવો લાડુદાનજી !" એમ કહી પોતાના ગળામાં પહેરેલો ગુલાબનો હાર તેમને પહેરાવ્યો.

લાડુદાનજીને લાગવા માંડ્યું કે મીઠાની પૂતળી ઓગળતી જાય છે. એટલામાં શ્રીહરિએ બાપુ એભલખાચરને કહ્યું : "બાપુ ! આ બહુ મોટા રાજકવિ છે. કચ્છમાં ચૌદ વરસ રહીને પિંગળ શીખ્યા, મહારાવનો સરપાવ પામ્યા. ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ અને ભાવનગરના રાજવીઓને પણ તેમની કાવ્યશક્તિથી મુગ્ધ કરી દીધા છે. રાજવીને છાજે તેવી રીતે તેમની બરદાસ્ત કરો."

કવિશ્રી લાડુદાનજી સ્થિર હૈયે આ બધું સાંભળી રહ્યા હતા. શ્રીહરિની મૂર્તિનાં અનિમેષ દૃષ્ટિએ તે દર્શન કરી રહ્યા હતા. તેમના મામા તો ભાણેજ સામે જોઈ જ રહ્યા. તેમને હવે બીક લાગી કે આ સ્વામિનારાયણ મારા ભાણેજ ઉપર કાંઈ કામણટૂમણ તો નહિ કરે ને ? તેઓ મા જગદંબા, મા અંબાના જાપ જપવા લાગ્યા.

ધન્ય આજની ઘડી

એટલું કહી શ્રીહરિ તકિયે ઓઠિંગણ દઈને બિરાજ્યા અને પોતાનાં બંને ચરણ પ્રસાર્યાં. કવિશ્રીએ બંને ચરણો નીરખ્યાં, ધારી ધારીને નીરખ્યાં. સામુદ્રિક શાસ્ત્રના જાણતલ કવિએ શ્રીહરિના ચરણનાં ચિહ્નો ઓળખી લીધાં અને તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા :

કમળ, ધ્વજ, અંકુશ, જવ, વજ્ર, ઊરધરેખ,
અષ્ટકોણ, સ્વસ્તિક, નવ દચ્છિન પદ ચિહ્ન દેખ;
ગોપદ, ધનુષ, ત્રિકોણ, મછ, ચંદ્ર, કળશ, નભ, સાત,
ચિહ્ન વામ પદ ચિંતવો, પુરુષોત્તમ સાક્ષાત્.

કવિશ્રીના અંતરમાં પ્રકાશ થઈ ગયો. પોતાનો ભાવ ભુલાઈ ગયો અને અંતરના ઊંડાણમાંથી કીર્તન-પંક્તિઓ નીકળવા માંડી :

આજની ઘડી રે ધન્ય આજની ઘડી,
નેણે નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.

સભા આશ્ચર્યવત્ કવિશ્રી લાડુદાનજીનું પરિવર્તન નિહાળી રહી. બે ઘડી પહેલાં રાજવી જેવા દેખાતા પડછંદકાય આ પુરુષનો રજોગુણ અહીં ઓસરી ગયો હોય તેવું સૌને લાગ્યું. સાહિત્ય, સંગીત અને કલાના જ્ઞાતા, મહાબુદ્ધિમાન, રજવાડાંઓએ પણ જેમની વિદ્વત્તાનું બહુમાન કર્યું હતું એવા કવિશ્રી લાડુદાનજી સહજાનંદજીને નીરખતાં જ, જ્ઞાનકૂંચી પ્રાપ્ત થતાં જ, જાણે અજ્ઞાનનાં અંધારાં ભેદાઈ ગયાં હોય તેમ બે હાથ જોડીને શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. કવિશ્રીના મામા, ભાણેજનું આ પરિવર્તન જોઈ ઝંખવાણા પડી ગયા.

આ જ ભાવવિભોર દશામાં મહાકવિને શ્રીહરિની કૃપાથી સમાધિ થઈ. સમાધિમાં તેમને શ્રીહરિના દિવ્ય અક્ષરધામનાં દર્શન થયાં. તે દિવ્ય ધામમાં બાપુ એભલખાચરના દરબારમાં નિંબતરુ નીચે બિરાજેલા જે શ્રીહરિ તેમણે જોયા હતા તે જ શ્રીહરિ અતિ પ્રકાશમય, અતિ આનંદરૂપ દિવ્ય સ્વરૂપે તેમને દેખાયા. તે સ્વરૂપમાંથી ધીરે ધીરે ચોવીસ અવતારો પ્રગટ થયા. તેમણે રચેલા 'અવતારચરિત્ર' ગ્રંથમાં તેમણે અવતારોનું વર્ણન કર્યું હતું તે કલ્પના હતી. અહીં જે દર્શન થતું હતું તે વાસ્તવિક હતું. તમામ અવતારો પાછા શ્રીહરિના સ્વરૂપમાં લીન થયા. શ્રીહરિના સર્વોપરી સ્વરૂપનું, તેમના પુરુષોત્તમપણાનું તેમને જ્ઞાન થયું. સમાધિસ્થિતિમાં કવિશ્રીને જોઈ તેમના મામાની મૂંઝવણ વધી ગઈ.

શ્રીહરિએ તેમને કહ્યું : "ભાણાને કાંઈ થયું નથી માટે મૂંઝાશો નહિ."

પણ મામાને તો મૂંઝવણ ઘણી થઈ. તેમણે શ્રીહરિને કહ્યું : "ભાણાને બેઠો કરો નહિ તો અમે ચારણ જાત્ય - અહીં હું ત્રાગું કરીશ." એમ કહી તેમણે ભેઠમાંથી રૂપે મઢેલો મારવાડી મોટો કટાર કાઢ્યો. તેનું મ્યાન નીચે ફેંકીને તે ગળે અડાડ્યો અને સભામાં 'હાહાકાર' થઈ ગયો ! પરંતુ મામાનો કટાર ગળાને ઘસરકો લીધા સિવાય તેમના હાથમાં જ સ્થિર રહી ગયો. તેમના નાડી-પ્રાણ ખેંચાઈ ગયા !

એટલામાં કવિશ્રી સમાધિ અવસ્થામાંથી જાગ્યા. તેમણે શ્રીહરિના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિ તેમને ઊભા થઈને ભેટ્યા. તેમની બંને આંખોમાંથી હર્ષાશ્રુ ચાલ્યાં જતાં હતાં. તે લૂછતા હતા અને

શ્રીહરિનાં દર્શન કરતા હતા. તે ભાવવિભોર સ્થિતિમાંથી બોલ્યા : "આ જ, આ જ સ્વરૂપ ! પ્રભુ ! મેં દિવ્ય અક્ષરધામમાં આ જ સ્વરૂપ જોયું. આ સ્વરૂપમાંથી મચ્છ, કચ્છ, વારાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રઘુનાથજી અને શ્રીકૃષ્ણ સર્વ અવતારોને નીકળતા મેં જોયા. પછી આ જ સ્વરૂપમાં તેમને સૌને લીન થતા જોયા. પ્રભુ ! મને આપે ન્યાલ કરી દીધો."

શ્રીહરિએ તેમના વાંસામાં બે હાથ ફેરવ્યા અને કહ્યું : "કવિરાજ ! આ પ્રસંગ, આ સ્વરૂપ હૈયામાં જડી દેજો."

"જડાઈ જ ગયું છે મહારાજ ! હવે નીકળે તેમ નથી. મીઠાની પૂતળી સાગરમાં સમાઈ ગઈ. હવે બહાર આવવાપણું નથી રહ્યું." એટલું કહેતા લાડુદાનજીની નજર મામા તરફ ગઈ. મામાનો કટાર તેમના ગળે હતો. કાષ્ઠવત્ બનેલા મામાને જોઈ તેમણે શ્રીહરિને કહ્યું : "આને શું થયું ?"

શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "ચારણ ખરાને, ત્રાગું કરીને મરવા જતા હતા પરંતુ મરવું કોના હાથમાં છે ?" તરત જ શ્રીહરિએ મામા તરફ દૃષ્ટિ કરી અને મામા સચેતન થયા.

કવિશ્રીએ મામાને કહ્યું : "મામા, મામા ! આ શું કરો છો ? ચારણ ટાઢી અગ્નિ કહેવાય પણ અહીં હિમાળાના વા સમા આ સાક્ષાત્ પ્રભુ બેઠા છે. અહીં તમારું કાંઈ નહિ ચાલે." એમ કહી મામા વતી શ્રીહરિની માફી માગી. પછી દરબાર એભલખાચર તેમને તેમના માટે તૈયાર કરેલા ઉતારે લઈ ગયા.

કવિશ્રીના માનમાં ગઢપુરમાં આ પ્રસંગે આવેલ અન્ય દરબારોને બાપુ એભલખાચરે નોતર્યા હતા. બાપુ જીવાખાચર પણ સપરિવાર અહીં આવી ગયા હતા. સૌ સાથે કંસાર જમ્યા. કવિશ્રીને તથા મામાને તાણ કરી કંસાર જમાડ્યો. ઘી, ચોખા અને ખાંડ જમાડ્યાં. દૂધ, દહીંની રેલમછેલ કરી. કવિશ્રીને આ મહેમાનગતિમાં ભક્તિનો ભાવ દેખાયો. જમીને કવિશ્રી તેમને ઉતારે આરામ કરવા ગયા.

સાંજે સભા થઈ અને કવિશ્રી લાડુદાન સભામાં પધાર્યા. સૌને કવિશ્રીને સાંભળવાનો લોભ હતો. તેમના બુલંદ અવાજમાં, ચારણી હલકમાં સૌને કાંઈક અપૂર્વ ખુમારી જણાતી હતી. તેથી સાંજની સભા હકડેઠઠ ભરાઈ ગઈ. તસુ જેટલોય ક્યાંય માગ રહ્યો નહિ. શ્રીહરિ નિંબતરુ નીચે પાટ ઉપર બિરાજ્યા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને અંગમા પુષ્પોના શણગાર શોભતા હતા. આ પ્રસંગે શ્રીહરિએ કવિશ્રીને કહ્યું : "પ્રભુનાં અવતારચરિત્રોનું જે નવું

કાવ્ય આજે તમોએ રચ્યું છે તે સંભળાવો.''

કવિશ્રીને આ સાંભળી આશ્ચર્ય થયું. પણ તરત જ તેમને લાગ્યું કે અહીં તો આશ્ચર્યોની પરંપરા છે. આશ્ચર્ય ન બને તે જ આશ્ચર્ય !

મેઘની ગર્જના જેવા બુલંદ અવાજમાં કવિશ્રીએ 'રૂપમુકુંદ છંદ'માં રચેલું કવિત લલકાર્યું. કવિના નાદને તાલ દેતા મોરલાઓ પણ 'ગેહુક' 'ગેહુક' ગહેકવા લાગ્યા. અવતારોના સ્વરૂપના વર્ણનના છંદો સભા સાંભળે, કવિરાજ તેનું વિવરણ કરે અને સાથે સાથે શ્રીહરિની મૂર્તિમાંથી તે અવતાર પ્રગટ થાય અને પાછા તે મૂર્તિમાં લીન થાય. શ્રીહરિનું આવું અદ્‌ભુત ઐશ્વર્ય સભાએ જોયું. કવિશ્રીને પણ તેમનું કવિત પ્રગટ થતું, આકાર લેતું લાગ્યું. તેમના આનંદનો પાર ન રહ્યો.

સમગ્ર સભા તે દિવ્ય આનંદમાં મુગ્ધ બની 'સો સહજાનંદરૂપ સહી'[૪૯] એ ઉદ્‌ઘોષમાં બરખાસ્ત થઈ. સૌના મુખમાં શબ્દો હતા 'સહજાનંદ રૂપ સહી.'

શ્રીહરિને લાગ્યું કે લાડુદાન કવિશ્રીને પોતાના સ્વરૂપનો નિશ્ચય થયો હતો, લગની પણ લાગી હતી. પરંતુ આ લોકની મોટપનો સ્વાદ ચાખ્યો હતો તેનો ભાવ તેમના અંતરમાંથી ગયો ન હતો. તેમના રાજવી પોશાકમાં રજોગુણનો, એ મોટાઈનો ભાવ પ્રગટ થતો હતો. શ્રીહરિને તો આ પ્રસંગે જ તેમને ચોખ્ખા કરી દેવા હતા. શ્રીહરિએ તેમને બોલાવ્યા અને ખૂબ જ ગંભીર વદને કહ્યું : ''કવિરાજ ! તમો આવ્યા અને અમને આનંદ થયો. મોટાં મોટાં રજવાડાંઓમાં તમારી જે પ્રતિષ્ઠા જામેલી છે તેના ભારથી તમો અમારા એક વ્યાવહારિક કામનો ઉકેલ લાવી દ્યો.''

શ્રીહરિના આ શબ્દોથી કવિશ્રીને આશ્ચર્ય થયું ! ક્યાં અક્ષરધામમાં જોયેલું આનું આ જ દિવ્ય સ્વરૂપ અને ક્યાં આ મનુષ્યભાવ ! છતાં તેમનાથી સહજ બોલાઈ ગયું : ''પ્રભુ ! જે આજ્ઞા કરશો તે કરીશ.''

શ્રીહરિએ તેમને કહ્યું : ''બાપુ એભલખાચરની બે પુત્રીઓ છે. ત્યાગીના જેવો વેષ રાખે છે. તેથી લોકમાં અમારું ભૂંડું દેખાય છે. તેમને તમે જો ઉપદેશ આપો તો કાંઈક લોકની રીતે રહેતાં થાય.''

કવિશ્રીને તેમની મોટપ અને ડહાપણના હિસાબે આ વાત વિસાત વગરની લાગી. તેમણે કહ્યું : ''મહારાજ ! આ કામ તો ચપટીમાં પતી જશે.''

---

૪૯. રાજકવિ શ્રી માવદાનજી રત્નુ રચિત ગ્રંથ 'બ્રહ્મસંહિતા' ઉપરથી કવિશ્રી લાડુદાનજીના આ પ્રસંગો અહીં આલેખ્યા છે. – લેખક

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા.

બીજે દિવસે બાશ્રી લાડુબા તથા જીવુબા સાથે કવિશ્રીની મુલાકાત ગોઠવાણી. બંને બહેનો ઓરડામાં બેઠી. વચ્ચે પડદો નાખ્યો. કવિશ્રી ઓશરીમાં બેઠા. બાપુ એભલખાચર તેમના પુત્ર ઉત્તમકુમારને લઈને કવિશ્રી પાસે બેઠા. અક્ષરધામના મહામુક્ત સ્વરૂપ આ બંને બહેનોના સાન્નિધ્યમાં કવિશ્રીને પાછી ગૂંગળામણ થવા લાગી. હજુ તો કાંઈ વાતો શરૂ થઈ ન હતી છતાં કવિશ્રીને લાગ્યું કે તેમની વિદ્વત્તા, ચતુરાઈ અહીં ઓગળી જતાં હતાં. કવિશ્રી કંઈ વાત શરૂ કરે તે પહેલાં જ બાશ્રી જીવુબાના શબ્દો તેમના કાને પડ્યા : "કવિરાજ ! જય શ્રી સ્વામિનારાયણ ! ભલું અમારે ઓરડે પધારવાનું થયું ?"

"મહારાજની આજ્ઞા હતી કે લોકવહેવારમાં મળતી રીત રાખીને પ્રભુ ભજવા એવું તમને બહેનોને સમજાવવું, એટલે બા ! આવવું થયું છે. આપણે તો આપણા ઈષ્ટદેવની લાજ રાખવી જોઈએ. ગૃહસ્થના ધર્મ પ્રમાણે પહેરવું-ઓઢવું, ગૃહસ્થાશ્રમ કરવો એ ફરજ સમજી તેમ વર્તવામાં મા-બાપની અને ઈષ્ટદેવની લાજ વધે છે."

તેઓ બોલી રહ્યા એટલે તરત જ રૂપેરી ઘંટડીના મૃદુ અવાજ જેવા જીવુબાના શબ્દો કવિને કાને સંભળાયા : "કવિરાજ ! અનંત જન્મમાં એ કરીને જ આવ્યાં છીએ. તેમાંથી છૂટવાનો આ અવસર આવ્યો ત્યારે રૂપની સજાવટ કરવી, સંસાર માણવો એવો ઉપદેશ તમે વિદ્વાન થઈને આપો છો ? પૂર્ણ પુરુષોત્તમ સાક્ષાત્ મળ્યા પછી સંસારનો મોહ શા માટે ? રજોગુણી બની, દેહ સજાવી, તેના મોહમાં, તેના અભિમાનમાં ફુલાવું ? દેહ તો વિષ્ટાની ખાણ છે. અંતે નાશ થઈ જશે. શ્રીહરિની ભક્તિ કરી મોક્ષ સાધવાના સાધનરૂપે જ તે આપણને મળ્યો છે. શા માટે તેનો ઉપયોગ તેમાં ન કરી લેવો ?"

ફરી એક વાર કવિશ્રીને અનુભવ થયો. શ્રીહરિના સાન્નિધ્યમાં પોતાના સ્વરૂપનું ભાન ગુમાવી દીધું હતું તેવું આજે પણ તેમને થયું. તેમને લાગ્યું કે તેમના વ્યાવહારિક ડહાપણના શબ્દો અહીં છીછરા થઈ જશે. જગતથી વિરક્ત થવાશે તો જ શ્રીહરિના સ્વરૂપનો આનંદ મળશે. મોટીબાના શબ્દોના ઊંડાણમાં તેમણે ડૂબકી મારી. તેમને લાગ્યું કે તેમનું બાહ્ય કલેવર ખોવાઈ ગયું છે. આંતર કલેવર જીવુબાએ તેમને શોધી આપ્યું છે. ઉપદેશ દેવા આવ્યા હતા પણ ઉપદેશ લઈને કૃતકૃત્ય થયા હોય એવું તેમને લાગ્યું. બાપુ એભલખાચરને ખબર ન પડી કે કવિરાજ કેમ સૂનમૂન થઈ ગયા ? હમણાં તો કવિએ અવતારની સ્તુતિના

છંદથી ગઢડા ગામને ગજવી દીધું હતું, તે પડછંદા હજુ સંભળાય છે અને અત્યારે દીકરી જીવુબા પાસે કવિ કેમ લજામણીના છોડ જેવા થઈ ગયા !

બાશ્રીના શબ્દોનો ઉત્તર કવિશ્રી પાસે ન હતો. તે ઊઠ્યા. બાશ્રી જીવુબાએ ચક ખસેડ્યો. કવિશ્રી તરફ દૃષ્ટિ કરી અને કવિના અંતરમાંથી જગતના તમામ ભાવો સરી પડ્યા. કવિશ્રી સીધા મહારાજ પાસે ગયા અને પોતાનો તમામ વેશ, ઘરેણાં કાઢી મહારાજ સન્મુખ મૂકી દીધાં. મહારાજને તેમણે કહ્યું : "મહારાજ ! આપે સીધો ઉપદેશ ન આપ્યો. બાશ્રી દ્વારા કહેવરાવ્યું. આજે આ રજોગુણી ઠાઠ, આ અલંકારો બધું આપના ચરણમાં. હવે મને સાધુની દીક્ષા આપો." મહારાજ તેમની વાત સાંભળી હસ્યા.

કવિશ્રીને ત્યારપછી શ્રીહરિએ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં હાલ જ્યાં અક્ષર ઓરડી છે ત્યાં વેદી કરાવી વેદોક્તવિધિપૂર્વક દીક્ષા આપી. બાશ્રી જીવુબા લક્ષ્મીજીનો અવતાર હતાં. તેમના ઉપદેશથી કવિને આ રંગ લાગ્યો તેથી શ્રીહરિએ તેમનું નામ શ્રીરંગ પાડ્યું. પાછળથી બ્રહ્માનંદ એવું નામાભિધાન પણ કર્યું.[૫૦]

✧

---

૫૦. બ્રહ્માનંદ સ્વામી સાધુ થયા પછી તેમની પરણેતર લઈને તેમના માતુશ્રી તેમને પાછા વાળવા આવ્યા હતા. પરંતુ બ્રહ્માનંદ સ્વામીને શ્રીહરિએ પોતાના ખોળે બેસાડીને પોતે તેમનાં માતાનું વાત્સલ્ય આપ્યું અને તેમની માતાને સાંત્વન આપ્યું હતું. બ્રહ્માનંદ સ્વામીએ પરણેતરને *'રે શિર સાટે નટવરને વરીએ...'* પદ દ્વારા પોતાના અડગ વૈરાગ્યનો પરિચય કરાવી દીધો.

બ્રહ્માનંદ સ્વામી લાડુદાનજી તરીકે જ્યારે ગઢપુર આવ્યા, ત્યારે તેમને શિરપાવમાં મળેલી મિલકતની યાદી આ પ્રમાણે હતી : રૂપિયા અગિયાર હજાર નગદ રોકડા, રૂપિયા બાવીસ હજારની જામશાહી તથા દીવાનશાહી કોરીઓ નેવું હજાર રોકડી; સોનામહોર એકસો એક (જામશાહી સોનાની), સોનાના જડાવ દાગીના, હીરા, મોતી, માણેક વગેરેના ટુપીઆઓ; હાર, સોનાના ત્રોડા, બેડીઓ, કડાં, વેઢ, વીંટીઓ, શિરપેચો, હમેલ, આશાલાકડી વગેરે, તેમજ ઘોડા-ઊંટના સોના રૂપાના દાગીનાઓ; પોશાક પહેરામણીનાં કીમતી સોનેરી વસ્ત્રો – પાઘ, શાલ-દુશાલાઓ; વાહનોમાં સોળ ઘોડા, સાત ઊંટ, ચાર બળદ (એક શિગરામ ગાડી, એક બેલ ગાડી) પચાસ સેવકો, પચ્ચીસ શિરબંધી અંગરક્ષકો, પચ્ચીસ વાહનવાળા; આટલી મિલકત મૂકીને તેઓ ગઢપુર આવ્યા હતા.

– બ્રહ્મસંહિતા; પા. ૧૨૭-૧૨૮.

કાઠી દરબારો, ભાયાતો વગેરેનો જમેલો ગઢપુરમાં શ્રીહરિનાં દર્શનપ્રસંગ માટે થતો હતો. બોટાદના હમીરખાચરે શ્રીહરિનો આ પ્રતાપ સાંભળ્યો, પરંતુ તેમને લાગ્યું કે કાઠીની જાત ભોળી અને વળી અજ્ઞાન. તે ઘેટાનાં ટોળાંની જેમ જ્યાં દોરે ત્યાં દોરાય. તેથી તેમણે શ્રીહરિના દેખાતા આ પ્રતાપ ઉપર ધ્યાન આપ્યું નહિ. તેમના દરબારમાં અન્નાર્થીઓ માટે સદાવ્રત ચાલતું હતું. બોટાદ શહેરના કાઠી દરબારોમાં મોટી જાગીરવાળા, દિલના ઉદાર સદાવ્રતી તરીકે તેમની પ્રતિષ્ઠા ઘણી જ હતી. તેમના માટે ભાવનગરના ઇતિહાસમાં એક પ્રાચીન દુહો છે કે -

હામું આંગણ જળ હુવા, કવિ કહે ચળું કરંત,
માછ મલ્લમે ધણ પીએ, બેડા માંહી તરંત.[૫૧]

આવા સદાવ્રતી હોવા છતાં કાઠીનો ધંધો – મેલીકારે[૫૨] જવું – તેમણે છોડ્યો ન હતો. એક દિવસ તેમને બાતમી મળી કે ઢસાને મારગે ચોખાની મોટી પોઠ ગઢડા તરફ ચાલી આવે છે. તે પોઠ વાળી લાવવા પોતાના પુત્ર દાહાખાચરને તથા બીજા દસ-બાર સવારોને લઈને તે નીકળ્યા. રાંગમાં તેજણ ઘોડી હતી એટલે જોતજોતામાં તો પોઠને તેમણે આંતરી લીધી. પોઠમાંના માણસોને પૂછ્યું : "આ કેની પોઠ છે અને ક્યાં જાય છે ?"

માણસોએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું : "બાપુ ! આ પોઠ તો બોટાદના નગરશેઠ ભાઈચંદ દોશીની છે."

પોતાના જ ગામના નગરશેઠ અને વળી ભાવનગર રાજ્યમાં વગવાળા ભાઈચંદ દોશીની પોઠ છે તે જાણી તેને જવા દેવી પડી. ત્યાંથી બીજા સવારોને રવાના કરી તે તથા તેમના પુત્ર દાહાખાચર ગઢપુર આવ્યા.

અહીં બજારમાં એક વેપારીની દુકાને કાઠી દરબારોનો મોટો સમૂહ તેમણે જોયો. તેથી તે પણ તે દુકાન પાસે આવ્યા. અહીં તેમણે લોયાના સુરાખાચરને જોયા, ઝીંઝાવદરના અલૈયાખાચરને જોયા, વાંકિયાના મોકાખાચરને જોયા, કારિયાણીના વસ્તાખાચરને જોયા, પોતાના જ ગામના સોમલાખાચરને પણ જોયા. આ જોઈ તેમની આંખો ચકળવકળ ફરવા લાગી. ત્યાં તો કોટડાના

---

૫૧. હમીરખાચરના દરબારના આંગણામાં અન્નાર્થીઓ અન્ન જમીને પછી ચળુ કરતા તેના પાણીના પ્રવાહમાં માછલાં તરતાં, ગાયોનાં ધણ પાણી પીતાં અને પાણીનાં બેડા પણ તરતા.

૫૨. લૂંટ કરવા.

પીઠાખાચર તેમની નજરે પડ્યા, કુંડળના અમરો પટગર ગળામાં મોટી માળા પહેરીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' રટણ કરતા જોયા. તેમને આ કૌતુક લાગ્યું. તેજણ ઉપરથી નીચે ઊતર્યા અને કાઠી દરબારો પાસે જઈ તેમની રીત પ્રમાણે બોલ્યા : "આપા ! રામ રામ ! ડાયરાને રામ રામ !" પછી તો સૌ પોતાના સ્નેહીસંબંધી હતા એટલે સૌને ભેટ્યા. કાઠી દરબારો પણ હમીરખાચરને અહીં આવેલા જોઈ રાજી થઈ ગયા.

હમીરખાચરે તેમને પૂછ્યું : "આ તમે બધા નારિયેળ લઈને ક્યાં જાઓ છો ? કોઈ જાત્રાળુનો સંઘ આવે છે ?"

સુરાખાચરે કહ્યું : "આપા ! અહીં તો એભલ બાપુના દરબારમાં ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે. તેમનો આજે જનમદિન છે એટલે આ નારિયેળ તેમને પગે મૂકીને તેમના આશીર્વાદ લેવા જઈએ છીએ."

હમીરખાચરને આ સાંભળી હસવું આવ્યું. તેમને ખાતરી થઈ કે કાઠીઓ ભોળા તેથી આવા ભગવાનના તૂતમાં ફસાયા છે. તેમણે કહ્યું : "સુરા ! માણહને કાંઈ ભગવાન નો કહેવાય. માટે આવા ડોળ મેલો અને કાઠી જાતનો કાંઈ મોભો સાચવો."

કાઠી બાપુઓએ આ સાંભળ્યું અને તેમને હમીરખાચરની દયા આવી. સોમલાખાચરે કહ્યું : "બાપુ ! કાઠી જાતનો મોભો તો આ ભગવાનનો જ્યારથી સંબંધ થયો છે ત્યારથી વધ્યો જ છે. તમે આવો તો તમનેય ખબર પડે."

હમીરખાચર બુદ્ધિશાળી હતા. તેમને થયું કે ડાયરા સાથે દરબારમાં જવું તો ખરું, ખરે ખબર્યું પડશે.

તેમણે દુકાનદારને કહ્યું : "શેઠ ! મનેય એક નારિયેળ આપો. મારે તો જેવુંતેવું હશે તોય ચાલશે. ભગવાન હશે તો સાચું કરી દેશે."

શેઠને થયું કે બાપુ કાંઈ કાવડિયાં આપશે નહિ તેથી તેણે પણ જોઈને સાવ બોદું નારિયેળ કાઢી આપ્યું. બાપુએ તે લીધું અને ખખડાવ્યું. જાણી લીધું કે સાવ બોદું છે. મનમા હસ્યા.

ડાયરો એભલ બાપુના દરબારમાં આવ્યો. અહીં મહારાજ લીમડા નીચે રંગત ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. પાઘડીમાં મોટું છોગું ખોસ્યું હતું. એક હાથમાં માળા હતી. એક હાથમાં ફૂલનો ગજરો હતો તે સૂંઘતા હતા. કાઠીના સંઘને આવતો જોઈ તેઓ મંદમંદ હસવા લાગ્યા. સૌ કાઠીઓ મહારાજ પાસે આવી, મહારાજને પગે લાગી, ચરણારવિંદમાં નારિયેળ મૂકતા હતા.

હમીરખાચરનો પણ વારો આવ્યો. તેમણે પણ પગે લાગીને નારિયેળ મૂક્યું. મહારાજે તરત તે નીચેથી લઈ લીધું અને કાને રાખીને ખખડાવ્યું. હમીરખાચર તો પગે લાગીને આગળ ચાલ્યા પણ મહારાજે તેમને સાદ કર્યો : "બાપુ ! આંહીં ઓરા આવો. જુઓ, આ તમારું નારિયેળ સાચું થઈ ગયું !"

હમીરખાચર પાછા વળ્યા. તેમણે મહારાજને પોતાનું જ નારિયેળ લઈને કાન આગળ ખખડાવતા જોયા એટલે શરમિંદા પડી ગયા ! તેમાં વળી, મહારાજે તેમને બોલાવીને કહ્યું કે "નારિયેળ સાચું થઈ ગયું" તેથી તે એકદમ ગળગળા થઈ ગયા.

મહારાજે ભગુજીને બોલાવીને કહ્યું : "ભગુજી ! આ નારિયેળ ફોડો અને તેનું પાણી ગાળીને મને આપો." પછી બાપુને કહ્યું : "આપા ! તમેય ઊભા રહો. તમને પ્રસાદીનું પાણી આપવું છે."

હમીરખાચર એક કોરે ઊભા રહ્યા. ત્યાં ભગુજી નારિયેળ ફોડીને લાવ્યા. પાણી એક પાત્રમાં ભર્યું હતું. મહારાજે ફોડેલું નારિયેળ હમીરખાચરને બતાવ્યું અને કહ્યું : "બાપુ ! અહીં આટલાં બધાં નારિયેળ આવ્યાં છે પણ તમારા નારિયેળ જેવું એકે નથી." એમ કહીને પોતે પાણી પીધું અને પ્રસાદીનું પાણી હમીરખાચરને આપ્યું. તેમણે તે પાણી પીધું - જાણે બોંતેર કોઠા ટાઢા થઈ ગયા હોય તેવી તેમને શાંતિ થઈ ગઈ ! પછી મહારાજે ભગુજીને કહ્યું : "આ નારિયેળની શેષ કાઢો, બાપુને જમાડીએ !"

હમીરબાપુ તો આ આદરથી, આ ભાવથી ભીના થઈ ગયા. સમગ્ર કાઠી ડાયરો હમીર બાપુનું પરિવર્તન જોઈ રહ્યો. મહારાજે બાપુને નારિયેળનું ટોપરું આપ્યું. બાપુ જમ્યા અને તરત જ માથેથી મોટો પાઘ ઉતારી શ્રીજીના ચરણમાં મૂકી દીધો. ગદ્‌ગદ કંઠે મહારાજને કહ્યું : "મહારાજ ! મને કંઠી બાંધો, હું તમારે શરણે આવ્યો છું."

આ સાંભળી સુરાખાચરે ગમ્મત કરતાં કહ્યું : "બાપુ ! એકાએક આ શું થઈ ગયું ?"

બાપુએ એટલું જ કહ્યું : "ઈ તો હું જાણું ને આ પરગટ પરભુ જાણે."

સુરાખાચર હસ્યા. પછી બાપુએ તેના દીકરા દાહાખાચરને કહ્યું : "દાહા ! મહારાજના પગમાં પડી જા. ન્યાલ કરી દેશે." દાહાખાચરે પણ કંઠી બંધાવી.

હમીર બાપુ સત્સંગી થયા તેથી કાઠી ડાયરો ખુશ થયો. હમીરખાચર એ પંથકમાં સૌથી મોટા જાગીરદાર હતા. વળી, શૂરવીર હતા, દાનવીર પણ હતા.

મહારાજે તેમને સભામાં મોખરે બેસાર્યા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને તથા બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "તમે આ બાપુને વાતો કરો."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ બાપુને સંબોધીને કહ્યું : "બાપુ ! તમે મોટા ગિરાસદાર રાજા કહેવાવ અને રાજા થઈને પ્રજાને લૂંટો, બે'નું-દીકરિયુંના સૌભાગ્યનાં ઘરેણાં પડાવી લ્યો, ગાયોનાં ધણ વાળી આવો, વિયાયેલી ગાય તેના વાછડા સારુ ઘર તરફ દોડે તેને તમે ભાલાની અણિ ઘોંચીને પાછી વાળો, ઘોડાઓની ઘુંમરમાં લઈ ગાયોને આંતરી લ્યો. થાકીને ભોંય ઉપર પડે તો ભાલા ઘોંચી ઉઠાડીને તમારા ગામ તરફ લઈ જાઓ, આવો અધર્મ તમારા જેવા ગૌ-બ્રાહ્મણપ્રતિપાળ કહેવાતા ક્ષત્રિયોને શોભતો નથી. માટે હવે સત્સંગી થયા છો તે લૂંટફાટ તથા આવો જુલમ છોડી દેજો. તમારા કોઈ પુણ્યપ્રતાપે આજે તમને મહારાજનો ભેટો થઈ ગયો છે અને વર્તમાન ધરાવી કંઠી પહેરી લીધી છે તેથી આજ સુધી કરેલાં તમારાં તમામ પાપો બળીને ભસ્મ થઈ ગયાં. પરંતુ હવે સત્સંગી થયા એટલે નવાં પાપ ન કરવાં."

હમીરખાચરે તથા દાહાખાચરે આ ઉપદેશ સાંભળ્યો. મહારાજની દૃષ્ટિથી તેમનું અંતર શુદ્ધ થઈ ગયું હતું. તેથી તેમણે તે જ વખતે નક્કી કરી લીધું કે આ બધા ધંધા હવે છોડી દેવા. તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! હવે તો આ સત્સંગ અને સત્સંગના નિયમ માથા સાટે !" મહારાજ આ સાંભળી રાજી થયા.

તેમણે પૂજા-માળા વગેરે લીધાં. પછી બોટાદ આવ્યા. બોટાદમાં લોકોએ જાણ્યું કે બાપુ સત્સંગી થઈને આવ્યા છે તેથી ગામ આખું ખૂબ રાજી થયું.[૫૩]

✧

ચૈત્રી નવમી શ્રીહરિનો પ્રાગટ્યદિન. પોતાને આંગણે આ ઉત્સવ ઊજવાય એટલે એભલ બાપુના અંતરમાં આનંદ માતો નથી. તેમાં વળી બોટાદના હમીરખાચર જેવા કાઠીઓમાં મોટેરા, દાનવીર અને શૂરવીર કાઠી શ્રીહરિના આશ્રિત થયા ! શ્રીહરિનો મહિમા વિશેષ ને વિશેષ પ્રસરે, સૌ શ્રીહરિના આશ્રિત થાય, તેમની ભક્તિ કરે એવા સકલ્પો તેમને થતા હતા. આજે તે સંકલ્પો શ્રીહરિએ પૂરા કર્યા.

---

૫૩. ભગા દોશીનું જીવનવૃત્તાંત; લેખક અને સંપાદક : રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નું, કાલાવડ (જિ. જામનગર). પ્રકાશક : શ્રી રમણિકલાલ મોહનલાલ દોશી ૧૦, અવંતિકાબાઈ ગોખલે સ્ટ્રીટ, ગંગાભુવન, મુંબઈ-૪. (પુસ્તકના આધારે આ પ્રસંગ અહીં લીધો છે.)

રાત્રે બાપુ એભલખાચર, શ્રીહરિનું રાજોપચારથી પૂજન કરવા માટે વસ્ત્રો, અનેક પ્રકારનાં આભૂષણો, કેસરમિશ્રિત ચંદન, કુંકુમ, પુષ્પહારો, સુગંધી દ્રવ્યો વગેરે લાવ્યા. પોતાની મનકામના પ્રમાણે શ્રીહરિનું તેમણે પૂજન કર્યું. પછી શ્રીહરિની આરતી ઉતારી. આ સમયે તેમની દૃષ્ટિ શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ અને એકાએક તેમને મુનિમંડળમાં બિરાજેલા વર્ણીસ્વરૂપ ભગવાનનાં દર્શન થયાં. અક્ષરબ્રહ્મનાં શીતળ અને શાંત તેજમાં તેમણે શ્રીહરિની દિવ્ય મૂર્તિ જોઈ. અક્ષરમુક્તો સાથે શ્રીહરિ અનેક પ્રકારની ક્રીડા કરતા હતા. તેમને શ્રીહરિ મુક્તો સાથે રાસ રમતા દેખાયા, મુક્તોના મંડળમાં શ્રીહરિને રંગ રમતા જોયા, દોલે ઝૂલતા દેખાયા. દિવ્ય મુક્તો અને દિવ્ય શ્રીહરિનાં દર્શન કરી તેમનું હૈયું આનંદવિભોર બની ગયું. તે જ્યારે જાગ્રત થયા, ત્યારે શ્રીહરિને તેમણે તેમના તરફ હસતા જોયા. એ જ દિવ્ય મૂર્તિ અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આજે આટલા અલ્પ બની મુમુક્ષુઓને સુખ આપવા પધાર્યા હતા. આ વિચારમાં તે અવાક્ બની ગયા. તેમનું અંતર પરમાનંદના પૂર્ણ ભાવથી ભરાઈ ગયું.



ઉદ્‌ગીથ ૧૨

શ્રીહરિનું પાંચાળમાં વિચરણ

(આ.સં. ૧૮૬૧-૧૮૬૨, ઈ.સ. ૧૮૦૫)

આ ઉત્સવ પ્રસંગે કરિયાણાથી આવેલાં મીણબાઈ તથા દેહાખાચરે શ્રીહરિને કરિયાણા પધારવા વિનંતી કરી. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ ગઢપુરમાં બિરાજ્યા, બધાને બહુ સુખ આપ્યું. હવે કરિયાણા પધારો.'' તેમનો ભાવ જોઈ શ્રીહરિ કરિયાણા પધાર્યા. અહીં દેહાખાચરના દરબારમાં ઊતર્યા.

કાળા મકવાણાને શ્રીહરિ માયા બતાવે છે

શ્રીહરિ પધાર્યા અને શ્રીહરિના પરમભક્ત કાળા મકવાણાને સંકલ્પ થયો કે શ્રીહરિ તેને ઘેર પધારે તો સારું. પરંતુ દરબારગઢમાં પ્રભુના ઉતારા હોય ત્યાં કેમ કહેવાય કે પ્રભુ મારા ઝૂંપડામાં પધારો ? ગામના ચોરા[૫૪] પાસે તેનું ઝૂંપડું હતું. શ્રીહરિ સાંજે તેને ત્યાં પધાર્યા. તેમને જોઈ કાળા મકવાણાને ઘણો જ આનંદ થયો. રાતના તેની સ્ત્રી ઘરે આવી. તેણે તેની સ્ત્રીને કહ્યું : ''શ્રીહરિ માટે રોટલા બનાવી નાંખ્ય.''

પણ શ્રીહરિએ કહ્યું : ''જે હોય તે જલદી લાવ.'' પછી તેને કહ્યું : ''તમે ક્યાં ગયા હતાં ?''

તેણે હાથ જોડીને તરત જ કહ્યું : ''મહારાજ ! ચોરે નટ રમવા આવ્યા છે તે જોવા.''

આ વાત સાંભળી મહારાજ હસ્યા. મહારાજે તેને કહ્યું : ''નટ શું કરે ?''

''અરે મહારાજ ! લોઢામાંથી સોનું કરી દ્યે.'' તે શ્વાસભેર બોલી ઊઠી.

મહારાજે કહ્યું : ''તારી પાસે કોશ-કોદાળી છે ? લાવ, હું સોનું કરી દઉં.'' એટલે તરત જ તેણે કોશ ને કોદાળી મહારાજને આપ્યાં. મહારાજે બંને

૫૪. અત્યારે આ ચોરો દેખાતો નથી પણ ત્યાંના હરિભક્તો તે સ્થાન બતાવે છે.

તેની ભીંતમાં ફેંક્યાં. તે ત્યાં ચોંટી ગયાં. પછી મહારાજે તે ભીંતમાંથી કાઢ્યાં તો બંને સાવ સોનાનાં ! કાળા મકવાણાને આ જોઈ આનંદ થઈ ગયો. તેની વહુ તો ગાંડા જેવી થઈ ગઈ ! પછી મહારાજે તેને કહ્યું : "સોનીને ત્યાં જઈને આના કટકા કરાવી લે, નહિ તો સાચવીશ ક્યાં ?"

કાળો મકવાણો કોશ ને કોદાળી લૂગડામાં સંતાડીને સોનીને ત્યાં ગયો. સોનીનું હાટ ખોલાવી દીધું : "ભાઈ ! આ કોશ ને કોદાળીના નાના નાના કટકા કરી દે."

સાવ સોનાનાં કોશ ને કોદાળી જોઈ સોની બાઘા જેવો બની ગયો ! તેણે તરત જ કહ્યું : "મકવાણા ! તું આને હમણાં ને હમણાં તારે ઘેર લઈ જા. મારે ત્યાં કોઈ જોશે તો મને મારી નાખશે."

કાળો મકવાણો મૂંઝાણો. તે તરત જ ઘેર આવ્યો. મહારાજને આવીને કહ્યું : "મહારાજ ! આ બંનેને પાછાં લોઢાનાં કરી ઘો. આમાંથી તો મારું મોત નીપજશે."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "મકવાણા ! માયા તો મોત કરે તેવી જ છે. માટે તેને સાચવવી નહિ. પણ તેનો તો ત્યાગ જ કરવો." પછી તે બંને પાછાં ભીંતમાં ફેંક્યાં અને બંને લોઢાનાં થઈ ગયાં !

શ્રીહરિ પછી દરબારમાં આવ્યા. અહીં ડાયરો જામ્યો હતો. પણ દેહાખાચરનો ડાયરો હવે સત્સંગનો હતો. તેમનો કડપ એવો હતો કે તેમની હાજરીમાં કોઈ બીજી વાત કરી શકતું જ નહિ. કસૂંબો, હોકા વગેરે પણ આ ડાયરામાં દેખાતા નહિ. શ્રીહરિ પધાર્યા અને સૌ ઊભા થયા. શ્રીહરિ આસન ઉપર બિરાજ્યા. પછી હસતાં હસતાં કહ્યું : "કાળા મકવાણાને માયા બતાવીને આવ્યા."

શ્રીહરિનો આ મર્મ તો કોઈ સમજ્યું નહિ. પરંતુ દેહાખાચરે કહ્યું : "મહારાજ ! મકવાણો છે નિષ્ઠાવાળો."

"તેથી તો માયામાં લોભાયો નહિ." શ્રીહરિએ કહ્યું. પરંતુ ડાયરાને હજુ ખરા રહસ્યની ખબર પડી નહિ. તેથી શ્રીહરિએ કહ્યું : "બોલાવો મકવાણાને, પગથિયા ઉપર બેઠો છે."

તરત જ મકવાણાને બોલાવ્યો. તેણે બધી વાત કહી. સૌને આશ્ચર્ય થયું કે સોનાનાં કોશ અને કોદાળીમાં મકવાણો લોભાયો નહિ. પણ ડાયરામાં એક ડાહ્યું માણસ હતું તેણે કહ્યું : "મહારાજની નિષ્ઠા હોય એને બીજે ક્યાંય આસ્થા આવે જ નહિ. તે દિ જોયું નહિ ? બાપુ દેહાખાચરને પેલો બાવો કંઠી બાંધવા

આવ્યો હતો તે ?''

તે સાંભળી શ્રીહરિએ પૂછ્યું : ''કોણ બાપુ દેહાખાચરને કંઠી બાંધવા આવ્યું 'તું ?''

''મહારાજ ! થોડા દિ પહેલાં એક કનહિરામ બાવો અહીં આવ્યો હતો અને બાપુ દેહાખાચરનું નામ સાંભળી અહીં ડાયરામાં આવ્યો. તેને હોંશ થઈ દેહાખાચરને કંઠી બાંધવાની. બાપુ પાસે તે આવ્યો ને વાત કરી. એટલે બાપુએ કહ્યું : 'ભલે બા ભલે, કંઠી બાંધવી હોય તો આ મારો ટાંટિયો લાંબો કરું છું ત્યાં બાંધી દે. બાકી ગળામાં તો સ્વામિનારાયણની કંઠી પડી છે.' ડાયરો આ સાંભળી દાંત કાઢવા લાગ્યો. બાવાને લાગ્યું કે આંહીં તેની કારી ફાવે તેવું ન હતું.''

શ્રીહરિ આ સાંભળી ખૂબ હસ્યા.

બીજે દિવસે સવારે શ્રીહરિ સંતો સાથે કાળુભાર નદીએ સ્નાન કરવા પધાર્યા. અહીં સ્નાન કર્યા પછી શ્રીહરિ નદીને કાંઠે બિરાજ્યા. બંને કાંઠે ભરપૂર પાણી જોઈ શ્રીહરિએ કહ્યું : ''આ કાલિન્દી જેવી નદી છે.'' એમ કહી દેહાખાચરને કહ્યું : ''અહીં કોઠો કરાવો તો આવીને રહીએ અને સંતોને યોગ શીખવીએ.''

આ સાંભળી દેહાખાચર રાજી થયા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ અહીં રહેતા હો તો કોઠો અબઘડી જ કરાવી દઉં.'' પછી શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા.

સાંજે શ્રીહરિ કાળા મકવાણાને લઈ ફરી કાળુભાર નદીએ આવ્યા. નદીમાં સ્નાન કરી ખૂબ દૂર નીકળી ગયા. એવામાં સંધ્યાટાણું થઈ ગયું. એ વખતે ગામમાં ઝાલરું વાગી તે સંભળાણી. મકવાણાએ શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! હવે આપણે ઝટ ગામમાં જઈએ.''

મહારાજે પૂછ્યું : ''કેમ એવડી ઉતાવળ છે, કાંઈ બીક લાગે છે ?''

''મહારાજ ! બીક તો નથી લાગતી પણ આ નટ રમવાના થિયા છે તે ઝાલર વગાડે છે. તે જો ગામમાં જઈએ તો નટની થોડી રમત જોઈએ.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''કાળા ! તને ઝાલર હું અહીં વગાડી દઉં તો ?''

''અરે મહારાજ ! અહીં ઝાલરે નથી ને ડંકોય નથી. ક્યાંથી વગાડતા'તા ?''

એટલામાં મહારાજ એક ધાર ઉપર ચડી ગયા. ત્યાં ઘણા મોટા મોટા પથ્થર પડ્યા હતા. મહારાજે મકવાણાને કહ્યું : ''મકવાણા ! અહીં આવ. જો આ મોટો પથ્થર ઝાલર જેવો વાગે છે.''

કાળો મકવાણો ઉપર આવ્યો. એક પથ્થર લઈ ત્યાં પડેલા એક મોટા પથ્થરને તેણે અડાડ્યો તો અસલ ઝાલર જેવો અવાજ તેણે સાંભળ્યો. ફરી વગાડ્યો. એવો જ અવાજ ફરી સંભળાયો ! બે-ત્રણ વાર વગાડ્યો. અસલ ઝાલર જ વાગતી તેણે સાંભળી.[૫૫] પછી બીજા બે-ત્રણ પથ્થર તેણે વગાડ્યા પણ સાવ બોદા બોલ્યા. મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "કાળા, આ મોટા નટ તો તારી સામે બેઠા છે. પછી બીજે ક્યાં જોવાનું છે ?" કાળો મહારાજના પગમાં પડી ગયો.

શ્રીહરિ કરિયાણામાં એક માસ રહ્યા. તે દરમ્યાન દેહાખાચરે કોઠો બાંધી દીધો. તેમની ભક્તિ જોઈ મહારાજ પ્રસન્ન થયા. ભીમ એકાદશી આવતી હોવાથી મહારાજ ત્યાંથી ગઢપુર પધાર્યા.

ગઢપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ : આ.સં. ૧૮૬૧

અહીં બાપુ એભલખાચરના દરબારમાં શ્રીહરિએ ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો. જીવાખાચરે પણ પરિવાર સહિત આ ઉત્સવમાં ભાગ લીધો. પછી શ્રીહરિને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! આપ અહીં બિરાજો છો તો અમને પણ કાંઈક સેવા આપો. આપના સંતો મારા દરબારમાં રહે તો તેમની સેવાનો મને લાભ મળે."

શ્રીહરિએ તેમની આ વિનંતી માન્ય કરી. મુક્તાનંદ સ્વામીને તથા સ્વરૂપાનંદ સ્વામીને તેમના મંડળ સાથે બાપુ જીવાખાચરના દરબારમાં રહેવા મોકલ્યા. શ્રીહરિ પણ ત્યાં પ્રસંગે પ્રસંગે કથા કરવા પધારતા. ઘણી વખત તો મોડી રાત્રિ સુધી ત્યાં બિરાજતા અને મોડી રાત્રે એભલખાચરના દરબારમાં પધારતા.

બાપુ એભલખાચરના ગામ લાખણકામા રહેતા બાપુના ભાયાત નાજા જોગિયા ગઢપુર આવ્યા હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આપ અમારે ગામ પધારો તો અમને પણ આપનાં દર્શન, સમાગમ અને સેવાનો લાભ મળે."

શ્રીહરિએ તેમનો ભાવ જોયો. તેમને પણ ઈચ્છા હતી કે સત્સંગનો વિકાસ સર્વત્ર થાય. ખાસ કરીને કાઠી દરબારો જો સત્સંગી થાય તો આ પ્રદેશનું અંધાધૂંધીમય વાતાવરણ શાંત થાય, લોકોમાં શાંતિ પ્રસરે અને સૌને સત્સંગ

---

૫૫. આ પથ્થરને ત્યાંના લોકો 'ઝાલરિયો પથ્થર' કહે છે. હજુ પણ ધાર ઉપર જ પડ્યો છે. વગાડીએ તો અસલ ઝાલર જેવો જ અવાજ આવે છે. આજુબાજુ પડેલા બીજા પથ્થર બોદા બોલે છે.

કરવાનું સુખ મળે. એટલે જ તેઓ ગઢપુરમાં રહીને ઉત્સવો કરતા, બધાને આમંત્રતા અને એ રીતે પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા. ગઢપુરમાં બાપુ એભલખાચરના વિશાળ દરબાર ને તેમના પરિવારના સેવાભાવથી અહીં ઉત્સવોની જમાવટ થતી. સત્સંગનું, કથાવાર્તાનું સૌને સુખ આવતું. આ સ્વાદ ચાખીને જે જતા તે શ્રીહરિને, સંતોને ને સત્સંગને ભૂલી શકતા નહિ. નાજા જોગિયાએ આ સ્વાદ લીધો હતો તેથી તેણે આજે શ્રીહરિને આમંત્રણ આપ્યું.

નીલકંઠ મહાદેવનો ઇતિહાસ

શ્રીહરિ કાઠી પાર્ષદો તથા સંતોને લઈને લાખણકા જવા નીકળ્યા. નાજા જોગિયાના પિતા નાગદાન, તેની માતા સીદીબા, નાગાજણ રાવળ, લાખો ગોવાળિયો વગેરે શ્રીહરિના આગમનની રાહ જોતાં હતાં. શ્રીહરિ નીકળ્યા અને ઉન્મત્ત ગંગાની ઉત્તરમાં નીલકંઠ મહાદેવનું મંદિર છે ત્યાં આવ્યા. મંદિરમાં શ્રીહરિ બિરાજ્યા. સાથે આવેલા બાપુ એભલખાચરને તથા બાપુ જીવાખાચરને શ્રીહરિએ પૂછ્યું : “આ મંદિર કોણે બંધાવ્યું ?”

એભલખાચરે કહ્યું : “આ મંદિર મારા દાદા દાનાખાચરે બંધાવ્યું છે. તેમને ચાર પુત્રો હતા : દેવાતખાચર, ઉન્નડખાચર, સાંગાખાચર અને જીવાખાચર. ઉન્નડખાચરને કાંઈ સંતાન ન હતું. જીવાખાચરને એક પુત્ર હતો, પૂંજોખાચર. એક દિવસ આત્માનંદ સ્વામીના શિષ્ય મેનનાથ તેમને ત્યાં આવ્યા. તે વખતે ઉન્નડખાચરે તેમના પગમાં પડીને પ્રાર્થના કરી કે ‘મહારાજ ! શેર માટીની ખોટ છે.’ ત્યારે તેમણે કહ્યું : ‘અમારા ગુરુ આત્માનંદજીના પ્રતાપથી તમારે ત્યાં પુત્ર થશે. તેનું નામ બાવો રાખજો અને શિવાલય બંધાવજો. કહેવાય છે કે આ શિવજીની માંડવ્ય ઋષિએ પૂજા કરેલી અને ત્યારપછી શિવલિંગ દટાઈ ગયું હતું. મેનનાથે તે જગ્યા બતાવી હતી. તે જ શિવલિંગ અહીં પધરાવવાનું કહ્યું હતું. તે પ્રમાણે તે શિવલિંગ અહીં પધરાવ્યું છે.”

શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા.

લાખણકામાં

શ્રીહરિ પછી લાખણકા પધાર્યા. અહીં લાખાની પુત્રી રાઈબાઈ તથા કાંથડની પુત્રી હીરબાઈને શ્રીહરિનાં દર્શન કરતાં સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેમણે ગોલોકમાં રાસમંડળનાં દર્શન કર્યાં. શ્રીકૃષ્ણની ભક્તિ કરી તેમને પ્રસન્ન

કરેલા ગોપબાળકો અહીં સૌરાષ્ટ્રમાં આ કાઠી અને રબારી તથા ભરવાડના સ્વાંગમાં આવ્યા હતા. તેથી જ તેમને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિના સ્વરૂપમાં તત્કાળ પ્રેમ થઈ જતો, એ સ્વરૂપ ઓળખાઈ જતું.

ઈંગોરાળામાં

લાખણકાથી બાપુ જીવાખાચરને ગામ ઉગામેડી થઈ શ્રીહરિ ઈંગોરાળા પધાર્યા. અહીં લોયાના દરબાર સુરાખાચર તેમના પરિવાર સાથે શ્રીહરિનાં દર્શને આવ્યા હતા. તેમની સાથે તેમના પુત્ર નાથાખાચર તથા પૌત્રો કાળો અને માણસિયો પણ હતા. તેમનાં પત્ની શાંતિ બા પણ હતાં.

શ્રીહરિએ સુરાખાચરને કહ્યું : "તમે અમારા ખરેખરા ભક્ત છો. માટે અમારી આજ્ઞા માનીને કાલે સવારે નાગડકા જાઓ. ત્યાં તમને કોઈ પણ પ્રકારે ઉપાધિ આવશે નહિ અને બધું સાનુકૂળ થઈ જશે."

આ સાંભળી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! હું તો આપની આજ્ઞાને જ અધિક માનું છું. મારે આપને રાજી કરવા છે." પછી બીજે દિવસે સુરાખાચરે તેમના પરિવારને નાગડકા મોકલી દીધો અને પોતે શ્રીહરિ સાથે રહ્યા.

પાટીમાં

શ્રીહરિએ સૌ અસવારોને ઝીંઝાવદરને માર્ગે ચાલવાની આજ્ઞા કરી. પછી પોતે ઘોડાને એવો દોડાવ્યો કે સાથેના કોઈ સવારો એમને પહોંચી ન શક્યા. કાઠી દરબારો આશ્ચર્યચકિત થઈ ગયા. શ્રીહરિની પોતા પ્રત્યે હેત વધારવાની આ કળા હતી. ભગવાન મનુષ્યને સજાતીય થાય તો જ મનુષ્યને ભગવાનના સ્વરૂપમાં હેત થાય. શ્રીહરિ પાટી પધાર્યા. અહીં ભક્તોએ તલ અને ગોળ સંતોને આપ્યાં. શ્રીહરિને નવા નગરનો ફેંટો પહેરાવીને ચંદન-કેસરથી પૂજા કરી. પછી ત્યાંથી નીકળી સરવઈ થઈને કારિયાણી પધાર્યા.

કારિયાણી તથા કુંડળમાં

કારિયાણીમાં ખટ્વાંગ રાજા તથા વસ્તાખાચર, વેલાખાચર, વીરદાસ અને ગોવા પટેલે શ્રીહરિને પાંચ દિવસ રાખ્યા. ત્યાંથી કુંડળમાં ખટ્વાંગનાં બહેન રાઈબા રહેતાં હતાં. ખટ્વાંગ ત્યાં શ્રીહરિને લઈને આવ્યા. રાઈબાના પુત્રો મામૈયો પટગર, હાથીઓ પટગર અને રામ પટગર તેમજ ગામના ધણી અમરો

પટગર, તેના પુત્ર હરસુર અને પુત્રી વલુબા, બધાં જ શ્રીહરિ સન્મુખ આવ્યાં. શ્રીહરિ મામૈયા પટગરના દરબારમાં ઊતર્યા.

રાત્રે સંતોએ કીર્તન-ભક્તિ કરી. રાઈબા રામાનંદ સ્વામીનાં શિષ્ય હતાં. એ ગુરુનિષ્ઠાના પ્રતાપે તેમને શ્રીહરિનું સ્વરૂપ ઓળખાયું. શ્રીહરિએ પણ રાઈબા ઉપર કૃપા કરી હતી. અષ્ટાંગ યોગની સાધના સિવાય તેમને શ્રીહરિના સ્વરૂપનાં સમાધિમાં અખંડ દર્શન થતાં હતાં. કુંડળના ભક્તોને શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા ધીરે ધીરે દૃઢ થતી હતી. આ પ્રદેશમાં શ્રીહરિના મહિમાના રંગે સૌ રંગાયાં હતાં. તેનું કારણ રામાનંદ સ્વામીના જૂના શિષ્ય ચારદિકા ગામના ભોજો ચારણ હતા. તેણે ખટ્વાંગ રાજાને, અલૈયાખાચરને, સોમલાખાચરને તથા સુરાખાચરને શ્રીહરિનો મહિમા સમજાવી સત્સંગ દૃઢ કરાવ્યો હતો. ખટ્વાંગ રાજાને લઈને તેઓ જ સરધાર ગયા હતા.

શ્રીહરિ કુંડળ પધાર્યા છે તે સમાચાર સારંગપુરમાં મળતાં સારંગપુરના રાઠોડ ધાધલ શ્રીહરિને સારંગપુર પધારવા આમંત્રણ દેવા કુંડળ આવ્યા.

રાઠોડ ધાધલ મૂળ રામાનંદ સ્વામીના શિષ્ય. જ્યારે શ્રીજીમહારાજ સરધારથી કારિયાણી પધાર્યા ત્યારે રાઠોડ ધાધલ પણ કારિયાણી શ્રીહરિનાં દર્શન કરવા ગયા હતા. શ્રીહરિનાં દર્શન કરતાં જ તેમને પ્રતીતિ થઈ કે ગુરુ રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા યોગ્ય વ્યક્તિને જ સોંપી છે. શ્રીહરિનું સ્વરૂપ મોહક હતું એટલે દર્શન કરનારા સહેજે તેમના સ્વરૂપમાં આકર્ષાઈ જતા. વળી પ્રકાશરૂપ હતું જેથી મુમુક્ષુઓના અંતરમાં પ્રકાશ પાડી તિમિરનો તે ધ્વંસ કરતું. રાઠોડ ધાધલને કારિયાણીમાં શ્રીહરિના સ્વરૂપની સાચી ઓળખાણ થઈ. તે પરમાત્મા છે, પરબ્રહ્મ છે, પુરુષોત્તમ છે એવો નિશ્ચય થયો, ત્યારથી શ્રીહરિના મંત્રનું અખંડ ભજન તેમને કંઠમાં થવા લાગ્યું. શ્રીહરિએ આવા ભક્તના ભાવભર્યા આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો.

સારંગપુરમાં

શ્રીહરિ સારંગપુરમાં પધાર્યા પણ ખૂબ જ થોડા ભક્તો લઈને આવ્યા હતા. તેઓ રાઠોડ ધાધલનો વ્યવહાર જાણતા હતા. વળી, ગામધણી બાપુ જીવાખાચર પણ ગરાસના કજિયાને લઈને તેમના મોસાળ રેફડામાં જ ઘણુંખરું રહેતા. ખૂબ જ ગરીબ પ્રકૃતિના આ દરબારને સારંગપુરમાં એક હજાર વીઘાં જમીન હતી અને બોટાદ પાસે સીરવણી ગામમાં પણ તેમની જમીન હતી.

એટલે ગામના તે દરબાર કહેવાતા. પરંતુ તેમના ચાર ભાગીદારો રામખાચર, બાવાખાચર, દેવાખાચર અને ગાંગાખાચર હંમેશાં તકરાર કરતા. તેથી બાપુ જીવાખાચર કજિયો અળસાવવા રેફડામાં જ રહેતા.

જીવાખાચરને આ પ્રસગે આમત્રણ દેવા રાઠોડ ધાધલ જાતે રેફડા ગયા. તેમણે કહ્યું : "બાપુ ! ગામમાં મહાત્મા પધાર્યા છે. તમો આવો અને આશીર્વાદ લ્યો તો તમારો ગરાસ મળે."

બાપુ જીવાખાચરે તરત જ નક્કી કર્યું અને તેઓ તેમનાં પત્ની પાંચાળીબા સાથે સારંગપુર ગયા. જીવાખાચરે તથા તેમનાં પત્ની પાંચાળીબાએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને તે દિવ્ય મૂર્તિમાં તેમનું મન ખેંચાઈ ગયું. તેમણે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! મારે ત્યાં કાલે જમવા પધારો." મહારાજે તરત જ હા પાડી દીધી.

જીવાખાચર ઘેર આવ્યા અને પાંચાળીબાને વાત કરી ત્યારે તેમણે કહ્યું : "આપણી પાસે તો કંઈ સાધન નથી. મહારાજને કેમ જમાડશું ?" પણ તરત જ તેમને બીજો વિચાર આવ્યો અને કહ્યું : "મૂંઝાશો મા. આ મારું શેલું છે તે ગામમાં વેપારીને ત્યાં મૂકી આવો અને તેમાંથી રસોઈની સામગ્રી લઈ આવો." જીવાખાચરે તે પ્રમાણે બધી જ તજવીજ કરી દીધી.

બીજે દિવસે શ્રીજીમહારાજ પોતાની સાથે મુકુન્દ બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામીને તથા બે હરિભક્તોને લઈને જીવાખાચરને ત્યાં જમવા પધાર્યા. જીવાખાચરે મહારાજને ખૂબ જ ભાવથી જમાડ્યા. મહારાજ પણ એટલા જ ભાવપૂર્વક જમ્યા. પછી બાપુ જીવાખાચરને કહ્યું : "તમો તો અહીંના રાજા છો તો અહીં કેમ રહેતા નથી ?"

ત્યારે જીવાખાચરે કહ્યું : "મહારાજ ! ભાગીદારો તકરાર કરે છે. કજિયામાં પડવું તેના કરતાં શાંતિથી જે બટકું રોટલો મળે તેમાં નિભાવ કરવો મને ઠીક લાગે છે."

શ્રીહરિએ તેમની આવી સાત્ત્વિકતા જોઈ કહ્યું : "તમારા ભાગીદારોને બોલાવીએ." એમ કહી તેમણે રાઠોડ ધાધલને કહ્યું "જીવાખાચરના ભાગિયાને બોલાવો. આજે આપણે તેમનું સમાધાન કરાવી દઈએ."

રાઠોડ ધાધલ તરત જ રામખાચર તથા બાવાખાચરને બોલાવી લાવ્યા. મહારાજે તેમને સમજાવ્યા. બંને દરબારોએ મહારાજને વચન આપ્યું કે "બીજા બે ભાગીદારોને અમે સમજાવીશું અને જીવાખાચરને તેમની જમીન પાછી

અપાવીશું. તેઓ સુખેથી સારંગપુર આવીને રહે.''

મહારાજે આ રીતે નક્કી કરીને બન્ને દરબારોને કહ્યું : ''અમે હજુ અહીં એક દિવસ રોકાવાના છીએ તો તમો તેમના બીજા બે ભાગીદારોને સમજાવી અહીં લઈ આવો એટલે અમારી રૂબરૂમાં જ તેમના ગરાસનું નક્કી થઈ જાય.''

સાંજે રામખાચર તથા બાવાખાચર બીજા બે ભાગીદારોને લઈને શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિએ તેમના તરફ દૃષ્ટિ કરી. એ દૃષ્ટિમાં સત્તા હતી અને પ્રેમ પણ હતો. દેવાખાચર અને ગાંગાખાચર સમજી ગયા. તેઓ જાણતા હતા કે પ્રજાને જીવાખાચર પ્રત્યે પ્રેમ હતો. વળી, તેમના આ ગુરુ પણ તેમને ગરાસ પાછો અપાવવા આવ્યા છે. ગુરુની ઉંમર નાની છે, શરીર સૂકલ છે પણ તેમની દૃષ્ટિમાં વિરોધીઓને ડામવાની શક્તિ છે. તેમને હાથ જોડી તરત જ કહ્યું : ''શી આજ્ઞા છે ?''

મહારાજે કહ્યું : ''આ બાપુ જીવાખાચરને તેમનો ગરાસ સોંપી દ્યો તો તેઓ સુખેથી સારંગપુર આવીને રહે.'' બાવાખાચરે અને રામખાચરે પણ તેમાં પુષ્ટિ આપી. દેવાખાચર અને ગાંગાખાચરનું વિરોધ કરવાનું હવે ગજું ન હતું. શ્રીહરિની દૃષ્ટિથી જ તેઓ સમજી ગયા હતા. તેમણે કહી દીધું : ''ભલે.''

જીવાખાચર ઉપર શ્રીહરિની દૃષ્ટિ પડી ગઈ. તેઓ ભક્તરાજ હતા. તેમની આ ભૂમિનાં પણ અહોભાગ્ય હતાં કે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણે તે ભૂમિને પોતાની ક્રીડાભૂમિ, પોતાને સદૈવ રહેવાનું સ્થાન બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

ગઢપુરમાંથી જીવુબા તથા લાડુબા ચાંદીનો લોટો તથા આબખોરો લાવ્યાં હતાં તે સાફ કરાવી તેમાં ગાળેલું જળ ભરી શ્રીહરિ જમવા બેઠા હતા ત્યાં તે આબખોરો મૂક્યો. રાજબાઈ સોનાની ઊતરી લાવ્યાં હતાં. અમરીબાઈ સોનાનાં કડાં લાવ્યાં હતાં. શ્રીહરિ જમી રહ્યા પછી તેમણે પૂજન કરી શ્રીહરિને આ શણગાર ધરાવ્યા. જીવાખાચર તથા તેમના બે પુત્રો વાઘાખાચરે અને અમરાખાચરે પણ શ્રીહરિનું પૂજન કર્યું.

તે વખતે બોટાદથી હમીરખાચર પોતાના પરિવાર સાથે આવ્યા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિએ તેમને ભગા દોશીના કુશળ પૂછ્યા ત્યારે તેમણે કહ્યું : ''મહારાજ ! તેના બાપ ભાઈચંદ શેઠ ચુસ્ત જૈન છે. ભગો સત્સંગી થઈ ગયો છે તે તેમને જરાય ગમતું નથી. ઠેઠ ભાવનગર વખતસિંહજી બાપુ સુધી તેની ફરિયાદ કરી પણ હાથ ધોઈ નાખ્યા.''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. ભગા દોશીના પૂર્વસંસ્કાર તેના બાપ ક્યાંથી

જાણી શકે ? કર્મસંબંધના યોગે તેમનો જન્મ ત્યાં થયો પરંતુ સંસ્કારથી તો તે પરમ ભક્ત હતા. શ્રીહરિએ સંકલ્પ કર્યો કે ભગા દોશીનું દુઃખ ટાળી નાખવું.

બોટાદમાં

બોટાદના ભક્તોએ શ્રીહરિને બોટાદ પધારવા આગ્રહ કર્યો. શ્રીહરિએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું અને સારંગપુરથી નીકળી શ્રીહરિ સંઘ સાથે બોટાદ પધાર્યા. સોમલાખાચરે તથા હમીરખાચરે અગાઉથી જ શ્રીજીમહારાજ પધારશે એવું ધારી સામૈયાની તૈયારી કરી રાખી હતી. આખું બોટાદ શહેર શણગાર્યું હતું. સોમલાખાચરના દરબારમાં શ્રીહરિનો ઉતારો રાખવાનો હતો તેથી તે પણ સુશોભિત બનાવી સજ્જ કર્યો હતો. શ્રીહરિ શહેરમાં મધ્યરાત્રિએ દાખલ થયા અને પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા. શહેર આખું જાગી ગયું. જૈન વણિકો સ્વામિનારાયણની સવારી જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણના ભક્તોમાં આવો ઉત્સાહ છે ! સૌ તેમની મૂર્તિમાં ખેંચાઈ જાય છે, તે જ તેમનો પ્રતાપ છે. ઢોલ, તાસાં, નગારાં અને શરણાઈઓના અવાજથી નગર ધમધમી ઊઠ્યું. શ્રીહરિ સીધા સોમલાખાચરના દરબારમાં પધાર્યા. તેમનો બીજો દરબાર પણ ખાલી કરાવ્યો હતો ત્યાં સંતો અને મોટેરા હરિભક્તો ઊતર્યા.

સવારે શ્રીહરિ સ્નાન કરી, પ્રાતર્વિધિથી પરવાર્યા. બીજા સંતો-હરિભક્તો પણ પરવાર્યા. એટલે શ્રીહરિએ સૌને કહ્યું : "સૌ સાબદા થાઓ. આપણે નાગડકા જવું છે." એટલે સૌ તૈયારી કરવા લાગ્યા.

એટલામાં ત્યાં હમીરખાચર આવ્યા. શ્રીહરિને નાગડકા જવાની તૈયારીમાં જોઈ તેમણે પ્રાર્થના કરી : "મહારાજ ! આપ પધાર્યા અને અમારી રસોઈ જમ્યા સિવાય જાઓ તે ઠીક નહિ. સોમલાખાચર જેટલી અમારી પહોંચ નથી પણ જેટલું છે તે બધું આપના ચરણમાં મૂકી દીધું છે. માટે રસોઈ જમ્યા સિવાય તો જવાશે નહિ. કાલે રાત્રે દાહાની વહુને સમાધિ થઈ તેમાં પણ તેણે આપને જમાડવાનો સકલ્પ કર્યો હતો. એટલે રોકાવું તો પડશે." મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને સંઘ સાથે તેના દરબારમાં પધાર્યા.

એટલામાં ભગા દોશી ઘી અને સાકર લાવ્યાં. બીજા હરિભક્તો પણ દૂધ, દહીં, મીઠાઈ વગેરે લાવ્યા. પરંતુ હમીરખાચરનાં માતુશ્રીએ શ્રીહરિની રસોઈ કરતા બ્રહ્મચારીને કહેવરાવ્યું કે "અમારી રસોઈમાં કોઈનો ભાગ નહિ !"

શ્રીહરિએ પણ બ્રહ્મચારીને કહ્યું : "આજે હમીર બાપુની જ રસોઈ

જમવી છે માટે કોઈનું કાંઈ સ્વીકારશો નહિ.''

તે સાંભળી ભગા દોશી શ્રીહરિ પાસે આવ્યા અને કહ્યું : ''મહારાજ ! હું તો ફક્ત ઘી અને સાકર જ લાવ્યો છું તો મારું અંગીકાર કરો તો અમારા કુટુંબનું સારું થાય.''

શ્રીહરિ તેમની વાત સાંભળી હસ્યા. ભગા દોશીની ઉંમર નાની હતી. વળી, જૈન મતમાંથી જોરાવરીએ છૂટી સત્સંગમાં આવ્યા હતા. તેમના બાપનો પૂરો વિરોધ હતો. પણ ભગા દોશી શૂરવીર હતા, એટલે વિરોધને ગણતા નહિ. શ્રીહરિ પાસે મુક્તાનંદ સ્વામી બેઠા હતા. તેમણે શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! નાના બાળ છે. વળી શૂરવીર છે તો તેમનું સ્વીકારો તો રાજી થાય.''

મહારાજે તરત જ કહ્યું : ''પણ સ્વામી ! આ તો એમના બાપથી છાનું લાવ્યા છે. તે તો ચોરી કહેવાય. આપણાથી તે ન લેવાય.''

ભગા દોશીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : ''હા ! મહારાજ ! મારા બાપા તો લાવવા દે જ નહિ તેથી છાનું લાવ્યો છું.''

શ્રીહરિએ કહ્યું : ''જાઓ, બાપાની આજ્ઞા લઈને લઈ આવો તો રાખીએ.''

આ સાંભળી ભગા દોશી વીલા થઈ ગયા ! તે ઘેર ગયા અને સાથે લીધેલો સામાન તેમનાં માતુશ્રી પાસે મૂકી રડવા લાગ્યા. તેમની માતાએ તેમને પૂછ્યું : ''શું થયું ?'' પણ તેમણે કાંઈ જવાબ દીધો નહિ.

તેમને રડતા સાંભળી તેમના પિતા ભાઈચંદ શેઠ આવ્યા. તેમણે પૂછ્યું : ''ભગો કેમ રડે છે ?'' એમ કહી તેમની પાસે આવ્યા.

ત્યારે ભગા દોશીએ કહ્યું : ''અમારા સ્વામિનારાયણ ભગવાન શહેરમાં આવ્યા છે. તેમને રસોઈ આપવા હું ઘી અને સાકર લઈ ગયો પણ તેમણે તે રાખ્યાં નહિ અને કહ્યું : 'ઘરમાંથી છાનું લઈ આવ્યા છો એટલે અમારાથી રખાય નહિ. ઘરના સૌની રજા લઈને લાવો તો રાખીએ.''

ભાઈચંદ શેઠને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમને થયું કે ''બાવાઓ તો જોરાઈએ પાકાં સીધાં લે છે જ્યારે આ તો આવેલું પાછું મોકલે છે માટે નિઃસ્પૃહી ખરા.'' તેમને એટલો ગુણ આવ્યો તેથી તેમણે કહ્યું : ''ભગા ! ચાલ મારી સાથે હું સ્વામિનારાયણ ભગવાનને જાતે આપીશ.''

શ્રીહરિ જમવા બિરાજ્યા તે વખતે ભગા શેઠ અને તેમના પિતા ભાઈચંદભાઈ ત્યાં પધાર્યા. શ્રીહરિનાં દર્શન કરી ભાઈચંદભાઈનું અંતર ઠરી ગયું. સંતોની ક્રિયા જોઈ તેમને ગુણ આવ્યો. તેમણે જોયું કે આવી ભાત ભાતની

સ્વાદિષ્ટ વાનગીઓ પત્તરમાં નાખી તેમાં પાણી નાખી સંતો જમે છે તેથી સંતો પણ ખરા નિઃસ્વાદી છે. તેમને ખૂબ જ ભાવ થયો. તેમણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! આપના કાર્યથી, આપના સંતોની ક્રિયાથી, તેમના સેવા-ધર્મથી અને આપના આશ્રિત સૌ હરિભક્તોનાં જીવનપરિવર્તનથી એમ લાગે છે કે આપ નિશ્ચય ભગવાન છો. માટે અમારો ભાવ આપને પૂરો કરવો પડશે, અમારી રસોઈ લેવી પડશે, ઘેર જમવા પધારવું પડશે."

ભાઈચંદ શેઠને સત્સંગનો ગુણ રહે અને તેમના પુત્ર ભગા દોશીને સત્સંગ કરવામાં વિઘ્ન ન રહે તે માટે શ્રીહરિએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું. ભગા દોશી રાજી થયા.

ભાઈચંદ શેઠને આ પ્રસંગ સુવર્ણ અવસર જેવો લાગ્યો. તેમના વિશાળ ઘરના ચોકમાં સુંદર મંડપ બંધાવ્યો. બોટાદના નગરજનો તથા પોતાના સંબંધીઓને તેમણે આમંત્ર્યા. આ પ્રસંગે સૌને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થાય અને સૌનું કલ્યાણ થાય એવી તેમની ભાવના હતી. અનેક પ્રકારની વાનગીઓ તેમણે કરાવી. શ્રીહરિને આગ્રહ કરી ખૂબ જમાડ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સંતોને ખૂબ જમાડી તૃપ્ત કરી દીધા. હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા. પછી ભગા દોશીએ શ્રીહરિની પૂજા કરી. સંતોની પણ પૂજા કરી. અનેક પ્રકારની ભેટ આપી શ્રીહરિને રાજી કર્યા. બ્રહ્મમુનિ તથા મુક્તાનંદ સ્વામીએ કીર્તનગાન કર્યું. સ્વામિનારાયણ ભગવાન પાસે આવા ઉચ્ચ કલાકારો જોઈ સૌને તેમનો મહિમા સમજાયો.

સુરાખાચરના ભાવ પૂરા કર્યા

બીજે દિવસે શ્રીહરિ ત્યાંથી નીકળી લોયા નાગડકા પધાર્યા. સુરાખાચરને વચન આપ્યું હતું તે પાળ્યું. તેમનો મનોરથ પૂરો થયો. શ્રીહરિ ભાવ હોય ત્યાં જતા અને ધર્મ હોય ત્યાં રહેતા. સુરાખાચર મહાનિષ્કામી ભક્ત હતા. શ્રીહરિ તેમને જતિ કહેતા. શ્રીહરિ કહેતા કે નિષ્કામધર્મનું પ્રતિપાદન કરવા માટે જ હું પ્રગટ થયો છું. ભક્તના અંતરમાં નિષ્કામધર્મ હશે તો ભગવાન પ્રગટ થશે. મારા સંબંધથી, મારા બળથી, નિષ્કામધર્મ અંતરમાં દૃઢ થશે. પોતાનો સંબંધ ભક્તોના અંતરમાં દૃઢ કરાવવા સારુ જ શ્રીહરિ અખંડ વિચરણ કરતા. નવા મુમુક્ષુઓને ખોળતા, જૂનાને પોષતા અને એમ સત્સંગના સંસ્કાર દૃઢ કરતા. શ્રીહરિ જ્યાં જ્યાં વિચરતા ગયા ત્યાં એ ધર્મનાં બીજ વાવતા ગયા. તેમને એમાંથી મોટાં વૃક્ષ

બનાવવાં હતાં, નિષ્કામધર્મનો પાયો પૃથ્વી ઉપર દૃઢ નાખવો હતો.

શ્રીહરિએ અહીં પણ સમાધિ-પ્રકરણ વિસ્તાર્યું. પથરાળ મુલક, રસ્તાનું કોઈ ઠેકાણું નહિ, છતાં મહારાજ પધાર્યાના સમાચાર સાંભળી આજુબાજુનાં ગામડાંમાંથી લોકો મહારાજનાં દર્શને આવવા લાગ્યા. મહારાજે તેમને સમાધિમાં તેમના ઇષ્ટદેવનાં દર્શન કરાવ્યાં.

સ્વરૂપાનંદ સ્વામી પણ મહારાજ સાથે હતા. તેમને પણ અહીં સમાધિ થઈ. પ્રથમ માંગરોળમાં સમાધિ થઈ હતી ત્યારે મહારાજ ભગવાન છે. સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે એવી નિષ્ઠા થઈ હતી. આ વખતે મહારાજે તેમને કૃષ્ણને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ થતા બતાવ્યા અને પાછા લીન થતા બતાવ્યા. તેથી તેમને મહારાજ સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે એવો નિશ્ચય થયો.

શ્રીહરિ લોયા નાગડકાથી નીકળી ગઢપુર પધાર્યા. બાપુ એભલખાચર તથા જીવુબા, લાડુબા તથા સકળ પરિવાર શ્રીહરિના આગમનથી પ્રસન્ન થઈ ગયો. શ્રીહરિ પણ જાણે પોતાને મુકામે પધાર્યા હોય તેમ સ્વસ્થ થઈ ગયા.

ગઢપુરમાં બાપુ એભલખાચરના દરબારમાં મહારાજ રહેતા અને બાપુ જીવાખાચરના દરબારમાં પણ રહેતા. આમ, બંનેના પરિવારને અતોલ સુખ આપતા. જીવાખાચરની માગણીથી તેમને ત્યાં મુક્તાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામી તેમના મંડળ સાથે રહેતા. જીવાખાચર તેમની વાતો સાંભળતા. કોઈ કોઈ વખત મહારાજ પણ રાત્રે પધારતા અને મોડી રાત સુધી વાતો કરતા. બાપુ જીવાખાચરને રાજી રાખવા અને તેમને સત્સગના રગે રગવા મહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ આપતા, સેવાનો લાભ આપતા અને સંતોની કથાનો પણ લાભ લેવાનું કહેતા.

ગઢપુરમાં જન્માષ્ટમીનો મહોત્સવ : આ.સં. ૧૮૬૨

અહીં જન્માષ્ટમીનો ઉત્સવ દરબારગઢમાં જીવાખાચરના પુત્ર મૂળુખાચરનો જે ઓરડો હતો તેની ઓસરીમાં મહારાજે કર્યો. મોડી રાતે શ્રીકૃષ્ણનો જન્મ થતાં સુધી કથાવાર્તા અને કીર્તન-ભક્તિથી સૌને તૃપ્ત કરી દીધા. કૃષ્ણજન્મની આરતી થઈ. હરિભક્તો ભક્તિરસમાં તરબોળ થઈ ગયા. તેથી કેટલાકને સમાધિ થઈ. શ્રીહરિના પ્રૌઢ પ્રતાપથી બાપુ જીવાખાચરનો દરબાર ભક્તિરસથી ભરપૂર બની ગયો !

ગોદોહનમાત્ર જે એક સ્થળે રહ્યા નથી તે મહારાજ ગઢપુરમાં ત્યાંના

હરિભક્તોના પ્રેમને વશ થઈને રહ્યા. બાપુ એભલખાચર તથા તેમની પુત્રીઓના ભાવ, તેમની પ્રેમલક્ષણા ભક્તિ અને એ ઉપરાંત તેમના નિષ્કામધર્મના પાલનથી તેઓ અતિ પ્રસન્ન થઈ ગયા હતા. તેથી તેમને અહીં રહેવું ગમતું હતું. એભલખાચરના પુત્ર ઉત્તમકુમાર અર્થાત્ દાદાખાચરના પૂર્વના અતિ બલિષ્ટ સંસ્કાર પણ તે જાણતા હતા. તેમની પોતા પ્રત્યેની અપૂર્વ ભક્તિનું દર્શન તેમને કરવું હતું અને બીજા ભક્તોને પણ કરાવવું હતું. તેથી ઘણી વખત તો એમ લાગતું કે કેવળ દાદાખાચર અને તેમનાં બહેનો બાશ્રી જીવુબા તથા બાશ્રી લાડુબાની ભક્તિથી ખેંચાઈને જ પોતે પૂર્વમાંથી પશ્ચિમમાં પધાર્યા હતા. તેમના અંતરમાંથી ઊછળતાં અલૌકિક ભક્તિરસનાં પીયૂષ અન્યને પણ પાવાં હતાં.

જીવાખાચરના દરબારમા દસ દિવસ રહ્યા તે દરમ્યાન તેઓ બપોરે એભલખાચરના દરબારમાં પણ પધારતા. એભલખાચર દરબારમાં ઓછું રહેતા અને તેમની વાડી તથા બીડમાં ઘણુંખરું રહેતા. તેથી દરબારમાં કેવળ જીવુબા તથા લાડુબા જ શ્રીહરિની વાતો સાંભળતાં.

એભલખાચરને શ્રીહરિના સ્વરૂપમાં વિષ્ણુનાં દર્શન થાય છે

શ્રીહરિ આવી રીતે એકાંતમાં જીવુબા તથા લાડુબા સાથે બેસે છે તેમ લોકવાયકા શરૂ થઈ. બાપુ એભલખાચરના ભાયાતોએ આ પ્રસંગને અવળી રીતે વટાવવાનું ધાર્યું. તેઓ બાપુને મળવા બીડમાં જવા લાગ્યા. બીડમાં મહેફિલો થવા લાગી. દરબારગઢમાંથી રોટલા, દૂધ, દહીં, માખણ, શાક, રાઈતાં, અથાણાં, પાપડ વગેરે આવે અને આ ભાયાતો ભોળા બાપુની સરભરાનો લાભ લે.

એક વખત બાપુની ભોળપનો લાભ લઈ ભાયાતોએ મમરો મૂક્યો : "બાપુ ! તમે તો અહીં પડ્યા ને પાથર્યા રહો છો પણ દરબારગઢમાં શું થાય છે તે જાણો છો ?"

બાપુ આ સાંભળી ચમક્યા : "કેમ ભા, આવું અવળું બોલો છો ?" બાપુએ ભોળા ભાવે પૂછ્યું.

"અવળું નથી બાપુ ! પણ જુવાન દીકરીઓ અને ઉત્તર હિંદુસ્તાનમાંથી આવેલો જુવાન બાવો ભેળા બેસી ગોષ્ઠિ કરે, જેની નાત-જાત કોઈ ન જાણે, તેવા સાથે કાંઈ એકાંતમાં ગોષ્ઠિ હોય ? કોઈ વખત એબ લાગી જશે એબ." ભાયાતોએ બાપુના અંતરમાં વિષ રેડ્યું.

બાપુ આ સાંભળી વિચાર કરતા થઈ ગયા. કારિયાણીથી ધામધૂમ કરી

શ્રીહરિને લાવ્યા. અનેક વાર તેમને સમાધિમાં દિવ્ય દર્શન થયાં, તેમના સંબંધથી અંતરના મેલ ધોવાઈ ગયા, તે શ્રીહરિ સાક્ષાત્ પરમાત્મા છે અને આ તો કેવળ બાવા સમજે છે. વળી, દીકરીયું સાથે એકાંત કરે છે એવું અવળું બોલે છે.

બાપુને વિચાર કરતા જોઈ ભાયાતે ફરી કહ્યું : "આપણી કાઠીની દીકરીયુંને આવાં બેસણાં નો શોભે બાપુ ! ભલે લોકો એને ભગવાન માને પણ કોણ જોવા ગયું છે એની નાત, જાત, દેશ ? એ તો ભગવાનની ગાદી ખાલી પડી હોય એટલે સૌને ત્યાં બેસવાનું મન થઈ જાય. આવા કળિકાળમાં ભગવાન કેવા ?"

જેમ જેમ આ શબ્દો બાપુના અંતરમાં પેસતા ગયા, તેમ તેમ તેમનું મન ચકડોળે ચડતું ગયું. અંતરમાં રહેલા રજોગુણ, તમોગુણના ભાવ ઊછળતા ગયા. છતાં તેમનું અંતર શ્રીહરિ માટે આવા કોઈ સંકલ્પો કરવા તૈયાર ન હતું. પણ ભાયાતોએ તો આજ ખરેખરી માંડી હતી. તેમને બાપુના અંતરમાં વિષ પ્રસારી સહજાનંદનો કાંટો ગામમાંથી કાઢવો હતો : "બાપુ ! હવે બેઠા નો રે'વાય. ઈ તો એક ઘા ને બે કટકા. કાં ઈ બાવો નહિ કાં દીકરીયું નહિ."

અને બાપુના અંતરમાં ઝાળ લાગી. તેમણે ભેટે ઝૂલતી તલવારા જરા ઠીક કરતાં કહ્યું : "તમે સાચું ભણો છો ભા ! ખબર તો લેવી પડે." એટલું કહીને બાપુએ ખવાસને ઘોડી તૈયાર કરવા કહ્યું.

બાપુ ઘોડીએ ચડ્યા. તેમના અંતરમાં રોષની જ્વાળા પ્રસરતી ગઈ. અંતરમાં તમોગુણનો ભાવ સંપૂર્ણપણે પ્રગટ થવા લાગ્યો. શુદ્ધ ગુણાતીત સ્થિતિ ન થઈ હોય ત્યાં સુધી આવા કુસંગના સંબંધે રજોગુણ-તમોગુણના વેગ ઊપડે અને અંતરને ભ્રષ્ટ કરી નાખે. એભલ બાપુમાં અત્યારે કાંઈ પણ વિચાર કરવાની શક્તિ ન રહી.

એભલ બાપુ ધૂંવાંપૂવાં થતા દરબારગઢમાં આવ્યા. આજે તેમના મુખ ઉપરની રેખાઓ પલટાઈ ગઈ હતી. જે સદા સૌમ્ય અને સાત્ત્વિક હતા તે આજે રૌદ્ર બની ગયા. તેમણે ડેલીએ આવતાંવેંત જ દરવાનને પૂછ્યું : "કુંવરીઓ સાથે કોણ અત્યારે બેઠું છે ?"

તરત જ દરવાને હાથ જોડીને કહ્યું : "મહારાજ પધાર્યા છે અને દરબારમાં કથાવાર્તા થાય છે."

બાપુને ભાયાતોની વાત સાચી લાગી. તેમણે તરત જ તલવાર ઉપર હાથ નાખ્યો. દરવાનને કહ્યું : "જા, ખબર આપ કે બાપુ આવે છે." દરવાન ગભરાતો ગભરાતો દરબારમા ગયો.

દરબારમાં મહારાજ હિંડોળાખાટ ઉપર બિરાજ્યા હતા અને જીવુબા, લાડુબા તથા અન્ય સ્ત્રીઓ નીચે બેસીને મહારાજની વાતો સાંભળતી હતી. અચાનક દરવાન આવ્યો એટલે મહારાજે કહ્યું : "જીવુબા ! તમને દરવાન બોલાવે છે."

જીવુબા ઊઠીને દરવાન પાસે ગયાં. તેમણે ગભરાતાં ગભરાતાં કહ્યું : "બા, બાપુ પધાર્યા છે. મોઢું ફરી ગયું છે. મહારાજને કે તમને કાંઈક કરી બેસે એવી બીક લાગે છે."

જીવુબાને આ સાંભળી મૂંઝવણ થઈ. તેઓ મહારાજ પાસે આવ્યાં અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! બાપુના અંતરમાં કોઈએ ઝેર રેડ્યું લાગે છે. બીડમાંથી ખિજાયેલા આવ્યા છે. માટે આપ ડેલીએથી ન જતાં પાછલા રસ્તેથી હમણાં જ નીકળી જાઓ."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બા ! બાપુ અમને કાંઈ નહિ કરી શકે. અમે તો ડેલીએથી જ જાશું." એમ કહીને મહારાજ ઊઠ્યા અને જમણા હાથમાં રૂમાલ લઈ ચટકંતી ચાલે ડેલીએ આવ્યા. બાપુ એભલખાચર હાથમાં તલવાર લઈને તૈયાર જ ઊભા હતા. એક જ ઝાટકાની વાર હતી એવો તેમનો વેગ હતો. ત્યાં મહારાજ પધાર્યા. બાપુએ તલવાર ઉગામી, દરવાની બાપુનો હાથ પકડવા જાય છે ત્યાં તો બાપુનો જ હાથ સ્થિર થઈ ગયો ! તલવાર ઉગામેલી અદ્ધર જ રહી ગઈ અને બાપુને શ્રીહરિના સ્વરૂપમાં વિષ્ણુના ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થયાં ! શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી શ્રીહરિના મસ્તક ઉપર મણિમય મુગટ શોભે છે, કાનમાં મકરાકાર કુંડળ શોભી રહ્યાં છે, કંઠમાં કૌસ્તુભમણિ શોભે છે અને પીળું પીતાંબર ધારણ કર્યું છે. બાપુ આ દિવ્ય દર્શનથી સ્થિર થઈ ગયા ! તેમની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. તેમના હાથમાંથી તલવાર નીચે પડી ગઈ. તેમણે બે હાથ જોડી દીધા. બાપુનું આ પરિવર્તન દરવાન આશ્ચર્યવત્ બની જોઈ રહ્યો.

એભલ બાપુ મહારાજના પગમાં પડી ગયા. શ્રીહરિનાં ચરણારવિંદમાં તેમણે પોતાનું માથું મૂકી દીધું. ગદ્ગદ કંઠે બોલ્યા : "પ્રભુ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો. ભગવાન તમને જાણ્યા હતા, તમે અનુભવ પણ કરાવ્યો હતો છતાં મારું મન ભમી ગયું. મહારાજ ! મારા ગુના માફ કરો."

શ્રીહરિએ તેમને માથે બે હાથ મૂકી કહ્યું : "બાપુ ! તમારા બધા ગુના માફ. એ તો જ્યાં સુધી મન સ્થિર ન થાય, ત્યાં સુધી આવા ભાવો અંતરમાં ઊઠે

અને પાછા શમી જાય. પુરુષોત્તમમાં જોડાવામાં સંગ અનેક પ્રકારે અંતરાય કરે છે. માટે સંગ ઓળખી રાખવો.'' એટલું કહી મહારાજ ચાલવા લાગ્યા.

પણ બાપુએ મહારાજનો હાથ પકડ્યો : ''મહારાજ ! તમે નિરંતર મારા દરબારમાં રહો. મારો દીકરો દાદો અને મારી દીકરીયું અને હું અમે બધાં તમારાં છીએ.''

તેમનો ભાવ જોઈ મહારાજ ઊભા રહ્યા. તેમણે કહ્યું : ''બાપુ ! તમારો દીકરો દાદો તે અમારો છે અને તમારી દીકરીયું તે અમારી દીકરીયું છે. અમે તમારે ત્યાં અખંડ રહેવા માટે જ અહીં ગઢપુરમાં આવ્યા છીએ.''

મહારાજની આટલી વાત સાંભળી પણ બાપુને સંતોષ ન થયો. તેમણે ફરી કહ્યું : ''મહારાજ ! કારિયાણીના માંચાખાચરે મને તમારો મહિમા કહ્યો હતો પણ આજ હું ભૂલો પડ્યો. તમે મારી રક્ષા કરી. માટે મહારાજ મને માફ કરો. આ દરબારગઢ આખો તમારો છે માટે તમે મન ફાવે ત્યા રહો.''

મહારાજે બાપુ તરફ કરુણાર્દ્ર દૃષ્ટિએ જોયું. પછી કહ્યું : ''બાપુ ! આ દરબારગઢમાં પાછળ જે ઓરડી છે, જ્યાં અમે રહીએ છીએ તે જેવું બીજું કોઈ સ્થાન નથી. તેને અમે 'અક્ષર ઓરડી' કહીશું કાં જે અમારે રહેવાનું જે ધામ છે તે પણ અક્ષરધામ તરીકે ઓળખાય છે માટે ત્યાં જ રહેવું છે.''

આ સાંભળી એભલખાચરે કહ્યું : ''મહારાજ ! આજે હવે નહિ જવા દઉં. હાલો દરબારમાં.'' એમ કહી જ્યાં જીવુબા-લાડુબા હતાં, ત્યાં મહારાજને લઈને બાપુ આવ્યા. બને બહેનોના શ્વાસ તો અદ્ધર હતા. પરતુ બાપુને મહારાજનો હાથ પકડીને આવતા જોઈ બંને બહેનોને નિરાંત થઈ. મહારાજ હિંડોળાખાટ ઉપર બિરાજ્યા. બાપુ અને બહેનો નીચે બેસી ગયાં.

મહારાજે ધીરે રહીને કહ્યું : ''બાપુ ! સાંભળો. તમારાં દાદી રાણદે બાઈને આત્માનંદ સ્વામીના શિષ્ય મેનનાથે વર આપ્યો તેથી તમારો પરિવાર પાંગર્યો છે. તમારા દાદા કર્ણનો અવતાર હતા. તેમને કૃષ્ણનો પક્ષ ન હતો તેથી અસદ્ગતિ થઈ હતી. આત્માનંદ સ્વામીના સંબંધે તેમની સદ્ગતિ થઈ.''

એટલું કહીને શ્રીહરિ અટક્યા. પછી બોલ્યા : ''એભલ બાપુ ! મેનનાથજીએ કહ્યું હતું કે તમારા દાદા ઉન્નડ બાપુને જે પુત્ર તેમના આશીર્વાદથી થશે તે બાવાખાચર અને તેમના પુત્ર તમે પરીક્ષિતના અવતાર છો ! પરંતુ શ્રીકૃષ્ણના ચરિત્રમાં તમને સંશય થયો તેથી તમારે જન્મ લેવો પડ્યો. આજે હવે તમને મારો સંબંધ થયો છે તેથી તમારો મોક્ષ થશે પણ સંશય

કરવાનો સ્વભાવ હવે રાખશો નહિ. આ તમારી બે પુત્રીઓ તે રાધા અને લક્ષ્મીનો અવતાર છે અને તમારો પુત્ર ઉત્તમકુમાર એ નરઋષિનો અવતાર છે. તમારા તથા તમારા પરિવારના પૂર્વજન્મની વાત એટલા માટે કહી કે તમને હવે ભવિષ્યમાં કોઈની પણ વાત સાંભળીને ભ્રમ થાય નહિ. તમારાં આ પુત્ર અને પુત્રીઓ તમારે ઘેર જન્મ્યાં છે તે તમારાં અહોભાગ્ય છે. માટે એમને વિષે સદા દિવ્યભાવ રાખજો."

આ સાંભળી બાપુ એભલખાચર દિગ્મૂઢ થઈ ગયા. તે બે ઘડી શ્રીહરિના મુખારવિંદ સામું જોઈ રહ્યા. પુત્રીઓ બાપુનું આ પરિવર્તન જોઈ ખૂબ રાજી થઈ. થોડી વારે બાપુએ કહ્યું : "મહારાજ ! આપે કહી એ વાત શબ્દેશબ્દ સાચી છે. મારાં દાદી રાણદેમાએ પણ મને આ વાત કહી હતી પણ હું તે વખતે બધું ખોટું માનતો હતો. આપણા મનને રાજી રાખી ભગવાનમાં વાળવા માટેની આ બધી વાતું છે તેવું સમજતો. પણ આજે આપે મને એ જ વાત કહી. આપ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો તેથી આપનાથી કાંઈ અજાણ્યું હોય નહિ."

એભલખાચરના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. તેમને થયું કે ભાયાતો તો દ્વેષી છે તે ગમે તેમ બોલે પણ આપણે હવે મહારાજના સ્વરૂપમાંથી મન ચલાયમાન થવા દેવું નહિ.

શ્રીહરિની ઇચ્છાથી સંતોને પૂર્વજન્મની સ્મૃતિ થાય છે

આષાઢી સંવત ૧૮૬૨નો દશેરાનો ઉત્સવ કરી શ્રીહરિએ શરદપૂનમનો ઉત્સવ ધામધૂમથી કરવા ધાર્યું. શ્રીહરિએ બાપુ એભલખાચરને કહ્યું : "આપણે અહીં શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી કરવો છે."

બાપુએ તરત જ હાથ જોડી પૂછ્યું : "તે દી આપણે શું કરવાનું ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું "લાડુબાનો જે બાગ છે ત્યા શરદપૂર્ણિમાની રાત્રે ઠાકોરજીને સિંહાસનમાં પધરાવવા, ષોડશોપચારે સ્નાન કરાવવું પછી ઉન્મત્ત ગંગાનાં જળથી તેમને સ્નાન કરાવવું. પછી દૂધ-પૌંઆ ધરાવી આરતી કરાવવી. સંતો કીર્તનગાન કરશે."

આ બધું જીવુબા તથા લાડુબા બંને સાંભળી રહ્યાં હતાં. તેમનો ઉત્સાહ અનેરો હતો. દરબારમાં જેમ જેમ ઉત્સવો થાય તેમ તે બંને બહેનો રાજી. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આ જ દિવસે શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ સાથે રાસ રમ્યા હતા ને ? છ મહિનાની રાત્રિ કરી હતી ને ? એવું

સુખ અમને આપશો ?''

મહારાજ આ સાંભળી ગંભીર બની ગયા. તેમણે કહ્યું : ''સાંભળો, શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ સાથે રાસ રમ્યા હતા પરંતુ તે પ્રસંગનું આધ્યાત્મિક રહસ્ય કોઈ જાણતું નથી અને તે પ્રથાને વળગી રહી આજે લોકો એક કાન અને એક ગોપી બની રાસ લે છે અને એમાંથી ઘણો અનર્થ થાય છે. તેથી જ આપણે સ્ત્રીભાવથી કે પુરુષભાવથી ભક્તિ ન કરવી, પરંતુ બ્રહ્મભાવ સિદ્ધ કરીને જ ભગવાનની ભક્તિ કરવી. બ્રહ્મના સંગે એવો બ્રહ્મભાવ પમાય. તે માટે તો અમે અમારા અક્ષરધામને અમારી સાથે પૃથ્વી ઉપર લાવ્યા છીએ. શરદપૂનમે એ અક્ષરધામ પ્રગટ થયું છે તેથી આપણે એ અક્ષરને યાદ કરી, બ્રહ્મરૂપ થવાનો મનમાં ભાવ રાખીને તે ઉત્સવ ઊજવવો.''

જીવુબા તથા લાડુબા બંને સમજી ગયાં. તેમને લાગ્યું કે પુરાણમાં વર્ણવેલી ભગવાનની બધી જ લીલા અનુકરણીય નથી હોતી. કેટલીક ગેય એટલે કેવળ ગાવાની જ હોય છે. જે ધર્મમાંથી ચ્યુત કરે તેવી એક પણ પ્રથા શ્રીહરિને સ્થાપવી ન હતી. પોતે સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણ હતા. તેમની દૃષ્ટિમાં કોઈ સ્ત્રી અને પુરુષ એવો ભાવ હતો જ નહિ. છતાં લોકમાં પ્રવર્તાવવાની ભક્તિની રીત પણ તેમને શુદ્ધ ખપતી હતી. તેમાં સ્ત્રી-પુરુષની મર્યાદાનું બંધન તેમને દૃઢપણે રખાવવું હતું, કારણ કે અનધિકારી જીવો ભગવાનના આચરણનું રહસ્ય સમજ્યા સિવાય જો તેમની ચેષ્ટાનું અનુકરણ કરે તો તેમનું અધ:પતન જ થાય ! બંને બહેનોને શ્રીહરિની રુચિ સમજાઈ ગઈ.

શરદપૂર્ણિમાને દિવસે બાપુ એભલખાચરના દરબારમાં સવારથી જ ઉત્સવની તૈયારીઓ થવા લાગી. લાડુબાના બાગમાં મોટો મંડપ બંધાવા લાગ્યો. દૂધના દેગડા આવ્યા. પૌંઆના પણ ગંજ ખડકાયા. શ્રીહરિ નિત્યવિધિથી પરવારી આ બધી સામગ્રીઓ જોવા પધાર્યા.

સાંજ પડી અને તમામ તૈયારીઓ થઈ ગઈ. આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો પણ આવી ગયા. રાત્રે દશ વાગે શ્રીહરિ મંડપમાં પોતાને માટે ગોઠવી રાખેલા સિંહાસનમાં આવી બિરાજ્યા. સૌ સંતો-હરિભક્તો પણ આવી ગયા. જીવુબા જે બાળકૃષ્ણલાલની મૂર્તિ પૂજતાં હતાં તે મૂર્તિ ઠાકોરજી માટે તૈયાર કરેલ સિંહાસનમાં પધરાવી. પછી તે મૂર્તિને ષોડશોપચારે સ્નાન કરાવી, ઉન્મત્ત ગંગાનાં જળથી સ્નાન કરાવ્યું. આ પ્રસંગે મુક્તાનંદ તથા અન્ય સંતો અને મહાકવિઓનાં રચેલાં રાસોત્સવનાં પદોનું ગાન સંતો કરવા લાગ્યા.

લગભગ રાત્રિના બાર થયા એટલે શ્રીહરિએ બાલકૃષ્ણલાલને દૂધ-પૌંઆ ધરાવવાનું કહ્યું. દૂધ-પૌંઆનો થાળ ધરાવ્યો પછી શ્રીહરિએ બાલકૃષ્ણલાલની આરતી શરૂ કરી. સર્વત્ર જાણે બ્રહ્માનંદ છવાઈ ગયો હોય તેવો અનુભવ દરેકના અંતરમાં થયો. શુદ્ધ બ્રહ્મનો આનંદ આજે શ્રીહરિએ રેલાવ્યો.

પ્રસાદ વહેંચાયો અને સૌ ભક્તો ધીરે ધીરે સ્વસ્થાને જવા લાગ્યા. ફક્ત સંતો જ શ્રીહરિ પાસે રહ્યા. એ વખતે શરદની બ્રહ્મભીની રાત્રિમાં શ્રીહરિએ સંતોને કહ્યું : "તમો બધા કોઈ બ્રાહ્મણ, કોઈ ક્ષત્રિય કે કોઈ વૈશ્ય જાતિમાં જન્મી અહીં સાધુ થઈ અમારી પાસે રહ્યા છો. પરંતુ તમો જાણતા નથી કે તમે કેટલાં તીવ્ર તપ કરીને આ સંબંધને પામ્યા છો. તમારા પૂર્વજન્મનો વૃત્તાંત તમને આજે કહું છું તે એટલા માટે કે તમને આ સાધુના માર્ગમાં આવતી કઠિનાઈઓ, દુઃખ, તિરસ્કાર, નિંદા વગેરે વેઠવાં પડે તો ઢીલા ન પડી જાઓ. તમો પૂર્વજન્મમાં મરિચ્યાદિ ઋષિઓ હતા. પરંતુ દુર્વાસાના શાપથી તમારે અહીં આવવું પડ્યું છે. એ શાપ પણ મારી ઈચ્છાથી જ થયો હતો. કારણ તમારા તપથી, તમારા બ્રહ્મચર્યથી, તમારા ધર્મથી તમારા ઉપર પ્રસન્ન થઈ મારે તમને મારું અક્ષરધામ પમાડવું હતું. વળી, અહીં પણ અધર્મ વધ્યો હતો તેનો નાશ કરી પૃથ્વી ઉપર જે ભાગવતધર્મની સ્થાપના હજુ સુધી થઈ જ ન હતી, તેની સ્થાપના કરી મુમુક્ષુઓને શુદ્ધ એકાંતિક ધર્મ સિદ્ધ કરાવી મારી ભક્તિના અધિકારી બનાવવા હતા. આ હેતુઓ માટે હું આ પૃથ્વી ઉપર પ્રગટ થયો છું."

શ્રીહરિની આ વાત સાંભળી સર્વે સંતો પોતાને ખૂબ જ ધન્ય માનવા લાગ્યા. શ્રીહરિએ પણ તેમના ઉપર દૃષ્ટિ કરી. તેથી તેમને સૌને તેમના પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવી. સૌ પોતપોતાની સ્થિતિના ભાવમાં મસ્ત બની ગયા. શ્રીહરિએ તેમના સૌના મુખ ઉપરના ભાવો જોયા. પછી બોલ્યા : "સંતો ! સાંભળો ! તમને તમારા પૂર્વજન્મની સ્મૃતિ થઈ તેટલામાં જ આટલા બધા મસ્ત બની ગયા તો એ સ્થિતિ કાયમ રહે તો તમો કોઈને ગાંઠો પણ નહિ. અરે, આવેશમાં આવી જઈને જેમ આગળ અનેકને શાપ દઈ દીધા હતા એવું પણ કાંઈક કરી બેસો માટે એ સ્મૃતિ રહેવી એ તમારા હિતમાં નથી." એ પ્રમાણે શ્રીહરિએ કહ્યું અને તરત જ સંતોની સ્મરણશક્તિ પૂર્વજન્મ સુધી લાંબી થઈ ગઈ હતી તે તિરોહિત થઈ અને આ જન્મના ભાવ ઉપર આવી ગઈ !

આ પ્રકારે ગઢપુરમાં લાડુબાના બાગમાં શરદોત્સવ ઊજવાઈ ગયો !

દિવાળી અને અન્નકૂટના ઉત્સવો પણ શ્રીહરિએ ગઢપુરમાં[૫૬] જ કર્યા. પ્રબોધિની એકાદશીનો ઉત્સવ પણ ગઢપુરમાં કરવાનું નક્કી કર્યું. દેશદેશના હરિભક્તોને તેડાવ્યા. સંતો પણ આવ્યા. શ્રીહરિનાં દર્શનથી સૌ તૃપ્ત થઈ ગયા. વાતો સાંભળી અને અંતરમાં અપૂર્વ બળ આવી ગયું. ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચડી ગઈ. આ પરમપુરુષ પરમાત્માને પ્રસન્ન કરવા આ દેહે કરીને શું ન થાય એવો ભાવ સંતો-હરિભક્તોના મનમાં પ્રગટ થયો. પણ આ સંબંધ અખંડ રહેવો જોઈએ.

છેલ્લા દિવસે સભામાં સૌએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! અમારે ગામ પધારો તો અન્ય જીવોને પણ આપનાં દર્શન થાય. જે વૃદ્ધ છે, અશક્ત છે તે આપનાં દર્શન ઝંખે છે, અન્ય મુમુક્ષુઓ પણ આપના યોગમાં આવશે તો તેમનું પણ કલ્યાણ થશે."

મહારાજે તેમની વાત સાંભળી. સૌને કહ્યું : "તમો સૌ રાજી રહો. હું તમારા સૌના મનોરથ પૂર્ણ કરીશ."

✧

શ્રીહરિએ ગઢપુરથી નીકળી દેશ-પરદેશમાં વિચરણ કરવાનું નક્કી કર્યું. તે સાંભળી જીવુબા, લાડુબા, પાંચુબા, નાનીબા તથા બાપુ એભલખાચર, તેમનાં બંને પત્ની, સોમબા ફુઈ સૌ કચવાઈ ગયાં. તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમે તો સૌએ નિયમ લીધા છે કે આપનાં દર્શન કર્યાં વિના અન્નજળ ન લેવાં. તો આપ અહીંથી પધારી જાઓ ત્યારે અમારી શી વલે થાય ?"

શ્રીહરિ તેમનો પ્રેમભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે તેમને સમજાવતાં કહ્યું : "એભલ બાપુ ! તમારા સૌના પ્રેમના પાશથી હું સદાય તમારા બંધનમાં છું. 'ગઢડું મારું છે અને હું ગઢડાનો છું' એ કદી મટવાનું નથી. અહીંથી જઈશ તો પણ હરિભક્તોને રાજી કરી પાછો અહીં જ આવીશ. દેશમાં પ્રવર્તેલા અધર્મનો નાશ થશે તો જ સૌને સત્સંગ કરવાનું સુખ આવશે. માટે તમો સૌ ધીરજ રાખો."

શ્રીહરિની આ વાત સાંભળી છતાં કોઈને શાંતિ થઈ નહિ. એભલ બાપુ તો આ સાંભળી મૂર્છાવશ થઈ ગયા !

---

૫૬. અચ્યુતદાસજી કૃત 'પુરુષોત્તમલીલામૃત સુખસાગર'(અ. ૧૮)માં એવો ઉલ્લેખ છે કે આ.સં. ૧૮૬૨નો આ અન્નકૂટોત્સવ શ્રીહરિએ ભુંજમાં ઉજવ્યો હતો.

શ્રીહરિ એકદમ તેમની પાસે ગયા અને તેમની છાતીએ હાથ અડાડ્યો અને ધીરે રહીને તેમને બેઠા કર્યા. શ્રીહરિએ બાપુના શરીરે હાથ ફેરવતાં કહ્યું : "બાપુ ! તમે ધીરજ રાખો. હું નહિ જાઉં." શ્રીહરિના આ શબ્દો સાંભળી એભલ બાપુના જીવમાં જીવ આવ્યો. શ્રીહરિ ત્યાં જ સ્થિર થયા.

ઉત્સવ ઉપર આવેલાં સંતમંડળોને શ્રીહરિએ દેશ-પરદેશમાં ફરવા માટે મોકલી દીધાં. પોતે ગઢપુરમાં જ સ્થિર થઈને રહ્યા. શ્રીહરિએ વિચાર્યું કે કેવળ પ્રેમ છે તેમાં કોઈક વખત વિઘ્ન આવે પરંતુ જો પ્રેમ સાથે સમજણ-જ્ઞાન હોય તો ગમે તેવા દેશકાળમાં પણ વિઘ્ન કદી ન આવે. તેમણે જોયું કે બાપુ એભલખાચર અને તેમના સમગ્ર પરિવારને પોતાના માટે અનહદ પ્રેમ છે તેથી જ સૌ નિયમ લઈને બેઠા છે કે મહારાજનાં દર્શન વિના અન્નજળ ન લેવાં. સમજ્યા વિના આવી ટેક રાખે તો મારે અહીંથી નીકળવું શી રીતે ? તેથી મહારાજે તેમને ઉપદેશ આપતાં કહ્યું : "ભગવાન જીવોના કલ્યાણ અર્થે જ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. તેઓ તો ફક્ત સંકલ્પ જ કરે છે કે જ્ઞાની, અજ્ઞાની સૌ મને દેખો. તેથી જ્ઞાની છે તે તેમને દિવ્યભાવે સહિત દેખે છે, અજ્ઞાની છે તે કેવળ મનુષ્યરૂપે જ જુએ છે. એવી રીતે ભગવાનના સ્વરૂપને જે દિવ્ય જાણે છે તેનાં ઇન્દ્રિયો, અંતઃકરણ દિવ્ય થઈ જાય છે. ઇન્દ્રિયોની તમામ વૃત્તિઓ હૃદયાકાશમાં લીન થાય છે. પછી જે બહાર ભગવાન છે તે અંદર દેખાય છે. કાષ્ઠ, પાષાણની મૂર્તિઓમાં પણ એ જ ભગવાન દેખાય છે. આવી સમજણ જ્યારે થાય ત્યારે ભગવાન ગયા ન મનાય, પરોક્ષ ન મનાય."

શ્રીહરિ પ્રસંગે પ્રસંગે આવી વાતો કરતા, તે ફક્ત એક જ ઉદેશથી કે આ બધા પ્રેમી હરિભક્તોને પોતાની સ્થૂળ ગેરહાજરી સાલે નહિ. શ્રીહરિનો સમાગમ કરવા કરિયાણાથી દેહાખાચર પણ આવ્યા હતા.



ઉદ્‌ગીથ ૧૩

વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૬૨, ઈ.સ. ૧૮૦૫-૧૮૦૬)

એ વખતે ત્યાં એક પરદેશી સલાટ પથ્થરની બે મૂર્તિઓ લઈને આવ્યો. એક મૂર્તિ ભગવાન વાસુદેવની ચતુર્ભુજ સ્વરૂપ હતી. તે મોટી હતી. બીજી મૂર્તિ નાની હતી અને તે શેષશાયીનું સ્વરૂપ હતું. શ્રીહરિ આ બન્ને મૂર્તિઓ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "એ મોટી વાસુદેવની ચતુર્ભુજ મૂર્તિ છે તે અમારું સ્વરૂપ છે. માટે તેની અહીં પ્રતિષ્ઠા કરીશું જેથી તમને ક્યારેય પણ હું ગયો છું એવું ન મનાય."

બાપુ એભલખાચર અને તેમનો સકળ પરિવાર શ્રીહરિનાં આ વચનો સાંભળી ખૂબ જ રાજી થયો. શ્રીહરિએ ઉત્તરાદા બારના ઓરડામાં આ મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું વિચાર્યું. તેમણે બાપુ એભલખાચરને કહ્યું : "સારા વિદ્વાન જોષીને બોલાવો તો આપણે મુહૂર્ત જોવરાવીએ અને તે મુજબ પ્રતિષ્ઠાની તૈયારી કરાવીએ."

બાપુએ તરત જ રામચંદ્ર જોષીને બોલાવ્યા. શ્રીહરિએ તેમને મૂર્તિ-પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત કાઢી દેવા કહ્યું : "અહીં આપણે ફૂલદોલનો ઉત્સવ કરવો છે તેથી તે તિથિની આસપાસ મુહૂર્ત આવે તે પ્રમાણે જુઓ. આ પ્રતિષ્ઠાવિધિનો લાભ મળે તે માટે ઘણા હરિભક્તો તથા સંતો તે પ્રસંગે અહીં આવશે."

રામચંદ્ર જોષીએ તરત જ પંચાંગ કાઢી મુહૂર્ત જોવા માંડ્યું. તેની આંખનાં ચશ્માં નાકની દાંડી ઉપર આવી ગયાં. આંગળી વેઢા ગણતી સ્થિર થઈ ગઈ. મહારાજે તેમને પૂછ્યું : "જોષી ! કેમ મૂંઝાઈ ગયા ?"

જોષીએ હસીને કહ્યું : "આ બધા ગ્રહો કહે છે કે જેમને બેસવું છે તેમને જ પૂછોને. તે કહેશે તે દિવસે અમે બધા સાનુકૂળ થઈ જઈશું."

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જોષી ! તમે ખરી ડિંગ મારી. ગ્રહો તમારી સાથે વાતું કરવા માંડ્યા ?"

રામચંદ્ર જોષી ગાંજ્યા જાય એવા ન હતા. તેણે કહ્યું : "મહારાજ ! ગ્રહો કેમ વાતું ન કરે ? જ્યાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ સ્વયં મારી સાથે વાતું કરે છે તો પછી ગ્રહોનો શો ભાર કે વાતું ન કરે ? હું તો તેમને બોલાવી બોલાવીને કહી દઉં છું કે જો જો હો મેં મુહૂર્ત આપ્યું છે માટે ઠેકાણે રહેજો."

શ્રીહરિ તેમની આ વાત સાંભળી ખૂબ હસ્યા. મુખે રૂમાલ દઈ દીધો. એટલે એભલખાચરે કહ્યું : "હવે જોષી ! શ્રીહરિને પૂછીને કહી દે ને, એટલે અમે તૈયારીમાં પડીએ."

જોષીએ તરત જ કહ્યું : "મહારાજ ! ફાગણ વદિ ત્રીજનું મુહૂર્ત બરાબર છે. ફાગણ વદિ ત્રીજનું રાખો."

શ્રીહરિનો પ્રથમ મંદવાડ

શ્રીહરિ ગઢપુરથી થોડા કાઠી ભક્તોને લઈને રાત્રે નીકળ્યા. સાથે સૌ ચાલ્યા. પોષ મહિનાની સખત ઠંડી હતી. શ્રીહરિના સખાઓ અકળાતા હતા. પરંતુ શ્રીહરિની આજ્ઞા હતી. વહેલી સવારે સૌ અગત્રાઈ પહોંચી ગયા. પર્વતભાઈની નિરાવરણ સ્થિતિ હતી. શ્રીહરિની મૂર્તિને તેઓ ત્રણે અવસ્થામાં દેખતા હતા. તેથી તેમણે રાત્રે જ બધા હરિભક્તોને કહેવરાવી દીધું હતું કે કાલે સવારે શ્રીહરિ પધારશે. માટે આપણે સામૈયું કરવાનું છે. વહેલી સવારે ગામનું પાદર શરણાઈ અને ઢોલના સ્વરે ધમધમી ઊઠ્યું. શ્રીહરિને દૂરથી આવતા સૌએ જોયા અને અંતરમાં આનંદ છવાઈ ગયો.

શ્રીહરિ પાસે આવ્યા એટલે સૌએ દંડવત્ કર્યા. શ્રીહરિ પણ ઘોડી ઉપરથી ઊતરી સૌ ભક્તોને મળ્યા. શ્રીહરિ પર્વતભાઈને ઘેર વાજતે-ગાજતે પધાર્યા. શ્રીહરિ ઢોલિયા ઉપર બિરાજ્યા. સૌ હરિભક્તોએ શ્રીહરિના ચરણસ્પર્શ કર્યા. શેરડી અને ગોળ લાવ્યા. મહારાજે સૌને તે વહેંચી દીધાં. પછી શ્રીહરિ ઊઠ્યા અને પ્રાતઃવિધિથી પરવારી પાછા ઢોલિયા ઉપર બિરાજ્યા. પર્વતભાઈએ શ્રીહરિના ચરણ દૂધથી ધોયા. પોતે ચરણામૃત પીધું અને સૌને આપ્યું.

શ્રીહરિ માટે દૂધમાં ચોખ્ખી રસોઈ બનાવી હતી, તે થાળ જમવા શ્રીહરિ બિરાજ્યા. જમતાં જમતાં પર્વતભાઈનાં પત્ની સાથે શ્રીહરિ વાતો કરતા હતા. પર્વતભાઈ પાસે બેસીને શ્રીહરિને આગ્રહ કરી જમાડતા હતા. મહારાજ જમી રહ્યા. પછી થોડી વાતો કરી પોઢી ગયા. તે વખતે તેમણે કહ્યું હતું કે અમારે સાંજે ચાલવું છે. પરંતુ ગામના હરિભક્તોને મહારાજને રોકવાનો ભાવ હતો.

પર્વતભાઈને પણ ઇચ્છા તો એવી હતી પરંતુ મહારાજની મરજી જાણીને જ સદા તેઓ વર્તતા. તેથી તેઓ કાંઈ બોલ્યા નહિ. પણ તેમનો દીકરો મૂળજી મહારાજની ઘોડી લઈને વાડીએ બાંધી આવ્યો. મહારાજ ચાર વાગે ઊઠ્યા. પછી મુખારવિંદ ધોઈ જળ પીધું. પછી કહ્યું : ''ચાલો હવે ચાલીએ.'' એટલે મહારાજના સેવકે કહ્યું : ''મહારાજ ! આપણી ઘોડી તથા આપનો પોશાક જડતાં નથી.''

મહારાજે આ સાંભળી પર્વતભાઈ તરફ જોયું. તેમણે કહ્યું : ''અમારા મૂળજીનું તથા ગામના સત્સંગીઓનું આ કામ છે, માટે આપણે વાડીએ ચાલો.''

શ્રીહરિ ચાખડી પહેરી વાડીએ પધાર્યા. અહીં મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. પર્વતભાઈએ શેરડીના ભારા મંગાવ્યા. મહારાજને શેરડી સુધારી માદળિયાં કરી આપતા જાય અને મહારાજ જમતા જાય. ગોળ પણ મહારાજ જમ્યા. પર્વતભાઈના પ્રેમથી મહારાજ બંધાયા હતા. તેમને એકાએક સંકલ્પ થયો હતો – મહારાજના દર્શન કરવાનો, સેવા કરવાનો. મહારાજનાં પ્રત્યક્ષ દર્શન વિના અકળાઈ ગયા હતા. તેથી શ્રીહરિ ગઢપુરથી નીકળી તરત જ પધાર્યા હતા.

રાત્રે મહારાજ જમ્યા, સૌ હરિભક્તો જમ્યા અને પછી મહારાજે વાતો કરી. મોડી રાત્રે સૌ સૂઈ ગયા.

વહેલી સવારે મહારાજ ઊઠ્યા અને ધોળિયે આંબે નાહવા પધાર્યા. હરિભક્તો સૌ નદીમાં હેઠવાસ નાહ્યા. નાહીને મહારાજ ઉતારે આવ્યા. નિત્યવિધિ કરી પછી પર્વતભાઈને કહ્યું : ''રસોઈ વહેલી કરાવો અમારે આજે ચાલવું છે.''

મહારાજની આજ્ઞા પ્રમાણે બધી ગોઠવણ થઈ ગઈ. પર્વતભાઈએ બીજે દિવસે પણ મહારાજની સેવાનો લાભ લીધો. મહારાજ જમ્યા, ભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ ત્યાંથી નીકળ્યા. શ્રીહરિ ગામને પાદર ગયા અને ઘોડીએ તોફાન આદર્યું. મહારાજે ઘોડીનું ચોકડું જોરથી પકડી રાખ્યું હતું. છતાં ઘોડી બબ્બે ત્રણ ત્રણ વાર ઝાડ થઈ ગઈ. મહારાજ એ વખતે ઊતરવા જતા હતા ત્યાં ઘોડી ફરી ઝાડ થઈ અને મહારાજ નીચે પડ્યા. જમણા પગનું હાડકું ભાંગી ગયું. મહારાજને ઝોળીમાં સુવાડી પર્વતભાઈને ઘેર લાવ્યા.[૫૭]

---

૫૭. *મોર્યે આવ્યા'તા દુ:ખ મહા અરિ રે, રાખ્યું તન તેમાંથી દયા કરી રે,*
સંવત અઢાર એકસઠ્યો જાણો રે, પોષ સુદિ પૂનમ પ્રમાણો રે;
તે દિ અગત્રાઈ માંહી અંગે રે, આવ્યું'તું દુ:ખ અશ્વ પ્રસંગે રે,
તેમાંથી મોરે રાખિયું તન રે, તે પણ દયા આણી જીવન રે,
– ભક્તચિંતામણિ; પ્રક. ૧૬૧/૨૨-૨૩

પર્વતભાઈએ તરત જ મુસલમાન વાળંદને બોલાવ્યો. વાળંદ આવ્યો અને તેણે મહારાજના પગનું હાડકું બેસાડી પાટો બાંધી દીધો. પછી જતાં જતાં તેણે કહ્યું : ''દહીં, છાશ કે ખટાશ ખાવા આપશો નહિ.''

પર્વતભાઈએ સૂચના સમજી લીધી. ત્રણ-ચાર દિવસ મહારાજને પગે ખૂબ જ પીડા રહી. શ્રીહરિ પણ બોલતા કે ''હવે દેહ નહિ રહે.'' પરંતુ પર્વતભાઈની તથા અન્ય સત્સંગીઓની પ્રાર્થનાથી મહારાજે તે મંદવાડ છોડ્યો.

આઠમે દિવસે મહારાજે સવારે ઊઠીને દહીં માગ્યું. પર્વતભાઈએ કહ્યું : ''દહીં ન ખવાય, વાળંદે ના કહી છે. આજે પાટો બાંધવા આવવાનો છે.''

મહારાજે હઠ લીધી : ''મારે દહીં જ ખાવું છે.''

છેવટે મહારાજને દહીં આપ્યું. મહારાજ દહીં જમતા હતા અને વાળંદ આવ્યો. મહારાજને દહીં જમતા જોઈને તે ખીજાયો. તેણે કહ્યું : ''આને તમે ભગવાન કહો છો ?'' મહારાજ તે સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''તું પાટો તો છોડ. જો તો ખરો કે શું થયું છે ?'' વાળંદે બબડતાં બબડતાં પાટો છોડ્યો. તેણે મહારાજનો પગ હલાવ્યો. તેને આશ્ચર્ય થયું કે આ શું ? આ તો જાણે કાંઈ વાગ્યું જ નથી ! મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી. તેને સમાધિ થઈ તેમાં તેણે એક લાખ અને અઠ્યાસી હજાર પેગંબરોને મહારાજની સ્તુતિ કરતા જોયા. તરત જ તે મહારાજના પગમાં પડી ગયો : ''મહારાજ ! તમે ભગવાન સાચા.''

મહારાજ હસ્યા. મહારાજે રાજી થઈ તેને પોતાનો પાઘ, અંગરખું અને ખેસ ભેટ આપ્યાં. પર્વતભાઈને મહારાજે કહ્યું : ''તમારી અરજી સાંભળી દેહ રાખ્યો છે. તમને તમારા સંકલ્પ પ્રમાણે સેવા મળી. હવે અમને ગઢપુર જવા દ્યો.''

પર્વતભાઈએ મહારાજને પૂછ્યું : ''મહારાજ ! ઘોડીએ જશો કે ગાડું જોડાવું.''

મહારાજ કહે : ''ઘોડી ઉપર જ. તે વખતે તો અઘાસુરનો મિત્ર તેનું વેર લેવા આવ્યો હતો અને તેણે ઘોડીમાં પ્રવેશ કરી તેનું વેર લીધું. હવે કાંઈ વાંધો નથી.'' એમ કહી મહારાજ ત્યાંથી નીકળ્યા અને ગઢપુર પધાર્યા.[૫૮]

લોયામાં વસંતનો ઉત્સવ

શ્રીહરિએ સૌને વાસુદેવનારાયણની પ્રતિષ્ઠાના ઉત્સવની તૈયારીમાં

---

૫૮. ભક્તચિંતામણિમાં આ પ્રસંગ સં. ૧૮૬૧ના પોષી પૂનમનો આલેખેલો છે. પરંતુ તે સમયે મહારાજ પ્રબોધિનીનો ઉત્સવ કરી સતત ચાર માસ કારિયાણીમાં જ બિરાજ્યા હતા. અન્ય ગ્રંથોમાં સં. ૧૮૬૨ની સાલમાં પ્રથમ મંદવાડનો ઉલ્લેખ છે.

ગોઠવી દીધા. તે દિવસે લોયાથી સુરાખાચર આવ્યા હતા. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! લોયા પધારો. વસંતનો ઉત્સવ ત્યાં કરો.''

મહારાજે એભલ બાપુ સામું જોયું. બાપુએ તરત જ કહ્યું : ''મહારાજ ! સુરાને રાજી કરો. અમે તો હવે આપની આજ્ઞા પ્રમાણે આ ઉત્સવની તૈયારી કરીશું.'' મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''મને સંભારજો. એ મારાં દર્શન બરોબર છે.''

જીવુબાએ તરત જ કહ્યું : ''મહારાજ ! સંભારવાનું ક્યાં છે, જીવમાં જ આપ બિરાજ્યા છો એટલે ત્રણે અવસ્થામાં આપના સિવાય બીજું કાંઈ નજરમાં આવતું નથી.''

શ્રીહરિ સુરાખાચર સાથે લોયા પધાર્યા. સાથે સંતમંડળમાં મુખ્ય મુક્તાનંદ સ્વામી હતા. અન્ય હરિભક્તો જે ગઢપુરમાં હતા તે પણ બધા શ્રીહરિ સાથે લોયા પધાર્યા. લોયામાં સુરાખાચરે પૂર્વ તૈયારી જબરી કરી રાખી હતી. આખું ગામ ધજા-પતાકા તથા આસોપાલવનાં તોરણોથી શણગાર્યું હતું. રસ્તા વાળીને પાણીનો છંટકાવ કરી સ્વચ્છ કર્યા હતા. પ્રવેશદ્વારમાં સુંદર કમાનો કરી સુશોભિત દરવાજા કર્યા હતા. રંગોળી અને સાથિયાથી દરેક ઘર શોભતું હતું. સુરાખાચરના ભાયાતો તથા અન્ય ભક્તો શ્રીહરિનું સામૈયું કરવા આવ્યા. શ્રીહરિ નગરમાં પધાર્યા.

શ્રીહરિ સુરાખાચરના દરબારમાં પધાર્યા. મુખપ્રક્ષાલન કરી હિંડોળાખાટ ઉપર બિરાજ્યા. શ્રીહરિ લોયા પધારવાના છે તેવા સમાચાર અગાઉથી સુરાખાચરે પોતાના સ્નેહીઓને મોકલી દીધા હતા. તેથી આ પ્રસંગે મછિયાવના રાજા બાપુભાઈ ત્યાં આવ્યા. સાણંદથી પણ ભાયાતો આવ્યા. દદુકાથી ત્યાંના દરબાર જીજીભાઈ આવ્યા. દેવળિયાથી જાલમસિંહ બાપુ પધાર્યા. મેથાણના દરબાર પૂજાભાઈ તથા કાકાભાઈ પણ આવ્યા. તાવીના રાજા અખાભાઈ પણ આવ્યા. આમ, લોયામાં હરિભક્તોનો સમૂહ આવી ગયો. નદીના કિનારે તંબુ, રાવટીઓ વગેરે નાખી દીધા. સૌ મહેમાનો માટે દરેક પ્રકારની સગવડ સુરાખાચરે કરી દીધી.

સુરાખાચરના પત્ની શાંતિબા પરમ ભાવિક ભક્ત હતા. તેમણે મહેમાનોની સરભરા સારી રીતે થાય, રસોઈ વગેરે અનેક પ્રકારની થાય તે માટે અગાઉથી તૈયારી કરી રાખી હતી. શ્રીહરિએ તેમને પૂછ્યું : ''શાંતિબા ! આટલી બધી તૈયારી તમે ક્યારે કરી ? અમારે તો આવવું હતું જ નહિ. સુરા

ભક્ત ગઢપુર આવ્યા અને એભલ બાપુએ રજા આપી ત્યારે અવાયું."

શાંતિબાએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! તમે અંતરમાં સંદેશો આપી ગયા તેથી આ બધી તૈયારી કરી દીધી." મહારાજ તેમની પોતામય વૃત્તિ જોઈ પ્રસન્ન થયા.

સુરાખાચરને મહારાજ સાથે સખાભાવ હતો. મહારાજ તેમને જોઈને હસતા, તેમની વાત સાંભળીને હસતા, તેમની માથાની પાઘ જોઈને હસતા અને તેમના સ્થૂળ શરીરની ફાંદ જોઈને હસતા. સુરાખાચર પણ મહારાજને કહેતા : "મહારાજ ! અમને જ્યારે અશાંતિ થાય, ત્યારે તમને સંભારીએ છીએ અને અંતરમાં શાંતિ થઈ જાય છે; તેમ તમે ઉદાસ થાઓ ત્યારે મને સંભારજો, મારી પાઘને, મારી ફાંદને સંભારજો, તમારી ઉદાસીનતા તરત ટળી જશે." મહારાજ આ સાંભળી ખૂબ હસતા.

થોડી વાર થઈ અને મુકુન્દ બ્રહ્મચારી મહારાજ પાસે આવ્યા અને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે, જમવા પધારો."

મહારાજ તરત જ ઊઠ્યા. મહારાજને બ્રહ્મચારીએ સ્વચ્છ ગાળેલું પાણી આપ્યું. મહારાજે હાથ, પગ, મોં ધોયાં. બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો. મહારાજે હાથ-પગ લૂછી પીતાંબર પહેર્યું અને જમવા પધાર્યા. થાળમાં અનેક પ્રકારની વાનગીઓ જોઈ મહારાજે સુરાખાચરને પૂછ્યું : "આ કોનો થાળ છે ?"

તે સાંભળી સુરાખાચરે તેના ભાઈ નાથાખાચર તથા બે પૌત્ર કાળો અને માણસિયો તથા બીજા પુત્ર હાથિયાખાચર અને તેના પુત્રો રાણો અને ડોસો એમ બધાને મહારાજ પાસે બોલાવ્યા. પછી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! આ બધાએ નક્કી કરીને આપને માટે થાળ તૈયાર કરાવ્યો છે, તેમાં કાંઈ ઓછું પડ્યું હોય તો ઠપકો તેમને આપજો અને આપની ઇચ્છા પ્રમાણે થયું હોય તો પ્રસાદી મને આપજો." આ સાંભળી મહારાજ હસ્યા.

મહારાજ થાળની તમામ વાનગીઓ સૂક્ષ્મ સૂક્ષ્મ જમ્યા અને પછી થાળની પ્રસાદી સુરાખાચરના પરિવારને આપી. ત્યારે સુરાખાચર બોલ્યા : "મહારાજ ! રસોઈ કોની છે તે મેં બતાવ્યું. તેના જશમાં તો મને કાંઈક આપવું'તું !" મહારાજે પ્રસન્ન થઈ તેમને પણ પ્રસાદી આપી.

એટલામાં તો ગામેગામથી મહારાજનાં દર્શન સારુ હરિભક્તો આવવા લાગ્યા. બોટાદથી વિપ્ર જેઠા ભટ્ટ, કરસનજી, લીંબડીના વિપ્ર નરભેરામ આચાર્ય, ગોપાળજી તથા વઢવાણના વિપ્ર લાધા - જેમણે શ્રીહરિની જન્મ

પત્રિકા બનાવેલ તેમજ બેચરભાઈ તથા કૃષ્ણજી બંને ભાઈઓ - જેમણે શ્રીહરિને તુલસીકૃત રામાયણની કથા કરી પ્રસન્ન કર્યા હતા તથા અન્ય બ્રાહ્મણ મંડળી - તે બધા બ્રાહ્મણો ત્યાં આવ્યા. પોતાને ત્યાંથી શ્રીહરિને ધરાવવા અનેક પ્રકારની વાનગીઓ તેઓ લાવ્યા હતા તે શ્રીહરિ સન્મુખ તેમણે મૂકી.

શ્રીહરિ બ્રાહ્મણોએ લાવેલા થાળ જોઈ પ્રસન્ન થયા. પોતે જમી રહ્યા હતા પરંતુ સંતો જમવા બેઠા હતા તેમને શ્રીહરિ થાળમાંથી પીરસવા લાગ્યા. બ્રાહ્મણો પણ રાજી થયા કે મહારાજે આપણા થાળ દૃષ્ટિ પ્રસાદી કરી અંગીકાર કર્યા અને હવે પોતાના વહાલા સંતોને તેમાંથી જ પીરસે છે. સંતો પીરસેલી ભોજનની વાનગીઓમાં પાણી નાંખી તેને નિરસ બનાવી કેવળ હરિરસનો સ્વાદ લેવા લાગ્યા. સંતોની જમવાની આ નવીન રીત જોઈ ત્યાં આવેલા સર્વ રાજાઓ પણ આશ્ચર્ય પામ્યા.

બીજે દિવસે વસંતપંચમી હતી. શ્રીહરિએ સુરાખાચરને બોલાવી કહ્યું : "આવતી કાલે વસંતપંચમી છે માટે કેસૂડાનો રંગ બનાવો. હરિજનો જે દેશાંતરથી આવ્યા છે તે બધા ફગવા લાવ્યા છે. ગુલાલ તમારે મંગાવવાનો છે."

ત્યારે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! બધી તૈયારી કરી દીધી છે. હવે તે સિવાય વસંતનું પૂજન કરવા શું સામગ્રી જોઈએ તે કહો."

ત્યારે શ્રીહરિએ કહ્યું : "તમારા દરબારગઢમાં મંડપ બંધાવો. મંડપની વચ્ચે વેદિકા બનાવી તે ઉપર રંગોળી કરાવો. અષ્ટદળ કમળ ચીતરાવજો. તે ઉપર સુવર્ણ કળશ, તેમાં આંબાનો મોર, દુર્વાનાં પાન વગેરે નાંખી ઉપર શ્રીફળ ગોઠવી પધરાવજો. તે કળશનું પૂજન કરી વસંતનો ઉત્સવ શરૂ કરીશું."

શ્રીહરિની સૂચના અનુસાર વસંતપંચમીના દિવસે તમામ તૈયારીઓ થઈ ગઈ. સંતો વસંત આવી તે વધાઈનાં કીર્તનો ગાવા લાગ્યા. એટલામાં શ્રીહરિ મંડપમાં પધાર્યા અને સૌનાં અંતર વસંતના આગમનથી પાંગર્યાં. ફગવા અને ગુલાલ ત્યાં આવી ગયા. સંતો મુક્તાનંદ સ્વામી રચિત વસંતનું પદ :

સબ ઋતુરાજ વસત હૈ, માર્યા શ્રીહરિ અંબ;
વિરહી કોકીલ સ્વર કરે, દૂલે સંત કદબ.
પુરુષોત્તમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસત;
જાઈ, ચમેલી, માલતી, કેસુ કેલે સંત.

ઝાંઝ, પખવાજ અને મૃદંગ સાથે ગાવા લાગ્યા. જાણે વસંત પાંગરી હોય તેવું આહ્‌લાદક વાતાવરણ બની ગયું. પછી વસંતનું પૂજન કર્યું અને શ્રીહરિએ

હાથમાં પિચકારી લઈ વસંતોત્સવની શરૂઆત કરી.[૫૯]

શ્રીહરિ રાજાઓ ઉપર રંગની પિચકારી ભરી ભરી નાંખવા લાગ્યા, ગુલાલ પણ મૂઠી ભરી ભરી ફેંકવા લાગ્યા અને હરિભક્તો તથા સંતો પણ શ્રીહરિ સાથે રંગે રમવા લાગ્યા. હરિભક્તો અને સંતોના એક સામટા હલ્લાથી શ્રીહરિ અકળાયા. તેમણે કહ્યું : "રમવાની આ રીત નથી. તમે આટલા બધા અને હું એકલો ! માટે હવે તો રંગનાં માટલાં બધાં મારી પાસે લાવો અને તમે બધા બેસી જાઓ."

શ્રીહરિની સૂચના પ્રમાણે વ્યવસ્થા કરી આનંદ મુનિ શ્રીહરિને રંગની કુંડીઓ ભરીને આપતા હતા અને શ્રીહરિ સૌ સભાજન ઉપર રંગની પિચકારીઓ નાંખતા હતા. ગુલાલ પણ નાંખતા હતા. આવા દિવ્ય દર્શનનો લાભ લેવા, તેમાં ભાગ લેવા, શ્રીહરિના રંગે રંગાવા, દેવો પણ અંતરિક્ષમાંથી ત્યાં આવી ગયા. શ્રીહરિએ સૌને રસબસ કરી દીધા. ગુલાલ અને કેસૂડાના રંગે રંગાઈને આખી સભા જાણે ફૂલોથી લચી પડતા બાગની જેમ શોભવા લાગી.

પછી શ્રીહરિએ કહ્યું : "ચાલો હવે નાહવા." એમ કહી પોતે અશ્વ તૈયાર હતો તે ઉપર બિરાજ્યા. કાઠી ભક્તોએ પણ ઘોડીઓ લીધી. કોઈએ તાજણ તો કોઈએ કેસર, કોઈએ ફૂલમાળ, કોઈએ બોદલી, બેરી, વીંછણ, પંખાળી, હરણી, હંસલી વગેરે શણગારી શ્રીહરિની સાથે સૌ નીકળ્યા. અષ્ટ આવરણથી પર એવા અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આજે કાઠીઓ સાથે કાઠી જેવા બની ગયા હતા. લોકો તેમને કાઠીયા ભગવાન પણ કહેતા.

ભાદર નદીમાં સૌએ સ્નાન કર્યું. શ્રીહરિએ સંતો, ભક્તો સાથે જળક્રીડા કરી. સૌને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપી દીધું. આ મૂર્તિની સ્મૃતિ અંતરમાં રહે એ જ સાધન સર્વ સાધન કરતાં વિશેષ કહેવાય. શ્રીહરિ ઉત્સવોના નિર્દોષ આનંદમાં પ્રભુભક્તિની મિલાવટ કરી દેતા. તેમણે ઉત્સવોનું રહસ્ય સમજાવી, ઉત્સવોની ઉજવણીનો એક નવીન ચીલો શરૂ કરી દીધો.

---

૫૯. શ્રીહરિચરિત્રામૃતસાગરમાં આ ઉત્સવ નાગડકામાં આ.સં. ૧૮૬૦ના કર્યો એમ ઉલ્લેખ છે. (પૂર-૪, તરંગ-૫૪). પરંતુ તે વખતે તો શ્રીહરિ ભાદરામાં હતા એટલે આ.સં. ૧૮૬૦ની વસંતપંચમી નાગડકામાં કરી એ ઉલ્લેખ યોગ્ય લાગતો નથી. વળી પૂર-૭, તરંગ-૩૦માં આ.સં. ૧૮૬૨ની વસંતપંચમી મેથાણમાં કરી એમ લખ્યું છે. ત્યારબાદ શ્રીહરિ ઊંઝા, સિદ્ધપુર ફરી ઊંઝા થઈને ફરતાં ફરતાં અમદાવાદ થઈ ગઢડા પધારે છે.

નાહીને શ્રીહરિએ સફેદ વસ્ત્રો ધારણ કર્યાં, પછી સંઘ સાથે ઉતારે પધાર્યા. અહીં રસોઈ તૈયાર થઈ ગઈ હતી. શ્રીહરિ તરત જ જમવા પધાર્યા. ભાતભાતની વાનગીઓ બનાવી હતી. શ્રીહરિ પણ ભાવથી જમ્યા. પ્રસાદી સુરાખાચરને આપી. પછી પોતે મંડપમાં જમવા બેઠેલા સંતો તથા રાજાઓને પીરસવા પધાર્યા. સૌને સારી પેઠે જમાડી તૃપ્ત કરી દીધા. જમ્યા પછી શ્રીહરિ ઢોલિયા ઉપર બિરાજ્યા. થોડાં ઉપદેશ વચનો કહ્યાં પછી સૌ હરિભક્તોને આજ્ઞા કરી કે ''હવે સૌ સૌને ઘેર જાઓ અને આવી શકાય તો સિદ્ધપુરમાં મહા વદિ ચૌદશનો સમૈયો રાખ્યો છે ત્યાં આવજો, નહિ તો ફૂલદોલના ઉત્સવ ઉપર સૌ ગઢપુર આવજો. ત્યાં ફાગણ વદિ તૃતીયાના દિવસે વાસુદેવનારાયણની મૂર્તિપ્રતિષ્ઠા પણ કરવાની છે તો તે પ્રસંગે સૌ ફરી લાભ લેવા આવજો.''

મહારાજ લોયાથી નીકળ્યા અને પોતાની સાથેના પાર્ષદોને તથા સંતોને કહ્યું : ''આપણે મેથાણ જવુ છે. ત્યા જીજીબા અમને યાદ કરે છે. માટે સૌ અમારી સાથે મેથાણ ચાલો.'' એમ કહીને પોતે મેથાણનો માર્ગ પકડ્યો.

મેથાણમાં જીજીબાએ વહેલી સવારમાં ઊઠીને પૂજાભાઈ તથા કાકાભાઈને કહ્યું : ''મહારાજ અહીં પધારતા હોય એવાં મને દર્શન રાત્રે થયાં. માટે તમે ઘોડી લઈને સામે જાઓ.'' કાકાભાઈ તરત જ તૈયાર થઈ ગયા.

સૂર્યોદય થવાને થોડી વાર હતી અને કાકાભાઈએ ઘોડો પૂરપાટ દોડતો સામેથી આવતો જોયો. તેમને થયું કે ''જરૂર મહારાજ જ લાગે છે.'' તેમણે પણ ઘોડો દોડાવ્યો અને થોડી વારમાં ભેટંભેટા થઈ ગયા. ઘોડા ઉપરથી ઊતરી કાકાભાઈ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ પણ રોઝા ઘોડા ઉપરથી ઊતરી ગયા અને કાકાભાઈને દંડવત્ કરતા જોઈ એકાએક બોલ્યા : ''અહો કાકાભાઈ ! તમે અત્યારે આંહીં ક્યાંથી ?''

આ સાંભળી કાકાભાઈ હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ જીજીબાને કાલે રાત્રે સંદેશો આપી ગયા એટલે તેમણે અમને તમારી સામે મોકલ્યા.''

મહારાજ પણ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''જીજીબા ઝંખતાં હશે.''

''હા, મહારાજ ! રાત-દિવસ આપનાં દર્શનની ઝંખના કર્યાં જ કરે છે,'' કાકાભાઈએ તરત જ કહ્યું. જીજીબાની મહારાજ પ્રત્યેની ભક્તિ અને મહારાજની ભક્તવત્સલતા આ પ્રસંગથી કાકાભાઈ સમજી ગયા.

થોડી વારમાં તો પાર્ષદો, કાઠી હરિભક્તો, સંતો વગેરે આવવા લાગ્યા.

ગામના હરિભક્તોએ મહારાજનું સામૈયું ધામધૂમથી કર્યું. મહારાજ

પૂજાભાઈને તથા કાકાભાઈને ઘેર પધાર્યા. જીજીબા મહારાજનાં દર્શન કરી બહુ જ રાજી થઈ ગયાં. અંતરમાં શાંતિ થઈ ગઈ. તેમને થયું કે અંતર્યામીએ અંતરનો સાદ સાંભળ્યો. મહારાજને ખૂબ જ પ્રેમથી થાળ કરી તેમને જમાડ્યા. સાથેના સંતો, હરિભક્તોને પણ ઉત્તમ પ્રકારની રસોઈ કરી જમાડ્યા.

સિદ્ધપુરનો સમૈયો

પછી મહારાજે જીજીબાને કહ્યું : "જીજીબા ! અમારે અત્યારે જ નીકળવું છે. અહીંથી સિદ્ધપુર જવું છે. ત્યાં યજ્ઞ કરવો છે. હજારો ભક્તો ત્યાં આવશે. માટે અમને રજા આપો. આ પૂજાભાઈ તથા કાકાભાઈને પણ અમારી સાથે લઈ જવા છે."

જીજીબા આ સાંભળી રહ્યાં. તેમની આંખોમાં આંસુ હતાં. તેમણે બે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! મારી પ્રાર્થના સાંભળીને આપ પધાર્યા. મારો મનોરથ પૂરો કર્યો. એ રીતે બીજા પણ ભક્તોના સંકલ્પો હશે ને ? એટલે મારાથી આપને કેમ રોકાવાનું કહેવાય ? આપ તો કેવળ ભક્તોના મનોરથો પૂરા કરવા જ વિચરણ કરો છો. આપના દિવ્ય કર્તવ્યની આડે મારાથી કેમ અવાય ?"

મહારાજ જીજીબાનો ભાવ જોઈ પ્રસન્ન થયા. કાઠી દરબારોને તેમણે કહ્યું : "હવે આપણે સિદ્ધપુર જવું છે. ત્યાં મોટો યજ્ઞ કરવો છે."

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! ગઢપુરમાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કરવાની છે ને ?"

"હા, પણ તે તો ફાગણ વદિમાં છે. આ ઉત્સવ પૂરો કરીને આપણે ગઢપુર પહોંચી જઈશું. ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરીશું અને પછી વાસુદેવ-નારાયણની પ્રતિષ્ઠા પણ કરીશું," મહારાજે કહ્યું. મહારાજની અકળ રીતમાં કોઈને સમજ ન પડી.

મહારાજ મેથાણથી નીકળ્યા અને ખેરવા, રામગ્રી થઈને વીરમગામ પધાર્યા. અહીં તળાવમાં સ્નાન કરી રામપરા પધાર્યા. ત્યાંથી સીધા સિદ્ધપુર સં. ૧૮૬૨ના મહા વદિ ૧૩ના દિવસે પધાર્યા.

અહીં સરસ્વતીને કાંઠે આંબલીઓની ઘટામાં મહારાજ ઊતર્યા. પાર્ષદો તથા કાઠી ભક્તોએ પણ મહારાજની આજુબાજુમાં જ ઉતારો કર્યો. મહારાજને એક ક્ષણ પણ એકલા મૂકવા તેઓ ઇચ્છતા ન હતા તેથી સાથે ને સાથે જ રહેતા. મહારાજે સરસ્વતીમાં સ્નાન કર્યું એટલામાં બ્રહ્મચારીએ થાળ તૈયાર કરી

દીધો. મહારાજ જમ્યા પછી સંત-પાર્ષદોને પોતે પીરસીને જમાડ્યા.

શિવરાત્રિને દિવસે મહારાજ વડેશ્વર મહાદેવનાં દર્શન કરવા પધાર્યા. વડેશ્વર મહાદેવનાં દર્શન કરીને મહારાજ સંતમંડળ સાથે વાજતે-ગાજતે ઉતારે પધાર્યા. ઉતારે પણ બ્રાહ્મણો આવ્યા. તેમને મહારાજે ત્રાંબાના લોટા દાનમાં આપ્યા. મહારાજે અહીં બ્રાહ્મણોને જમાડવાનું નક્કી કર્યું. અગાઉથી મહારાજે હરિભક્તોને કંકોત્રીઓ લખી હતી. એટલે તેઓ બધા સિદ્ધપુર આવી ગયા હતા. મહારાજે હરિભક્તોને કહ્યું : "આપણે બ્રાહ્મણોને જમાડવા છે, તૃપ્ત કરી દેવા છે. માટે સીધા-સામગ્રીની વ્યવસ્થા કરવા માંડો." હરિભક્તોએ મહારાજની આજ્ઞા થઈ એટલે તરત જ બધી જ વ્યવસ્થા કરી દીધી.

પાંચમે દિવસે મહારાજે સિદ્ધપુરમાં બ્રહ્મભોજનનો યજ્ઞ શરૂ કર્યો. બ્રાહ્મણો ભગવાનનું મુખ કહેવાય. બ્રાહ્મણો જમે તેથી ભગવાન તૃપ્ત થઈ જાય એવું મહારાજ કહેતા. પરતુ તે સમયના બ્રાહ્મણોના આચાર એવા હતા કે તેમનું બ્રહ્મતેજ સુકાઈ ગયું હતું. ફક્ત ભોજન અને દક્ષિણાના લોભથી જ તેઓ આવતા. મહારાજના સ્વરૂપ સંબંધી કાંઈ જાણવાની જિજ્ઞાસા તેમના અંતરમાં હતી નહિ. મહારાજ આ જાણતા હતા છતાં કોઈક દિવસ પણ આ પ્રસાદીના કણો તેમના સંસ્કાર જાગ્રત કરશે એવું માનીને આ પ્રકારનાં બ્રહ્મભોજનોનું આયોજન કરતા.

અહીં મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે કોઈ કોઈ વખતે બ્રાહ્મણોને ઘોડાઓ દાનમાં આપી દેતા. વડેશ્વર મહાદેવનાં દર્શન કરી મહારાજ બહાર નીકળ્યા ત્યારે બ્રાહ્મણો તેમને સામે મળ્યા. તે વખતે મેથાણના કાકાભાઈ અને પૂજાભાઈ તેમના ઘોડા ઝાડે બાંધી મહારાજ સાથે મહાદેવનાં દર્શન કરવા આવ્યા હતા. મહારાજે તેમના ઘોડા બ્રાહ્મણોને દાનમાં આપી દીધા. તેઓ બંને બહાર નીકળ્યા અને જોયું તો પોતાના બંને ઘોડાની સરક પકડી બ્રાહ્મણો જતા હતા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! પેલા બ્રાહ્મણો અમારા ઘોડા ક્યાં લઈ જાય છે ?"

મહારાજે કહ્યું : "એ તો તેમને અમે દાનમાં આપી દીધા."

આ સાંભળી બંને મુંઝાણા. તેમણે કહ્યું : "અરે મહારાજ ! પણ અમારા ખડિયા તે ઉપર હતા. તેમાં લૂગડાં, જમવાનાં વાસણો બધું હતું. હવે અમે પહેરશું શું અને ખાશું શેમાં ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બ્રાહ્મણોને આપેલું દાન હવે પાછું લેવાય નહિ. સાધુ પાસેથી બદલવાનું વસ્ત્ર લઈ નાહી લેજો અને પત્તરમાં

સાધુ ભેળા જમી લેજો.''

તેમને લાગ્યું કે મહારાજે ઠીક તોડ કાઢ્યો. મહારાજે પણ જોયું કે બંને ભાઈઓના મુખના ભાવમાં કાંઈ જ ફેર પડ્યો ન હતો, પોતાના ગમતામાં તેઓ રાજી હતા. તેમનો આ પ્રકારનો સ્વાર્પણનો ભાવ જોઈ મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા.

સિદ્ધપુરમાં મહારાજ રોજ સભા કરતા. કીર્તન, ભક્તિ અને રાસના ઉત્સવો કરતા. કથાપ્રસંગમાં આ તીર્થનો મહિમા કહેતા. મહારાજે સભાને ઉદ્બોધન કરતાં કહ્યું : ''અહીં કર્દમ ઋષિએ નારાયણની પ્રસન્નતા માટે અતિ આકરું તપ કર્યું હતું. તેથી તેમનું શરીર અતિશય કૃશ થઈ ગયું હતું. તે જોઈ વિષ્ણુ ભગવાનનાં નેત્રમાંથી અશ્રુબિન્દુઓ ટપકવા માંડ્યાં. એ અશ્રુબિન્દુઓ જ્યા પડ્યાં ત્યાં સરોવર થયું જેને આપણે 'બિન્દુ સરોવર' કહીએ છીએ. કર્દમ ઋષિના પુત્ર ભગવાન કપિલદેવ પણ આ જ સ્થાનમાં પ્રગટ થયા હતા. પોતાની માતાને આત્મતત્ત્વનો ઉપદેશ આપી સિદ્ધ ગતિ પમાડી. ત્યારથી આ સ્થાન સિદ્ધપુરના નામે ઓળખાવા લાગ્યું. તીર્થોની યાત્રા તીર્થસ્વરૂપ થવાથી જ ફળે છે. માટે આ સ્થાનમાં કામ, ક્રોધ, લોભ વગેરે પાંચ દોષો મૂકવા, વિધિ સહિત તીર્થમાં આચરણ કરવું.''[૬૦]

બીજે દિવસે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''તમે અમારી સાથે અમદાવાદ સુધી આવીને પછી લુણાવાડે સત્સંગ કરાવવા જજો.'' એટલું કહી નાનાભાઈ તથા અન્ય સંતો-હરિભક્તોને કહ્યું : ''તમારે અમને પરમેશ્વર કહેવા નહિ પરંતુ તપસ્વી કહેવા.''

પછી બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી નીકળી બિલિયા થઈ ઊંઝા પધાર્યા. ત્યાંથી અમદાવાદ થઈને ફરતાં ફરતાં ગઢપુર ફૂલદોલના ઉત્સવ ઉપર પધાર્યા.

શ્રીહરિ પણ તે જ દિવસે સાંજે નીકળી ગયા. રસ્તામાં રોકાતાં રોકાતાં બે-ત્રણ દિવસે ગઢપુર પધાર્યા.

શ્રીહરિએ વાસુદેવનારાયણની મૂર્તિપ્રતિષ્ઠા અંગેની કંકોત્રીઓ તૈયાર કરીને દેશોદેશ મોકલવા માટે વિપ્ર લક્ષ્મીરામ, હરજીવન દવે, ડોસા દવે અને

---

૬૦. આ પ્રસંગનો વિસ્તાર સત્સંગિજીવન; પ્ર. ૨, અધ્યાય-૪૦માં આપ્યો છે. મહારાજે અહીં આ.સં. ૧૮૬૨, ચૈત્ર માસમાં સમૈયો કર્યો હતો એવો ઉલ્લેખ તેમાં છે અને ચૈત્રી પૂર્ણિમાએ સભાજનોને ઉપદેશ આપ્યો હતો. પરંતુ મહારાજના વિચરણની વિગત જોતાં ઉપરનો સમય વધારે બંધ બેસતો હોય તેવું લાગે છે. — લેખક

લાલજી ગોરને મોકલી દીધા. સંતોનાં મંડળો પણ અગાઉ સૂચના આપ્યા પ્રમાણે આવવા લાગ્યાં. વેદજ્ઞ વિપ્રો પણ આવવા લાગ્યા. પ્રેમજીભાઈએ સુંદર મંડપ તૈયાર કરી દીધો. ચાર દિશાએ ચાર દ્વાર મૂક્યાં. આસોપાલવનાં તોરણો અને ધજાપતાકાથી તેને સુશોભિત બનાવ્યો. મુખ્ય પ્રવેશદ્વારમાં કેળના સ્થંભો રોપ્યા. મંડપમાં ઝુંમર, હાંડી વગેરે ગોઠવી દીધાં.

વેદિયા વિપ્રે ઉત્તર તરફ યજ્ઞ માટે સુંદર પદ્મકુંડ બનાવી દીધો. ફૂલદોલના દિવસ પહેલાં બધી તૈયારીઓ થઈ ગઈ.

ફૂલદોલનો ઉત્સવ આવ્યો અને શ્રીહરિ સૌ સંતો-ભક્તો સાથે રંગે રમ્યા. ઉન્મત્ત ગંગામાં સખા સાથે જઈને સ્નાન કર્યું. અહીં પણ સંતો-હરિભક્તો સાથે જળક્રીડા કરી. પોતાના ભક્તોને મૂર્તિનું સુખ આપી દેવું એ જ તેમની ઇચ્છા હોય છે તેથી આવી ક્રીડા કરતા ભગવાનનું સપાર્ષદ અને સલીલ ધ્યાન ભક્તોને કરવાનું કહ્યું છે. જે જે સંતો, ભક્તો આ હેતુ સમજી ગયા તેમણે તે સાધનનો આદર કરી દીધો.

પ્રતિષ્ઠાવિધિ : આ.સં. ૧૮૬૨

ફાગણ વદિ ૨ ને ગુરુવારને દિવસે પ્રતિષ્ઠા નિમિત્તે યોજેલા યજ્ઞના વિધિની શરૂઆત થઈ.

મુખ્ય આચાર્યપદે શિયાણીના શિવરામ ભટ્ટ હતા, દીનાનાથ ભટ્ટ મુખ્ય સભાસદપદે હતા, રામચંદ્ર જોષી બ્રહ્મપદે હતા. એ ઉપરાંત ગઢપુરના વિપ્રોમાં મુખ્ય સત્સંગી બેચર ભટ્ટ, વિપ્ર રુગનાથ અને જીવરામ, લાલજી અને લક્ષ્મીરામ તથા હરજીવન અને જાગેશ્વર હતા. રોહીશાળાથી વિપ્ર લક્ષ્મીરામ આવ્યા હતા. પીઠવડીથી જીવરામ જોષી અને મોનજી દવે હતા. વીરપરના રાઘવજી અને ભેંસજાળના અંબારામ હતા. બોટાદથી જોષી નરસિંહ તથા નરસિંહ મહેતા, મોનજી જોષી તથા મોનજી પંડ્યા, જેઠા ત્રવાડી વગેરે આવ્યા હતા. આ પ્રમાણે ઘણા વિપ્રો આવ્યા હતા.

વિપ્રોએ શાંતિપાઠ કર્યો. પછી ગ્રહશાંતિની વિધિ કરી યજ્ઞના પ્રધાન દેવોને જુદાં જુદાં સમિધ અને ફળોની આહુતિ આપી. આ રીતે વાસુદેવનારાયણની મૂર્તિપ્રતિષ્ઠાની મંગલમય વિધિ ગ્રહશાંતિથી શરૂ થઈ. બ્રાહ્મણોએ ઉચ્ચારેલા આહુતિ મંત્રોથી બાપુ એભલખાચરનો દરબાર ગાજી ઊઠ્યો. દેશદેશના હરિભક્તોથી અને સંતોનાં મંડળોથી ગઢપુર નગર ધમધમી

ઊઠ્યું. શ્રીહરિના આગમનના બીજા જ વર્ષથી ગઢપુર અનેક ભક્તિમય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું !

ફાગણ વદિ ૩ના બ્રાહ્મમુહૂર્તમાં યજ્ઞવિધિમાં બેસવા શ્રીહરિ ઊઠ્યા. મયારામ ભટ્ટ તથા મુક્તાનંદ સ્વામી અને મુકુન્દ બ્રહ્મચારી પ્રતિષ્ઠાવિધિની તૈયારીમાં મુખ્ય હતા. શ્રીહરિ સ્નાનાદિ વિધિથી પરવારી ત્યાં પધાર્યા. શેષવિધિ પતાવી યજ્ઞશાળામાંથી વાસુદેવનારાયણની મૂર્તિ ઉપાડવાની આજ્ઞા કરી. પછી તે મૂર્તિ એભલ બાપુના દરબારમાં ઉત્તરાભિમુખના ઓરડામાં લાવ્યા અને ત્યાં તૈયાર સિંહાસનમાં શ્રીહરિના વરદ હસ્તે તે મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. ન્યાસ વગેરે વિધિ પત્યા બાદ શ્રીહરિએ જયનાદો વચ્ચે શ્રીવાસુદેવનારાયણની[૬૧] આરતી ઉતારી.

આ પ્રસંગે બાપુ એભલખાચર તથા તેમના કુમાર ઉત્તમકુમાર તેમજ જીવાખાચર, તેમના ભાઈ મૂળુખાચર, કરિયાણાના દેહાખાચર, વાંકિયાના મોકાખાચર, કારિયાણીના વસ્તાખાચર, માંચાખાચર તથા અલૈયાખાચર, સુરાખાચર વગેરે કાઠી દરબારો પરિવાર સહિત હાજર હતા. મુખ્ય દરબારો શ્રીહરિની બાજુમાં ઊભા રહી ગયા હતા.

શ્રીહરિએ આરતી સમાપ્ત કરી અને જયઘોષ થયો. શ્રીસહજાનંદ સ્વામી મહારાજની જય, શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય, શ્રીવાસુદેવનારાયણની જય. આમ, અતિ દિવ્ય વાતાવરણમાં શ્રીવાસુદેવનારાયણની મૂર્તિપ્રતિષ્ઠા શ્રીહરિના વરદ હસ્તે થઈ ગઈ !

પછી શ્રીહરિ ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. શ્રીહરિએ સૌ હરિભક્તોને કહ્યું : "આ વાસુદેવનારાયણની મૂર્તિ[૬૨] એ અમારી જ મૂર્તિ છે તેમ તમે સૌ જાણો. આ મૂર્તિમાં રહી અમે ભક્તોનાં કામ કરીશું. તેમના સંકલ્પો, મનોરથો પૂરા કરીશું. માટે જેણે રોજ અમારાં દર્શન કરીને જ દિનચર્યા શરૂ કરવાના નિયમ લીધા હોય તેમણે અમે ન હોઈએ ત્યારે આ વાસુદેવનારાયણની મૂર્તિનાં - સાક્ષાત્ અમે જ છીએ એ ભાવથી - દર્શન કરવાં અને પછી પોતપોતાના દૈનિક કાર્યની શરૂઆત કરવી."

એટલું કહીને તેમણે મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું : "તમે તો અમારી સેવામાં

૬૧. આ.સં. ૧૮૮૫માં જ્યારે શ્રીહરિએ ગઢડામાં મંદિર રચ્યું, ત્યારે આ મૂર્તિ ધર્મભક્તિની સાથે પધરાવી છે.

૬૨. સત્સંગિજીવનમાં એવો ઉલ્લેખ છે કે રાધિકા સહિત શ્રીવાસુદેવનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી. — સત્સંગિજીવન; પ્ર. ૨. અં. ૩૨-૪૪.

છો તેથી તમને વાસુદેવનારાયણની સેવાનો અવકાશ નહિ મળે પરંતુ આ બેચર ભટ્ટ છે તેમને એ સેવામાં અમે મૂકીએ છીએ. દેવની સેવા દેવ જેવા થઈને કરવી તો જ દેવમાં દૈવત જળવાઈ રહે. જો અશુદ્ધ રહીને દેવસેવા કરે, તો તે દેવ ગ્રહણ કરતા નથી. જો દેવ પાસે ફેલ આચરે, દેવનું દ્રવ્ય પોતે વાપરે, દેવ માટેનો કોઠાર-ભંડારનો તેના પોતાના સારુ ઉપયોગ કરે, તો તેવા સંતો, મહંતો, કોઠારી કે ભંડારી જરૂર ભૂતયોનિને પામે છે." એટલી વાત કરી શ્રીહરિએ વૈષ્ણવી રીત પ્રમાણે પૂજાવિધિ, ઉત્સવો વગેરે કરવાની સૂચના આપી.

ત્યારબાદ સર્વ રાજાઓએ તથા હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. અન્ય હરિભક્તોએ પણ પૂજન કરી સૌએ વિવિધ પ્રકારની ભેટો, સામગ્રીઓ શ્રીહરિના ચરણોમાં ધરી. પછી શ્રીહરિએ ફરી સભાને સંબોધતાં કહ્યું : "આ મૂર્તિ મેં મારા શુભહસ્તે પધરાવી છે તે સ્વયં હું જ છું તેમ માનીને સૌ સેવા-પૂજા વગેરે કરજો. હું તમારા સૌનો અધિષ્ઠાતા ઉપાસ્ય સ્વરૂપ છું. તો અહીં ભવ્ય મંદિર ભવિષ્યમાં થશે, અમારી મૂર્તિની તેમાં સ્થાપના થશે અને અમારો મહિમા ગવાશે."[૬૩]

પછી શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! દેવની પ્રતિષ્ઠા થાય ત્યારે દેવની સ્તુતિ કરવી જોઈએ. તમે તો કવિરાજ છો. આજે તમારા મુખે વાસુદેવનારાયણની સ્તુતિ સાંભળીએ."

બ્રહ્માનંદ સ્વામી તો તૈયાર જ હતા. તેમણે સ્તુતિનું કાવ્ય પોતાની અગમબુદ્ધિથી સમજીને તૈયાર કરી રાખ્યું હતું. તેમણે પોતાના બુલંદ અવાજે વાસુદેવનારાયણની સ્તુતિ લલકારી :

ગોવિંદ માધવ દયાલય પ્રભુ, દીન હિત નરતનુ ધરી,
શ્રીમંત મનદ્રગ હરખદાયક, દિવ્ય મૂર્તિ શ્રીહરિ;
મણિ નીલ ઈન્દ્રસુ અંગ મનહર, વિનતિ અબ ધારીએ,
શ્રીવાસુદેવ શ્રીરુક્મિણીવર, મોય નાથ ઉગારીએ...૧

એવાં સાત છંદ બોલી છેલ્લે બોલ્યા :

સંસાર કરી કે ખીન નર, ચલી ચરન આયો રાવરી,
તેહી કરન રક્ષન સદા તતપર, ઉદ્ધવ પ્રતિ નિજબુદ્ધિ ધરી;

---

૬૩. *આ સંપ્રદાયના શુભ આદિ દેવ, સર્વોપરી છે જન સર્વ સેવ્ય;*
એનું થશે મંદિર આંહીં મોટું, માહાત્મ્ય તેનું નહિ કાંઈ છોટું.
– શ્રીહરિલીલામૃત; કળશ ૬, વિશ્રામ ૬-૨.

પ્રતિપાલ બ્રહ્માનંદકુ હરિ કિય નજર નિહારીએ,
શ્રીવાસુદેવ શ્રીરુક્મિણીવર, મોય નાથ ઉગારીએ[૬૪]*...૮*

વાસુદેવનારાયણની જયનો જયજયકાર થઈ ગયો.

શ્રીહરિએ પછી યજ્ઞની પૂર્ણાહુતિ યજ્ઞવેદીમાં[૬૫] નારિયેળ હોમીને કરી. શ્રીહરિ પ્રત્યક્ષ તો હતા જ પરંતુ વાસુદેવનારાયણની મૂર્તિ દ્વારા પણ પ્રત્યક્ષ રહ્યા. એ મૂર્તિ હવે શ્રીહરિનું સ્વરૂપ બની ગઈ !

સમૈયામાં આવેલા હરિભક્તો હવે ધીરે ધીરે જવા લાગ્યા. ફાગણ વદિ ૫ને દિવસે તો ગઢપુર પૂર્વવત્ થઈ ગયું. શ્રીહરિએ નિર્ણય કરી લીધો કે શ્રીવાસુદેવ-નારાયણની પૂજાવિધિ વ્યવસ્થિત થઈ જાય ત્યાં સુધી અહીં રહેવું. જીવુબા, લાડુબાને પણ હવે એક વિશેષ પ્રવૃત્તિ મળી ગઈ. શ્રીહરિએ વિચાર્યું કે જીવુબા તથા લાડુબા મહામુક્ત હોવા છતાં આ લોકમાં લોકો ગમે તેવી વાયકાને વેગ આપે તેથી બાપુ એભલખાચરના કુળને કલંક લાગે. બંને બહેનો અતિ કઠણ વર્તમાન પાળતાં હતાં. પુરુષોથી પંદર હાથ છેટે સદા ચાલતાં, મીઠા વિનાનું અન્ન સદા જમતાં અને ભોંયપથારી પર જ સૂતાં. વૈભવની, ભોગની તેમને કમી ન હતી. પરંતુ વિષય સાથે તેમણે વેર કર્યું હતું. એક પરમાત્મા સિવાય બીજે પ્રીતિ રાખી ન હતી. કોમળ કાયાને તેમણે કસી કસીને કૃશ કરી નાંખી હતી. બાપુ એભલખાચરને તેમના પ્રત્યે ભાવ હતો, તે જાણતા હતા કે કુંવરીઓ પ્રભુભજનમાં જ મગ્ન રહે છે છતાં તેમને લાગતું કે આવું ક્યાં સુધી ચલાવવું ? વહેવારમાં પણ રહેવું ખરું કે નહિ ! સગાં-સંબંધીઓ પણ તેમને ઘણી વાર ગમે તેમ કહીને ભરમાવતા.

જીવુબાના લાલજી દૂધ પી જાય છે

આવી વાતો રોજ તેમને કાને પડતી તેથી એક દિવસ તેમને ખરેખર ઝાળ

---

૬૪. સ્વામી વિનંતી કરતાં કહે છે કે "હે મહારાજ ! સંસારનાં સુખો ક્ષણિક જાણી આપના શરણમાં હું આવ્યો છું. માટે હે મહારાજ ! મારા ઉપર આપ કૃપાનજર રાખજો."
– બ્રહ્મસંહિતા; લેખક : કવિ માવદાનજી રત્નુ, બીજી આવૃત્તિ, પા. ૨૩૪.

૬૫. આ યજ્ઞકુંડ સાચવીને રાખ્યો છે :
મૂરતી સહુ મોર જાહરે, હતિ સ્થાપી ઘરમાંહી તાહરે;
મખકુંડ કર્યો હતો તહાં, હરિ હસ્તે ઘૃત હોમિયું જહાં.
મહિમા મનમાંહી ધારીને, નૃપતિ ઉત્તમ તે વિચારીને;
મખકુંડ અખંડ રાખિયો, મહિમા શ્રેષ્ઠ મુનીન્દ્ર ભાખિયો.
– શ્રીહરિલીલામૃત; કળશ ૬, વિશ્રામ ૬-૨૧, ૨૨.

લાગી ગઈ. તે ઉઘાડી તલવાર લઈને જીવુબાના ઓરડામાં આવ્યા. તેમણે પૂછ્યું : "જયા ! બોલ આ ઓરડામાં બીજું કોણ છે ?"

જીવુબા બાપુનો ભાવ સમજી ગયાં. અત્યારે ક્રોધાવેશમાં છે. હાથમાં ઉઘાડી તલવાર છે. કાંઈનું કાંઈ કરી નાંખે એવો ક્રોધ તેમના મોઢા પર દેખાય છે. છતાં તેમણે તો શાંતિથી કહ્યું : "બાપુ ! અહીં તો આ મારા લાલ સિવાય બીજું કોઈ નથી !" એમ કહી તેમણે તેમની સન્મુખ બિરાજેલા લાલજી[૬૬] બતાવ્યા.

"ખોટું, સાવ ખોટું ! ઓરડામાં કોઈ આદમી હોય તેવું મને લાગે છે." તેમણે તેમના ભાવમાં જ ભવાં ચડાવીને કહ્યું.

"અરે બાપુ ! ભગવાનની બીક રાખો. આપણે ત્યાં મહારાજ સાક્ષાત્ બિરાજે છે, વાસુદેવનારાયણ બિરાજે છે. આવા પુણ્યમય તીર્થરાજ સમા આપણા દરબારમાં આવા હલકા વિચારો તમને કેમ આવે છે ?"

પણ બાપુ કાંઈ સાંભળવાના મિજાજમાં ન હતા. તેમણે તરત જ તલવાર ઉગામી. પરંતુ જીવુબા તો તે સમયે સ્વસ્થતાથી લાલજી મહારાજને દૂધ ધરી રહ્યાં હતાં. બાપુએ તરત જ કહ્યું : "જયા ! આજ આ નાગણ સગી નહિ થાય. લાલજીના રમકડાને મેલ્ય બાજુ અને મને જવાબ દે."

"અરે બાપુ ! આ રમકડું છે ? આ તો સાક્ષાત્ ભગવાન છે." જયાએ હાથ જોડી કહ્યું.

"જો તારો એ ભગવાન હોય, તો તું આ દૂધ ધરાવે છે તે પી જાય. નહિ તો એ રમકડાને અને તને બંનેને હું આજે પાર પાડી દઈશ."

માનવી તો ભગવાનની મૂર્તિને કાં તો પથ્થરો, કાં તો લાકડું અને કાં તો ધાતુનો કટકો જાણે. પરંતુ જે ભક્ત હોય તે તો તેને ભગવાન જ જાણે. આમ, દૃષ્ટિ દૃષ્ટિમાં ભેદ પડી જાય છે. શિલ્પીને પથ્થરમાં મૂર્તિ દેખાય જ્યારે પથ્થરની ભાષા ન જાણનાર સામાન્ય માનવીને પથ્થર એ પથ્થર જ દેખાય. બાપુ એભલખાચરની આજે એ સ્થિતિ હતી.

જીવુબાએ લાલજી સામે કટોરો ધર્યો અને પ્રાર્થના કરી : "પ્રભુ ! બાપુને પ્રતીતિ કરાવો કે તમો કેવળ રમકડું નથી પણ સાક્ષાત્ ભગવાન છો. અમારા દરબારમાં બિરાજ્યા છો છતાં અમને તમારી ઓળખાણ નથી. રજોગુણ-તમોગુણની આંધીમાં આજે બાપુ આવી ગયા છે, તેથી તેમની દૃષ્ટિ બદલાઈ

---

૬૬. આ લાલજી શ્રીજીમહારાજ પૂજતા, તે તેમણે જીવુબાને આપ્યા હતા.

— અદ્‌ભુતાનંદ સ્વામીની વાર્તા; પા. ૬૨.

ગઈ છે. આપની સેવા કરે છે, આપની વાતું સાંભળે છે છતાં એ 'બ્રહ્મભાવની વાતુ'ના શબ્દો ગુણના વેગમાં આજે ઓસરી ગયા છે. આજે બાપુને શાંત કરો. આપ મનુષ્યરૂપે અમારા દરબારમાં છો અને આ મૂર્તિમાં પણ આપ સાક્ષાત્ છો એવી બાપુને ખાતરી કરાવો."

જીવુબાની પ્રાર્થના બાપુ પણ સાંભળી રહ્યા હતા. તેમના એક એક શબ્દ બાપુના અંતરમાં વ્યાપેલી આંધીને જાણે હલેસાં મારતા હતા. બાપુ ઘડીક લાલજી સમક્ષ જોતા અને ઘડીક જીવુબાના પ્રેમભર્યા આર્દ્ર મુખ સામું જોતા હતા.

એટલામાં પ્રકાશ થયો. લાલજીની મૂર્તિએ બે હાથે વાડકો પકડ્યો અને બાપુની આંખ સામે લાલજી એ દૂધના કટોરામાંથી તમામ દૂધ પી ગયા અને કટોરો[૬૭] બાપુ તરફ ફેંક્યો. બાપુ રાજપૂત હતા. તેમની રાજપૂતાઈને રંગ ચડાવે એવી તલવાર તેમના હાથમાં હતી પણ તેમના તરફ કટોરો ફેંકાયો અને તેમના હૈયામાં ધ્રુજારી છૂટી ગઈ ! હાથમાંથી તલવાર પડી ગઈ. જ્યાં ઊભા હતા, ત્યાં જ લાલજી સમક્ષ સાષ્ટાંગ દંડવત્ કરતા પડી ગયા. જીવુબાના મુખ ઉપર ભક્તિની ગરીમા દેખાતી હતી. તેમને મન તો લાલજી એ પ્રત્યક્ષ ભગવાન સ્વરૂપ હતા.

તે લાલજી રોજ દૂધ પી જતા, થાળ જમી જતા. જીવુબાને આમ અનેક પ્રકારે લાલજી સુખ આપતા. દરબારમાં બિરાજેલી મનુષ્યરૂપ મૂર્તિની સેવામાં ખામી આવી હોય તો લાલ મોં કરીને લાલજી કહી પણ દેતા. શ્રીહરિ અક્ષર ઓરડીમાં સંતો સાથે બિરાજતા હોય ત્યારે આ લાલજી સ્વરૂપે જીવુબા સાથે પણ ગોષ્ટિ કરતા હોય. તે બંનેનો આ ભાવ અન્ય માનવી કેવી રીતે જાણે ?

બાપુ એ જ ભાવમાં જીવુબાને પણ નમી પડ્યા : "દીકરી ! અપરાધ થઈ ગયો. તારી ભક્તિમાં એબ જોનાર તારો બાપ ભૂલો પડ્યો."

જીવુબાએ તરત જ બાપુને ઉઠાડ્યા અને માથે હાથ ફેરવી કહ્યું : "બાપુ ! મહારાજે તમને આજે દર્શન દીધાં. દરબારમાં રોજ દર્શન થાય છે. માટે એ જ અક્ષરધામના અધિપતિ છે એવું માની એમની સેવા કરો. એ નિષ્ઠા ડગવા દેશો નહિ. વારે વારે તમને એવું થઈ જાય છે."

એભલખાચર સાફાના છેડાથી આંસુ લૂછતા તેમના ઓરડામાં ગયા. તેમને લાગ્યું કે આવા કેટકેટલા અનુભવ થઈ ગયા છતાં હૈયું કૂણું કેમ થાતું

---

૬૭. આ પ્રસાદીનો કટોરો ગઢપુરમાં દાદાખાચરના વંશજો શ્રી ધીરૂભા નાજાભાઈ પાસે મોજુદ છે.

નથી ? ઇન્દ્રિયો, અંતઃકરણનો સ્વભાવ જ એવો છે કે પ્રસંગે ઝબકી ઊઠે.[૬૮]

✧

શ્રીહરિ આ અરસામાં ઘણુંખરું જીવાખાચરના દરબારમાં રહેતા. પરંતુ જીવુબા તથા લાડુબાને મહારાજ વિના રહેવાતું નહિ. એક દિવસ મહારાજ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા જતા હતા તે સમયે જીવુબા તથા લાડુબા ત્યાં પહોંચી ગયાં. તેમના ઘડામાં મહારાજ માટે સ્ત્રીનાં વસ્ત્રો તેઓ લાવ્યાં હતાં. મહારાજ નાહી રહ્યા એટલે બન્ને બહેનો મહારાજ પાસે ગઈ અને દરબારમાં આવવા પ્રાર્થના કરી. મહારાજે કહ્યું : "અમે આવીએ તો ખરા, પણ બાપુ ડેલીએ બેઠા હશે. તેમને ખબર પડશે તો તમને ઉપાધિ થશે."

ત્યારે જીવુબાએ કહ્યું : "મહારાજ ! અમે આ ઘડામાં વસ્ત્રો લઈ આવ્યાં છીએ તે પહેરીને તમો અમારી સાથે આવો." તેમ કહી વસ્ત્રો બતાવ્યાં.

મહારાજ તે વસ્ત્રો જોઈ હસ્યા. પછી તેમણે પોતાના સેવકોને કહ્યું : "તમે દરબારમાં જાઓ, અમે આવીએ છીએ." તેમને મોકલી દીધા અને મહારાજે સ્ત્રીનાં વસ્ત્રો પહેરી લીધાં.

મહારાજ જીવુબા તથા લાડુબા સાથે દરબારમાં આવ્યાં. બાપુ ડેલીએ જ બેઠા હતા. બહેનો આટલી નાની ઉંમરે ભક્તિના ચાળા કરે તેથી બાપુ ઠપકો આપતાં ઘણી વાર કહેતા કે દરબારમાં શું ઠાકરદ્વારો માંડ્યો છે ? તેમણે બે બહેનોને બદલે ત્રણને જોયાં એટલે તરત જ કહ્યું : "જયા ! આ ત્રીજું કોણ છે ?"

ત્યારે જીવુબાએ કહ્યું : "બાપુ ! એ તો કાળુ તરવાડીની ધીની ધી (દિકરીની દિકરી) છે, પ્રભુ ભજવા આવી છે." આ સાંભળી બાપુએ આંખો બંધ કરી દીધી. આ પ્રસંગ ઉપર સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ બાર પદ[૬૯] બનાવ્યાં છે.

એક દિન જમનાતટ આવી રે, કૌતુક કીધું કાનુડે;
સરવે ગોપી ને બોલાવી રે, કૌતુક કીધું કાનુડે. (પદ ૪)
લઈ મીશ પાણી ભરવાનું રે, મળવા કાજે મોહનને,
માંહી કામ બીજું કરવાનું રે, મળવા કાજે મોહનને. (પદ ૬)

---

૬૮. આ પ્રસંગ બીજી રીતે પણ સદ્‌ગુરુ થકી સત્સંગમાં પ્રચાર પામ્યો છે. જો કે ફેર કેવળ વર્ણનમાં જ છે.

૬૯. આ પ્રસંગ કચ્છમાં ધમડકામાં બન્યો છે એવો ઉલ્લેખ 'બ્રહ્મસંહિતા'માં કવિ માવદાનજીએ કર્યો છે. પરંતુ આ પ્રસંગ ગઢપુરનો વિશેષ પ્રચલિત હોવાથી અહીં એ પ્રમાણે આપ્યો છે. — લેખક

ત્યારે શ્વેત વસ્ત્ર ઊતાર્યાં રે, ગોપી બન્યા ગિરધારી;
વાલે લાલ વસ્ત્ર તન ધાર્યા રે, ગોપી બન્યા ગિરધારી.
પહેર્યો ઘાઘરિયો ઘેરાળો રે, ગોપી બન્યા ગિરધારી;
શોભે કચૂવો કામણગારો રે, ગોપી બન્યા ગિરધારી. (પદ ૭)

બાપુ એભલખાચર જીવુબા, લાડુબાને લગ્ન કરી લેવા સમજાવે છે

આ પ્રસંગ પછી થોડા દિવસે બાપુને વિચાર આવ્યો કે જીવુબા અને લાડુબાને હવે પરણાવી દેવાં જોઈએ. તેમણે મહારાજને પણ વાત કરી. મહારાજે પણ કહ્યું : "તમે ગોતો. હું દીકરીયુંને કહી દઈશ." આ સાંભળી તેમને શાંતિ થઈ.

તેમને મનમાં થયા કરતું હતું કે વહેવારમાં રહ્યા છીએ એટલે લોકોના બોલ્યા સામું પણ જોવું પડે. કુંવારી દીકરી તો સાપનો ભારો કહેવાય. એ ક્યાં સુધી ઘરમાં સાચવવો ! બાપુ એભલખાચરે બંને બહેનોને બોલાવી તેમની પાસે આ વાત મૂકી. બંને બહેનો આ વાત સાંભળી જાણે વીજળી પડી હોય તેમ અવાક્ બની ગઈ ! બાપુ તો જાણતા જ હતા કે આમ બનવાનું છે. તેમણે ધીરે રહીને કહ્યું : "બહેનો ! આપણે સંસારમાં રહીને પ્રભુ ભજવાના છે તેથી લોકની રીત પ્રમાણે રહેવું જોઈએ." પરંતુ આ બહેનો એક પણ શબ્દ બોલી નહિ. તેથી બાપુએ ફરી કહ્યું : "જુઓ, મેં મહારાજને પણ વાત કરી છે. મહારાજે પણ કહ્યું છે કે દીકરીથી કુંવારા રહેવાય જ નહિ."

જીવુબા તથા લાડુબાએ આ સાંભળ્યું અને તેમને બીક લાગી કે જરૂર મહારાજ આજ્ઞા કરશે જ. બાપુ પણ મૂંઝવણમાં પડ્યા. લાડકી દીકરીઓને આ વાત વજ્રપાત જેવી છે તે તેઓ જાણતા હતા. છતાં લોકની રીત પ્રમાણે રહેવું એ પણ તેમનો ધર્મ હતો. તેમણે ફરીથી કહ્યું : "બેટા ! હું તમારી બંનેની મૂંઝવણ સમજું છું. પણ આપણેય આપણો ધર્મ સમજવો જોઈએ. મહારાજ કહે છે કે બાઈયુંને દીક્ષા અપાય નહિ. તો પછી આમ ને આમ ઘરમાં ક્યાં સુધી તમે રહેશો ?"

છેવટે જીવુબા બોલ્યાં : "બાપુ ! મહારાજ પાસે એક વખત અમે ખુલાસો કરી લઈએ ?" બાપુ આ સાંભળી રાજી થયા. તેમણે તરત જ કહ્યું : "હા, બેન ! મહારાજને મળો અને મહારાજ જેમ કહે તેમ કરો."

બંને બહેનો મહારાજ પાસે આવી. મહારાજ પણ તેમને આ જ વાત કહેવા બોલાવવાના હતા. મહારાજ જાણતા હતા કે બાપુ એભલખાચરે આ બંને બહેનોને વાત કરી છે. તેથી તેઓ આવ્યાં એટલે તરત મહારાજે જ કહ્યું :

“બાપુની મૂંઝવણ તમારે હવે ટાળવી જોઈએ. આપણા ધર્મશાસ્ત્ર પ્રમાણે કન્યાકાળ વીતી ગયા પહેલાં લગ્ન કરી લેવાં જોઈએ.”

નીચું મોઢું રાખી બંને બહેનો આ સાંભળી રહી. પછી ધીમેથી જીવુબાએ કહ્યું : “મહારાજ ! અમે તો હરિ સાથે હથેવાળો કરી લીધો છે પછી શા માટે હવે પાપમાં નાખો છો ?”

“અમને ભગવાન જાણતાં હો તો અમારી આજ્ઞાએ કરીને જે કાંઈ કરશો તે સત્કર્મ બની જશે, પાપ નહિ.” મહારાજે મક્કમતાથી કહ્યું.

બંને બહેનો હવે સમજી ગઈ કે મહારાજની પણ આ મરજી છે. કુંવારા રહેવું એ પાપ છે એવું મહારાજ કહે છે. છેવટે ધીરે રહીને લાડુબાએ કહ્યું : “મહારાજ ! અમે પરપુરુષથી પંદર હાથ છેટે રહીએ છીએ તો પછી પરપુરુષનો સ્પર્શ કેમ સહન થશે ?”

મહારાજે પ્રસન્નતાપૂર્વક છતાં મક્કમતાથી કહ્યું : “તમને એ નિયમની જો દૃઢતા હશે તો ભગવાન એ નિયમનો ભંગ થવા નહિ દે.” આ સાંભળી બંને બહેનોને શાંતિ થઈ ગઈ ! મહારાજને પ્રણામ કરી તેઓ તેમના ઓરડામાં ગયાં.

મહારાજે તરત જ બાપુ એભલખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : “બાપુ ! બધી વાત થઈ ગઈ છે. તમે નક્કી કરી નાંખો.”

બાપુને આ વાત સાંભળી શાંતિ થઈ. તેમણે હાથ જોડીને કહ્યું : “મહારાજ ! મોટીનું કુંડળનાં રાઈબાના દીકરા મામૈયા પટગર સાથે અને નાનીનું બોટાદના ખોડા ધાધલ સાથે નક્કી કરી નાંખીએ. બરોબર ને ?”

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : “આ તો બંને આપણા જ. બહેનોનો પણ ધરમ સચવાશે, માટે કરો કંકુના !” બાપુ રાજી થયા.

જીવુબા અને લાડુબાને સાસરે વળાવ્યાં

જીવુબા અને લાડુબાનાં લગ્ન થઈ ગયાં. તેમને સાસરે વળાવ્યાં. મહારાજે રાઈબાઈને કહેવરાવ્યું : “તમારે ત્યાં સાક્ષાત્ લક્ષ્મીજી પધારે તો તેમનું સન્માન કરજો. ઘરની વહુ છે એવો નાતો રાખશો નહિ.” તે પ્રમાણે ખોડા ધાધલને પણ કહેવરાવ્યું : “રાધાજી વહુ બનીને તમારે ત્યાં આવ્યાં છે તો તેમનું માન રાખશો, તેમનો દેહ અને જીવ બન્ને ભગવાનને શરણે છે.”

મામૈયા પટગર મહારાજનો સંદેશો સાંભળી સમજી ગયા. તેમણે જીવુબાને સન્માન્યાં, પૂજન કર્યું અને પછી કહ્યું : “માતાજી ! ગઢપુર પધારો. આપના જોગે

ઘણા પ્રભુ ભજશે. આપ તો સાક્ષાત્ લક્ષ્મીજી છો તેથી ભગવાનના ઘરમાં જ શોભો.'' જીવુબાએ તેમને આશીર્વાદ આપ્યા અને વેલડામાં પાછા ગઢપુર પધાર્યાં.

લાડુબા પણ સાસરે સિધાવ્યાં. તેમણે તેમનું વ્રત ત્યાં પાળ્યું. ખોડા ધાધલને મહારાજનાં મર્મવાક્યો અંતરમાં ઊતરી ગયાં હતાં. તેથી તેમણે પણ લાડુબાની મરજી અનુસાર તેમની સાથે કોઈ પ્રકારનો દેહ-વ્યવહાર રાખ્યો નહિ. મહારાજની આજ્ઞા હતી ત્યાં સુધી સાસરામાં રહ્યાં અને પછી મહારાજે તેડાવ્યાં ત્યારે ગઢપુર પધાર્યાં. બંને કુંવરીઓએ મહારાજની આજ્ઞા પાળી, પોતાનો ધર્મ સાચવ્યો. મહારાજ તેમની ભક્તિ જોઈ પ્રસન્ન થઈ ગયા અને ગઢપુરમાં પોતાની સેવામાં જોડી દીધાં. બાપુ એભલખાચરને પણ સંતોષ થયો.

શ્રીહરિએ નક્કી કર્યું હતું કે હરિજયંતીના ઉત્સવ સુધી ગઢપુરમાં રહેવું જેથી શ્રીવાસુદેવનારાયણ સમક્ષ એ ઉત્સવ ધામધૂમથી ઊજવી શકાય. તેમણે એભલ બાપુને પોતાનો વિચાર જણાવ્યો. તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! દેશોદેશમાં કંકોત્રીઓ લખો જેથી હજારો હરિભક્તો આ ઉત્સવમાં આવે, તેમને સૌને આપનાં દર્શન થાય અને અમને પણ તેમની સેવાનો લાભ મળે.''

શ્રીહરિ તેમના ભાવથી પ્રસન્ન થયા અને દેશોદેશમાં હરિજયંતીના ઉત્સવ ઉપર આવવા સૌ હરિભક્તોને-સંતોને આજ્ઞા કરી.

ગઢપુરમાં હરિજયંતી ઉત્સવ : આ.સં. ૧૮૬૨

હરિજયંતીનો ઉત્સવ આવ્યો[૭૦] અને દેશાંતરથી હજારો હરિભક્તો ઉત્સવ ઉપર આવ્યા. દરબારમાં બહુ ભીડ થઈ ગઈ. એટલે શ્રીહરિએ બાપુ એભલખાચરને બોલાવી કહ્યું : ''આટલા બધા ભક્તો અહીં સમાશે નહિ માટે ઘેલાને કાંઠે માથે છાંયડો કરીને સભા કરીએ.''

આ સાંભળી બાપુ જીવાખાચર ત્યાં ઊભા હતા તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! મારો દરબાર ખાલી પડ્યો છે ત્યાં સભા કરો.''

મહારાજ તેમનો ભાવ જોઈ રાજી થઈ ગયા. તરત જ કહ્યું : ''ભલે, તમારા દરબારમાં સભા કરીએ.'' એમ કહીને મહારાજે સંઘમાં કહેવરાવ્યું કે બાપુ જીવાખાચરના દરબારમાં સભા રાખી છે માટે સૌ ત્યાં આવજો.

મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. જીવાખાચરને મહારાજ પ્રત્યે

---

૭૦. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૮, તરંગ-૬૪માં આ ઉત્સવ વરતાલમાં કર્યાનો ઉલ્લેખ પણ મળે છે.

ભાવ ઘણો હતો. પરંતુ સત્સંગ પ્રધાન ન હતો તેથી બીજો રંગ પણ તેમને ચડી જતો. મહારાજને મનમાં એવી ઇચ્છા હતી કે જીવાખાચરને સત્સંગ પ્રધાન થાય તો બીજે કુસંગમાં બેસે છે ત્યાં ન બેસે, અંતઃકરણ શુદ્ધ થઈ જાય. તેથી મહારાજે તેમને રાજી કરવા, તેમને વશ કરી લેવા તેમનું આમંત્રણ સ્વીકારી લીધું. જીવાખાચરના દરબારમાં હરિજયંતીના ઉત્સવની સભા થઈ. શ્રીહરિએ ઉત્સવનો મહિમા કહ્યો, પોતાના પ્રાગટ્યનો હેતુ સમજાવ્યો. અનંત જીવોને માયા પાર કરી બ્રહ્મભાવ પમાડી પોતાની સેવામાં રાખવા તેમના પ્રાગટ્યનો મુખ્ય હેતુ હતો.

સભા પછી શ્રીહરિ જીવાખાચરના દરબારમાં જ રહ્યા. સંતો દરબારમાં પાછળ ઓસરીમાં રહેતા. મુકુન્દ બ્રહ્મચારી મહારાજની સેવામાં હતા. રોજ નવી નવી વાનગીઓ બનાવી મહારાજને જમાડતા. શ્રીહરિ નિત્ય ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા સતો સાથે જતા. બાપુ જીવાખાચર તથા એભલખાચર પણ સાથે જતા અને શ્રીહરિને ચોળીને બંને નવરાવતા. શ્રીહરિ ત્યાં ખળખળિયામાં અનેક પ્રકારની જળક્રીડા કરતા. પછી 'સ્વામિનારાયણ'ની ધૂન કરતા નગરમાં આવતા.

શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ તથા તેમના સંતોનું શીલવ્રત જોઈ ગઢપુરના શ્રાવકધર્મી નગરશેઠ હિમા શેઠે પણ શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી. શ્રીહરિ કેવલિક છે એવું તેમણે જાણ્યું. પાંચાળ દેશ આખો શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપથી, તેમની વાતોથી, તેમના સંતોની તિતિક્ષાથી ખેંચાયો.

આ પ્રસંગ ઉપર ગુજરાતમાંથી સદ્‌ગુરુ અનંતાનંદ સ્વામી આવ્યા હતા. તેમણે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! ગુજરાતમાં પણ આપના પ્રતાપે સત્સંગ ઘણો વધતો જાય છે અને ગુજરાતના હરિભક્તો પણ આપનાં દર્શન ઝંખે છે."

તેમની વાત સાંભળી શ્રીહરિએ કહ્યું : "અમે જરૂર ગુજરાતમાં આવશું અને ત્યાંના હરિભક્તોને સર્વ પ્રકારે સુખ આપીશું."

અનંતાનંદ આ સાંભળી રાજી થયા. તેમણે ગુજરાતમાં પાછા જવા મહારાજની આજ્ઞા માગી. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

મહારાજ બાપુ જીવાખાચરના દરબારમા પાચ દિવસ રહીને પછી બાપુ એભલખાચરના દરબારમાં પધાર્યા. અહીં બે-ત્રણ દિવસ રહીને મહારાજે ગુજરાત તરફ જવાનું નક્કી કર્યું. સાથે સોમલાખાચર, સુરાખાચર, નાજા જોગિયા વગેરેને પણ લીધા. સંતોમાં મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરેને પણ લીધા.

ઉદ્‌ગીથ ૧૪



ગુજરાત તરફ પ્રયાણ

(આ.સં. ૧૮૬૨, ઈ.સ. ૧૮૦૬)

મહારાજને ગુજરાત તરફ જવાની તૈયારી કરતા જોઈ બાપુ એભલખાચર એકદમ મહારાજના પગમાં પડી ગયા. મહારાજને તેમણે કહ્યું : "મહારાજ ! આપ જાઓ છો તો હવે અમારે કોનાં દર્શન કરવા, કોની સેવા કરવી, કોની વાતું સાંભળવી ?"

મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આ વાસુદેવનારાયણ પધરાવ્યા છે તે તમારે માટે જ પધરાવ્યા છે. તેમાં રહીને હું તમારી સેવા સ્વીકારીશ. તેમનાં દર્શન કરજો. તમને સર્વ પ્રકારે શાંતિ થશે."

એટલું કહીને મહારાજે ફરી કહ્યું : "બાપુ ! રાજી રહેજો. ઘણા મુમુક્ષુઓ અમારી વાટ જોઈને બેઠા છે, ઘણાં દર્શન તલસે છે, તે સૌના મનોરથ પૂરા કરવા જોઈએ. દેશમાં અધર્મ વ્યાપ્યો છે તેનો નાશ કરવો જોઈએ અને ધર્મનું સ્થાપન કરવું જોઈએ. માટે રાજી થઈને રજા દ્યો." બાપુએ તથા તેમના પરિવારે મહારાજને રાજી થઈને રજા આપી અને મહારાજ અશ્વ ઉપર બેસીને નીકળ્યા.

એ જ વખતે ખંભાળાથી મૂળુખાચર ત્યાં આવ્યા. મહારાજને જોઈ તે છેટેથી પગે લાગ્યા. ત્યારે સુરાખાચરે કહ્યું : "ભણે મહારાજના પગુમાં પડી જાઓ !"

મૂળુખાચર તરત જ મહારાજના પગમાં પડી ગયા ને પેગડું ઝાલી લીધું. પછી મહારાજે તેમને કહ્યું : "મૂળુખાચર, તમે વર્તમાન ધરાવો અને સત્સંગી થાઓ."

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! મારે હોકાનું અને અફીણનું બંધાણ છે તે નિયમ ન પળાય."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! એનાથી સત્સંગી નહિ થવાય. બંધાણ બહુ ભારે છે."

ત્યારે મહારાજે કહ્યું : "ભલે હોકો પીએ, અરે અફીણ ખાય પણ વર્તમાન

ધરાવીને કંઠી પહેરે !"

મૂળુખાચરે કહ્યું : "ભલે મહારાજ !"

મહારાજ એ સાંભળી તરત જ ઘોડા ઉપરથી ઊતરી ગયા અને ઉત્તરાદાબારની ઓસરીએ વાસુદેવનારાયણના મંદિર પાસે ગયા. પાણી મંગાવી મૂળુખાચરને વર્તમાન ધરાવ્યાં, કંઠી પહેરાવી. પછી દરબારમાં કહેવરાવ્યું કે "આ મૂળુખાચરને શિરામણ ઝટ કરાવો. અમારે તેમને અમારી સાથે લેવા છે." એમ કહીને મહારાજે તેમને પૂછ્યું : "અમારી સાથે ગુજરાતમાં આવશો ને ?"

તે સાંભળી તે હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! ગુજરાતમાં તો મેલીકારે બહુ ગયા છીએ અને હાથફેરો કરીને રાતોરાત પાછા આવ્યા છીએ. પણ હવે સત્સંગ સારુ તમારી ભેગા આવીશું." મહારાજ આ સાંભળી બહુ જ રાજી થયા.

મૂળુખાચર હોકો ફોડી નાંખે છે

ઝીંઝાવદર અને કારિયાણી વચ્ચે એક કૂવો હતો. ત્યાં નિષ્કુળાનંદ સ્વામી અને વરદાનંદ સ્વામી અગાઉથી આવી બેઠા હતા. મહારાજને આવતા જોઈ તેઓ સામા આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! પધારો, આ કૂવાનું પાણી સારું છે. નહાવું હોય તો અમે નવરાવીએ."

મહારાજ તરત જ ઘોડી ઉપરથી ઊતર્યા અને વસ્ત્ર બદલાવીને દિશાએ ગયા. પછી હાથ ધોઈ કૂવાના થાળામાં બિરાજ્યા. પછી મહારાજે તેમને કહ્યું : "પહેલાં આ મૂળુખાચરનો હોકો ધોવરાવો તથા બીજા બધાને પાણી પાઓ, પછી અમે નાહીએ."

તે પ્રમાણે તેમણે સેવા કરી. પછી મહારાજને મોટું કમંડળ હતું તે વડે પાણી સીંચીને ખૂબ નવરાવ્યા. મહારાજ રાજી થઈ ગયા અને બોલ્યા : "તમારાં આવાં મોટાં કમંડળ આજે ખરા કામમાં આવી ગયાં."

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા. રસ્તામાં જે જે ગામ આવે ત્યાં લોકો આ સંઘનાં દર્શન કરે, મહારાજને નીરખી નીરખીને જુવે. દૈવી રાજી થાય, આસુરી અકળાય. એક ગામને પાદરથી મહારાજ નીકળ્યા ત્યારે ભેગા થયેલા લોકો મહારાજ સામું બતાવીને કહેવા લાગ્યા : 'જુઓ, ઓલ્યા સ્વામિનારાયણ !"

કાઠી અસવારો અને સત્સંગીઓ તરફ બતાવીને સૌ કહેતા : "આ બધા સ્વામિનારાયણના સત્સંગીઓ છે." તેમાંથી એક જણ બોલી ઊઠ્યો : "પણ ઓલ્યો હોકાવાળો છે તે સત્સંગી નથી લાગતો. સ્વામિનારાયણના સત્સંગી

હોકા-બીડી પીવે નહિ.''

મૂળુખાચરે આ સાભળ્યું. તેને મનમાં રીસ ચડી ''બધાય સ્વામિનારાયણના સત્સંગી અને હું એકલો જ સત્સંગી નહિ ? આ હોકાએ મને સત્સંગી મટાડી દીધો ?'' તેણે ત્યાં જ હોકો ફોડી નાંખ્યો.

સંઘ બધો બરવાળે થઈ ધોળેરે પહોંચ્યો. અહીં દરબાર પૂંજાભાઈને ત્યાં ઊતર્યા. શ્રીહરિ તથા સંઘ માટે ઉત્તમ રસોઈ અજુબા તથા ફૂલજીબાએ કરાવી. સૌને સારી રીતે જમાડ્યા. શ્રીહરિ તરત જ ત્યાંથી નીકળ્યા અને સાબરમતી ઊતરી ખંભાત પહોંચ્યા. ત્યાંથી મહારાજ બોચાસણ પધાર્યા

કાનદાસને અસંખ્ય વિમાનો દેખાય છે

શ્રીહરિનાં દર્શનથી કાશીદાસ તથા તેમનાં માતુશ્રી નાનીબા અતિ પ્રસન્ન થયાં. તેમના પિતા કાનદાસને પણ શ્રીહરિ પ્રત્યે પ્રેમ હતો. પરંતુ કાશીદાસ તેમને ભગવાન કહેતા એ તેમને રુચતું ન હતું. તેઓ કહેતા કે ''કાશીદાસ ! સહજાનંદ સ્વામીને શુકજી ને નારદ સરખા કહેવાય પણ ભગવાન કેમ કહેવાય ?''

કાશીદાસ પણ તેમને કહેતા : ''મોટા ! એ તમને મહારાજ સમજાવશે. મારું ગજું નહિ. હું તો તેમને ભગવાન માનું છું.''

કાશીદાસના શબ્દ પ્રમાણે કાનદાસને શ્રીહરિએ અનુભવ કરાવ્યો. તેમના ખેતરે તેઓ ગયા અને ત્યાં તેમણે અસંખ્ય વિમાનો જોયાં. તે વિમાનોમાં તેમણે નારદ, શુકદેવ, સનકાદિક જેવા સંતો-ભક્તો જોયા. અન્ય અવતારો પણ જોયા. તે બધાની વચ્ચે એક મોટા વિમાનમાં તેમણે શ્રીહરિને જોયા. આ દેવતાઓ, ભક્તો, સંતો, અવતારો સર્વ શ્રીહરિ સમક્ષ આવી તેમને નમસ્કાર કરતા હતા.[૭૧] કાનદાસને કાશીદાસના શબ્દો સાચા મનાયા : શ્રીહરિ ભગવાન છે એટલું જ નહિ પરંતુ સર્વ અવતારોના અવતારી છે.

આજે શ્રીહરિ પધાર્યા ત્યારે આ ભાવથી તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. નાનીબાને લાગ્યું કે આજે ભાગ્ય ઊઘડી ગયાં. શ્રીહરિ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા અને એકાએક ત્યાંથી સવારે નીકળી ગયા ત્યારે કાશીદાસે તેમના ચરણની રજ લઈ લીધી હતી. તે ચરણરજના તેઓ રોજ દર્શન કરતા, શ્રીહરિની સ્મૃતિ કરતાં સર્વ પ્રકારે શ્રીહરિમય બની ગયા હતા. શ્રીહરિને પોતાના ઘેર ઉતાર્યા. સંતો તથા

૭૧. ખેતર પાસે કૂવો છે ત્યાં કાનદાસ ઊભા હતા. તે વખતે ખેતરમાં અસંખ્ય વિમાનો ઉતર્યાં તેથી તે કૂવાને વિમાનિયો કૂવો કહે છે. તે હજુ મોજૂદ છે.

કાઠીઓના સંઘને પણ યોગ્ય ઉતારા આપ્યા. સરભરામાં કોઈ ખામી રાખી નહિ.

બીજે દિવસે શ્રીહરિને નાનીબાએ હાથ જોડી પૂછ્યું : ‘‘મહારાજ ! મારું કલ્યાણ થશે કે નહિ ?’’

શ્રીહરિ તેમનો પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ‘‘મા, તમારું કલ્યાણ તો જરૂર થશે પણ તમારાં સગાં-સંબંધીઓ અને જેમણે તમારા હાથના રોટલા ખાધા છે તેમનું પણ કલ્યાણ થશે.’’

કાશીદાસ તે વખતે ત્યાં ઊભા હતા. તેમણે વિચાર્યું કે શ્રીહરિ તો પરમ ઉદાર છે. તેમણે તો કેવળ અમારા સંબંધથી જ અમારાં સગાંઓનું કલ્યાણ કરી દીધું. પરંતુ મારે તે સંબંધીઓને શ્રીહરિનાં દર્શન કરાવવાં, તેમની સેવાનો લાભ અપાવવો.

શ્રીહરિ કાશીદાસનો હાથ પકડી ત્યાં બિછાવેલ પાટ[૭૨] ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તો પણ સન્મુખ બેઠા હતા. પછી શ્રીહરિએ કાશીદાસને કહ્યું : ‘‘તમારાં સગાં-સંબંધીઓના ગામે જવાનું હોય તો નક્કી કરી નાંખો. તે પ્રમાણે કાલે અહીંથી નીકળીએ.’’

કાશીદાસ શ્રીહરિનાં આ વચન સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે કહ્યું : ‘‘મહારાજ ! આપને માટે મેં એક સરસ માફો તૈયાર કરાવ્યો છે. તે એક-બે દિવસમાં થઈ જાય એટલે નીકળીએ.’’

બે દિવસ પછી શ્રીહરિ કાશીદાસે તૈયાર કરેલા માફામાં બેસી ત્યાંથી સંઘ સાથે નીકળ્યા. પહેલા દાવોલ ગયા. ત્યાં સગાં-સંબંધીઓને શ્રીહરિની ઓળખાણ કરાવી મહિમા કહ્યો અને તેમની પાસે શ્રીહરિની સેવા પણ કરાવી. પછી ત્યાંથી બીજે ગામ એમ થોડાં ગામો ફર્યા.[૭૩] પછી શ્રીહરિ ત્યાંથી સીંજીવાડે પધાર્યા.

સીંજીવાડામાં

સીંજીવાડામાં શ્રીહરિ ગામને પાદર ઝાડની ઘટા નીચે ઊતર્યા. પછી

---

૭૨. આ પાટ હાલ અક્ષરપુરુષોત્તમ મંદિર, બોચાસણના રંગમંડપમાં દર્શનાર્થે સાચવી રાખી છે.

૭૩. કાશીદાસ શ્રીહરિને જુદા જુદા સમયે પોતાના સંબંધીઓ, જે આજુબાજુનાં બત્રીસ ગામોમાં હતા, ત્યાં લઈ ગયા હતા અને સૌને શ્રીહરિનો સંબંધ કરાવ્યો હતો. શ્રીહરિ જે માફામાં બિરાજીને વિચર્યા હતા તે પ્રસાદીનો માફો હાલ ગાંધીનગર ખાતે અક્ષરધામમાં છે.

રાયધણજી પાંચ અસવારો તથા મયારામ ભટ્ટને લઈને ત્યાંના જગરૂપ બારોટને ત્યાં ગયા. જગરૂપ બારોટને અનંતાનંદજીએ વર્તમાન ધરાવી સત્સંગી કર્યા હતા. શ્રીહરિનો મહિમા પણ કહ્યો હતો. પરંતુ તેમને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં ન હતાં. તેથી રાયધણજી જ્યારે શ્રીહરિના સમાચાર લઈને આવ્યા, ત્યારે બારોટ હર્ષઘેલા થઈ ગયા અને એકદમ શ્રીહરિનાં દર્શન કરવા દોડ્યા : "ઓ મહારાજ ! ઓ ભગવાન ! આપ પધાર્યા, મારા મનના મનોરથ ફળ્યા." એમ બોલતા જાય અને શ્રીહરિને દંડવત્ કરતા જાય.

મહારાજે બારોટનો પ્રેમ જોયો. પ્રેમમાં બારોટ આકળા હોય અને બોલવામાં મોકળા હોય. શ્રીહરિએ તેમને આશીર્વાદ આપ્યા. માથે હાથ મૂક્યો. પછી શ્રીહરિને તેઓ તેમને ઘેર લઈ ગયા.

શ્રીહરિ માટે મયારામ ભટ્ટે રસોઈ કરી, સંઘ માટે જગરૂપ બારોટનાં પત્ની સજુબાઈએ તથા અન્ય બાઈઓએ કરી. શ્રીહરિ જમવા પધાર્યા ત્યારે કહ્યું : "કાશીદાસ પાદરે છે તેમને બોલાવજો, ભૂલી જતા નહિ, નહિ તો તે તો 'જમ્યો છું' કહીને ભૂખ્યા રહેશે." કાશીદાસને બોલાવવા માણસ મોકલ્યો અને સર્વ સંઘને જમાડ્યો.

શ્રીહરિએ સાંજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી ઘણી વાતો કરી સૌને તૃપ્ત કરી દીધા. શ્રીહરિની વાતો હૈયાસોંસરી ઊતરી જાય તેવી, ખમિયાળાના તીર જેવી. તે જો શરીરની અંદર રહે તોય માણસ મરે અને તેને ખેંચીને બહાર કાઢે તો આંતરડાં લઈને બહાર નીકળે અને માણસ મરે. તેમ જેમણે શ્રીહરિની વાતો સાંભળી, તેમને માટે લૌકિક જીવન મૃત્યુ સમાન બની ગયું !

રાત્રે શ્રીહરિ પોઢ્યા ત્યારે બાપુભાઈ અને બારોટ શ્રીહરિના પગ દબાવતા હતા. શ્રીહરિએ તેમને કહ્યું : "કાલે સવારે અમારે નીકળવું છે."

એ સાંભળી બાપુભાઈએ કહ્યું : "મહારાજ ! મારી રસોઈ જમ્યા સિવાય નીકળાશે નહિ." મહારાજે તેમનો ભાવ જોઈ હા કહી.

બાપુભાઈની રસોઈ જમી શ્રીહરિ સંઘને લઈને ત્યાંથી નીકળ્યા. કાશીદાસ પણ પોતાનો માફો લઈને સાથે જ હતા. શ્રીહરિ ઘોડા ઉપર બિરાજમાન થયા હતા. થોડે દૂર ગયા એટલે ઘોડેથી ઊતરી શ્રીહરિ કાશીદાસના માફામાં બિરાજ્યા.

એટલામાં કોઈકે કહ્યું કે મયારામ ભટ્ટ ઘોડી ઉપરથી પડી ગયા. શ્રીહરિએ માફો ઊભો રખાવ્યો અને નીચે ઊતર્યા. રાયધણજીની ઘોડી મંગાવી તે ઉપર બેસીને ભટ્ટ જ્યાં પડ્યા હતા ત્યાં ગયા. શ્રીહરિએ જોયું કે ભટ્ટ તો ઘસડાતા હતા

કારણ એક પગ પેગડામાં ભરાઈ રહ્યો હતો અને ઘોડી આગળ ચાલતી હતી. ભટ્ટનો ખડિયો પણ પડી ગયો હતો. શ્રીહરિએ તે ખડિયો લઈ લીધો પરંતુ તેમાં વાસણ ખખડતાં હતાં એટલે શ્રીહરિ બોલ્યા : "આ ખડિયામાં ભટ્ટજીએ વાસણ લીધાં છે. એટલે વાસણ ખખડે ને ઘોડી ભડકે. ઘોડીનો કાંઈ વાંક નથી." પછી ભટ્ટની ઘોડી ઊભી રાખી. ભટ્ટજીને ઊભા કર્યા. બહુ વાગ્યું નહોતું તેથી તેમને બીજી ઘોડી ઉપર બેસાર્યા. અહીં પણ તેમણે ખડિયો તો સાથે જ રાખવાનું નક્કી કર્યું. તેથી શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "ભટ્ટજી ગરથ ગાંઠેથી છોડતા નથી."

શ્રીહરિ ભટ્ટજીની ઉન્મત્ત થયેલી ઘોડી ઉપર બિરાજ્યા. વસો આવ્યું. ભાભારામની ભાગોળે શ્રીહરિએ ભટ્ટની ઘોડીને કુંડાળે નાંખી. ઘોડી ઝાડ થાય, કૂદકો મારે પણ શ્રીહરિએ તેને સો આંટા ફેરવ્યા. ઘોડી પરસેવે રેબઝેબ થઈ ગઈ, નરમ બની ગઈ. ઘોડીને રેવાળ ચાલમાં નાખી શ્રીહરિ વસોમાં પધાર્યા.

વસોમાં

વસોના હરિભક્તો વિપ્ર વાલાભાઈ તથા તેમનાં પત્ની અવલબાઈ, તુલસીભાઈ અમીન, દવે દાદા, લુવાણા કાનજી ઠક્કર વગેરેએ શ્રીહરિનું સામૈયું કર્યું. શ્રીહરિ માટે બરફીની માટલી લાવ્યા. શ્રીહરિએ તેમાંથી થોડું લઈ બાકીની પ્રસાદી સાથેના હરિભક્તોને આપી. પછી જગરૂપ બારોટને કહ્યું : "તમે હવે ઘેર જાઓ, તમારાં મા બહુ કલ્પાંત કરે છે."

કાશીદાસને પણ કહ્યું : "તમે પણ જાઓ !"

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારા સંબંધીઓ માતરમાં રહે છે. તેમને ઘેર આપને તેડી જવા છે."

શ્રીહરિએ તરત જ કહ્યું : "ચાલો માતર." એમ કહી વસોના હરિભક્તોને દર્શન આપી ત્યાંથી માતર પધાર્યા.

જીવનમુક્તા ગામ બગાડશે

શ્રીહરિ માતર પધારે છે તે જાણી એક બાવાને ઈર્ષ્યા થઈ. જીવનમુક્તા ગામમાં પેસશે તો ગામ બગાડશે. જીવનમુક્તાની છાપ એવી પડી ગઈ હતી કે તેઓ તથા તેમના સંતો જ્યાં જતા ત્યાં હોકો, બીડી, દારૂ, માંસ, ચોરી, અવેરી, ડુંગળી, લસણ વગેરે છોડાવી દેતા. આ બધાં વ્યસનો, ફેલ મૂકી શુદ્ધ થાય તેને લોકો અવળી બુદ્ધિના છે, બગડી ગયા છે એમ કહેતા. કારણ એવા શુદ્ધ થયેલા

લોકો બાવાઓને ચલમ-ગાંજો ન પીવા દે. રામકી ન રાખવા દે, ધનનો સંગ્રહ છોડાવી દે. આવાં દૂષણોને પોતાની મૂડી સમજી સાચવી રાખતા બાવાઓને શ્રીહરિ અને તેમના સાધુઓ કેમ ગમે ?

પણ બધા બારોટોએ મળીને બાવાને સાફ કહી દીધું : ચોરો છોડવો પડશે. બાવો બધાનું જોર જોઈ મૂંગો થઈ ગયો. શ્રીહરિ કાશીદાસના સંબંધીને ત્યાં ઊતર્યા. ત્યાં સૌને જમાડ્યા અને શ્રીહરિ ત્યાંથી નીકળી પીજ પધાર્યા.

પીજમાં શ્રીહરિ બચાભાઈની ખડકીમાં ઊતર્યા. ભાઈજીભાઈ, ઝવેરદાસ, કાનદાસ વગેરે પીજના હરિભક્તો મહારાજ પધાર્યા તેથી હર્ષઘેલા થઈ ગયા. સૌએ સેવાનો લાભ લેવા નક્કી કર્યું. પીજમાં એક ચમત્કારી મહાપુરુષ આવ્યા છે તે સમાચાર ડભાણમાં પહોંચી ગયા. તે વાત સાંભળીને ડભાણના વિષ્ણુદાસના પુત્ર રઘુનાથદાસ અને તેમનાં બહેન અવલબાઈએ પિતાને વિનંતી કરી કે આજ્ઞા આપો તો પીજ જઈ આ મહાપુરુષને અહીં તેડી લાવીએ. વિષ્ણુદાસે સંમતિ આપી. અને બંને ભાઈ-બહેન પીજ આવ્યાં. તેમણે અહીં આવી શ્રીહરિને પ્રાર્થના કરી : "મહારાજ ! અમારે ગામ ડભાણ પધારો."

શ્રીહરિ જાણતા હતા કે ગામેગામ મુક્તોએ અવતાર લીધા છે, પોતાનો સંબંધ કરવા અને અન્યને પણ લાભ અપાવવા. વિષ્ણુદાસ એવા મુક્ત હતા એ શ્રીહરિની દૃષ્ટિ બહાર ન હતું. શ્રીહરિએ તરત જ તેમની વિનંતી સ્વીકારી. પીજના હરિભક્તોએ શ્રીહરિને બે દિવસ રાખ્યા. વધુ લોભ હતો, પણ શ્રીહરિને વધુ લોભ હતો અન્યને લાભ આપવાનો. એટલે પીજથી નીકળી ડભાણ પધાર્યા.

વિષ્ણુદાસના આવાસમાં

અહીં શ્રીહરિ વિષ્ણુદાસના આવાસમાં ઊતર્યા. શ્રીહરિ માટે રસોઈ વગેરેની વ્યવસ્થામાં ત્યાંના વિપ્રો પ્રભુરામ તથા વિપ્ર કુબેરજી મયારામ, પ્રભુરામના પુત્ર જગન્નાથ વગેરે જોડાઈ ગયા. નાગજીભાઈ તથા ગોવિંદરામ અને અન્ય હરિભક્તો પણ શ્રીહરિ સાથેના સંઘની, સંતોની સેવામાં પ્રવૃત્ત થઈ ગયા. શ્રીહરિના નામમાં આકર્ષણ હતું, દર્શનમાં દિવ્યતા હતી. તેમનાં દર્શન થતાં જ તેઓ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે એવો ઘણાને નિશ્ચય થઈ જતો. વિષ્ણુદાસને શ્રીહરિનાં દર્શનથી જ શ્રીહરિના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો.

શ્રીહરિ ડભાણમાં બે દિવસ રહ્યા અને પછી ત્યાંથી નીકળી ટુંડેલ થઈને બામરોલી પધાર્યા.

શ્રીહરિ તખા પગીનો હાથ પકડે છે

મુક્તાનંદ સ્વામીના યોગથી અહીંના તખા પગીને સત્સંગ થયો હતો અને શ્રીહરિનો મહિમા સમજાયો હતો. તેની ઘણા સમયની ઇચ્છા હતી, તે ઇચ્છા આજે પૂરી થઈ. શ્રીહરિનું તેણે ભાવપૂર્વક સામૈયું કર્યું. આ સમૈયામાં ઢોલ, ત્રાંસાં, નગારાં કે શરણાઈ ન હતાં. પરંતુ બંધૂકોના અવાજ હતા. તીરકામઠાં, ભાલા અને શસ્ત્રધારી પદાતિઓ હતા.

શ્રીહરિનાં દર્શન કરતાં જ સૌ દંડ પડે તેમ પૃથ્વી ઉપર પડી ગયા. શ્રીહરિ તેમને જોઈ બહુ રાજી થયા. તખા પગીને ભેટ્યા. પછી શ્રીહરિએ તીરકામઠાં અને ભાલાથી સજ્જ થયેલા પગીઓ તરફ દૃષ્ટિ કરી. તખા પગી આ દૃષ્ટિથી શ્રીહરિનો ભાવ સમજી ગયા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપને અમારે રાજી કરવા છે. આપ પધારો. અમને સૌને પાવન કરો."

શ્રીહરિએ તેમનો હાથ પકડ્યો. ક્યાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ-નારાયણ અને ક્યાં ચોરી, છીનાળી કરતા આ પગીઓ ! જેમનાં અંગ ઉપર આટઆટલી લૂંટ કરવા છતાં વસ્ત્રો ન હતાં, પણ ધાગા હતા. જેમનાં શરીર ગંધાતાં હતાં, જેમની વાણીમાં કર્કશતા હતી, તે બધા આજે શ્રીહરિના સખા બની ગયા !

શ્રીહરિ તેમની સાથે સાથે ચાલ્યા. રાયણ નીચે તખા પગીએ ઢોલિયો ઢાળી દીધો. તે ઉપર શ્રીહરિ બિરાજ્યા. પછી શ્રીહરિએ તખા પગીને કહ્યું : "તમારા તીરકામઠાંવાળા ભેરૂઓને બોલાવો." તરત જ તે બધા શ્રીહરિ સન્મુખ આવ્યા. શ્રીહરિએ તખા પગીને કહ્યું : "મને જો રાજી કરવો હોય, તો આ તીરકામઠાં, આ ભાલા, તલવારો બધું મૂકી દેવું પડશે. હાથમાં માળા લેવી પડશે. હાથમાં તલવાર કે ભાલા હશે તો હિંસા કરવાનું મન થશે. હાથમાં માળા હશે તો ભજન કરવાનું મન થશે. સાચી શૂરવીરતા ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવામાં છે. જેને ઇન્દ્રિયો પર કાબૂ છે, જે બ્રહ્મચર્ય પાળે છે તેના સંકલ્પમાં અસંખ્ય ભાલા અને તલવારોથી વિશેષ બળ હોય છે..તમે અત્યાર સુધી અનેકની હિંસા કરી, અનેકને લૂંટ્યા છતાં તમારા દિદાર પલટાયા નહિ. જે લૂંટનો માલ મળ્યો, તે ખાવા-પીવામાં, ફેલફતૂરમાં ઉડાડી દીધો અને પાપનાં પોટલાં બાંધ્યાં."

શ્રીહરિ બોલતા હતા, તખા પગી તેમની સમક્ષ જોઈ રહ્યા હતા. શ્રીહરિના શબ્દે શબ્દે તેમનું અંતર ભીંજાતું હતું. અંતરમાંથી કઠોરતા નીકળતી હતી. ઋજુતા આવતી હતી. તખા પગી અશ્રુ સારી રહ્યા હતા.

આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે

તેમના તરફ જોઈ શ્રીહરિએ ફરી કહ્યું : "પગી ! આજે રોવાનો દિવસ નથી. તમારાં પાપમાત્ર તો આ દર્શનથી બળી ગયાં. હવે નવાં ન કરશો. અને જેટલું બળ, શૂરવીરતા, તમારા અત્યાર સુધીના ધંધામાં વાપર્યાં તે બળ અને શૂરવીરતા હવે પ્રભુ ભજવામાં, પ્રભુને પ્રસન્ન કરવામાં વાપરો. હું રાજી થઈ જઈશ." શ્રીહરિના આ શબ્દો સાંભળી સર્વે પગીઓએ ભાલા, તલવારો, તીરકામઠાં ફેંકી દીધાં. શ્રીહરિએ તે જોઈ તેમને કહ્યું : "એમ એ ફેંકી દેવાનાં પણ નથી. તેને સાચવો, તેનું પૂજન કરો અને ગરીબને કોઈ પીડતો હોય, સમજાવટથી પણ ન માનતો હોય તો ગરીબની, બ્રાહ્મણની, સ્ત્રીની અને ગાયની રક્ષા માટે તેનો ઉપયોગ પણ કરો. એવા આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે."

શ્રીહરિના શબ્દોમાં રાજનીતિની ફોરમ હતી. ન્યાયનું પરિશીલન હતું. શ્રીહરિએ સહજમાં જ નિઃશસ્ત્રીકરણ કરાવી દીધું. તેને માટે લાંબાં પ્રવચનોની જરૂર ન હતી. ફક્ત આધ્યાત્મિક બળની, સંકલ્પની જરૂર હતી.

પછી શ્રીજીમહારાજ સ્નાનાદિક ક્રિયા કરવા કૂવે પધાર્યા. અહીં સ્નાનવિધિથી પરવારી પાછા રાયણ પાસે આવ્યા. તરત જ સંઘને આજ્ઞા કરી : "ચાલો વરતાલ." પરંતુ તખા પગીએ રસોઈનો આગ્રહ કર્યો. શ્રીહરિએ કહ્યું : "વરતાલ પહોંચવામાં મોડું થઈ જાય."

તેથી તખા પગીએ કહ્યું : "મહારાજ ! ખમો, હું કેરીઓ લાવું."

શ્રીહરિ તેનો ભાવ જોઈ ઢોલિયા ઉપર બિરાજ્યા.

શ્રીહરિ બામરોલી પધાર્યા છે તે સમાચાર વરતાલ પહોંચી ગયા. તેથી સૌ ઘરકામ પડતાં મૂકીને બામરોલી આવવા નીકળી ગયા. મહુડિયા પરાના જાલમ પગી પણ નીકળી ગયા. શ્રીહરિ રાયણ નીચે બિરાજ્યા હતા. તેમના દિવ્ય સ્વરૂપનાં સૌએ દર્શન કર્યાં. સાથેના કાઠી સમાજને પણ જોયો. ગુજરાતમાં રાતોરાત ગામ લૂંટી, ત્રાસ વર્તાવી સવાર પહેલાં કાઠિયાવાડમાં પહોંચી જતા આ કાઠીઓ આજે શ્રીહરિના પરમ ભક્ત બની ગયા હતા ! શ્રીહરિનું આ ભગવાનપણું હતું. તેમના ઐશ્વર્યથી, તેમના સંકલ્પથી કાઠિયાવાડનો સમાજ સુધરતો હતો. મંત્ર-તંત્રના ફેલમાંથી, ભૂત-પ્રેતના વહેમમાંથી લોકો બહાર આવતા હતા. શ્રીહરિના સ્ત્રી અને ધનના ત્યાગી સંતો ગામડે ગામડે ફરતા

હતા. અપમાન, તિરસ્કાર, માર સહન કરતા હતા અને છતાં લોકસંપર્ક સાધતા હતા. લોકોને તેઓ સમજાવતા કે ''પરમાત્મા એક જ છે, તેઓ જ એક સર્વકર્તા છે, બીજા ક્ષુદ્ર દેવ-દેવીઓ પરમાત્માની સત્તા પાસે અતિ અલ્પ છે. જેણે આ પરમાત્માનો આશરો લીધો તેણે તામસી દેવ-દેવીઓની બીક રાખવી નહિ. મંત્ર-જંત્ર કે ભૂત-પ્રેતના વહેમોનાં જાળાંમાંથી બહાર નીકળી જવું.''

શ્રીહરિના દિવ્ય વ્યક્તિત્વથી લોકોનાં અંતર નિર્મળ બની જતાં, અંતરનું અજ્ઞાન ટળી જતું. શ્રીહરિનાં તેમણે દર્શન કર્યાં અને શ્રીહરિએ સર્જેલો આ ચમત્કાર તેમને સમજાઈ ગયો. સૌ શ્રીહરિના પગમાં પડી ગયા !

એટલામાં તખો પગી કેરીઓ લઈ આવ્યા. શ્રીહરિ સમક્ષ કેરીઓના ઢગલા થઈ ગયા. શ્રીહરિ સૌને કેરીઓ આપવા માંડ્યા. પોતે પણ એક જમ્યા. તખા પગીએ આમ્ર ઉત્સવ કર્યો. શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા. કાઠી દરબારોનો કોઠો ગુજરાતની કેરી જમી ટાઢો થઈ ગયો. તેમને થયું કે ગુજરાતમાં આવ્યા પ્રમાણ !

ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી

થોડી વારે શ્રીજીમહારાજ ઊઠ્યા અને સૌને આદેશ આપ્યો : ''ચાલો'' અને સંઘ વરતાલના માર્ગે ચડ્યા. રસ્તામાં મહુડિયું પરુ આવ્યું ત્યારે જાલમજી પગીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મારું ઘર પાવન કરો.''

શ્રીહરિ બે સંતો સાથે તેમને ઘેર પધાર્યા. તેમણે પૂજન કર્યું. શ્રીહરિને તેમણે ભેટ મૂકી. શ્રીહરિ તે જોઈ હસ્યા. પછી પૂછ્યું : ''ચોરીનો માલ તો નથી ને ?'' જાલમજી પગી શરમાઈ ગયા ! શ્રીહરિએ તરત જ કહ્યું : ''ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. એ ભેટ અમને ન ખપે. તમારો ભાવ છે એ જ મોટી ભેટ છે.'' એટલું કહી શ્રીહરિ ઊઠ્યા. જાલમજી પગીએ ત્યારથી જ નક્કી કરી દીધું : ચોરી કરવી હરામ છે.

તીર્થરાજ વરતાલમાં

મહારાજ વરતાલ પહોંચ્યા અને વરતાલના નગરજનોને આનદ થયો. મહારાજને વાસણ સુથાર તેમને ઘેર લઈ ગયા. ત્યાં ઉતારો ગોઠવ્યો હતો. વડેઉ માતાની ધર્મશાળામાં કાઠી અસવારો તથા અન્ય સત્સંગીઓને ઉતાર્યા. વરતાલને શ્રીહરિએ પોતાના કાર્યક્ષેત્રનું મુખ્ય કેન્દ્ર કરવાનું નક્કી કર્યું હતું તેથી વરતાલ અને વરતાલના વાસીઓ ઉપર તેમની દૃષ્ટિ હતી. અહીં

મહારાજ દશ દિવસ રહેવાના હતા. તેથી આજુબાજુનાં ગામોના હરિભક્તો પણ અહીં આવ્યે જતા હતા.

બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ બંનેને રાત્રે સ્વપ્નમાં દર્શન થયાં. મહારાજ વરતાલ પધાર્યા છે. વડેઉ માતાની ધર્મશાળામાં ઊતર્યા છે. પાટ ઉપર ઉત્તરમુખે બિરાજમાન છે. સવારે ઊઠીને બંનેએ પરસ્પર સ્વપ્નાની વાત કરી. પછી તેમણે નક્કી કર્યું કે વરતાલ જવું અને જોવું કે વાત સાચી છે કે ખોટી. ખોડાભાઈ તથા હઠીભાઈ બંને બુધેજથી નીકળી વરતાલ ગયા.

તેઓ વરતાલ આવ્યા ત્યારે તેમને ખબર પડી કે વડેઉ માતાની ધર્મશાળામાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. આ સમાચાર જાણી તેમના આનંદનો પાર ન રહ્યો. તેઓ તરત જ ત્યાં ગયા. ત્યાં તેમણે જોયું કે શ્રીહરિ પાટ ઉપર ઉત્તરમુખે બિરાજમાન થયા હતા. સ્વપ્નમાં જે દર્શન થયાં તેનો અહીં તેમને સાક્ષાત્કાર થયો. તેમણે નક્કી કર્યું કે જરૂર સ્વામિનારાયણ ભગવાન છે.

તેમણે મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજે તેમને બોલાવ્યા, માથે હાથ મૂક્યો અને કહ્યું : "વર્તમાન ધરાવો, સત્સંગી થાઓ. સુખિયા થઈ જશો."

તેમણે તરત જ વર્તમાન ધરાવ્યાં. મહારાજે તેમને જે નિયમ પાળવાના હતા તે સમજાવ્યું. પછી જ્ઞાનવાર્તા કરતાં કહ્યું : "પરમાત્માને પ્રગટવા માટે કાંઈ યુગની રાહ જોવાની હોતી નથી. એ તો જ્યારે અધર્મની વૃદ્ધિ થાય, ત્યારે તેનો નાશ કરવા માટે અને સદ્ધર્મના સ્થાપન માટે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે." કળિયુગમાં ભગવાન ન હોય એવી તેમની અજ્ઞાનતાની માન્યતા દૂર થઈ.

વરતાલમાં મહારાજે જણાવેલો પ્રૌઢ પ્રતાપ

વરતાલમાં શ્રીહરિએ પોતાનો પ્રૌઢ પ્રતાપ બતાવ્યો. મહારાજે અનેકને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યાં. જેને જેને પોતાના ઇષ્ટદેવમાં ભક્તિ હતી તે ઇષ્ટદેવરૂપે તેમને મહારાજ દેખાયા. આ વાત આજુબાજુનાં ગામોમાં પ્રસરી. મુમુક્ષુઓનાં વહેણ વરતાલ ભણી વળવા લાગ્યાં.

મહારાજ વરતાલ પધારવાના છે તે સમાચાર સાંભળી કાનમ દેશ અને સુરતથી હરિભક્તોના સંઘ મહારાજ માટે વિવિધ પ્રકારની ભેટો લઈ વરતાલ આવવા નીકળી ગયા. મહારાજ પધાર્યા તે જ દિવસે આ હરિભક્તો પણ પહોંચી ગયા.

મહારાજ સાથે કાઠી હરિભક્તોને આવેલા જોઈ સૌ તેમનાં દર્શને જવા

લાગ્યા. કાઠિયાવાડની આ માથાભારે કોમને શ્રીજીમહારાજે વશ કરી દીધી. તેમના સંબંધે સારા કાઠિયાવાડમાં શાંતિ સ્થપાઈ ગઈ. આ બધું તેમણે સાંભળ્યું હતું. આજે એ જ માથાભારે કોમના માણસો ભગત બની ગયા છે તે જાણી તેઓ બધા તેમનાં દર્શને આવવા લાગ્યા.

મૂળુખાચર અફીણ ફેંકી દે છે

સુરાખાચર, સોમલાખાચર, અલૈયાખાચર વગેરે અગ્રેસર કાઠીઓને મળ્યા, તેમના દર્શન કર્યાં, પગે લાગ્યા અને કહેવા લાગ્યા : "અહો, આપણા ધન્યભાગ્ય કે મહારાજના આવા સખાઓનાં આપણને દર્શન થયા."

કાઠી ભક્તો પણ, ગુજરાતની પોચી ધરતીના, પોચા હૈયાના આ ભક્તો વ્યવહારે સુખી છતાં સાદા અને સરળ મનના જોઈ અત્યંત રાજી થયા. તે વખતે મૂળુખાચર કસુંબો કાઢીને પીતા હતા તે જોઈ હરિભક્તો તેમની પાસે આવતા પણ તરત ખસી જતા. તેમને બોલાવતા પણ નહિ અને 'જય સ્વામિનારાયણ' પણ કહેતા નહિ. અંદર અંદર સૌ વાતો કરતા - "કાઠી ભક્તો ભેળા આ આવ્યા છે, પણ સત્સંગી લાગતા નથી."

મૂળુખાચરે આ સાંભળ્યું અને જેવી હોકા ઉપર રીસ ચડી હતી તેવી તેમને અફીણ ઉપર પણ રીસ ચડી અને તરત જ ખડિયામાં જેટલું અફીણ હતું તે તેમણે બહાર ફેંકી દીધું. આમ ચોખ્ખા થઈ ગયા. પછી મહારાજનાં દર્શને ગયા. મહારાજે તેમને પૂછ્યું : "મૂળુખાચર ! હોકાપાણીનો બરોબર બંદોબસ્ત થયો છે ને ?"

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! મેં તો હોકોય ફોડી નાંખ્યો અને અફીણે નાંખી દીધું."

મહારાજ આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે પૂછ્યું : "શું સુરાખાચરે ઉપદેશ આપ્યો !"

"અરે ના રે મહારાજ ! સુરો શું કહેતો'તો ! પણ આપના પ્રતાપે થયું છે. હોકો કુસંગીના વચનથી ફોડ્યો અને અફીણ સત્સંગીના શબ્દથી મેલ્યું." મૂળુખાચરે સ્પષ્ટતા કરી. મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. સત્સંગના યોગથી વગર ઉપદેશે કેવું પરિવર્તન થઈ જાય છે !

✧

શ્રીજીમહારાજ સૌ સંતો તથા કાઠી હરિભક્તોને લઈને ગામને પાદર તળાવ છે ત્યાં નાહવા પધાર્યા. અહીં મહારાજ સ્નાનાદિક વિધિ કરીને સભા

કરી બિરાજ્યા. તે સમયે એક વાંદરો ઠેકતો ઠેકતો આંબાના ઝાડ ઉપર આવીને બેઠો. તે જોઈ કાઠી બોલવા લાગ્યા : "ભણે, આ વાંદરો રામાવતાર વખતનો લાગે છે !" એમ કાઠીઓ અંદર અંદર ટીખળ કરવા લાગ્યા. રામાવતારમાં વાદરા રાવણના સૈન્ય સાથે લડ્યા - એ બધી વાતું તેમને શાસ્ત્રોનાં ખોટાં ગપ્પાં જેવી લાગી. તેમને ટીખળ કરતા જોઈ મહારાજે પૂછ્યું : "શું વાત કરો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આ વાંદરા તે રાવણ સામે શી રીતે લડ્યા હશે ?"

મહારાજે તેમને કહ્યું : "સાંભળો, શાસ્ત્રનાં વચનો તે ગપ્પાં નથી. આપણી બુદ્ધિને તે સમજાતું નથી તેથી આપણે તેને ગપ્પાં માનીએ છીએ." એમ કહી મહારાજે તે વાંદરા તરફ જોઈ હાથની સમસ્યા કરી એટલે તે તરત જ કૂદીને સભામાં આવ્યો. મહારાજે તેના હાથમાં પોતાની માળા આપી. વાંદરો તે માળા ફેરવવા લાગ્યો અને સાથે સાથે રામાયણની ચોપાઈઓ પણ બોલવા લાગ્યો. આ જોઈ સૌને આશ્ચર્ય થયું !

એટલામાં કોઈ બોલ્યું : "મહારાજ ! આટલા નાના વાંદરે આખો ડુંગર શી રીતે ઉપાડ્યો હશે ?"

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "જીવનો સ્વભાવ જ એવો છે કે નિત્ય નવું જોવાનો સંકલ્પ કર્યા જ કરે. આ વાંદરો ચોપાઈ બોલ્યો, તેણે માળા ફેરવી છતાં તમને હજુ શંકા થઈ ?" પછી મહારાજે તેની સામે દૃષ્ટિ કરી એટલે તે અદ્ધર આકાશમાં ઊડ્યો. તેનું સ્વરૂપ મોટું થતું ગયું. સૌએ જોયું કે તેના હાથમાં મોટો ડુંગરો છે. કાઠીઓએ શ્રીહરિનો પ્રતાપ જોયો. તેમને લાગ્યું કે મહારાજના સંકલ્પમાં સમગ્ર અવતારો અને તેનાં પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે. પરંતુ તેની પ્રતીતિ તેમના સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના થતી નથી. માયાનાં પડળ દૂર થયા સિવાય સમજાતું નથી.

બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ પણ આ સભામાં બેઠા હતા. તેમણે પણ આ આશ્ચર્ય જોયું. મહારાજે તેમને બંનેને એકીસાથે સ્વપ્નમાં દર્શન દઈને પોતે વરતાલ પધાર્યા છે તે સમાચાર તો આપ્યા હતા. તે સ્વપ્નદર્શન તેઓ વરતાલ આવ્યા અને સાચું થયું. અત્યારે મહારાજે વાદરા દ્વારા ચમત્કાર બતાવ્યો. આવા ચમત્કારોના ઢગલા ડગલે ને પગલે થાય છે. અતરમા સોસરુ ઊતરી જાય એવું દિવ્યજ્ઞાન પણ તેમના શબ્દોમાં ભર્યું છે. તેમના સ્વરૂપમાં ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓને શાંત કરી દે એવી શીતળતા છે. તેમને બંનેને

તો મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની પ્રતીતિ થઈ ગઈ. તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમારે ગામ બુધેજ પધારો."

મહારાજે કહ્યું : "ભલે આવીશું." એટલું કહીને મહારાજે કાશીદાસને કહ્યું : "કાશીદાસ ! તમે હવે બોચાસણ જાઓ. કેટલાય દિવસથી ઘર છોડ્યું છે માટે હવે ઘેર જાઓ અને વહેવારનું કામ સંભાળો."

મહારાજની આજ્ઞા સાંભળી કાશીદાસે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અહીં બાજુમાં ચાંગા ગામ છે ત્યાં મારા સંબંધીઓ છે તેમને આપનો સંબંધ કરાવવાની ઇચ્છા રહે છે. આપનાં દર્શન થાય, સેવાનો લાભ મળે, આપનું સ્વરૂપ ઓળખાય તો તેમનું કલ્યાણ થાય. આટલો લોભ છે તો આપ જેમ કહો તેમ કરું."

કાશીદાસનાં આ વચન સાંભળી શ્રીહરિ ભક્તો પ્રત્યે જોઈ બોલ્યા : "સાંભળો, આ કાશીદાસ આજે કેટલાય દિવસથી અમારી સાથે ફરે છે. તેમને ઘેર જવાનું કહીએ છીએ તો કાંઈને કાંઈ બહાનાં કાઢીને આ દર્શન-સમાગમનું સુખ છોડીને ઘેર જતા નથી. તેમને અમારાં દર્શન વગર રહેવાતું નથી અને વહેવાર ગૌણ કરી દીધો છે. જ્યારે કેટલાય અહીં બેઠા બેઠા પણ વહેવારના સંકલ્પ કરે છે અને લાગ આવે તો રજા લીધા વિના પણ ચાલ્યા જાય છે, નહિ તો કાંઈ બહાનાં બતાવીને ઘેર જવાનું કરે છે. પણ જેને સત્સંગ પ્રધાન હોય તો તે વહેવારનો બધો ભાર આ કાશીદાસની જેમ અમારા ઉપર નાખી દે."

શ્રીહરિની આ વાત સાંભળી તેમની રુચિ સૌને સમજાણી. શ્રીહરિનો જેટલો વિશેષ પ્રસંગ મહિમા સહિત થાય તેટલું અજ્ઞાન હઠે, વાસના ટળે.

પછી ત્યાંથી નીકળી કાશીદાસ સાથે ચાંગા પધાર્યા. ત્યાં એક દિવસ રહ્યા. ત્યાંના વાસીઓને જ્ઞાનોપદેશ આપ્યો. પછી વરતાલ પધાર્યા. કાશીદાસને ત્યાંથી બોચાસણ જવાની આજ્ઞા કરી.

શ્રીહરિ ઉમરેઠમાં

શ્રીજીમહારાજ વરતાલથી નીકળી ઉમરેઠ પધાર્યા. તેમની સાથે ચૌદ સાધુઓ અને ચાર પાર્ષદો હતા. અહીં રૂપરામ ઠાકરને ઘેર ઊતર્યા. અનાયાસે આ દિવ્ય સેવાનો લાભ રૂપરામને મળ્યો તેથી તેના આનંદનો પાર ન રહ્યો. તેણે મનમાં સંકલ્પ કર્યો કે શ્રીહરિ અહીં દસ-પંદર દિવસ રહે તો અહીંના વાસીઓને તેમના દિવ્ય સ્વરૂપનો નિશ્ચય થાય અને તેમનું કલ્યાણ થાય. શ્રીહરિ તેમનો સંકલ્પ જાણી બોલ્યા : "ઠાકર ! આપણે તો વીજળીના

ઝબકારામાં મોતી પરોવી લેવું. જેને જેને સંસ્કાર હશે, બીજ હશે તે સમય આવ્યે પાકી જશે અને તેમને અમારા સ્વરૂપની ઓળખાણ થશે. અમારે કરોડો મનવારો ભરવી છે તે એક ઠેકાણે બેસી રહ્યે કાંઈ પાર આવે તેમ છે ?''

રૂપરામ મહારાજનો અભિપ્રાય સમજી ગયા. તેમણે મહારાજને ભાવતાં ભોજન જમાડ્યાં, અનેક પ્રકારે સેવા કરી પ્રસન્ન કરી દીધા.

ગામ ભાવિક હતું તેથી શ્રીહરિના આગમનથી ઘણા ખેંચાયા. સૌને ભાવ થયો અને શ્રીહરિને ત્યાં ચાર દિવસ રહેવું એવું નક્કી થયું. મહારાજ રૂપરામ તથા નરભેરામની સાથે જાગનાથ મહાદેવના મંદિરે પધાર્યા. મહારાજે તેમને કહ્યું : ''અમો અહીં વર્ણીવેશે આવ્યા હતા. તમો બંને આ મંદિરમાં જ હતા. અમે અહીં ઊતર્યા હતા. તે દિવસે એકાદશી હોવાથી તમો અમારે માટે ફળાહાર લાવ્યા હતા.'' રૂપરામને તથા નરભેરામને મહારાજ પ્રથમ પધાર્યા ત્યારે આ સ્મૃતિ કરાવી હતી. પછી મહારાજે કહ્યું : ''તમારા તે સત્કર્મથી અમો ફરી અહીં આવ્યા, તમારા સંબંધે આખા ગામમાં સત્સંગ થશે. આખું ગામ ભાવિક છે.''

ત્યારે રૂપરામે મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! તે વખતે અમે આપને યથાર્થ ઓળખ્યા ન હતા. આજે હવે યથાર્થ ઓળખાણ પડી.''

મહારાજ આ સાંભળી હસ્યા.

મહારાજ ઉમરેઠમાં ચાર દિવસ રોકાવાના છે તેવું નક્કી થયું તેથી ઉમરેઠના બ્રાહ્મણોને કૌતુક જાગ્યું. મહારાજ જાગનાથ મહાદેવમાં સભા કરતા. મનુષ્ય જીવનની દુર્લભતાની, મોક્ષ માટે જ કેવળ મનુષ્યજીવનની પ્રાપ્તિ થઈ છે - તે બધી વાતો સમજાવતા. કોઈ વખત દિવ્યભાવમાં આવી જતા ત્યારે પોતાના સ્વરૂપની વાતો પણ કરતા.

મધ્યાહ્ન સમય થયો એટલે મહારાજ સામેના તળાવમાં નંદરામ મેવાડાને આરે નહાયા. પછી જાગનાથ મહાદેવમાં પધાર્યા. ત્યાં બ્રહ્મચારીએ થાળ બનાવ્યો હતો તે જમ્યા. પછી મહારાજે રૂપરામ ઠાકરને કહ્યું : ''આજે સાંજે સભા તમારે ત્યાં કરીશું તો સૌ તમારે ત્યાં સભામાં આવે તેવું કરો.''

સાંજે તે પ્રમાણે રૂપરામ ઠાકરને ઘેર ઘણા મુમુક્ષુઓ આવ્યા. મહારાજે તેમને ગીતા, ભાગવતના સિદ્ધાંતો સમજાવ્યા. ભાગવતધર્મનું રહસ્ય સમજાવ્યું. શિવજી અને નારાયણને એકતા છે, એવી એકતા સમજી તે બે સ્વરૂપોમાં જે ભેદ ન સમજે તે સાચો વૈષ્ણવ ! તેવા વૈષ્ણવે તુલસીની બેવડી કંઠી ગળામાં પહેરવી જોઈએ, કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરી મધ્યે ગોળ ચાંદલો કરવો

જોઈએ. જેથી વૈષ્ણવના ભાવથી અંકિત થઈ નિયમ, ધર્મ પાળવામાં સદા જાગ્રત રહી શકાય.

મહારાજની વાણી સૌને મીઠી લાગી. તેમાં નિયમો પાળી શુદ્ધ વર્તવાની વાત હતી, બ્રાહ્મણોને તમાકુ અને ભાંગનું વ્યસન હોય તે છોડવાની વાત હતી. ઉમરેઠના બ્રાહ્મણો મુમુક્ષુઓ હતા, પૂર્વના સંસ્કારી પણ હતા. મહારાજની વાત તેમને ગળે ઊતરી ગઈ. તેમણે મહારાજ પાસે વર્તમાન લીધાં અને સત્સંગી થયા.

બીજે દિવસે નરભેરામને ઘેર પધાર્યા. તેમના ઘરની પરસાળની દક્ષિણાદિ બાજુના ઓરડામાં પધાર્યા. મહારાજ નરભેરામને ત્યાં પધાર્યા છે તે જાણી આજુબાજુના ઘણા લોકો નરભેરામને ત્યાં આવ્યા. જેમને શ્રદ્ધા હતી તેમને મહારાજ પ્રત્યે ભાવ થયો, જેમને શંકા થતી હતી તેમને એવા ભાવો થયા કે ઐશ્વર્ય તો બતાવે છે પરંતુ શિવ પંથ કે વૈષ્ણવ પંથ તે જેવો આ પંથ હશે કે આ કોઈ જુદો પંથ હશે ! મહારાજે આ પ્રસંગે સભામાં ગીતા, ભાગવત આદિ સત્‌શાસ્ત્રોના સિદ્ધાંતોની વાતો કરી વર્ણાશ્રમના ધર્મપાલનની આવશ્યકતા સમજાવી. સનાતન ધર્મના મૂર્ત સ્વરૂપ રૂપે મહારાજ હતા, ભાગવતધર્મનું મૂર્તિમાન સ્વરૂપ હતા, તેથી તેમની વાણીમાં, તેમના સ્વરૂપમાં, તમામ ઇન્દ્રિયોમાં, સ્વધર્મના ભાવો સૌએ નિહાળ્યા. સૌને પ્રતીતિ થઈ કે જરૂર દેવાંશી પુરુષ છે.

પછી મહારાજે સ્નાન કર્યું, મધ્યાહ્નનું નિત્યકર્મ કર્યું અને ઉત્તરાદા બારના ઓરડામાં નાળિયામાં જમવા બિરાજ્યા. જમનાબાએ થાળ મૂક્યો, મહારાજ થાળમાંથી કઢી ખૂબ જમ્યા. જમનાબા આ જોઈ રાજી થયાં. મહારાજને કઢી બહુ ભાવી. પછી જ્યારે બીજા ભક્તોને જમવા બેસાર્યા ત્યારે જાણ્યું કે કઢીમાં મીઠું જ ન હતું, સાવ મોળી હતી એટલે જમનાબાને ઘણું દુઃખ થયું. મહારાજ પાસે આવીને બે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અપરાધ થઈ ગયો, કઢી સાવ મોળી, મીઠું જ ભૂલી ગઈ, માટે માફ કરો !"

મહારાજ તે સાંભળી હસ્યા પછી કહ્યું : "બા ! કઢી તો બહુ જ મીઠી હતી. આવી કઢી અમે કોઈ દિવસ જમ્યા નથી !" મહારાજે આ શબ્દો કહ્યા અને જમનારા હરિભક્તોને કઢીમાં અપૂર્વ સ્વાદ આવ્યો.

મહારાજ ઉમરેઠમાં ચાર દિવસ રોકાયા. પછી પોતે ઘોડાસર, જેતલપુર, મછિયાવ થઈ બુધેજ પધાર્યા. અહીં મહારાજ ખોડાભાઈના દરબારમાં ઊતર્યા. અહીં પશ્ચિમમુખના ઓરડા છે, ત્યાં ઓટા આગળ લીમડો છે, તેની નીચે

ઢોલિયા ઉપર મહારાજ બિરાજ્યા. હઠીભાઈ તથા તેના પુત્ર, તેના ભાઈ, તેના માતુશ્રી રાજુબાઈ, દરબાર કલાભા, તેમનાં ઠકરાણી કંકુબા, જીભાઈ વગેરે હરિભક્તો ત્યાં આવી ગયાં હતાં. ખોડાભાઈનાં પત્ની નાનબા મહારાજ અને સંઘની સેવામાં રોકાઈ ગયાં હતાં.

મહારાજ ખોડાભાઈને સ્મૃતિ કરાવે છે

પછી મહારાજે ખોડાભાઈને કહ્યું : "ખોડાભાઈ ! અમે અહીં વર્ણીવેશે આવી ગયા હતા. તમે ડેલીએ બેઠા હતા. અમે તમને સદાવ્રતનું પૂછ્યું. એટલે તમે તમારું સામું ઘર બતાવ્યું. અમે ત્યાં ગયા ત્યારે તમારી દાસી કામમાં હતી. તેણે કહ્યું : 'મહારાજ ! આ ઓસરીમાં આંટા દ્યો. કામમાંથી પરવારીને આવું છું !' અમે તમારી આ ઓસરીમાં સાત આંટા દીધા, પછી દાસીએ જુવાર આપી. અમે સીધું માગ્યું. દાસીએ કહ્યું : 'લેવી હોય તો આ જુવાર લ્યો, તમારા જેવા તો કંઈક આવે છે. સીધું દીધે ક્યાં પૂરું થાય એમ છે.' અમે જુવારના બે દાણા મોઢામાં મૂકી પાદરે જઈ જુવાર પારેવાંને નાંખી દીધી, અને આજે હવે તમે પાકા સીધાંની રસોઈ આપો છો."

મહારાજે આટલી વાત કરી તે સભામાં બેઠેલી દાસીએ પણ સાંભળી. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં : "અહો ! આ સાક્ષાત્ ભગવાનને તે દી મેં જોગટા જેવા કહ્યા ! સીધું માગ્યું તે પણ ન આપ્યું !"

ખોડાભાઈ આ સાંભળી ગળગળા થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમે માયાના માનવી અને આપ સાક્ષાત્ પરમાત્મા ! આપની માયા આપ હઠાવો તો જ અમે તમારું સ્વરૂપ ઓળખી શકીએ. અમારો અપરાધ થયો તે ક્ષમા કરજો."

મહારાજે કહ્યું : "અજાણતા જે અપરાધ થાય તે અપરાધ ન કહેવાય. આજે માયા હવે દૂર કરી દીધી માટે સેવા કરી લ્યો !"

બુધેજમાં હરિસરોવર તીર્થ

મહારાજ બુધેજમાં સર્વ હરિભક્તોને ઘેર જમ્યા. હઠીભાઈએ આખા ગામને નોતર્યું હતું. જમ્યા પછી મહારાજની સૌને ઓળખાણ કરાવી. તેમણે કહ્યું : "આ સર્વોપરી ભગવાન આજે આપણા કલ્યાણ અર્થે પ્રગટ થયા છે, તેમનો આશ્રય કરો, વ્રત, નિયમ ધારણ કરો અને પ્રગટ ભગવાનના પંથે વળો."

સૌએ મહારાજ પાસે વર્તમાન ધરાવ્યાં. મહારાજ હઠીભાઈના આ ભાવથી બહુ જ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''હઠીભાઈ ! તમે કાંઈક વરદાન માંગો.''

ત્યારે હઠીભાઈએ મહારાજને હાથ જોડી કહ્યું : ''અમારે પાદર તીરથ કરો જેથી જે જે ત્યાં નહાય તેમનું કલ્યાણ થાય.'' સૌનું કલ્યાણ થાય એવી ભાવના રાખી હઠીભાઈએ ગામ-ગરાસ કે બીજું અંગત કાંઈ ન માંગ્યું અને આ માગ્યું તેથી મહારાજ પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : ''ભલે.''

વરસાદની અછતને લીધે ગામમાં પાણીની ભારે અછત હતી. લોકો દૂર દૂરથી કૂવામાંથી પાણી સીંચી સીંચીને લાવતા હતા. ગામના દરબાર હઠીભાઈથી પ્રજાનું આ દુઃખ જોયું જતું ન હતું. તેથી તેણે શ્રીહરિને આ પ્રાર્થના કરી. શ્રીહરિ તરત જ ઊઠ્યા અને ગામને પાદર તળાવે ગયા. તળાવ સાવ સુકાઈ ગયું હતું. મહારાજે પોતાની સાથે આવેલા ગામના લોકોમાંથી બે-ચાર જણાને કહ્યું : ''અહીંથી ખોદવાની શરૂઆત કરો. પાણી ઘણું મળશે.''

તે સાંભળી લોકોએ કહ્યું : ''મહારાજ ! પાણીનું તળ જ નીચેથી હઠી ગયું છે એટલે આંહીં પાણી નીકળવાની આશા નથી.''

મહારાજે કહ્યું : ''તમે જરા વીરડા જેટલું ખોદો તો ખરા.'' એટલે તેમણે તે પ્રમાણે ખોદ્યું ત્યાં તો પાણીનો ઝરો ફૂટ્યો. મહારાજે તે પાણીમાં સ્નાન કર્યું. પછી કહ્યું : ''હવે અહીં આજુબાજુ બરોબર ખોદીને પાળા કરજો. પાણી ક્યારેય નહિ ખૂટે. અમે અહીં પૂર્તકર્મ કરીને પછી જ અહીંથી જઈશું.''

ચાર-પાંચ દિવસમાં તો ગામના માણસોએ બરોબર ખોદીને તળાવ તૈયારી કરી દીધું ! વીરડામાંથી આવતા પાણીના અખંડ ઝરાથી તળાવ ભરાવા લાગ્યું. મહારાજ ત્યાં પધાર્યા. પૂર્તકર્મ કર્યું. પોતે સ્નાન કર્યું અને સૌ સંતો-હરિભક્તો પણ નહાયા. મહારાજે કહ્યું : ''આનું નામ 'હરિતળાવ' રાખજો, ગંગા, જમના, ગોદાવરી, નર્મદા કે તાપીથી પણ હરિતળાવનું માહાત્મ્ય વધી જશે.''

બુધેજ ગામને પાવન થવાનું તીર્થ મળ્યું, સુકાઈ ગયેલી તળાવડી સજીવન થઈ અને પાણીની ખેંચ અનુભવતા ગામલોકોને રાહત પણ મળી. શ્રીહરિનું કારુણ્ય તેમના દરેક ચરિત્રમાં બુદ્ધિવાનને જણાઈ આવતું હતું.

બુધેજથી નીકળી મહારાજ ગોકળ ગઢવીની ઘોડી લઈને ગોરાડ પધાર્યા. આ ગામમાં પણ વનવિચરણ સમયે વર્ણીવેશે પોતે પધારેલા. કૂવાનું જળ ઊંચું લાવી તેમણે તુંબડીમાં જળ ભરી લીધું હતું. આ સ્મૃતિ તેમણે ત્યાંના કાંધોજી ઠાકોરને આપી. ઠાકોરે આ વાત સાંભળી. તેમને તરત જ ઓસાણ આવ્યું કે

વાડીવાળો કહેવા આવ્યો હતો કે ચમત્કારી જોગી આવ્યા છે. પણ તે વખતે કેવળ બાવા જાણી ધ્યાન દીધું ન હતું. શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : "ખોટાને વાંકે સાચાને પણ જોઈને ભાગે. અમે તો મુમુક્ષુઓ માટે પ્રગટ થયા છીએ એટલે તેમને શોધતાં શોધતાં તેમનાં બારણાં ખખડાવીએ છીએ. તે દિવસે તમે ન મળ્યા તો આજે આ જોગ થઈ ગયો."

કાંધોજી બાપુ મહારાજના આ શબ્દો મૂક ભાવે સાંભળી રહ્યા. તેમણે બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની અનહદ કૃપા હશે તો જ જીવ માયા તરશે, નહિ તો પડળ તોડવું કઠણ છે."

શામજી પટેલ તથા પ્રભુદાસે પણ શ્રીહરિની સેવાનો લાભ લીધો.

શ્રીહરિ ઝિંઝર પધાર્યા. અહીંના દરબાર ખોડાભાઈએ શ્રીહરિનું સ્વાગત કર્યું. શ્રીહરિ સાથે મૂળુભાઈ દરબાર તથા સોમલાખાચર, માતરા ધાધલ, અલૈયા ખાચર, નાજા જોગિયા, કાળો મકવાણો વગેરે હતા. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભાઈ રામદાસજી તેમજ મૂળજી બ્રહ્મચારી વગેરે સંતો પણ સાથે હતા.

ખોડાભાઈના દરબારમાં શ્રીહરિ બિરાજ્યા. તેમણે શ્રીહરિની કેસર, ચંદન, અક્ષત વગેરે ઉપચારોથી પૂજા કરી. તે વખતે ત્યાંના વૈશ્ય હરિભક્ત જેઠાભાઈ ત્યાં આવ્યા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ તેમના સામું સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યા. તેથી જેઠાભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની દૃષ્ટિ પડી એટલે અમે સાચા વૈષ્ણવ થયા. સંપ્રદાય તો અમારો વૈષ્ણવી હતો જ પણ આપના સ્વરૂપની ઓળખાણથી, આપના સંતોના પ્રસંગથી અને તેમના ઉપદેશથી જીવન નિર્મળ બને છે ત્યારે જ સાચા વૈષ્ણવ થવાય છે. અત્યારના વૈષ્ણવો ભોગપ્રધાન થઈ ગયા છે. બાળસ્વરૂપને જ પૂજે છે તેથી બાળક અયોગ્ય ચરિત્ર કરે તો પણ તેને નિર્દોષ સમજાય. પરંતુ સાથે સાથે પોતે અયોગ્ય ચરિત્ર કરે તો લાલજીસ્વરૂપ નિર્દોષ બાળક તે ચરિત્રોને પણ નિર્દોષ સમજે, એવી ભાવના રાખી વિલાસી જીવન જીવે છે. તેમને ઉપાસના કેવળ બાળસ્વરૂપની જ છે તેથી ભગવાનના સ્વરૂપમાં પણ બાળ, યૌવન અને વૃદ્ધત્વના ભાવ કલ્પવાનો દોષ આવે છે."

શ્રીહરિ જેઠાભાઈની સમજણ જોઈ રાજી થયા. તેમણે કહ્યું : "વ્યાસને અમે આદિ આચાર્ય માન્યા છે. તેમનો મત એ જ મોટું પ્રમાણ ! બીજા જે જે આચાર્યો થયા છે તેમણે વ્યાસના ગ્રંથોના આધારે સંપ્રદાયો રચ્યા છે. જે વ્યાસના ગ્રંથોનો આધાર લેતા નથી અને તેને પ્રમાણ માનતા નથી તેમના

સંપ્રદાયો કલ્પિત સમજવા. તેનો આશ્રય કરનારનું કદાપિ કલ્યાણ થાય જ નહિ. માટે જેમાં વ્યાસનું પ્રમાણ હોય તેવા ગ્રંથો માનવા, તે અનુસાર ગુરુ ઓળખવા, ઇષ્ટદેવના સ્વરૂપનું જ્ઞાન મેળવવું તો કલ્યાણ જરૂર થશે.''

શ્રીહરિ પછી જમવા બિરાજ્યા. વર્ણીએ કંસાર બનાવ્યો હતો. ભજિયાં, વડાં, પાપડ, રોટલી તથા અડદની દાળ વગેરે શ્રીહરિને પીરસ્યાં. શ્રીહરિ બ્રહ્મચારીએ બનાવેલ રસોઈ ભાવથી જમ્યા. ખોડાભાઈ પણ પૂર્ણ ભક્તિભાવથી શ્રીહરિ તથા સંતોની સેવામાં જોડાઈ ગયા હતા. શ્રીહરિની દૃષ્ટિથી તેમનો ગરાસ કરજમાંથી છૂટ્યો હતો અને અન્ન-વસ્ત્રે સુખી થયા હતા. મુખવાસ લઈ શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા.

સાંજે ત્યાંથી નીકળી શ્રીહરિ તાજપર થઈને સમઢિયાળા પધાર્યા. પાદરમાં કૂવો હતો ત્યાં સ્નાન કર્યું. એટલામાં ગામમાંથી દરબાર લાખાખાચર તથા અન્ય હરિભક્તો સામૈયું લઈને ત્યાં આવી ગયા. લાખાખાચરનાં મા ચુસ્ત સત્સંગી હતાં. તેમની સૂચનાથી લાખાખાચર શ્રીહરિ માટે ફૂલહાર, શ્રીફળ વગેરે લઈને આવ્યા હતા. શ્રીહરિને હાર પહેરાવ્યો, હાથમાં શ્રીફળ આપ્યું. અન્ય હરિભક્તોએ પણ શ્રીહરિનું ફૂલહારથી સ્વાગત કર્યું, કોઈએ શ્રીફળ ધરાવ્યાં, કોઈએ સાકરના પડા મૂક્યા. શ્રીહરિના આગમનથી લાખાખાચરને ખૂબ આનંદ થયો. વણતેડ્યા ભગવાન પધારે એવું અદકું ભાગ્ય તો મોટા મોટા ઋષિમુનિઓનું પણ ન હતું ! તેમણે શ્રીહરિને બે હાથ જોડી પ્રાર્થના કરી : ''મહારાજ ! આવી કૃપા અખંડ રાખજો. તમોએ અમને માણસના નોરમાં લાવીને મૂક્યા છે તો હવે કાંડું છોડશો નહિ.''

શ્રીહરિ લાખાખાચરના દરબારમાં વાજતે-ગાજતે પધાર્યા. અહીં લાખાખાચરે રસોઈનો તમામ સામાન તૈયાર કરીને મૂક્યો હતો. વર્ણીએ તે જોયું અને તે દ્વિધામાં પડી ગયા. શ્રીહરિ બહાર પલંગ ઉપર બિરાજમાન થયા હતા. સુગંધીદાર પુષ્પોની ફોરમ લેવા, તેનો રસ પીવા ભમરાઓ આજુબાજુ ઊડતા હતા, તેથી પાર્ષદો પંખા વડે ભમરાને ઉડાડવા લાગ્યા. એટલે શ્રીહરિએ તેમને કહ્યું : ''તેમને શા માટે ઉડાડી દ્યો છો ? તમને કોઈ સારું ભોજન જમતાં અટકાવે તો કેવું વસમું લાગે ? આ તો બધા મોટા ઋષિમુનિઓ છે, અમને કરડશે નહિ.''

શ્રીહરિના શબ્દોમાં કરુણા હતી, વાત્સલ્ય હતું, પોતાનો સંબંધ જીવ-પ્રાણીમાત્રને થાય તેવો ભાવ હતો. પાર્ષદો આ સાંભળી સ્વસ્થ થઈ ગયા. એટલામાં લાખાખાચર આવ્યા અને શ્રીહરિને પૂછ્યું : ''મહારાજ ! સાકરનો

કંસાર કરવો છે કે શીરો ? વર્ણીએ પુછાવ્યું છે. મેં બધો સામાન તૈયાર રાખ્યો છે."

મહારાજે કહ્યું : "વર્ણીને અહીં મોકલો."

લાખાખાચરે વર્ણીને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "રાજાનો જેવો ભાવ હોય તેવી રસોઈ બનાવજો. અમારો ભાવ છોડી દેજો. અમને તો ભક્તો ભાવથી જે બનાવરાવે છે તે સદા પ્રિય જ હોય છે."

બ્રહ્મચારી સમજી ગયા. શ્રીહરિને ભાવ પ્રિય છે, રસોઈ નહિ. રસોઈ તૈયાર થઈ ગઈ, એટલે શ્રીહરિ પીતાંબર પહેરી વર્ણી થાળ લાવ્યા તે જમવા બિરાજ્યા. વર્ણીએ હરીસો, બિરંજ, પૂરી, ભજિયાં, તાંદળજાની ભાજી વગેરે અનેક વાનગીઓ બનાવી હતી. લાખાખાચરના સંપૂર્ણ ભાવને તો તે મૂર્ત ન કરી શક્યા. કારણ લાખાખાચરના મનમાં એવો ભાવ હતો કે શ્રીહરિની ભારોભાર સોનું તોળીને તેમને માટે તેટલું ખર્ચીએ તો પણ તે ઓછું હતું. પરંતુ શ્રીહરિએ કેવળ તેમના ભાવથી જ તે સોનાને વાલની વાળી જેટલું કરી દીધું હતું.

શ્રીહરિ સંપૂર્ણ જમ્યા, ભોજનનાં વખાણ કર્યાં. લાખાખાચરને રાજી કર્યા. તેમણે કહ્યું : "અમે દહીં-સાકર જમ્યા એટલે કોઠો ટાઢો થઈ ગયો. અમારાથી તાપ સહન થતો નથી. લવિંગ, મરચાં, કસ્તૂરી વગેરે ઘણું જમ્યા હતા. તેથી શરીરમાં ગરમી વધી ગઈ હતી. અમે આઠ વરસ વનમાં ફર્યા, તપ કર્યું, શરીર કાષ્ઠવત્ કરી દીધું. શરીરનું અનુસંધાન રાખ્યું જ નથી. વનમાં સિંહ, સર્પો તથા વનચર પ્રાણીઓથી અમે કદી ડર્યા નથી. અન્ન-જળ મળ્યું તો ગ્રહણ કર્યું પણ તેની સ્પૃહા રાખી નથી. આ સત્સંગમાં આવ્યા પછી રામાનંદ સ્વામીએ અમને વચનરૂપી પીંજરામાં રાખી તેમની રુચિ પ્રમાણે આ દેહનું જતન કરાવ્યું. અમને તેમણે સત્સંગમાં એવા બાંધી દીધા એટલે અમારું કશું જોર રહ્યું નહિ. આકાશને પણ બાંધે એવી તેમની આવડત હતી." એટલું કહી શ્રીહરિએ લાખાખાચરને થાળ અપાવ્યો અને કહ્યું : "આ સ્થાવર-જંગમ પદાર્થમાત્ર અમારા સંબંધે દિવ્ય છે, અમારી મૂર્તિમાં હેત કરાવનારા છે. મૂર્તિ વિના બીજામાં વૃત્તિ ટકે જ નહિ એવી ધામની સહજ પ્રકૃતિ છે."[૭૪] શ્રીહરિનાં આ વચનો સમજવાં કઠણ હતાં.

શ્રીહરિએ એલચી, તજનો મુખવાસ લીધો અને તે પ્રસાદી નિત્યાનંદ સ્વામીને આપી.

શ્રીજીમહારાજ ગોરાડથી નીકળી કુંડળ અને કારિયાણી થઈને અઢી માસ વિચરણ કરી ગઢપુર આ.સં. ૧૮૬૨ના જેઠ અમાસે પધાર્યા.

---

૭૪. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૯, તરંગ-૫૧.

ઉદ્‌ગીથ ૧૫



ગઢપુરમાં પુનઃ આગમન

(આ.સં. ૧૮૬૩, ઈ.સ. ૧૮૦૬-૧૮૦૭)

આ.સં. ૧૮૬૩ના આષાઢ સુદિ બીજના દિવસે શ્રીહરિએ રથયાત્રાનો ઉત્સવ એભલખાચરના દરબારમાં કરાવ્યો. ઠાકોરજીને રથ ઉપર પધરાવ્યા અને સંતોએ કીર્તનગાન કર્યું. તે પ્રસંગે શ્રીજીમહારાજે સભામાં વાત કરતાં કહ્યું : ''જીવે જે જે ગુના કર્યા હોય, તે જ્યારે ભગવાન પ્રગટ થાય અને તેમની પાસે કબૂલે તો ભગવાન ગમે તેવા ગુના હોય તો માફ કરી દે. પાપના કર્મનું ફળ તો ભોગવવું જ પડે. પરંતુ ભગવાનને શરણે જઈ તેમને પ્રાર્થના કરવાથી ભગવાન તે કર્મના ફળનું નિવારણ કરી દે છે. તમો સૌ મારા આશ્રિત થયા છો તો સૌ નિષ્કપટ થઈ એવાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરી અમારી પ્રાર્થના કરજો.''

શ્રીહરિની આ વાત સાંભળી સભામાં બેઠેલા સભાજનોએ મને, વચને, અને કર્મે જે જે પાપ કર્યાં હતાં તે સર્વ શ્રીહરિ સમક્ષ નિવેદન કરી તેના ફળમાંથી મુક્ત બન્યા.

આષાઢી એકાદશીનો દિવસ, સૌ સંતો-હરિભક્તોને વિશેષ નિયમો આપ્યા. ભગવાન તપઃ પ્રિય છે. પરંતુ કેવળ તપથી દેહદમન કરી શરીર ક્ષીણ કર્યા પછી પણ વિષયની આસક્તિ નિર્મૂળ થતી નથી. તે તો આત્મવિચારથી પરમાત્માનું સાક્ષાત્‌ દર્શન થાય ત્યારે જ ટળે છે. તેથી દેહદમન અને આત્મવિચાર બંને સાથે રાખવાનો શ્રીહરિ ઉપદેશ આપતા.

ગઢપુરમાં થોડા દિવસો રહીને પર્વતભાઈના આમંત્રણથી શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ કરવા અગત્રાઈ જવા નક્કી કર્યું. સૌ કાઠી હરિભક્તોને તેમણે બોલાવ્યા અને કહ્યું : ''આપણે જન્માષ્ટમીનો ઉત્સવ અગત્રાઈમાં કરવો છે. પર્વતભાઈનું આમંત્રણ છે માટે તમારે સૌએ આવવું જોશે.''

કાઠી હરિભક્તો તો તૈયાર જ હતા. મહારાજે તેમને કહ્યું : ''પર્વતભાઈ

દર્શન કરવા જેવા ભક્ત છે.'' આ સાંભળી સૌ વધુ ઉત્સુક થઈ ગયા.

મુક્તાનંદ સ્વામી આ વાત સાંભળતા હતા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ ખરું કહો છો. પર્વતભાઈ કેવળ ભક્ત નથી પરંતુ અક્ષરધામના મુક્ત છે. રામાનંદ સ્વામી છતાં મેં, પર્વતભાઈએ તથા મયારામ ભટ્ટે એવી ગાંઠ વાળી હતી કે હથેળીમાં રાધા-કૃષ્ણની મૂર્તિ દેખાડે તો પણ રામાનંદ સ્વામી સિવાય અન્યને ભગવાન ન માનવા. પરંતુ આપનાં દર્શનમાત્રથી પર્વતભાઈની એ ગ્રંથિ ગળી ગઈ અને આપના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા થઈ ગઈ. મને અને મયારામ ભટ્ટને જરા કઠણ પડ્યું.'' મહારાજ આ સાંભળી હસ્યા.

અગત્રાઈમાં જન્માષ્ટમી ઉત્સવ : આ.સં. ૧૮૬૩

ગઢપુરથી મહારાજ કાઠી ભક્તો તથા સંતો સાથે નીકળ્યા. રસ્તામાં ઘોડા ખેલવતા, બપોરા કરતા, રાતવાસો કરતા અગત્રાઈ પહોંચી ગયા. પર્વતભાઈએ ધામધૂમથી સામૈયું કર્યું. મહારાજ તેમને ઘેર પધાર્યા. અહીં મહારાજ માટે તમામ વ્યવસ્થા તેમણે કરી દીધી હતી. એટલે જેવા મહારાજ પલંગમાં બિરાજ્યા એટલે પર્વતભાઈ મહારાજના પલંગની પાસે બેસી ગયા.

પર્વતભાઈને આમ બેઠેલા જોઈ કાઠી હરિભક્તોએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આ પર્વતભાઈ તો અહીં બેસી ગયા. એટલે હવે અમે એમનાં દર્શન કર્યા કરીએ ને ? અમારે ઉતારા જોશે, જમવા જોશે, ઘોડાને નીરણ, જોગાણ જોશે એ બધું અહીં બેઠાં બેઠાં થઈ જાશે ને ?''

મહારાજ કાઠીની વરવી વાણી સાંભળી મોઢે રૂમાલ દઈ હસવા લાગ્યા. પછી પર્વતભાઈને કહ્યું : ''ઊઠો, બેસી શું રહ્યા છો ? ઘેર મહેમાન આવ્યા છે તે સરભરા કરવી જોશે ને ?''

પર્વતભાઈએ તરત જ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ ઘરધણી છો અને અમે તો નોકર છીએ એટલે આપ ફરમાવો તેમ કરીએ.''

મહારાજે કાઠીઓ સામું જોઈને કહ્યું : ''સાંભળ્યું ! આમણે તો અમને ઘરધણી ઠરાવ્યા. હવે અમારે તમારે બધા માટે જોગવાઈ કરવી પડશે.''

પછી પર્વતભાઈ મહારાજની આજ્ઞાથી ઊઠ્યા. કાઠી ભક્તો માટે ઉતારાની વ્યવસ્થા કરી જ નાખી હતી. તેમના ઘોડાને જોગાણ માટે બાજરાની કોઠીઓ બતાવી દીધી. લીલું ખડ તથા રજકો ભરી રાખ્યો હતો તે બતાવ્યું અને કહ્યું : ''આમાંથી જેમ જોઈએ તેમ વાપરો. મારું તો આજે આંગણું પાવન થઈ ગયું.''

કાઠીઓએ પાવરામાં બાજરો છલોછલ ભર્યો. લીલું ખડ અને રજકો પણ ઘોડાઓને સારી પેઠે નીરી દીધો. પર્વતભાઈએ મહારાજને ઘરધણી ઠેરાવી દીધા હતા. એટલે એમને કોઈ વાતની ચિંતા ન હતી. તેઓ બધી વ્યવસ્થા કરી મહારાજ પાસે આવ્યા. મહારાજને સ્નાન કરાવ્યું. એટલામાં થાળ તૈયાર થઈ ગયો. મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા અને પર્વતભાઈનો ભક્તિભાવનો થાળ જમ્યા.

કાઠી ભક્તો, સંતો માટે ખીચડી, બાજરાના રોટલા, શાક, દૂધ વગેરે તૈયાર કરાવ્યાં હતાં. પંક્તિ થઈ અને મહારાજ ત્યાં પધાર્યા. પર્વતભાઈએ મહારાજના હાથમાં ઘીની તાંબડી આપી દીધી. મહારાજ ઘી પીરસવા માંડ્યા. કાઠીઓએ પણ નક્કી કર્યું કે મહારાજ આજ ભલે ઘી પીરસે. કોઈએ ના કહેવી જ નહિ. મહારાજ તો થાળીમાં ઘી ઊભરાઈ જાય તેમ પીરસવા માંડ્યા. એક થાળી ભરાય એટલે બીજી થાળીમાં પીરસે પણ વચ્ચે ધાર રોકે નહિ. પર્વતભાઈને મહારાજની આ લીલા જોઈ આનંદ થયો. મહારાજ તાંબડી ભરી ભરીને ઘી પીરસવા લાગ્યા. પર્વતભાઈનો પ્રેમ જોઈ કાઠી ભક્તો બોલવા લાગ્યા : "મહારાજે વખાણ્યા તે કાંઈ જેવા તેવા ન હોય." મહારાજે સૌને તૃપ્ત કરી દીધા. પર્વતભાઈની ઉચ્ચ સ્થિતિનો સૌને ખ્યાલ આવી ગયો.

પછી મહારાજે સભા કરી સભામાં સૌને કહ્યું : "આ પર્વતભાઈએ તો અમને ધણી માની બધું જ સોંપી દીધું છે. પણ તમે અમારું ધણીપણું સાચવ્યું નહિ. નીરણ અને જોગાણ જોઈએ એના કરતાં વધુ લીધું અને બગાડ્યું."

કાઠીઓ આ સાંભળી નીચું જોઈ ગયા. પર્વતભાઈની સ્થિતિનો ખ્યાલ આવ્યો. મહારાજની સર્વ ક્રિયામાં તેમને દિવ્યભાવ જ હતો. ઘી પીરસતાં મહારાજે તાંબડીમાંથી પડતી ધાર અંખડ રાખી, ઘી નીચે ઢોળાયું છતાં પર્વતભાઈને આનંદ જ હતો. એ આનંદનો આવિર્ભાવ તેમના રોમેરોમમાં દેખાતો હતો. તેમને પ્રતીતિ થઈ કે પર્વતભાઈ ખરેખરા મુક્તરાજ છે.

જન્માષ્ટમીને દિવસે મહારાજ સવારમાં સંત-હરિભક્તો સાથે ધોળિયે આંબે નાહવા પધાર્યા. બાજુમાં વહેતી નદીમાં ઉપરવાસ મહારાજે સ્નાન કર્યું. તે વહેતા જળમાં સૌ સંત-હરિભક્તોએ સ્નાન કર્યું. પૂજાવિધિ બાદ મહારાજે ત્યાં જ સભા કરી. સૌ સંતો-હરિભક્તો મહારાજ સન્મુખ બેઠા હતા. તે વખતે એક હરિજનનો છોકરો દૂરથી મહારાજનાં દર્શન કરતો હતો અને વારંવાર મહારાજને પગે લાગતો હતો. મહારાજે તેને બોલાવ્યો. તે પાસે આવ્યો. એટલે મહારાજે પૂછ્યું : "તું કોણ છે ?"

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! ઢેઢ છું." એ સાંભળી સભામા સૌ આઘાપાછા થવા લાગ્યા.

તું ઢેઢ નથી પણ આત્મા છું

મહારાજે તે જોયું. પછી તે છોકરાને કહ્યું : "તું એમ કહે કે હું આત્મા છું." તે છોકરો તો કાંઈ સમજ્યો નહિ પરંતુ મહારાજે કહ્યું એટલે તેણે પણ કહ્યું : "મહારાજ ! હું આત્મા છું." મહારાજે તેની પાસે દસ વખત કહેવરાવ્યું કે હું આત્મા છું. પછી ફરી પૂછ્યું : "તું કોણ છે ?" ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! ઢેઢ છું." આ સાંભળી મહારાજ હસ્યા. સંતો-હરિભક્તો મહારાજની આ ચેષ્ટા જોઈ રહ્યા હતા. મહારાજે ફરી તેને કહ્યું : "હવે તું બોલ કે હું આત્મા છું. એકી શ્વાસે થાકી જા ત્યાં સુધી બોલ." તે છોકરો તે પ્રમાણે એકી શ્વાસે બોલવા લાગ્યો. તે જ્યારે અટક્યો ત્યારે મહારાજે ફરી પૂછ્યું : "તું કોણ છું ?" ત્યારે તેણે એ જ કહ્યું : "મહારાજ ! ઢેઢ છું."

આ સાંભળી મહારાજે સભામાં સૌને કહ્યું : "જુઓ, આ છોકરો અજ્ઞાનથી કેવો દેહ સાથે જડાઈ ગયો છે ! દેહ પ્રત્યેની તેની આત્મબુદ્ધિ મટતી જ નથી. એવી રીતે તમને સૌને પણ જ્યાં સુધી સાધુપણું, કાઠીપણું, પાટીદારપણું મટશે નહિ, ત્યાં સુધી તમે સૌ ઢેઢના છોકરા જેવા જ છો. એ અજ્ઞાન ટળશે ત્યારે તમે સૌ આત્મા છો એમ તમને મનાશે અને એમ વર્તાશે. પછી જાતિ, વર્ણથી તમે ઓળખાશો નહિ તેમજ તેવાં બંધનો પણ તમને અજ્ઞાનમૂલક જણાશે."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "તો પછી વર્ણ અને આશ્રમની વ્યવસ્થાના નિયમોનું શું ?"

તરત જ મહારાજે કહ્યું : "આત્માપણું મનાય તો પણ દેહ છે ત્યાં સુધી એ નિયમો જતન કરી પાળવા જ પડે. પરંતુ આત્માના ભાવમાં આવવાથી ઊંચ-નીચના ભેદ ટળી જશે, કર્મે કરીને આ ભેદ થયા છે તેવું મનાશે તેથી હંમેશાં દયા અને કરુણાના ભાવ માનવમાત્ર પ્રત્યે જણાશે, પછી તે નીચ હોય કે ઊંચ !"

શ્રીજીમહારાજને સૌને આત્માના સ્તર ઉપર મૂકી દેવા હતા. જેથી દેહના ક્ષુલ્લક ભાવથી જાતિનું કે સ્થિતિનું જે અહં જન્મે છે તે નાશ થઈ જાય. સમગ્ર માનવજાતિ પ્રત્યે સુહૃદભાવ જાગ્રત થાય. શ્રીજીમહારાજ જાણતા હતા કે જન્મોજન્મના સંસ્કારો એકદમ ટળી જતા નથી. પરંતુ જેમ જેમ જ્ઞાનોપદેશ સાંભળશે, સંત-સમાગમ કરશે, તેમ તેમ દેહભાવથી અતિરિક્ત થવાશે. તેમને

આ ચમત્કાર સર્જવો હતો અને તેનાં મંડાણ મંડાઈ રહ્યાં હતાં. પરબ્રહ્મના પ્રાગટ્યનો અણસાર સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સૌને આવી ગયો હતો.

હાલમાં જ્યાં મંદિર છે તેના ચોકમાં દેરી છે તે જગ્યાએ મોટો મંચ તૈયાર કર્યો હતો. મહારાજ અગત્રાઈ પધાર્યા તે જ દિવસે દેશોદેશના હરિભક્તો આ ઉત્સવમાં ભાગ લેવા આવી ગયા હતા. મંડપમાં સૌ બેસી ગયા. મહારાજ મંચ ઉપર બિરાજ્યા જેથી સૌ હરિભક્તોને દર્શન સારી રીતે થાય. સંતોએ ઝાંઝ-પખવાજ સાથે કીર્તન-ભક્તિ શરૂ કરી. કીર્તન-ભક્તિની જમાવટ થઈ, હરિભક્તો પણ એ ભક્તિરસમાં તરબોળ બની ગયા. ત્યાં મહારાજે મંચ ઉપરથી જ સૌ હરિભક્તો ઉપર ગુલાલ છાંટ્યો અને રંગોત્સવ શરૂ થયો. પછી તો ટોપલે ટોપલા ભરીને ગુલાલ આવવા લાગ્યો. મહારાજ હરિભક્તો ઉપર છાંટે, હરિભક્તો મહારાજ ઉપર; રાત્રિનું અંધારું, નભમંડળ, બધું જ ગુલાલના રંગથી રક્તવર્ણું બની ગયું. શ્યામ પણ લાલ બની ગયા. સખા પણ લાલ બની ગયા.

શ્રીહરિ મંચ ઉપરથી ઊતર્યા. સુંદર પારણામાં બાલકૃષ્ણને પધરાવ્યા અને શ્રીહરિએ જન્મોત્સવની આરતી ઉતારી. જીવના કલ્યાણ માટે ભગવાનને પણ આ સનાતન રીત ગ્રહણ કરવી પડે છે. પોતે સ્વયં ભગવાન હોવા છતાં अहं ब्रह्मास्मिનો ભાવ લેશમાત્ર દેખાઈ ન જાય તેવી સાવધાની રાખવી પડે છે. આરતીના ઘંટારવમાં જય-જયકારનો નાદ ભળી ગયો. 'સ્વામિનારાયણ ભગવાનની જય'થી મંડપ ગાજી ઊઠ્યો. પછી બાલકૃષ્ણ ભગવાનને પંચાજીરી તથા ખાંડ અને કેસર નાંખેલો દહીંનો થાળ ધરાવ્યો. તે પ્રસાદી સૌ સંતો-હરિભક્તોને વહેંચી દીધી.

શ્રીજીમહારાજે સવારે પર્વતભાઈને ઘેર જ સ્નાનવિધિ તથા પૂજાવિધિ કરીને પારણું કર્યું. સંત-હરિભક્તોને પણ પોતે પીરસીને સારી રીતે જમાડ્યા. અગત્રાઈમાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો. સૌ સંત-હરિભક્તોને શ્રીજીમહારાજની લીલાનું અપાર સુખ આવ્યું.

મહારાજ નારણજીને જનોઈ દે છે

તે જ દિવસે મહારાજે તુલસીવિવાહ કરવાનું નક્કી કર્યું. મયારામ ભટ્ટના ભાઈ ગોવિંદરામ ભટ્ટના પુત્ર નારણજીને જનોઈ દેવાનું પણ તે જ દિવસે નક્કી કરી આ બંને શુભ પ્રસંગ માટે મંડપારોપણ પણ કર્યું. રાત્રે નારણજીને ફુલેકે ફેરવવા માટે શણગાર્યો. ત્યારે ગોવિંદરામે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ

પણ ફુલેકે ચડો. ગામ લોકોને દર્શન થશે અને વળી વધાવો કરશે તેથી સેવા પણ થશે.''

તેથી મહારાજ પણ જરિયાન વસ્ત્રો, અલંકારો વગેરે પહેરી તૈયાર થયા. માથે સોનેરી પાઘ ધારણ કર્યો. ઘોડો પણ શણગાર્યો. મહારાજ ઘોડા ઉપર બિરાજ્યા. હાથમાં નારિયેળ લીધું. ખભે તલવાર રાખી. મહારાજનો ઘોડો સૌથી આગળ રાખ્યો. તેમની પાછળ નારણજી અને પાછળ કાઠી હરિભક્તો. બુંગિયો ઢોલ ધ્રિબાંગ ધ્રિબાંગ વાગવા લાગ્યો. શ્રીહરિનાં દર્શનની ઉત્સુકતા તે જગાવતો હતો. લોકો ઘરની બહાર આવી ગયા. મહારાજ અગત્રાઈ ગામમાં ફર્યા. સૌને દર્શન દીધાં. કોઈએ નીરખી નીરખીને જોયા, તો કોઈએ સાષ્ટાંગ પ્રણામ પણ કર્યા. સ્ત્રીઓએ સોના-રૂપાનાં ફૂલે વધાવ્યા, ઓવારણાં લીધાં. સૌ મોક્ષના સદાવ્રતમાંથી પહોંચ પ્રમાણે લેવા લાગ્યા.

મહારાજ મોડી રાત્રે પર્વતભાઈને ઘેર પાછા ફર્યા. વસ્ત્રો ઉતારી ઢોલિયામાં પોઢી ગયા.

સવારે ઊઠીને મહારાજ સ્નાનવિધિથી પરવારી નારણજીને જનોઈ દેવા મંડપમાં બિરાજ્યા. ગોવિંદરામ ભટ્ટ તો ખરેખરા સાંખ્યયોગી હતા. તાંબડીના લોટ ઉપર વ્યવહાર ચલાવનાર આ ભક્તે એ તાંબડી પણ મહારાજને સોંપી દીધી હતી. તેથી મહારાજને તેમનો વ્યવહાર સાચવવો જ પડતો. મહારાજે નારણજીને ધામધૂમથી જનોઈ દીધી. જનોઈનું તમામ ખર્ચ પર્વતભાઈએ તથા આંબાભાઈએ આપી દીધું.

અગત્રાઈથી મહારાજને ગઢડા જવું હતું. મહારાજે મયારામ ભટ્ટને કહ્યું : ''ભટ્ટજી ! ચાલો અમારી સાથે ગઢડા. ત્યાં અન્નકૂટનો સમૈયો કરવાનો છે.''

''પણ મહારાજ ! મારી સાઠ વીઘાની વાડીમાં બાજરો ભરપૂર છે. તે લણવાનો છે.'' મયારામ ભટ્ટે હાથ જોડી કહ્યું.

મહારાજે તરત જ કહ્યું : ''ચાલો, આપણે બધા તમારો બાજરો લણી લઈએ.'' એમ કહી મહારાજે સંઘને ઉપાડ્યો માણાવદર. ત્યાં દાતરડાં મંગાવ્યાં. મહારાજે બધા સંતોને દાતરડાં આપ્યાં. પોતે પણ હાથમાં દાતરડું લીધું અને ભાદરાથી આવેલા મૂળજી શર્માએ પણ દાતરડું લીધું. ભટ્ટજીની સાઠ વીઘાની વાડીનો બાજરો બ્રહ્મ અને પરબ્રહ્મે સાથે રહીને લણી લીધો. સંતો-હરિભક્તોએ પણ સાથ આપ્યો. ભક્તને ભક્તિમાં જોડવાની ભગવાનને કેટલી ચીવટ હોય છે !

મયારામ ભટ્ટ ખડિયો તૈયાર કરી મહારાજ ભેળા ચાલી નીકળ્યા.

શ્રીહરિ ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા. શ્રીહરિના આગમનથી ગઢપુરવાસીનાં મન સૂર્યદર્શનથી કમળ ખીલે તેમ ખીલી ઊઠ્યાં.

શ્રીહરિએ ગઢપુરમાં જળઝીલણીનો ઉત્સવ કર્યો. શરદપૂર્ણિમાનો ઉત્સવ પણ કર્યો. દીપ ઉત્સવ આવતો હતો અને અન્નકૂટ ઉત્સવની પણ તૈયારીઓ થતી હતી.

ગઢપુરમાં અન્નકૂટ ઉત્સવની તૈયારી : આ.સં. ૧૮૬૩

વાસુદેવનારાયણની મૂર્તિ સમક્ષ આ પ્રથમ અન્નકૂટોત્સવ અને તે પણ શ્રીહરિની સાન્નિધ્યમાં ઊજવવાનો ! એટલે ઉત્સવનો આનંદ કોને ન હોય ? લલિતાએ નક્કી કર્યું કે આ ઉત્સવની સેવા તો મારે એકલાએ જ કરવી. તે જ પ્રમાણે જયાએ પણ નક્કી કરી દીધું હતું. પણ જ્યારે વાત બહાર પડી, ત્યારે જયાએ લલિતાને કહ્યું : "તમે તો જન્માષ્ટમીના ઉત્સવની સેવા કરી હતી. તો હવે આ સેવાનો લહાવો મને લેવા દ્યો."

પરંતુ આવો અમૂલ્ય લાભ જતો કરવાનો લોભ લલિતા જતો કરે તેમ ન હતું. છતાં જયા અને લલિતાની શ્રીહરિ પ્રત્યેની ભક્તિ જેમ પરાકાષ્ટાએ પહોંચી હતી તેમ તે બંનેના સ્વરૂપમાં પણ એવો અભેદ પરાકાષ્ટાએ પહોંચેલો હતો. જયા કે લલિતાના પૃથક ગુણોનું વર્ણન થઈ શકે તેમ નહતું. જયાની ઉપમા લલિતાને આપી શકાય અને લલિતાની ઉપમા જયાને આપી શકાય. અંતે નક્કી થયું કે આ ઉત્સવની તમામ સેવા જયા તથા લલિતાએ ભેગા મળીને જ કરવી.

એભલબાપુના દરબારમાં અનાજનાં ગાડાં ઠલવાવા લાગ્યાં. ઘીના ઘાડવા, ગોળની ભેલીયું વગેરે સામગ્રીઓ પુષ્કળ પ્રમાણમાં આવવા લાગી. દરબારગઢમાં રહેતી તમામ સ્ત્રી હરિભક્ત આ સેવામાં લાગી ગઈ. કોઈ દળવામાં, કોઈ ખાંડવામાં, કોઈ મસાલા તૈયાર કરવામાં, તો કોઈ અનાજની સાફસૂફીમાં. ગઢપુરવાસી સ્ત્રીઓ પણ આ લહાવો લેવા તૈયાર થઈ ગઈ. તે પણ દરબારગઢમાંથી અનાજ સાફ કરવા, દળવા લઈ જવા લાગી. ગઢપુર ગામ વાસુદેવનારાયણના અન્નકૂટ ઉત્સવની તૈયારીઓમાં ગાજવા લાગ્યું.

સ્ત્રીઓના અંતરમાં શ્રીહરિ હતા. બહાર પણ એ જ શ્રીહરિની પ્રસન્નતા અર્થે આ સેવાનો લહાવો તેમણે લઈ લીધો. શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ રાખતાં રાખતાં સેવા કરતી આ બહેનો ઘણી વાર કામ કરતી થંભી જતી. ત્યારે લલિતા તેમને ટપારતાં : "અલી ! સાંબેલું કેમ અદ્ધર રહી ગયું ! કામ જલદી

આટોપવાનું છે !''

ત્યારે તે કહેતી : ''શું કરું બા ! મને ખાંડણીઆમાં શ્રીહરિ દેખાય છે. સાંબેલું કેમ છોડું ?''

એ સાંભળી લલિતા હસતાં. તે કહેતાં : ''ખરું બહેન ! મારી પણ એ દશા છે. પાપડ વણતાં વેલણ હાથમાં રહી જાય અને પાટલી ઉપર શ્રીહરિ ઘનશ્યામ સ્વરૂપે બેઠેલા દેખાય છે.''

મોટીબાને પણ માળા ફેરવવાનું નિયમ છે. પણ આ સેવામાં માળા નથી ફેરવાતી તેથી વડી મૂકતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્ર જપે છે. તો એક એક વડીમાં શ્રીહરિ બાલ મનોહર સ્વરૂપે દેખાય છે.

એટલામાં તો દળણું કરીને આવેલી સ્ત્રીએ ત્યાં લોટની ગાગર મૂકી. લલિતાએ તે જોઈ અને કહ્યું : ''આખા દિવસમાં આટલું જ દળણું થયું ? શી રીતે પહોંચાશે ?''

એટલે તે પણ રડતાં રડતાં કહેવા લાગી : ''બા, આખી રાત જાગીને દળણું કર્યું, પણ ઘંટીના પડ ઉપર મહારાજ બેસી જાય છે, એટલે પડ ફરતું જ નથી.''

આ સાંભળી લલિતા બોલ્યાં : ''અરેરે, આજે શ્રીહરિએ આ બધાનાં મન હરિ લીધાં છે. પોતાનો ભાવ ભૂલી સૌ શ્રીહરિમય થઈ ગઈ છે. ગોપીઓની વાતો તો શ્રીમદ્‌ભાગવતમાંથી સાંભળી હતી પણ આજે અહીં ગોપીઓ પ્રત્યક્ષ થઈ છે.''

અન્નકૂટનો દિવસ પાસે આવતો જતો હતો અને તૈયારી ઘણી કરવાની હતી. તેથી જયા તથા લલિતા જ્યાં જ્યાં અન્નકૂટની સેવાનું કામ ચાલતું હતું ત્યાં ફરી વળતાં. પણ બધે જ સેવા કરનાર બહેનોની આ જ દશા હતી. દહીંથરા તળતા ઝારી હાથમાં રહી જતી અને કડાઈમાં શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં જેમ જળક્રીડા કરે તેમ ક્રીડા કરતા દેખાયા. લોટ બાંધનારની, પકવાન્નો બનાવનારની આજ સ્થિતિ થઈ ગઈ હતી. કામ બહુ ધીમું પડી ગયું હતું.

શ્રીહરિ પણ કેટલાં પકવાન્નો થયાં, કેટલાં બાકી છે તે તપાસ કરવા આવતા. કામ ધીમું જોઈને તેમણે જયાબાને કહ્યું : ''ક્યારે પહોંચાશે ? હવે તો બે જ દિવસ રહ્યા છે અને સામગ્રી તો કાંઈ થઈ નથી ?''

જયાબાએ હસતાં હસતાં કહ્યું : ''એમાં વાંક તમારો છે. બધાના ચિત્તમાં પેસી ગયા છો એટલે તમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ કોઈને દેખાતું જ નથી ! સાંબેલાં અદ્ધર રહી જાય છે, વેલણ હાથમાં રહી જાય છે, તળવાની ઝારી પણ

હાથમાં સ્થિર થઈ જાય છે. બધાને તમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ જ દેખાતું નથી એટલે ક્રિયા શી રીતે થાય ?''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''મોટીબા ! ભક્તિની આ અંતિમ સ્થિતિ છે. મારા મય રહીને જેટલી ક્રિયા કરશો તે વાસુદેવનારાયણ સ્વીકારશે, બાકી તો સામગ્રીનો અન્નકૂટ દેખાશે તેમાં ભક્તિનો ભાવ નહિ હોય તો કેવળ બાહ્યાચાર જ થઈ પડશે.''

મોટીબા સમજી ગયાં. તેમણે આંખો બંધ કરી દીધી. એ જ સ્થિતિમાં તેમણે હાથ જોડી કહ્યું : 'પ્રભુ ! આ સ્થિતિમાંથી ચલિત ન થવાય અને એ સ્થિતિમાં રહીને જ સેવા થાય તેવી દૃષ્ટિ સદા રાખજો.''

શ્રીહરિની કૃપાથી અન્નકૂટની તમામ સામગ્રીઓ સમયસર તૈયાર થઈ ગઈ !

વાસુદેવનારાયણ સમક્ષ પ્રથમ અન્નકૂટોત્સવ

શ્રીવાસુદેવનારાયણની મૂર્તિ સમક્ષ અન્નકૂટના ઉત્સવનો આજે મંગલ દિવસ હતો. પ્રતિષ્ઠા પછીનો આજે પ્રથમ અન્નકૂટ હતો. જયા તથા લલિતાએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક આ સેવા સ્વીકારી લીધી હતી. મહારાજને તમામ તૈયારી થઈ ગયાના સમાચાર આપ્યા ત્યારે મહારાજે કહ્યું : ''પ્રથમ ગોવર્ધન ઉત્સવ કરો પછી અન્નકૂટ પૂરો.''

મહારાજની આજ્ઞા પ્રમાણે ગોવર્ધન ઉત્સવની તૈયારી વાસુદેવાનંદ બ્રહ્મચારી, મુકુન્દ બ્રહ્મચારી તથા અન્ય સર્વ વર્ણીઓએ કરી. લિંબતરુ નીચે શ્રીજીમહારાજ આવીને બિરાજ્યા, સભા થઈ, ગોવર્ધન ઉત્સવ થયો. પછી વાસુદેવનારાયણ સમક્ષ અન્નકૂટ પૂરવાની તૈયારી સૌ કરવા લાગ્યા. અન્નકૂટ પૂરાઈ ગયો. મહારાજ પધાર્યા, વાસુદેવનારાયણને સાષ્ટાંગ દંડવત્ કર્યા. અનિમિષ દૃષ્ટિએ દર્શન કર્યાં. તમામ વાનગીઓ નીરખી જયા-લલિતાના ભક્તિભાવની પ્રશંસા કરી. પછી બ્રહ્માનંદ સ્વામી સ્વરચિત થાળ[૭૫] બોલ્યા. તેમાં અન્નકૂટમાં ધરાવેલી તમામ વાનગીઓ તેમણે વર્ણવી લીધી. મહારાજ

---

૭૫. *અનૂપ ચિત્ર કે અવાસ, નેકવાસ નિર્મલી,*
હરંત ત્રાસ વક્રહાસ, દાસપાસ મંડલી;
સુગંધ નિર સ્નાન ધીર, ભક્તભીર ચહું ભરે,
જીમતનાથ સમરાથ સત હાથ સુદરે.
— 'બ્રહ્મસંહિતા'; પાનું : ૨૬૩.

થાળ સાંભળી પ્રસન્ન થયા. વાસુદેવનારાયણની આરતી ઉતારી. આરતી બાદ કીર્તન-ભક્તિ થયાં. શ્રીજીમહારાજ મૂર્તિ સન્મુખ જ બિરાજ્યા હતા.

ધર્મ રહેશે તો ભક્તિ રહેશે

લાડુબાના લાલજી આગળ પણ પકવાન્નો ગોઠવ્યાં હતાં. શ્રીજીમહારાજ ત્યા પણ દર્શન કરવા પધાર્યા. તે વખતે લાડુબાએ લાલજીને ધરાવેલ થાળ મહારાજ પ્રત્યક્ષ જમી રહ્યા હતા એવાં દર્શન સૌ સ્ત્રી-ભક્તોને થયાં. પછી લાડુબાએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપની મૂર્તિ પાસે માતાજી બિરાજ્યા છે તે કોણ છે ?"

મહારાજે કહ્યું : "તેમને જ પૂછોને." એટલે લાડુબાએ હાથ જોડી પ્રાર્થના કરતાં માતાજીને પૂછ્યું : "માતાજી ! આપ કોણ છો ?"

માતાજીએ હસીને કહ્યું : "તમે જેમની ભક્તિ કરો છો તે શ્રીહરિનાં અમે માતા છીએ. અમારું નામ ભક્તિ છે."

લાડુબાને આ સાંભળી આનંદ થયો. તેમણે મહારાજને આ વાત કહી, ત્યારે મહારાજે કહ્યું : "ભક્તિમાતાને જઈને કહો તો ખરા કે – માતાજી, હવે અહીં અખંડ રહો જેથી અમારા અંતરમાં ભક્તિ પાંગરે."

ભક્તિ ને ધર્મ બંને હશે તો અમે રહીશું

લાડુબાએ તે પ્રમાણે ભક્તિમાતાને કહ્યું, ત્યારે માતાજીએ ફરી કહ્યું : "બહેન ! હું તો પતિવ્રતા છું. મારા પતિ ધર્મ છે, તેથી તેમને રાખો તો હું રહું."

લાડુબાને આ સાંભળી આશ્ચર્ય થયું ! ધર્મ અને ભક્તિને આવો દિવ્ય સંબંધ છે, તે તેમને સમજાયું. તેમણે મહારાજને આ વાત કરી ત્યારે મહારાજે તેમને સમજાવ્યું કે "જો ધર્મ હશે તો ભક્તિ રહેશે. ધર્મ અને ભક્તિ બંને હશે, તો અમે રહીશું. કારણ અમે ધર્મ-ભક્તિના પુત્ર છીએ."

મહારાજનાં આ વચનો સૌનાં અંતરમાં સોંસરાં ઊતરી ગયાં. ધર્મથી ઈન્દ્રિયોની શુદ્ધિ થાય છે. ભક્તિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. શ્રીજીમહારાજે આ રીતે ભક્તિમાતા દ્વારા સ્ત્રીભક્તોને એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનાં સાધન બતાવ્યાં.

પછી અન્નકૂટમાંથી વાનગીઓ બ્રહ્મચારીએ મહારાજને પીરસી તે થાળ મહારાજ જમ્યા. સર્વ સંતો-હરિભક્તોની પંક્તિ કરી. મુક્તાનંદ સ્વામીએ સૌને યથાયોગ્ય બેસાર્યા. પછી પોતે જ સૌને પીરસવા લાગ્યા. તે પછી બ્રહ્માનંદ

સ્વામી પણ પંક્તિમાં પીરસવા આવ્યા. પરંતુ તેમના સ્થૂળ શરીરને લીધે તેઓ ઉતાવળથી ફરી શકતા નહિ. તેથી મહારાજે તેમને કહ્યું : "તમારું અંગ જમવાનું છે. પીરસવાનું નથી."

નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે સંતો પણ પીરસવા લાગ્યા. શ્રીજીમહારાજનો પ્રસાદ અને સંતો પીરસે તેથી સૌ હોંશે હોંશે જમવા લાગ્યા. તેમાં વળી મુકુન્દ બ્રહ્મચારીએ સૌને ચેતવ્યા હતા કે "જો જો સંતો ! મહારાજનો પ્રસાદ છે. સૌ પીરસેલું તમામ જમી જજો."

શ્રીજીમહારાજનાં દર્શન કરતાં સૌ આ દિવ્ય પ્રસાદ જમવા લાગ્યા. હરિભક્તોમાં પણ મહારાજ સાક્ષાત્ પીરસવા પધાર્યા. સુરાખાચર, અલૈયાખાચર, સોમલાખાચર વગેરેને જલેબી, સાટાં, ઘેવર ખૂબ જમાડ્યાં.

તમામ પરમહંસોને જમાડ્યા પછી શ્રીહરિએ તે સમયે ત્યાં સભા કરવાનું નક્કી કર્યું. તરત જ સૌ સંતો આવી ગયા. પ્રાગજી દવે[૭૬] જે હરિના ખાસ પુરાણી

---

૭૬. શ્રીહરિ કચ્છમાં વિચરણ કરતા હતા ત્યારે માનકૂવે પધાર્યા હતા અને ત્યાંથી તેરા પધાર્યા. અહીં સુથાર નોંધાને ઘેર ઊતર્યા. શ્રીહરિ કથાના વ્યાસંગી હતા. સૌ કથાના એવા વ્યાસંગી થાય, પરમાત્માના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો એ રીતે તેમને અભ્યાસ રહે તેવું ઇચ્છતા. તેથી ત્યાં બ્રાહ્મણને બોલાવી કથા વંચાવતા. તે બ્રાહ્મણ પોતાને ધુરંધર વિદ્વાન સમજતો હતો એટલે શ્રીહરિને કથા વાંચતાં વારંવાર કહેતો : "મહારાજ ! કાંઈ શંકા થાય તો વિના સંકોચે પૂછજો." શ્રીહરિ તેમની વાત સાંભળી હસતા.

એક દિવસ શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો અને વિદ્વાન બ્રાહ્મણ ગૂંચવાયો. પ્રશ્નનો ઉત્તર આવડ્યો જ નહિ એટલે તે ગુસ્સે થયો અને શ્રીહરિને કહ્યું : "તમે સભામાં મારી લાજ લીધી." એટલું કહી પુસ્તક બાંધી તે ત્યાંથી ઘેર ચાલી ગયો.

બીજે દિવસે તેને બોલાવવા મોકલ્યો પણ તે આવ્યો નહિ. એટલે શ્રીહરિએ કહ્યું : "અમને કથા સાંભળ્યા સિવાય ચાલશે નહિ."

તે વખતે પ્રાગજી દવેનાં મા ત્યાં દર્શન કરવા આવ્યાં હતાં. તેમને શ્રીહરિએ પૂછ્યું : "તમારો પ્રાગજી અમારી પાસે કથા વાંચશે ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! એ તો હમણાં જ સારસ્વત ભણી રહ્યો છે. કાવ્ય ભણ્યા પછી પુરાણના ગ્રંથોનો અભ્યાસ કરે પછી કથા વાંચતાં આવડે."

એટલે શ્રીહરિએ કહ્યું : "એને અમારી પાસે બોલાવો. કથા વાંચતાં શીખી જશે અને ભારે વિદ્વાન થશે." ત્યારથી પ્રાગજી દવે શ્રીહરિની સાથે જ રહેવા લાગ્યા અને શ્રીહરિની કૃપાથી પુરાણોની કથા તેમને સુલભ બની ગઈ !

– શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગર; પાનું ૭૧.

હતા તે પણ આવી ગયા. સભા વ્યવસ્થિત ગોઠવાઈ ગઈ એટલે શ્રીહરિ પધાર્યા.

પ્રાગજી પુરાણીએ ચાલતી કથામાં શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કંધની કથા શરૂ કરી. શ્રીહરિની દિવ્ય મૂર્તિનું વર્ણન કરતાં, શ્રીહરિને નમસ્કાર કરતાં મંગળાચરણથી તેમણે શરૂઆત કરી : नमाम्यात्मात्मानं तमहमिह नारायण-मुनिम् ।[૭૭] "મારા આત્માના પણ આત્મા એવા હે નારાયણમુનિ ! આપને હું નમસ્કાર કરું છું."

તે પછી તેમણે ભાગવતની કથા શરૂ કરી. કથાની સમાપ્તિ પછી પ્રેમાનંદ મુનિ આદિ પરમહંસોએ કીર્તન-ભક્તિ કરી. શ્રીહરિ પ્રાગજી પુરાણીની કથાથી અને પ્રેમસખી પ્રેમાનંદની કીર્તન-ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. પ્રાગજી પુરાણીને તો તેમણે વસ્ત્રો, અલંકારો તથા ધન વગેરે આપ્યાં. ઉપરાંત, બહુ મૂલ્યવાળો મોટા મોટા કાઠી દરબારમાં શોભે એવો પોતાનો રોઝો ઘોડો પણ ભેટ આપી દીધો ! કાઠી દરબારોમાં આથી સળવળાટ શરૂ થઈ ગયો.

એટલામાં ત્યાં એક નવીન ભક્ત આવ્યા. તેણે ગોઠણ સુધી લાંબું અંગરખું પહેર્યું હતું, માથે ગુજરાતી પાઘડી મૂકી હતી. કપાળમાં ત્રિપુંડ્ર અને ગળામાં રુદ્રાક્ષની માળા હતી. સભા જોઈને વિદ્વાન સ્થિર થઈ ગયો. શ્રીહરિએ તે પંડિતને આવકાર્યા, સભાએ માર્ગ કરી દીધો. વિદ્વાન વિપ્ર શ્રીહરિ સન્મુખ પહોંચ્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ તેણે કરી દીધા. તરત જ તેના મુખમાંથી સ્તુતિના શબ્દો સરી પડ્યા : "हरे ! रूपं नित्यं मम मनसि सम्यक् स्फुरतु ते ।"

શ્રીહરિએ તેમના મસ્તક ઉપર પોતાનો અભય હાથ મૂક્યો. પછી પૂછ્યું : "વિપ્રવર્ય ! આપ ક્યાંથી આવો છો ? આપનું શુભ નામ શું છે ? આપણો તો આ પ્રથમ પરિચય છે તો પણ તમારા અંતરમાં આ ભાવ કેવી રીતે ઉત્પન્ન થયો ?"

વિપ્રની આંખમાંથી હર્ષાશ્રુ ચાલવા લાગ્યાં. તેમણે હાથ જોડીને કહ્યું : "પ્રભુ ! હું ગુજરાતમાં ભરૂચ પાસે આમોદ ગામનો વતની છું, જ્ઞાતિએ દ્વિજ છું, નામ દીનાનાથ ભટ્ટ છે, સૌરાષ્ટ્રમાં ભગવાન પ્રગટ્યા છે તેવી વાત સાંભળી હું અહીં આવવા નીકળ્યો. રસ્તામાં વિચાર્યું કે એ થયેલા ભગવાનની કસોટી કરવી, અનેક પ્રશ્નો પૂછી તેમને ગૂંચવવા. જો ભગવાન હશે તો મારા પ્રશ્નોના ઉત્તર દેશે, નહિ તો તેમનું પોકળ બહાર પડશે."

તેમણે એટલું કહ્યું એટલે શ્રીહરિએ તરત પૂછ્યું : "તો પછી પ્રશ્નો કેમ ન પૂછ્યા ?"

---

૭૭. સત્સંગિજીવન; પ્રકરણ ૩, અ. ૧૪, શ્લોક ૧૦.

"શું કહું પ્રભુ ! આપની આ દિવ્ય મૂર્તિનાં દર્શન કરતાં જ મારા તમામ પ્રશ્નો અંતરમા જ શમી ગયા. આપ નારાયણ સ્વરૂપે મને દેખાયા. એટલે હવે આ દર્શન હંમેશાં પ્રત્યક્ષ જ રહે તેવું માગું છું." દીનાનાથ ભટ્ટે દીનતાપૂર્વક સ્તુતિ કરતાં કહ્યું.

ભૂગોળ-ખગોળ સંબંધી મહારાજ પત્ર લખાવે છે

તે દિવસે સાંજે મહારાજ ભક્તિબાગમાં પધાર્યા. અહીં થોડું ફર્યા. પછી હરમાના વૃક્ષ નીચે બિરાજ્યા. મહારાજે લહિયા સાધુને કહ્યું : "આપણે એક પત્ર સમગ્ર હરિભક્તો ઉપર લખવો છે. તેમાં ભૂદ્વીપ ખંડ, યુગપરિમાણ, પ્રલય વર્ણન વગેરે લખવું છે. જેથી મુમુક્ષુઓ અન્ય લૌકિક પ્રવૃત્તિમાંથી આસક્તિ છોડી પોતાના મોક્ષનું કામ સિદ્ધ કરી શકે."

લહિયા સાધુ લેખન-કાર્યનો તમામ સાજ પોતાની સાથે જ રાખતા. મહારાજ ક્યારે શું બોલે, કહે તે તેઓ તરત જ લખી લેતા. તેથી આ પ્રસંગે પણ તેમણે કલમ અને કાગળ કાઢ્યા. અને મહારાજે પત્ર લખાવવાની શરૂઆત કરી.

આ પત્ર આષાઢી સં. ૧૮૬૩ના કાર્તિકી સુદિ પડવાથી લખવાની શરૂઆત કરી અને પ્રબોધિની એકાદશીએ તે પત્ર મહારાજે સંપૂર્ણ લખાવી લીધો.[૭૮]

પ્રબોધિનીના ઉત્સવ ઉપર દેશોદેશથી હરિભક્તો આવ્યા હતા. સંતો પણ પોતપોતાના મંડળ સાથે આ સમૈયા ઉપર મહારાજનાં દર્શન માટે આવ્યા હતા. તેમને સૌને આ પ્રસંગે મહારાજે લખાવેલા પત્રનું વિસ્તારપૂર્વક રહસ્ય સમજાવ્યું. મનુષ્યદેહ દુર્લભ છે, તેમા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનો સંબંધ થવો તે પણ અતિ દુર્લભ છે. તેથી લૌકિક અનેક વિટંબણા સહન કરીને પણ આ સત્સંગ દૃઢતાપૂર્વક કરી લેવો અને સૌને આ દુર્લભ સત્સંગની વાત કરવી.

મહારાજની વાતનું રહસ્ય સૌ સંતો સમજી ગયા. સંતો શૂરવીર હતા. દેહના કષ્ટને ગણે તેવા ન હતા. તેમના અંતરમાં મહારાજને પ્રસન્ન કરી લેવાની એકમાત્ર તમન્ના હતી. તેમણે શું કષ્ટ સહન કર્યાં હતાં તે તો મહારાજ જાણતા હતા. ધર્મઝનૂની દ્વેષી બાવાઓ આ જીવનમુક્તાના પંથનો - તેના સાધુઓનો નાશ કરી તેમનું નામ-નિશાન મિટાવી દેવા માંગતા હતા. સંતો સામે અત્યાચારો કરતા હતા. પરંતુ સંતોની તિતિક્ષા અપાર હતી. તેમનું બખ્તર વજ્ર જેવું હતું. મહારાજને સંતોના આ કવચની, તેમની સહનશીલતાની, ધીરજની

૭૮. ભૂગોળ-ખગોળના વચનામૃત તરીકે વચનામૃતના અંતે આ પત્ર આપેલો છે.

હજુ વધુ કસોટી કરવી હતી. અસુરોનો વિનાશ તેમની ક્ષમામાં છે. તેમની સહનશીલતા, ધીરજ વગેરે ગુણો ભવિષ્યના સાધુઓને દૃષ્ટાંતરૂપ બને. ભગવાનને પ્રસન્ન કરવાના સાધનોની કઠિનાઈ તેમને સમજાય, એ હેતુથી મહારાજ આવા આસુરી પરિબળને પાંગરવાનો અવકાશ આપતા હતા.

પ્રબોધિનીના ઉત્સવ પછી વસંતના ઉત્સવ સુધી ગઢપુરમાં રહેવાનું મહારાજે નક્કી કર્યું.

દાદાખાચરના બીડનું માહાત્મ્ય

શ્રીજીમહારાજ થોડા સંતો-પાર્ષદો સાથે એભલખાચરના આગ્રહથી તેમના બીડમાં પધાર્યા. અહીં મહારાજ બિરાજ્યા. આજુબાજુ સંતો, હરિભક્તો બેસી ગયા. તે વખતે દાદાખાચર એભલખાચરની બાજુમાં બેઠા હતા. એભલ બાપુએ મહારાજને કહ્યું : "મહારાજ ! આ દાદાનું બીડ ! આજે આપ અહીં પધાર્યા અને આ બીડ પાવન થઈ ગયું ! બાકી અહીં તો અમારા કાઠીઓના ડાયરા જામતા, કસુંબા ઘોળાતા, અમારા ધંધાનો માલ અહીં વહેંચાતો અને એવાં કંઈક કાળાં કામો અહીં થતાં જે આપને કહી શકાય તેમ નથી. આ બીડમાં જ અમારા ડાયરાના કાઠીઓએ મને આપના વિરુદ્ધ ભરમાવ્યો હતો."

એભલખાચર બોલતા હતા. તેમને અટકાવીને મહારાજે તેમને પૂછ્યું : "આ તમારા બીડની હદ કેટલી ગણાય ?"

એભલખાચર તરત જ આજુબાજુ નજર નાંખીને બોલ્યા : "મહારાજ ! દક્ષિણાદિ કોરે ઘેલા નદીનો કાંઠો ને ઉત્તરાદિ કોરે ઉગામેડીનો રસ્તો ને ઉગમણી કોરે અડતાળા ગામનો સીમાડો તથા જીવાખાચરની પાટીનો સીમાડો. આથમણી કોરે ભક્તિબાગની વાડ તથા આથમણું ખડકું જે ઘેલાને મળ્યું તે. આ ચાર દિશાઓમાં આ બીડ ફેલાયેલું છે."

મહારાજ આ સાંભળી બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : "બાપુ ! આ બીડની પુણ્યભૂમિનો મહિમા તમે જાણતા નથી. પૃથ્વીમાત્રનું આ ભૂમિ મસ્તક છે ને વૈરાટાદિક મોટા ઈશ્વરોને ઠરવાનું અને નિવૃત્તિ લેવાનું તેમજ મહાસિદ્ધોને રહેવાનું આ સ્થાન છે. અનંત મુક્તો પણ આ ભૂમિની રજ ઇચ્છે છે. અહીં અમે આવ્યા છીએ અને હજી ઘણી વાર આવીશું. તેથી આ ભૂમિનો મહિમા વિશેષ વધશે."

મહારાજના શ્રીમુખે પોતાના બીડનો આવો મહિમા સાંભળી એભલ બાપુ

રાજી થયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમે ઝાઝું સમજીએ નહિ. પણ આપ પુરુષોત્તમનારાયણ સાક્ષાત્ અહીં પધાર્યા એ જ અમારે મન તો મોટું માહાત્મ્ય !"

મહારાજ તેમની સમજણ જોઈ રાજી થયા. પછી મહારાજે કહ્યું : "અહીં તો ઉત્સવ કરવા જેવું છે." એમ કહીને મહારાજ ઊઠ્યા. પછી ઘોડી ઉપર બેસી આખા બીડમાં ફર્યા અને જમવા ટાણે દરબારમાં પધાર્યા.[૭૯]

ગઢપુરમાં વસંતોત્સવ

શ્રીજીમહારાજે વસંતપંચમી ઉત્સવ ગઢપુરમાં કર્યો. આ પ્રસંગે સંતો-હરિભક્તો આવ્યા. મહારાજનાં દર્શન કરી સૌ તૃપ્ત થઈ ગયા. સંતોને વાતો કરી. સમાગમનું સુખ આપ્યું. વાતોથી કલેવર ઘડાય, સમાગમથી ગુણ આવે. એ સાધનો ઉપર મહારાજે ખાસ ભાર મૂક્યો હતો.

---

૭૯. શ્રીજીમહારાજે આ બીડનો મહિમા કહ્યો હતો તે સમયે અલૈયાખાચર મહારાજ ભેગા હતા. તેમણે તે સાંભળ્યો હતો. તેમણે પાછળથી આ વાત દાદાખાચરના પુત્ર અમરાખાચરને કહી હતી.

– શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, પાનું-૨૦.



ઉદ્‌ગીથ ૧૬

જૂનાગઢમા હરિનવમીનો ઉત્સવ

(આ.સં. ૧૮૬૩, ઈ.સ. ૧૮૦૭)

વસંતનો ઉત્સવ કરી મહારાજ ગઢપુરથી નીકળી પીપરડી પધાર્યા. અહીં ભાણજી વિપ્રને ઘેર થાળ જમ્યા. બે દિવસ રોકાયા. કરસનજી સુથારે પણ સેવા કરી. પીપરડીથી નીકળી મહારાજ નડાળે પધાર્યા. અહીં ગંગેવ વિપ્રને ઘેર રહ્યા. મહારાજે તેને પૂછ્યું : "અહીં અમે રહ્યા હતા અને મરચાં અને મીંઢીઆવળ જમતા હતા તે યાદ છે ને ?"

ગંગેવે કહ્યું : "મહારાજ ! આપે એ દિવ્ય સુખ આપ્યું તે કેમ ભૂલાય ? એ તો જીવનનું ભાથું થઈ ગયું."

✧

શ્રીહરિએ નડાળેથી નીકળી સરધાર પધાર્યા. અહીંના હરિભક્તો તોંગાજી, વેરીભાઈ તથા વણિક ભક્ત ગોવર્ધનભાઈ, કમળશી વગેરે મહારાજનાં દર્શનથી પ્રસન્ન થઈ ગયા. મહારાજ અહીં બે દિવસ રહ્યા. નીકળતી વખતે મહારાજે તોંગાજીને પૂછ્યું : "અહીં રામાનંદ સ્વામીનો શિષ્ય બોદો કમાનગર રહે છે તે કેમ દેખાયો નહિ ?"

આ સાંભળી તોંગાજીએ કહ્યું : 'મહારાજ ! એણે તો સ્વામીનો અવગુણ લીધો એટલે સત્સંગમાં આવતો આળસી ગયો છે."

"પણ શું થયું કે તેને રામાનંદ સ્વામીનો અવગુણ આવ્યો ?"

ગોવર્ધનભાઈએ શ્રીહરિને માંડીને વાત કરતાં કહ્યું : "મહારાજ ! એક હરિભક્તને અતિસાર થયો હતો. તેને રામાનંદ સ્વામીએ કહ્યું : 'પાશેર મીઠું પાણીમાં નાખી પાઈ દ્યો. મરડો મટી જશે.' તે પ્રમાણે તેને મીઠું પાયું. બોદો એ વખતે પાસે હતો. તેણે પછી સમજ્યા વગર આજ ઔષધ બીજા ઉપર અજમાવ્યું અને તે માણસ મરી ગયો. બોદાએ આવું ઊંટવૈદું કર્યું અને માણસ મારી નાખ્યો

તેથી લોકોએ તેના ઉપર ફિટકાર વરસાવ્યો. આ અપમાનથી બોદાને થયું કે રામાનંદ સ્વામીએ ખોટું ઔષધ બતાવ્યું. સ્વામીનો અવગુણ આવ્યો અને સત્સંગમાં આવતો બંધ થઈ ગયો.''

મહારાજ આ સાંભળી રહ્યા. પછી ધીરે રહીને તેમણે કહ્યું : ''સ્વામી તો સમર્થ હતા. ધૂળ આપીનેય રોગ કાઢે. સમજ્યા વગર તેમની નકલ કરી અને ઊલટો પોતાની મૂર્ખાઈએ કરીને મોટાપુરુષનો અવગુણ લીધો. આવો સહેજ અવગુણ આવે ત્યારે માયાને લાગ મળે.'' એટલું બોલીને મહારાજ 'હરિ હરિ' બોલવા માડ્યા.

તોંગાજીએ પૂછ્યું : ''મહારાજ ! આપ કેમ 'હરિ હરિ' બોલો છો ?''

''એટલા માટે કે જીવની આવી અવદશા જોઈને અમને ગ્લાનિ થાય છે. પોતાનું અહં-મમત્વ પોષવા જીવ મોક્ષમાર્ગનો રસ્તો ભૂલી અવળે માર્ગે ચાલે છે. હરબાઈ ને વાલબાઈ ગયાં, રઘુનાથદાસ ગયો, જીવનો મોક્ષ બગડે તે જ તેનું મૃત્યુ !'' મહારાજે કહ્યું.

''પણ મહારાજ ! સત્સંગમાંથી તો આ બધા ગયા પણ સત્સંગને કાંઈ ઘસારો લાગ્યો હોય એવું દેખાતું નથી.'' તોંગાજીએ કહ્યું.

''એવા આસુરી બુદ્ધિવાળા સત્સંગ છોડીને જતા રહે તેથી સત્સંગને તો ઘસારો લાગે જ નહિ. ઊલટું આવા તત્ત્વોના જવાથી સત્સંગનું ગૌરવ વધે છે અને ખોટ તો જે સત્સગ તજીને જાય છે તેને જ નડે છે.'' મહારાજે સમજાવ્યું. પછી કહ્યું : ''બોદાને અહીં બોલાવો તો ખરા.''

બોદો કમાનગર

બોદો કમાનગર સત્સંગ છોડી દીધા પછી અત્યંત ઉપાધિમાં આવી પડ્યો હતો. એવામાં તેણે શ્રીહરિના પ્રતાપની વાત સાંભળી. તેને થયું કે આ પુરુષનાં દર્શન કરીને ખોયેલી કમાણી પાછી મેળવી લઉં. તેથી તે શ્રીહરિનાં દર્શન માટે ઉત્સુક હતો. એટલામાં તોંગાજીનો માણસ તેને બોલાવવા આવ્યો. બોદો તેની સાથે મહારાજ પાસે આવ્યો. મહારાજને તેણે સાષ્ટાંગ દંડવત્ કર્યા, બે હાથ જોડ્યા અને પ્રાર્થના કરી : ''મહારાજ ! આપ દયાળુ છો. સ્વામીનો મેં અપરાધ કર્યો છે તે માફ કરો. મારા અંતરમાં શાંતિ થાય તેવી દૃષ્ટિ કરો.''

તોંગાજી તથા બીજા હરિભક્તો બોદાનું આ પરિવર્તન આશ્ચર્યવત્ જોઈ રહ્યા. રામાનંદ સ્વામી વિરુદ્ધ બેફામ બોલનારો, સહજાનંદને જાદુગરા કહેનારો

બોદો આજે સાવ સરળ થઈ ગયો ! તેમને સમજાયું કે શ્રીહરિની ઇચ્છા હતી બોદાને નિષ્પાપ કરવાની ! તેના અઘના ઓઘ દૃષ્ટિમાત્રે તેમણે બાળી દીધા. બોદો પાછો સત્સંગી થઈ ગયો. શ્રીહરિની તેના ઉપર કરુણા વરસી. न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात ! गच्छति ।

✧

શ્રીહરિ સરધારથી નીકળી રામોદ થઈને બંધિયે પધાર્યા. અહીં ડોસાભાઈના ઘેર જે ઓરડામાં રામાનંદ સ્વામી ઊતરતા ત્યાં મહારાજ ઊતર્યા. ફળિયામાં ઢોલિયો ઢાળી દીધો તે ઉપર મહારાજ બિરાજ્યા. મહારાજની સમક્ષ સંતો-હરિભક્તોની સભા થઈ. તે વખતે મહારાજે વાત કરી "શ્રીમદ્‌ભાગવતની કથા લોકો કરાવે છે અને સાંભળે છે. પરંતુ કથા સાંભળ્યા પછી પણ સાંભળનારાને પ્રતીતિ નથી આવતી કે મારો મોક્ષ થઈ ગયો. કારણ સૌ એમ સમજે છે કે શુકદેવજીએ તો કથા ફક્ત પરીક્ષિતના મોક્ષ માટે જ કહી હતી. પરંતુ શ્રોતા પરીક્ષિત છે અને વક્તા શુકદેવજી છે, એવો ભાવ જો રહે તો કથા સાંભળીને પોતાના મોક્ષની પ્રતીતિ થાય."

પછી મહારાજે દશમસ્કંધમાંથી વેદસ્તુતિનો અધ્યાય વંચાવ્યો. તે વખતે ભાઈ આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! આપને જે સાક્ષાત્ પરમાત્મા જાણે છે અને આપના ભક્તોને પણ મુક્તો જાણે છે; પછી દેશકાળના આવરણથી સત્સંગ મૂકી દે, નિષ્ઠા ડગી જાય, ત્યારે તેની કેવી ગતિ થાય ?"

શ્રીજીમહારાજે કહ્યું : "જીભ જાણ્યે-અજાણ્યે દાંત તળે દબાઈ જાય તો તેને પીડા થાય કે નહિ ? તેમ જ્ઞાની કે અજ્ઞાની બંને જો સત્સંગ છોડે તો તેમને તેનું ફળ ભોગવવું પડે. પરંતુ જો પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય ન ટળે તો તેનું કલ્યાણ જરૂર થાય."

બંધિયામાં મહારાજ એક દિવસ રહ્યા.

બાળહત્યા બંધ કરાવી

અજ્ઞાન, અંધશ્રદ્ધા અને આર્થિક મુશ્કેલીઓના એ જમાનામાં કેટલાય કુરિવાજો પ્રચલિત હતા. મહારાજે તેની સામે લડત આદરી. એવો એક નિંદનીય કુરિવાજ હતો દીકરીને જન્મતાંવેંત જ દૂધપીતી કરવાનો. રજપૂતો, કાઠીઓ અને ગરાશિયાઓમાં દીકરીનાં લગ્નમાં પુષ્કળ ખર્ચ થતું. જમીન અને દ્રવ્ય પુષ્કળ પ્રમાણમાં આપવું પડતું. તેથી દીકરીનો જન્મ થાય એટલે તેને દૂધ ભરેલા

વાસણમાં ઊંધે માથે ડૂબાડીને મારી નાખવાનો રિવાજ હતો. આ રિવાજ 'દીકરીને દૂધપીતી કરવી' એ નામે પ્રચલિત હતો. મહારાજે પોતાના આશ્રિત બધા જ કાઠી તથા રજપૂત હરિભક્તોમાં આ પ્રથા બંધ કરાવી. સમગ્ર કાઠી તથા રજપૂત સમાજ ખળભળી ઊઠ્યો.

મહારાજ બંધિયા બિરાજતા હતા. કેટલાય કાઠી તથા રજપૂતો દર્શને આવ્યા. તેઓના મનમાં કેટલાક પ્રશ્નો હતા. મહારાજે સમાજના વહેણ વિરુદ્ધ જઈ બંધ કરાવેલ 'દૂધપીતી' રિવાજ સંબંધી કેટલીક ફરિયાદ હતી. મહારાજે અંતર્યામીપણે તેમના મનની મૂંઝવણ જાણી લીધી. મહારાજે તેમને ઉપદેશ દેતાં કહ્યું : "દીકરીને દૂધપીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યા કર્યાનું પાપ લાગે છે. એક તો નિર્દોષ કુટુંબીજનની હત્યા કરવાનું પાપ, બીજું બાળહત્યાનું પાપ અને ત્રીજું નિઃસહાય અબળાહત્યા(સ્ત્રી હત્યા)નું પાપ લાગે છે. માટે આવું અપકૃત્ય કરી પાપમાં ન પડવું."

કાઠી તથા રજપૂતોએ કહ્યું : "મહારાજ ! શું કરીએ ? દીકરીને પરણાવવા પાછળ પુષ્કળ ખર્ચ થાય છે. અમારી એટલી પહોંચ હોતી નથી. અમે આટલા બધા પૈસા ક્યાંથી કાઢીએ ? આથી અમારે દીકરીને દૂધપીતી કર્યા વિના છૂટકો નથી."

મહારાજે કહ્યું : "પણ તમારે આ પાપ ન કરવું. તમારે લગ્ન ખર્ચનું નાણું જોઈતું હશે તો અમે આખા સત્સંગમાંથી ખર્ચ પૂરતું નાણું ભેગું કરીને પૂરું પાડશું પણ કોઈ રીતે આવી બાળહત્યા કરવી નહિ."

મહારાજના આ શબ્દો અને મહારાજે આપેલ ધીરજ આગળ રજપૂતોની કોઈ દલીલ ઊભી રહી નહિ. તેથી એક રજપૂતે લોકલાજ આગળ ધરીને કહ્યું : "અમારી જાતમાં જુવાન છોકરાઓ વ્યસની અને દુરાચારી હોય છે, માટે કોઈ પૈસા આપે તોય અમે અમારી કન્યાઓને જેની તેની સાથે વરાવીને આબરૂનું લીલામ કરવા માગતા નથી."

મહારાજે ઢોલિયા પર હાથ પછાડી સત્તાવાહી સૂરમાં ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહ્યું : "અમે તમારી જવાબદારી લઈએ છીએ તો શું તમારી દીકરીઓ માટે સારા છોકરા નહિ પૂરા પાડી શકીએ ? ભગવાન પર ચિંતા નાખી દો, તો ભગવાન તમારી સંભાળ લેશે. અમારી આ આજ્ઞા નહિ પાળો તો તમારે તમારી દીકરીઓને જંગલીને વેરે આપવી પડશે. હવે એવું રાજ (અંગ્રેજોનું) આવી રહ્યું છે કે કાયદા અને સત્તા વડે તમારો લૂંટફાટનો ધંધો

છોડાવશે. આ બધા કુરિવાજો મુકાવશે. તે વખતે પરવશ થઈ મૂકવું પડશે અને હાથમાં માળા લેવાનો વારો આવશે. પણ પછી કાંઈ નહિ વળે. માટે અમારી આજ્ઞા પાળી રાજીપો લઈ લો. માળા લઈ ભગવાનનું ભજન કરો. ભગવાન તમારી સહાય કરશે.''

રજપૂતોની અંતરની આંખ ઊઘડી ગઈ. તેમને મહારાજના શબ્દોમાં શ્રદ્ધા બેઠી. તેમણે આ આજ્ઞા માથે ઉઠાવવાનું વચન આપ્યું. ખરેખર બન્યું હતું પણ એવું જ. અંગ્રેજ સત્તા સુરતથી આગળ ગુજરાત અને કાઠિયાવાડમાં વધવાના પ્રયાસ કરી રહી હતી.

✧

બંધિયામાં મહારાજ થોડું રોકાઈ ત્યાંથી ગોંડળ થઈને મેવાસા પધાર્યા. ગામને પાદર વહેતી ચાંપરવાડી નદીમાં શ્રીહરિએ સ્નાન કર્યું. સંતોએ તેમને ચોળીને નવરાવ્યા. ત્યાં જ નિત્ય ક્રિયા કરી. એટલામાં ગામમાં સમાચાર પહોંચી ગયા કે મહારાજ પધાર્યા છે. તેથી ગામમાંથી સત્સંગી વિપ્રો ઈન્દ્રજી વ્યાસ, કડવા વ્યાસ, વીરેશ્વર વગેરે આવી ગયા. મહારાજને દંડવત્ પ્રણામ કરી ગામમાં પધારવા પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : ''અમારે ધોરાજી પહોંચવાની ઉતાવળ છે. માટે ગામમાં અવાશે નહિ.''

એટલે વિપ્રોએ કહ્યું : ''મહારાજ ! કાંઈ જમવાનું લાવીએ ?''

''ચોખ્ખું હોય તો લાવો.'' મહારાજે તરત જ કહ્યું.

વીરેશ્વર તરત જ ગામમાં ગયા. તેમને ઘેર લગ્ન પ્રસંગ હતો તેથી પકવાન્ન કર્યાં હતાં. તે મોટાં તપેલાંઓમાં પકવાન્ન ભરીને ત્યાં લઈ આવ્યા. મહારાજ જમ્યા અને સર્વ સંત-હરિભક્તોને પણ પોતે પકવાન્ન વહેંચી દીધાં.

તમે કેવા સત્સંગી થયા છો ?

આજ વખતે બ્રહ્માનંદ સ્વામી પોતાનું સંતમંડળ લઈને ધોરાજીમાં ફૂલદોલનો સમૈયો થવાનો છે તે જાણી ધોરાજી જતા હતા. અહીં તેમને મહારાજનાં દર્શન થઈ ગયાં. મહારાજ વૃક્ષ નીચે સભા કરીને બિરાજ્યા હતા. બ્રહ્મમુનિને જોઈ મહારાજ ઊઠ્યા. એટલામાં તો બ્રહ્માનંદ સ્વામી મહારાજના ચરણમાં દંડવત્ પ્રણામ કરતાં પડી ગયા. મહારાજે તેમને ઊઠાડ્યા અને પ્રેમથી મળ્યા. આ સ્પર્શથી, આ મિલનથી, બ્રહ્મમુનિનો કોઠો ટાઢો થઈ ગયો. મહારાજે તેમને તથા તેમના મંડળને પકવાન્ન પીરસ્યાં.

પછી મહારાજે તેમને પૂછ્યું : "સ્વામી ! તમે ક્યાં ક્યાં ફર્યા અને તે તે દેશમાં સત્સંગ કેવો છે ?"

ત્યારે બ્રહ્મમુનિએ કહ્યું : "મહારાજ ! સત્સંગ તો દેશ-પરદેશમાં બહુ જ વધી રહ્યો છે. આપનો પ્રતાપ સર્વત્ર જણાય છે."

તે સાંભળી મહારાજે ફરી પૂછ્યું : "એ તો ઠીક, પણ તમે કેવા સત્સંગી થયા છો ?"

બ્રહ્માનંદ સ્વામીને આ પ્રશ્નથી આશ્ચર્ય થયું ! તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! અમે તો આપને સર્વસ્વ અર્પણ કરી દીધું છે એટલે આપના ખરેખરા સત્સંગી થયા છીએ."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમને સત્સંગનું રહસ્ય આજે સમજાવવું હતું. તેથી મહારાજે ફરી કહ્યું : "સ્વામી ! તમે તો હજુ ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો અને અમારા ખરેખરા સત્સંગી તો પર્વતભાઈ અને ગોવર્ધનભાઈ છે. તે ત્રણે અવસ્થામાં અમને અખંડ દેખે છે."

બ્રહ્માનંદ સ્વામીને સત્ય સમજાયું. આત્મા ને પરમાત્મા પામવાનો વેગ લાગે, પરમાત્મા સાથે સંલગ્ન થઈ જવાય એ જ ખરો સત્સંગ છે ! તેથી તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "અમે એવા સત્સંગી નથી થયા. એવા મોટા આગળ તો અમે જેમ મેરૂ પર્વત પાસે ટેકરા હોય તેવા છીએ."

તરત જ મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! એવા સત્સંગી કેમ થવાય ?"

"પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી, બ્રહ્મભાવ પામી મારા સ્વરૂપને અંતરમાં ધારે તો એવા સત્સંગી થવાય." મહારાજે સમજાવ્યું.

મહારાજ મળ્યા પછી પણ આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાની કેમ રહે ? – એવી શંકા આ બંને સંતોના અંતરમાં ઘોળાવા લાગી. મહારાજે તેમની મૂંઝવણ જાણી. પરંતુ એ મૂંઝવણનો ઉકેલ અત્યારે લાવવો તેમને આવશ્યક ન લાગ્યો. એટલામાં બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કૃપા કરો તો એવા સત્સંગી થવાય."

મહારાજે તો કૃપાનો ધોધ વરસાવ્યો હતો. પણ તાત્ત્વિક રીતે તેની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી એ કૃપા કેવી છે તે સમજાય તેવું ન હતું. તેથી તેમણે કહ્યું : "સાંભળો મુનિરાજ ! ચૌદ લોકનું આ બ્રહ્માંડ છે. તે આઠ આવરણથી વીંટાયેલું છે. એવાં અનંત કોટિ બ્રહ્માંડો અક્ષરના રોમકૂપમાં તરંગની જેમ

ઊપજે છે અને લીન થાય છે. આવો અક્ષરનો મહિમા છે અને હું તો એ અક્ષરધામનો ધામી સાક્ષાત્ પુરુષોત્તમ છું. અક્ષરધામમાં રહેલા અનંત કોટિ મુક્તોનો હું નિયંતા છું.''

બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી આ રહસ્યની વાત એકાગ્રતાથી સાંભળતા હતા. તેમને થયું કે શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપની યથાર્થ નિષ્ઠા કરાવવા માટે જ આ પ્રશ્ન પૂછ્યો હતો.

મહારાજ તેમના પ્રત્યે બોલ્યા : ''મુનિવર્ય ! અમે આવા પરાત્પર પુરુષોત્તમ તમારે કાજે અહીં પ્રકૃતિ-પુરુષનો લોક કે બીજા અન્ય લોક ત્યજીને મનુષ્ય જેવા થઈ તમારી સાથે રહ્યા છીએ. તમને નિત્ય દર્શન દઈએ છીએ, હેત કરીને તમને જમાડીએ છીએ, રમાડીએ છીએ – એમ અનેક પ્રકારના લાડ તમને લડાવીએ છીએ, છતાં તમારે હજુ કૃપા જોઈએ છે ?''

આજ અવનવો પ્રસંગ નીકળ્યો છે. મહારાજ પણ લહેરમાં આવી ગયા છે. કીડી ને કુંજરના મેળાપ જેવી આ અતિ આશ્ચર્યમય વાત આજે સહજ થઈ ગઈ છે. પુરુષોત્તમનારાયણ મનુષ્ય જેવા બની ગયા છે. બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડી દીધા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપની તો અત્યંત કૃપા છે. પરંતુ અમે માયાના જીવ તેથી માયાનું આવરણ આડું આવે અને આપની કૃપાનું રહસ્ય ન સમજાય.''

મહારાજ આ સાંભળી તરત જ ઊભા થઈ ગયા. તેમણે જે ઉત્તરીય વસ્ત્ર ઓઢ્યું હતું તે દૂર ફેંકી દીધું. દિવ્યભાવમાં આવીને બોલ્યા : ''લ્યો કરો દર્શન ! હવે છે આવરણ ?''

સ્વામી મહારાજની આ ચેષ્ટામાં સમજી ગયા. મહારાજ નખશિખા પર્યંત દિવ્ય છે, પરંતુ જ્યાં સુધી નિષ્કપટ ભાવ નથી, આવરણ છે, ત્યાં સુધી આ સર્વોપરી સ્વરૂપ જેમ છે તેમ ઓળખાશે જ નહિ. એ આવરણ ટાળી નાખવું. મહારાજે સાથે અંતર એક કરી દેવું.

✧

મહારાજ મેવાસાથી નીકળી દૂધીવદર અને ઝાંઝમેર થઈને જેતપર પધાર્યા. ત્યાં એક વિપ્રના બે પુત્રો શિવરામ અને ગોવર્ધનને મહારાજે જનોઈ આપી અને પછી ત્યાંથી નીકળી ધોરાજી પધાર્યા.

ધોરાજીમાં ફૂલદોલનો ઉત્સવ : આ.સં. ૧૮૬૩

ધોરાજીમાં મહારાજ ફૂલદોલનો ઉત્સવ કરવાના હતા. તેથી દેશ-પરદેશથી

હરિભક્તોના સંઘ ધોરાજીમાં આવતા હતા. અહીંના હરિભક્તો હઠીભાઈ તથા અજુભાઈ, ભોજાજી, બકાભાઈ, ક્ષત્રિ ખીમાણી, બાજુબા, મેરામણજી તેમજ વિપ્રોમાં માવજીભાઈ, તેનો પુત્ર રાઘવજી તેમજ વાલજી તથા કેશવજી વગેરે હરિભક્તોએ આ ઉત્સવ માટે અગાઉથી તૈયારી કરી રાખી હતી.

શ્રીહરિ લાલ વડ નીચે ઊતર્યા. બાજુમાં જ મોટું મેદાન હતું. ત્યાં તંબુઓ, રાવટીઓ બાંધી હરિભક્તોના સંઘને ઉતારો આપ્યો.

શ્રીહરિએ અહીં વડ નીચે એકાદશીને દિવસે મોટો ઉત્સવ કરવાનો વિચાર કર્યો. આ પ્રસંગે દેશદેશના હરિભક્તોના સંઘ, જે ફણેણીથી આવ્યા હતા, તે બધા જ અત્રે શ્રીહરિ સાથે આવ્યા હતા. રામાનંદ સ્વામીએ વર્ણવ્યો હતો તેવો જ શ્રીહરિનો પ્રૌઢ પ્રતાપ જોઈ, તેમને તેમનાથી વિખૂટા પડવું ગમતું ન હતું. શ્રીહરિ પણ પ્રસંગે પ્રસંગે એવો ઐશ્વર્ય-પ્રતાપ જણાવી સૌને ભગવાન મળ્યાનું અનિર્વચનીય સુખ આપવા લાગ્યા.

એકાદશીનો દિવસ આવ્યો અને સવારથી જ ઉત્સવની તૈયારી થવા લાગી. શ્રીહરિએ ગાડાં ભરીને ગુલાલ મંગાવ્યો. લાલ વડ હેઠે ઉત્સવ થયો. શ્રીહરિએ અને ભક્તોએ ફાંટ ભરી ભરીને અરસપરસ ગુલાલ ઉડાડ્યો. આકાશ જાણે મેઘથી છવાઈ રહ્યું હોય તેવું ઘેરું બની ગયું. વડનાં પાંદડાં લાલ બની ગયાં (ત્યારથી તે વડ લાલ વડને નામે ઓળખાય છે). શ્રીહરિની મૂર્તિમાં સૌ રસબસ થઈ ગયા. પોતાપણાનું ભાન ભૂલી ગયા ! શ્રીહરિનો આવો પ્રૌઢ પ્રતાપ જોઈ સૌને તેમના પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય થવા લાગ્યો. આત્માનંદ સ્વામી આ દિવ્ય આનંદ અનુભવી ગદ્‌ગદ થઈ ગયા. તેમણે મહારાજને કહ્યું : "અહોહો મહારાજ ! સત્સંગ બહુ થયો !"

ત્યારે મહારાજે કહ્યું : "હજુ ક્યાં સત્સંગ થયો છે ? એ તો જ્યારે એક એક સાધુની વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે, ત્યારે સત્સંગ થયો એમ જાણવું." એમ કહીને મહારાજ અટક્યા.

મહારાજ આજે દિવ્યભાવમાં હતા. તેમને પોતાનું હાર્દ કહેવું હતું. તેથી થોડી વારે તેમણે કહ્યું : "અમે તો સો કરોડ મનવારો લાવ્યા છીએ. એમાં ભરાય એટલા જીવોનો ઉદ્ધાર કરવો છે. તે પ્રથમ તો ચિંતામણિ ભરશું, પછી પારસમણિ, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોર, પછી રાળ, પછી રૂપિયા ને કોરિયું અને છેલ્લી બાકી ગારો એ પ્રમાણે પૂરણી કરવી છે." એવી રીતે મહારાજે મુક્તોના અનંત ભેદ સમજાવ્યા. કલ્યાણ પણ ઉપાસનાના ભેદે

કરીને અનંત પ્રકારનું સમજાવ્યું.

પછી મહારાજે સ્નાનવિધિ કરી. ત્યારબાદ તેમને કિનખાબનાં વસ્ત્રો પહેરાવ્યાં. પછી સો દીવાની આરતી ઉતારી. સૌ હરિભક્તોને મહારાજે આ દિવ્ય સુખમાં તરબોળ કરી દીધા. તે વખતે બામણવા ગામના હરિભક્તોએ પોતાની સાથે એક હરિભક્ત આવ્યા હતા તેમને મહારાજ પાસે લાવી કહ્યું : "પ્રભુ ! આમને સાધુ થાવું છે."

મહારાજે તરત જ કાતર મગાવી, ચોટલી કાપી નાખી અને કહ્યું : "જાઓ, સાધુ કર્યા. નામ વૈષ્ણવાનંદ રાખજો."

બે દિવસ મહારાજે બ્રાહ્મણોની ચોરાસી કરી બ્રાહ્મણોને તૃપ્ત કરી દીધા. દક્ષિણા પણ આપી. આ પ્રસંગે બે બ્રાહ્મણોને સંન્યાસીની દીક્ષા આપી શ્રીધરાનંદ તથા શિવાનંદ નામ પરિધાન કરાવ્યાં.

ફૂલદોલના દિવસે સવારથી જ વાજિંત્રોના ઘોષ થવા લાગ્યા. નગારાં, દુંદુભી, શરણાઈ, ઢોલ, ત્રાંસાં, ભેરી વગેરે વાદ્યોથી ફૂલદોલના ઉત્સવની શરૂઆત થઈ. શ્રીહરિ ઉત્સવપ્રિય હતા. ઋતુ ઋતુના ઉત્સવો લોકજીવનને ઉન્નત કરવા જ આપણા આર્ષદ્રષ્ટાઓએ યોજ્યા હતા. તેમાં ભક્તિના ભાવ પૂર્યા હતા. તેથી મહારાજે ઉત્સવોને તેના અસલ રંગમાં ઊજવવાનું શરૂ કર્યું હતું. રંગ ઉત્સવમાં સૌ રંગે રંગાયા, ભક્તિના રંગથી સૌ ભાવવિભોર બની ગયા.

આ પ્રસંગે દેશદેશના હરિભક્તો મહારાજ માટે કાંઈ ને કાંઈ ભેટો લાવ્યા હતા. સુરતના હરિભક્તો જરિયાન પોષાક લાવ્યા, સુંદર મુગટ લાવ્યા. પોષાક સુંદર હતો અને તેની પાછળ અર્પણની ભાવના પણ ભક્તિપ્રેરિત હતી. તેથી મહારાજે તે તરત જ ગ્રહણ કર્યો. નીલકંઠમાંથી સહજાનંદ થયા પછી આવો ભારે જરિયાન પોષાક મહારાજે પહેલ વહેલો જ ધોરાજીમાં ધારણ કર્યો. મહારાજની મનોહર મૂર્તિનાં દર્શન કરતાં સૌની વૃત્તિઓ તેમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ ગઈ અને સમગ્ર સભા ચિત્રવત્ બની ગઈ !

રંગ ઉત્સવ પૂરો થયો. મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "તમે જૂનેગઢ જાઓ. ત્યાં આપણે હરિનવમીનો ઉત્સવ કરવો છે. તમે ત્યાં જઈને સૌ હરિભક્તોને ખબર આપો અને ઉત્સવની તૈયારી કરો. અમે થોડા દિવસમાં ત્યાં આવીએ છીએ."

મહારાજની આજ્ઞા થઈ એટલે આનંદાનંદ સ્વામી તેમના મંડળ સાથે જૂનાગઢ જવા રવાના થયા.

આનંદાનંદ સ્વામી જૂનાગઢ આવ્યા. કાળવાને કાંઠે આસોપાલવના ઝાડ નીચે જ્યાં મહારાજે અગાઉ સભા કરી હતી ત્યાં તેઓ ઊતર્યા. ગામમાં ખબર પડી એટલે ગામના ક્ષત્રિય હરિભક્તો દાદાભાઈ, ગગાભાઈ, નવલસિંહ, ઉમેદસિંહ વગેરે ત્યાં આવી ગયા તેમજ નાગર હરિભક્તો રૂપશંકર કીકાણી, જટાશંકર, શિવશંકર, માધવરાય, હિંમતરામ, રંગીલદાસ વગેરે પણ આવી પહોંચ્યા. અન્ય હરિભક્તોને જેમ જેમ ખબર પડતી ગઈ, તેમ તેમ સ્વામી પાસે આવવા લાગ્યા. સ્વામી સમક્ષ સભા થઈ ગઈ.

આનંદ સ્વામીએ સૌને કહ્યું : "મહારાજ અત્યારે ધોરાજી બિરાજે છે, ત્યાં રંગ ઉત્સવ અદ્‌ભુત થઈ ગયો. હવે હરિનવમીનો ઉત્સવ કરવા થોડા દિવસમાં અહીં પધારશે. તો આપણે ધામધૂમથી મહારાજની આ નગરમાં પધરામણી કરવી છે. કેટલાક દ્વેષી અમલદારો છે તે તેમાં વિઘ્ન ન નાંખે તે બધી સાવચેતી તમારે રાખવાની છે."

જૂનાગઢમાં મહારાજની પધરામણીની, હરિનવમીના ઉત્સવની વાત સાંભળી સૌ અત્યંત રાજી થયા. તરત જ જુદા જુદા કાર્યની સોંપણી આનંદ સ્વામીએ કરી દીધી. રાજ્ય સંબંધી કાર્યની જવાબદારી દરબાર ઝીણાભાઈ તથા નાગર હરિભક્ત રામજી મહેતા તથા ઘડિયાળી રૂડા દેવરામને સોંપી. વૃંદાવનદાસ, ભૂખણદાસ, દુર્ગાદાસ, દયાળદાસ, શેઠ ચાંપસીભાઈ, ભીમજીભાઈ, મંગળજીભાઈ, વીરજીભાઈ તથા ગોકળદાસ ભાટિયા વગેરેને સામૈયાની જવાબદારી સોંપી.

આ બધી હિલચાલ જોઈ નાગર અમલદારોની આંખોનાં ભવાં ઊંચે ચડવા લાગ્યાં. સ્વામિનારાયણનો નવો પંથ અને તેમાં બ્રાહ્મણો ભળે ! બ્રાહ્મણો તો ચુસ્ત શિવપંથી હોય કાં ભગવતીના ઉપાસક હોય ! તે આ કાઠી, કોળીના સંપ્રદાયમાં ભળે ત્યારે તો પૃથ્વી રસાતળ જાય ! શુદ્ધ જ્ઞાનના અભાવે રૂઢિઓની શૃંખલામાં બદ્ધ રહેતા આવા અનેક અજ્ઞાનની આંધીમાં અટવાઈ ગયા હતા.

જૂનાગઢમાં સંતો તથા હરિભક્તોનાં મંડળો આવવા લાગ્યાં. ઠાકોર ઝીણાભાઈ તથા રામજી મહેતા મહારાજને તેડવા માટે ધોરાજી ગયા. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. કાઠી દરબારો તથા મહારાજ સાથેના સંતો સૌ તૈયાર થઈ ગયા. કાઠીઓની ઘોડીઓ હાવળ દેવા લાગી. કાનસોરી પટપટાવી પૂંછડાં ઝાપટવા લાગી. કાઠી અસવારો તેમની તત્પરતા સમજી ગયા. તેઓ તો પોતપોતાની ઘોડી ઉપર સવાર થઈ ગયા, કારણ શ્રીહરિ રોઝા ઘોડા ઉપર

બિરાજતા. શ્રીહરિ રોઝા ઉપર સવાર થતા ત્યારે રોઝો ઘોડો તરત જ ઊંચો થતો અને સીધો જ ઊપડતો. કાઠી હરિભક્તોને શ્રીહરિની પાછળ રહેવું પોસાતું નહિ. શ્રીહરિના અંગરક્ષક જેવા તેઓ સદા તેમની આજુબાજુમાં જ રહેતા. બીજા કેટલાક રથ અને ગાડામાં બેસીને જવા લાગ્યા. જ્યારે કેટલાક યાત્રાનિમિત્તે પગે ચાલીને જ જવું એવા ભાવથી જૂનાગઢની વાટે પ્રયાણ કરવા લાગ્યા. કાઠી સવારોના હાથમાં ભાલા, કેડે તલવાર અને પાછળ ઢાલ જોઈ લોકો કહેતા આ સ્વામિનારાયણનું સૈન્ય જાય છે.

શ્રીહરિ પોતાના સંતો, પાર્ષદો અને ભક્તો સાથે વાટમાં મુકામ કરતાં કરતાં જૂનાગઢમાં ચૈત્ર સુદિ ૬ને દિવસે પધાર્યા. સોનરખ નદીને કાંઠે આમલીઓની છાયામાં પડાવ નાંખ્યો. થોડો સમય ત્યાં રોકાઈને મહારાજ ને થોડા સંતો-હરિભક્તો મજેવડી દરવાજા બહાર બિસારત બાગમાં આવ્યા. આ વિશ્રાન્તિ માટેનું સ્થાન સારું હતું.

ફકીર હોય તો આવવા દ્યો

ઝીણાભાઈ દરબારે વિચાર કર્યો કે નાગર અમલદારોનો દ્વેષ છે તેથી નવાબ સરકારની રજા લીધી હોય તો કોઈ વિઘ્ન આવે નહિ. તેથી તેઓ તથા રામજી મહેતા નવાબ સાહેબ હામદખાન (પહેલા) પાસે ગયા. તે વખતે મંગળજી દીવાન નવાબ સાહેબની બાજુમાં બેઠા હતા. રામજી મહેતાએ નવાબ સાહેબને સલામ કરી નજરાણું ભેટ આપ્યું. પછી નીચે બેઠા ત્યારે નવાબ સાહેબે પૂછ્યું : "મહેતા ! કેમ આવવું થયું ?"

તેમણે હાથ જોડી કહ્યું : "સરકાર ! અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે. મજેવડી દરવાજા બહાર બિસારત બાગમાં ઊતર્યા છે. તેઓ અહીં ઉત્સવ કરવા આવ્યા છે તો તેમને શહેરમાં આવવા માટે આપની પરવાનગી માટે અરજ કરવા આવ્યા છીએ."

આ સાંભળી મંગળજી દીવાનની આંખ ફરી. તેણે તરત જ કહ્યું : "સ્વામિનારાયણ તો કાઠીઓનું લશ્કર સાથે લઈને ફરે છે. એટલે જો તેમને શહેરમાં પ્રવેશ કરવા દઈએ, તો તોફાન થવા સંભવ છે. માટે પરવાનગી મળી શકશે નહિ."

રામજી મહેતાએ આ જવાબ ધારી જ લીધો હતો. પરંતુ તેઓ આગળ કાંઈ કહે તે પહેલાં જ નવાબ સરકારે પૂછ્યું : "સ્વામિનારાયણ કોણ છે ?"

એટલે દરબાર ઝીણાભાઈએ કહ્યું : "સરકાર ! એ તો મોટા ઓલિયા ફકીર છે. તેમના આવવાથી તો શહેરમાં ઊલટી શાંતિ થશે."

તરત જ નવાબ સાહેબે કહ્યું : "જો મોટા ફકીર હોય, તો આવવા દ્યો. એમને કોઈ અટકાવશો નહિ. આ આપણું રાજ્ય તો એવા મોટા ફકીરની દુવાથી જ ચાલે છે."

નવાબ સાહેબના આ શબ્દોથી મંગળજી દીવાન સ્તબ્ધ બની ગયા. નવાબ સાહેબ રંગીલા હતા. રાજ્યના વહીવટમાં ખાસ માથું મારતા નહિ. મુખ્ય કારભાર મંગળજી દીવાન અને તેમના કાજી મકુબલમિયાં જ કરતા. તેથી મંગળજી દીવાનને તેનાં વચનોનો અનાદર થાય એવી કોઈ દહેશત ન હતી. પરંતુ નવાબ સાહેબની આ આજ્ઞાથી તેમની બધી ગણતરી ઊંધી પડી ગઈ. તરત જ રામજી મહેતાએ કહ્યું : "સરકાર ! આપ ફરમાન લખી આપો."

નવાબ સરકારે દીવાનને હુકમ કર્યો. ફરમાન લખાયું. સરકારે સહી કરી. રામજી મહેતા તથા દરબાર ઝીણાભાઈ ફરમાન લઈને નીકળી ગયા !

જૂનાગઢમાં શ્રીહરિનું અદ્‌ભુત સ્વાગત

શ્રીહરિના સામૈયાની જબરજસ્ત તૈયારી થઈ રહી હતી. દેશદેશના હરિભક્તો આવ્યા હતા. સંતોનાં મંડળો પણ આવ્યે જતાં હતાં. જૂનાગઢની જનતા પણ ઊમટી હતી. નાગરો ખાસ કરીને આ કાઠીઓએ માની લીધેલા ભગવાનને નીરખવા ઝરૂખા ઉપર, અટારીમાં ચડ્યા હતા. પ્રજામાં જાણે નવા પ્રાણ આવ્યા હોય તેમ સમગ્ર શહેર ઉત્સવમગ્ન બની ગયું.

ઠાકોર ઝીણાભાઈ, દાદાભાઈ તથા નાગર હરિભક્તો સામૈયું લઈ વાજતે-ગાજતે સામા આવ્યા. મહારાજને ભારે ભારે વસ્ત્રાભૂષણો ધરાવ્યાં. ફૂલહાર પહેરાવ્યા. બાજુબંધ બાંધ્યા. પાઘમાં તોરા લટકાવ્યા. મહારાજની મૂર્તિ જોઈ કેટલાક કહેવા લાગ્યા : "આ ભારે ભારે શણગારથી, ફૂલહારથી મહારાજ કેવા શોભે છે ?" ત્યારે બીજાએ કહ્યું : "અરે ! મહારાજની મૂર્તિ જ મનોહર છે તેથી તો શણગાર શોભે છે. શણગારની શોભા જ મહારાજની મૂર્તિ છે !"

મહારાજ માટે શણગારેલો હાથી લાવ્યા હતા. તે ઉપર સુવર્ણની અંબાડી ગોઠવી હતી. મહારાજ તે ઉપર બિરાજ્યા. બે બાજુ પાર્ષદો ચમર ઢોળવા લાગ્યા. કાઠી હરિભક્તો અશ્વ ઉપર ગોઠવાયા. આગળ પણ અસવારો અને પાછળ પણ અસવારો, પછી સંતોના રથ, તેમની પાછળ યુવાન સંતો-

હરિભક્તો, પાછળ બહેનો – આ પ્રમાણે સવારી ગોઠવાઈ ગઈ. વાજાં વાગ્યાં અને ઢોલ ઢબૂક્યાં. સવારી ધીરે ધીરે ચાલતાં ચાલતાં નરસિંહ મહેતાના ચોરા પાસેથી સંઘેડિયા બજારમાં આવી. લોકોની મેદની પણ એવી જામી હતી. લોકોએ ભાવથી દર્શન કર્યાં. સ્ત્રીઓએ ઓવારણાં લીધાં. અસદ્‌ભાવવાળાએ હાંસી પણ કરી. પરંતુ મહારાજની દૃષ્ટિ જેમના ઉપર પડતી તે ત્યાં ચિત્રવત્ બની જતા, મહારાજના અલૌકિક સ્વરૂપનાં દર્શનના આનંદનો અનુભવ કરી લેતા. સવારી ધીરે ધીરે દીવાન ચોક પાસે આવી.

અહીં બાબી બહાદુર નવાબ સાહેબ હામદખાન પણ અટારીમાં સ્વામિનારાયણ ભગવાનની સવારી નિહાળવા બેઠા હતા. એટલામાં એક માળી મહારાજને હાર પહેરાવવા આગળ આવ્યો. તેણે ટોપલામાંથી હાર કાઢ્યો. મહારાજે બે હાથ ઊંચા કર્યા. માળીએ હાર ફેંક્યો, મહારાજે ઝીલ્યો અને હાર પહેરી લીધો. માળીને આ દર્શનથી ખૂબ જ આનંદ થયો.

સવારી આગળ ચાલી. નાના બાળક ભક્તે કાકડી લીધી હતી, મહારાજને ધરાવવા. પરંતુ મહારાજ તો હાથી ઉપર બિરાજ્યા હતા. તેણે મહારાજ સામું જોયું. મહારાજે પણ તેની સામું જોયું અને સંજ્ઞા કરી. તે બાળકે ઊંચે બિરાજેલા શ્રીહરિને કાકડી આપવા કૂદકા માર્યા, પણ પહોંચી શકાયું નહીં. આથી તેણે બે કાકડી ઉછાળી. મહારાજે બંને ઝીલી લીધી. બે હાથમાં કાકડી લઈ પોતે તરત જ જમવા લાગ્યા. આ વખતે સવારી રાજમહેલ પાસે આવી ગઈ હતી. નવાબ સરકાર ભાવથી દર્શન કરી રહ્યા હતા. એટલામાં બાજુમાં બેઠેલા દીવાને સરકારને કહ્યું : "જોયું સરકાર ! આ હાથી ઉપર બેઠા છે. હજારો માણસો આજુબાજુ વીંટળાયેલા છે અને કોઈ પણ પ્રકારના વિવેક વગર બે હાથમાં કાકડી લઈને ગમારની પેઠે ખાય છે. આમને તે ભગવાન કહેવાય ?"

નવાબ સરકાર આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "દીવાનજી ! તમને અને મને આબરૂની, મોભાની પડી છે. પણ જે ઓલિયા પુરુષ હોય તે તો અલમસ્ત જાતિ હોય. તે તો તેમની સ્થિતિમાં જ મસ્ત રહે. આ સ્વામિનારાયણ એવા ઓલિયા પુરુષ જરૂર જણાય છે !"

દીવાનજીને નવાબના શબ્દો આકરા લાગ્યા. તેને ઇચ્છા હતી નવાબની બુદ્ધિ ભમાવવાની. પરંતુ જ્યાં ભગવાને જ પ્રવેશ કર્યો હોય, ત્યાં માનવીની ઈન્દ્રજાળનું શું ગજું ? મહારાજે નવાબ ઉપર દૃષ્ટિ કરી. નવાબ સરકારે દુવા લઈ લીધી !

એ જ સમયે એક ગઢવી ત્યાંથી નીકળ્યા. તેણે મહારાજની મૂર્તિનાં દર્શન કર્યાં. તેનું ચિત્ત ખેંચાયું. મહારાજે પણ તેના તરફ દૃષ્ટિ કરી. તેના ઉપર પોતાનો સોનેરી રેંટો મહારાજે ફેંક્યો. ગઢવી આ દિવ્ય ભેટથી ગદ્‌ગદ થઈ ગયા. તેણે મહારાજને પ્રાર્થના કરી. સવારી આગળ ચાલી અને ગઢવી પણ સવારી સાથે ચાલવા લાગ્યા.

નોબત, વાજાં, ઢોલ, શરણાઈ, ભૂંગળ અને બંદૂકોના અવાજોથી જીરણગઢ ગાજી ઊઠ્યું. સતીના શાપથી ખાંગો થયેલો ગરવો ગઢ ગિરનાર, શ્રીકૃષ્ણના સ્પર્શે જેમ કુબ્જાની ટેડાઈ ટાળી દીધી હતી તેમ શ્રીહરિના પાદસ્પર્શે તેની ટેડાઈ ટળી ગઈ હતી અને સ્થિર થઈને આ દિવ્ય દર્શન કરતો હતો.

શ્રીહરિની સવારી નાગરવાડામાં થઈને હરૂભાઈના ચકલામાં દરબાર ઝીણાભાઈના દરબારી ઉતારે આવી. શ્રીહરિ અહીં હાથી ઉપરથી ઊતર્યા. ઝીણાભાઈ દરબારે તેમનું ફૂલહારથી સ્વાગત કર્યું. મહારાજ દીવાનખાનામાં પધાર્યા. ત્યાં પલંગ ઉપર બિરાજ્યા. પછી દરબારને તથા સ્થાનિક સત્સંગીઓને કાઠી દરબારોનું યથાર્થ સન્માન કરી તેમને યથાયોગ્ય ઉતારા આપવાની વ્યવસ્થા કરવાનું કહ્યું. તેમના ઘોડાઓને જોગાણ, ખડ, રજકો વગેરે માટે બંદોબસ્ત કરવા સૂચના કરી.

ચારણ ગઢવી દેવાનંદ બને છે

મહારાજનાં દર્શન કરતાં કરતાં ગઢવી પણ અહીં આવી પહોંચ્યા. તેમનું મંડળ પણ તેમની ભેગું થઈ ગયું. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. તેમને પૂછ્યું : "ગઢવી લાગો છો ?"

ત્યારે તેણે કહ્યું : "હા પ્રભુ ! દેવી પૂતર છીએ."

મહારાજે તેમને કહ્યું : "તમે પૂર્વજન્મના મુક્ત છો પરંતુ પરમાત્માના જ્ઞાનની વિસ્મૃતિ થઈ ગઈ છે. તેથી ચારણી રીતે લોક રિઝવવા ગાન કરો છો."

તરત જ તેણે કહ્યું : "પ્રભુ ! આપ પ્રસન્ન થતા હો તો કંઈક કવિત સંભળાવીએ."

ગઢવી તથા તેના સાગરીતોએ સુંદર ભજનો ગાયાં. ગઢવીના ગાનમાં સંગીતના સૂર હતા. તાલ અને માત્રાનું માપ હતું. ભજનના શબ્દોમાં વૈરાગ્યની છાંટ હતી. સંસાર પ્રત્યે વીતરાગની ભાવના હતી અને સંસારમાં આસક્ત થયેલા માનવીઓ ઉપર ચાબખા પણ હતા. શ્રીહરિ તેમના ભજનમાંથી પ્રગટ

થતી હૃદયની ભાવનાને માણીને ખૂબ જ પ્રસન્ન થયા. તે ગઢવી ઉપર તેમણે દૃષ્ટિ કરી. તેને તરત સમાધિ થઈ ! તેજોમય અક્ષરધામમાં શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપનાં તેને દર્શન થયાં. તે કૃતાર્થ થઈ ગયા. જ્યારે સમાધિમાંથી તે જાગ્યા, ત્યારે તેને શ્રીહરિએ કહ્યું : "ગઢવી ! તમારી આ વિદ્યા સંસારમાં તો રોળાઈ જશે. ત્યાગી થાઓ તો પ્રભુ રિઝવવામાં આ વિદ્યા કામમાં આવે."

ગઢવી તરત તૈયાર થઈ ગયા અને શ્રીજીના પાર્ષદોની હરોળમાં આવી બેસી ગયા. મહારાજ તેમની ખુમારી જોઈ પ્રસન્ન થયા. થોડા દિવસ બાદ મહારાજે તેમને દીક્ષા આપી દેવાનંદ નામ પાડ્યું.[૮૦]

૮૦. આ દેવાનંદ સ્વામી સંપ્રદાયના પ્રસિદ્ધ અષ્ટ કવિઓમાંના દેવાનંદ સ્વામીથી જુદા છે. અષ્ટ કવિમાંના દેવાનંદ સ્વામીનું પ્રચલિત આખ્યાન આ પ્રમાણે છે :

ભાલ પ્રદેશમાં ધોળકાથી બાર ગાઉ દૂર બળોલ ગામમાં રત્નુ શાખાના મારુ ચારણ ગઢવી જીજીભાઈને ત્યાં એક પુત્રનો સં. ૧૮૫૯ના કાર્તિક સુદિ પૂનમના દિવસે જન્મ થયો. પુત્રનું નામ દેવીદાન પાડ્યું. માતાનું નામ બહેનજીબા હતું. દેવીદાનનું મોસાળ મૂળીમાં હતું.

બળોલના સીમાડે ધીંગડા ગામની સીમમાં સાંકળેશ્વર મહાદેવનું મંદિર હતું. તેમના પિતા સાથે તેઓ ત્યાં રોજ દર્શને જતા. ભક્તહૃદય હોવાથી તેમને શંકરનાં પ્રત્યક્ષ દર્શનની અભિલાષા જાગી. તેમની અભિપ્સાથી શિવજીએ તેમને દર્શન દીધાં. તેમને મસ્તકે હાથ મૂકી કહ્યું : "ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે. તેમનું શરણું સ્વીકારજો. તે તમારો મોક્ષ કરશે. તમારે ગામ આવશે અને થૂલી જમવા માગશે."

આ પ્રસંગ બાદ ભગવાન શ્રીહરિ જેતલપુરમાં યજ્ઞ કરી બળોલ રયા ખટાણને ત્યાં પધાર્યા. અહીં દૂધ, દહીં અને થૂલી ભેગાં કરી મહારાજ જમ્યા. દેવીદાને આ જોયું અને તેમને ભગવાન શિવજીનું વચન યાદ આવ્યું. તેમણે નિશ્ચય કરી લીધો કે આજ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ છે. પૂર્વનું જ્ઞાન પણ સ્ફૂર્યું. પછી તેમણે શ્રીહરિને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! મને આપ આપની સાથે ન રાખો ?"

મહારાજે હસીને કહ્યું : "અમે તમને તેડવા જ આવ્યા છીએ."

દેવીદાન મહારાજ સાથે ચાલી નીકળ્યા. થોડો સમય બ્રહ્માનંદ સ્વામી સાથે પાર્ષદ તરીકે રહ્યા. પછી તેમને પરમહંસની દીક્ષા આપી અભેદાનંદ નામ પાડ્યું. પરંતુ તેમની કાવ્ય-પંક્તિમાં આ નામ બરાબર બંધબેસતું ન આવવાથી બ્રહ્માનંદ સ્વામીએ તેમનું નામ દેવાનંદ પાડ્યું.

– 'શ્રી દેવાનંદ કાવ્ય'; પ્રકાશક : શાસ્ત્રી નારાયણસેવાદાસજી, સ્વામિનારાયણ મંદિર, મૂળી (સૌરાષ્ટ્ર), સંવત ૨૦૨૫. તથા 'બ્રહ્મસંહિતા'ના આધારે.

શ્રીહરિએ જૂનાગઢમાં દિગ્વિજય કરવાનું નક્કી કર્યું હતું. તેથી વાવને કાંઠે આસોપાલવના વૃક્ષ નીચે[૮૧] જ્ઞાનયજ્ઞની શરૂઆત કરી. ઘણા મતવાદીઓ શ્રીહરિનો પરાભવ કરવા આવવા લાગ્યા. પરંતુ શ્રીહરિ પાસે તેઓ આવતા અને શ્રીહરિના મોહક સ્વરૂપમાં આકર્ષાઈ જતા. દેહ, ઈન્દ્રિયોનું તેમને ભાન ન રહેતું. આ અવસ્થામાં તેમને તેમના ઈષ્ટદેવનાં દર્શન થવા લાગ્યાં. ફક્ત આટલા જ પ્રસંગથી કેટલાક તો શ્રીહરિના સાથે શાસ્ત્રાર્થ કરવાને બદલે તેમના આશ્રિત થઈ ગયા. પરંતુ કેટલાકે શ્રીહરિ ઉપર મંત્રેલા અડદ પણ નાંખ્યા. તેનું પરિણામ તેના ધાર્યા પ્રમાણે ન આવ્યું, તેથી શ્રીહરિ કોઈ અલૌકિક પુરુષ છે તેવી તેમને પ્રતીતિ થઈ. કેટલાક વિદ્યાના રસિયા શ્રીજીમહારાજની જ્ઞાનધારા, સંતોના પ્રશ્નો, અન્ય વિદ્વાનોના પ્રશ્નો વગેરે સાંભળી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો સમજી ગયા.[૮૨] આ પ્રસંગથી મહારાજની પ્રતિભા અને પ્રભુતા બંનેનો જૂનાગઢની જનતાને ખ્યાલ આવી ગયો. આ સભા પછી મહારાજના ઉતારે - ઠાકોર ઝીણાભાઈના દરબારમાં - લોકોની અવરજવર વધવા માંડી.

આ.સ. ૧૮૬૩ની હરિજયંતીના માંગલિક દિવસે નોબતના સૂર સંભળાવવા લાગ્યા. સંતોએ ઠાકોરજીનું સિંહાસન, પારણું શણગાર્યાં. હાલમાં જ્યાં મંદિરનો ભંડાર છે, ત્યાં તે સમયે પીપળો હતો. તેની નીચે શ્રીહરિ માટે ઢોલિયો બિછાવ્યો હતો. શ્રીહરિ નિત્યવિધિથી પરવારી તે ઉપર બિરાજ્યા. તેમની સન્મુખ દેશદેશના હરિભક્તો, સંતો બેસી ગયા.

સંતો, હરિભક્તોની તથા સ્થાનિક નગરજનોની આ સભાને ઉદ્દેશીને શ્રીહરિએ કહ્યું : "પરમાત્મા એક જ છે. જુદા જુદા સ્વરૂપે, જુદું જુદું કાર્ય કરવા પ્રગટ થાય છે. તેમની શક્તિ અમોઘ છે. તેમનું ઐશ્વર્ય અમાપ છે. સર્વકર્તા તેઓ જ છે. ક્ષુદ્ર દેવ-દેવીઓ, ગ્રહ પનોતી કે ઉપચારો, મંત્ર-જંત્ર કાંઈ મનુષ્યને હાની કરી શકે તેમ નથી. માટે એવી વહેમની જાળમાં ન ફસાતાં કેવળ પરમાત્માનો જ શુદ્ધ ભાવે દૃઢ આશરો કરવો. સત્ શાસ્ત્રોએ આપેલા આચારના નિયમો પાળી જીવન શુદ્ધ રાખવું. શુદ્ધ બ્રાહ્મીસ્થિતિવાળા સત્પુરુષનો આશ્રય કરવો અને તેમના સંબંધે અંતરમાં ભક્તિ પ્રગટાવવી."

શ્રીહરિના આ શબ્દોએ ધારી અસર કરી. જે મુમુક્ષો હતા તેમને પોતાનો

---

૮૧. આ પ્રસાદી સ્થાનમાં છત્રી કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

૮૨. અહીં થયેલી જ્ઞાનવાર્તાને આધારે સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીએ 'સત્સંગશિરોમણિ' ગ્રંથ રચ્યો છે.

મોક્ષ સાધવાની ઝંખના હતી. જે જિજ્ઞાસુ હતા તેમને તેમની જ્ઞાનપિપાસા તૃપ્ત કરવાની ઇચ્છા હતી. કેવળ પરબ્રહ્મ પરમાત્માની જ ઉપાસના કરવાનો મહારાજનો ઉપદેશ તેમને ગમ્યો. કેટલાકે શ્રીહરિનો આશ્રય કર્યો. દીક્ષા મંત્ર લીધો. कालमायापापकर्मयमदूत – भयाद् अहं स्वामिनारायणशरणं प्रपन्नोऽस्मि स पातु माम् । જપ માટે સ્વામિનારાયણનો ષડક્ષરી મંત્ર આપ્યો. બાર વાગે રઘુનંદન શ્રીરામચંદ્ર ભગવાનના જન્મોત્સવની આરતી શ્રીહરિએ કરી. સર્વત્ર જય જયકાર થઈ ગયો !

રાત્રે શ્રીહરિના જન્મોત્સવની સભા થઈ. સંતોએ કીર્તન-ભક્તિ શરૂ કરી. શ્રીહરિને મહામૂલ્યવાન વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં. હરિભક્તોએ, સંતોએ અનેક ઉપચારોથી મહારાજનું પૂજન કર્યું. હરિભક્તોએ ભેટો અર્પણ કરી. બરાબર દસ વાગે શ્રીહરિના જન્મના ઉત્સવમાં માંગલિક વાદ્યો વાગ્યાં. સંતો-હરિભક્તોએ શ્રીહરિની સમૂહ આરતી ઉતારી. 'સહજાનંદ સ્વામી મહારાજની જય' 'સ્વામિનારાયણ ભગવાનની જય' – એ પ્રકારની જયઘોષણાથી સુષુપ્તિમાંથી લોકો જાગ્રત અવસ્થામાં આવ્યા. ઊંડા અંધારામાંથી પ્રકાશના પંથને પામ્યા.

પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ વહેંચાયો. આખા દિવસના નિર્જળ ઉપવાસના ભક્તોએ તે વડે પારણાં કર્યાં. આ દિવ્ય આનંદની મસ્તીમાં લોકો ઘર તરફ પગલાં કરવાને બદલે શ્રીહરિના ઉતારા તરફ જઈ રહ્યા. શ્રીહરિના સેવકોએ જ્યારે તેમને કહ્યું : "મહારાજ હવે પોઢી જશે. આપ સૌ કાલે સવારે આવજો." ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે રાત્રિના આટલા પ્રહર વીતી ગયા હતા.

શ્રીહરિની કીર્તિના ડંકા નવાબ સરકારના દરબારમાં વાગવા લાગ્યા. તેને થયું મારા નગરને આટલા દિવસથી હિલોળે ચઢાવનાર, દિવ્ય આનંદની છોળ્યો ઉછાળનાર, ગંગાના પ્રવાહસમ જ્ઞાનના ધોધમાં સૌને સ્નાન કરાવી પવિત્ર કરનાર આ મહાપુરુષને મારા દરબારમાં પધરાવી મારો દરબાર પાવન કરવો છે. દશમની સવારે તેમણે ઝીણાભાઈના દરબારમાં પોતાનો માણસ મોકલ્યો : "શ્રીહરિને દરબારમાં પધરાવવા છે માટે જલદી આવી જાઓ."

ઝીણાભાઈ દરબાર તથા ઘડિયાળી રૂડા દેવરામ બંને નવાબ સરકાર પાસે ગયા. નવાબ સાહેબે તેમને આવકાર્યા. પછી કહ્યું : "અમારે સ્વામિનારાયણ ભગવાનને આજે જ દરબારમા પધરાવવા છે. પ્રભુ ક્યારે પધારશે તે મને જણાવો. અમારે શી તૈયારી કરવી તે કહો."

ઝીણાભાઈએ તૈયારીઓ શું કરવી તે સમજાવ્યું. શ્રીહરિને કયો સમય

અનુકૂળ છે તે તેમને પૂછીને તરત જ જણાવવા કહ્યું. તેઓ ત્યાંથી નીકળી સીધા મહારાજ પાસે આવ્યા.

નવાબ સાહેબની કચેરીમાં શ્રીહરિની પધરામણી

શ્રીહરિએ તરત જ દરબારમાં જવાનું કહ્યું. તે પ્રમાણે દરબારમાં સંદેશો મોકલી દીધો. શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા. સફેદ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સાથે કાઠી હરિભક્તોમાં મુખ્ય સુરાખાચર અને સોમલાખાચરને લીધા. ઠાકોર ઝીણાભાઈ તથા અન્ય નાગર હરિભક્તો પણ હતા. મુખ્ય મુખ્ય સંતોને પણ સાથે લીધા. દરબાર ઝીણાભાઈએ વાજિંત્રો તૈયાર રાખ્યાં હતાં. શ્રીહરિ દરબારમાં ધામધૂમથી પધારે તેવી તેમની ઇચ્છા હતી. શક્તિપંથી અને શંકરપંથી દ્વેષીઓની ઇન્દ્રજાળને સ્વામિનારાયણ ભગવાને પોતાના ઐશ્વર્યથી તોડી નાંખી હતી. મોટા મોટા મહંતોનો, વિદ્વાનોનો શાસ્ત્રચર્ચામાં પરાભવ કર્યો હતો. અષ્ટાંગ યોગથી સિદ્ધ થતી સમાધિ કેવળ પોતાની દૃષ્ટિમાત્રે કરાવી અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ જે તેમની પાસે આવ્યાં તેમને કરાવ્યો હતો. જૂનાગઢમાં તેમણે દિગ્વિજય કર્યો હતો. તેની પ્રતીતિરૂપે નવાબ સરકાર હામદખાનનું તેમને આમંત્રણ હતું. દ્વેષીઓ દ્વેષમાં બળતા હતા. ભક્તો આ દિગ્વિજયમાં ગૌરવ અનુભવતા હતા.

નવાબ સાહેબે દરબારમાં પોતાના તમામ અમલદારો, નગરના પ્રતિષ્ઠિત જનો, પોતાના ભાયાતો વગેરેને બોલાવ્યા હતા. દરબાર હકડેઠઠ ભરાઈ ગયો હતો. નવાબ સરકારની ગાદી પાસે જ શ્રીહરિ માટે એવી જ શોભાવાળી ગાદી ગોઠવી હતી. સાથેના કાઠી દરબારો માટે પણ તેમના દરજ્જાને યોગ્ય બેઠકો ગોઠવી હતી. સંતો માટે અલગ વ્યવસ્થા કરી હતી.

શ્રીહરિ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે નવાબ સરકાર ખુદ શ્રીહરિને સન્માનવા પોતાના મુખ્ય મુખ્ય અમલદારો અને ભાયાતો સાથે નીચે પધાર્યા. શ્રીહરિને તેમણે નમસ્કાર કર્યા, હાર પહેરાવ્યો. પછી પોતે આગળ ચાલ્યા. શ્રીહરિને સન્માનપૂર્વક કચેરીમાં લઈ આવ્યા. શ્રીહરિ તેમના માટે જ ગોઠવેલી ગાદી ઉપર બિરાજ્યા.

પવિત્ર બ્રાહ્મણ પાસે તેમણે ચંદન, અબીર, ગુલાલ, અક્ષત વગેરે ઉપચારોથી શ્રીહરિની પૂજા કરાવી. શ્રીહરિનાં અંગ ઉપર અત્તર છાંટ્યું. ફળો અને મીઠાઈઓના થાળ ભેટ ધર્યા. કોરીઓ ભરી થાળ મૂક્યા. પછી તેમણે બે

હાથ જોડી કહ્યું : "આપ તો ખુદાતાલા છો. મારા દરબારમાં પધાર્યા. બહોત મહેરબાની કરી. અચ્છી દુવા દો એટલે અમે સૌ સુખી રહીએ."

શ્રીહરિ તેમના ભાવથી પ્રસન્ન થયા. તેમને આશીર્વાદ આપ્યા.

સ્વામિનારાયણ ભગવાનનું આવું સન્માન નવાબ સાહેબે કર્યું તેથી નાગર અમલદારોની ભ્રમરો ખેંચાણી. આ પ્રસંગે જ તેમનો કોઈ પણ રીતે પરાભવ થાય, તેમનું હીણું દેખાય તેવા વિચારો કરવા લાગ્યા. પરધર્મી નવાબે તેમનું સન્માન કર્યું જ્યારે ઉચ્ચ વર્ણના ગણાતા આ હિંદુ ધર્મી નાગરોને તેમાં ઈર્ષાના ભાવ આવ્યા. અંતરના આત્માને કોમનો કોઈ ધર્મ નથી. એ તો પોતાના જ ધર્મમાં રાચે છે. નવાબ સાહેબનો અંતરનો આત્મા ભક્તિભાવથી પ્રકાશ્યો હતો. જ્યારે આ નાગરોનો આત્મા ઈર્ષાના ભાવથી આવરીત થઈ ગયો હતો.

શ્રીહરિ તેમનો ભાવ સમજી ગયા. તેથી તેમણે નવાબ સરકારને કહ્યું : "અમે હવે આપની રજા લઈએ. અમારા વિદ્વાન સંતો સાથે જ્ઞાનચર્ચા કરવી હોય, તેમનો ઉપદેશ સાંભળવો હોય તો તેઓ અત્રે રોકાશે." એટલું કહી શ્રીહરિ ઊઠ્યા. તરત જ શ્રીહરિની સેવામાં સદા સાવધાન રહેતા કાઠી ભક્તો સુરાખાચર, સોમલાખાચર વગેરે પણ ઊઠ્યા. સૌ જોઈ રહ્યા અને શ્રીહરિ ગૌરવભરી ચાલે નવાબ સરકારનું સન્માન સ્વીકારી ચાલવા લાગ્યા. નવાબ સરકાર તેમને વળાવવા નીચે સુધી સાથે ગયા.

નવાબ સરકાર પાછા આવ્યા ત્યારે કચેરીમાં સૌ સ્વસ્થ થઈ ગયા. નાગરોને કાંઈક પ્રસંગ ઉપસ્થિત કરી સ્વામિનારાયણના આ સંતોની લાજ લેવી હતી. તેમણે એક વાચાળ અને વિવેકશૂન્ય બ્રાહ્મણને ત્યાં બોલાવી રાખ્યો હતો. તેમણે નવાબ સરકારને કહ્યું : "સરકાર ! આપની આજ્ઞા હોય તો આ વિદ્વાન નરસિંહ પંડ્યા આ સ્વામિનારાયણના સાધુઓ સાથે ચર્ચા કરે."

નવાબે આ સાંભળી તે પંડ્યા તરફ જોયું. તેના દીદાર જોઈ તેમને હસવું આવ્યું. તેમણે કહ્યું : "આ સભામાં સ્વામિનારાયણના વિદ્વાન સંત આ કવિરાજ (બ્રહ્માનંદ સ્વામી) બેઠા છે. જેમણે તેમની કવિત્વ શક્તિથી અને વિદ્વત્તાથી આ સભાને તાજુબ કરી દીધી હતી. તે ઉપરાંત તેમના વિદ્વાન સંત નિત્યાનંદ પણ છે. તેમની સાથે આ દરિદ્ર દીદારી શું ચર્ચા કરી શકશે ?"

નવાબ સાહેબના આ વચનથી નરસિંહ પંડ્યાના હાંજા ગગડી ગયા. તેમની વાચાળતા તોતડી બની ગઈ. નવાબે કહ્યું : "પંડ્યાને કાંઈ નજરાણું જોઈતું હોય તો આપો, બાકી તેમનું આ સંતો સાથે શાસ્ત્રાર્થ કરવાનું ગજું નથી."

નાગરોની મનની મનમાં રહી ગઈ. સ્વામિનારાયણના સંતોની પ્રતિષ્ઠા કચેરીમાં ખુદ નવાબ સાહેબે જ વધારી. હામદખાન તરત જ ઊઠ્યા. સંતો તરફ જોઈ તેમને નમસ્કાર કરી કચેરી બરખાસ્ત કરી. સંતો પોતાની સાથે જે હરિભક્તો આવ્યા હતા તેમની સાથે ઉતારે પધાર્યા.

મહારાજ ઉતારે પધાર્યા ત્યારે મહારાજ સારુ થાળ તૈયાર હતો. ઝીણાભાઈએ મહારાજને કહ્યું : "દયાળુ ! થાળ તૈયાર છે તો આપ પધારો."

મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આજે અમારે બીજે જમવાનું આમંત્રણ છે. તેથી સવારથી જ અમે મૂળજી બ્રહ્મચારીને થાળ ન કરવા માટે કહ્યું હતું."

આ સાંભળી ઝીણાભાઈએ કહ્યું : "મહારાજ ! અહીં તો કોઈ આમંત્રણ દેવા આવ્યું નથી."

મહારાજે તરત જ કહ્યું : "પણ અમે જાણીએ છીએ ને ?" એટલું કહી મહારાજે બ્રહ્મચારીને, ભગુજીને તથા અલૈયાખાચરને સાથે લીધા. મૂળજી બ્રહ્મચારી મૂંઝાવા લાગ્યા કે વગર આમંત્રણે મહારાજ ક્યાં બધાને લઈ જાય છે !

બાઉબાઈનો સંકલ્પ મહારાજ પૂરો કરે છે

મહારાજ નાગરવાડામા ગયા અને ત્યા અબાશકરનું ઘર ક્યા છે એમ શોધતાં શોધતાં તેની ડેલીએ આવી ગયા. મહારાજે ડેલીનાં કડાં ખખડાવ્યાં અને બોલ્યા : "અંબાશંકરભાઈ ! બાઉબાઈ ! ઉઘાડો, અમે તમારે ત્યાં જમવા આવ્યા છીએ."

બાઉબાઈએ મહારાજનો સાદ ઓળખ્યો. તરત જ દોડીને તેણે ખડકી ઉઘાડી. અંબાશંકર પણ આવી ગયા. મહારાજના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યો. હાથ જોડી બોલ્યા : "મહારાજ ! અમારા ઉપર બહુ દયા કરી. આપનું ભગવાનપણું આપે બતાવ્યું." મહારાજ આ સાંભળી કાંઈ બોલ્યા નહિ.

પછી મહારાજે મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! નાવું છે. માટે પાણી તૈયાર કરો, પણ જો જો નવી ત્રાંબાકુંડી આપણા માટે જ લાવ્યા છે તે ઊટકીને તેમાં પાણી લાવજો."

બ્રહ્મચારી તરત દોડ્યા. મહારાજ બાઉબાઈના એક પછી એક સંકલ્પો સિદ્ધ કરતા હતા. તેથી બાઉબાઈને મહારાજ પ્રત્યે અંતરમાં અત્યંત ભક્તિભાવ પ્રકટ્યો. તેમને થયું કે મહારાજ નિશ્ચય જ ભગવાન છે. વણતેડ્યે મારો સંકલ્પ

જાણી મારે ઘેર જમવા પધાર્યા. નાહવા માટે પણ મારા સંકલ્પ પ્રમાણે નવી ત્રાંબાકુંડી માંગી. મહારાજ વસ્ત્ર ઉતારી નાહવા પધાર્યા. બ્રહ્મચારીએ મહારાજનો રૂમાલ તથા નવું ધોયેલું ધોતિયું તૈયાર રાખ્યાં.

મહારાજે સ્નાન કરી લીધું. એટલે બ્રહ્મચારીએ મહારાજનું અંગ લૂછ્યું. મહારાજે ભીનું ધોતિયું બે સાથળ વચ્ચે દબાવી નીચોવ્યું અને તેનાથી ફરી શરીર લૂછવા લાગ્યા. બ્રહ્મચારી તરત જ બોલ્યા : "કોરા રૂમાલે તો ડિલ લૂછ્યું છે તે હવે ફરી ભીનું કેમ કરો છો !" ઘણી વખત બ્રહ્મચારી મહારાજને વઢતા પણ ખરા. પણ તેના રોષમા પ્રેમનો ભાવ હતો.

મહારાજે તરત જ કહ્યું : "રૂમાલ કોરો ખરો પણ રસ્તામાં લોકોને અડીને આવ્યા છો ને ?"

બ્રહ્મચારી મૂંઝાયા. મહારાજ કોઈ દિવસ આવું કરતા નહિ. તેમણે તરત જ કહ્યું : "તો તો ધોતિયું પણ ભીનું કરીને આપું ને ? એય અડેલું જ છે."

મહારાજ બ્રહ્મચારીના વ્યંગથી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "જાઓ બાઉબાઈએ નવું પીતાંબર તૈયાર રાખ્યું છે તે લઈ આવો."

બ્રહ્મચારી સમજ્યા. તેમણે કહ્યું : "ત્યારે એમ જ કહોને કે એમનો સંકલ્પ એવો છે. મને તો એમ થયું કે વળી આ નવો ચાળો ક્યાંથી શરૂ કર્યો !"

બ્રહ્મચારીની મીઠી વાણી મહારાજને વધુ મિષ્ટ લાગી. સંસારમાં તદ્દન અનાસક્ત, જગતના તમામ ભાવોથી અલિપ્ત, મુકુન્દ બ્રહ્મચારીના જીવનમાં મહારાજ સિવાય બીજી કોઈ વસ્તુ હતી જ નહિ. તેમને અખંડ મહારાજની સેવાના, તેમની સુખ-સગવડતાના, તેમના થાળના જ વિચારો આવ્યા કરતા. તે સિવાયની બીજી વાત હૈયામાં ઠરતી જ નહિ. બાઉબાઈ પાસે તે ગયા. તેમણે કોરું નવું નક્કોર પીતાંબર તૈયાર જ રાખ્યું હતું. બ્રહ્મચારીને તે આપતાં તેણે કહ્યું : "બ્રહ્મચારી ! મહારાજે આજે મારા બધા મનોરથો પૂરા કર્યા. મહારાજ ભગવાન છે."

બ્રહ્મચારીએ તરત જ કહ્યું : "એ કાંઈ આજના ભગવાન છે ? અનાદિના છે. આપણે ન જાણીએ, આપણા સંકલ્પ પૂરા ન કરે એટલે તે ભગવાન મટી જવાના ?" આટલું કહી બ્રહ્મચારી દોડ્યા. બાઉબાઈને તથા અંબાશંકરને બ્રહ્મચારીના શબ્દોમાં જ્ઞાનનું રહસ્ય જણાયું.

મહારાજે પીતાંબર પહેર્યું. બાજોઠ ઉપર બિરાજ્યા. બાઉબાઈએ વિવિધ પકવાન્નો નાગરી ન્યાતની ચતુરાઈ પ્રમાણે બનાવ્યાં હતાં. મહારાજ ભાવથી

જમ્યા. બ્રહ્મચારીને, ભગુજીને, અલૈયાખાચરને પણ જમાડ્યા. બાઉબાઈએ મહારાજને મુખવાસ આપ્યો. પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. મહારાજે પ્રસન્નતાપૂર્વક તેમને કહ્યું : "બાઉબા ! તમારી ભક્તિથી અમે ઘણા પ્રસન્ન થયા છીએ. માટે કાંઈક વરદાન માંગો."

બાઉબાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારા સંકલ્પો પૂરા કર્યા. આજ મને ભગવાન ઓળખાયા તે જ મારાં અહોભાગ્ય ! આપ મારા ઉપર રાજી રહો એથી ઉપરાંત મને બીજી કાંઈ ઇચ્છા નથી."

મહારાજે કહ્યું : "અમે તો જે શુદ્ધ મુમુક્ષુ હોય તેને દયાએ કરીને અમારું સ્વરૂપ ઓળખાવવા જ અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા જ પૃથ્વી ઉપર પ્રગટ થયા છીએ. પરંતુ જે કેવળ અમારી પરીક્ષા કરવા માટે જ અનેક પ્રકારના સંકલ્પો કરતા હોય તેના સંકલ્પો અમે પૂરા ન પણ કરીએ. માટે ભગવાનને ઓળખવા માટે મુમુક્ષુતા, સત્સંગ અને બુદ્ધિ ત્રણે જોઈએ. જો મુમુક્ષુતા હોય તો બીજા બેનો યોગ કરી દઈએ."

બાઉબાઈ મહારાજના શબ્દો આંખો બંધ કરીને અંતરમાં પી રહ્યાં હતાં. મહારાજે તેમને ફરી કહ્યું : "બાઉબા ! તમારા ઉપર હું પ્રસન્ન થયો છું. માટે તમને જે ઇચ્છા હોય તે વરદાન માંગો."

મહારાજની અતિ પ્રસન્નતાથી બાઉબાએ બે હાથ જોડી કહ્યું "મહારાજ ! મારે હાલ ચાર પુત્રો છે. રૂપશંકર, શિવશંકર, જયશંકર અને માધવરાય. આ ચારેનું કલ્યાણ થાય તેવા આશીર્વાદ આપો. બીજા બે પુત્રો તો મરી ગયા છે. પણ તેની શી ગતિ થઈ છે તે હું જાણતી નથી. માટે તેમનું પણ કલ્યાણ થાય એ હું માગું છું."

બાઉબાઈએ જગતની કોઈ વસ્તુની ઇચ્છા ન કરી. કેવળ મોક્ષ જ માગ્યો એટલે મહારાજ તેમના ઉપર અત્યંત રાજી થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : "તમારા છ પુત્રોનું તો શું પરંતુ તમારી એકવીસ પેઢીનું કલ્યાણ થશે. તમારી ભક્તિ એવી છે. માટે બાઉબા ! તમે નિશ્ચિંત રહો અને આ જે સ્વરૂપ તમને ઓળખાયું છે તેમાં મન, કર્મ, વચને સંલગ્ન થઈ જાઓ."

બાઉબાઈ, તેના પતિ અંબાશંકર તથા ચાર પુત્રોને આશીર્વાદ આપી મહારાજ ત્યાંથી ઝીણાભાઈના ઉતારે પધાર્યા.

હાલ પગથિયાં પાસે જે દેરી છે ત્યાં તે સમયે આસોપાલવ અને જાંબુનાં ઝાડ હતાં. તેની નીચે મહારાજ સભા કરતા. અત્યારે તેની નીચે સંતોની જમવા

માટે પંક્તિ થઈ હતી. મહારાજ ઉતારે પધાર્યા અને સંતોને જમવા બેઠલા જોઈ ખેસ કેડ ઉપર બાંધીને સંતોને પીરસવા પધાર્યા. હાથમાં લાડુ લીધા અને 'લ્યો સતો લાડુ' એમ બોલતા જાય અને સંતોને લાડુ પીરસતા જાય. પછી બીજાં પકવાન્નો પણ પીરસ્યાં. સૌ સંતો, હરિભક્તોને મહારાજ પીરસી રહ્યા પછી બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવરાવ્યા. મહારાજ હાથ અને પગ ધોઈ અંદર પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજ્યા.

આ પ્રસંગ પછી બાઉબાઈને મહારાજ પ્રત્યે ગાઢ પ્રીતિ થઈ ગઈ.

મહારાજ એક સાથે જુદા જુદા હરિભક્તોને ઘેર થાળ જમે છે

બાઉબાઈને સંકલ્પે મહારાજ તેને ત્યાં પધાર્યા. સ્નાન કર્યું, જમ્યા. તેથી નાગરવાડામાં કેટલાક નાગરોને પ્રતીતિ થઈ કે સહજાનંદ સ્વામી એ સાક્ષાત્ ભગવાન છે. મહારાજની પધરામણી માટે, મહારાજને જમાડવા માટે સૌ ઉત્સુક બની ગયા. બીજા પણ સત્સંગી ભક્તોની એવી ઇચ્છા હતી કે મહારાજ તેમને ઘેર પધારે અને થાળ જમે. મહારાજને અત્રે રોકાણના દિવસો થોડા હતા અને આમંત્રણો ઝાઝાં હતાં. તેથી મહારાજ સૌના સંકલ્પો પૂરા કરવા એક જ દિવસે એકી સાથે ઘણા હરિભક્તોને ત્યાં થાળ જમ્યા. સૌને આશ્ચર્ય થયું. આનંદ થયો. મહારાજ સ્વયં ભગવાન છે એની વિશેષ દૃઢતા થઈ !

સાંજે મહારાજે આસોપાલવના ઝાડ નીચે સભા કરી. તે સભામાં ઘણા વેદાંતીઓ, નાસ્તિકો, વામપંથીઓ વગેરે આવ્યા હતા. શ્રીહરિને અનેક પ્રશ્નો પૂછવા, ગૂંચવવા, તેમનો પરાભવ કરવાનો તેમનો ઈરાદો હતો. પરંતુ મહારાજની વાણીથી તેમની શંકા ઓસરી ગઈ. નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્મમુનિના વાક્પ્રવાહમાં સૌ તણાયા. વેદાંતનું જ્ઞાન હૈયામાં ભર્યું હોય પરતુ વેદનો અત જે પરમાત્મા તેમને હૈયામા ન રાખ્યા હોય તો તે જ્ઞાન શા કામનું ? જ્યારે અહીં તો શ્રીહરિના સમર્થ સંતોમાં વિદ્વત્તા હતી, સાધુતા હતી અને શ્રીહરિ પ્રત્યે ભક્તિ પણ અનન્ય હતી. આ શુષ્ક વેદાંતીઓ, મતવાદીઓ તેમનો મુકાબલો શી રીતે કરી શકે ?

કથા પછી સાંજે અદીબાએ તથા ગંગાબાએ થાળ બનાવ્યો હતો તે મહારાજ જમ્યા અને પછી પોઢી ગયા.

બીજે દિવસે સવારે શ્રીહરિએ હાથીખાનાની પાસે હાલ જે ઓટો છે તે સ્થળે કરસન વાળંદ પાસે વતુ કરાવ્યું. પછી સ્નાન કરી દામોદર કુંડે પધાર્યા.

દામોદર કુંડમાં તથા રેવતી કુંડમાં સ્નાન કર્યું. બ્રાહ્મણોને પુષ્કળ દાન દઈને પ્રસન્ન કરી દીધા. દામોદર લાલજીનાં દર્શન કર્યાં. અહીંના પૂજારી બ્રાહ્મણે મહારાજનાં દર્શન કર્યાં. તેણે મહારાજ પાસે હાથ જોડી પોતાના દારિદ્ર્યનું દુઃખ ગાયું. મહારાજે તેને પાંચસો કોરીઓ અપાવી તેનું દારિદ્ર્ય કાપી નાખ્યું. પછી હસીને બોલ્યા : "ભગવાન મળ્યા ત્યારે મોક્ષને બદલે માયા માગી."

પછી ત્યાંથી નીકળી હાટકેશ્વરના મંદિરે પધાર્યા. અહીં દર્શન કરી પોતે બિરાજ્યા એટલે સંતો-હરિભક્તો સન્મુખ બેસી ગયા. ગિરનારની યાત્રાએ જતા યાત્રિકો પણ જાણે-અજાણે હાથ જોડતાં સભામાં બેસી ગયા. ત્યાં થોડી વાતો કરી ઊઠ્યા. જેમલ મેરને આજ્ઞા કરી કે ગિરનાર ઉપર જે સત્સંગી યાત્રા કરવા જાય તેનું તમારે રક્ષણ કરવું. ભય જેવું હોય તો ભેગા જવું. જેમલ મેરે મહારાજની આજ્ઞા શિરે ચડાવી.

શ્રીહરિ ત્યાંથી નીકળી ઉતારે પધાર્યા. આજે જમવાનું આમંત્રણ નાગર હરિભક્ત રામજીભાઈ તરફથી હતું. શ્રીહરિ તેમને ઘેર જમવા પધાર્યા. તેમને રાજી કરી દીધા.

શ્રીહરિ જૂનાગઢમાં સાત દિવસ રહ્યા. આખો સોરઠ દેશ શ્રીહરિનાં દર્શન, સેવા અને સમાગમ માટે ઊમટ્યો હતો. તેમને સૌને ખૂબ સુખ આપ્યું. સૌના મનોરથ પૂરા કર્યા. બાબી નવાબ સરકાર હામદખાનને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવ્યો. દ્વેષી અમલદારોના પાસા ઊંધા પાડ્યા. આ રીતે ભવિષ્યના બ્રહ્મવિદ્યાના પ્રસારણના કેન્દ્ર સમાન જૂનાગઢમાં શ્રીહરિએ દિગ્વિજય કરી સત્સંગના પાયા ઊંડા નાખ્યા. તેમને હવે નીકળવું હતું. ગઢપુર જવું હતું. ત્યાંના ભક્તો પણ તેમનાં દર્શન વિના ઝૂરતા હતા. શ્રીહરિનું સ્વરૂપ જ એવું હતું - એક વખત દર્શન થાય અને ચિત્ત ચોંટી જાય ! તે પછી તેમની મૂર્તિ વિના બીજું કાંઈ નજરમાં જ ન આવતું. સૌ હરિભક્તોએ મહારાજને વધુ રોકાવા પ્રાર્થના કરી. મહારાજે તેમને આશ્વાસન આપતાં કહ્યું : "મને સોરઠ દેશ અત્યંત વહાલો છે. હું અહીં દિવ્યરૂપે સદાય રહીશ."[૮૩]

શ્રીહરિને પોતાના ગુણાતીત જ્ઞાનની જ્યોત અહીંથી પ્રગટાવવી હતી. જૂનાગઢને બ્રહ્મવિદ્યાનું કેન્દ્ર બનાવવું હતું. ભવિષ્યના પ્રસંગો તેમનું આ રહસ્ય છતું કરશે.

---

૮૩. *મને વ્હાલો છે સોરઠ દેશ, દિવ્યરૂપે રહીશ હમેશ.*

– શ્રીહરિલીલામૃત; કળશ ૬, વિશ્રામ ૧૮/૫૯.



કાલવાણીમાં સંતોને પરમહંસની દીક્ષા

(આ.સં. ૧૮૬૩, ઈ.સ. ૧૮૦૭)

મહારાજ ત્યાંથી સંતો-હરિભક્તો સાથે નીકળી ગયા. હરિભક્તો વળાવવા આવ્યા. થોડે દૂર ચાલ્યા અને આમલિયોની ઘટા આવી. મહારાજે અહીંથી જ હરિભક્તોને પાછા વળવાનું કહ્યું. પરંતુ તેમના સૌના પગ શ્રીહરિને છોડીને ઘર તરફ ઊપડતા ન હતા.

શરદપૂર્ણિમાની રાત્રિએ શ્રીકૃષ્ણે જ્યારે બંસરીનો નાદ છોડ્યો, ત્યારે તે સાંભળીને ગોપીઓ પોતાના પતિને, ગોદમાં સૂતેલા બાળકને, ધેનુને ત્યજીને, અર્ધી રાત્રે, વડીલો કે લોકો શું કહેશે તેનો વિચાર કર્યા સિવાય, શ્રીકૃષ્ણને ભેટવા નિર્ભય થઈને દોડી તેમની પાસે આવી ત્યારે શ્રીકૃષ્ણે તેમને કહ્યું : ''તમે અહીં આ અર્ધરાત્રિએ આવ્યાં તેથી લોકો તમારી નિંદા કરશે. તમને જાર કહેશે. માટે સૌ પાછાં જાઓ.'' આ શબ્દો સાંભળી ગોપીઓને આઘાત લાગ્યો. તેમણે કહ્યું : ''તમને છોડીને અમારા પગ હવે ઘર તરફ વળી શકતા નથી.''

આવી જ સ્થિતિ આજે સોરઠના આ હરિભક્તોની થઈ હતી. શ્રીહરિએ તેમનું અંતર પારખી લીધું. એટલામાં એક હરિભક્તે કહ્યું : ''મહારાજ ! અહીં હવે દિવસ ચઢી ગયો છે. તડકો ચઢશે અને આગળ જમવાનું કાંઈ અનુકૂળ નહિ આવે. માટે અહીં જ ખીચડી બનાવીએ તો ?''

મહારાજને આ વિચાર ગમી ગયો. એટલો વખત પણ આ પ્રેમી હરિભક્તોને સુખ મળે. પોતે તરત જ કહ્યું : ''ભલે, કરો તૈયારી.''

શ્રીહરિની મરજી જોઈ સૌ રાજી થયા. સૌ તૈયારીમાં પડ્યા.

નરસિંહ મહેતાના ચોરે

બાજુમાં જ નરસિંહ મહેતાનો ચોરો હતો. મહારાજે સૌને કહ્યું : ''ચાલો

મહેતાજી ને ચોરે.'' એટલે સૌ મહારાજ સાથે ત્યાં ગયા. મહારાજ સ્થાન જોઈ રાજી થયા. તેમને થયું કે નરસિંહ મહેતા જેવા ભક્ત માટે છેવટે આટલી પણ સ્મૃતિ રાખી તે આ લોકના માનવીઓની ખરેખર મોટાઈ ગણાય ! જ્યારે મહેતાજી હતા ત્યારે તો તેમને રંજાડવામાં નાગરી ન્યાતે પાછી પાની કરી ન હતી. તેમની ભક્તિનો ભાવ કોઈએ પીછાણ્યો ન હતો. મહેતાજી તો નિર્લેપ હતા. તેમને તો વૈષ્ણવ સાથે જ સંબંધ હતો. જે શામળાની ભક્તિ કરે તે જ તેમને મન સાચો વૈષ્ણવ - પછી તે ઊંચ હોય કે નીચ ! ભગવાનની દૃષ્ટિમાં એવા ભેદ હોતા નથી. સાચા ભક્તની દૃષ્ટિમાં પણ નથી હોતા. મહેતાજીની દૃષ્ટિમાં સમતા હતી. તેઓ હરિજનવાસમાં કીર્તન-ભક્તિ કરવા ગયા અને નાગરી ન્યાતમાં મોટો ઉહાપોહ મચી ગયો ! તેમના માથે માછલાં ધોવાયાં. તેમને લોકો પૂછવા લાગ્યા :

જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું ?
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈક વિવેક વિચાર;
કર જોડી કહે નરસૈયો, વૈષ્ણવ તણો મને છે આધાર.

અને મહેતાજીને ગાવું પડ્યું :

એવા રે અમો એવા રે, તમે કહો છો વળી તેવા રે.
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો, તો કરશું દામોદરની સેવા રે.
સઘળા સાથમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે.
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે.

મહારાજ દુનિયાદારીના ડહાપણ ઉપર હસતા હતા. હસતાં હસતાં તેઓ મહેતાજીના ઓટા ઉપર બિરાજ્યા. તે જોઈને ત્યાંનો બાવો બોલી ઊઠ્યો : ''અરે ! મહેતાજીના ઓટા ઉપર કેમ બેઠા ?''

મહારાજે તેના તરફ હસીને કહ્યું : ''કારણ કે અમે મહેતાજીના ગુરુ છીએ, સમજ્યા બાવાજી ?'' આ શબ્દોથી બાવો દબાઈ ગયો. મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી. તરત તેને સમાધિ થઈ. તેમાં તેને નરસિંહ મહેતા આ સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરતા હતા તેવાં દર્શન થયાં. રાધા, લક્ષ્મી આદિ શક્તિઓ પણ મહારાજની ભક્તિ કરતાં દેખાયાં. બાવાજી સમાધિમાંથી જાગ્રત થયા કે તરત જ મહારાજ પાસે ગયા અને ચરણારવિંદમાં નમી પડ્યા.

મહારાજ આમલીઓના ઝાડ નીચે આવ્યા. ત્યાં ખીચડી તૈયાર થઈ ગઈ હતી. પોતે સંતોને પીરસ્યું. પછી પોતે જમ્યા. મહારાજને જૂનાગઢ છોડવું ગમતું ન હતું. અહીંથી નીકળી મજેવડી દરવાજા બહાર બિસારત બાગમાં આવ્યા. અહીં

રાત રહેવાનું નક્કી કર્યું. પાંચીબાઈએ બરફીની માટલી મોકલી હતી. તે મહારાજ જમ્યા. સૌને પ્રસાદ વહેંચી આપ્યો. જૂનાગઢમાં આવેલા સોરઠના સૌ હરિભક્તો મહારાજની ભેગા જ હતા. તેમને પણ છૂટા પડવાની ઇચ્છા થતી ન હતી.

સવાર થઈ એટલે નિત્યવિધિથી પરવારી મહારાજ તૈયાર થયા. અહીંથી સૌ હરિભક્તોને પાછા જવાની આજ્ઞા કરી. સંતોને પણ કહ્યું : "તમે પણ હવે દેશોદેશમાં ફરો, હરિવાર્તા કરો. મુમુક્ષુ જોઈને પ્રગટ ભગવાનની વાત કરજો. અમે જે નિયમો આપ્યા છે તે યથાર્થ પાળજો. દામ અને વામથી દૂર રહેજો." આ પ્રમાણે શીખ આપીને સંતોનાં મંડળોને પણ ફરવા મોકલ્યાં.

✧

મહારાજ જૂનાગઢથી નીકળી વણથળી, મેઘપર પધાર્યા. થોડું રોકાયા. શ્રીહરિ સભામાં બેઠા હતા. ત્યાં એક ખેડુ આવ્યો. તેણે શ્રીહરિને કહ્યું : "મહારાજ ! મારા વાઢમાંથી તમારા સાધુએ શેરડીનો એક સાંઠો લીધો છે. મને કહ્યું હોત તો હું બે આપત."

શ્રીહરિએ આ સાંભળી સભા સમક્ષ જોયું. સાધુ રામચરણદાસે તરત જ કહ્યું : "મહારાજ ! સાંઠો ખેંચીને નથી લીધો પણ નીચે પડ્યો હતો તે લીધો છે."

મહારાજે તેમને કહ્યું : "આપણાથી ધણીને પૂછ્યા વિના કાંઈ લેવાય નહિ, તે ચોરી કરી કહેવાય. અરે, રસ્તામાં પડેલી વસ્તુ પણ આપણાથી ન લેવાય."

શ્રીહરિને સાધુ, સત્સંગીના જીવનમાં સત્ય, નીતિ અને ન્યાયના આચરણની આવશ્યકતા સમજાવી હતી. જીવન તેના પાલનથી જ સમૃદ્ધ બને, સત્સંગને અનુરૂપ બને. તેમણે તરત જ સભાને સંબોધીને કહ્યું : "મારા સાધુઓએ આજથી ખાંડ, ઘી અને ગોળવાળી વસ્તુ ન ખાવી."[૮૪]

✧

પછી ત્યાંથી નીકળી શ્રીહરિ નાવડા, આખા, પીપલાણા, અગત્રાઈ થઈને કાલવાણી પધાર્યા. સંતનાં મંડળોને મહારાજે અહીં બોલાવ્યાં હતાં. તેથી તે પણ એક પછી એક આવવા લાગ્યાં.

✧

શ્રીજીમહારાજ જ્યારે કારિયાણી બિરાજતા હતા, ત્યારે તેમણે ભોજા ચારણને ધ્રાંગધ્રા મોકલ્યા હતા અને કહ્યું હતું કે "સત્સંગની વાતો કરજો." પરંતુ અહીં તો તેને વેદાંતી વિપ્રો ભેટી ગયા એટલે ભોજા ચારણને પ્રશ્નો પૂછી

---

૮૪. ભાયાત્માનંદ સ્વામીની વાતો; વાર્તા ત્રીજી.

મૂંઝવી નાંખ્યા, તેથી તે કારિયાણી પાછા આવ્યા. અહીં મહારાજને વાત કરી ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "તમે ધ્રાંગધ્રા જાઓ અને ત્યાંના વેદાંતીઓને સત્સંગની વાતો કરજો. પ્રશ્ન-ઉત્તરમાં આકળા ન થવું, શાંતિ અને ધીરજથી પ્રશ્નોના ઉત્તર કરવા, નિર્માનીપણું રાખવું."

મુક્તાનંદ સ્વામીનું તો આ અંગ હતું. છતાં મહારાજે આ સૂચના એટલા માટે આપી કે તેમના મંડળના સાધુ ઉશ્કેરાઈ ન જાય.

ધ્રાંગધ્રામાં મુક્તાનંદ સ્વામીને વેરાગી બાવાઓ મારે છે

મહારાજની આજ્ઞા અનુસાર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી ધ્રાંગધ્રા ગયા. ત્યાં વેરાગીના અખાડામાં જ ઊતર્યા. પરંતુ વેરાગીને તો સ્વામિનારાયણના સાધુઓ સાથે વેર હતું. તેમને તે 'મૂંડિયા' કહેતા. એટલે તેણે તરત જ રાજાને ફરિયાદ કરી કે - સ્વામિનારાયણના મૂંડિયા અમારા અખાડામાં આવીને ઊતર્યા છે. આપ મદદ કરો, નહિ તો તે અખાડાનો કબજો લઈ લેશે. આ ફરિયાદની સાથે સાથે તેણે રાજાને ભેટ-સોગાદોથી રીઝવી પણ લીધા. એટલે રાજાએ પોતાના માણસોને મોકલ્યા. તે દરમ્યાન વેરાગી બાવાઓએ પણ મુક્તાનંદ સ્વામી તથા તેમના સાધુઓને ખૂબ માર્યા. રાજાના સિપાઈઓ આવ્યા. તેમને સ્વામીએ ફરિયાદ કરી. તેમણે કહ્યું : "રાજા પાસે જાઓ. અમને તો હુકમ છે કે તમને અહીંથી કાઢી મૂકવા." સ્વામીએ ધ્રાંગધ્રા નરેશ પાસે જઈ ફરિયાદ કરી. ધ્રાંગધ્રા નરેશે કહ્યું : "પાડેપાડા અંદર અંદર લડે તેમાં અમે શું કરીએ ? માટે તમો બંને અંદરોઅંદર પતાવી દ્યો."

આ સાંભળી સ્વામીએ કહ્યું : "નામદાર ! અમે તો સાધુ કહેવાઈએ. અમારાથી એવું ન થાય. તેથી જ આપ જો વચ્ચે પડો તો અમારી કંઈક રક્ષા થાય." પરંતુ કાંઈ દાદ મળી નહિ. તેથી સ્વામી પોતાના મંડળે સહિત ત્યાંથી નીકળી મહારાજ પાસે આવ્યા.

આ સમાચાર ગામોગામ ફેલાયા. બાવાઓની જમાતે નક્કી જ કરી લીધું કે સ્વામિનારાયણના મૂંડિયાઓને મારવા, તેમનું નામનિશાન મિટાવી દેવું. મનુષ્યને સાચો માનવ બનાવવા સંસારનો ત્યાગ કરી જેમણે ભેખ લીધો હતો, તેમણે આજે ભેખ ઉતાર્યો. સ્વામિનારાયણના સાધુઓ માણસમાંથી લુપ્ત થયેલી માણસાઈ સજીવન કરતા હતા. તેમનું જીવન શુદ્ધ કરીને શ્રેયને પંથે તેમને વાળતા હતા. સમાજમાં તેમના ઉપદેશની, આચરણની અસર થઈ હતી. લોકોમાં સાધુની સાધુતા વિષેના ખ્યાલો જાગ્રત થયા હતા. બાવાઓને આ ગમ્યું નહિ.

અફીણ, ગાંજો ને ભાંગ પીનારા, શસ્ત્રો રાખનારા, વામ અને દામના ઉપભોગમાં રાચતા કેવળ ભગવાંધારીઓને લોકો હવે બાવા કહેવા લાગ્યા. તેમના પ્રત્યેનો તેમનો આદર ઓછો થયો. બાવાઓનું આ દુઃખ હતું. તેમની એ ફરિયાદ હતી કે સ્વામિનારાયણના મૂંડિયા અમારા શિષ્યોને ભોળવી લે છે, પોતાના કરી લે છે. તેથી તેમને ભાંગ, ગાંજો, અફીણ મળતાં નથી. દામનું કોઈ દાન કરતું નથી. આવા ભયંકર અત્યાચારનું આચરણ કરનાર સ્વામિનારાયણના મૂંડિયા હવે જ્યાં દેખાય ત્યાં તેમને ઝાલવા, તેમની કંઠી, જનોઈ, ચોટી કાપી નાખવાં; તુંબડાં ફોડી નાખવાં; મૂર્તિ તોડી નાખવી; આપણી રામકીઓ વચ્ચે તેમને બેસાડવા; તેમને તોબા પોકરાવી દેવા – આ નિર્ણયની સાથે જ સ્વામિનારાયણના સાધુઓ સામે જેહાદ શરૂ થઈ.

વેરાગીઓનો ત્રાસ

શ્રીજીમહારાજના આ સંતો જ્યાં જ્યાં ગયા ત્યાં તેમને વેરાગી બાવાઓએ પકડ્યા. તેમનાં તિલક ભૂંસી નાખ્યાં, કંઠી-જનોઈ તોડી નાખી, ચોટલીઓ ખેંચીને કાપી નાખી, ભિક્ષાપાત્રમાં અભક્ષ્ય વસ્તુઓ નાખવા માંડી, તેમની પૂજાની મૂર્તિઓ તોડી નાખી. પૂજા, વસ્ત્રો, પુસ્તકો ઝૂંટવી લઈને ફેંકી દીધાં. કેટલાકની તો અલફીઓ પણ ઉતારી લઈ એક કૌપીનભેર કરી દીધા. રામકીઓને સામે લાવી તેમનો પરાણે સ્પર્શ કરાવ્યો, માર માર્યો. આમ, અનેક પ્રકારે ઉપાધિની આંધી વરસાવી. ક્ષમાશીલ આ સંતોએ આ બધું મૂંગે મોઢે સહન કર્યું, અન્ન વિના ટળવળ્યા, મારના દુઃખથી ત્રાસી ગયા. પરંતુ મહારાજની આજ્ઞા હતી કે સહન જ કરવું. આવું દુઃખ સહન કરવાથી પૃથ્વીનો ભાર ઓછો થશે. ધર્મનું, સત્યનું, અહિંસાનું પ્રસારણ દૃઢ થશે.

આ બધાં મંડળો કાલવાણી આવ્યાં. મહારાજે તમામને તેડાવ્યાં હતાં. મહારાજનાં દર્શનમાત્રથી સૌ ત્રાસનું દુઃખ ભૂલી ગયા, સંતાપ સર્વે શમી ગયા. મહારાજના સાન્નિધ્યની સંજીવની તેમને સ્પર્શી ગઈ !

પરંતુ મહારાજે તેમના દેહ જોયા. દેહ કૃશ થઈ ગયા હતા. કેટલાકના દેહ ઉપર મારના સોળ દેખાતા હતા. તુંબડા, પત્તર, ઝોળીઓ, પૂજા વગેરે સામગ્રીઓ કોઈની તો ઝૂંટવાઈ જ ગઈ હતી. જેની પાસે હતી તે તૂટેલી અવસ્થામાં હતી. મૂર્તિઓ ખંડિત કરી નાખી હતી. જનોઈ અને કંઠી વગરના દેહ અડવા દેખાતા હતા. મહારાજ આ જોઈ રહ્યા. તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

પાંચસો સંતોને પરમહંસ દીક્ષા : આ.સં. ૧૮૬૩

પછી મહારાજે મોટેરા સંતો સમક્ષ જોઈ કહ્યું : "હવે અમારી એક આજ્ઞા પાળો. આ જનોઈ, આ કંઠી, આ ચોટી કાઢી જ નાખો. પૂજાનાં બંધનો કાઢી માનસી પૂજાનું સુખ લો. આ બાહ્ય ચિહ્નોથી, ઉપકરણોથી તમને સૌ સ્વામિનારાયણના સાધુ માની દુઃખ દેશે. તેથી અલક્ષ્યપણે રહીને પરમહંસ દશા ગ્રહણ કરો."

આ સાંભળી એક સંતે કહ્યું : "મહારાજ ! અમે એવી પરમહંસ સ્થિતિ તો પામ્યા નથી. તેથી ધર્મનું આચરણ છોડી દેવાથી અમારી સાધનામાં વિઘ્ન તો નહિ આવે ને ?"

"ધર્મનું આચરણ તો પરમહંસ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પણ મૂકવાનું નથી અને તમારે તો કેવળ મારી આજ્ઞાથી દેહે કરીને બાહ્ય આચરણનો ત્યાગ કરવાનો છે. પરંતુ મનને તો માનસી પૂજા અને ધાર્મિક ભાવથી હંમેશાં સભર જ રાખવાનું છે." મહારાજે ધીરે રહીને સમજાવતાં કહ્યું.

મહારાજે અત્યાર સુધી વિધિ-નિષેધના નિયમો આ સંતો પાસે દૃઢપણે પળાવ્યા હતા. વળી, તેમના અંતરમાંથી વિષયની આસક્તિ નાશ પામી જાય અને તેમની સાધનાની વહેલી સમાપ્તિ થાય તે માટે બીજા અનેક નિયમો પણ તેમને આપ્યા હતા. તે બધા જ નિયમોના બાહ્ય આચારનો આજે ત્યાગ કરી દેવો તે તેમને સૌને કઠણ પડતું હતું. તેમની મૂંઝવણ જોઈ મહારાજે કહ્યું : "જુઓ, વિષમ દેશકાળને લઈને પાંડવો પણ શ્રીકૃષ્ણની આજ્ઞાથી પોતાનો બાહ્ય વેષ, ચિહ્નો, આયુધો બધાંનો ત્યાગ કરી ગુપ્ત વેશે વિરાટનગરમાં રહ્યા હતા તેથી શું તેમનું ક્ષત્રિયપણું મટી ગયું હતું ? તેમ તમારે પણ અમારી આજ્ઞાથી પરમહંસ દશા ગ્રહણ કરવાની છે, દેશકાળ વર્તવાનો છે. તેમાં તમને સૌને સુખ થશે અને આપણું કાર્ય પણ નિર્વિઘ્ને પાર પડશે."

છવ્વીસ વર્ષના આ યુવાનની વાક્ધારા સૌના અંતરમાં સોંસરી ઊતરી ગઈ. વડીલ અને વૃદ્ધ તમામ સાધુઓને આ શબ્દોએ અસર કરી. શ્રીહરિ દિવ્યભાવમાં આવી ગયા હતા. તેમના સ્વરૂપમાંથી સૌને સ્ત્રી અને ધનના ત્યાગીઓનાં વૃંદો નીકળતાં દેખાયાં. ભારતની ઉત્તરે, પૂર્વે, દક્ષિણે અને પશ્ચિમે આ વૃંદો ફેલાતાં ગયાં. સંતનો ઊજળો આદર્શ સર્વ ઠેકાણે વ્યાપી જતો તેમને દેખાવા લાગ્યો. શ્રીહરિના કાર્યની તેમાં સિદ્ધિ હતી. તેમના આજ્ઞાપાલનમાં તેમની પ્રસન્નતાની પ્રાપ્તિ હતી. સૌએ મહારાજની આ આજ્ઞા સહર્ષ ઝીલી

લીધી. રાત્રિના ફક્ત એક જ પ્રહરના ઉપદેશમાં મહારાજે પાંચસો સંતોને પરમહંસ દીક્ષા આપી અલક્ષ્યપણે વર્તવાનો આદેશ આપી દીધો. એ આદેશ સર્વેએ ઝીલી લીધો. તેમાં જ મહારાજના પરમાત્મ સ્વરૂપની તેમની પ્રતીતિનાં દર્શન હતાં. સાધુઓ ઉપર તેમના પ્રભુત્વનો પ્રતાપ હતો.[૮૫]

સાંજે મહારાજે સંતોને કહ્યું : ''સંતો ! તમે અમારા માટે બહુ કષ્ટ સહન કર્યું. વેરાગીઓના ત્રાસથી તમારા આ હાલ જોઈ મને લાગે છે કે તેમને સૌને આપણું પાણી તો બતાવવું, નહિ તો આપણને ટકવા દેશે નહિ. વળી, આપણે કરવા ધારેલ લોકકલ્યાણનું કાર્ય પણ આપણે કરી શકીશું નહિ.''

મહારાજની આ વાત સાંભળી સંતો સર્વે નીચું જોઈ ગયા. પછી સંતોએ હિંમત લાવી મહારાજને કહ્યું : ''મહારાજ ! આપે આપના વનવિચરણ દરમ્યાન અનેક કષ્ટો, અપમાન, તિરસ્કાર, માર, ભૂખ સહન કર્યાં છે. તે કેવળ અમારે માટે જ, અમને સાચી સાધુતા શિખવાડવા માટે જ ! તો આપના પગલે અમે ચાલીએ તેમાં અમારી સાધુતા છે, આપનું ગૌરવ છે.''

મુક્તાનંદ સ્વામીના આ શબ્દો સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''સંતો ! હું જાણું છું કે તમે જડભરત, જયદેવ અને કદરજ જેવા ખરા ક્ષમાવાન છો. તમો ખરેખર ધન્ય છો. તમારી સાધુતાથી, તમારી ક્ષમાથી લોકોમાં રહેલો આસુરભાવ નષ્ટ થઈ જશે. ક્ષમા એ તમારું ખડગ છે, ધીરજ ઢાલ છે; તમારા મૌનમાં અસુરોનો નાશ છે. પ્રતિકાર તો સાધુની સાધુતા લજવે. તમારી સાધુતા આ કસોટીમાં વધુ દીપશે. તમારી સાધુતાથી જ ભાગવતધર્મના પાયા દૃઢ થશે.''[૮૬]

---

૮૫. પરમહંસ-દીક્ષાનો ઇતિહાસ આ પ્રમાણે મળે છે : સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને પ્રાંગધ્રામાં વેરાગીઓએ ત્રાસ આપ્યા બાદ તેઓ ત્યાંથી નીકળી ગુજરાતમાં આવીને શ્રીહરિને મળ્યા અને ત્યાં સંતોને અલક્ષ્યપણે પરમહંસ તરીકે વિચરવાની આજ્ઞા શ્રીહરિએ આપી. (ભક્તચિંતામણિ; પ્રકરણ ૫૦). ત્યારબાદ શ્રીહરિ વહેલાલ (વેલાલ) પધાર્યા. જ્યાં એમણે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી અને અદ્વૈતાનંદ સ્વામીને પરમહંસ કર્યા. પછી જેતલપુરમાં ગોવિંદાનંદ સ્વામી વગેરે ૧૫ સંતોને પરમહંસ કર્યા. ત્યારબાદ શ્રીહરિએ કાલવાણી પધારતા સુધીમાં જુદાં જુદાં ગામોમાં પરમહંસો કર્યા અને પછી કાલવાણી પધારી ત્યાં પણ સમૂહમાં પરમહંસ દીક્ષા આપી. (શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૨, તરંગ-૪ થી ૧૪.)

૮૬. શ્રીહરિલીલામૃતમાં પરમહંસદીક્ષાનો પ્રસંગ અને ઉપરોક્ત પ્રસંગ આ.સં. ૧૮૬૦માં બન્યો એમ પણ ઉલ્લેખ છે. — કળશ ૫, વિશ્રામ ૨૩.

મહારાજ કાલવાણીથી નીકળી માળિયા, લાઠોદર, માંગરોળ અને લોજ થઈ પંચાળા પધાર્યા. ઝીણાભાઈ દરબાર મહારાજની સાથે જ હતા. તેમનો આગ્રહ હતો એટલે મહારાજે પંચાળા પાંચ દિવસ રોકાવાનું નક્કી કર્યું.

મહારાજ અહીં ગામની બહાર પશ્ચિમ દિશામાં ખોખરા તળાવ છે ત્યાં સ્નાન કરવા રોજ સંતમંડળ તથા હરિભક્તોને સાથે લઈને જતા.

શ્રીહરિ અહીં સાબલી નદીમાં પણ સ્નાન કરવા પધારતા. એક ગાઉ દૂર મગરિયો ધરો છે ત્યાં પણ સ્નાન કરતા. મગરોને સમાધિ કરાવતા. પૂર્વ દિશામાં ખારી વાવ છે ત્યાં પોતે અગાઉ રામાનંદ સ્વામી સાથે પધારતા ત્યારે સ્નાન કરતા. આ પ્રકારે પંચાળાને મહારાજે પોતાના સંબંધથી મહાતીર્થ બનાવી દીધું હતું. પ્રસાદીભૂત સ્થાનોથી આ તીર્થનું માહાત્મ્ય વધ્યું. ઠાકોર ઝીણાભાઈનું પણ ગૌરવ વધ્યું. ભક્ત તરીકેનો મહિમા પણ વધ્યો.

મહારાજ પંચાળાથી નીકળી સૂતરેજ, બાલાગામ, માણાવદર, ગણોદ પધાર્યા. અહીં ભાદરના તટ ઉપર બાગમાં ઉતારો કર્યો. ત્યાં રાત રહ્યા. પછી જાળિયે પધાર્યા, વેણુ નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી ભાયાવદર થઈને ઉપલેટે પધાર્યા. અહીં મોજ નદીના પૂર્વ ભાગમાં દરબારનો બાગ હતો, ત્યાં સોમનાથ મહાદેવના મંદિર પાસે વડ છે ત્યાં ઊતર્યા. ચૈત્રનો તાપ સખત હતો. તેથી ત્યાં નાહવાની ઈચ્છા થઈ. હરિભક્તો સૌ આવ્યા હતા તેથી તેમણે મહારાજને કૂવાની પાસે કૂંડી સાફ કરી તેમાં બેસાર્યા, કૂવામાંથી પાણી સીંચવા માંડ્યા. મહારાજ એક હજાર ઘડા પાણીથી નહાયા. પછી વસ્ત્ર બદલીને કદંબના ઝાડ નીચે પધાર્યા. અહીં નારાયણ જોષીએ સર્વ સંઘ માટે સુંદર પકવાન્નોની રસોઈ બનાવી તૈયાર રાખી હતી. મહારાજ ભાવપૂર્વક જમ્યા. સંતો-પાર્ષદોને પણ જમાડ્યા.

સાંજે ત્યાંથી નીકળી ભાડેર, ધોરાજી, ગાલોળ અને તોરી થઈને દેરડીએ પધાર્યા. ત્યાંથી કોટડે. અહીંના નૃપતિ પીઠાવાળાએ તથા તેના પાંચ પુત્રો સુરો, માતરો, રાણિંગ, હાથિયો અને ગોળણ તેમણે સૌએ શ્રીહરિની સેવા કરી.

શ્રીહરિ ત્યાંથી વાંકિયા પધાર્યા. અહીંથી મોકાખાચરના ભાઈ ઓઘડખાચર મહારાજને તેમના ગામ ખંભાળા લઈ ગયા.

ત્યાંથી કરિયાણા, વાવડિયા થઈ શ્રીજીમહારાજ ગઢપુર પાસે સહસ્રધરે પધાર્યા. અહીં સૌ સંતો સહિત મહારાજે સ્નાન કર્યું. અક્ષય તૃતીયાના દિવસે મહારાજ ગઢપુર પધાર્યા.



ઉદ્ગીથ ૧૮

વ્હાલે વજાડી વાંસળી કાલિન્દીને તીર

(આ.સં. ૧૮૬૩-૧૮૬૪, ઈ.સ. ૧૮૦૭)

ગઢપુરવાસીઓને મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શનની તાણ

ગઢપુરના હરિભક્તો શ્રીજીમહારાજનાં દર્શન ઝંખતા હતા. વાસુદેવ-નારાયણની મૂર્તિમાં સાક્ષાત્ મહારાજ બિરાજે છે એ ભાવે તે મૂર્તિની સેવા-અર્ચન કરતા, છતાં મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપનાં દર્શનની તાણ તેમને સદા રહેતી. એ સ્વરૂપ બોલે, વઢે, આનંદ કરાવે, અનેક પ્રકારનાં દિવ્ય ચરિત્રો અને મનુષ્ય ચરિત્રો કરે તેમાં ભક્તના મનોભાવની પરીક્ષા પણ કરી લે. મનનું શુદ્ધિકરણ, સ્થિરતા, ભગવાનના મનુષ્યસ્વરૂપમાં અખંડ દિવ્યતાના ભાવથી જ થાય છે. તે સાધનાનો યોગ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના પ્રસંગ વિના મળે નહિ અને શુદ્ધ બ્રહ્મભાવને પણ ન પમાય. તેથી મહારાજના જ ચિંતવનમાં તેઓ રાત-દિવસ રહેતા. મહારાજ પણ તેમને અખંડ સંભારતા. જેમ ભક્તને ભગવાન વગર ચાલતું નથી, તેમ ભગવાનને પણ એવા ભક્ત વિના રહેવાતું નથી. શ્રીજીમહારાજના અંતરમાં ગઢપુરવાસીઓનું સ્થાન અનેરું હતું.

મહારાજ પધાર્યા અને સૌને આનંદના ઓઘ વળ્યા. શ્રીજીમહારાજના પ્રત્યક્ષ સંબંધથી જ ઇન્દ્રિયોની વૃત્તિઓ જાણે તેમને અનુસરીને જ વર્તતી હોય તેવો અનુભવ સૌને થવા લાગ્યો. કામ-ક્રોધના વિકારો શમી જતા પરંતુ તે સમૂળગા નાશ થયા છે કે નહિ તેની પરીક્ષા મહારાજ ઘણી વાર કરી લેતા.

ભીમ એકાદશીના ઉત્સવ ઉપર મહારાજે સભામાં સૌને વાત કરી : "રામાવતારમાં કાકભુષુંડી ઋષિને અને સતી પાર્વતીને પણ ભગવાન રામચંદ્રના સ્વરૂપમા મોહ વ્યાપ્યો. મોહ બહુધા કામ, ક્રોધ, લોભ, સ્નેહ, સ્વાદ વગેરે દોષોના ભાવથી વ્યાપે છે. માટે તે દોષોનું બીજ તો સત્સંગીમાત્રે અંતરમાંથી કાઢી જ નાખવું. ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિને વિષે અખંડ દિવ્યતાનો ભાવ એ જ

એ દોષ નિવારણનું મોટું સાધન છે."

એટલું કહીને પછી વાત કરતાં મહારાજે કહ્યું : "આ લાડુબા તે રાધાનો અવતાર છે, રાજબા એ સરસ્વતીનો અવતાર છે અને જીવુબા એ લક્ષ્મીજીનો અવતાર છે. માટે સર્વ સ્ત્રીઓએ આ ત્રણ બાઈઓનો પ્રસંગ રાખવો અને એ ત્રણે બાઈઓએ અમારો મહિમા કહેવો જેથી સ્ત્રીઓના અંતરમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ રહે નહિ. કૃષ્ણાવતારમાં કેવળ કૃષ્ણે કામ જીત્યો અને દેવતાઓમાં ફક્ત શિવજીએ કામને બાળી નાખ્યો. પરંતુ આજે તો સત્સંગી સ્ત્રી અને પુરુષ કામાદિક દોષોનો પરાભવ કરવા સમર્થ છે. તેનું કારણ પ્રગટ પુરુષોત્તમ-નારાયણનો આશ્રય છે. તે આશ્રયનું બળ રાખજો, સત્સંગની ધર્મમર્યાદામાં રહેજો તો કામાદિક દોષ તમારાથી ત્રાસી જશે. આ સચ્ચિદાનંદ સ્વામીએ કામને પોતાના ઉદરમાં નાખી દીધો હતો અને અનેક પ્રકારે પ્રાર્થના કરી સત્સંગીને કદી પીડીશ નહિ તેવી બાંયધરી આપી ત્યારે પોતાના ઉદરમાંથી તેને બહાર કાઢ્યો. આ વાત કોઈને મનાય નહિ પરંતુ જેની દૃષ્ટિ પ્રતિલોમ વર્તતી હોય અથવા અમારા વચનમાં વિશ્વાસ હોય તેમને આ વાત જરૂર મનાય."

શેખજીને મહારાજ ઐશ્વર્ય આપે છે

બીજે દિવસે મહારાજ દરબારમાં લીંબડા નીચે સભામાં બિરાજ્યા હતા. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! કાઠિયાવાડમાં અને ગુજરાતમાં તો સત્સંગ ફેલાતો જાય છે. પરંતુ સિંધ જેવા દેશમાં સત્સંગ થતો નથી, તો ત્યાં કોને મોકલીશું ?"

તે વખતે સભામાં ગોંડળના શેખમિયાં બેઠા હતા. બ્રહ્માનંદ સ્વામીએ તેમને જોઈ કહ્યું : "મહારાજ ! આ શેખજીને મોકલીએ તો ?"

શેખજી પઠાણ હતા. વડોદરામાં પાંચસો આરબની ટુકડીના ઉપરી હતા. પરંતુ તેમને વરતાલમાં મહારાજનાં અલ્લા સ્વરૂપે દર્શન થયાં ત્યારથી વડોદરાની નોકરી છોડીને ગઢડા મહારાજની સેવામાં આવીને રહ્યા હતા. મહારાજના પાર્ષદો સાથે તે રહેતા, મહારાજ જે જે સેવા બતાવે તે ભક્તિભાવથી કરતા.

મહારાજે શેખજી તરફ જોયું. શેખજી તરત ઊભા થયા. મહારાજે તેમને પૂછ્યું : "તમે સિંધમાં સત્સંગ કરાવવા જશો ?"

તેણે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારું કોણ માને ? પણ

કાંઈક ઐશ્વર્ય આપો તો જાઉં."

સત્સંગ તો મહારાજની ઇચ્છાથી જ પ્રવર્તતો હતો પરંતુ તેના પ્રવર્તન માટે ભક્તને જ્યારે સિદ્ધિની, ઐશ્વર્યની ઇચ્છા રહે છે ત્યારે તે ભક્તમાં રજોગુણનો ભાવ વિશેષ દેખાય છે. શેખજીને પણ એવી આકાંક્ષા જાગી કે મહારાજ ઐશ્વર્ય આપે તો આખા જગતને સત્સંગ કરાવી દઉં.

પછી મહારાજે તેમને કહ્યું : "તમારી દાઢીનાં જે જે ભાવથી દર્શન કરશે તેને અક્ષરધામ દેખાશે અને જે નિંદા કરશે તેને યમદ્વાર દેખાશે."

મહારાજના આ વચનથી શેખજી રાજી થઈ ગયા. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! ક્યારે નીકળું ?"

ભગવાનને છોડીને જે ઐશ્વર્યને વરે છે તેને ભગવાનનો સંબંધ રહેતો નથી. શેખજીને પણ શ્રીજીમહારાજના આ દિવ્ય સંબંધનો ત્યાગ કરી સત્સંગ કરાવવાના, ભગવાન થવાના કોડ જાગ્યા.

મહારાજે તેમને કહ્યું : "આજે જ. શુભ કાર્યમાં મુહૂર્ત જોવાનું હોય નહિ."

શેખજી તરત જ ત્યાંથી નીકળી ગયા.

આહીરને ચોરે શેખજી આવ્યા. તેમને વિચાર થયો કે મહારાજે આશીર્વાદ તો આપ્યા છે પણ તે સાચા છે કે નહિ તે તપાસીને પછી જ નીકળવું. તેથી તે ચોરે જે આવે તેને કહે : "અક્ષરધામ જોવું છે ?" અને જે 'હા' કહે તેને પોતાની દાઢીનું ધ્યાન કરાવે, તરત તેને સમાધિ થાય અને અક્ષરધામ દેખાય. શેખજીને ખાતરી થઈ કે મહારાજે ઐશ્વર્ય આપ્યું છે. હવે સિંધમાં સત્સંગ ખરેખરો જામશે.

શેખજી ગઢપુરથી નીકળી ગયા. રસ્તામાં અનેક ગામો આવતાં, ત્યાં તેઓ જતા, લોકોને સમાધિ કરાવતા અને પોતાની મોટાઈનું ગાન કરતા. ધીરે ધીરે તેમના અંતરમાંથી મહારાજના આશીર્વાદનું બળ ચાલ્યું ગયું. પોતાના પ્રતાપનો, મહત્તાનો ભાવ આગળ આવવા લાગ્યો.

✧ ✧ ✧

આષાઢી સંવત ૧૮૬૪નું વર્ષ બેઠું. મહારાજ ગઢપુરમાં થોડા દિવસો રહ્યા પછી ત્યાંથી નીકળવા તૈયાર થયા. મહારાજ ગઢપુરથી નીકળી રામપરા થઈને કરિયાણા પધાર્યા. અહીં મહારાજ દેહાખાચરના દરબારમાં ઊતર્યા.

મારું ભગવાનપણું સ્રવી જાય છે

મહારાજ મીણબાઈને ઓરડે જમવા પધાર્યા. મહારાજ બાજોઠ ઉપર

જમવા બિરાજ્યા. ત્યાં ધડાકા થતા સાંભળ્યા. ત્યારે મહારાજે મીણબાઈને પૂછ્યું : "મીણબાઈ ! આ ધડાકા શેના થાય છે ?"

એટલે મીણબાઈએ કહ્યું : "મહારાજ ! અહીં તો બળિયો હોય તે ગામ ભાંગે."

તે સાંભળી મહારાજે કહ્યું : "અમે બેઠા છીએ અને ગામ ભાંગશે ?"

એટલે મીણબાઈએ કહ્યું : "મહારાજ ! તમે તો સમર્થ છો. તમારું ઐશ્વર્ય જોઈને ભાગી પણ જાય."

પરંતુ મહારાજને મીણબાઈની પરીક્ષા કરવી હતી. તેમણે તરત જ કહ્યું : "મીણબાઈ ! ગામ ભાંગે એવા બળુકા હોય તો તો અમારું ઐશ્વર્ય કામમાં ન આવે." એટલું કહીને ફરી બોલ્યા : "મીણબાઈ ! મને તો બીક લાગે છે. કોઈ ઠેકાણે સંતાડી દ્યો."

નિરાવરણ સ્થિતિવાળાં મીણબાઈને મહારાજના આ શબ્દોથી હસવું આવ્યું. તેમણે તરત જ કહ્યું : "ભગવાન થઈને બીવો છો ?"

પણ મહારાજને મચક આપવી ન હતી. તેમણે તરત જ કહ્યું : "આ ધડાકા સાંભળીને મારું ભગવાનપણું સ્રવી જાય છે."

મીણબાઈ હસ્યાં. તેમણે કહ્યું : "ચાલો ઊઠો, આ ડામચિયામાં સંતાડી દઉં."

મહારાજે કહ્યું : "ઊભાં રહો, મને જમી લેવા દ્યો પછી સંતાડજો."

મહારાજ જમવા લાગ્યા. મીણબાઈના પ્રેમથી જમતા જાય અને વાનગી વખાણતા જાય. તેમને દર્શનનું સુખ આપવા, તેમણે બનાવેલી વાનગીઓની પ્રશંસા કરતાં કરતાં મહારાજે જમવામાં ખૂબ સમય લીધો. ધડાકા પણ થયે જ જતા હતા. મહારાજ જમી રહ્યા એટલે મીણબાઈએ મહારાજને કહ્યું : "ચાલો, સંતાડી દઉં."

તે સાંભળી મહારાજે પૂછ્યું : "મીણબાઈ ! આ બળિયો ગામ ભાંગવા ધડાકા કરે છે તે દેખાય ખરું ?"

મીણબાઈએ કહ્યું : "મહારાજ ! અહીં આપણે નવો કોઠો બાંધ્યો છે ત્યાંથી દેખાય. પણ એમ સંભળાય છે કે જામનગરથી મેરુ ખવાસ[૮૭] પાળ

---

૮૭. જામનગરના જામ લાખાજી હળવદના રાયસિંહજીની કુંવરી દીપાબા સાથે પરણ્યા હતા. દીપાબાની સાથે નાનજી, ભવાન તથા મેરુ ત્રણેય ભાઈઓ જામનગર આવ્યા હતા. મેરુ ખવાસ બુદ્ધિશાળી હતો તેથી ધીરે ધીરે જામનગરના દીવાનપદની પદવીએ તે પહોંચી ગયો હતો. જામનગરનું રાજ્ય વધારવા તે આજુબાજુનાં નાનાં નાનાં રજવાડાંને આ રીતે રંજાડતો. — લેખક

લઈને આવ્યો છે એટલે દરબારો ને કાઠી ભાયાતો નદીને કાંઠે ગયા છે."

"અમે પણ કોઠે જઈએ." એમ કહી મહારાજ પાર્ષદો જમી રહ્યા એટલે તેમને લઈને કોઠે પધાર્યા.

અહીં તો રીડિયા અને પડકારા થતા હતા. કાઠી ભાયાતો ભેગા થયા હતા. સામે જામબાપુનું લશ્કર હતું. મહારાજે દેહાખાચરના ભાઈ ઉન્નડખાચરને કહ્યું : "તમે સૌ એકીસાથે બંદૂકોના અવાજ કરો." મહારાજની આજ્ઞા પ્રમાણે સૌ કાઠીઓએ જામગરી ભરીને એક સાથે બંદૂકો ફોડી. તે અવાજ સાંભળીને જામ સાહેબના લશ્કરને લાગ્યું કે આવડો મોટો ધડાકો થયો તે જરૂર તેમની પાસે તોપું હશે. મહારાજે પણ તેમને હજારો માણસો દેખાડ્યા. આ જોઈને જ હથિયાર ત્યાં જ મૂકીને[૮૮] જામબાપુના લશ્કરના માણસો ત્યાંથી ભાગવા માંડ્યા.

મહારાજ આ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "અમે મીણબાઈને કહ્યું હતું કે અમે બેઠા છીએ અને કોણ ગામ ભાંગે ?"

તે સાંભળી એક કાઠીએ કહ્યું : "મહારાજ ! તમે તો કહેતા હતા કે મને બીક લાગે છે, મને સંતાડો."

મહારાજે તેના તરફ જોયું અને બોલ્યા : "હા, એ વખતે બીક લાગતી હતી પણ અહીં આવ્યા અને આપણું માણસ જોયું એટલે બીક મટી ગઈ."

આ સાંભળી સૌ હસવા લાગ્યા. પછી ત્યાંથી સૌ દરબારમાં આવ્યા.

કાળુ મકવાણાના ઝૂંપડામાં

બીજે દિવસે કાળુ મકવાણા મહારાજ પાસે આવ્યા. મહારાજને તેણે પ્રાર્થના કરી : "દયાનિધિ ! આપ તો રાજાધિરાજ છો, અમે ગરીબ છીએ તેથી આપ મારા ઝૂંપડામાં પધારો એવું મારાથી કેમ કહેવાય ?"

શ્રીહરિ તેનું વાણીચાતુર્ય જોઈ રાજી થયા. તેમણે કહ્યું : "કાળુ ! ગયે વખતે તો તારે ત્યાં અમે આવ્યા હતા. લોઢાનું સોનું કરી દીધું હતું ને ?"

આ સાંભળી દેહાખાચર વિસ્મય પામ્યા. તેમણે પૂછ્યું : "એલા કાળા ! મહારાજ પાસે લોઢાનું સોનું કરાવ્યું ? બીજું કાંઈ ન સૂઝ્યું ?"

મકવાણાએ બે હાથ જોડી કહ્યું : "બાપુ ! મેં મહારાજને પાછું કહ્યું કે હવે સોનાનું લોઢું કરી દ્યો. કોશ ને કોદાળી સોનાની જોઈ સોની ગાંડો થઈ

---

૮૮. જે જગ્યાએ તેમણે હથિયાર મૂકી દીધાં હતાં તે જગ્યાને 'મેલાણ' કહે છે. કોઠાની આથમણી દિશાએ તે જગ્યા હજુ 'મેલાણ'ની વાડી તરીકે ઓળખાય છે.

ગયો. એટલે મને થયું કે હું ઘરમાં રાખીશ તો મારી ભૂંડી દશા થશે.'' દેહાખાચર આ સાંભળી હસ્યા.

મહારાજ જમી રહ્યા પછી કાળુ મકવાણાના ઘરમાં ગોખલો હતો તે જોવા ગયા. ત્યાં ઘણાં બધાં નારિયેળ અને લાકડાંનાં ફળાં જોઈ મહારાજે તેને પૂછ્યું : ''મકવાણા ! આ બધું શું છે ?''

તેણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! એ તો બધા મારા પૂર્વજો છે.''

''આ મોટી આંખો ચોડી છે તે કોણ છે ?'' મહારાજે ફરી પૂછ્યું.

ત્યારે તેણે કહ્યું : ''એ અમારો મોટો પૂર્વજ છે.''

મહારાજ તેની ભોળી વાણી સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''આજે સાંજે નાહવા જઈએ ત્યારે આ તારા પૂર્વજોને ગાંસડીમાં બાંધી લેજે. આજે તેનો મોક્ષ કરીશું.''

''ભલે મહારાજ !'' એમ કહી મકવાણો મહારાજના ચરણ ચાંપવા લાગ્યો.

એટલામાં જીવા ધાધલ ત્યાં આવ્યા. મહારાજને નમસ્કાર કરી સન્મુખ બેઠા. કેડે વાંસળી ખોસી હતી. મહારાજે પૂછ્યું : ''ધાધલ ! આ કેડે શું ખોસ્યું છે ?''

તેણે તરત જ કેડ ઉપર હાથ દઈ જોયું : ''મહારાજ ! એ તો વાંસળી છે. અમારે તો કેડે જમૈયો જ હોય પણ આપ મળ્યા ત્યારથી એ શસ્ત્રો છોડી દીધાં છે.''

''વાંસળી વગાડતાં આવડે છે ?'' મહારાજે પૂછ્યું.

''આવડે તો છે પણ તમારા જેવી નહિ.'' ધાધલે હસતાં હસતાં કહ્યું.

''અમને વાંસળી વગાડતાં નથી આવડતી.'' મહારાજે કહ્યું.

''કૃષ્ણાવતારમાં વગાડી હતી અને ગોપીઓને ગાંડી કરી હતી તે કાંઈ અમારું અજાણ્યું નથી.'' જીવા ધાધલે કહ્યું.

મનુષ્યસ્વરૂપે ભગવાન પ્રગટ થયા હોય ત્યારે તેમને ઓળખવા કઠણ છે. શ્રીકૃષ્ણને ગોપીઓએ ઓળખ્યા. આજ કાઠીઓનાં ભાગ્ય ઊઘડી ગયાં હતાં. મહારાજ ઠેઠ ઉત્તરમાંથી પશ્ચિમમાં તેમને માટે જ પધાર્યા હતા.

મહારાજે જીવા ધાધલને કહ્યું : ''વાંસળી કેડે ખોસી છે તો વગાડો. જેમ જમૈયો વાપરવામાં પાવરધા છો, તેમ આ વાંસળી વગાડવામાં પણ પાવરધા હશો.''

ધાધલે વાંસળી કાઢી અને મહારાજને નમસ્કાર કરી સૂર છેડ્યો. જેમ જમૈયાની ધાર હૈયા સોંસરી ઊતરી જાય, તેમ જીવા ધાધલની વાંસળીના સૂરે પણ એવી અસર કરવા માંડી. બપોર હતું પણ મેઘલી જામી હતી એટલે વાતાવરણમાં ટાઢક હતી. મોરલાના ગેહકારથી વાદળ ગગડતાં હતાં. જીવા ધાધલની મોરલીના

સૂરો સાંભળવા મેઘ પણ નીચે આવ્યો. મહારાજ મણિધર ડોલે તેમ ડોલવા લાગ્યા. મહારાજને ડોલતા જોઈ ધાધલે પણ સૂરોનો પ્રવાહ માદક બનાવ્યો. મહારાજ એકદમ બોલી ઊઠ્યા : "વાહ ધાધલ વાહ, તમે તો વાંસળીમાં મલ્હાર ભરી દીધો. તમે માગો. આજે તમે જે માગો તે અમારે તમને આપવું."

ધાધલે તક ઝડપી લીધી. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! આ બીજી વાંસળી નવી બનાવીને જ લાવ્યો છું. કૃષ્ણ વાંસળી વગાડતા અને ગોપીઓને ઘેલી કરતા તે આજે જોવું છે. આજે તો તમારી વાંસળીના સૂરે કાન-ગોપીના રાસ જોવા છે."

મહારાજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "સાંજે વાત. કાળુભાર નદીએ નાહવા જઈએ ત્યારે તમારો મનોરથ પૂરો કરીશું."

મહારાજ મકવાણાના પૂર્વજોનો મોક્ષ કરે છે

આ વાત ગામમાં પ્રસરી ગઈ. દેહાખાચર, તેમના પુત્રો, કાઠી ભાયાતો, સંતો, હરિભક્તો સૌ સાંજે મહારાજ સાથે કાળુભાર નદીએ ગયા. અહીં આવી મહારાજ પ્રથમ દિશાએ ગયા. પછી નદીમાં સ્નાન કર્યું. સૌ સંતો, હરિભક્તોએ પણ સાથે જળક્રીડા કરી. પછી મહારાજે કાળા મકવાણાને બોલાવ્યો. તેને કહ્યું : "તમારી ગાંસડી છોડો." મકવાણાએ ગાંસડી છોડી એટલે મહારાજે કહ્યું : "હવે ફક્ત એક વસ્ત્ર પહેરી નદીમાં જઈ ઊભે વહેણે લીટો કરો અને પછી એક એક નારિયેળ ને ફળું હાથમાં લઈ ડૂબકી મારીને જ્યાં લીટો કર્યો હોય તે જગ્યાએ વહેણમાં પધરાવી દ્યો."

મહારાજની સૂચના પ્રમાણે કાળા મકવાણાએ પોતાના પૂર્વજોનાં પ્રતીકોને જળમાં પધરાવ્યાં. એક પછી એક પૂર્વજો જળમાંથી ઊંચે દેખાયા અને મકવાણાને કહ્યું : "ધન્ય છે તને. તું અમારા કુળમાં ભગત પાક્યો ને અમને તાર્યા." એ પ્રમાણે કહી સર્વે ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી વિમાનમાં બેસી આકાશમાં અદૃશ્ય થઈ ગયા !

સૌએ આ આશ્ચર્ય જોયું. મનુષ્યને આલોકની, પોતાના સંબંધીઓની, સગાંઓની વાસના કેટલી તીવ્ર હોય છે કે દેહ મૂકીને પણ એ જ ઘરમાં વાસ કરીને રહે છે. સાત્ત્વિક હોય તો પૂજાય છે, તામસી હોય તો સગાં-સંબંધીઓને ક્લેશમાં મૂકે છે. મહારાજ કરુણામય હતા, પોતાના ભક્તના સંબંધે તેના સંબંધીઓનો પણ મોક્ષ કરતા. મહારાજ કહેતા કે પોતે પુરુષોત્તમ અવતારી

પ્રગટ થયા છે તેથી કરોડ કરોડ મનવારું ભરાય એટલા જીવોનું કલ્યાણ કરવું છે ને ગારાથી માંડીને રતન જેવા જીવોનો તેમાં સમાવેશ કરી દેવો છે.

જીવા ધાધલ દૂર બેઠા બેઠા મહારાજની આ લીલા જોઈ રહ્યા હતા. તેમને તો વાંસળીની લીલા જોવી હતી. તે મહારાજ પાસે આવ્યા. મહારાજ તેમને જોઈને બોલ્યા : "ધાધલ ! તમારા વચન પ્રમાણે અમે આંહીં આવ્યા. આ વાંસાવડીધાર, આ કાળુભાર નદી બધું જ છે. પણ ઝીણી બુંદે વરસાદ પડે છે એટલે આ અંગે ધારેલાં વસ્ત્રો સૌનાં ભીનાં થશે. માટે કોઈ બીજા અવસરે વાત."

ધાધલ આ સાંભળી બોલ્યા : "મહારાજ ! અમારે અહીં કાઠિયાવાડમાં એવા રિવાજ કે સૌ ઊનના જાડા ધાબળા ખભે રાખે. સૌની પાસે ધાબળા છે તે ઓઢશે એટલે તેમનાં વસ્ત્રો પલળશે નહિ. આપને માટે પણ હું ખાસ નવો ધાબળો લઈ આવ્યો છું તે આપ ઓઢો. પણ આજે તો એ લીલાનાં દર્શન કરવાં જ છે." એમ કહી મહારાજને કાળી ઊનનો ધાબળો ધાધલે ઓઢાડ્યો. સૌ કાઠીઓએ પણ ધાબળા ઓઢ્યા.

ધૂર્જટિનું ધ્યાન છૂટી જાય છે

ધાબળો ઓઢેલા સૌ ભક્તો ગોપ-બાળકો જેવા દેખાતા હતા. મહારાજ ધાર ઉપર આવ્યા. એટલામાં વાદળ ઊતરી ગયું અને પૂનમનો ચંદ્ર પૂર્ણ કળામાં પ્રકાશ્યો. મહારાજે ધાર ઉપર બેસીને ઘણી વાતો કરી. વાતમાં ને વાતમાં દોઢ પહોર રાત ચાલી ગઈ. એટલે જીવા ધાધલ અધીરા બની ગયા. તેણે મહારાજ પાસે આવીને નવી વાંસળી મહારાજને આપી. મહારાજે તે હાથમાં લીધી, ઊભા થયા અને પગની આંટી વાળીને ત્રિભંગ કર્યો. ત્યારે તો જાણે દેવતાઓ પણ દર્શન કરવા આવ્યા હોય એવો પ્રકાશ ત્યાં છવાઈ ગયો !

મહારાજે વાંસળી અધર ઉપર ધારણ કરી અને પ્રથમ સૂરમાં જ સામવેદીય ઉદ્‌ગાતા ત્યાં પ્રગટ થઈ ગયા હોય તેવું નાદબ્રહ્મનું અતિરસમય વાતાવરણ છવાઈ ગયું. સામવેદના ઉદ્‌ગાતા તેમના ગાનથી દેવોનું આહ્‌વાન કરતા ને દેવો આજે શ્રીહરિની વાંસળીના સૂર સાંભળી તે મધુર ગાનનું પાન કરવા અંતરીક્ષમાં હાજર થઈ ગયા. મહારાજે વાંસળીના સૂરો છેડ્યા, તેમને ઘૂંટ્યા ત્યાં તો ધૂર્જટિનું ધ્યાન છૂટી ગયું. કાળુભાર નદીનાં નીર સ્થંભી ગયાં. માછલાંને સમાધિ થઈ ગઈ ! ચંદ્ર પણ આ મધુર સ્વરનું પાન કરતો આકાશમાં સ્થિર થઈ ગયો. દિગ્પાલો ડોલવા લાગ્યા. ભરવાડોના નેસમાંથી ગાયો ખીલા

છોડાવી ભાંભરતી ભાંભરતી પૂંછડાં ઊંચાં કરી દોડતી અહીં આવી ગઈ. શ્રીહરિને વીંટળાઈને તેમના તરફ ઊંચાં મોં કરી જોવા લાગી.

શ્રીહરિ સન્મુખ બેઠેલા સખાઓની વૃત્તિઓ આ દિવ્ય સૂર સાંભળીને આનંદમાં શ્રીહરિના સ્વરૂપમાં તન્મય બની ગઈ, તેમની ચિત્તવૃત્તિ શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ. સૌ સમાધિસ્થ થઈ ગયા. આ સ્થિતિમાં તેમને વૃંદાવનમાં મહારાજનાં દર્શન થયાં. કાલિન્દી નદીને તીરે શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રાસરમણ કર્યું, છ માસની રાત્રિ કરી ગોપીઓને અપાર સુખ આપ્યું, તેમ મહારાજે પણ આજે તેમના સખાઓને સમાધિમાં જાણે અનંત વર્ષ સુધી આ દિવ્ય સુખ પોતે ભોગવ્યું હોય તેવો અનુભવ કરાવ્યો ![૮૯]

સમાધિમાંથી જ્યારે સૌ જાગ્યા, ત્યારે મહારાજનાં કૃષ્ણસ્વરૂપે જે દર્શન સમાધિમાં થયાં હતાં તે જ દર્શન પ્રત્યક્ષ સ્વરૂપમાં પણ થયાં. આજુબાજુ પુષ્પો વેરાયેલાં હતાં; અબીર, ગુલાલ અને કંકુનો પણ છંટકાવ થયો હતો. તે જોઈ દેવતાઓએ પણ મહારાજનું પૂજન કર્યું હતું તેની પ્રતીતિ સૌને થઈ. બ્રહ્માનંદ સ્વામીના મુખમાંથી આ પ્રસંગે શબ્દો સરી પડ્યા :

"વાલે વજાડી છે વાંસળી, માવે વજાડી મોરલી રે કાલિન્દીને તીર."

શ્રીહરિ ત્યાંથી નીકળી સીધા કાળા મકવાણાને ઘેર પધાર્યા. રાત ઘણી ગઈ હતી. મકવાણાની સ્ત્રી વીજલબાઈએ શ્રીહરિ માટે ઢોલિયો ઢાળી તૈયાર રાખ્યો હતો. મહારાજ તે ઢોલિયા ઉપર પોઢ્યા. સાથેના સંતો, હરિભક્તો સૌ પોતપોતાને ઉતારે ગયા.

સવારે શ્રીહરિ સ્નાન તથા નિત્યવિધિથી પરવાર્યા ત્યારે વીજલે મકાઈના કૂણા ડોડા શેક્યા. તેના દાણા કાઢી તેના ઉપર મસાલો ચડાવી મહારાજ પાસે લાવી. મહારાજ તેનો ભાવ જોઈ તેમાંથી થોડા દાણા જમ્યા. એટલામાં દેહાખાચર આવ્યા એટલે મહારાજે તેમને પ્રસાદી આપી.

મહારાજ ત્યાંથી નીકળી દેહાખાચરના દરબારમાં જતા હતા. રસ્તામાં

---

૮૯. એવું પણ કહેવાય છે કે પંચપીરની પાટ પાછળ વડ ઊભા છે ત્યાં વડ નીચે મહારાજે વાંસળી વગાડી કાળુભાર નદીનું નીર સ્થંભાવી દીધું હતું. રાસ-લીલા મહાકાળી માતાના મંદિર પાસે જ બતાવી હતી. આ મંદિર કાળુભારને કાંઠે આજે હયાત છે. લોકવાણી કહે છે કે ફક્ત કાળા મકવાણાને જ સમાધિ થઈ હતી. જ્યારે શ્રીહરિલીલામૃત, કળશ ૬, વિશ્રામ ૨૦માં ઉલ્લેખ છે કે સમગ્ર ભક્તોને સમાધિ થઈ હતી.

ગામનો ચોરો આવ્યો. ત્યાં કથા ચાલતી હતી. મહારાજને જોઈ ચોરામાં બેઠેલા કાઠીઓએ મહારાજને નમસ્કાર કર્યા. પછી કહ્યું : ''મહારાજ ! અહીં પધારો.''

મહારાજ તેમના આમંત્રણને માન આપી ચોરા ઉપર ગયા. સાથે દેહાખાચર તથા અન્ય ભક્તો પણ ગયા. મહારાજે કથાકાર બ્રાહ્મણને કહ્યું : ''શેની કથા ચાલે છે ?''

તેણે કહ્યું : ''ભક્તમાળની.''

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે હસતાં હસતાં પૂછ્યું : ''ભક્તમાળ સિવાય બીજા કેટલા માળ છે ?''

કથાકાર મૂંઝાયો. તેણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! બીજા માળની મને ખબર નથી.''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''કથા કરવા માટે તો ફક્ત ભક્તમાળ જ ! પણ બીજા માળ પણ જાણવા : રુદ્રમાળ, રેંટમાળ, ઘંટમાળ, ઘૂઘરમાળ, તોરણમાળ, દીપમાળ, ફૂલમાળ, વરમાળ, કંઠમાળ વગેરે !''

આ સાંભળી કથાકારે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આવડું જ્ઞાન અમને ન હોય. અમે તો પેટ સારુ ભાગવત, રામાયણ, મહાભારત અને આ ભક્તમાળની કથા કરીએ.''

મહારાજ તેની નિખાલસતા જોઈ રાજી થયા. મહારાજે તેને કહ્યું : ''હવે બધું જ્ઞાન થશે. પેટ પણ પુરાશે અને મોક્ષ પણ થશે.''

મીણબાઈમાની ભક્તિ

પછી મહારાજ દરબારમાં પધાર્યા. વરસાદ ધીરો ધીરો વરસતો હતો. મહારાજ દરબારમાંથી મીણબાઈમાને ઓરડે પધાર્યા ત્યારે તો વરસાદ અનરાધાર વરસવા લાગ્યો. મહારાજનાં બધાં કપડાં ભીંજાઈ ગયાં. મહારાજનાં ભીંજાયેલાં કપડાં જોઈ મીણબાઈ વિચાર કરવા માંડ્યાં કે મહારાજને પહેરવા શું આપવું ? એટલામાં તો મૂળજી બ્રહ્મચારી દોડતાં દોડતાં આવ્યા. ઓસરીમાં આવીને જોયું તો મહારાજ ભીને કપડે જ ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. ત્યાં આવીને તરત જ કહ્યું : ''ઊઠો, ઊઠો. આવાં ભીનાં કપડાં પહેરી રખાય ?''

મહારાજે કહ્યું : ''અહીં તો આ મીણબાઈના કાળા સાડલા અને ચણિયા છે તે પહેરું ?''

બ્રહ્મચારી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''ગઢડામાં તો પહેર્યાં હતાં

એટલે પહેરો તો વાંધો નથી. પણ હું તમારા સારુ કોરાં વસ્ત્રો લાવ્યો છું.'' એમ કહી મહારાજનાં કોરાં વસ્ત્રો માટલીમાં ગોઠવીને લાવ્યા હતા તે કાઢ્યાં. મહારાજ ઊઠ્યા. બ્રહ્મચારીની ભક્તિ જોઈ મહારાજ પ્રસન્ન થયા. ભીનાં વસ્ત્રો કાઢ્યાં અને કોરાં પહેર્યાં. બ્રહ્મચારી ભીનાં વસ્ત્રો લઈને ચાલવા માંડ્યા ત્યારે મીણબાઈમાએ કહ્યું : ''બ્રહ્મચારી ! ક્યાં જાઓ છો ? આટલો વરસાદ પડે છે ને ?'' બ્રહ્મચારી દોડતાં દોડતાં બોલ્યા : ''આ કપડાં નદીએ ધોવા જાઉં છું.'' મીણબાઈમા બ્રહ્મચારીની મહારાજ પ્રત્યેની ભક્તિ જોઈ સ્તબ્ધ બની ગયાં !

મહારાજે થોડી વારે માને કહ્યું : ''મીણબાઈ ! ભૂખ બહુ લાગી છે.''

આ સાંભળી મીણબાઈ મૂંઝાણાં. તેમણે કહ્યું : ''મહારાજ ! ઘરમાં ચૂલામાં પાણી ભરાયું છે અને બહાર લાકડાં બધાં પલળી ગયાં છે.''

મહારાજે આ સાંભળ્યું છતાં કહ્યું : ''પણ ભૂખ બહુ લાગી છે.''

મીણબાઈ તરત જ ઊઠ્યાં. પાણિયારેથી ગોળો લઈને ખાલી કર્યો. થોડો ભાંગી તેને સૂકવવા તેમાં રાખ નાખી. પછી છાણાં, કરગઠિયાં વગેરે જે કાંઈ સૂકું હતું તે તેમાં નાખી તેમાં ચકમકથી દેવતા સળગાવ્યો. થોડી વારમાં તો ખરેખરો અગ્નિ લાગી ગયો. ગોળાના મોઢા ઉપર તાવડી મૂકીને મીણબાઈએ રોટલા ઘડવા માંડ્યા. થોડી વારમાં ત્રણ-ચાર રોટલા તૈયાર થઈ ગયા. માખણ તાજું હતું તે રોટલા ઉપર મૂક્યું, ગોળ મૂક્યો અને મહારાજને બોલાવ્યા : ''મહારાજ ! પધારો.''

એટલી વારમાં બધું તૈયાર થઈ ગયેલું જોઈ મહારાજ નવાઈ પામ્યા. તેમણે પૂછ્યું : ''મીણબાઈ ! હજુ વરસાદ તો એવો ને એવો જ વરસે છે અને તમે ક્યાંથી બધું તૈયાર કરી દીધું ?''

તેમણે કહ્યું : ''એ તો આપની દયાથી બુદ્ધિ સૂઝી અને બધું તૈયાર થઈ ગયું.''

મહારાજ જમવા બિરાજ્યા. એટલામાં વળી બ્રહ્મચારી દોડતા આવ્યા. માથે માટલી હતી. મહારાજ તેમને જોઈને હસ્યા. મહારાજે પૂછ્યું : ''બ્રહ્મચારી ! કેમ પાછા આવ્યા ?''

''મહારાજ ! સુખડી લાવ્યો છું. આપ ભૂખ્યા થયા હશો તેમ જાણી એક ભક્તે સુખડી આપી હતી તે ઝોળીમાં બાંધી હતી તે લઈ આવ્યો છું !'' ભીને લૂગડે બ્રહ્મચારીએ મહારાજ પાસે માટલી મૂકી અને પોતાની રોજની રીત પ્રમાણે હાથ વડે માખીઓ ઉડાડતા જાય અને મહારાજને સુખડી પીરસતા જાય.

મહારાજે તેમને કહ્યું : ''આ ભીનાં લૂગડાં ઉતારવાં નથી ?''

"તમે વધારે લૂગડાં રાખવા જ ક્યાં દીધાં છે, તે કોરાં લૂગડાં પહેરું ? મારે તો એમ ને એમ નભ્યે જાય છે." એટલું કહ્યું ત્યાં મહારાજ જમી રહ્યા. બ્રહ્મચારી તરત જ ત્યાંથી ઉતારે ઊપડી ગયા.

બીજે દિવસે મહારાજ કરિયાણાથી નીકળી ગયા. ત્યાંથી વાંકિયા, ધોરાજી, ખંભાળા, જમનાવડ અને અગત્રાઈ થઈને કાલવાણી પધાર્યા. અહીં આ.સં. ૧૮૬૪ના જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે કર્યો. પછી બીજે દિવસે જે જે સંતો ત્યાં આવ્યા હતા અને પોતાની સાથે જે હતા તે તમામનાં પાંચ-પાંચનાં મંડળો કર્યાં અને તેમને સૌને ગામોગામ સત્સંગ કરાવવા માટે મોકલી દીધા.

આ તો માણસ જેવા છે

શ્રીહરિ કાલવાણીથી નીકળી પીપલાણા, થાનિયાણા, ગણોદ આવ્યા. મહારાજ ભાદર નદીને કાંઠે બાગમાં ઊતર્યા છે તે વાત ભાયાવદરના દેવકૃષ્ણ જોષી તથા પીતાંબર જોષીને કોઈકે કહી તેથી તેઓ તેમનાં દર્શન કરવા ગયા. તે વખતે મહારાજ સભા ભરીને બિરાજ્યા હતા. મહારાજને જોઈ તેમને બંનેને થયું કે "આ તો માણસ જેવા છે ને તેને લોકો ભગવાન કહે છે."

તેમનો સંકલ્પ જાણી મહારાજે તેમને બોલાવ્યા : "આવો દેવકૃષ્ણ, આવો પીતાંબર ! તમે અહીં આવ્યા છો પણ તમારી ઘોડી તો ભાયાવદરને રસ્તે પડી છે. માટે ઉતાવળા જાઓ."

પોતાનું નામ, બંનેની ઘોડીઓ, ગામ અને ઘોડી સંબંધી વાત મહારાજે અંતર્યામીપણે કહી તેથી તેમણે મહારાજને ભગવાન જાણ્યા. પછી હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારે ગામ ભાયાવદર પધારશો ?"

મહારાજે કહ્યું : "જરૂર આવશું."

દેવકૃષ્ણ અને પીતાંબર પછી ત્યાંથી ચાલી નીકળ્યા.

મહારાજ જાળિયા પધાર્યા. અહીંના હીરાભાઈને મહારાજ ઉપર અસાધારણ પ્રેમ હતો. મહારાજને જાળિયા રોકાવાની ઇચ્છા તો ન હતી. પરંતુ હીરાભાઈ તથા સાંગો બાબરિયો, નગો બાબરિયો તથા કાંથડ બાબરિયો આ બધાના આગ્રહથી જાળિયા રોકાયા. મહારાજ સાથે ફક્ત બ્રહ્મચારી હતા. મહારાજ હીરાભાઈને ઘેર રહ્યા. મહારાજે હીરાભાઈને કહ્યું : "હીરાભાઈ ! અમારે કચ્છમાં જવાની ઉતાવળ છે. માટે ઝાઝી રોકાવાની તાણ કરશો મા."

હીરાભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! હું તો તાણ નહિ કરું પણ

આ બાબરિયા તમને છોડશે નહિ."

મહારાજે કહ્યું : "ભલે, બાબરિયાઓને અમે સમજાવી લઈશું."

ભાગવતનું જ્ઞાન કામમાં ન આવ્યું

મહારાજ માટે બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. પછી મહારાજ જમવા પધાર્યા, ત્યાં રાઘવાનંદ આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગી મહારાજ સન્મુખ બેઠા. મહારાજે તેમના તરફ દૃષ્ટિ ન કરી અને જમવા લાગ્યા. બ્રહ્મચારી મહારાજને પીરસતા જાય અને મહારાજ ધીરે ધીરે જમતા જાય. જમી રહ્યા પછી બ્રહ્મચારીએ ચળુ કરાવ્યું અને પાણીની કટોરી આપી. મહારાજે પાણી પીને બ્રહ્મચારીને કહ્યું : "આ થાળ હીરાભાઈને આપજો." એમ કહી સ્વામી સામું જોયું. તેમને પૂછ્યું : "તમને મંડળમાં ફરવા મોકલ્યા હતા અને અહીં કેમ આવ્યા ?"

તેમણે કહ્યું : "મને ફાવ્યું નહિ એટલે આપની સેવામાં રહેવા આવ્યો છું."

"આ તાડપત્રમા લખેલું ભાગવત સાથે ફેરવો છો અને વાચો છો ત્યારે આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે. તો તેમાંથી ગોપીઓની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ – શ્રીકૃષ્ણની મરજી પ્રમાણે જ વર્તવાની – સમજ્યા નથી ?" મહારાજે ઠપકો આપતા કહ્યું.

"એ તો વાંચીએ કે સાંભળીએ ત્યારે એવો ભાવ થઈ જાય પણ કાયમ એવું રહેતું નથી." તેમણે તરત જ કહ્યું.

આ સાંભળી મહારાજે તેમના સાથળ ઉપર સહેજ ચીંટિયો ભર્યો અને કહ્યું : "વાંચો કે સાંભળો ત્યારે એવો ભાવ થઈ આવે છે પણ તે કાયમ રહે એવું શીખવું નથી ? એવું નહિ શીખો તો વાતે વાતે ધોખો થશે."

તેઓ તો કાંઈ બોલ્યા નહિ પરંતુ તેમના મોં ઉપરના ભાવ પરથી એમ લાગ્યું કે તેમને આ શિખામણના શબ્દો ગમ્યા નથી. તેઓ ત્યાંથી તરત જ પોતાની ઝોળી લઈને ચાલી નીકળ્યા. મૂળજી બ્રહ્મચારી તેમને પાછા બોલાવવા માટે ઊઠવા જતા હતા. તેમને મહારાજે બેસારી દીધા અને કહ્યું : "જેને ખપ નથી તેને પરાણે રાખવાનો કોઈ અર્થ નથી. ભલે જાય."

મહારાજ જમ્યા પછી થોડી વાર પોઢી ગયા. પછી ઊઠીને મોં ધોઈ મહારાજે કહ્યું : "ચાલો નદીએ નાહવા જઈએ. પછી ત્યાં જ સભા કરીશું."

આ સાંભળી સૌ તૈયાર થઈ ગયા. સભા માટે ઢોલિયો, ગાદલું, તકિયો વગેરે ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા પણ કરી દીધી.

મહારાજ દિશાએ જઈ આવ્યા. હાથ ધોઈ નદીમાં સ્નાન કર્યું. પછી કોરાં વસ્ત્રો પહેરી વડ અને પીપરનાં વૃક્ષ હતાં તેની નીચે સભામાં પધાર્યા. અહીં ઢોલિયો બિછાવી દીધો હતો. મહારાજ આ ઠાઠ જોઈ બોલ્યા : "આ ઢોલિયો કોણ લઈ આવ્યું ?"

હીરાભાઈએ કહ્યું : "મહારાજ ! એ તો આ બાબરિયાઓનું કામ."

એટલે મહારાજે કહ્યું : "આવો ઠઠારો અહીં ન કરવો. ઝાડ નીચે વસ્ત્ર પાથરી બેસી જવાય. આ ઢોલિયા-પલંગનું અહીં કામ નહિ !"

હીરાભાઈ વિચારવા લાગ્યા કે આજે કીડી ને કુંજરનો મેળાપ થઈ ગયો છે... ક્યાં જીવ અને ક્યાં અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ! બંનેનો મેળ ક્યાંથી થાય ? પણ ભગવાન આજે જીવો માટે સોંઘા થયા છે. પોતાની મોટપને દબાવી આજે સખાભાવે વર્તી રહ્યા છે. જીવોને ભક્તિ કરવાનું સુગમ કરી દીધું છે. પોતે મહારાજની સન્મુખ બેઠા હતા. તેમની બાજુમાં ભવાનભાઈ તથા નાનાભાઈ બેઠા હતા. નગો બાબરિયો, કાંથડ બાબરિયો તથા અન્ય હરિભક્તો પણ બેઠા હતા.

હીરાભાઈને દિવ્ય દર્શન

હીરાભાઈને લાગ્યું કે કાલે તો મહારાજ નીકળી જશે એટલે આજે પૂજા કરી લઈએ. એટલે તે પૂજા કરવા ઊઠ્યા. ઘેરથી જ બધી તૈયારી કરીને આવ્યા હતા. તેથી મહારાજની પૂજા તેમણે ચંદનની અર્ચા કરીને કરી. પુષ્પના હાર પહેરાવ્યા. તે પછી બીજા હરિભક્તો પણ ઊઠ્યા. એક પછી એક એમ સૌએ પૂજા કરી. હીરાભાઈ મહારાજની મૂર્તિ સામે હાથ જોડી જોઈ રહ્યા હતા, એક દૃષ્ટિથી દર્શન કરી રહ્યા હતા. તે વખતે મહારાજની મૂર્તિમાંથી કોટિ કોટિ સૂર્યના પ્રકાશ જેવો શાંત અને શીતળ પ્રકાશ નીકળ્યો. અંતરિક્ષમાં દેવતાઓ વિમાન લઈને આવ્યા. તેમણે પણ ચંદન અને પુષ્પથી મહારાજની પૂજા કરી. સુગંધીમય ચંદનનાં છાંટણાંથી હરિભક્તોનાં વસ્ત્રો ચંદનથી ભરપૂર થઈ ગયાં. તેઓ સૌ ઊંચે જોવા લાગ્યા. પણ ચંદનના વરસાદ સિવાય બીજું કાંઈ તેમને દેખાયું નહિ. ફક્ત એક હીરાભાઈને જ અસંખ્ય દેવતાઓ વિમાનમાં આવ્યા હતા તે દર્શન થયાં. તેમણે ગદ્ગદ કંઠે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આ સુખ અખંડ રહે, આપના સ્વરૂપની નિષ્ઠા અમારા અંતરમાં વધુ ને વધુ દૃઢ થાય તેવી દૃષ્ટિ કરજો."

પછી સૌ હરિભક્તોએ મહારાજની આરતી ઉતારી.

આ દિવ્ય સુખના અનુભવથી સૌના અંતરમાં અપાર શાંતિ વ્યાપી ગઈ. સૌ બેઠા. પછી મહારાજે વાત કરી : "અમારા સ્વરૂપની નિષ્ઠા અંતરમાં દૃઢ થાય, ફક્ત અમારી પ્રસન્નતા સિવાય અંતરમાં બીજી કોઈ કામના ન રહે તો આ દિવ્ય સુખ તમારા અંતરમાં અખંડ અનુભવી શકશો. સત્પુરુષના પ્રસંગથી મેળવેલા જ્ઞાનથી જ સ્વરૂપનિષ્ઠા પાકી થાય. આ સાધુ આજે આવ્યા હતા તે ભાગવત ભણેલા હતા. ભાગવત વાંચતા ત્યારે આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં એવો ભક્તિનો ભાવ દેખાતો. પણ સહેજ ચીંટિયો લીધો, તેમનું ગમતું મરડ્યું તો અહીંથી ચાલ્યા ગયા. પણ ઘરે કોઈ દિવસ કારસો નહિ આવ્યો હોય ? મા-બાપે ચીંટિયો કોઈ દિવસ નહિ લીધો હોય ? ખપ અને જ્ઞાન વિના આ સત્સંગમાં નભી શકાતું નથી. માટે સાધુનો સમાગમ કરીને જ્ઞાન દૃઢ કરવું તો જ આ સુખનો અખંડ અનુભવ કરી શકશો." એટલું કહીને હીરાભાઈને કહ્યું : "તમે કોઈ પ્રશ્ન પૂછો તો વાત કરીએ."

પુરુષોત્તમનારાયણ અવતારોનું ઐશ્વર્ય દબાવી રાખે છે

હીરાભાઈએ તરત પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તેમની સાથે અનંત અવતારો પણ આવે છે. પરંતુ પુરુષોત્તમનારાયણ તે તે અવતારોના ઐશ્વર્ય દબાવી રાખે છે. છતાં તેમનામાં કાંઈ ઐશ્વર્ય રહેતું હશે કે નહિ ?"

પ્રશ્ન સાંભળી મહારાજ પ્રસન્ન થયા. કારણ તેમાં અવતાર તથા અવતારીનાં લક્ષણો ઓળખવાની જિજ્ઞાસા હતી. મહારાજે પ્રશ્નનો ઉત્તર કરતાં કહ્યું : "આ બ્રહ્માંડમાં પુરુષોત્તમનારાયણની આજ્ઞાએ કરીને અવતાર પ્રગટ થાય છે ત્યારે તે અવતારને પાંચ લક્ષણે કરીને ઓળખવા. એક તો તેમના બંને ચરણમાં સોળ ચિહ્નો હોય, બીજું તેઓ સત્ય સંકલ્પ હોય, ત્રીજું તેમાં અંતર્યામીપણું હોય, ચોથું શુભ-અશુભ કર્મે કરીને તે બંધાય નહિ અને પાંચમું તેમને પૂર્વાપરની સ્મૃતિ હોય. પરંતુ જ્યારે તેઓ પુરુષોત્તમનારાયણની સાથે આવ્યા હોય, ત્યારે તેમનામાં ફક્ત ત્રણ જ લક્ષણો દેખાય : અંતર્યામીપણું, સંકલ્પની સિદ્ધિ અને પૂર્વાપરની સ્મૃતિ !"

આ સાંભળી હીરાભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! પુરુષોત્તમ-નારાયણ ભેળા મુક્તો આવ્યા હોય તેમને કયા લક્ષણે કરીને ઓળખવા ?"

મુક્તોનાં લક્ષણો

જાડી બુદ્ધિવાળા આ હરિભક્તોમાં આવા સૂક્ષ્મ પ્રશ્નોની સૂઝ દેખાય તે કેવળ મહારાજની પ્રેરણાથી જ બને. મહારાજને પણ અવતાર અને અવતારીનાં લક્ષણો સમજાવતાં હતાં, અવતારી અને મુક્તને ઓળખાવવા હતા. આ સ્પષ્ટ સમજણ હરિભક્તોના અંતરમાં દૃઢ થશે ત્યારે અવતાર અને અવતારી એક નહિ સમજાય. અવતારી અને મુક્તનો ભેદ સમજાશે અને ઉચ્ચ સ્થિતિના મુક્તને કદી અવતારી પરમાત્મા સમજી બેસશે નહિ.

તેમણે મુક્તનાં લક્ષણો સમજાવતાં કહ્યું : ''જે મુક્ત હોય તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને અવતારી એવા પરમાત્માની માહાત્મ્ય સહિત ભક્તિ હોય; ધન અને સ્ત્રીમાં કદી તે બંધાય નહિ; દેહ અને દેહના સંબંધીઓમાં પ્રીતિ ન હોય અને મન, કર્મ, વચને પુરુષોત્તમની આજ્ઞા અનુસારે જ વર્તન હોય. એટલા ગુણ જેમાં હોય તે અક્ષરધામનો મુક્ત કહેવાય.''

મહારાજના ઉત્તરમાં સ્પષ્ટતા હતી, પોતાની અદ્વિતીયતા જીવના અંતરમાં દૃઢ કરાવવાની ભાવના હતી. સૌના અંતરમાં મહારાજના શબ્દો ઊતરી ગયા.

રાત પડી ગઈ હતી. એટલે મહારાજે સૌને ઊઠવાનું કહ્યું. મહારાજ પણ મૂળજી બ્રહ્મચારી ભેગા હીરાભાઈને ઘેર પધાર્યા.

સાંગા બાબરિયાને ઘેર

બીજે દિવસે મહારાજ બાબરિયાને ઘેર પધાર્યા. પીપળા નીચે ખાટલો ઢાળીને પોતે બિરાજ્યા. હીરાભાઈ તથા બીજા હરિભક્તો પણ મહારાજ સાથે આવ્યા હતા. તે બધા આજુબાજુ બેસી ગયા. બાબરિયાનાં પત્ની રતનબાઈ મહારાજ પાસે આવ્યાં. મહારાજને પગે લાગીને કહ્યું : ''મહારાજ ! ઓસરીમાં સાંગામાંચી ઢાળી છે તે ઉપર બેસો.'' એટલે મહારાજ ઊઠીને સાંગામાંચી ઉપર બિરાજ્યા. એટલામાં રતનબાઈ મહારાજ માટે પાણીનો લોટો લઈને ઉતાવળાં આવતાં હતાં ત્યાં લોટો હાથમાંથી પડી ગયો. તેથી મહારાજે તેને કહ્યું : ''રતનબાઈ ! જરા ધીરે ધીરે કામ કરો.''

ત્યારે રતનબાઈએ હસતાં હસતાં કહ્યું : ''શું ધીરે ધીરે કામ કરું ? તમે તો ઊઠીને હમણાં ચાલ્યા જશો. ઉતાવળ તો તમારે છે.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : ''અમે જતા નહિ રહીએ.'' તે

સાંભળી રતનબાઈ રાજી થયાં અને મહારાજ માટે પાણીનો લોટો લઈ આવ્યાં.

મહારાજે અહીં બેસી ઘણી વાતો કરી : "જગત નાશવંત છે, માટે તેમાં ન બંધાતાં અમારી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી અને મૂર્તિના સુખે સુખ માનવું."

પછી મહારાજ ઊઠ્યા ત્યારે રતનબાઈએ કહ્યું : "મહારાજ ! કહેતા હતા ને કે જતા નહિ રહીએ ને કેમ ઊઠ્યા ? માટે હજુ વાતો કરો."

મહારાજ બેઠા. તે વખતે સાંગો બાબરિયો આવ્યો. મહારાજને બેઠેલા જોઈ તે બોલ્યો : "મહારાજ ! આજ મારો દિવસ ઊગ્યો કે તમે મારે ઘેર પધાર્યા. માટે હવે બે દિવસ રહો અને અમને દર્શનનું, સેવાનું અને વાતોનું સુખ આપો."

અમારે ભાદરા જલદી પહોંચવું છે

પરંતુ મહારાજને હવે ઉતાવળ હતી. તેમને ભાદરા પહોંચવું હતું. ભાદરાના મૂળજી ભક્ત તેમને જાણે સાદ કરતા હોય એવી અધીરાઈ તેમના અંતરમાં વ્યાપી ગઈ હતી. એટલે મહારાજે કહ્યું : "સાંગા ! બહુ વાતો કરી. બે દિવસ રહ્યા. હવે ભાદરા જલદી પહોંચવું છે. માટે રજા આપો."

પરંતુ સાંગાના મુખના ભાવ જોઈ મહારાજ ઊભા રહી ગયા. મહારાજે સાંગાને પૂછ્યું : "સાંગા ! તારે કાંઈ જોઈએ છે ?"

તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! તમારા પ્રતાપથી બધું છે પણ દીકરાની ખોટ છે."

મહારાજે રાજી થઈને તેને કહ્યું : "જા, તને બે દીકરા થશે. અમને હવે જવા દે." એમ કહી મહારાજ ઘોડા ઉપર બિરાજ્યા.

ત્યાં રતનબાઈએ ઘોડાની સરક પકડી મહારાજને કહ્યું : "હજુ હમણાં તો કહ્યું હતું કે જતા નહિ રહીએ ને ક્યાં હાલ્યા ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "રતનબાઈ ! તમારા અંતરમાંથી જતા નહિ રહીએ એટલું ઓછું છે ?"

આ સાંભળી રતનબાઈએ આંખો મીંચી દીધી. તેમાંથી અશ્રુધારા પડવા લાગી. અહો, આ તો મોટા મુનિઓને પણ ન મળે તેવું મહારાજે આપી દીધું. તેના હાથમાંથી સરક છૂટી ગઈ. મહારાજે સરક ખેંચી. રતનબાઈએ અશ્રુભીને હાથે મહારાજના ચરણનો સ્પર્શ કરી લીધો ! મહારાજ ઊપડ્યા.

રસ્તામાં ભાયાવદર આવ્યું એટલે મહારાજે ગામનું નામ પૂછ્યું. મહારાજને તરત જ દેવકૃષ્ણ અને પીતાંબર જોષી યાદ આવી ગયા. મહારાજે

તેમની ખબર કઢાવી. તેઓ ઘેર જ હતા. મહારાજ પધાર્યાના સમાચાર સાંભળી ગામમાં ઢોલ પિટાવ્યો. દરબાર ઝુણાભાઈને પણ ખબર આપ્યા. દરબાર મુમુક્ષુ હતા. સૌ વાજતે-ગાજતે સામૈયું લઈને આવ્યા. ઝુણાભાઈના દરબારમાં મહારાજ ઊતર્યા.

અહીં એક દિવસ રહ્યા. બીજે દિવસે દેવકૃષ્ણ જોષીને ત્યાં જમવા પધાર્યા. જમ્યા પછી તેણે તથા તેના દીકરા રામજીએ મહારાજની ચંદન, પુષ્પ વગેરે ઉપચારોથી પૂજા કરી. પછી રામજીએ વર્તમાન ધરાવ્યાં. મહારાજે તેને માથે હાથ મૂક્યો અને કહ્યું : "આ તો મહામુક્ત છે. સસારનો ત્યાગ કરશે અને સત્સંગની સેવા કરશે."[૯૦]

પછી મહારાજ ત્યાંથી નીકળી વડાળ, હરમાણા, માટલિયા થઈને મોડા પધાર્યા. મોડામાં મહારાજે કરમદિયા ઘૂનામાં સ્નાન કર્યું. તે સમયે તેમાં માછલાં હતાં તે બધાં જ મહારાજ પાસે આકર્ષાઈને ખેંચાઈ આવ્યાં. મહારાજે તેમને સમાધિ કરાવી તેથી તે બધાં પાણી ઉપર તરવા લાગ્યાં. સ્નાન કરી મહારાજ કોરાં વસ્ત્ર પહેરી ત્યાંથી અલૈયા થઈ શેખપાટ પધાર્યા. અહીં બ્રહ્મચારીને મૂકીને મહારાજ આ.સં. ૧૮૬૪માં આસો સુદ ત્રીજે બપોરે ભાદરા પધાર્યા.

---

૯૦. મહારાજ ધામમાં ગયા પછી રામજીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેમણે સંસારનો ત્યાગ કર્યો અને બ્રહ્મચારીની દીક્ષા લીધી. તેમનું નામ મહાપુરુષાનંદજી પાડ્યું, સદ્. ગોપાળાનંદ સ્વામીની સેવામાં રહ્યા. આઠ વરસ સેવા કરી અને સ્વામીનું માહાત્મ્ય સમજાયું એટલે તેમના પત્તરની પ્રસાદી જમી ગયા. તેથી તેમને સાધુ કર્યા અને મહાપુરુષદાસજી નામ પાડ્યું. ત્યારબાદ તેઓ જૂનાગઢમાં આવીને રહ્યા હતા.



ઉદ્‌ગીથ ૧૯

મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે

(આ.સં. ૧૮૬૪, ઈ.સ. ૧૮૦૭)

ભાદરામાં મહારાજ વશરામ સુથારને ત્યાં ઊતર્યા. મૂળજી વિપ્ર તથા તેમના ભાઈ સુંદરજી, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે હરિભક્તો વશરામભાઈને ત્યાં મહારાજનાં દર્શન કરવા આવી ગયા. સૌએ પોતપોતાને ઘેર જમવા આવવા મહારાજને આમંત્રણ આપ્યું. ત્યારે મહારાજે કહ્યું : "તમે એક પછી એક વારા કરો. તે પ્રમાણે જેને ત્યાં જમવાના અમારા વારા હશે તેને ત્યા અમે જઈશું. તમે બધા વશરામ સુથારને કહી દેજો."

ભાદરા પહોંચવાની મહારાજને ઉતાવળ હતી પણ અહીં આવ્યા પછી તેમને નિરાંત હતી. અહીંથી નીકળવાની ઉતાવળ ન હતી. તેથી વશરામ સુથારે મહારાજને કહ્યું : "મહારાજ ! ત્રીસ દિવસનાં આમંત્રણ તો આવી ગયાં અને વળી આવતાં જાય છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "ત્રીસ દિવસ બસ છે. બીજાં આમંત્રણ હોય તો સાંજે, સવારે એમ ગોઠવશો." પછી પૂછ્યું : "અમારા મૂળજી ભક્તને ત્યાં જમવાના વારા ક્યારે આવે છે ?"

વશરામભાઈએ કહ્યું : "મહારાજ ! લગભગ છ-સાત દિવસ પછી આવે છે." મહારાજ તે સાંભળી રાજી થયા.

આ મૂળજીમાં મીઠપ ભરી છે

મહારાજ રોજ ઊંડ નદીમાં સ્નાન કરવા સખાઓ સાથે જતા. ત્યાંથી હરિભક્તોને ખેતરે જતા. શેરડીના વાઢ જોઈ રાજી થતા. વાત વાતમાં મહારાજ કહેતા : "અહીં તો ગોળનાં ગાડાં છે, મીઠપનો સમુદ્ર છે, જગતની કડવાશ મૂકીને મીઠા થવું હોય તો અહીં આવવું."

મહારાજનાં આ વેણ કોઈને સમજાતાં નહિ. બધા શેરડી ને ગોળની વાત જ સમજતા. વશરામ સુથાર પૂછતા : "મહારાજ ! જગતની કડવાશ અહીં આવ્યે કેમ ટળે ?"

મહારાજ આ સાંભળી હસતા. પછી કહેતા : "આ મૂળજીમાં મીઠાશ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય."

મહારાજ જે જે હરિભક્તોને ત્યાં જમવા જતા ત્યાં મૂળજી ભક્તની વાત કરતા. તેમની મોટપ કહેતા. હરિભક્તોને મૂળજી ભક્તની મહારાજ પ્રત્યેની ભક્તિનો તો ખ્યાલ હતો જ. જગત પ્રત્યેની તેમની ઉદાસીનતા પણ સૌ જાણતા હતા. તેમની સામાન્ય વાતોમાં પણ જ્ઞાનના ચમકારા દેખાતા. વાતો કરતાં કરતાં મહારાજના સ્વરૂપની વાતોમાં લીન થઈ જતા. મહારાજ પાસે મૂળજી ભક્તના મહિમાની વાત સાંભળતાં હરિભક્તોને એમ લાગ્યું કે જેમ મૂળજી ભક્ત મહારાજની વાતોમાં લીન થઈ જાય છે, તેમ મહારાજના અંતરમાં પણ મૂળજી ભક્ત સિવાય બીજું કાંઈ જ નથી.

દેવા કણબીને ત્યાં મહારાજ જમવા જતા હતા. રસ્તામાં મૂળજી ભક્તનું ઘર આવ્યું. ત્યારે મહારાજે વશરામ સુથારને પૂછ્યું : "આ કેનાં ઘર છે ?"

તેણે કહ્યું : "મહારાજ ! આ તો મૂળજી મહારાજનું ઘર છે."

તે સાંભળી મહારાજ કહે : "ચાલો, આપણે મૂળજી ભક્તને ઘેર."

એટલે વશરામભાઈએ કહ્યું : "મહારાજ ! આજ તો આપણે દેવા કણબીને ઘેર જમવા જવાનું છે."

"પણ મૂળજી ભક્તનાં દર્શન કરતા જઈએ." એમ કહીને મહારાજ ડેલીમાં પ્રવેશ્યા. મૂળજી ભક્ત તે વખતે જમતા હતા. મહારાજ પધાર્યા એટલે તરત જ તેઓ ઊભા થઈ ગયા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને કહ્યું : "મૂળજી ભક્ત ! જમો. અમે તો તમારાં દર્શન કરવા આવ્યા છીએ." એમ કહી મહારાજે કહ્યું : "શું જમો છો ?"

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! દહીં ને ધાન જમું છું."

મહારાજે કહ્યું : "ભલે જમો." એટલું કહીને મહારાજ પાછા વળી ગયા.

રસ્તામાં મહારાજે સાથે આવતા હરિભક્તોને કહ્યું : "આ મૂળજી પોતે ત્યાગી થશે. તેમના અનેક ત્યાગી શિષ્યો થશે, હજારો ભક્તોના નિયંતા થશે, મોટી હવેલીઓ બાંધશે અને તેમનો મહિમા દેશ-પરદેશમાં ગવાશે. તેમની વાતોના ગ્રંથો રચાશે, તેમના મહિમાનાં કીર્તનો ગવાશે અને અમારી મૂર્તિ ભેગી

આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટાં મંદિરોમાં સ્થપાશે, પૂજાશે." એમ મહારાજ વાત કર્યે જતા હતા. એટલામાં દેવા કણબીનું ઘર આવી ગયું. એટલે મહારાજે પૂછ્યું : "મૂળજીના ઘર આવી ગયા ?"

ત્યારે સાથેના હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! આ તો દેવા કણબીનું ઘર છે. આપણે તેને ત્યાં આજે જમવાનું છે." આ સાંભળી મહારાજ હસ્યા, તેમના અતરમા તો મૂળજી મહારાજ જ રમતા હતા.

અક્ષરબ્રહ્મ જન્મોત્સવ : શરદપૂર્ણિમા

નવરાત્રિના દિવસો પૂરા થયા અને શરદપૂનમ આવી. એટલે મહારાજે સૌ હરિજનોને કહ્યું : "જોડિયા બંદરે જઈને પૌંઆ લઈ આવો."

એટલે હરિભક્તોએ કહ્યું : "હા, આજે શરદપૂર્ણિમા છે એટલે ઉત્સવ કરીએ."

એટલે મહારાજે કહ્યું "આજે શરદપૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. આપણે તો અક્ષરનો જન્મોત્સવ આજે ઊજવવો છે."

તે રાત્રે મહારાજે ભાદરામાં અક્ષર જન્મોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઊજવ્યો. આ દિવ્ય દર્શન કરવા અંતરીક્ષમાં દેવો પધાર્યા અને તેમણે મહારાજ અને મૂળજી ભક્ત ઉપર ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી. વળી, અંતરીક્ષમાંથી તેમના ગળામાં પડેલા હાર સૌએ જોયા. તે પ્રત્યક્ષ જોઈ ત્યાંના હરિભક્તોના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો !

મહારાજને મૂળજીનું ઘેલું લાગ્યું છે

મહારાજ વશરામ ભક્તને રોજ પૂછતા : "આજ અમારે જમવાના વારા કેને ઘેર છે ?" અને વશરામભાઈ જેનું આમંત્રણ હોય તેનું નામ આપતા.

એક દિવસ જ્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આજે તો આપણે મૂળજીને ત્યા જમવાનું છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "તો તો ચાલો જઈએ."

ત્યારે વશરામભાઈ બોલ્યા : "હજુ તો ઘણી વાર છે. મૂળજી પણ ખેતર ગયા હશે."

મહારાજ આ સાંભળી અકળાયા. તેમણે કહ્યું : "મૂળજી ભલે ને ખેતરે

ગયા હોય. તેનાં મા તો હશે ને ? તેની સાથે આપણે મૂળજીની વાતો કરીશું.''

વશરામ ભગતને લાગ્યું કે મહારાજને મૂળજીનું ઘેલું લાગ્યું છે, મૂળજીની વાત કરતાં મહારાજ થાકતા જ નથી. તેમણે વસ્ત્રો પહેર્યાં, મહારાજ ત્યાંથી મૂળજી ભક્તને ઘેર જવા નીકળ્યા. મહારાજ પધાર્યા ત્યારે મૂળજી ભક્તનાં માતુશ્રી સાકરબા મહારાજ તથા અન્ય હરિભક્તો માટે રસોઈ બનાવતાં હતાં. મહારાજ પધાર્યા છે તે જાણ્યું એટલે સાકરબા રસોડામાંથી એકદમ બહાર આવ્યાં. મહારાજને બેસવા માટે સાંગામાંચી ઢાળી દીધી. તે ઉપર રેશમી ધડકી પાથરી દીધી. મહારાજ બિરાજ્યા અને સૌ હરિભક્તો સન્મુખ બેઠા.

મહારાજે સાકરબાને પૂછ્યું : ''મા, મૂળજી ક્યાં છે ?''

સાકરબાએ કહ્યું : ''મહારાજ ! મૂળજી તો ખેતરે ગયા છે. જમવાટાણું થાશે ત્યારે આવશે.''

મહારાજે સાકરબાને પૂછ્યું : ''રસોઈ તૈયાર થઈ ગઈ છે ?''

એટલે તેમણે કહ્યું : ''હા, મહારાજ ! બધું જ તૈયાર છે. આપ જમવા બેસો તો તૈયારી કરું.''

મહારાજે કહ્યું : ''ના, જમવાનું તો મૂળજી આવશે ત્યારે, પણ તમે અહીં બેસો.'' એટલે સાકરબા મહારાજ સમક્ષ થોડે દૂર બેઠાં.

મહારાજે તેમને પૂછ્યું : ''મા ! તમારા મૂળજી અમને સંભારે છે ?''

સાકરબાએ તરત જ કહ્યું : ''અરે મહારાજ ! એ તો આખો દિ તમારું જ રટણ કર્યા કરે છે. કામકાજ કરતાં, હરતાં-ફરતા તમને જ સંભાર્યા કરે છે. એક ઘડી પણ વિસારતા નથી.''

મહારાજ અને સૌ હરિભક્તો આ સાંભળી રહ્યા હતા. વશરામ ભક્તને લાગ્યું કે આજે કાંઈ મૂળજી મહારાજની અવનવી વાતો નીકળશે. ત્યાં તો મહારાજે કહ્યું : ''મા ! મૂળજી જેમ અમને સંભારે છે તેમ અમે પણ મૂળજીને અખંડ સંભારીએ છીએ.''

મહારાજ મૂળજીને અખંડ સંભારે છે એ સાંભળીને સાકરબાને તો જાણે અમૃતનો ઘૂંટડો પીધો હોય એવો આનંદ થયો. તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! મૂળજી પણ બાળક હતા ત્યારથી આપનું નામ રટ્યા જ કરતા. જ્યારે આપને અયોધ્યામાં જનોઈ દેવાતી હતી, ત્યારે મૂળજીએ મને કહ્યું હતું : 'મા, મા, આજે જનોઈનાં ગીત ગાઓ. મહારાજને જનોઈ દેવાય છે.' વળી, આપ જ્યારે વનમાં પધાર્યા ત્યારે પણ મૂળજીએ મને કહ્યું હતું : 'મા, આજે તો ધામના ધણી વનમાં

પધાર્યા છે.' વળી, આપ જ્યારે લોજ પધાર્યા ત્યારે મૂળજી બોલ્યા હતા : 'મહારાજ આજે લોજ પધાર્યા છે. થોડા વખતમાં અહીં પધારશે અને તમારા હાથનો થાળ જમશે.' મહારાજ ! મૂળજીનું એ વચન આજે સાચું પડ્યું છે."

સાકરબાની વાત સાંભળી મહારાજને આનંદ થયો. તેમને તો ભાદરાના હરિભક્તોને મૂળજી મહારાજનો મહિમા સમજાવવો હતો. તેથી તેમણે સાકરબાને કહ્યું : "મા, તમને તો નહિ સમજાય પણ તમારા મૂળજી છે તે તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તમારા ગર્ભમાં આવ્યા તે પહેલાં પણ મૂળજી અમને અખંડ દેખતા. તે અમારી સાથે બંધાયા છે અને અમે તેમની સાથે બંધાયા છીએ. અમારું આ બંધન અતૂટ છે."

મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે

એટલું કહીને મહારાજ સામે બેઠેલા હરિભક્તો સામું જોઈને બોલવા લાગ્યા : "મૂળજી તો એટલા મોટા છે કે એક બ્રહ્માંડમાં દશ અવતારો, ચાર વ્યૂહ, કેશવાદિક ચોવીસ મૂર્તિઓ અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રહ્યા છે. તેવાં અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. મૂળ માયા, મૂળ પુરુષ તે સર્વના નિયંતા છે."

આ સાંભળી સાકરબાની આંખોમાંથી હર્ષનાં આંસુ પડવા લાગ્યાં. ધીરે રહીને તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! મારો તો સ્ત્રીનો દેહ તેથી હું ઝાઝું સમજું નહિ. પરંતુ આપ કહો છો તેમજ છે. મૂળજીના જન્મ પહેલાં મહાદેવને પ્રસન્ન કરવા અમે પ્રભાસ જતાં હતાં. મેખાટીંબીમાં એક આહીર ભક્તને ત્યાં રાત રહ્યાં. તે રાત્રે આત્માનંદ સ્વામીએ મને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું હતું કે 'ભગવાનનું અક્ષરધામ તારા પુત્રરૂપે જન્મશે.' મહારાજ ! તે વચન આપની કૃપાથી સત્ય થયું છે. આપ કહો છો તેવા જ મૂળજી પ્રતાપી છે. ઘણા ચમત્કારો તેણે બતાવ્યા છે. અમારાં ધન્ય ભાગ્ય કે અમારે ઘેર એવા પુત્ર પ્રગટ થયા જેમને લઈને આપ પુરુષોત્તમનારાયણ અમારે ઘેર અમને પાવન કરવા પધાર્યા."

મહારાજ સાકરબાનો ભાવ જાણી પ્રસન્ન થયા. ભોળી માતાને મૂળજીની આધ્યાત્મિક મહત્તા શી રીતે સમજાય ? છતાં તેના અત્યંત બલિષ્ટ પૂર્વસંસ્કારના યોગે સાક્ષાત્ અક્ષરધામ તેને ઘેર પુત્રરૂપે પ્રગટ થયું હતું. તે સંબંધે જ તેનું તો આત્યંતિક કલ્યાણ થઈ ગયું હતું. મૂળજી ભક્તના સખાઓનું પણ મૂળજી સાથેની પ્રીતિના સંબંધે, મહારાજના સ્વરૂપની નિષ્ઠાના બળે, કલ્યાણ તો થઈ ગયું હતું. છતાં આત્યંતિક કલ્યાણનો માર્ગ મુમુક્ષુઓ માટે સદા ખુલ્લો રહે તે માટે તે

અક્ષરધામનું માહાત્મ્યયુક્ત જ્ઞાન સમજવાની જરૂર હતી જ. તે અક્ષરધામનો મહિમા સમજ્યા પછી જ મહારાજનો યથાર્થ મહિમા સમજી શકાય. આ મર્મ સમજાવવા માટે જ સાકરબાનું મિષ લઈને મહારાજ સૌને કહેવા લાગ્યા :

"સાકરબા ! તમારા મૂળજીમાં અનેક કલ્યાણકારી ગુણો છે, છતાં પોતે ગુણથી પર ગુણાતીત છે. સૌથી મોટા પણ છે છતાં સૌથી નાના પણ છે. કર્તા પણ છે અને અકર્તા પણ છે. સર્વના કારણ છે અને સર્વથી અલિપ્ત પણ છે. વધુ તો શું કહીએ ? પણ મા ! પ્રાકૃત પ્રલયમાં જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે, ત્યારે બધું જ મહામાયાને વિષે લીન થઈ જાય છે. આત્યંતિક પ્રલય એટલે કે જ્ઞાનપ્રલયમાં જેમ દિવસને વિષે રાત્રિ લીન થઈ જાય છે, તેમ અક્ષરબ્રહ્મ - આ તમારા મૂળજીના પ્રકાશને વિષે તે મહામાયા, લીન થઈ જાય છે, છતાં તે મૂળ માયા અને તેના કાર્યથી મૂળજી સદા અલિપ્ત છે. આ મૂળજી અક્ષરબ્રહ્મ સ્વરૂપે સર્વત્ર વ્યાપક છે અને મૂર્તિમાન સ્વરૂપે સદા અમારી સેવામાં છે. શાસ્ત્રોમાં બ્રહ્મનો અપાર મહિમા કહ્યો છે. પરંતુ જેમ તમોને બ્રહ્મ અને પરબ્રહ્મ પ્રત્યક્ષ થયા છે, તેમ ભૂતકાળમાં કોઈને થયા ન હતા."

મહારાજને મૂળજી ભક્તનો મહિમા સૌને સમજાવી દેવો હતો, તેથી વાતનો દોર તૂટવા દેતા ન હતા. મહારાજની વાતમાં સૌને એવો રસ પડ્યો હતો કે શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ અટકી જાય તેવી સ્થિરતા સૌમાં આવી ગઈ હતી. મહારાજ વાત કરતા હતા :

"આ મૂળજી એ અમારું અનિર્દેશ્ય ધામ છે. તેથી જ તે અપાર છે. કોઈ તેનો નિર્દેશ કરી શકતું નથી. જેમ સૂર્ય કે ચંદ્રનો અહીંથી આપણે નિર્દેશ કરી શકીએ પરંતુ સમીપ જઈએ તો તે બંને ગ્રહોનું અપારપણું સમજાય, તેમ પરોક્ષભાવે લોકો અમારો મહિમા ગાય. પરંતુ અમારાં પ્રત્યક્ષ સ્વરૂપોનું જ્ઞાન અને તેનો સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે અમારાં સ્વરૂપોનું વર્ણન વાણીથી કરી શકાય જ નહિ. એવા અમે અને તમારા મૂળજી બંને મન, વાણીથી પર છીએ."

શ્રીજીમહારાજ આટલું બોલીને અટક્યા. પછી થોડી વારે હરિભક્તોને ઉદ્દેશીને બોલ્યા : "હે હરિભક્તો ! મારા અંગભૂત આ મૂળજી ભક્તનો મહિમા જ્યારે તમને સમજાશે ત્યારે જ તમે સૌ અમારો મહિમા સમજી શકશો."

અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય

આ સાંભળી વશરામ ભક્તે પૂછ્યું : "મહારાજ ! શું અક્ષરનો મહિમા

સમજાય તો જ આપનો મહિમા સમજાય ?''

આ પ્રશ્ન અગત્યનો હતો. પૂર્ણ પુરુષોત્તમનારાયણના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવામાં અક્ષરધામનું શું સ્થાન છે તે ભક્તોએ સમજવું જરૂરી હતું. અક્ષરધામનું સ્વરૂપ, તેનો મહિમા જો સમજાશે તો જ તે અક્ષરથી પર પુરુષોત્તમના સ્વરૂપનો તેમને નિશ્ચય થશે, મહિમા સમજાશે. ત્યારે જ તેઓ અક્ષરધામના અધિકારી થશે. તેથી આ મુદ્દાના પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજે સ્પષ્ટપણે સમજાવતાં કહ્યું : ''હા, જ્યારે અક્ષરનો મહિમા યથાર્થ સમજાશે અને એ મહિમા સમજીને એ રૂપ થવાશે, ત્યારે જ અમારો મહિમા સમજી શકાશે. જેમ પૃથ્વીથી જળ દસગણું મોટું છે એમ આપણે કહીએ છીએ પણ પૃથ્વી જ કેવડી છે તે જાણ્યું ન હોય તો જળની મોટાઈ શી રીતે સમજાય ? વળી, જળથી તેજ, તેજથી વાયુ, વાયુથી આકાશ એ સર્વ ઉત્તરોત્તર એકબીજાથી દસગણાં મોટાં છે. આકાશથી પર મહત્તત્ત્વ છે. તેથી પર પ્રધાન પુરુષ છે. તેથી પર મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષ છે. અને તે બંનેથી અનંતગણા પર અક્ષર છે. માટે ઉત્તરોત્તર એક એક તત્ત્વનો મહિમા સમજાય તો અંતે અક્ષરનો મહિમા સમજાય. અક્ષરનો મહિમા સમજાયા પછી જ અક્ષરથી પણ પર એવા પુરુષોત્તમનારાયણ - જે અમે - તેમનો મહિમા સમજાય.''

પોતાના જ સખા અને વિપ્ર ભક્ત મૂળજીના આવા અગાધ મહિમાની તો કોઈએ કલ્પના પણ કરી ન હતી. એક મહારાજ સિવાય અક્ષરના સ્વરૂપનો બીજા કોને ખ્યાલ હોય ? તેથી જ મહારાજ આજે કહેવા બેઠા હતા. પોતાના પરમ ભક્તના અગાધ મહિમાનું ગાન કરવું તે તેમને મન પરાભક્તિ હતી. વળી, પોતાને પામવા માટે મોક્ષના દ્વાર રૂપ મૂળજી ભક્તના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન સમજવું તે પણ મુમુક્ષુઓ માટે અત્યંત આવશ્યક હતું. તેથી મહારાજે આ વાતનો દોર પકડી જ રાખ્યો : ''હે ભક્તો ! તમો સૌ સાંભળો. આ મૂળજી અક્ષરબ્રહ્મનો અવતાર છે. એ સર્વ કારણના પણ કારણ છે.[૯૧] તમને તો તે એક સામાન્ય પુરુષ દેખાય છે. પરંતુ તેના અતિ અપાર સ્વરૂપમાં અનંત બ્રહ્માંડો, તે તે બ્રહ્માંડોના અધિપતિઓની સાથે નિવાસ કરીને રહ્યા છે.[૯૨] તે નિર્દોષ છે, કારણ તેના સ્વરૂપમાં માયા છે જ નહિ.[૯૩] વળી, ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં એ

---

૯૧. तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । શ્રીમદ્‌ભાગવત; સ્કંધ-૩, અ-૧૧, શ્લોક-૪૧.

૯૨. यस्मिँल्लोका निहिता लोकिनश्च । મુંડકોપનિષદ : ૨-૨-૨.

૯૩. अपहतपाप्मा ह्येष ब्रह्मलोकः । છાંદોગ્ય ઉપનિષદ : ૮-૪-૧.

અમારા ધામનું અમારા સ્વરૂપ તરીકે જ બહુધા વર્ણન કર્યું છે. એ અક્ષરબ્રહ્મ અનાદિ, અનંત, અવિચળ અને માયાથી પર છે. તેને પામીને જીવ મૃત્યુ થકી મુકાય છે.[૯૪] જેમાં સૂર્ય-ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી. જેમાં વાયુ નથી, જેમાં સ્વર્ગના દેવતાઓની ગતિ નથી; જે અક્ષરબ્રહ્મનું પૂજન કરવાથી સર્વ પૂજકોનું રક્ષણ કરનારા સ્વતઃસિદ્ધ પરમાત્મા જેમાં પોતે પોતાની અનંત વિભૂતિઓ સાથે વસી રહ્યા છે[૯૫] તે પરમાત્માનું પૂજન થઈ રહ્યું છે, એવા એ અક્ષરબ્રહ્મ છે, એ અક્ષરને જાણી જે કોઈ જે ઇચ્છે તે તેને પ્રાપ્ત થાય છે.[૯૬] સર્વથી પર એ અક્ષરબ્રહ્મ ભક્તજનોને પ્રાપ્ય છે, અભયરૂપ છે અને સંસારસિંધુને તારે છે.''[૯૭]

શ્રીજીમહારાજના મુખમાંથી નીકળતો વાણીનો સ્રોત ગંગાના અવિરત પ્રવાહ સમાન રહ્યો હતો. વશરામ ભક્ત, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે ભક્તો મહારાજના મુખકમળનાં દર્શન કરતાં તેમના વાણીપ્રવાહમાં જાણે તણાતા જ હતા. મૂળજી ભક્તને યથાર્થ સમજવા માટે જે જ્ઞાનદૃષ્ટિ, જે બુદ્ધિયોગની જરૂર હતી તે શ્રીજીમહારાજ તેમને સૌને આજે આપતા હતા. મૂળજી ભક્તના અક્ષરબ્રહ્મસ્વરૂપનો જાણે તેમને સાક્ષાત્કાર થઈ ગયો હોય તેમ તે અક્ષરબ્રહ્મના સ્વરૂપમાં તેઓ સૌ તદ્રૂપ બની ગયા હતા.

રસોઈ તો તૈયાર થઈ ગઈ હતી પરંતુ હજુ મૂળજી ભક્ત આવ્યા ન હતા. મહારાજની પણ એક ઇચ્છા હતી જેથી તેમના સ્વરૂપનો અતિ અપાર મહિમા આ ભક્તોને સમજાવી શકાય. પૂર્ણ પુરુષોત્તમનારાયણના સ્વરૂપની ઉપાસનામાં અક્ષરબ્રહ્મના સ્વરૂપના જ્ઞાનની આવશ્યકતા છે જ. તેથી તે પાયાનું જ્ઞાન શ્રીજીમહારાજ આજ સૌને આપવા માગતા હતા.

મહારાજે કહ્યું : ''વશરામભાઈ ! મૂળજી ભક્તના સ્વરૂપનું વર્ણન શું કરીએ ? આ લોકના શબ્દોથી તેમના સ્વરૂપનું વર્ણન યથાર્થ થઈ શકે તેમ

---

૯૪. तदेतदक्षरं ब्रह्म प्राप्य जन्ममृत्युमुखात् प्रमुच्यते ।

૯૫. न तत्र चन्द्रार्कवपुः प्रकाशते न वान्ति वाताः न च यान्ति देवताः।
यत्र देवक्रतुभिर्भूतभावनः स्वयं विभूत्या विरजः प्रकाशते ॥
અન્નપૂર્ણોપનિષદ્ : ૪-૩૦, રુદ્રહૃદયોપનિષદ : ૪૦.

૯૬. यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम् । अभयं तितीर्षतां पारम् ।
કઠોપનિષદ્ : અ. ૧, તૃતીય વલ્લી, મંત્ર-૨.

૯૭. एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् । एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।
કઠોપનિષદ્ : અ. ૧, દ્વિતીય વલ્લી, મંત્ર-૧૬.

નથી. જેમનામાં અનુભૂતિ સ્વરૂપ વિજ્ઞાન[૯૮] છે, જેમણે મન જીત્યું છે, જે સદા પવિત્ર છે, તે જ તે અક્ષરબ્રહ્મને પામે છે, જેને પામીને ફરી જન્મવું પડતું નથી. જ્યારે મુમુક્ષુના હૃદયમાંથી વાસના નાશ પામે છે, ત્યારે તે શુદ્ધ આત્મસ્વરૂપ થઈ અક્ષરબ્રહ્મમય થઈ જાય છે.[૯૯] આ અક્ષરબ્રહ્મ બ્રહ્માંડની ચારે બાજુ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભાગમાં વ્યાપી રહ્યું છે. અરે, આ બ્રહ્માંડમાં બધું અક્ષરબ્રહ્મમય છે, અક્ષરબ્રહ્મ તેમાં સ્વતંત્રપણે વ્યાપીને રહ્યા છે.[૧૦૦] જે ધૈર્યવાન પુરુષ નિષ્કામભાવે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે તે જ તે અક્ષરબ્રહ્મને જાણી શકે છે અને તે જ અક્ષરબ્રહ્મમય થઈ શકે છે.[૧૦૧] સર્વથી શ્રેષ્ઠ એવા આ મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મ છે એવું જે જાણે છે તે જ બ્રહ્મરૂપ થઈ શકે છે.[૧૦૨]

ડોસાભાઈ, રત્નાભાઈ, વશરામભાઈ વગેરે હરિભક્તો શ્રીજીમહારાજની મૂળજી ભક્તના માહાત્મ્યની અમૃતવાણી સાંભળી મંત્રમુગ્ધ બની ગયા. બે ઘડી તો તેમને એમ લાગ્યું કે શેરડીના વાઢમાં પાણી વાળતા આ મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મનો અવતાર ! પરંતુ મૂળજી ભક્તની અત્યંત સૂક્ષ્મ બુદ્ધિ, વાતવાતમાં પણ પરમાત્માના સ્વરૂપ સંબંધી જ વાતો કરવાની ટેવ, ક્વચિત્ ક્વચિત્ પ્રગટ થતું તેમનું ઐશ્વર્ય, આ બધું વિચારતાં તેમને લાગ્યું કે જરૂર મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મનો અવતાર હોવા જોઈએ. શ્રીજીમહારાજની વાતોથી, તેમની કૃપાથી આજે તેમને મૂળજી ભક્તના અક્ષરસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું.

મહારાજ હજુ પણ તેમના સૌના અંતરમાં અક્ષરબ્રહ્મના અવતાર મૂળજી ભક્તના દિવ્ય સ્વરૂપની દૃઢતા કરાવવા ઇચ્છતા હતા. તેથી તેમણે તેમની વાતો ચાલુ જ રાખી : "જે અક્ષરબ્રહ્મને જાણે છે, તે જ બ્રહ્મરૂપ થઈ પરમાત્માને પામે

---

૯૮. यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः।
स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥
કઠોપનિષદ : અં. ૧, તૃતીય વલ્લી, મંત્ર-૮

૯૯. यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥
કઠોપનિષદ : અં. ૨, તૃતીય વલ્લી, શ્લો-૧૪.

૧૦૦. ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण ।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥ મુંડકોપનિષદ : ૨-૨-૧૧.

૧૦૧. उपासते पुरुषं ये ह्यकामास्ते शुक्रमेतदतिवर्तन्ति धीराः મુંડકોપનિષદ : ૩-૨-૧.

૧૦૨. स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति । મુંડકોપનિષદ : ૩-૨-૯.

છે.[૧૦૩] તે અક્ષરબ્રહ્મ સદા સત્ય છે, ત્રિકાલાબાધિત છે, જ્ઞાનનું મૂળ છે અને અનંત છે. જેથી તેનું માપ કોઈ કાઢી શકે તેમ નથી.[૧૦૪] અક્ષરબ્રહ્મનો આવો અપાર મહિમા છે છતાં જો કોઈ કહે કે અક્ષરબ્રહ્મ નથી જ, તો તેવું કહેનારો અસત્ થઈ જાય છે અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે.[૧૦૫] માટે હે ભક્તો ! અક્ષરનો મહિમા મુમુક્ષુઓએ તો અવશ્ય સમજવો જોઈએ. એ અક્ષરબ્રહ્મ તે આ મૂળજી ભક્ત છે અને તે અક્ષરબ્રહ્મમાં રહેનારા પુરુષોત્તમ-નારાયણ અમે છીએ. આટલું જો તમે સમજશો તો જે એકાંતિક ધર્મની સ્થાપના માટે અમો પ્રગટ થયા છીએ તે એકાંતિક ધર્મ તમને સૌને સિદ્ધ થઈ જશે."

એટલું કહીને મહારાજે ત્યાં બેઠેલા હરિભક્તોને કહ્યું : "સાંભળો, ભક્તો ! હવે મૂળજી ભક્ત હમણાં આવી જશે. તેમની હાજરીમાં તેમનો મહિમા કહેવો યોગ્ય નથી તેથી તમને છેલ્લું કહું છું કે આ મૂળજી ભક્ત આશ્રય કરવા યોગ્ય પુરુષ છે. ભવસાગરની દૃઢ નૌકા સમાન તે છે. અમારો જે અસાધારણ મહિમા છે તે અનંત ભક્તોને સમજાવી તેમને અમારા આશ્રિત તે બનાવશે."

એટલામાં સાકરબા ઊઠ્યાં. તેમણે કહ્યું : "મહારાજ ! હું ઠાકોરજીને થાળ ધરાવી લઉં ત્યાં મૂળજી આવી જશે."

મહારાજે પણ વાત બંધ કરી. ત્યાં મૂળજી ભક્ત ખેતરેથી આવ્યા. મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા અને કહ્યું : "અમે તમારી જ વાટ જોતા હતા. હવે તમે આવ્યા એટલે આપણે સાથે જમવા બેસીએ."

મહારાજને તથા સૌ હરિભક્તોને પીરસવાની મૂળજી ભક્તને ઇચ્છા હતી. પણ મહારાજની આજ્ઞા થઈ એટલે તરત જ તેમણે સ્નાન કરી લીધું અને રેશમી પીતાંબર પહેરી મહારાજ સાથે જમવા બેસી ગયા. સુંદરજીએ તથા સાકરબાએ સૌને પીરસ્યું. મહારાજ જમ્યા, મૂળજી ભક્ત સાથે વાતો પણ કરી અને સુંદરજીને આશીર્વાદ આપ્યા. પછી પોતે વશરામ સુથારને ઘેર પધાર્યા.

---

૧૦૩. ब्रह्मविदाप्नोति परम् । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૧-૧.

૧૦૪. सत्यं ज्ञानमनन्तं ब्रह्म । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૧-૧.

૧૦૫. असन्नेव स भवत्यसद्ब्रह्मेति वेद चेत् । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૬.



ઉદ્‌ગીથ ૨૦

ભાદરાથી બે પત્રો લખ્યા - કચ્છમાં વિચરણ

(આ.સં. ૧૮૬૪, ઈ.સ. ૧૮૦૪)

મહારાજને ભાદરાથી કચ્છમાં જવું હતું.

બંધિયામાં ભુજના સુંદરજી સુથારે મહારાજની આજ્ઞાથી દાઢી-મૂછ મૂંડાવી ત્યાગાશ્રમ ગ્રહણ કરી કાશીએ જવા તૈયારી કરી હતી, તેનું તેમને સહેજ માન આવી ગયું હતું. મહારાજે તો તરત જ તેમનો ત્યાગાશ્રમ ઉતરાવી ગૃહસ્થાશ્રમ લેવડાવ્યો હતો. છતાં તે સમયે તેમણે મહારાજને સંભળાવ્યું હતું કે "મહારાજ ! આવી કસોટી કોઈ બીજાની કરશો નહિ. હું તો પાર ઊતરી ગયો, પરંતુ બીજાથી આવું થઈ શકે નહિ." મહારાજ તેમના આ મર્મનાં વચનો સમજી ગયા હતા. તેમાં મદ હતો. વળી, ખાવા ન મળતું હોય, દરિદ્રતા હોય તેવા સાધુ થાય તેવી ભાવના પણ તેમના આ શબ્દોમાં હતી. આથી, મહારાજે તેમનું માન ઉતારવા અહીંથી જ એક પત્ર મોટેરા હરિભક્તો ઉપર લખાવ્યો અને આજ્ઞા કરી : "માચાખાચર, અલૈયાખાચર, સોમલાખાચર, સુરાખાચર, માતરા ધાધલ, નાજા જોગિયા, હાથિયા પટગર, મામૈયા પટગર, વીરાભાઈ પટેલ, લાધા શેઠ, કલાભાઈ, અજા પટેલ, જીવરાજ પટેલ, કમળશીભાઈ, મૂળજીભાઈ, વેરાભાઈ, ડોસાભાઈ તથા અમરા પટગર આદિ આ પત્ર મળે કે તરત જ ઘર છોડી જેતલપુર જજો, ત્યાં ભાઈ રામદાસ પાસે દીક્ષા લઈને સૌ કાશીએ જજો."[૧૦૬]

પછી બીજો પત્ર ગોવિંદ સ્વામી ઉપર જેતલપુર લખ્યો. તેમાં લખ્યું : "કરજીસણથી નાનાભાઈને તેડાવજો અને જેતલપુરમાં યજ્ઞ કરવાની તૈયારી

---

૧૦૬. તદ્રુપાનંદ સ્વામીની વાતું; વિશ્રામ ૫૫ તથા ભક્તચિંતામણિ; પ્રકરણ ૫૪, પંક્તિ ૩૭મા મૂળુખાચરના નામનો ઉલ્લેખ છે. જ્યારે 'સ્વામિનારાયણ સંહિતા'-ચિંતામણિ-૪૬માં માતરા ધાધલ, નાજા જોગિયા, હાથિયા પટગર અને મૂળુખાચર, નાનાખાચર, જીવાભાઈ તથા રૂડા ભક્તનો ઉલ્લેખ છે.

કરજો. અમારાથી અવાશે તો અમે આવીશું." આવી રીતે મહારાજે બે પત્રો ખેપિયાને આપી તેને રવાના કર્યો.

સૌરાષ્ટ્રના જાણીતા દરબારો પરમહંસ થવા નીકળે છે

ખેપિયો પત્ર લઈ ગામેગામ ફર્યો. જેનાં જેનાં નામો લખ્યાં હતાં તે બધા જેતલપુર જવા ચાલી નીકળ્યા. રસ્તામાં મેથાણ[૧૦૭] આવ્યું. ધ્રાંગધ્રા રાજવીના માનીતા અને આખા ઝાલાવાડ દેશમાં પ્રતિષ્ઠિત અહીંના અજા પટેલ આવો મોટો સંઘ પોતાને ત્યાં આવ્યો તેથી ખૂબ રાજી થયા. વળી, તે જ દિવસે તેમના ભાણેજ કલ્યાણદાસનાં લગ્ન ત્યાં હતાં. કડુથી જાન આવી હતી. શ્રીજીમહારાજના આવા એકાંતિક ભક્તોના શુભ આશીર્વાદ પોતાના ભાણેજને તેનાં લગ્ન પ્રસંગે મળે તેથી બીજું રૂડું શું હોય ! અજા પટેલે સૌ સત્સંગીઓને આવકાર્યા.

સૌ અજા પટેલની સાથે લગ્નમંડપમાં ગયા. અજા પટેલે ભાણેજને બોલાવ્યા. મીંઢળબંધા ભાણેજ મામા પાસે આવ્યા. મામાએ કહ્યું : "મહારાજની કૃપા તો જુઓ. આજે તારાં લગ્ન પ્રસંગે આ બધા સત્સંગીઓ આપણે આંગણે આવી ગયા, માટે પગે પડી જા અને આશીર્વાદ લઈ લે."

કલ્યાણદાસ[૧૦૮] સૌ હરિભક્તોને પગે લાગ્યા. પછી અજા પટેલે સૌને કહ્યું : "અત્યારે હવે ઠાકોરજીનો પ્રસાદ લઈને જ તમારે જવાનું છે."

એટલે કહ્યું : "પટેલ ! અમારાથી રોકાવાય એવું નથી, ઉતાવળ છે. મહારાજની આજ્ઞા છે અને તમને પણ તેડ્યા છે, લ્યો આ કાગળ વાંચો."

---

૧૦૭. મેથાણમાં સત્સંગ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી અને સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીએ કરાવ્યો હતો. શિયાળાની ઠંડીમાં કડબના ઓઘામાં બેસીને આ પરમહંસો ધ્યાન કરતા. આ પ્રમાણે તેઓ ઓઘામાં બેસી ધ્યાન કરતા તે વાડી ઠાકોર હરિસિંહજી તથા માલસિંહજીની હતી. તેમને બંનેને આ સદ્‌ગુરુનો પ્રસંગ થયો. તેમનામાં તેમને સાચા સંતનાં દર્શન થયાં. તેથી તેમની પાસે તેમણે વર્તમાન લીધાં. ત્યારબાદ ત્યાંના દરબાર પૂંજાભાઈએ મહારાજને મેથાણમાં પધરાવ્યા હતા.

૧૦૮. કડુના સંઘા પટેલ વ્યવહારે સુખી હતા. સંપત્તિ સારી હતી અને જ્ઞાતિમાં પ્રતિષ્ઠા પણ હતી. તેમના આવા મોભાથી ધ્રાંગધ્રા રાજવીના માનીતા, પ્રતિષ્ઠિત અને પરમ સત્સંગી અજા પટેલે પોતાનાં બહેનને તેમની સાથે પરણાવ્યા હતાં. પરંતુ તેમના સત્સંગનો રંગ સંઘા પટેલને લાગ્યો ન હતો. સંઘા પટેલને ચાર પુત્રો થયા. તેમાં કલ્યાણદાસ ઘણુંખરું મેથાણમાં મામા અજા પટેલ સાથે જ રહેતા. તેથી તેમને સત્સંગનો રંગ ખરેખરો લાગી ગયો હતો.

ઘર તો હવે સળગી ગયું

અજા પટેલે કાગળ લીધો. તેમાં લખ્યું હતું : "માંચા, સુરા, સોમલા, મામૈયા, અજા, વીરદાસ આદિ સૌ ભક્તો ઘરમાં હો કે સીમમાં, જ્યાં હો ત્યાંથી ખાવું-પીવું પડી મૂકીને, ઊભા હો ત્યાંથી તત્કાળ ચાલી નીકળજો. કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન જેને નીકળાય તે સંસારનો ત્યાગ કરીને નીકળજો. અમારું બહુ જ ગમતું છે. રાજાનો કુંવર હોય તેને એમ કહેવું કે 'તમે ઘેર રહો' અને તેમ છતાં જો નીકળે તો એની ઉપાધિ અમે ભોગવીશું."

પત્ર વાંચ્યો અને અજા પટેલના મુખ ઉપર આનંદની રેખાઓ પથરાઈ ગઈ ! સંસારની જંજીરનાં બંધનો તૂટવા લાગ્યાં. તેમણે તરત જ કહ્યું : "હવે તો આ મંડપમાંથી જ આપણે સીધા જેતલપુર જવું જોઈએ. ઘર તો હવે સળગી ગયું !"

મામાના આ શબ્દોનો, શ્રીજીમહારાજના પત્રનો કાંઈ મર્મ કલ્યાણદાસ સમજી શક્યા નહિ. આજુબાજુ ઊભેલા સંબંધીઓ પણ આશ્ચર્યવત્ આ બધું જોઈ રહ્યા. કલ્યાણદાસે કહ્યું : "મામા ! મહારાજના પત્રમાં શું લખ્યું છે ?"

મામાએ કહ્યું : "ભાણા ! મહારાજની આજ્ઞા આવી છે. અમારે સૌએ સાધુ થઈ જવાનું છે. તને હવે આ છેલ્લા આશીર્વાદ છે." એટલું કહીને તેમણે સહજાનંદ સ્વામીની જય બોલાવી !

ભાણેજે મામાનો હાથ પકડ્યો. તેણે કહ્યું : "મામા ! મને મહારાજનો કાગળ તો વાંચવા આપો."

"લે બેટા ! વાંચી લે. મહારાજની આજ્ઞા આવી છે કે નહિ તેની ખાતરી કરી લે." અજા પટેલે પોતાના ભાણાના હાથમાં પત્ર મૂકતાં કહ્યું.

કલ્યાણદાસ પત્ર વાંચવા લાગ્યા. મહારાજના શબ્દો તેમના અંતરમાં ઊતરતા ગયા : "સંસારનો ત્યાગ કરીને નીકળજ્યો. અમારું બહુ ગમતું છે." આ શબ્દો વાંચ્યા અને તે સ્થિર થઈ ગયા ! તેણે કહ્યું : "મામા ! મહારાજના આ કાગળમાં તો મને પણ આજ્ઞા કરી છે."

અજા પટેલ આ સાંભળી સ્તબ્ધ બની ગયા ! તેમણે કહ્યું : "ભાણા ! આમાં તો અઢાર હરિભક્તોનાં જ નામ છે. તારું નામ તેમાં ક્યાં છે ?"

"મામા ! નો' સમજ્યા ? આ 'આદિ' શબ્દમાં હું નો આવી ગયો ?"

મામાને લાગ્યું કે ભાણાને પણ ચોટ લાગી ગઈ છે. તેનાં બંધન પણ તૂટવા લાગ્યાં છે. પણ મીંઢળબંધો ભાણો આજે આ બંધનનો ત્યાગ કરશે તો

હાહાકાર થઈ જશે ! વળી, પોતાની બહેન દેવુબાઈને પણ આઘાત લાગશે. તેથી તેમણે કહ્યું : "ભાણા ! અમે મહારાજને પૂછીને તને કાગળ લખશું, મહારાજની જે આજ્ઞા આવે તે પ્રમાણે કરજે. હમણાં તો અમને સૌને જવા દે." એમ કહીને અજા પટેલ સંઘ સાથે ચાલવા માંડ્યા.

મામાને આ પ્રમાણે સંઘ સાથે જતા જોઈ કલ્યાણદાસ એકદમ આડા પડ્યા. તેમણે કહ્યું : "મામા ! મહારાજની વળી નવી કઈ આજ્ઞા લેવાની છે ? આ આજ્ઞાથી જ આ બંધન તૂટી ગયાં." એમ કહીને તેમણે મીંઢળ તોડવા માંડ્યું.

"હંહંહં..." કહેતાં અજા પટેલે કલ્યાણદાસનું કાંડું પકડ્યું. કલ્યાણદાસ મામાને પગે પડી ગયા. તેની આંખમાંથી આંસુ ચાલવા લાગ્યાં. પગ પકડીને મામાને તેણે કહ્યું : "મામા ! તમે જ મને સત્સંગનો રસ ગળથૂથીમાં પાયો છે. માએ એ રસનાં હાલરડાં ગાયાં છે, મહારાજનો મહિમા રગેરગમાં ભરી દીધો છે. હવે વખત આવ્યો ત્યારે એ અમૃતનો રસ ઝૂંટવી લઈને મને નરકના કૂવામાં નાખવો છે ?"

જે તારે એ જ સાચા સગા

અજા પટેલ વિચારમાં પડી ગયા. તેના અંતરમાં તો તમામને માટે જગત સળગી જ ગયું હતું. ભાણાને એ બંધન શૂરવીરતાથી તોડતો જોઈ તેમના મનમાં તો આનંદ હતો જ, પણ દેવુબાઈનો, તેની નવી પરણેતરનો તેમને વિચાર આવતો હતો. એટલામાં દેવુબાઈ ત્યાં આવી પહોંચ્યાં. સગાં-સંબંધી પણ સૌ આજુબાજુ ફરી વળ્યાં. દેવુબાઈ તમામ સત્સંગીઓને, પોતાના ભાઈને, પોતાના પુત્રને જોઈ બધું જ પારખી ગયાં. તેણે પુત્રનો હાથ પકડ્યો. અજા પટેલના હાથમાં પુત્રનો હાથ સોંપી તેણે કહ્યું : "ભાઈ ! ભગવાનના મામા કંસ થયા ત્યારથી મામાની છાપ ભૂંડી થઈ છે. આજે એ છાપ ભૂંસાડવાની વેળા આવી છે. તમે જ કહેતા હતા ને કે જે તારે એ જ સાચા સગા. તો આજે ભાણેજને તારવાનો સમો આવ્યો છે ત્યારે તરછોડીને કેમ જાઓ છો ?"

સંઘના હરિભક્તો સ્તબ્ધ બની ગયા ! સગાં-સંબંધીઓ બધાં હેબત ખાઈ ગયાં ! દેવુબાઈને તે આ શું સૂઝ્યું ? મામા પણ વિચારમાં પડી ગયા ! પણ પોતાની બહેનનો રંગ તે જાણતા હતા. અંતે તો એક જ લોહી હતું ને ? તેણે ધન્યતા અનુભવી ! આવી બહેન, આવો ભાણો ! મહારાજની કૃપા હોય તો જ મળે. તેણે બહેને સોંપેલો કલ્યાણદાસનો હાથ પકડ્યો.

પરંતુ સગાં-સંબંધી તો માયાવી જીવ હતાં. તેમને મામાના, ભાણેજના, બહેનના આ ચાળા ન ગમ્યા. વેવાઈ પણ ઉશ્કેરાયા. સૌ કહેવા લાગ્યાં : "એવો વેરાગ હતો તો પછી શું કામ તોરણે પોંખાયા ?"

કલ્યાણદાસે બધાને હાથ જોડી કહ્યું : "બાપા ! તમારો મંગળ માંડવો, મને તેમાં ભગવાન મળી ગયા. હરિવરની સાથે હથેવાળો થઈ ગયો. આ મીંઢળ બાંધ્યું છે તે હવે હરિવરના હાથે છૂટશે. તમે સૌ મને આશીર્વાદ આપો."

પણ એમ બધા શેં માને ? કલ્યાણદાસના પિતા સંઘા પટેલ તો ત્યાં થાંભલો જ બની ગયા. તમોગુણી પિતાએ અત્યાર સુધી તેની પત્ની દેવુબાઈનો વિરોધ કર્યો હતો, સત્સંગ છોડાવવા તેણે તેને દુઃખ આપવામાં બાકી રાખ્યું ન હતું. આજે માંડવામાંથી જ દીકરાને સત્સંગના પંથે ઊઘલતો જોઈ તેનું હૈયું ભાંગી ગયું. અત્યાર સુધી તેણે બહુ જ ત્રાસ વર્તાવ્યો હતો. દીકરો તેથી તો મોસાળમાં જ ઊછર્યો હતો. તેને લાગ્યું કે તે ત્રાસના પાપનું ફળ આજે તેને મળતું હતું. તેની આંખોમાંથી આંસુ નીકળવા માંડ્યાં. સૌ તેની પાસે આવી તેને ધીરજ દેવા લાગ્યા.

થોડી વારે તે કલ્યાણદાસ પાસે આવ્યા. મામાના હાથમાં પોતાના પુત્રનું કાંડું તેણે વધુ જોરથી મૂક્યું. અજા પટેલના હાથની મૂઠી તેણે જોરથી દાબી. ભાંગેલા સ્વરે તેણે કહ્યું : "પટેલ ! આજ મને મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવા દ્યો. કલ્યાણને લઈ જાઓ, તમને સોંપ્યો, તમારા ભગવાનને સોંપ્યો." એટલું બોલીને તે દેવુબાઈ તરફ ફર્યા. હાથ જોડી તેને કહ્યું : "તારા ભગવાન સાચા, તારી ભગતી સાચી. આજ એ ભગતીનું સત ઉદે થયું. તું તો તરી ગઈ છો પણ તારા દીકરાએ આજે મને - મારા જેવા પાપીને પણ તારી દીધો." એમ કહીને તે કલ્યાણદાસ તરફ ફર્યા. તેને પણ હાથ જોડ્યા અને કહ્યું : "બેટા ! જાઓ, તમારું નામ જ કલ્યાણ છે તો અમારા સૌનું કલ્યાણ કરજો. આજે આ સમો જોવાનો આવ્યો એ મારું અદકું ભાગ્ય !"

સંબંધીઓને તો જાણે વીજળી પડી હોય તેવું લાગ્યું. માએ અને બાપે બંનેએ દીકરાને વળાવ્યો ? નવી પરણેતરનો કોઈએ વિચાર જ કર્યો નહિ ! વેવાઈએ ધીરે રહીને પૂછ્યું : "તો હવે મારી દીકરીનું શું ?"

દેવુબાઈએ તરત જ કહ્યું : "તમારી દીકરીને મારી ભેગી રાખીશ, ભગવાનનું ભજન કરાવીશ. તેનો સંસાર સુધરી જશે."

સૌ સાંભળી રહ્યાં. સૌને લાગ્યું કે કોડભરી નવી પરણેતરના અંતરના

ઉમળકા કોઈ સમજતું ન હતું. એ જ વખતે નવી પરણેતર સાસુના પગમાં પડી ગઈ. તેણે કહ્યું : "મા ! તમારી ભેગી રહીશ, ભજન કરીશ, મનખો સુધારી દઈશ. નરક તો જન્મોજન્મ ચૂથ્યું છે. તમારા સંગે તેના ઓળા મારા અંતરમાંથી નીકળી જશે." કોઈ કાંઈ બોલી શક્યું નહિ.

અજા પટેલ અને કલ્યાણદાસ સંઘ સાથે ત્યાંથી નીકળી ગયા. સંઘ નક્કી કર્યા પ્રમાણે શિયાળ ગામે પહોંચ્યો. અહીં કારિયાણીના માંચાખાચર પણ આવી ગયા હતા. તેમને જોઈ એક જણે પૂછ્યું : "તમને ક્યારે ખબર મળ્યા ?"

તેમણે કહ્યું : "મારે ઘેર ખેપિયો આવ્યો હતો પણ હું તે વખતે સીમમાં મારી વાડીમાં બારકોશિયો કૂવો ગળાવતો હતો. કાગળ લઈને ખેપિયો વાડીએ આવ્યો. કાગળ વાંચીને તરત અમે ઘેર આવ્યા. કુંભારને ત્યાંથી ગેરુ મંગાવી લૂગડાં રંગ્યાં. તે પહેરીને પછી અહીં કાલે જ આવી ગયા."

શ્રીજીમહારાજના ફક્ત એક પત્રથી જ આવા ગામેતી પુરુષો, પ્રતિષ્ઠિત પુરુષો પોતાનું ઘર, સગાં-સંબંધી, મિલકત, ગરાસ છોડીને ત્યાગી થઈ ગયા હતા ! મહારાજનું આ જ મોટું ઐશ્વર્ય હતું. તેમના સંબંધમાં જે જે આવ્યા તેમના અંતરમાંથી તેમણે જગત કાઢી નાંખ્યું હતું.

પરમહંસ ભયે મતવાલે

શિયાળ ગામે આવી જેમણે ભગવાં વસ્ત્રો પહેર્યાં ન હતાં, દાઢી-મૂછ મૂંડાવ્યાં ન હતાં તેમણે તે વિધિ કરી લીધી. ભગવાં વસ્ત્રો, અલફી પહેરી સૌ પરમહંસ બની ગયા ! પછી ત્યાંથી નીકળી કેટલાક દિવસે જેતલપુર પહોંચ્યા.[૧૦૯]

---

૧૦૯. આ વાત શ્રીહરિને રામદાસ સ્વામી ભુજમાં કહે છે. એ વિગત શ્રીહરિચરિત્રામૃત-સાગરમાં આપી છે :

परमहंस होके काशी जाना, ऐसे पत्र लिखे भगवाना ।
पत्र सूनी हरिजन जो जेहुं, नाम लिखे ते पत्रमें तेहुं ॥ २१ ॥
घर छोडी शियाळ गाम आये, चोटी तींया सबको मुंडाये ।
अलफी रंगी सब कोटमें डारे, परमहंस भये मतवारे ॥ २२ ॥
जेतलपुर पीछे गाम जो आये, देखत हम आश्चर्य पाये ।
हमकुं कहे हम जावत काशी, आग्या एसी दिने अविनाशी ॥ २३ ॥
हमकुं पत्र सो आइ दिखाये, पत्र हम ही शिर पर चढ़ाये ।
जेतलपुर काशी से भारी, हम देखे दृढ़ उर विचारी ॥ २४ ॥

— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૨, તરંગ-૨૫

આ નવા પરમહંસો જેતલપુર પહોંચ્યા તેને આગલે દિવસે જ સ્વામી રામદાસજી જેતલપુર આવી ગયા હતા. તેમણે પરમહંસોને જોઈને કહ્યું : "મહારાજે મને કાલે રાત્રે જ દર્શન દઈ કહ્યું કે નવા પરમહંસો જેતલપુર આવે છે માટે જલદી જેતલપુર પહોંચી જાઓ. તેમને અમે કાશી જવાનું લખ્યું છે પરંતુ હવે કાશી ન જતાં તેમને સૌને લઈને તમો ભુજમાં આવી જજો."[૧૧૦]

આ ગ્રંથના કર્તા આધારાનંદ સ્વામી મૂળ મેમકા ગામના ગુર્જર સુથાર હતા. સં. ૧૮૬૦માં મહારાજ મેમકા પધાર્યા ત્યારે ત્યાંના ચાર ભક્તોને આજ્ઞા કરી હતી કે તમો વીસ દિવસમાં મેમકા છોડી બીજે જતા રહેજો. તે આજ્ઞા અનુસાર આધારાનંદ સ્વામીના પિતા હંસરાજભાઈ ખોલડિયાદ આવીને વસ્યા હતા.

અહીં આવી તેમણે મકાનના અર્ધા ભાગમાં મંદિર કર્યું અને અર્ધો ભાગ રહેણાક માટે રાખ્યો. મંદિરમાં થતાં ભજન અને કથાવાર્તાથી ગામમાં સત્સંગ પ્રવર્તતો ગયો. તેમનાં પત્ની પણ સંસ્કારી અને ચુસ્ત સત્સંગી હતાં. આધારાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ વીરજીભાઈ હતું. સંસાર પ્રત્યે તેઓ ઉદાસીન રહેતા, છતાં તેમનાં લગ્ન કર્યાં હતાં. તેમના વીતરાગી સ્વભાવથી તેમણે સંસાર છોડી સાધુની દીક્ષા લેવાનું નક્કી કરી દીધું. તેમના પિતા હંસરાજભાઈને પણ એવા જ વિચારો આવતા. પરંતુ પત્નીને વાત કરતાં પત્નીએ કહ્યું : "તમો જેમ સાધુ થવા ઇચ્છો છો, તેમ વીરજી પણ ઇચ્છે છે. માટે જે વધુ સેવા કરી શકે તે સાધુ થાય." હંસરાજભાઈને વીરજીભાઈના સંકલ્પની ખબર ન હતી. તેથી તેમને આ વાત સાંભળી આંચકો લાગ્યો. તેમણે વીરજીભાઈને સમજાવવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમનો નિશ્ચય અફર હતો.

પિતા-પુત્ર આ પ્રશ્ન ઉકેલવા મહારાજ પાસે ગઢડા ગયા. તેઓ પહેલાં સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને મળ્યા. તેમને પોતાની હકીકત કહી. મુક્તાનંદ સ્વામી પિતા-પુત્રને મહારાજ પાસે લઈ ગયા. મહારાજ બંનેનો વૈરાગ્ય જોઈ બંનેને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. પછી મહારાજે કહ્યું : "આ વીરજી સાધુ થાય અને તમે ઘેર રહીને ભજન કરો અને ગામમાં ભજન કરાવો." તે પ્રમાણે કહી મહારાજે વીરજી ભક્તને ત્યાં જ દીક્ષા આપી, આધારાનંદ સ્વામી નામ પાડ્યું. સત્સંગમાં બે આધારાનંદ સ્વામી હતા, એક ઉત્તર પ્રદેશના હતા તેમનું નામ છોટા આધારાનંદ હતું. આ મોટા આધારાનંદ સ્વામી શિલ્પવેત્તા અને કળાકારીગીરીમાં કુશળ હતા.

— શ્રીહરિચરિત્રામૃતસાગર; ભાગ-૧, પાન ૧૯.

૧૧૦. શ્રીહરિલીલામૃત : ૬-૨૧-૩૮.

શ્રીહરિએ સ્વપ્નમાં દર્શન દઈને આપેલ સૂચના મુજબ જેતલપુરમાં રામદાસ સ્વામીએ આ અઢારને દીક્ષા આપી એવો પણ ઉલ્લેખ છે.

પરમહંસો આ સાંભળી રહ્યા. પછી એક પરમહંસે કહ્યું : "પત્રમાં મહારાજની આજ્ઞા કાશી જવાની છે અને ભુજ જઈએ તો મહારાજ ઠપકો આપશે."

"એ મારે માથે. મને આજ્ઞા કરી છે કે તમને બધાને લઈને મારે ભુજ જવું. માટે ઠપકાની ચિંતા કરશો નહિ." રામદાસ સ્વામીએ કહ્યું.

રામદાસ સ્વામી રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય હતા. વયોવૃદ્ધ હતા. ત્યાગી સંતો અંગેનો તમામ વ્યવહાર મહારાજ તેમની સલાહ પ્રમાણે જ કરતા. મહારાજ તેમને ભાઈ કહેતા, એટલે સત્સંગમાં બહુધા તેઓ ભાઈ રામદાસને નામે જ ઓળખાતા હતા. નવા પરમહંસોને તેમનામાં વિશ્વાસ હતો. તેથી સૌએ તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાનું નક્કી કર્યું.

✧

મહારાજ ભાદરામાં એક માસ રહ્યા. પોતાના ધામસ્વરૂપ મૂળજી ભક્તનો મહિમા સૌને સમજાવ્યો. સૌ હરિભક્તોના કોડ પૂરા કર્યા. આસોની શરૂઆતમાં ત્યાંથી નીકળ્યા. કચ્છમાં જવા માટે ગામ પીંપળીયે પધાર્યા. ત્યાંથી રણ વટાવીને વાંઢિયા પધાર્યા. અહીં દેવજી ભક્તને ત્યાં મહારાજ ઊતર્યા. વાંઢિયામાં એક દિવસ રહીને મહારાજ લાકડિયા થઈને આધોઈ પધાર્યા.

મહારાજનું કચ્છમાં વિચરણ

આધોઈમાં મહારાજ લાધાજીના દરબારમાં ઊતર્યા. અહીં તેમણે લાલજી સુથારને દીક્ષા આપી હતી તેની તેમને સ્મૃતિ થઈ આવી. વૈરાગ્યમૂર્તિ લાલજી સુથારે શ્રીહરિની આજ્ઞાથી એક ક્ષણમાં જ ગૃહસ્થાશ્રમનો સ્વાંગ ત્યજી ત્યાગાશ્રમ સ્વીકારી લીધો તે પ્રસંગ મહારાજની આંખો સમક્ષ આવી ગયો. મહારાજની આંખો બંધ હતી, હાથમાં માળા હતી. તે જોઈ લાધાજી દરબારે મહારાજને પૂછ્યું : "મહારાજ ! અમે તો તમારા ભક્ત છીએ અને તમે ભગવાન છો તેથી અમે તો તમારી માળા ફેરવીએ છીએ. પણ તમે કોની માળા ફેરવો છો ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "દરબાર ! અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ. ભક્ત જેમ ભગવાનને ભૂલતા નથી, તેમ અમે પણ અમારા ભક્તોને ભૂલતા નથી. અહીં લાલજી સુથારે અમારા વચને દીક્ષા લઈ લીધી હતી. આવું કરવું કઠણ છે."

લાધાજી દરબારને આ પ્રસંગ યાદ આવી ગયો. તેમણે કહ્યું : "હા,

મહારાજ ! એ ખરેખર એવા વૈરાગ્યવાળા છે. આપના ગયા પછી તેમણે વૈરાગ્યનાં પદો ગાયાં તેથી આખા ગામને વૈરાગ્યનો રંગ ચડી ગયો હતો. તેથી કોઈ જગતડાહ્યાએ તેમને કહ્યું : 'સાધુરામ ! રાખો હવે. તમારાં પદ સાંભળીને તો આખું ગામ ત્યાગી થઈ જશે !' તેમની વાણીમાં આવું બળ છે."

"એ એવા છે તો બીજાને રંગ ચડી ગયો. પણ અંતરમાં જ વૈરાગ્યનું, ધર્મનું કે ભક્તિનું ઠેકાણું ન હોય તેનાથી બીજાને શું રંગ ચડે ? ઊલટા મોળા પડી જાય." મહારાજે કહ્યું. લાધાજીને મહારાજનો મહિમા સમજાયો. તેમનામાં ખરેખરા ભક્ત પ્રત્યે ભક્તિનો ભાવ હતો.

રાયધણજી તથા અદોજી એ બંને ભાઈઓએ મહારાજની સેવા બહુ કરી. રાયધણજીનાં માતુશ્રી જીજીબાઈએ તથા મોટીબાએ શ્રીહરિ તથા તેમની સાથેના સાધુ, પાર્ષદો અને હરિભક્તો માટે રસોઈ કરી સૌને ભાવપૂર્વક જમાડ્યા. પછી મહારાજ પોઢી ગયા.

અહીં મહારાજ સમક્ષ હરિભક્તોની સભા થઈ જતી. સૌ મહારાજ સામું સ્થિર દૃષ્ટિએ જોઈ રહેતા, વાતો સાંભળતા, એક ચિત્ત થઈ જતા. મહારાજ નદીએ નાહવા પધારે ત્યારે પણ મહારાજની સાથે ને સાથે જ સૌ રહેતા. બાઈઓ પણ મહારાજના આવવાની વાટ જોતી. આવા પ્રેમી ભક્તોને જોઈ મહારાજ આધોઈમાં થોડા દિવસો રહ્યા.

પછી મહારાજ ભચાઉ થઈને આ.સં. ૧૮૬૪ના આસો કૃષ્ણ પક્ષમાં ભુજમાં હીરજીભાઈને ત્યાં પધાર્યા. નવા પરમહંસોને મહારાજ અહીં દીક્ષા આપવાના છે તેથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી વગેરે સંતો પણ પોતપોતાનાં મંડળો સાથે આવી ગયા હતા.

મહારાજ હીરજીભાઈને ત્યાં સભામાં બિરાજ્યા હતા તે વખતે ત્યાં લાધીબાઈ તથા તેના ભાઈ શિવરામ મહેતા, હરજીવન મહેતા આવ્યા. તેમને સંકલ્પ થયો હતો કે "અહીં મહારાજ અન્નકૂટનો ઉત્સવ કરે તો આનંદ આવે."

તેમનો સંકલ્પ જાણીને મહારાજે કહ્યું : "શા સંકલ્પો કરો છો ?"

ત્યારે શિવરામભાઈ તથા હરજીવને કહ્યું : "મહારાજ ! અમારી ઇચ્છા છે કે અમારે ઘેર અન્નકૂટનો ઉત્સવ કરો. એવી અમારી વિનંતી છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "તમારી ઇચ્છા છે તો અન્નકૂટ ઉત્સવ તમારે ત્યાં કરીશું. થોડા દિવસમાં અહીં નવા પરમહંસો પણ આવશે. તેમને સૌને પણ

અન્નકૂટ સુધી અહીં રાખીને સુખ આપવું છે.''

પોતાના સંકલ્પને જાણીને મહારાજે અન્નકૂટ ઉત્સવ કરવાનું કહ્યું, તેથી શિવરામ મહેતા તથા હરજીવન મહેતાને અત્યંત આનંદ થયો. પોતાને ઘેર મહારાજ બિરાજશે, કથાવાર્તા થશે, પરમહંસોનાં દર્શન પણ થશે અને અન્નકૂટનો ઉત્સવ થશે. આ દિવ્ય સુખના વિચારથી તેમના અંતરમાં આનંદના ઓઘ ઊભરાયા. હીરજીભાઈને પણ આનંદ થયો કે મહારાજ ઉત્સવ કરશે, સંતો આવશે, હરિભક્તો આવશે. મહારાજનાં ચરણનો સ્પર્શ કરીને બોલ્યા : ''મહારાજ ! આપ તો ભક્તોના મનોરથ પરિપૂર્ણ કરવાનો સંકલ્પ કરીને જ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. આપની એ કૃપાના અધિકારી અમે બનીએ એવી દૃષ્ટિ અમારા ઉપર રાખજો.''

''અમારા સ્વરૂપની નિષ્ઠા દૃઢ રહેશે તો કૃપા પણ સદા રહેશે. નિષ્ઠામાં સંકલ્પ-વિકલ્પ થાય, કુતર્ક થાય તો અમે લાચાર બની જઈશું.'' મહારાજે કહ્યું.

મહારાજ ઉપદેશમાં હંમેશાં સ્વરૂપનિષ્ઠાની વાતો કરતા : ''આ સ્વરૂપની નિષ્ઠા દૃઢ રાખજો, સૌને વાત પણ એવી કરજો કે એ નિશ્ચયરૂપી ગર્ભનો પાત કદી ન થાય. શાસ્ત્રમાત્રનો આ સાર છે.''

શ્રીજીમહારાજ પરમહંસો, ભક્તોની સાથે રોજ હમીરસર તળાવે નાહવા પધારતા. ક્યારેક રઘુનાથજીને આરે જઈ સ્નાન કરતા, ક્યારેક પાવડીને આરે પણ સ્નાન કરતા તો ક્યારેક ઝંડાવાળા આરે પધારતા. એમ નિત્ય ત્યાં સ્નાન કરીને ત્યાંથી બાગમાં[૧૧૧] પધારતા.

એક દિવસ અહીં સ્નાન કર્યા પછી સભા થઈ ત્યારે સુંદરજીભાઈએ મહારાજને પ્રશ્ન પૂછ્યો : ''હે મહારાજ ! કેવળ વામનજીના ચરણના અંગૂઠાના સ્પર્શથી જ ગંગાજીનો કેટલો મહિમા પ્રવર્ત્યો છે જ્યારે આપ તો સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ છો, આપે ઘણી વાર આ સરોવરમાં આપના પરમહંસો સાથે સ્નાન કર્યું છે તો આ સરોવરનો કેવો મહિમા હશે ?''

હમીરસરનો મહિમા

''આ સરોવરનો મહિમા અપાર છે. અમે કહીએ તો પણ તે મહિમાનો અંત આવે તેમ નથી. અનંત ઋષિઓ, સિદ્ધો, દેવો તથા દેવાધિપતિઓ આ સરોવરનાં નિત્ય દર્શન કરવા આવે છે. આ સરોવરના જળનું પાન કરવાથી અનંત જન્મનાં

૧૧૧. આ બાગ 'નારાયણ બાગ'ને નામે ઓળખાય છે.

પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અહીં શ્રાદ્ધાદિક ક્રિયા કરવાથી પિતૃઓ વૈકુંઠ લોકને પામે છે. આ સરોવરમાં સર્વે તીર્થો આવીને વિરાજમાન થયાં છે."

શ્રીજીમહારાજ આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં મુકુંદ બ્રહ્મચારી આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે અને તમો તો હજુ વાતું કરો છો."

મહારાજ બ્રહ્મચારીની વાત સાંભળી ઊઠ્યા ને હસતાં હસતાં બોલ્યા : "આ બ્રહ્મચારી કહે એમ અમારે કરવું પડે છે."

મહારાજ સુંદરજીભાઈને ઘેર પધાર્યા. હીરજીભાઈ તથા સૌ હરિભક્તો પણ ત્યાં આવ્યા હતા. મહારાજને માટે બાજોઠ ઢાળી દીધો હતો. મહારાજ જમવા બેસતા હતા ત્યારે સુંદરજીભાઈએ મહારાજને કહ્યું : "મહારાજ ! અમારા ઉપર આપે બહુ કૃપા કરી."

✧

બીજે દિવસે સમાચાર આવ્યા કે ભાઈ રામદાસ સ્વામી અઢાર નવા પરમહંસોને લઈને આવે છે. આ સમાચાર મળ્યા એટલે મહારાજ એકદમ તેમની સામે જવા તૈયાર થઈ ગયા. જે સંતો-હરિભક્તો તૈયાર હતા તેમને પોતાની સાથે લીધા. સુંદરજીભાઈને તથા હીરજીભાઈને પણ સાથે લીધા. તેમને એટલી ઉતાવળ હતી. બીજાને કહ્યું : "તૈયાર થઈને ઝટ આવો."

ભીડના દરવાજા બહાર જે મલ્લવાળો વંડો કહેવાય છે[૧૧૨] ત્યાં મહારાજ પધાર્યા. અહીં મહારાજ સભા કરીને બિરાજ્યા. એક પાર્ષદને ઘોડા પર સામે મોકલ્યો. થોડી વારમાં તો તે પાર્ષદ મારતે ઘોડે પાછો આવ્યો. મહારાજને દંડવત્ કરી તેણે કહ્યું : "મહારાજ ! મંડળી સ્વામિનારાયણની ધૂન બોલતાં બોલતાં આવી રહી છે. માંચો, અલૈયો બધા ભગવાંમાં બહુ શોભે છે."

મહારાજ આ સાંભળી તરત જ ઊભા થઈ ગયા. મહારાજે સૌને કહ્યું : "ચાલો, આપણે સામે જવું જોઈએ. કોઈથી ન થઈ શકે એવું કામ કર્યું છે. જીત કરીને આવે છે."

આ સાંભળી સુંદરજીભાઈએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! શું માંચાખાચર, અલૈયાખાચર સાધુ થઈ ગયા ?"

"હા, ગામ, ગરાસ, સંપત્તિ, કુટુંબ બધાંનો ત્યાગ કરી અમારે વચને

૧૧૨. ભુજથી માધાપુર જતાં રસ્તામાં આ સ્થળ આવે છે. અહીં આરસની છત્રી કરી છે. આ પ્રસંગનો ત્યાં લેખ છે. આ સ્થાનમાં પછી શંકરનું મંદિર પણ થયું છે.

ભગવાં પહેરી લીધાં. આવા બે નથી પણ અઢાર આવે છે. સુખ-સંપત્તિ, લોકની મોટપ બધાંનો ત્યાગ કરી ચાલ્યા આવે છે.'' મહારાજે સૂચક દૃષ્ટિથી તેમની સામે જોતાં કહ્યું. સુંદરજીભાઈ આ સાંભળી ઊંડા ઊતરી ગયા. મહારાજે તેમનો હાથ પકડ્યો અને કહ્યુ : ''ચાલો, જે ખરેખરા દાસ થયા છે તેમના દર્શન કરવાં.''

મહારાજ સાથે સુંદરજીભાઈ પણ ઘોડે બેસીને ચાલ્યા. નવા પરમહંસો શિકારપુરનું રણ ઊતરીને ભચાઉ થઈ ધમડકે આવ્યા. ત્યાંથી ચાંદ્રાયણી અને ઘીણેટી થઈ ભુજનગર આવતા હતા.

મહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે

થોડે છેટે ગયા અને સામે પરમહંસની મંડળી દેખાણી. ઝાંઝ, પખાજ, કરતાલના નાદે 'સ્વામિનારાયણ'ના મંત્રનું ઊંચા સ્વરે ગાન કરતા, બ્રહ્મની મસ્તીમાં ડોલતા, મહારાજનાં દર્શનની ઉત્સુકતાથી ઉતાવળે ડગલે ચાલતા સૌ આવી રહ્યા હતા. મહારાજ તેમને જોઈને ઘોડા ઉપરથી એકદમ ઊતરી ગયા. ખભા ઉપરનો ખેસ ભેટે બાંધ્યો અને મહારાજ ત્યાં જ આ મંડળને દંડવત્ કરવા લાગ્યા. એક, બે, ત્રણ અને મહારાજ સામે પગલે એ રીતે દંડવત્ કરતા ચાલ્યા. બધા આશ્ચર્યવત્ જોઈ રહ્યા ! સ્વામી રામદાસે આ જોયું અને એકદમ દોડ્યા. મહારાજની પાસે આવીને મહારાજને પકડી લીધા. મહારાજને કહ્યું : ''મહારાજ ! આ તમે શું કરો છો ?''

''દંડવત્. મારા સંતોને, મારા ભક્તોને ! મારા વચને સગાં-સંબંધી, ગામ-ગરાસ, સાહ્યબી બધાંની મમતાનો એક ક્ષણમાં ત્યાગ કરી પરમહંસ બનીને આવ્યા છે તેમને હું દંડવત્ ન કરું તો બીજા કોને કરું ?'' મહારાજ ગદ્ગદ થઈને બોલ્યા. ''ભાઈ ! આ તો તેમણે ઈતિહાસ સર્જી દીધો છે.'' એટલું કહીને મહારાજ રામદાસ સ્વામીને ભેટી પડ્યા.

ધીરે ધીરે નવા પરમહંસો મહારાજને દંડવત્ કરી પાસે આવતા ગયા. મહારાજ બધાને ભેટતા ગયા. એટલામાં સુંદરજીભાઈએ પૂછ્યું : ''મહારાજ ! આ સુરોખાચર પણ પરમહંસ બન્યા ?''

મહારાજે કહ્યું : ''જેને જેને કલ્યાણની ગરજ હતી, અમને રાજી કરવા હતા તે બધા આવ્યા છે.''

સુંદરજીભાઈનું મોં પડી ગયું. તેમને બંધિયામાં મહારાજને કહેલા શબ્દો યાદ આવી ગયા. તેમને થયું કે હું તો રાજ્યનો એક સામાન્ય કારભારી જ્યારે

આ તો બધા ગામધણી. સંસાર મૂકીને સાધુ થઈ ગયા ! મને મારી મોટપનું માન આવી ગયું હતું જ્યારે આ બધા મોટપ છોડી નિર્માની થઈને આવ્યા છે.

એટલામાં મહારાજે અજા પટેલને જોયા. મહારાજે તેમને કહ્યું : "અજા પટેલ ! આવી ગયા ને ?" એમ કહી મહારાજે સુંદરજીભાઈને કહ્યું : "સુંદરજીભાઈ ! ધ્રાંગધ્રા રાજ્યની કચેરીમાં અજા પટેલની ખુરશી પડે એવા એ મોટા છે." ત્યાં તો અજા પટેલની પાસે કલ્યાણદાસને જોઈ મહારાજને આશ્ચર્ય થયું. મહારાજે તેમને કહ્યું : "તમારું નામ તો નો'તું લખ્યું."

એટલે અજા પટેલે કહ્યું : "મહારાજ ! એ તો 'આદિ'માં આવી ગયો. જુઓ, હજી મીંઢળ પણ બાંધેલું છે."

એટલે મહારાજે તેનું કાંડું પકડ્યું. મહારાજે કહ્યું : "આ મીંઢળ શાનું ?"

અજા પટેલે કહ્યું : "મહારાજ ! લગ્નના માંડવામાંથી આપનો કાગળ વાંચીને મીંઢળસોતો આવી ગયો."

આ સાંભળી મહારાજની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. મહારાજ થોડી વાર રહીને બોલ્યા : "અહો ! સત્સંગનો રંગ કેવો લાગી ગયો છે ? આ મીંઢળબંધો જુવાન, તેનું નામ નો'તું લખ્યું તો પણ આદિમાં આવી ગયો ! રંગ છે જુવાન ! રંગ છે તારી જનેતાને !" મહારાજે તેનો વાંસો થાબડતાં કહ્યું. "તેં તો અદ્‌ભુત કામ કર્યું !" એટલું કહીને મહારાજ તેને ભેટી પડ્યા.

સુંદરજીભાઈ, હીરજીભાઈ મહારાજની આ લીલા જોઈ રહ્યા. તેમનું મુખ શ્યામળું થઈ ગયું. તેમણે અહીં સુરા, અલૈયા, માંચા, મામૈયા, અજા વગેરે ગામધણીઓને સાધુના સ્વાંગમાં જોયા. જેમને ઘેર સદાવ્રતો ચાલે છે, જેમની ડેલીએ આવીને કોઈ નિરાશ થઈ પાછો જતો નથી એવા શૂરવીર, દાનેશ્વરી, મહારાજના સખા જેવા, આજે મહારાજના એક પત્રથી જ સંસાર છોડીને અહીં આવી ગયા ! મહારાજ પ્રત્યેની તેમની ભક્તિની આ પરાકાષ્ઠા હતી. મહારાજનું એ ઐશ્વર્ય હતું. જોતજોતામાં જીવના હૃદયમાંથી જગત કાઢી તેને નિર્વાસનિક બનાવી દેવો એ ભગવાનનું સાચું ઐશ્વર્ય છે !

સુંદરજીભાઈ મહારાજના પગમાં પડી ગયા. આંખમાં અશ્રુ સાથે તેમણે કહ્યું : "મહારાજ ! મને ક્ષમા કરો. આપના આ ઐશ્વર્યની, આ પ્રતાપની મને ખબર ન હતી. આપનો દાસ કહેવરાવી સાધુ થયો અને પાછો આપના વચને ભગવાં ઉતારી ગૃહસ્થ થયો તેમાં તો મને માન આવી ગયું હતું કે આવું તો હું જ કરી શકું, બીજાનું ગજું નહિ. પરંતુ આજે આપે મને અંતર્દૃષ્ટિ કરાવી દીધી.

આપના વચને આ રાજવીઓ, આ નવલોહિયો મીંઢળબંધો જવાન, સૌ ત્યાગી થઈ અહીં આવી ગયા, તે જોઈને મારું પાણી ઊતરી ગયું છે. આપ ખરેખર પુરુષોત્તમનારાયણ છો, ધારો તે કરી શકો તેવા સમર્થ છો.''

મહારાજે તેમને ઊભા કર્યા. પછી મંડળીને પૂછ્યું : ''પેલો મૂળજી કેમ ન આવ્યો ? તેનું નામ તો લખ્યું હતું.''

સંતોએ કહ્યું : ''મહારાજ ! એ એની સ્ત્રીની રજા લેવા ગયો તે પાછો આવ્યો જ નહિ.''

આ સાંભળી મહારાજે નિશ્વાસ નાખ્યો. પછી બોલ્યા : ''સ્ત્રીમાં આસક્તિ એ કલ્યાણના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન કહેવાય. આપણે તો તેની એ આસક્તિ તોડાવવી હતી પણ તે શૂરવીર ન થયો એટલે હવે તે તેનું ભાગ્ય ભોગવે.''

મહારાજ બધા જ નવા પરમહંસોને ભેટ્યા. તેમને ખબર ન પડે તેમ નીચા વળીને તેમના ચરણની રજ પણ લઈ લીધી. આ રીતે જેમ કાલવાણીમાં પાંચસોને શિખા, સૂત્રનો ત્યાગ કરી અલક્ષ્યપણે વર્તવાનો ઉપદેશ આપી ફક્ત એક જ રાતમાં પરમહંસની દીક્ષા આપી દીધી હતી તે જ પ્રમાણે અહીં ભુજમાં અઢાર ભક્તો કેવળ પત્ર દ્વારા મહારાજની આજ્ઞા સાંભળી સંસારનો ત્યાગ કરી પરમહંસ બની ગયા તે જેવો તેવો ત્યાગ ન કહેવાય !

પછી મહારાજને રામદાસ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! આમને ભગવાં પહેરાવ્યાં પણ કાંઈ નામ આપ્યાં છે કે નહિ ?''

રામદાસ સ્વામી તરત જ હાથ જોડી બોલ્યા : ''હા મહારાજ ! આપે લખ્યા પ્રમાણે નામ આપ્યાં છે. માંચાખાચર એ અચ્યુતાનંદ, ઝિંઝાવદરના અલૈયાખાચર એ નિષ્કામાનંદ, શિયાણીના લાધા શેઠ એ યોગેશ્વરાનંદ, મેથાણના અજા પટેલ એ પૂર્ણાનંદ, બંધિયાના દરબાર મૂળુભાઈ એ ત્યાગાનંદ, બોટાદના માતરા ધાધલનું નામ નિર્માનાનંદ - એ પ્રમાણે નામ આપ્યાં છે. ફક્ત કડુના આ કલ્યાણદાસ 'આદિ'માં આવ્યા તેથી તેમનું નામ આપ્યું નથી.''

મહારાજ આ સંભળી બહુ જ રાજી થયા. પછી મહારાજ નવા પરમહંસો સાથે મલ્લને વંડે પધાર્યા.[૧૧૩]

અહીં મહારાજે સુંદરજીભાઈ, હીરજીભાઈ, જેઠીમલ્લ, ગંગારામ આદિ હરિભક્તોની આગળ વાત કરતાં કહ્યું : ''પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ અને

૧૧૩. શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ; લેખક : અદ્‌ભુતાનંદ સ્વામી, વાર્તા ૨૯.
– સંપાદક : શા. હરિજીવનદાસ, વડતાલ.

અર્જુનને જ્ઞાન આપી કહ્યું હતું કે તમો બદરિકાશ્રમમાં જઈને તપ કરો. પણ તેમણે માન્યું નહિ. તેવું માયાનું બળ છે. પરંતુ આ સમયમાં અમારા એક પત્રથી જ અઢાર સદ્‌ગૃહસ્થો ગામ, ગરાસ ને સંસાર છોડીને પરમહંસની દીક્ષા લઈ અમને ભગવાન જાણી અત્રે આવી મળ્યા એ અમારો કેટલો મહિમા જાણ્યો હશે તે કાંઈ કહી શકાતું નથી. કહેવત છે કે

કહેણી મીસરી ખાંડ હે, રહેણી તાતા લોહ;
કહેણી કહે ને રહેણી રહે, એસા વિરલા કો'ક.[૧૧૪]

પછી મહારાજે હીરજીભાઈને કહ્યું : "હીરજીભાઈ ! આજે તો કંસારનાં આંધણ મુકાવો. આજે આ નવા પરમહંસોને અને બધાને ધારે કંસાર પીરસવો છે. આજના જેવો બીજો કયો શુભ દિવસ ગણાય ?"

મહારાજની આજ્ઞા પ્રમાણે હીરજીભાઈએ રસોઈ તૈયાર કરાવી. મહારાજ પોતે જમવા બિરાજ્યા. કંસાર જમ્યા અને પછી નવા પરમહંસોને તથા સૌ સંતો-હરિભક્તોને પોતે જાતે કંસાર અને ઘી પીરસ્યાં.

જમ્યા પછી મહારાજે સભા કરી. શ્રીજીમહારાજને આજે આ નવા પરમહંસોનો મહિમા સૌને સમજાવવો હતો. હીરજીભાઈ સુંદરજીભાઈને ઘણી વાર કહેતા કે જેને ખાવા ન મળે, રહેવા ઘર ન હોય, તેવા સાધુ થાય, આપણને શાની કમીના છે ? માટે મહારાજ કદાચ સાધુ થવા કહે તો પણ સાધુ તો ન જ થવું. મહારાજે આ જાણ્યું હતું. તેમને સમજાવવું હતું કે જેના અંતરમાં આ સંસારનાં બંધનમાંથી છૂટી મોક્ષની તીવ્ર ઇચ્છા હોય, જેને પોતાના ઇષ્ટદેવનો અપ્રતિમ મહિમા હોય, તે રાજ્યનું કે મોટાઈનું બંધન છોડીને સંસારનો ત્યાગ કરી જ દે. પરંતુ જેના અંતરમાં જગમોટાઈ હોય તેનાથી મોક્ષમાર્ગે ચાલી શકાય જ નહિ.

ત્યાગનું સાચું સ્વરૂપ

મહારાજે તેથી સભામાં વાત કરતાં કહ્યું : "સાંભળો, આ નવા પરમહંસો અહીં સંસારનું બંધન તોડીને આવ્યા તે કાંઈ જેવી તેવી વાત ન કહેવાય. શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધના એકવીસમા અધ્યાયમાં સાંખ્ય, યોગ અને આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ઉદ્ધવજીને આપ્યું. પછી છેવટે તેમને કહ્યું કે 'આ દ્વારિકાપુરી હું આઠ દિવસમાં બોળી દઈશ માટે તમો ઘરનો ત્યાગ કરીને

૧૧૪. આ પ્રસાદીસ્થાને જે છત્રી કરી છે ત્યાં લેખમાં ઉપર પ્રમાણેના શબ્દો છે.

નીકળી જજો.' પરંતુ તેમને આટલું જ્ઞાન સાંભળ્યા પછી પણ ઘરનો, સંબંધીઓનો ત્યાગ કરવાનું કઠણ પડ્યું. અર્જુનને તપ કરવાનું કહ્યું પરંતુ એ વચન પણ તેમનાથી મનાયું નહિ. સંસારનું બંધન તોડવું અતિ દુષ્કર છે. તે બંધન મુખ્યત્વે તો સ્ત્રીરૂપે છે. તે માયામાં સૌભરી, એકલશૃંગી, પરાશર ફસાયા. નારદજી ભગવાનનું મન કહેવાયા પરંતુ તેમને પણ આ બંધનમાં પડવાની ઇચ્છા થઈ. બ્રહ્માથી લઈને પ્રધાન પુરુષ આદિ સર્વેને આ મૂળ માયાએ વશ કરી લીધા છે. આ મૂળ માયાનાં બંધનથી જીવોને છોડાવવા અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા અમો અમારા અક્ષરધામ અને મુક્તો સાથે પ્રગટ થયા છીએ. તેથી જ આજે કેવળ અમારા પત્રથી જ આ મુક્તોએ સંસારનું બંધન કાપી નાખ્યું અને પરમહંસ થઈને અહીં આવી ગયા.

"આ બધામાં કેટલાક રાજવીઓ છે, કેટલાક જાગીરદારો છે અને કેટલાક રાજ્યકારભારીઓ પણ છે. પરંતુ તેમને સૌને અમારા વચનમાં અતિ અપાર વિશ્વાસ છે. તેથી અમારા વચને એ બધાનો તેમણે ત્યાગ કરી દીધો છે. આગળ ઘણાએ સંસારનો ત્યાગ કર્યો પણ સ્ત્રી અને ધનનો ત્યાગ નથી કર્યો, સગાં-સંબંધીઓની મમતાનો ત્યાગ નથી કર્યો, દેહના ભાવથી કદી પર નથી થયા. તેથી તેમના ત્યાગમાં વિઘ્નો આવ્યાં. આવા ઘણા ઉલ્લેખો આપણા પુરાણોમાં છે."

મહારાજને સાચા ત્યાગીનું સ્વરૂપ સમજાવવું હતું. આ પ્રકારનો ત્યાગ કઠણ છે અને છતાં શ્રીજીમહારાજનો જો દૃઢ આશ્રય હોય તો સરળ પણ છે. ફક્ત ભગવાં વસ્ત્રો પહેરવાથી ત્યાગી થવાતું નથી. તેને માટે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એ પંચવ્રતના પાલનની આવશ્યકતા છે, બ્રહ્મના સંગે બ્રહ્મભાવ પામવાની જરૂર છે. મહારાજનું હાર્દ સૌ સમજી ગયા.

સંતદાસજી બદરિકાશ્રમમાં ગયા

બીજે દિવસે મહારાજ હમીરસર તળાવે સૌ સંતો તથા નવા પરમહંસોને લઈને પધાર્યા. સ્નાનવિધિ કર્યા પછી સૌ મહારાજ સન્મુખ બેઠા. ત્યારે એક જણે પૂછ્યું : "સંતદાસજી ક્યાં ? તે પાણીમાંથી નીકળ્યા નથી !"

તે સાંભળી મહારાજે કહ્યું : "સંતદાસની ફિકર કરશો નહિ. તે તો બદરિકાશ્રમમાં ગયા છે."

તે સાંભળી એક સાધુએ કહ્યું : "અરે મહારાજ ! અમારી સૌની સાથે તે આ સરોવરમાં નાહવા પડ્યા હતા. બદરિકાશ્રમમાં ક્યાંથી જાય ?"

આ સાંભળી મહારાજ મર્માળું હસ્યા. તેમણે કહ્યું : "તે તો સરોવરમાંથી જ સીધા બદરિકાશ્રમમાં ગયા છે !"

તુમ ક્યા જીવનમુક્તા હૈ ?

મહારાજ અહીં વડ નીચે સભામાં વાતો કરતા હતા. તે વખતે ખાખી બાવાઓનું ઝુંડ ત્યાં આવ્યું. મહારાજ અને સાધુનું મંડળ જોઈ તેઓ ત્યાં આવ્યા અને કહ્યું : "નમો નારાયણ સંતો ! કહાં કી મંડળી હે ?"

કોઈ જવાબ આપે તે પહેલાં જ મહારાજે કહ્યું : "નમો નારાયણ, મહંતજી ! કુછ ખાના પાએગા ?"

તરત જ તેમણે કહ્યું : "રામજી કી મરજી હૈ તો પાવેગા."

એટલે મહારાજે ગંગારામ મલ્લ પાસે જલેબી, સાટા તથા બીજાં પકવાન્નો મંગાવ્યાં. તે બધાં પકવાન્નો લઈ મલ્લ આવ્યા. એટલે મહારાજ ઊઠ્યા. મલ્લ પાસેથી મીઠાઈ લઈ બાવાઓને આપવા ગયા. ત્યારે તે મહંતે પૂછ્યું : "તુમ ક્યા જીવનમુક્તા હૈ ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "હા, અમે જ જીવનમુક્તા છીએ."

આ સાંભળી ખાખીઓ બોલ્યા : "તબ તો હમ નહિ જીમેગા."

મહારાજે કહ્યું : "ભલે, તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો." એમ કહી મહારાજે ગંગારામ મલ્લને કહ્યું : "તમે આ પકવાન્નો લઈ જાઓ અને ઘેર સૌને જમાડજો."

તરત જ મલ્લે કહ્યું : "મહારાજ ! આપ ઘેર પધારો, અમારી મલ્લ-કુસ્તી નિહાળો પછી અમે સૌ જમીશું."

મહારાજે કહ્યું : "ભલે."

મહારાજ ત્યાંથી સીધા ગંગારામ મલ્લને ઘેર પધાર્યા. ગંગારામે નથુના આંગણામાં મલ્લકુસ્તીની રમત રાખી હતી. મહારાજ ત્યાં પધાર્યા. ઓટલા ઉપર ઢોલિયો ઢાળી દીધો. તે ઉપર મહારાજ બિરાજ્યા. પછી મહારાજે ગંગારામને કહ્યું : "પહેલાં દૂધ, સાકર અને ભાત કરાવો પછી મલ્લકુસ્તીની રમત કરો." મહારાજને સાથેના સૌ સતો-ભક્તોને પણ જમાડવા હતા.

મહારાજ મલ્લકુસ્તીના દાવ બતાવે છે

મલ્લકુસ્તીના દાવ શરૂ થયા. મહારાજ રસપૂર્વક રમત નિહાળી રહ્યા

હતા. વચ્ચે વચ્ચે રમતના દાવપેચ પણ બતાવતા હતા. તેથી ગંગારામે પૂછ્યું : "મહારાજ ! આપ દાવ જાણો છો ?"

મહારાજે હસીને કહ્યું : "અમે અયોધ્યામાં મલ્લકુસ્તી કરતા. મોટા મોટા મલ્લોને હરાવ્યા છે."

આ સાંભળી ગંગારામ મલ્લને હસવું આવ્યું. તેને થયું કે આ સુકલકડી શરીર મલ્લોના થાપા શી રીતે સહન કરી શકતું હશે ? ગમ્મતમાં મહારાજને કહ્યું : "મહારાજ ! ત્યારે તો આજે આપણે તમારા દાવપેચ જોઈએ." એમ કહી પોતાનો હાથ મહારાજના હાથમાં મૂક્યો. પછી મહારાજને કહ્યું : "મહારાજ ! તમારામાં જેટલું જોર હોય તેટલા જોરથી મારો હાથ પકડી રાખજો. હું એક જ ઝાટકામાં છોડાવી દઉં છું."

મહારાજે ગગારામનો હાથ પકડ્યો. પકડતા પકડતા મહારાજે કહ્યું : "ગંગારામ ! તમારો હાથ એટલો જાડો છે કે મારી મુઠ્ઠીમાં આવતો નથી."

ગંગારામ હસ્યા અને કહ્યું : "તેથી તો કહું છું કે મલ્લકુસ્તીના દાવપેચ તમો બતાવો છો તે બરોબર, પણ તે કરવા કઠણ છે."

એટલે મહારાજે કહ્યું : "છતાં તમે જુવો તો ખરા કે અમે તમારો હાથ પકડી રાખી શકીએ છીએ કે નહિ." એમ કહી મહારાજે જોરથી ગંગારામનો હાથ પકડ્યો. ગંગારામે એક ઝાટકો માર્યો. પરંતુ મહારાજની પકડ મજબૂત લાગી. મહારાજે કહ્યું : "મલ્લ ! બીશો નહિ. જેટલું જોર કરી શકાય એટલું કરો."

ગંગારામે જબ્બર જોર કરી બીજો ઝાટકો માર્યો પણ મહારાજની પકડમાંથી તે તસુ એક પણ હલ્યો નહિ. તેને પરસેવો વળી ગયો. તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! હવે એક જ ઝાટકો મારું છું પણ તમો બીજે હાથે આ ઢોલિયાની ઈસ પકડી રાખજો, નહિ તો ઊથલી પડશો." આ રમત બધા રસપૂર્વક નિહાળી રહ્યા હતા.

મહારાજે કહ્યું : "ઢોલિયાની ઈસ પકડવાની જરૂર નથી. તમે સંભાળજો. કદાચ તમારો હાથ ઊતરી જશે." એટલામાં તો ગંગારામે જોરથી ઝાટકો માર્યો અને તે સાથે જ કડાકો થયો. તેનો હાથ ઊતરી ગયો ! મહારાજની પકડ મજબૂત હતી, તેમનું આસન સ્થિર હતું. મલ્લ એકદમ મહારાજના ચરણમાં નમી પડ્યો.

મહારાજે કહ્યું : "હવે અમારો હાથ તમે પકડો અને જુવો અમારી રમત."

ગંગારામને આ દાવ ઠીક લાગ્યો. તેને થયું કે મહારાજ તેમનો હાથ મારા હાથમાંથી છોડાવી નહિ જ શકે. તેથી તેમણે બીજે હાથે મહારાજનો હાથ જોરથી

પકડ્યો. મહારાજે ઢોલિયા ઉપર બેઠા બેઠા જ એક ઝાટકો માર્યો અને ગંગારામ એકદમ ઊથલી પડ્યા. આખી સભા ખડખડ હસી પડી. ગંગારામ ઝંખવાણા પડી ગયા. પણ તરત જ મહારાજના ચરણમાં પડી ગયા. મહારાજે તેના બંને હાથે હાથ ફેરવ્યો. તેમની વેદના ધીમી પડી ગઈ.

પછી મહારાજે કહ્યું : ''હવે સૌ જમવા બેસો. અમે સૌને પીરસીએ.''

ત્યારે ગંગારામે કહ્યું : ''મહારાજ ! પહેલાં આપ જમવા બેસો. આપને જમાડ્યા સિવાય અમારાથી ન જમાય.''

મહારાજે કહ્યું : ''તમારો આ હાથ ઊતરી ગયો છે, વળી વેદના પણ થાય છે તેથી તમો સૌ પહેલાં જમો.''

આ સાંભળી ગંગારામે કહ્યું : ''મહારાજ ! એ તો ભગવાન પાસે ગર્વ રાખ્યાનું ફળ મને મળ્યું છે, પણ આપની દૃષ્ટિથી વેદના મટી ગઈ છે. માટે આપ પહેલાં જમો. અમે સૌ દર્શન કરીએ.''

મહારાજ હાથ-પગ ધોઈ જમવા બિરાજ્યા. મહારાજને જેઠી તથા ગંગારામ બંને પીરસવા લાગ્યા. મહારાજને બહુ તાણ કરીને તેમણે જમાડ્યા. સૌ હરિભક્તો, સંતોને ગંગારામે તથા જેઠીએ પ્રેમથી જમાડ્યા. સૌ જમીને મહારાજ પાસે આવ્યા.

જગજીવન મહેતા

કચ્છમાં તે સમયે કચ્છના કારભારી જમાદાર ફત્તેહમહમ્મદના હાથ નીચે વીસનગરના નાગર બ્રાહ્મણ જગજીવન વેણીરામ મહેતા કામ કરતા હતા. તે ખૂબ જ મુત્સદ્દી અને કાર્યદક્ષ હતા. પરંતુ દેવીભક્ત હોવાથી તેમના અંતરમાં સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે ઘણો જ દ્વેષ હતો. વળી, સ્વામિનારાયણને તેમના ભક્તો ભગવાન કહેતા તે વધારે અજુગતું લાગતું. તેમના હાથ નીચે કામ કરતા સુંદરજીભાઈને તે વારંવાર કહેતા : ''તમારા સ્વામિનારાયણ વિદ્વાન છે, ચાલાક છે પણ છતાં ભગવાન તો નથી જ.''

સુંદરજી તે વાત સાંભળી રહેતા પણ જવાબ ન આપતા. તે જાણતા કે જગજીવન તામસી છે, પોતાને દેવીભક્ત કહેવરાવે છે છતાં ભક્તિ શું છે તે જાણતા નથી.

જગજીવન મહેતાએ સં. ૧૮૬૩ના કાર્તિક મહિનામાં ભુજમાં હાટકેશ મહાદેવનું દેવાલય બંધાવ્યું હતું. તે દેવાલયની બાજુમાં બગીચો કરાવ્યો હતો. તે

બગીચાનાં ફૂલ તે મહાદેવ ઉપર હંમેશાં ચઢાવે. એક દિવસ ફૂલ ન મળ્યાં એટલે તરત જ તેમણે માળીને પૂછ્યું : "આજે ફૂલ કેમ ન મોકલ્યાં ?"

માળીએ ધ્રૂજતાં ધ્રૂજતાં હાથ જોડીને કહ્યું : "સુંદરજીભાઈએ આજે બધાં ફૂલ મંગાવી લીધાં છે. તેમને ઘેર સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે."

આ સાંભળી જગજીવન ધૂંધવાયા. સ્વામિનારાયણ પ્રત્યેનો તેનો દ્વેષ આ પ્રસંગથી વિશેષ વધ્યો. નવરાત્રથી તેમણે યજ્ઞ આદર્યો હતો. દેશોદેશના વિદ્વાન બ્રાહ્મણોને તેડાવ્યા હતા. પૂર્ણાહુતિને દિવસે યજ્ઞમાં મહાબલિ હોમવા માટે પશુહિંસા પણ મોટા પ્રમાણમાં થવાની હતી. શાક્તપંથી અને વામમાર્ગી બ્રાહ્મણો હિંસામય યજ્ઞો વેદમાન્ય છે તેવું પ્રતિપાદન કરતા અને આ પ્રકારના યજ્ઞો કરવામાં યજમાનોને પ્રોત્સાહન આપતા. તેઓ યજ્ઞની પ્રસાદી જમતા. સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં બ્રાહ્મણો માંસભક્ષણ કરવામાં અને મદિરાપાનમાં કશું અજુગતું જોતા નહિ. આવા બ્રાહ્મણો જગજીવનના યજ્ઞમાં આચાર્યો બની જુદા જુદા દેવતાનાં સ્થાનકોમાં બેસી ગયા હતા !

મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા[૧૧૫]

જગજીવનને લાગ્યું કે સ્વામિનારાયણનો પરાભવ કરવાનો, અપમાન કરવાનો આ સુંદર પ્રસંગ છે. આજે દેશભરના વિદ્વાન બ્રાહ્મણો તેને આંગણે આવ્યા છે. સ્વામિનારાયણની વિદ્વત્તા તેમની આગળ ઝાંખી પડી જશે, તે અપમાનિત થઈ જશે. તેથી શ્રીહરિને આ પ્રસંગે યજ્ઞમાં આવવા આમંત્રણ મોકલ્યું. જગજીવનના માણસને જોઈ સુંદરજીભાઈએ મહારાજને એકાંતમાં કહ્યું : "મહારાજ ! જગજીવન મહાપાપી અને અસુર છે. તેને ત્યાં આ પ્રસંગે જવું તે મને યોગ્ય લાગતું નથી."

શ્રીહરિએ તેમની વાત શાંતિથી સાંભળી અને કહ્યું : "સુંદરજીભાઈ ! યજ્ઞ-યાગાદિ જેવા શુભ પ્રસંગે તો વગર બોલાવ્યે પણ જવું જોઈએ. જ્યારે આપણને તો આમંત્રણ મળ્યું અને વળી દીવાનના માણસ તેડવા પણ આવ્યા છે, માટે હવે તો ગયા સિવાય છૂટકો જ નથી."

શ્રીહરિ એટલું કહી સુંદરજીભાઈને તથા થોડા હરિભક્તો અને સંતોને લઈને જગજીવન મહેતાએ આદરેલા યજ્ઞમાં પધાર્યા. શ્રીહરિ યજ્ઞશાળામાં

૧૧૫. હરિલીલામૃત; ૫-૨૨માં તથા સત્સંગિજીવન; ૨-૧૯માં આ.સં. ૧૮૬૦માં જગજીવન મહેતાએ યજ્ઞ કરાવ્યો એવો પણ ઉલ્લેખ મળી આવે છે.

પધાર્યા એટલે જગજીવનના ભાઈ કુબેરજી એકદમ ઊભા થઈને શ્રીહરિ સન્મુખ આવ્યા. શ્રીહરિનું યથાયોગ્ય સ્વાગત કર્યું અને પછી બે હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "મહાપુરુષ ! આપ આ નગરમાં બિરાજો છો તો હવે અમારો યજ્ઞ સંપૂર્ણ થાય ત્યાં સુધી રહેજો. આપની તમામ વાતે અમે સંભાવના કરીશું."

શ્રીહરિ તેમનાં આ વિનયવચન સાંભળી રહ્યા. પરંતુ યજ્ઞશાળામાં બાંધેલા પશુઓનું આક્રંદ સાંભળી શ્રીહરિને ધ્રુજારી છૂટી ગઈ. તેમણે જોયું કે હું અહીં રહીશ તો મારી જ હાજરીમાં આ નિર્દોષ પશુઓનો વધ અહીં થશે.

તેમણે કુબેરજી તથા યજ્ઞશાળામાં વિધિ કરાવતા બ્રાહ્મણોને સંબોધીને કહ્યું : "સજ્જનો ! તમે મને અહીં આમંત્રણ આપી બોલાવ્યો છે પરંતુ અહીં તો પશુહિંસા થવાની છે તે હું જોઈ રહ્યો છું. બુદ્ધિમાન મનુષ્ય જો આવા કોઈ પ્રસંગમાં હાજર રહે, તો તેણે શાસ્ત્રસંમત સત્ય વચન કહેવાં જ જોઈએ અને જો તે ન કહે તો તે પણ એ પાપમાં ભાગી ગણાય."

શ્રીહરિના આ શબ્દો સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા ! આવો મહાન યજ્ઞ, આટલા બધા વિદ્વાન બ્રાહ્મણોની હાજરી, રોજ થતું બ્રહ્મભોજન અને રોજ બ્રાહ્મણોને અપાતી દક્ષિણા - આટલાં બધાં શુભ કાર્યો થતાં હતાં, છતાં આમાં અશુભ શું છે ? શાસ્ત્રબહાર શું છે કે જેથી સ્વામિનારાયણને આવા શબ્દો કહેવા પડે છે ? જાણે આ બધા જ પુણ્યકાર્યની તુલનામાં પશુહિંસા તેમને નહિવત્ લાગતી હતી ! તેમણે તો એને પણ પુણ્યકાર્ય જ માન્યું હતું.

શ્રીહરિના આ શબ્દો સાંભળી જગજીવન તથા તેના ભાઈ રામચંદ્ર અને તે વિધિ કરાવતા બ્રાહ્મણો પણ શ્રીહરિ પાસે આવી ગયા. શ્રીહરિએ કુબેરજીને કહ્યું : "તમો કહો છો કે આ બ્રાહ્મણો પવિત્ર છે, વિદ્વાન છે, તો તેઓ પશુહિંસા કેવી રીતે કરાવશે ? યજ્ઞમાં હિંસાનો નિષેધ આપણાં તમામ શાસ્ત્રોમાં છે. જો બ્રાહ્મણો પશુહિંસા કરાવશે, તો તેમનું બ્રાહ્મણત્વ નષ્ટ થઈ જશે."

બ્રાહ્મણો શ્રીહરિના શબ્દો સાંભળી રહ્યા. તેમની વિદ્વત્તા શ્રીહરિની પ્રતિભાના ઓજસમાં ઢંકાઈ ગઈ. વિદ્વત્તાથી પણ પશુહિંસા વેદમાન્ય છે એવું તેઓ પુરવાર કરી શકે તેમ ન હતું. તેથી તેઓ કાંઈ બોલી શક્યા નહિ. તેમને ડર લાગ્યો કે આ પુરુષને શાસ્ત્રાર્થમાં જીતી શકાય તેવું નથી. શ્રીહરિએ તેમને વિચાર કરતા કરી દીધા. તેઓ કંઈ પણ વિશેષ બોલે તે પહેલાં જ શ્રીહરિએ બ્રાહ્મણત્વનાં લક્ષણો સમજાવતાં તેમને કહ્યું "સજ્જનો ! યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, વશિષ્ઠ સ્મૃતિ તેમજ અન્ય સ્મૃતિઓમાં બ્રાહ્મણત્વનાં લક્ષણો

કહ્યાં છે. અહિંસા, નિત્ય સપત્નિક અગ્નિહોમમાં રહેવાપણું, દાતાપણું આ સર્વે બ્રાહ્મણત્વનાં લક્ષણો છે. યાજ્ઞવલ્કય સ્મૃતિ પણ કહે છે કે કેવળ વિદ્યા કે તપથી બ્રાહ્મણપણું આવતું નથી. પરંતુ જો તેની સાથે બ્રાહ્મણત્વના આચાર હોય, તો જ તેને બ્રાહ્મણ કહી શકાય છે.[૧૧૬] બ્રાહ્મણત્વનાં લક્ષણોમાં આચરણ મુખ્ય છે, હિંસા વર્જ્ય છે."

શ્રીહરિનાં આ વચનો સાંભળી જગજીવનને લાગ્યું કે આ તો આ યજ્ઞમાં વિઘ્ન નાખવા આવ્યા છે. પોતાના કાર્યમાં વિઘ્ન નાખનાર હજુ સુધી તેને કોઈ મળ્યો ન હતો. આ સ્વામિનારાયણે આજે સભામાં બ્રાહ્મણોનાં ઊધડાં લીધાં. તેમના ગુસ્સાએ માઝા મૂકી. તેમણે કહ્યું : "આ બધા જ વિદ્વાન બ્રાહ્મણો છે. તેઓ સર્વે આ યજ્ઞની પ્રવૃત્તિ અહીં કરાવી રહ્યા છે, તે શાસ્ત્રમાન્ય નથી અને ફક્ત તમે એક જ પૃથ્વી ઉપર શાસ્ત્રોના અર્થને સમજનારા છો ?"

શ્રીહરિને આજે સત્ય સમજાવવું હતું. એ સત્ય સમજાવતાં અપ્રિય થવાનું હતું. છતાં તેઓ તો તેના આગ્રહી હતા. તેમને કોઈ રીતે હિંસામય યજ્ઞનો વિરોધ કરવો જ હતો. તેમણે કહ્યું : "જગજીવન ! જે બ્રાહ્મણો હિંસાનું પ્રતિપાદન કરે છે, તે વેદનું તાત્પર્ય જાણતા જ નથી. તમારા દુરાગ્રહથી તમે કદાચ આ યજ્ઞમાં આ પશુઓનો વધ કરી તેમનું બલિ હોમશો તો એમાં તમારો અંતે વિનાશ જ થશે."[૧૧૭] એટલું કહી શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા. જગજીવન દાંત કચકચાવતો રહ્યો. તેનો ગુસ્સો તેની આંખમાં તથા શરીરના કંપમાં દેખાવા લાગ્યો.

---

૧૧૬. अहिंसानिरतो नित्यं जुह्वानो जातवेदसम् ।
सदारो निरतो दाता सर्वो ब्राह्मण उच्यते ॥ (यमस्मृति)
न विद्यया केवलया तपसा वापि पात्रता ।
यत्र वृत्तिमिमे चोभे तद्धि पात्रं प्रकीर्तितम् ॥ (याज्ञवल्क्य स्मृतिः)
आचाराध्याये-दान प्रकरणम् २००

૧૧૭. ફત્તેહમહમ્મદના પુત્ર હુસેનમિયાં અને ઈબ્રાહિમ મિયાં કચ્છનો રાજ્ય કારભાર દીવાન જગજીવન મહેતાની સલાહ અનુસાર કરતા. ઈબ્રાહિમ મિયાંનો સ્વભાવ આકરો હતો. તેનામાં લશ્કરી ઝનૂન ઘણું હતું. જગજીવન મહેતા તેને ઘણી વાર ઉતાવળું પગલું ભરવા રોકતો ત્યારે ઈબ્રાહિમ મિયાં તેના ઉપર રોષ કરતો અને ધમકાવતો. એટલું જ નહિ પણ પોતાની માતા જમાલબાઈ જે તેને રાજ્ય કારભારમાં સલાહ આપતી તેની પાસે તેને ઠપકો અપાવતો. છતાં જગજીવન મહેતા તેની જૂની રીતે જ વળગી રહેતો.

આખરે ઈબ્રાહિમ મિયાંએ જગજીવન મહેતાનું ખૂન કરવાની કોશિશ કરવા માંડી.

શ્રીહરિ સુંદરજીભાઈની સાથે તેમને ઘેર આવ્યા. અહીં તેમણે સુંદરજીભાઈને કહ્યું : "જુઓ, જગજીવનથી જરાય બીશો નહિ. રાવણ, કંસ અને શિશુપાળની જડ ઊખડી ગઈ છે. માટે ભગવાનને સર્વકર્તા માની નીડરપણે રાજ્યનો કારભાર કરજો."

✧

તે સાંજે મહારાજ ભુજથી માનકૂવા પધાર્યા. માનકૂવામાં એક રાત્રિ રહ્યા અને બીજે દિવસે ત્યાંથી નીકળી મહીદાસની વાડીએ પધાર્યા. અહીં મહીદાસનો સાથી વિશ્રામ વાડીમાં કામ કરતો હતો. શ્રીહરિ વિશે દૃઢ નિષ્ઠાવાળા આ ભક્તને સંસાર એ સાલ છે એવુ લાગતું. એ બંધનમાંથી ક્યારે છૂટી જવું તેના જ વિચારમાં તે રાત-દિવસ રહેતા. શ્રીહરિ પોતાની વાડીએ પધાર્યા તેથી વિશ્રામ ભક્તને ખૂબ જ આનંદ થઈ ગયો. શ્રીહરિની સરભરા માટે તે આમતેમ દોડવા લાગ્યો. પરંતુ વાડીમાં કશું સાધન ન મળ્યું. એટલે થાકીને શ્રીહરિ સન્મુખ દંડવત્ કરીને બેસી ગયો.

પણ મહેતાની આસપાસ આરબ પહેરેગીરો રાત-દિવસ કિલ્લાની માફક ખડા રહેતા હોવાથી તે ફાવે તેમ ન હતું. ઈબ્રાહિમ મિયાંએ આખરે આરબ પહેરેગીરોને પણ મોટી લાંચ આપી ફોડ્યા. જગજીવન મહેતાના ઘરની આસપાસ ઘેરો ઘાલીને તોપો ગોઠવવામાં આવી. મહેતા સીદી ઈબ્રાહિમની મદદથી ત્યાંથી છટકી જઈને જમાદારના ખોરડા તરફ ચાલવા માંડ્યો. પરંતુ પંચ હાટડી પાસે મહમ્મદ સોતાના ભાઈ જાફર મિયાં અને તેના સાથીઓની તલવારો મહેતા ઉપર તૂટી પડી અને જગજીવન મહેતાનો કરુણ અંત આવ્યો. મહેતાના ભાઈ રામચંદ્રને પણ દરબારમાં સલામે જતી વખતે ગૂંગળાવીને મારી નાખવામાં આવ્યો હતો, મહેતા કુટુંબની આવી દુર્દશા થતાં તેનાં ઘરની સ્ત્રીઓએ પણ પોતાના હાથે જ પોતાના જીવનનો અંત આણ્યો. મહેતાના ત્રીજા ભાઈ કુબેરજીએ મહેતા કુટુંબની આવી પાયમાલી કરનારા નરપિશાચો પર ઈશ્વરી કોપ ઉતારવા જીવતે સમાધિ લીધી.

— 'કચ્છ કલાધર'; લેખક : દુલેરાય કારાણી, પાન. ૫૩૧-૫૩૪.

શ્રીજીમહારાજના ઉપદેશનો અનાદર કરી, તેમની ઉપેક્ષા અને અપમાન કરી જગજીવન મહેતાએ હિંસામય યજ્ઞો ચાલુ રાખ્યા. પ્રસંગે પ્રસંગે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો તેના ફળરૂપે તેનો અને સમગ્ર કુટુંબનો આવો કરુણ અંત આવ્યો. ભગવાન અને તેના સંતના દ્રોહનું પરિણામ આવું વિષમ હોય છે. જગજીવન મહેતાનું કરુણ મૃત્યુ સં. ૧૮૭૦માં ફત્તેહમહમ્મદના મરણ પછી બે-ત્રણ વર્ષે એટલે કે સં. ૧૮૭૨-૭૩ના અરસામાં થયું હોય તેમ લાગે છે. — લેખક

વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા

શ્રીહરિએ તેના અંતરનો ભાવ જોઈ કહ્યું : "અમને ભૂખ બહુ લાગી છે. કાંઈ જમવાનું હોય તો આપો."

એટલે વિશ્રામ ભક્તે કહ્યું : "મહારાજ ! રાંધેલું તો કાંઈ નથી પણ કહો તો મઠની ખીચડી ઓરી દઉં." એટલે શ્રીહરિએ હા કહી.

વિશ્રામ ખીચડી તૈયાર કરીને લાવ્યા. ચૂલો સળગાવ્યો અને પછી ઊકળતા આંધણમાં ખીચડી ધોઈને ઓરી દીધી. પછી મહારાજે વિશ્રામને કહ્યું : "તમે કોશ હાંકો, અમે અહીં ધ્યાન રાખીશું." પરંતુ વિશ્રામ ભક્ત તો ત્યાં જ બેઠા. થોડી વાર થઈ ને શ્રીહરિએ પૂછ્યું : "ખીચડી ચડી કે નહિ ?"

વિશ્રામે તરત જ કહ્યું : "ના મહારાજ ! હજુ વાર છે." પછી થોડી વારે ફરી પૂછ્યું. પણ વિશ્રામ ભગત તો જાણતા હતા કે મઠને ચડતાં વાર લાગે.

છેવટે શ્રીહરિએ કહ્યું : "હવે ખીચડી ચડી ગઈ છે માટે લાવો."

એટલે વિશ્રામ ભગત ઊભા થયા. વાસણ તો કાંઈ હતું નહિ એટલે પાણીથી છીપર ધોઈ સાફ કરીને તે ઉપર ખીચડી નાખી. અર્ધી કાચી અને અર્ધી ચડેલી ખીચડી શ્રીહરિ ભાવથી જમવા લાગ્યા. વિશ્રામને લાગ્યું કે મઠ કાચા છે તે જરૂર મહારાજના પેટમાં કઠશે. તેની એ ચિંતા જોઈ શ્રીહરિએ હસતાં હસતાં કહ્યું : "ભગત ! ચિંતા ન કરો. બહારના અગ્નિએ મઠ કાચા રાખ્યા છે તો અંદર વૈશ્વાનર અગ્નિરૂપે અમે જ છીએ. અંદર ચડી જશે." વિશ્રામ ભગતને આ ન સમજાયું એટલે શ્રીહરિએ ફરી કહ્યું : "ભગત ! તમારો ભાવ પાકો છે એટલે કાચી ખીચડી અમારા પેટમાં ચડી જશે." આ સાંભળી વિશ્રામ ભગતને શાંતિ થઈ.[૧૧૮]

બીજે દિવસે શ્રીહરિએ ભુજ જવાની ઈચ્છા કરી એટલે માનકૂવાના હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! હજુ અહીં વધુ રહો."

મહારાજે કહ્યું : "આ ભુજના હરિભક્તો શું કહે છે ?"

ત્યારે તે ભક્તો બોલ્યા : "મહારાજ ! ભુજ પધારો અને રામનવમીનો ઉત્સવ ત્યાં કરો."

માનકૂવાના હરિભક્તો પણ એટલો જ આગ્રહ રાખી રહ્યા હતા. તેથી

---

૧૧૮. આ પ્રસાદીની શિલા ભુજના સ્વામિનારાયણ મંદિરમાં ભીંતમાં જડેલી છે. મંદિરમાં દાખલ થતાં જ ભીંતમાં આ શિલાનાં દર્શન થાય છે.

મહારાજે કહ્યું : "એક દોરડું મંગાવો અને પાંચ માનકૂવાના હરિભક્તો અને પાંચ ભુજના હરિભક્તો સામસામા ખેંચો. જેના તરફ દોરડું ખેંચાશે ત્યાં જઈશું."

મહારાજની આ આજ્ઞા સાંભળી સૌને આશ્ચર્ય થયું. આગ્રહની ખેંચતાણમાં આવો તોડ મહારાજે કાઢ્યો. એટલે કોઈ બોલી શક્યા નહિ. પછી દોરડું મંગાવ્યું અને પાંચ-પાંચ હરિભક્તો - માનકૂવાના અને ભુજના - સામસામી ખેંચવા લાગ્યા. ભુજના હરિભક્તોએ જોર કર્યું અને દોરડું તેમના ભણી વિશેષ ખેંચાયું. તે જોઈ મહારાજ બોલ્યા : "રાખો, હવે ભુજ જવાનું ઠર્યું છે."

આ દહીંસરા ગોલોક તુલ્ય છે

માનકૂવાથી દહીંસરા પધાર્યા. અહીંથી ચાલ્યા અને કંડેરાઈ તલાવડીને કાંઠે વૃક્ષ તળે ઊંટને ઝાડ સાથે બાંધ્યો. મહારાજને ભક્તોએ આસન પાથરી દીધું તે ઉપર બિરાજ્યા. પછી મહારાજ ઉકાને ઉપદેશ કરતાં બોલ્યા : "એક વખત વૈકુંઠનાથ ગરુડજીને લઈને અહીં આવ્યા અને ગરુડજીને કલ્પવૃક્ષ સાથે બાંધી બેઠા. તે સ્વરૂપનું તમે હવે ધ્યાન કરો."

ત્યારે ઉકાએ કહ્યું : "મહારાજ ! વૈકુંઠ શું છે તે જ હું જાણતો નથી. વળી, ગરુડને કે કલ્પવૃક્ષને મેં જોયાં નથી."

તે સાંભળી મહારાજ હસ્યા અને કહ્યું : "આ દહીંસરા છે તે ગોલોક છે, આ કરલો (ઊંટ) તે ગરુડ કહેવાય અને આ ખીજડાને તમે કલ્પવૃક્ષ જાણો." આ પ્રમાણે મહારાજે પોતાના સંબંધથી જડ અને ચેતન વસ્તુ કેટલી મોટપને પામે છે તે સમજાવ્યું. પછી બોલ્યા : "આપણે સદાબાને ત્યાં કેરા જવું છે. ત્યાંથી પાછું ભુજ આવી અન્નકૂટનો ઉત્સવ ત્યાં કરવો છે માટે સૌ સાબદા થાઓ."

કેરામાં સદાબાને ત્યાં

શ્રીહરિ ત્યાંથી સદાબાની ભક્તિને વશ થઈ કેરા પધાર્યા. શ્રીહરિની મૂર્તિમાં સર્વ પ્રકારે સંલગ્ન થઈ ગયેલાં સદાબા[૧૧૯] શ્રીહરિની કૃપાથી

૧૧૯. રાયબજીનાં પત્ની સદાબા. રાયબજીના અન્ય ભાઈઓ મનુભા, બાપુભા, ભાઈજી, મોરજીબાજી અને આમલજી. સદાબાને કાંઈ સંતાન ન હતું. પરંતુ તેમની શોક્યના સંતાનના વંશજો હયાત છે. અત્યારે છઠ્ઠી પેઢીએ મનુભા હયાત છે. કેરા ગઢમાં સદાબાની ઓરડી - પ્રસાદીની - હજુ સચવાઈ રહી છે. તેમને નિરાવરણ દૃષ્ટિ હતી તેથી મહારાજની લીલાનાં દર્શન તેઓ કેરામાં બેઠા કરી શકતાં હતાં.

નિરાવરણ દૃષ્ટિવાળાં હતાં છતાં શ્રીહરિના પ્રગટ સ્વરૂપનાં દર્શન અને સેવાની તેમને સદા ઝંખના રહેતી. તેમની એ ઝંખનાનો સાદ સાંભળી મહારાજ કેરા પધાર્યા. અહીં વધુ રહેવું ન હતું. સદાબા પણ તે જાણતાં હતાં. તેથી તેમણે મહારાજ માટે રસોઈ તૈયાર રાખી હતી. મહારાજને ભાવપૂર્વક જમાડ્યા. મહારાજ જમીને તરત જ ઊપડ્યા. સદાબાએ એક શબ્દ પણ ન કહ્યો કે મહારાજ રોકાવ. તેમને મહારાજની અનુવૃત્તિમાં જ ભક્તિનો આનંદ હતો. તેથી તેમણે મહારાજને પ્રેમથી રજા આપી.

બળદિયામાં

મહારાજ કેરાથી નીકળી બળદિયા પધાર્યા. અહીં ઠાકર મંદિરમાં ઊતર્યા. થોડી વારે ગામમાં ખબર પડ્યા કે સ્વામિનારાયણ આવ્યા છે એટલે ગંગદાસ પટેલ ત્યા આવ્યા. મહારાજ તે વખતે ગોખમા બેઠા હતા. ગગદાસે મહારાજના દર્શન કર્યાં, તેમને તે સ્વરૂપ અલૌકિક લાગ્યું. ભગવાન જો મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પધાર્યા હોય, તો તે આ જ હોય, એવી તેમને અંતરમાં પ્રતીતિ થઈ. તેમણે મહારાજ પાસે આવીને હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! મારે ઘેર પધારશો ?''

ગંગદાસ પટેલના અવાજમાં મીઠાશ હતી, ભાવ હતો. મહારાજે તરત જ કહ્યું : ''જરૂર આવશું. અમે તો તમારા જેવા મુમુક્ષુઓને ભક્ત બનાવવા અહીં આવ્યા છીએ. ભક્તિ વિના મુક્તિ નથી. ભગવાનની પ્રગટ પ્રાપ્તિ વગર ભક્તિ સિદ્ધ થતી નથી.''

ગંગદાસને મહારાજની વાતમાં રસ પડ્યો. તેમણે પૂછ્યું : ''પ્રભુ ! બીજા મુમુક્ષુઓને મારે ત્યાં આપનાં દર્શન માટે બોલાવું ?''

''જરૂર બોલાવો. અમારે પણ તેમને બધાને મળવું છે.''

ગંગદાસ ઊભા થયા. મહારાજ પણ તેની સાથે ચાલ્યા. ગંગદાસ પટેલના પુત્ર દેવજીભાઈ પણ ખૂબ જ ભાવિક હતા. દેવબાઈ, રત્નાભક્ત, મેઘજીભાઈ, ગોવાભાઈ, ભીમજીભાઈ વગેરે ભક્તો ગંગદાસને ત્યાં આવ્યા. મહારાજ આ બધા ભક્તોને જોઈ રાજી થયા. મહારાજ ત્યાં જમ્યા. સૌ ભક્તોએ પણ પોતાને ઘેર પધારવા આમંત્રણ આપ્યું. મહારાજે તેમનાં બધાંનાં આમંત્રણો સ્વીકાર્યાં, સૌને ઘેર પધાર્યા. સૌના મનોરથો પૂરા કર્યા. છતાં સૌને તાણ રહી કે મહારાજ સૌને ઘેર ફરી પધારે. આ સુખની તેમને તૃપ્તિ ન હતી. મહારાજે તેમને કહ્યું : ''અમો પાછા આવીશું. સૌને ઘેર જઈશું, જમીશું અને રાજી કરીશું. હમણાં તો અમારે ભુજ જવું

છે ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરવો છે, તો રજા આપો.'' એટલું આશ્વાસન આપી મહારાજ ત્યાંથી નીકળ્યા.

✧

મહારાજ કાળા તળાવ પધાર્યા. આકાશને આંબવા પ્રયત્ન કરતા બે પર્વતો આકાશની ઊંચાઈ જોઈ નિરાશ થઈ આકાશની નિરવતામાં ખોવાઈ જવાની બીકે એકબીજાના આશ્લેષમાં સમાઈ જતા હોય તેવા શોભતા હતા. વૃક્ષોની વનરાજી પણ આ યુગલના આશ્લેષને નિરખવા વધુ સઘન બની ગઈ હતી. નિસર્ગની આ હવા જોઈ મહારાજ પણ રાજી થઈ ગયા. તળાવમાં સખા સહિત સ્નાન કર્યું. તળાવની પાળ ઉપર બેસી વાતો પણ કરી, પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તર કર્યા. પછી ત્યાંથી નીકળી માંડવી પધાર્યા.

મહારાજ માંડવી પધાર્યા

મહારાજ માંડવી પધાર્યા પછી લગભગ બે-ત્રણ દિવસે સંતોનો સંઘ આવ્યો. ભુજથી સુંદરજીભાઈ તથા હિરજીભાઈ મહારાજ માંડવી પધારવાના હતા એટલે અગાઉથી વ્યવસ્થા કરવા આવ્યા હતા. અહીંના ખૈયા ખત્રી[૧૨૦] સાથે તેમની ઓળખાણ હતી. ખૈયા ખત્રી માંડવીમાં જાણીતા હતા. વ્યવહારે તેઓ સુખી હતા. તેથી તેમની ઓળખાણથી માંડવીમાં મહારાજનું સ્વાગત થાય, સંતો-હરિભક્તોને રહેવાની, જમવાની પણ વ્યવસ્થા થાય તે માટે તેઓ આવ્યા હતા. ખૈયા ખત્રીને વેદાંતનો સારો એવો અભ્યાસ હતો. તેની માતામાં પણ વેદાંતના સંસ્કારો હતા. ખૈયાને તેણે જ જ્ઞાન આપ્યું હતું.

સ્વામિનારાયણનું ભગવાનપણું અહીં ઉતારી લઈશું

સુંદરજીભાઈએ જ્યારે ખૈયાને મહારાજ પધારવાના છે તે વાત કરી, ત્યારે ખૈયે તેમને કહ્યું : “જુઓ કારભારી ! સ્વામિનારાયણને તમો ભગવાન કહો છો પણ તેમનું ભગવાનપણું અમે ઉતારી લઈશું. ભલે તેઓ આવે. અમારી પહોંચ પ્રમાણે અમે તેમની અને સંઘની સેવા કરશું. પણ તે પહેલાં તેમણે અમને તેમનું ભગવાનપણું બતાવવું જોશે.'' સુંદરજીભાઈ અને હીરજીભાઈ આ

૧૨૦. તેનું અસલ નામ હતું ખીમજી ઘેલા અને બ્રહ્મક્ષત્રીની ન્યાતના હતા. તેમનો ધંધો સાડીઓનું છાપકામ કરવાનો હતો. કારખાનું પણ મોટું હતું. લાખાસર ચોકમાં તેમનું મોટું મકાન છે. તે ઉપરથી તેમની સ્થિતિનો ખ્યાલ આવી શકે છે. – લેખક

સાંભળી ટાઢા થઈ ગયા.

સુંદરજીભાઈ કચ્છના રાજ્યમાં મોભાદાર આદમી હતા. મહારાજના અનન્ય શિષ્ય હતા, મહારાજનું ભગવાનપણું પણ તેમના અંતરમાં હતું. પરંતુ તેઓ એ જાણતા હતા કે ખૈયો મહાવિદ્વાન છે એટલે કદાચ મહારાજને પાછા પાડી દે. તેથી તેઓ કાંઈ બોલી શક્યા નહિ. તેમણે ખૈયાને કહ્યું : "એ તો વખત આવ્યે જોયું જશે. હાલ તો કાંઈક ગોઠવણ કરો."

પરંતુ ખૈયો ચાલાક હતો. તેણે કહ્યું : "પહેલાં તમારા ભગવાનને કહો કે સભા કરે. હું ત્યાં આવું અને તેમને પ્રશ્નો પૂછું. તેમના ઉત્તરથી મને ખાતરી થાય પછી બધી જ ગોઠવણ કરી દઉં."

સુંદરજીએ વાત પડી મૂકી અને ગામમાં જઈ તેમણે મહારાજને અને સંઘને માટે ધર્મશાળામાં વ્યવસ્થા કરી દીધી.

લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે

મહારાજ પધાર્યા એટલે સુંદરજીભાઈએ મહારાજને ખૈયાની વાત કરી. મહારાજ તે સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "ભલે સભા ગોઠવો અને ખૈયાને આમંત્રણ આપો." એટલું કહીને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે ?"

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી વિચારમાં પડી ગયા. પછી તેમણે કહ્યું : "મહારાજ ! ધૂળ તો રોજ ફાકીએ છીએ. માટે લાડવા ખવરાવો તો સારું."

એટલે મહારાજે કહ્યું : "જો લાડવા ખાવા હોય, તો હું કહું તેમ કરવું પડશે."

બ્રહ્માનંદ સ્વામી મહારાજની આજની વાત ન સમજ્યા. તેમણે વિચાર્યું કે આમ તો રોજ મહારાજ કહે તેમ કરીએ છીએ છતાં આજે મહારાજ આમ કેમ કહે છે ? પરંતુ વખત આવ્યે જોયું જાશે. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપ કહેશો તેમ કરીશું."

પછી મહારાજે સુંદરજીભાઈને કહ્યું : "સુંદરજીભાઈ ! ખૈયાને કહેજો આવતી કાલે સભા ગોઠવીએ છીએ. તમે સભાનું સ્થળ નક્કી કરી રાખો. આપણે ધામધૂમથી ગામમાં સવારી કાઢવી છે અને આખા ગામને આ સભામાં ભેગું કરવું છે. ખૈયાના અખાડાવાળા પણ ભલે આવે. તેની માને પણ ખાસ કહેવરાવજો કે તે પણ સભામાં આવે."

સુંદરજીભાઈ આ સાંભળી આનંદમાં આવી ગયા. તેમને લાગ્યું કે મહારાજ જરૂર ખૈયાનો ગર્વ ઉતારશે.

બીજે દિવસે મહારાજની આજ્ઞા પ્રમાણે શણગારેલ ઘોડો તથા વાજિંત્રો વગેરે લાવીને મહારાજના ઉતારે તૈયાર રાખ્યાં. મહારાજે બ્રહ્માનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી તથા અન્ય સંતોને પોતાને ઉતારે બોલાવ્યા. પછી મહારાજ બ્રહ્માનંદ સ્વામીના કપાળમાં ચંદનની અર્ચા કરવા ઊઠ્યા, એટલે બ્રહ્માનંદ સ્વામી એકદમ ઊભા થઈ ગયા. તેમણે પૂછ્યું : "મહારાજ ! આ શું કરો છો ?"

મહારાજે કહ્યું : "તમને લાડવા ખવરાવવા છે તેની તૈયારી કરીએ છીએ. કાલે અમે નો'તું કહ્યું કે લાડવા ખાવા હોય તો અમે કહીએ તેમ કરવું પડશે."

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી મૂંઝાયા. મહારાજે તેમના કપાળમાં ચંદનની અર્ચા કરી. તેમના ગળામાં ફૂલનો મોટો હાર પહેરાવ્યો. પછી તેમનો હાથ ઝાલી મહારાજે તેમને ઉઠાડ્યા.

સૌ સંતો સાથે મહારાજ નીચે પધાર્યા. મહારાજે પાર્ષદને કહ્યું : "ઘોડો લાવો." એટલે પાર્ષદ ઘોડો લાવ્યા. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ઘોડા ઉપર બિરાજો. આજે ગામમાં સ્વામિનારાયણની શોભાયાત્રા કાઢવી છે."

આ સાંભળી સ્વામી વધુ મૂંઝાયા. તેમણે કહ્યું : "મહારાજ ! શોભાયાત્રા તો આપની નીકળે. અમે તો સાધુ કહેવાઈએ."

"પણ આજે તો તમારે સ્વામિનારાયણ થવું પડશે. લાડવા ખાવા છે ને ?" મહારાજે હસતાં હસતાં કહ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કહ્યું : "મહારાજ ! આ લાડવા તો ભારે પડી જાય, આના કરતાં તો ધૂળ ફાકવી સારી."

"મૂંઝાશો મા ! સ્વામી ! આજે એક દિવસ માટે ભગવાનની ગાદી શોભાવો, અમને તમારા સેવક બનવા દ્યો. આપણે ખૈયાને આજ ધૂળ ફકાવવી છે. તે બળમાં બોલે છે કે સ્વામિનારાયણનું ભગવાનપણું હું ચૂંથી નાંખીશ, હજુ તેને શિંગાળા મળ્યા નથી. પણ આજે આપણે ભેટંભેટા કરવા છે." મહારાજે સ્વામીને સમજાવતાં કહ્યું.

બ્રહ્માનંદ સ્વામી આ સાંભળી સહેજ હસ્યા. તેમને મહારાજે કહ્યું હતું કે અમે કહીએ તેમ કરવું પડશે, તેનું રહસ્ય તેમને સમજાયું. તેઓ શણગારેલ ઘોડા ઉપર બિરાજ્યા. વાજતે-ગાજતે સવારી ગામમાં નીકળી. લોકો બ્રહ્માનંદ સ્વામીને

બતાવીને કહેવા લાગ્યા : "જુઓ, પેલા ઘોડા ઉપર બેઠા તે સ્વામિનારાયણ !" આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી હસતા હતા.[૧૨૧]

ગામમાં ફરીને સવારી પાછી ધર્મશાળામાં આવી. ગામમાં સ્વામિનારાયણ પધાર્યા છે એવો ઉદ્ઘોષ થઈ ગયો ! ખૈયા ખત્રી સાથે આજે સભામાં વાદવિવાદ થવાનો છે. તેની પણ ગામમાં ખબર પડી. એટલે સૌ સભામાં શું થશે તે જોવા ઊમટ્યા.

હાલ જે તળાવ છે તેની સામે મહિલા બાગ છે. ત્યાં તે વખતે વડનાં ઘણાં વૃક્ષો હતાં. તે વડના વૃક્ષ નીચે સભા ગોઠવી હતી. મહારાજે સમુદ્રમાંથી રેતી મંગાવી ત્યાં તેનો મોટો ઢગલો કરી તે ઉપર આસન બનાવરાવ્યું. સંતમંડળને લઈને મહારાજ તળાવની પાળે આ વડના વૃક્ષની નીચે સભાસ્થાનમાં આવ્યા. ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે આ ઊંચા આસન ઉપર બિરાજો. આજે તો તમારે પૂરો વેશ ભજવવાનો છે."

બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર બેસે છે

બ્રહ્માનંદ સ્વામીએ આટલું બધું ધાર્યું ન હતું. તેઓ પૂરેપૂરી મૂંઝવણમાં પડી ગયા. પરંતુ આજે મહારાજ ખરા રંગમાં આવી ગયા હતા અને સ્વામી પણ વચને બંધાઈ ગયા હતા. તેથી તેમને થયું કે આજે હવે આ પાઠ ભજવ્યા સિવાય છૂટકો નથી. તેઓ ઊંચા આસને ચડી બેઠા. મહારાજ તે જોઈ હસ્યા અને સંતોને કહ્યું : "જુઓ, બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર કેવા શોભે છે ? અમે બેસીએ તો સૂકલકડી કાયાથી તેમના જેવો ભાર ન પડે." સંતો આ સાંભળી ખૂબ હસ્યા.

ગામમાંથી માણસો આવવા માંડ્યા. ખૈયો ખત્રી પણ તેના સાઠ શિષ્યો, તેના ભાઈ અને ભત્રીજાને લઈને આવ્યો. તેની મા પણ સાથે હતી. તેની મા સ્ત્રીઓની સાથે દૂર બેઠી.

ઊંચા આસન ઉપર બ્રહ્માનંદ સ્વામીને બેઠેલા જોઈ ખૈયાને લાગ્યું કે સ્વામિનારાયણ દેખાવ ઉપરથી તો ભગવાનની ગાદી ઉપર શોભે તેવા લાગે છે. પછી તેની નજર નીચે બેઠેલા મહારાજ ઉપર પડી. તેમની આજુબાજુ બીજા સંતો બેઠા હતા. મહારાજને જોઈ તેનાં ચંચળ નેત્ર સ્થિર થઈ ગયાં. તેના

૧૨૧. અદ્ભુતાનંદ સ્વામી કૃત વાર્તા; પાનું ૬૭ના આધારે.
સદ્ગુરુ દેવાનંદ સ્વામીએ પણ તેમની નોંધપોથીમાં આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે.

અંતઃકરણના ધબકારા વધી ગયા. તે વેદાંતનો પ્રખર અભ્યાસી હતો, બુદ્ધિશાળી હતો, તેથી મહારાજને જોઈ તેને લાગ્યું કે આ કિશોર કાંઈક ચમત્કારી લાગે છે. પણ તેને તો સ્વામિનારાયણ ભગવાન સાથે કામ હતું. એટલામાં સભામાં સ્વામિનારાયણનો જયઘોષ થયો.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને અગાઉથી કહ્યું હતું કે "જો, ખૈયો તમને પ્રશ્ન પૂછે, તો તમારે કહેવું કે તમારા પ્રશ્નના ઉત્તર અમારા આ નાના સાધુ કરશે. જો તેનાથી ઉત્તર નહિ થાય, તો પછી અમે ઉત્તર કરીશું."

બ્રહ્માનંદ સ્વામી મહારાજની રમત સમજી ગયા. એટલામાં ખૈયો સભામાં ઊભો થયો. તેણે બ્રહ્માનંદ સ્વામીને ઊંચે આસને બેઠેલા જોયા એટલે પૂછ્યું : "તમે સ્વામિનારાયણ છો ?" બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં હા કહી. એટલે ખૈયે કહ્યું : "હું વેદાંત ભણ્યો છું. મારે તમારી સાથે વેદાંતના વિષય ઉપર કેટલીક ચર્ચા કરવી છે, કેટલાક પ્રશ્નો પૂછવા છે."

સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ખુશીથી, તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે આ અમારા નાના સાધુને પૂછો. તેમની સાથે વેદાંતની ચર્ચા કરો. પછી જો તમને સંતોષ નહિ થાય, તો અમે તમારા પ્રશ્નોના ઉત્તર આપીશું."

ખૈયાએ બ્રહ્માનંદ સ્વામીએ બતાવેલ નાના સાધુ તરફ જોયું. તેની બુદ્ધિએ તેને સતેજ કરી દીધો. પહેલી જ દૃષ્ટિએ તે બ્રહ્માનંદ સ્વામીના આસન પાસે નીચે બેઠેલા આ નાના સાધુનું હીર પારખી ગયો હતો. એટલે તેને તો મનમાં લાગ્યું કે આવા તેજસ્વી શિષ્યના ગુરુ પણ જરૂર તેજસ્વી હોવા જ જોઈએ.

ખૈયાના પ્રશ્નો

ખૈયાએ વેદાંતના, વેદાંતની પરિભાષાના પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. તે પહેલાં તેણે પૂછ્યું : "બધા જ પ્રશ્નો સામટા પૂછું કે એક પછી એક ?"

મહારાજે કહ્યું : "તમને જે રીતે રુચે તે પ્રમાણે પૂછો. અમે તે પ્રમાણે ઉત્તર કરીશું."

મહારાજના શબ્દોમાં માર્દવતા હતી. ખૈયાએ આ શબ્દો સાંભળ્યા. તેનું અંતઃકરણ મહારાજના સ્વરૂપ પ્રત્યે ખેંચાવા લાગ્યું. તેણે પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. એક પછી એક પ્રશ્ન તેના મુખમાંથી છૂટવા લાગ્યા. જાણે બાણોની વર્ષા કરતો હોય તેમ એક-એક પ્રશ્ન સાથે તેના ભાવ બદલાવા લાગ્યા. મહારાજ શાંતિથી નીચું જોઈને તેના પ્રશ્નો સાંભળતા હતા. ખૈયે

એકસો ને આઠ પ્રશ્નો પૂછ્યા.[૧૨૨]

નિંગરા ! હળવો બોલ્ય, હળવો

મહારાજ ખૈયાના એક-એક પ્રશ્નના ઉત્તર કરવા લાગ્યા. મહારાજની વાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે ખૈયો એક પ્રશ્નનો ઉત્તર સમજવા જાય ત્યાં તો બીજા પ્રશ્નોના ઉત્તર મહારાજ કરતા હોય. મહારાજની વાયુ વેગી તેજના પ્રવાહરૂપ વાણી સાંભળી ખૈયો મૂંઝાયો. તેથી તેણે તેની ભાષામાં કહ્યું : "નિંગરા ! હળવો બોલ્ય, હળવો !"

એટલે મહારાજે કહ્યું : "મારા ગુરુની આકરી ફૂંક છે તેથી હળવું બોલાતું નથી."

મહારાજની વેદાંતની વાણી ખૈયાના અંતરમાં સોંસરી ઊતરી ગઈ. તેને થયું આજે શુદ્ધ વેદાંત હું આ નાના સાધુ પાસે સાંભળી રહ્યો છું. તેમાં અદ્વૈત વેદાંતના દોષોનું નિરાકરણ છે. પરમાત્માના સ્વરૂપના જ્ઞાનનું દર્શન છે. જ્ઞાન જ્યાં સુધી લક્ષ્યવેધી ન બને, ત્યાં સુધી સુષુપ્તિરૂપી અજ્ઞાનથી આવરિત થયેલું અંતઃકરણ જાગ્રત થતું નથી. સુષુમ્ણા હૃદયમાં રહી છે અને ત્યાં જીવ રહ્યો છે. તે જીવ સુષુમ્ણા જાગ્રત ન થાય ત્યાં સુધી બ્રહ્મરંધ્રને માર્ગે પહોંચે જ નહિ અને બ્રહ્માંડની સુષુમ્ણા સાથે તેની એકતા થાય નહિ. તે સુષુમ્ણાને જાગ્રત કરવાનું સાધન ભગવાન કાં સંત ! ખૈયો વિચારને ઝોલે ચડી ગયો. મહારાજની

---

૧૨૨. અવ્યાકૃત, માયા, વિદ્યા, અવિદ્યા, બદ્ધજીવ, મુક્તજીવ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા, સમાધિ, તૂર્યા, જીવ, ઈશ્વર, સાક્ષી, બ્રહ્મ, પરબ્રહ્મ, આનંદ, અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય, કર્તા, ક્રિયા, કર્મ, જ્ઞાન, જ્ઞેય, પ્રમાતા, પ્રમિયાતિતા, અપ્રમા, મહાવાક્ય, પ્રકૃતિવાક્ય, સવિકલ્પવાક્ય, નિર્વિકલ્પવાક્ય, અવાંતર વાક્ય, કર્મકાંડ, ઉપાસનાકાંડ, વેદાંત વાક્ય, વેદવેદાંગ, યોગયોગાંગ, ઇન્દ્રિય, વિષય, અંતઃકરણ, દેવતા, પ્રાણ, શરિરી, અભિમાન, અધિષ્ઠાતા, પ્રિય, ઉત્પત્તિ, પ્રલય, સ્થિતિ, કાળ, સ્વભાવ, ગુણ, નિર્ગુણ, સગુણ, આકાશ, નિરાકાર, સાકાર, ગુરુ, શિષ્ય, ઉપદેશ, દીક્ષા, મંત્ર, વર્ણાશ્રમ, અત્યાશ્રમ, ધર્મ, અધર્મ, જન્મ, મરણ, વિષ, અમૃત, દોષ, યશ, અપયશ, પંડિત, મૂર્ખ, રોગી, અરોગી, ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, સત્ય, અસત્ય, ચૈતન્ય, જડ, દુઃખ, અસ્તિ, ભાતિ, નામ, રૂપ, દ્રષ્ટા, પરિચ્છિન્ન, મોક્ષ, પુરુષ, સંશય, બહુયજ્ઞ, વિપર્યય, જીવન મુક્ત, ષડૂર્મિ, દહર વિદ્યા, અક્ષિ વિદ્યા, વ્યોમપંચક, લક્ષણ બ્રહ્મ, ષડકોશ ઇત્યાદિ. – બ્રહ્મસંહિતા; પૃ. ૬૫૨
ઉપરના ઘણાખરા પ્રશ્નોના ઉત્તર વચનામૃતમાં આવી જાય છે. – લેખક

વાણીમાં તેને બ્રહ્મનો નાદ સંભળાયો.

હી નિંગરો તો કનૈયો આય

તે મૂંઝાયો. આમાં કોણ સહજાનંદ ? તેણે તેના કચ્છી શિષ્યો સામું જોયું. બધા જ ખૈયાના જ્ઞાનના અનુભવી હતા. મહારાજની વાણીથી સૌ પ્રભાવિત થઈ ગયા હતા. તેણે તેના શિષ્યોને પૂછ્યું : "બેલી હેડો સહજાનંદ આય ?"

ત્યારે દૂર બેઠેલી તેની માએ કહ્યું : "ખૈયા ! હી નિંગરો સહજાનંદ આય ને ઉપર બેઠો હી નાય !" ખૈયાની જ્ઞાનગુરુ તેની મા હતી. તે તરત સમજી ગઈ.

તેણે તેના શિષ્યોને કહ્યું : "હી નિંગરો તો નંદજીનો પુત્ર કનૈયો આય અને બ્રહ્મ-પરબ્રહ્મ પણ હી આય. હીંજી ઉપર વડો બ્યો પરબ્રહ્મ નાય.'[૧૨૩]

એટલું કહીને તેણે તેના શિષ્યોને કહ્યું : "આટલા દિવસથી હું જેને ખોળતો હતો તે જ પરબ્રહ્મ સ્વામિનારાયણ મને આજે મળ્યા છે. તમારે તેને ઓળખવા હોય તો ઓળખી લેજો. અમે ત્રણે તો હવે તેના શિષ્યો થઈ જાશું."

ખૈયાના શિષ્યોને નિશ્ચય થયો કે સ્વામિનારાયણ ભગવાન છે. ખૈયો તથા તેના ભાઈ ટોપણ તથા ભત્રીજા નથુએ મહારાજ પાસે તરત જ વર્તમાન લીધા. પછી મહારાજને કહ્યું : "મહારાજ ! આજે આપને તથા આપના તમામ સાધુઓ તથા સંઘને મારે ઘેર જમવાનું છે."

આ સાંભળી ખૈયાના સાઠ શિષ્યોએ પણ કહ્યું : "મહારાજ ! અમારું આમંત્રણ પણ સ્વીકારો !"

મહારાજે દરેકનું આમંત્રણ સ્વીકાર્યું. એટલા દિવસ માંડવી રોકાવાનું નક્કી કર્યું. બ્રહ્માનંદ સ્વામીને કહ્યા પ્રમાણે સાઠ દિવસ મહારાજે સંતો માટે લાડવાનું નક્કી કરી લીધું. બ્રહ્માનંદ સ્વામી મહારાજનો મર્મ સમજી ગયા.

ખૈયાનો એક શિષ્ય વાંઝો ભગત હતો તેને જરા તેના જ્ઞાનનો મદ આવી ગયો. તેણે મહારાજને કહ્યું : "સ્વામિનારાયણ ! બકરાં વાડામાં પુરાય પણ વાઘ ન પુરાય ?"

એટલે મહારાજે પૂછ્યું : "પણ આ સાઠ ભેળું તારું પણ અમને આમંત્રણ છે. તે અમે જમવા આવીએ કે નહિ એ પહેલાં કહે."

ત્યારે તેણે તરત જ કહ્યું : "મહારાજ ! એની ના નહિ. આજે જ મારે

૧૨૩. આ નાનો છે એ જ સહજાનંદ છે. તે નંદનો પુત્ર કનૈયો છે. બ્રહ્મ અને પરબ્રહ્મ પણ તે જ છે. એના ઉપર બીજો કોઈ પરબ્રહ્મ નથી.

ત્યાં અને પછી બીજાને ત્યાં.''

મહારાજે કબૂલ કર્યું. વાંઝા ભગતના આમંત્રણ પ્રમાણે મહારાજ અને સૌ સંતો-હરિભક્તો તેને ત્યાં જમવા ગયા. તેણે લાડુની ઉત્તમ રસોઈ બનાવી હતી. મહારાજને ભાવપૂર્વક તેણે જમાડ્યા. મહારાજે પણ સૌ સંતોને સારી રીતે પીરસીને જમાડ્યા.

પછી મહારાજે તેને કહ્યું : ''વાંઝા ભગત ! તમે બકરાની ને વાઘની શું વાત કરતા હતા ?''

ત્યારે તેણે મૂછો ઉપર હાથ મૂકીને કહ્યું : ''હા, હું કહેતો હતો કે બકરાં વાડામાં પુરાય પણ વાઘ ન પુરાય. આ ખૈયો અને બીજા સાઠ જણા તમારી આગળ બકરાં જેવા બની ગયા એટલે તરત કંઠી પહેરી લીધી. પણ હું એમ નો માનું.''

મહારાજ આ સાંભળી હસ્યા. ખૈયાને પણ થયું કે આ શું નાને મોઢે મોટી વાત કરે છે ? એટલામાં મહારાજે તેના સામી દૃષ્ટિ કરી. વાંઝા ભગત આ દૃષ્ટિ ઝીલી શક્યા નહિ. મહારાજે કહ્યું : ''વાંઝા ભગત ! આ ભગવી અલફી પહેરી લ્યો અને તમારાં લૂગડાં ઉતારી નાખો.''

વાંઝાએ તરત જ તેનાં લૂગડાં ઉતારી ભગવી અલફી પહેરી લીધી. પછી મહારાજે કહ્યું : ''આ ઘરનો બધો સામાન બહાર મૂકો અને તેમાં દીવાસળી ચાંપી દ્યો !''

વાંઝો તો યંત્રવત્ ઘરની બધી જ ઘરવખરી બહાર મૂકવા લાગ્યો, ઘરનાં પણ બધાં જોઈ રહ્યાં. પછી તેણે તે ઘરવખરીમાં દીવાસળી ચાંપવાની તૈયારી કરી ત્યારે ખૈયાએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપનો તેનામાં પ્રવેશ થયો છે એટલે તે આ કરી રહ્યો છે. પણ પ્રવેશ નીકળી જાશે ત્યારે મૂંઝાશે.''

એ સાંભળી મહારાજ હસ્યા. તેમણે દૃષ્ટિ પાછી ખેંચી લીધી એટલે વાંઝો તેના અસલ ભાવમાં આવી ગયો.

ખૈયો મેરુ જેવડો ડગ્યો અને આ પથરો પણ ડગ્યો

તેણે મહારાજને ફરી કહ્યું : ''સાંભળો, સ્વામિનારાયણ ! બકરાં વાડામાં પુરાય પણ વાઘને નો પુરાય ?''

એટલે ખૈયાએ તેને કહ્યું : ''એલા મૂરખ ! આ તારા વેશ સામું તો તું જો.''

એટલે વાંઝાએ જોયું. તેણે ભગવાં વસ્ત્રો પહેરી લીધાં હતાં. ઘરવખરી બધી બહાર મૂકી દીધી હતી. તે મૂંઝાયો, તરત જ મહારાજના પગમાં પડી ગયો.

મહારાજને તેણે કહ્યું : "મહારાજ ! આ અમારો ખૈયો મેરુ જેવડો તે ડગ્યો અને તેની હારે આ પથરો પણ ડગ્યો."

મહારાજના આ દિગ્વિજયથી આખા કચ્છ અને વાગડ પ્રદેશમાં હાક વાગી ગઈ કે ખૈયા વેદાંતીને સ્વામિનારાયણે શરણે લીધો.

બીજે દિવસે મહારાજ ખૈયા ખત્રીને લઈને ત્યાં દરિયાકિનારે ગયા. અહીં ખૈયાને બહુ જ તરસ લાગી. તેથી તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! ચાલો ગામમાં મને બહુ તરસ લાગી છે. જો જલદી ઘેર નહિ પહોંચું, તો મારો પ્રાણ જશે."

એટલે મહારાજે કહ્યું : "અહીં આ રેતીમાં જરા આઘુંપાછું કરીને વીરડો ગાળો, પાણી મળશે."

"અરે મહારાજ ! આ તો દરિયા કાંઠો. પાણી તો ખારું ધૂળ મળે." ખૈયાએ કહ્યું.

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "જુઓ તો ખરા !" એમ કહી પોતે નીચે બેસી ગયા અને હાથ વતી વીરડો ગાળ્યો. પાણી આવ્યું.[૧૨૪] મહારાજે પ્રથમ પીધું. પછી ખૈયાએ પીધું. પાણી મીઠું મધ જેવું જોઈ ખૈયાને લાગ્યું કે મહારાજે તેમના સ્વરૂપની આજે પ્રતીતિ મને કરાવી છે. પછી સૌ ગામમાં ગયા.

ભુજમાં અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૬૪

અહીં હરિભક્તો હજારોની સંખ્યામાં આવી ગયા હતા. ઝાલાવાડ, ગુજરાત, દંઢાવ્ય, મારુ, મારવાડ વગેરે દેશોમાંથી મહારાજે મોકલાવેલ કંકોત્રી વાંચી વાંચીને હરિભક્તો આવી ગયા હતા. કોઈ ગાડાં લઈને તો કોઈ ઘોડાઓના વાજ સાથે, કોઈ પાલખીમાં તો કોઈ પગપાળા એમ મહારાજનું ચિંતવન કરતા, ભજન કરતા ભુજમાં જ્યારે પ્રવેશ્યા ત્યારે ભુજવાસીઓને ખ્યાલ આવ્યો - સ્વામિનારાયણના સંતોનો, તેમના ભક્તોનો. જેમના સંગથી હજારોની સંખ્યામાં મનુષ્યોનું આવું રૂપાંતર થયેલું જોઈ તેમને લાગ્યું કે સ્વામિનારાયણ જરૂર ભગવાન હોવા જોઈએ. ભગવાનનું એ બિરુદ છે કે મુમુક્ષુઓના અંતરમાં પોતાના અંતર્યામી સ્વરૂપને પ્રગટ કરી દેવું, પ્રભુમય જીવન જીવતા કરી દેવા. સ્વામિનારાયણ ભગવાને તે સમયના વિષમ

---

૧૨૪. આ ઠેકાણે અત્યારે કૂવો છે. જેનું પાણી મીઠું છે. સમુદ્રના ખારા પ્રદેશમાં મહારાજની કૃપાથી આ જ એક મીઠી વીરડી છે.

સંજોગોની અસરથી વિષમ બનેલા માનવીને સૌમ્ય બનાવી દીધો હતો.

મહારાજે સંઘના હરિભક્તોને આવકાર્યા, તેમને ભેટ્યા, તેમની ખબરઅંતર પૂછી. મહારાજનાં દર્શન કરતાં જ સૌને તેમનો થાક પણ ઊતરી ગયો. મહારાજે સુંદરજીભાઈ, હીરજીભાઈ, લાધીબાઈ, તેમના ભાઈ શિવરામ અને હરજીવન વગેરેને ઉતારાની વ્યવસ્થા માટે મૂકી દીધાં. સંઘના હરિભક્તોને તેમણે યોગ્ય ઉતારા આપ્યા.

પછી મહારાજ હરિભક્તોને ઉતારે પોતાના સખાઓને લઈને પધાર્યા. જુદા જુદા ઉતારે જઈ ત્યાંની વ્યવસ્થા જોઈ લીધી. સૌને સૂચના આપી કે "અજાણ્યાને ઉતારામાં પેસવા દેશો નહિ, જોઈતી વસ્તુઓ માગી લેજો."

ત્યારે હરિજનો પણ મહારાજનાં દર્શનથી રાજી રાજી થઈ હાથ જોડી કહેવા લાગ્યા : "મહારાજ ! આપના પ્રતાપથી બધી જ સગવડતા છે. બધું જ છે, કશાની ખામી નથી."

પોતાના ભક્તોનાં યોગ અને ક્ષેમની આ રીતે સંભાવના કરી મહારાજ ત્યાંથી પાકશાળામાં પધાર્યા. મુકુન્દવર્ણી મહારાજ માટે ચંદનની ચાખડી લઈ આવ્યા. મહારાજે ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો અને ઉતાવળી ચાલે ચાલવા લાગ્યા. હીરજીભાઈ, સુંદરજીભાઈ, ગંગારામ તથા અન્ય ભક્તો પણ સાથે હતા. પાકશાળામાં સમાચાર પહોંચી ગયા કે મહારાજ પધારે છે. પાકશાળાની તમામ દેખરેખ સૂરજબાને સોંપી હતી. લાધીબાઈ, તેનાં બહેન ભાગબાઈ, વિસલનગરા નાગર જેઠીબાઈ તથા મહેતા પ્રભાવતી, ઔદિચ્ય જ્ઞાતિના જયાકુંવર, પૂતળીબાઈ, લક્ષ્મીબાઈ, મોઢ જ્ઞાતિનાં નાનીબાઈ તેમજ આ સેવામાં જોડાયેલી અન્ય સ્ત્રીઓએ બધી જ સામગ્રીઓ વ્યવસ્થિત ગોઠવી દીધી. મહારાજ પધાર્યા. બધાં પકવાન્નો જોયાં, સ્ત્રી હરિભક્તોનો ઉત્સાહ જોયો. તેમના ભક્તિભાવથી પ્રસન્ન થઈ સૌને આશીર્વાદ આપ્યા પછી કહ્યું : "આવતી કાલે સવારે અન્નકૂટની સામગ્રીઓ ગોઠવવા લાગજો." એટલું કહીને મહારાજ લાધીબાની ઓરડીએ જમવા પધાર્યા.

બીજે દિવસે સવારે મહારાજ નિત્યવિધિ કરીને પરવાર્યા તે વખતે શિવરામભાઈ આવ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! દાળ, ભાત, વિવિધ પ્રકારનાં શાકો, કઠોળ વગેરે તમામ સામગ્રીઓ તૈયાર છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "સામગ્રીઓ બધી ગોઠવવા લાગો. બાર વાગે અમે આવીશું અને આરતી કરીશું." એમ કહીને પછી બોલ્યા : "જુઓ,

પુરુષોની સભામાં અને સ્ત્રીઓની સભામાં બે જગ્યાએ જુદા જુદા અન્નકૂટ ગોઠવજો." શિવરામભાઈ સૂચના લઈને ગયા.

મહારાજ બે સ્વરૂપે દર્શન દે છે

બરાબર બાર વાગે મહારાજ સફેદ વસ્ત્રો ધારણ કરી તૈયાર થયા. હરિભક્તોએ શ્વેત પુષ્પોના હાર પહેરાવ્યા, હાથમાં શ્વેત રૂમાલ આપ્યો. મહારાજ ચાખડી પહેરી સંત-હરિભક્તો તથા પાર્ષદો સાથે પહેલાં પુરુષ ભક્તોની સભામાં પધાર્યા. ત્યાં બધી સામગ્રીઓ વ્યવસ્થિત ગોઠવેલી જોઈ પ્રસન્ન થયા. સ્ત્રીઓ દૂરથી મહારાજનાં દર્શન કરતી હતી. તેમને અધીરાઈ હતી કે મહારાજ એમની સભામાં ક્યારે પધારે ! એટલામાં તો તેમને તેમની સભામાં મહારાજનાં દર્શન થયાં. તે જોઈ તેમને આશ્ચર્ય થયું ! પુરુષોની સભામાં જોયું તો ત્યાં પણ મહારાજ તમામ સામગ્રીઓનું નિરીક્ષણ કરતા હતા અને અહીં પણ મહારાજ સૌ સખાઓ સાથે પધાર્યા ! આ શું ? પરંતુ આ હકીકત હતી. મહારાજ બે સ્વરૂપે પોતાના સંતો-હરિભક્તો સાથે પુરુષો અને સ્ત્રીઓની સભામાં પધાર્યા હતા. સૌ તે પ્રમાણે દર્શન કરી રહ્યાં હતાં.

અન્નકૂટનો આ દિવ્ય પ્રસંગ હતો. આ દિવ્ય પ્રસંગે મહારાજે પણ મનુષ્યભાવનો ત્યાગ કરી દિવ્યભાવનાં દર્શન કરાવ્યાં, સૌના મનોરથ પૂરા કર્યા, દિવ્ય સુખની લહાણ કરી. સૌ પોતાને ધન્ય માનવા લાગ્યા. અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમનારાયણના મહામોટા મુનિઓને, ઋષિઓને, દેવતાઓને ધ્યાનમાં પણ દર્શન થતાં નથી, તે આજે તેમને મનુષ્યસ્વરૂપે પ્રગટ મળ્યા. તેમની નિકટતા, તેમની સાથે ગોષ્ઠિ, ક્રીડા - આ બધું અતિ દુર્લભ, આજે તેમને પ્રાપ્ત થઈ ગયું ! તે આનંદના ઊભરા તેમના અંતરમાં સમાતા ન હતા.

શ્રીજીમહારાજને જમાડવા માટે બંને સભામાં બાજોઠ ગોઠવાઈ ગયા. સુવર્ણથાળો, વાટકાઓ, જળની ઝારીઓ વગેરે મૂકી દીધાં. પછી મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આપ અન્નકૂટ આરોગવા બિરાજો."

મહારાજે કહ્યું : "આપણે આ ઠાકોરજીને થાળ ધરાવી આરતી કરીએ. પછી જમવા બેસીએ."

ત્યારે તે હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! અમે તો આપના માટે જ આ અન્નકૂટની સામગ્રીઓ તૈયાર કરી છે, આપ આરોગશો તેમાં ઠાકોરજી આવી ગયા. માટે આપ પહેલા બિરાજો."

મહારાજ જાણતા જ હતા. કચ્છી ભક્તો ભોળા છે છતાં ડાહ્યા પણ છે. તેમની સ્વરૂપનિષ્ઠા દૃઢ છે. મહારાજ તેમની પ્રાર્થના સ્વીકારી બાજોઠ ઉપર બિરાજ્યા. બંને સભામાં મહારાજ બે સ્વરૂપે બિરાજ્યા. મહારાજના થાળમાં તમામ વાનગીઓ પીરસી. સૌ ભાવથી આજુબાજુ બેસી દર્શન કરવા લાગ્યા. મહારાજે અતિ ચતુરાઈપૂર્વક જમવાની શરૂઆત કરી. એટલામાં સૌના આશ્ચર્ય વચ્ચે સિંહાસનમાં પધરાવેલ ઠાકોરજીની મૂર્તિ શ્રીહરિના સ્વરૂપમાં પ્રવેશી. સૌએ તેજ જોયું, તેજની આકૃતિ જોઈ અને પછી બાલ-કૃષ્ણલાલને શ્રીહરિના સ્વરૂપમાં પ્રવેશતા જોયા. અત્યંત આશ્ચર્યના ભાવ સાથે સૌ આ દિવ્ય દર્શન વિસ્ફારિત નેત્રે કરી રહ્યા. બંને સભામાં એક જ સ્વરૂપ, એક જ દર્શન ! મહારાજના આ દિવ્ય સ્વરૂપનાં દર્શનથી, ત્યાં બેઠેલા ભક્તોને તેમના પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય અતિ દૃઢ થયો. થોડી વારે તેજ અદૃશ્ય થઈ ગયું ! મહારાજ સ્વસ્થ રીતે જમતા હતા, બંને સભામાં !

દૃષ્ટિ દિવ્ય થાય એટલે દિવ્યતા દેખાય

હરિભક્તોએ, બહેનોએ મહારાજની સ્તુતિ કરી : "મહારાજ ! આજે આપે આપના દિવ્ય સ્વરૂપની, પુરુષોત્તમ સ્વરૂપની અમને વિશેષ દૃઢતા કરાવી."

આ સાંભળી મહારાજ હસ્યા. પછી ચળુ કરી મુખવાસ જમ્યા. બાજોઠ ઉપર જ બેસી મહારાજે તેમને સૌને કહ્યું : "ભગવાનના સ્વરૂપમાં દિવ્યભાવ કે મનુષ્યભાવ એવું છે જ નહિ. દૃષ્ટિ દિવ્ય થાય એટલે દિવ્યતા જ દેખાય. દૃષ્ટિ માયિક હોય ત્યાં સુધી મનુષ્યભાવ જ દેખાય. માટે નિષ્ઠા દૃઢ રાખવી, પંચવિષયની આસક્તિ છોડવી, જગતના મટી પરમાત્માના થવાનાં સાધનો કરવાં. આટલું કરશો તો કૃપા થશે, દિવ્ય દૃષ્ટિ મળી જશે." એટલું કહી મહારાજ ઊઠ્યા. બંને સભામાં આરતી કરી. જય જયકાર થઈ ગયો ! શિવરામભાઈ, હરજીવનભાઈ, લાધીમા સર્વે કૃતાર્થ થઈ ગયા ![૧૨૫]

---

૧૨૫. 'શ્રીહરિચરિત્રામૃતસાગર', પૂર-૧૨, તરંગ-૨૩માં શ્રીહરિએ આ.સં. ૧૮૬૪માં ભાદરાથી અઢાર જણાને પરમહંસ થવાની આજ્ઞા કરતો પત્ર લખ્યા બાદ દિવાળી અને અન્નકૂટ ઉત્સવ ભાદરામાં જ કર્યો એવો ઉલ્લેખ છે. વળી, લોધિકા દરબાર કૃત 'પુરુષોત્તમપ્રકાશ', અધ્યાય-૫૪માં પણ એવો જ ઉલ્લેખ છે.

यौं लिखी पत्र प्रभु वनमाली । करी भादरामाहि दिवाली ॥

ઉપરાંત, 'શ્રીહરિચરિત્રચિંતામણિ', ભાગ-૩, વાર્તા ૪૦૨માં પણ એવો જ પ્રસંગ છે.

મહારાજ પછી ઉતારે પધાર્યા. થોડો સમય આરામ કરી સાંજે સભા થઈ ત્યારે મહારાજે સૌને સંબોધતાં કહ્યું : ‘‘અમે તમને જે ધર્મજ્ઞાનની વાતો કરી છે તે અંતરમાં ધારજો. ધર્મ-નિયમ યથાર્થ પાળજો અને અમારા સ્વરૂપની નિષ્ઠા દૃઢ રાખજો. પરમહંસોએ પણ પંચવર્તમાન દૃઢતાપૂર્વક પાળવાં, અમારી મૂર્તિ વિના બીજે ક્યાંય મનની વૃત્તિને જવા ન દેવી. સર્વ સાધનનો અંત ભગવાન પ્રગટ મળે ત્યારે આવે છે. પરંતુ પછી જે સાધનો કરવાનાં તે ભગવાનની પ્રસન્નતા માટે કરવાનાં હોય છે. સાધનથી શુદ્ધ થવાય, પરમાત્માની પ્રસન્નતા મળે. તેથી બ્રહ્મભાવ પમાય અને ભક્તિના અધિકારી થવાય.’’ એટલું કહીને મહારાજે સૌ પરમહંસો, દેશી-પરદેશી હરિભક્તોને પોતપોતાને ગામ જવાની આજ્ઞા કરી. પરમહંસોને પણ કયા દેશમાં ફરવા જવું તે માટે મુક્તાનંદ સ્વામી અને રામદાસ સ્વામીની આજ્ઞા લેવાનું કહ્યું. પરમહંસોને મહારાજ મળ્યા - કેટલાકને છાતીમાં ચરણારવિંદ આપ્યાં, કેટલાકને માથે હાથ મૂક્યા - એમ સૌને સુખિયા કરી દીધા. હરિભક્તોએ આ પ્રસંગે મહારાજની પૂજા કરી સૌએ યથાશક્તિ ભેટ મૂકી.

✧

મહારાજ ભુજમાં રહ્યા. સૌને અપાર સુખ આપ્યું. નવા પરમહંસોને પણ આ નવા આશ્રમનું જીવન ધન્ય લાગ્યું. સંસારના અંધારા કૂવામાંથી બહાર કાઢવા પ્રહ્‌લાદજીએ સ્તુતિ કરી. પરંતુ મહારાજના આ મુક્તો તો સંસારમાં હતા છતાં સંસારના બંધનથી મુક્ત હતા. મહારાજે તેમની એવી સ્થિતિનો સમગ્ર સત્સંગને, સમાજને ખ્યાલ આપવા આ પ્રસંગ ઊભો કર્યો હતો. મુક્તોએ એ હાકલને ઝીલી અને કેસરિયાં કરી દીધાં. પાકા સત્સંગીનું એ લક્ષણ છે - આજ્ઞા થાય કે તત્કાળ પરમહંસ થઈ જાય ! કેવળ મહારાજના સંબંધથી, તેમની દૃષ્ટિથી સત્સંગમાં આવા મુક્તોના થોકેથોક પડ્યા હતા.

મહારાજે તેમને સૌને બોલાવ્યા. મહારાજે તેમને ઊભા થઈને બે હાથે નમસ્કાર કર્યા. પરમહંસો મહારાજની આ લીલા જોઈ રહ્યા ! તેમણે પૂછ્યું :

ત્યારબાદ શ્રીહરિ કચ્છ પધારે છે.

જ્યારે ‘પુરુષોત્તમલીલામૃત સુખસાગર’, અધ્યાય-૩૨માં એવો ઉલ્લેખ છે કે શ્રીહરિએ આ.સં. ૧૮૬૪નો અન્નકૂટોત્સવ ભુજમાં કર્યો છે. વળી, બે સ્વરૂપે દર્શન આપ્યાં એ પ્રસંગ એ ગ્રંથમાં આ.સં. ૧૮૬૨ના અન્નકૂટનો છે. પરંતુ ‘શ્રીહરિલીલામૃત’, કળશ ૬, વિશ્રામ ૧ પ્રમાણે શ્રીહરિએ આ.સં. ૧૮૬૨નો અન્નકૂટ ઉત્સવ ગઢડામાં કર્યો હતો.

"મહારાજ ! આપે આ શું ચરિત્ર કર્યું ?"

મહારાજે કહ્યું : "તમે અમારી પ્રતિષ્ઠા વધારી છે, સત્સંગની પ્રતિષ્ઠા વધારી છે. અજોડ કામ કર્યું છે તેથી તમને પગે લાગીએ છીએ."

મહારાજે નવા પરમહંસોની આ પ્રશસ્તિ કરી તે તે પરમહંસોને ન ગમી. સ્વામી રામદાસે મહારાજને કહ્યું : "મહારાજ ! હવે આ નવા પરમહંસોને આપ મંત્ર આપો, સૌનું નામાભિધાન કરો."

નવા થયેલા સંતોને ગૃહસ્થી થવાની આજ્ઞા

મહારાજ આ સાંભળી રહ્યા. પછી ધીરે રહીને મહારાજે કહ્યું : "સંતો ! તમે મારી આજ્ઞા પાળીને મને રાજી કરી દીધો છે. હવે મારી બીજી આજ્ઞા તમારે પાળવાની છે." આ સાંભળી સૌ તત્પર થઈ ગયા. મહારાજે ધીરેથી કહ્યું : "તમે સૌ હવે આ વસ્ત્રો ઉતારી નાંખો, ગૃહસ્થાશ્રમમાં પાછા જાઓ."

આ સાંભળી જાણે વીજળી પડી હોય એવો આંચકો સૌને લાગ્યો. બધા એકદમ શૂન્યમનસ્ક બની ગયા. મહારાજે કહ્યું : "સંતો ! તમે તો સફેદ વસ્ત્રોમાં પણ સંતો જ છો, પરમહંસ દશાવાળા છો. માટે આ મારી આજ્ઞા પાળો."

મહારાજ જેમ જેમ બોલતા ગયા, તેમ તેમ સંતોની આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યાં. માંચા ભક્તે કહ્યું : "મહારાજ ! હાથીની અંબાડી ઉપર બેસારી હવે ગધેડા ઉપર સવારી કરાવવી છે ? આવાં અમૂલ્ય વસ્ત્રો ઉતરાવી હવે ગૃહસ્થોનાં ચીંથરાં પહેરાવવાં છે ? મહારાજ ! આપે આ શું ધાર્યું છે ? આના કરતાં તો મરણ સારું."

મહારાજ તેમની વ્યથા સમજતા હતા. ત્યાગાશ્રમને તેઓ પ્રેમથી ભેટ્યા હતા. તે આશ્રમનું જીવન એ હવે તેમને માટે હકીકત બની ગયું હતું. તેમનું વર્ષોનું સ્વપ્ન આજે સાકાર થયું ત્યારે મહારાજને તે સ્વપ્નને સ્વપ્નવત્ કરી દેવું હતું. તેઓ કાંઈ બોલી શક્યા નહિ.

મહારાજે તેમને કહ્યું : "તમે ગૃહસ્થાશ્રમમાં જશો તો પણ મારે માટે તો મારા લાડીલા પરમહંસો જ રહેશો. પરંતુ મારે તમારી પાસે જે કાર્ય કરાવવું છે, તે તમો ગૃહસ્થના આશ્રમમાં જશો તો જ કરી શકશો. માટે મારી આ આજ્ઞા તમે સૌ રાજી થઈને પાળો."

ભાંગેલા હૈયે સૌએ મહારાજની આજ્ઞા પાળવાનું નક્કી કર્યું. મહારાજે એક માસ સુધી તેમને સાથે રાખ્યા, રમાડ્યા, જમાડ્યા, એકાંતિક ધર્મની વાતો કરી,

તપ, ત્યાગનાં આકરાં પ્રકરણોમાંથી પસાર કરાવ્યા અને હવે પાછા ઘેર જવાનું ! પરંતુ મહારાજની આ આજ્ઞા હતી. સૌએ કબૂલ કર્યું. પણ મીંઢળબંધો જવાન ઊભો થયો. તેણે હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ ! મને એ આજ્ઞા ન કરશો. હું કયે મોઢે હવે ઘેર જાઉં ? બંધન હું તોડીને આવ્યો છું. હવે એ બંધનમાં મને ફરી નાખશો નહિ. મારા ઉપર એટલી કૃપા કરો."

મહારાજ તેની વાત સમજી ગયા. અજા પટેલે પણ કહ્યું : "મહારાજ ! કોઈથી ન થાય એવું અદ્‌ભુત કામ કરી ભાણો આવ્યો છે."

મહારાજે તરત જ કલ્યાણદાસનો હાથ પકડ્યો. તેને કહ્યુ : "તમે ખરેખર અદ્‌ભુત કામ કર્યું છે ! તમે રહો. આજથી તમારું નામ 'અદ્‌ભુતાનંદ' !"

અદ્‌ભુતાનંદ સ્વામી રાજી થયા. એટલે તરત જ અજા પટેલે કહ્યું : "મહારાજ ! ભાણાંને દીક્ષા દેવરાવીને હું પાછો ઘેર જાઉં તો ભૂંડો ન દેખાઉં ? માટે મનેય દીક્ષા આપો."

મહારાજે તેમને પણ બેસાર્યા અને કહ્યુ : "તમે પણ રહો. તમે અમારા પૂર્ણાનંદ." એટલું કહીને પછી બીજા પરમહંસો તરફ જોઈ કહ્યું : "હવે બીજા કોઈ સંકલ્પ કરશો નહિ. અમારી આજ્ઞામાં સુખ છે." મહારાજની આ વાત સાંભળી બીજાના સંકલ્પો બંધ થઈ ગયા.

મહારાજે તે પરમહંસોનાં ભગવાં વસ્ત્રો ઉતરાવ્યાં. રાજોચિત નવાં સુશોભિત વસ્ત્રો મંગાવીને પહેરાવ્યાં. સૌને માથે જામનગરી પાઘ બંધાવી. રામદાસ સ્વામીને કહ્યું : "સાકર મંગાવો. આજે વહેંચવી છે."

રામદાસ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ બધા પરમહંસો થઈને આવ્યા ત્યારે કંસાર સૌને જમાડ્યો અને આજે પરમહંસ મટીને ગૃહસ્થ થવા જાય છે ત્યારે સાકર વહેંચવી છે ?"

આ સાંભળી મહારાજે કહ્યુ : "ભાઈ ! જેમ ગૃહસ્થનો સ્વાંગ ઉતારી પરમહંસ થવું કઠણ છે તે જ પ્રમાણે વૈરાગ્યની ખુમારીને અમારી આજ્ઞાએ મંદ પાડીને પાછા ગૃહસ્થ થવા જાય છે તે કરવું પણ કઠણ છે. જેમણે ગૃહસ્થાશ્રમને અંધારો કૂવો માન્યો છે, તેમને એ કૂવામાં જવું કેમ ગમે ? પણ અમારી આજ્ઞા પાળવામાં સૌ શૂરવીર છે."

સ્વામી રામદાસ જાણતા હતા કે મહારાજના દરેક કાર્યમાં કાંઈક ઊંડું રહસ્ય હોય છે જ. તેથી તેમણે આગળ કાંઈ ન કહ્યું. તેમણે સાકર મંગાવી. મહારાજે પોશે પોશે સૌને વહેંચી. સૌને ફૂલહાર કર્યા અને આશીર્વાદ આપી

રજા આપી.[૧૨૬]

પછી શ્રીહરિએ અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું : "તમને અમે દીક્ષા તો આપી છે પરંતુ એક વાર તમારા કડુ ગામમાં અને તમારા સાસરાના ગામ મેથાણમાં તમારે ભિક્ષા માગવા જવું પડશે. એ ભિક્ષા માગીને આવશો પછી જ તમને અમે રાખીશું."[૧૨૭]

---

૧૨૬. આ પ્રસંગને સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં નીચે પ્રમાણે વર્ણવ્યો છે :

श्रीहरि कहे समज है जैती, सत्संग करे तुम पाये तेती ।
युं कही काशीके सवांग जेतो, श्रीहरि सो उतराये ते तो ॥ ३१ ॥
खट्‌वांग आदि जे ते भूपा, ताकुं वसन धराये अनूपा ।
नवानगरकी पाघ मंगाये, जरिदार सबही पहिरावे ॥ ३२ ॥
सबके शिर पर हरि हाथ बंधाये, अंगरखे सूरवार पहिरावे ।
दुजे बसन जेही चैये जेता, सबही देवन भये तेता ॥ ३३ ॥
रामदासजीभाई जेता, सक्कर हरिजनसे मंगाये तेता ।
संत हरिजनकु दिने सबही, हरि सकर जेमे प्रथम तबही ॥ ३४ ॥
पोशभर सक्कर देना, रामदासजी दिये तेउ प्रसन्ना ।
संतकु प्रथम देते भयेउ, वर्णि संन्यासी संभारिकुं तेउ ॥ ३५ ॥

પૂર-૧૨, તરંગ-૨૬.

૧૨૭. મહારાજની આજ્ઞા પ્રમાણે અદ્‌ભુતાનંદ સ્વામી તેમના ગામ કડુ તથા મેથાણ ભિક્ષા માગીને જેતલપુર ગયા.

તેમના કુટુંબ સંબંધી બીજો પણ રસિક ઇતિહાસ છે. અદ્‌ભુતાનંદ સ્વામીને પાછા તેડી લાવવા તેમના ભાઈ વજુભાઈ ગાડું જોડીને વરતાલ ગયા. અહીં સ્વામી પાસે તેઓ આવ્યા. સ્વામી તેમનો વિચાર સમજી ગયા. તેથી તેમને કહ્યું : "લાંબો પંથ કરીને આવ્યા છો તે ચાર-પાંચ દિવસ રોકાઓ."

વજુભાઈ ત્યાં રહ્યા. એ દરમ્યાન સ્વામીને આસને તેઓ બેસતા. સ્વામીએ તેમને આ દિવસો દરમ્યાન વૈરાગ્યની અદ્‌ભુત વાતો કરી, તેથી તેમણે પણ ઘેર જવાનો સંકલ્પ માંડી વાળ્યો. ગાડું તથા બળદ વેચી દીધાં. જે રકમ આવી તેની સંતોને રસોઈ આપી. પછી તેમણે દીક્ષા લઈ લીધી. તેમનું નામ નિષ્કામાનંદ પાડ્યું. (પોતે સારા લહિયા હતા).

પંદર દિવસ વીતી ગયા અને વજુભાઈ ઘેર ન આવ્યા તેથી તેમના ભાઈ વિઠલભાઈને વિચાર થયો કે વજુભાઈ કેમ ન આવ્યા ? કદાચ વરતાલમાં સેવામાં રોકાઈ ગયા હશે. બે માસ રાહ જોઈ. પછી તેમણે વિચાર કર્યો : હું વરતાલ

અદ્‌ભુતાનંદ સ્વામીના અંતરમાં તો જન્મભૂમિ કે સાસરાનું ગામ કે મોસાળ કાંઈ જ ન હતું. તેમના અંતરમાં શ્રીહરિ સિવાય કોઈ સંકલ્પ ન હતો. તેથી તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપ આજ્ઞા કરો ત્યારે જઉં."

"હમણાં જ. આ બધાની સાથે તમે પણ જાઓ અને ભિક્ષા માગીને જેતલપુર જજો. ત્યા યજ્ઞ થવાનો છે." અદ્‌ભુતાનંદ સ્વામી મહારાજની આજ્ઞા થતાં તૈયાર થયા. રામદાસ સ્વામીને પણ મહારાજે કહ્યું : "તમે પણ જાઓ. જેતલપુરના યજ્ઞમાં અમારાથી અવાશે તો અમે આવીશું."

મહારાજ સાથે બીજા જે પરમહંસો હતા તેમને પણ મહારાજે આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામી તેમાં મુખ્ય હતા. મહારાજે તેમને કહ્યું : "તમે તમારું

દર્શન કરી આવું અને વજુભાઈને તથા કલ્યાણદાસને ઘેર લઈ આવું. એટલે તે પણ વરતાલ આવ્યા. ગોમતીમાં સ્નાન કરી દેવનાં દર્શન કરી સ્વામીનાં દર્શન કરવા તેમના આસને ગયા. સ્વામીએ તેમને જોયા એટલે વિચાર થયો કે હવે આમને પણ રંગી નાંખીએ. વરતાલમાં સંતો બ્રાહ્મમુહૂર્તમાં પ્રભાતી પદો બોલે, કીર્તનો ગાય, અખંડ ધ્યાન, ભજન, કથા થાય. આ વાતાવરણ જોઈ વિઠ્ઠલભાઈને લાગ્યું કે સંસારના કલેશમય વાતાવરણ કરતાં અહીં શાંતિ છે. સ્વામીએ પણ તેમને વૈરાગ્યની ઘણી વાતો કરી. તેથી તેમણે પણ દીક્ષા લઈ લીધી. તેમનું નામ ચૈતન્યાનંદ (નાના) પાડવામાં આવ્યું.

વિઠ્ઠલદાસ સાધુ થઈ ગયા એટલે ચોથાભાઈ કુબેરદાસનું મન પણ સંસારથી ઉદાસ થઈ ગયું. માતા-પિતા તો વહેલા ધામમાં ગયાં હતાં અને ત્રણ ભાઈઓનો આશ્રય હતો તે પણ ગયો. મામા પણ સાધુ થઈ પૂર્ણાનંદ બન્યા. એટલે તેઓ પણ સાધુ થવા ગઢડા પહોંચી ગયા. તેઓ સાધુ થવા ગઢડા ગયા છે તે સાંભળી તેમની ત્રણ બહેનો તથા ચાર ફોઈઓ ગઢડા આવી. મહારાજને પ્રાર્થના કરી કહેવરાવ્યું કે "કુબેરદાસ સાધુ થઈ જશે તો અમારે બાઈઓને કોઈ પણ પ્રકારનો આધાર રહેશે નહિ, માટે અમારાં ઉપર કૃપા કરીને કુબેરદાસને ઘેર મોકલો."

મહારાજે તેમને બોલાવ્યા અને સમજાવીને ઘેર મોકલ્યા. આશીર્વાદ આપ્યા : "તમારા કુળમાં સત્સંગ સદા રહેશે." કુબેરદાસ ઘેર આવ્યા. પરણ્યા. તેમને એક પુત્ર થયો. તેમનું નામ કલાભાઈ હતું. તેમના વંશજો પોતાનું વતન કડુ છોડીને વિરમગામ પાસે ખાખરિયા પ્રદેશમાં ધરમપુર ગામ વસ્યું હતું ત્યાં સં. ૧૯૬૨માં રહેવા આવ્યા. હજુ પણ તેમના વંશજો ધરમપુરમાં જ રહે છે. અદ્‌ભુતાનંદ સ્વામીના કુટુંબનો ઇતિહાસ પણ આવો અદ્‌ભુત છે.

– શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ - અદ્‌ભુતાનંદ સ્વામીના આધારે; સંપાદક : શા. હરિજીવનદાસજી, વરતાલ.

સાધુમંડળ લઈને શ્રીનગર જાઓ. ત્યાં આમલીનાં વૃક્ષોની ઝાડી છે ત્યાં મુકામ કરજો અને ભિક્ષા માંગીને જમજો.''

મુક્તાનંદ સ્વામી મહારાજના પણ ગુરુ હતા છતાં મહારાજના સ્વરૂપની તેમને નિષ્ઠા થઈ ત્યારથી મહારાજના વચનમાં સદા તત્પર રહેતા. મહારાજ તેમની ગુરુપદવિની પ્રતિષ્ઠા સદા સાચવતા, પરંતુ મુક્તાનંદ સ્વામીએ એ ભાવ સદાને માટે છોડી દીધો હતો. મહારાજનાં આજ્ઞા વચન તેઓ સાંભળી રહ્યા. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! તમે તો સાધુતાની મૂર્તિ છો, સત્સંગની મા સમાન છો. પણ મંડળના સાધુઓ કેળવાય તે માટે સૌને ઉપદેશ દેજો. માન મળે તો ફુલાઈ જાય નહિ અને અપમાનમાં અકળાય નહિ. જ્યાં ભિક્ષા માગવા સાધુઓ જશે ત્યાંથી લોકો કાઢી મૂકશે, તિરસ્કાર કરશે, ભિક્ષામાં અભક્ષ્ય વસ્તુઓ નાખશે છતાં તેમને માટે કોઈ અનિષ્ટ સંકલ્પ કરવો નહિ, તેમનું સૌનું હિત થાય તેવું જ ચિંતવન કરવું. ધ્યાન કરવા બેસે તો આસન જીતે, શરીર ઉપર જીવ-જંતુ ચડે તો પણ શરીરને હલવા ન દે અને સ્થિરતાથી અમારી મૂર્તિ ધારી ધ્યાનમાં મગ્ન રહે.''

શ્રીહરિનો આ ઉપદેશ મુક્તાનંદ સ્વામીને અમૃત સમાન લાગ્યો. સાધુના શણગાર તો અપમાન અને તિરસ્કારનાં વચનો જ છે. તેથી તેમની સાધુતા શોભે છે, દેહાભિમાન નાશ થાય છે. મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા શિરે ચડાવી. મુક્તાનંદ સ્વામી મંડળ સાથે નીકળી ગયા. બીજા સંતો પણ જેમ મહારાજની આજ્ઞા થતી ગઈ તે પ્રમાણે ત્યાંથી નીકળી ગયા.

ઉદ્‌ગીથ ૨૧



જામ સાહેબ મહારાજનું સ્વાગત કરે છે

(આ.સં. ૧૮૬૪, ઈ.સ. ૧૮૦૭-૧૮૦૮)

શ્રીજીમહારાજ ભુજથી નીકળી અને હાલાર પ્રદેશ વીંધી જામનગર જવા નીકળ્યા. શ્રીહરિ શહેરમાં પધારવાના છે તે ખબર જામનગર રાજ્યના રાજ્યકારભારીઓ ગજાનનભાઈ તથા હાથીભાઈને પડી. તેમણે જામ સાહેબને આ ખબર આપી. પછી કહ્યું : "નામદાર ! આપણે સાંભળ્યું છે કે સ્વામિનારાયણ બહુ જ ચમત્કારી છે; વળી, તેમણે અનેકને દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરે અનિષ્ટોથી મુક્ત કર્યા છે. માથાભારે કાઠીઓને વશ કર્યા છે. તેઓ પોતે આપણા રાજ્યમાં પધાર્યા છે. આપની અનુમતિ હોય તો તેમને આપણા દરબારમાં આવવા આમંત્રણ આપીએ."

"હા, આપણે પણ તેમને મળવું જોઈએ. કારણ આપણા રાજ્યના બ્રાહ્મણો તેમને માટે ગમે તેવી વાતો કરે છે, તેમણે કલ્પિત સંપ્રદાય ચલાવ્યો છે – તેવું ઘણું કહે છે. તેથી આપણે પરીક્ષા તો કરવી જોઈએ." જામ સાહેબે કહ્યું.

ગજાનનભાઈ તથા હાથીભાઈ આ આજ્ઞા લઈને ચાલ્યા એટલે જામ સાહેબે તેમને કહ્યું : "જુઓ, આપણે તેમની પ્રતિષ્ઠા પ્રમાણે જ આપણા દરબારમાં પધરાવવાના છે. એટલે તે પ્રમાણેની તમામ તૈયારી કરીને જ તેમને આમંત્રણ આપવા જજો."

અહીં રાજ્યના આ બે કારભારીઓ આવ્યા. તેમણે શ્રીજીમહારાજને પધરાવવા જામ સાહેબના આમંત્રણની વાત કરી. રાજ્યના આવાસમાં જ ઉતારો રાખવાનું કહ્યું. મહારાજે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું. સૌનો અભિપ્રાય થયો કે ઉતારો શહેર બહાર વાટિકામાં જ રાખવો અને જામ સાહેબના આમંત્રણને માન આપી દરબારમાં જવું. તે પ્રમાણે રાજ્યના કારભારીઓને જણાવી દીધું.

મહારાજ સંઘ સાથે વાટિકામાં પધાર્યા. અહીં મુકુન્દ બ્રહ્મચારીએ

મહારાજને સ્નાન કરાવ્યું. ભોજનની પણ તૈયારી કરી. મહારાજ જમ્યા. સર્વ સંતો અને સખાઓને પણ જમાડ્યા. પછી મહારાજ ઢોલિયામાં પોઢી ગયા.

શ્રીહરિની જામનગરમાં શોભાયાત્રા

સાંજે ચાર વાગે રાજ્યકારભારીઓ હાથી, ઘોડા, પાલખીઓ, નોબત, વાજિંત્રો, ઘોડેસવારો, પદાતિઓ વગેરે લઈને આવ્યા. મહારાજ આ સરંજામનો અવાજ સાંભળી જાગી ગયા. તેમણે પૂછ્યું : "આ બધું શું છે ?"

શુકમુનિએ કહ્યું : "રાજ્ય દરબારમાં જવા માટે નામદાર જામ સાહેબે સવારી મોકલી છે."

મહારાજ મુખપ્રક્ષાલન કરી, સફેદ વસ્ત્રો પહેરી, તૈયાર થયા. હાથી ઉપર સુવર્ણની અંબાડી ગોઠવેલી. મહારાજને તે ઉપર બિરાજવા દરબારી અમલદારોએ પ્રાર્થના કરી. મહારાજ બિરાજ્યા. મુકુન્દ બ્રહ્મચારી ચામર ઢોળવા પાસે બેઠા. બીજા સંતો કેટલાક બીજા હાથીઓ ઉપર, કેટલાક પાલખીઓમાં, કેટલાક ચાલતા, પાર્ષદો ઘોડા ઉપર તે પ્રમાણે સવારી નીકળી. સાથે આવેલા હરિભક્તો અને સ્ત્રી ભક્તો પણ સવારીમાં મહારાજનાં દર્શન કરવા ચાલ્યાં.

રાજમાર્ગ ઉપરથી સવારી નીકળી. નોબત, વાજિંત્રો, નગારાના અવાજથી પુરવાસીઓ આ દિવ્ય દર્શન કરવા ઝરૂખાઓમાં, અટારીઓમાં, અગાસી ઉપર અને કેટલાક તો ઝાડ ઉપર ચડી ગયા. સ્વામિનારાયણનો વિજયઘોષ સાંભળી ભાવિકોને આનંદ થયો. જેમને મત્સર હતો – પોતાનો જ મત સાચો અને આ નવો મત ખોટો – તેવા લોકો સ્વામિનારાયણ ભગવાનના આ સન્માનથી બળવા લાગ્યા. કૌલમતના બ્રાહ્મણોને તો સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષ હતો જ, કારણ કે તેઓ કૌલમતના સિદ્ધાંત પ્રમાણે માંસ, મદિરા અને મૈથુનના આનંદ ભોગમાં જ પ્રવૃત્ત રહેતા હતા. સ્વામિનારાયણ ભગવાને તેનો નિષેધ કર્યો હતો. તેથી સૌએ નક્કી કર્યું કે પોતાના મતના વિદ્વાનોને બોલાવી સ્વામિનારાયણ સાથે રાજ્ય સભામાં જ શાસ્ત્રાર્થ કરવો અને તેમનો પરાભવ કરવો.

સવારી રાજભવનમાં આવી. મહારાજાએ શ્રીજીમહારાજનું રાજોપચારથી સ્વાગત કર્યું. કચેરીમાં સભા ગોઠવેલી ત્યાં મહારાજને પધરાવ્યા. સંતો પણ આવ્યા. તેમની મર્યાદા સચવાય તે પ્રમાણે તેમની બેઠક ગોઠવી હતી. પાર્ષદો પણ આવ્યા. તેઓ પણ નિયત સ્થાને બેસી ગયા. સભાજનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમને લાગ્યું કે મનુષ્યમાં સૌનાં મન સ્થિર કરી શાંત કરી દેવા જેટલો

પ્રતાપ હોય નહિ. તેથી સ્વામિનારાયણ નક્કી ભગવાન છે. તેમના સંતોની સાધુતા, નમ્રતા જોઈ તેમને સાચા સાધુ કેવા હોવા જોઈએ તેનો ખ્યાલ આવ્યો. કાઠી રાજવીઓનાં જીવનનું પણ તેમણે પરિવર્તન કરી નાંખ્યું છે તે પણ તેમણે જાણ્યું. સમગ્ર સૌરાષ્ટ્રમાં સ્વામિનારાયણના નામનો વિજયઘોષ શાથી વ્યાપી ગયો છે તેનો તેમને આ દર્શન કરતાં જ ખ્યાલ આવી ગયો !

મહારાજ ગાદી ઉપર બિરાજ્યા. પછી અત્યંત મધુર વાણીમાં મનુષ્ય જન્મની દુર્લભતા સમજાવી, વિષયોમાં અનાસક્તિ કેવળી ભક્તિમય જીવન જીવી પ્રભુને પ્રાપ્ત કરવાનો મનુષ્ય જન્મનો ધ્યેય સમજાવ્યો. ગીતા, ભાગવતનાં પ્રમાણો સાથેની મહારાજની વાણી સાંભળી તેમની લોકકલ્યાણની ભાવનાની રાજવી ઉપર તથા સભાજનો ઉપર છાપ પડી. જામ સાહેબ મુગ્ધ થઈ ગયા !

કૌલમતવાદી બ્રાહ્મણો મહારાજને પ્રશ્નો પૂછે છે

કૌલમતના બ્રાહ્મણોથી આ સહન ન થયું. જો રાજા પોતે જ સ્વામિનારાયણને સન્માનશે, તો તેમની પ્રતિષ્ઠા વધી જશે. પછી તેમનો પરાભવ કરવાનું મુશ્કેલ બની જશે. તેમણે બીજે દિવસે સભા બોલાવી હતી. પરંતુ તેની રાહ ન જોતાં આજે જ સ્વામિનારાયણ સાથે આ રાજ્યસભામાં જ મુકાબલો કરી લેવાનું તેમણે નક્કી કર્યું.

એક બ્રાહ્મણે મહારાજને પૂછ્યું : "તમે મદ્યનો, માંસનો, યજ્ઞમાં પશુહિંસાનો, મૈથુનનો નિષેધ કરો છો તે માટેનાં કાંઈ શાસ્ત્ર પ્રમાણો છે ? વેદમાં તો मधु वाता ऋतायते તથા માર્કન્ડેય પુરાણમાં પણ तिष्ठ तिष्ठ क्षणं मूढ मधु यावत् पिबाम्यहम् ।"

શ્રીહરિ તેમની આ વાત સાંભળી હસ્યા. તેઓ તેમનો ઉત્તર આપવા જતા હતા ત્યારે નામદાર જામ સાહેબે શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. આ અજ્ઞાની બ્રાહ્મણો આપની પ્રતિભા, આપનું શુદ્ધ ધર્મ-પ્રચારનું કાર્ય સહન કરી શકતા નથી તેથી તેમણે મારી પણ મર્યાદા મૂકીને આપને આવા વાહિયાત પ્રશ્નો પૂછ્યા છે. અમારી સભાનો રિવાજ છે કે કોઈ પણ પ્રકારની શાસ્ત્ર ચર્ચા કરવી હોય તો અમારી અનુમતિ પહેલેથી લેવી પડે, રાજ્યના વિદ્વાનો તે સભામાં હાજર રહે, ચર્ચાના વિષયો આગળથી જણાવવા પડે. તે બધા નિયમોનું ઉલ્લંઘન કરી આ વામમાર્ગી ભૂદેવો આજે આપનો પરાભવ કરવા મેદાને પડ્યા છે. તેથી આપે તેમને કાંઈ પણ ઉત્તર આપવાની

જરૂર નથી. આપના કોઈ વિદ્વાન સંત હોય તે તેમની શંકાનું સમાધાન કરે."

નવાનગર નરેશની આ વાત સાંભળી કૌલ અને વામમતના બ્રાહ્મણો દબાઈ ગયા. તેમને આશા હતી કે મદ્ય અને માંસનું ભક્ષણ કરનાર રાજવી તેમના મતમાં ભળશે અને સ્વામિનારાયણના નવીન ધર્મનો તિરસ્કાર કરશે. પરંતુ તેમની ગણતરી ઊંધી પડી. ક્ષત્રિયના ધર્મ પ્રમાણે રાજાનો આહાર હોય. પરંતુ રાજા પણ પરમાત્માના અંશભૂત હોય છે તેથી સમગ્ર પ્રજામાં પોતપોતાના વર્ણ પ્રમાણે ધર્મ પ્રવર્તે અને પળાય તે જોવાની તેમની ફરજ છે. તેથી જ આજે સ્વામિનારાયણ ભગવાનના કાર્યમાં તેમને કેવળ ધર્મસ્થાપનની જ વાત ન લાગી પરંતુ સાથે સાથે એ ધર્મની સ્થાપનાથી લોકજીવનને પણ ઉન્નત કરવાની તેમની ભાવના દેખાઈ.

શાસ્ત્રોએ કહેલા ધર્મનાં બંધન જો જીવનમાં સ્વીકારાશે તો જ જીવન શુદ્ધ થશે. લોકકલ્યાણનાં કાર્યો તો જ સફળ થશે. સ્વામિનારાયણ ભગવાનના ધર્મ સ્થાપનાના કાર્ય પાછળનો તેમનો આ ઉદ્દેશ હતો તેવું તેમણે પણ સાંભળ્યું હતું અને કાઠી સમાજ લૂંટ, ધાડ તથા ગામો ભાંગવાની પ્રવૃત્તિઓ તેમના ઉપદેશથી જ છોડી શક્યો હતો તેની તેમને પ્રતીતિ થઈ હતી. લોકોના જીવ અદ્ધર હતા તે આજે હેઠા બેઠા હતા. 'સૂંડલે ઉચાળા' જેવી તેમની સ્થિતિ હતી તે હવે સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે સ્થિર થતી હતી. સ્વામિનારાયણ ભગવાનનાં પ્રથમ દર્શને જ તેમને માટે સાંભળેલી વાતોની સત્યતાની પ્રતીતિ તેમના અંતરમાં થઈ ગઈ.

શ્રીજીમહારાજે રાજવીની ઇચ્છા પ્રમાણે નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ભૂદેવોના પ્રશ્નોનો તમો જવાબ આપો."

શ્રીહરિની આજ્ઞા થતાં નિત્યાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "વેદના અભિપ્રાયને જાણનારા ઋષિમુનિઓએ ધર્મમર્યાદા બાંધેલી છે. માટે પોતાના શ્રેયને જે ઇચ્છતો હોય તેણે આ ધર્મમર્યાદામાં જ વર્તવું તે તેને માટે ઇષ્ટ છે. અજામિલનું આખ્યાન ભાગવતમાં પ્રસિદ્ધ છે. બ્રાહ્મણ હતો પરંતુ કુસંગના યોગે ભ્રષ્ટ થયો, અભક્ષ્ય ખાધું. તેથી યમના દૂતોએ તેને દંડ દીધો. શ્રીમદ્‌ભાગવતમાં પણ પરસ્ત્રીગમનનો નિષેધ કર્યો છે. સ્કન્દ પુરાણમાં પણ કહ્યું છે : कामभावेन नेक्षेत परयोषां तु कर्हिचित् ! પરસ્ત્રીને કામભાવથી ક્યારેય જોવી નહિ. આહારમાં પણ શુદ્ધિ જોઈએ. અન્નને તો બ્રહ્મ કહ્યું છે. શુદ્ધ અન્નનો આ મહિમા છે. તેથી માંસાદિક અભક્ષ્ય વસ્તુનો આહારમાં નિષેધ છે."

નિત્યાનંદ સ્વામીની શાસ્ત્રોનાં પ્રમાણોથી સભર ગૌરવભરી વાણી

સાંભળીને નવાનગર નરેશે કહ્યું : "સ્વામી ! આપની વિદ્વત્તા, આપનું જ્ઞાન અગાધ છે. પરંતુ આ વંઠેલ બ્રાહ્મણો ઉપર આપના ઉપદેશની અસર થાય તેવું મને લાગતું નથી. તેઓ તો આપનો વિરોધ કરવા જ, આપને આ સભામાં ખોટા દેખાડવા માટે જ આવ્યા છે." એટલું કહીને તેમણે તે બ્રાહ્મણો તરફ જોઈને કહ્યું : "વિપ્રો ! વિપ્રધર્મ પાળીને જો રહેવું હોય તો આ રાજ્યમાં રહેજો નહિ તો તમારા અધર્મનું પાપ મને પણ લાગશે. લોકો કહેશે રાજાએ પ્રજાને ધર્મ પળાવ્યો નહિ. તેથી તમને હું ચેતવું છું."

એટલું કહીને તેમણે શ્રીજીમહારાજનું અત્તર, ચંદન વગેરે ઉપચારોથી પૂજન કર્યું. ફૂલના હાર પહેરાવ્યા. થાળ ભરી કોરીઓ ભેટ મૂકી. સાથેના સંતોનું પણ પૂજન કર્યું. પછી બે હાથ જોડી આશીર્વાદ માંગ્યા. મહારાજે કહ્યું : "સદા સુખી રહેશો, ધર્મ પાળજો અને પળાવજો."

મહારાજ સંતમંડળ સાથે ઊઠ્યા. જતી વખતે મહારાજે રોઝા ઘોડા ઉપર જ જવાનું પસંદ કર્યું. મહારાજ સંતમંડળ સાથે ઉતારે પધાર્યા પછી સંઘને કહ્યું : "હવે આપણે આવતી કાલે અહીંથી ચાલવાનું છે."

બીજે દિવસે મહારાજ સંતો, હરિભક્તોના સંઘ સાથે નીકળ્યા. અલૈયા, મોડા, વંથળી, કાલાવડ, ટોડા, કંડોરડા, ઝાંઝમેર, ઉપલેટા, જાળિયા, ગણોદ અને માણાવદર થઈને મહારાજ પંચાળા પધાર્યા.

મહારાજ પંચાળામાં

પંચાળામાં મહારાજ ઝીણાભાઈના દરબારમાં મેડી ઉપર ઊતર્યા. મહારાજ પધાર્યા એટલે ઝીણાભાઈ અતિ પ્રસન્ન થયા. તેમના ભાઈ ગગાભાઈ તથા બહેન અદીબા, મહારાજ તેમનો ભાવ જાણી વણતેડ્યા પધાર્યા એટલે, મહારાજની વિશેષ પ્રસન્નતા મેળવવા સેવામાં જોડાઈ ગયાં. સાથેના સંતોને, હરિભક્તોને તથા મહારાજના સખાઓને તેમણે દરબારમાં યથાયોગ્ય ઉતારા આપ્યા. ઘોડા માટે ચંદી, ઘાસ તથા પાવરાની વ્યવસ્થા કરી દીધી. મહારાજ પધાર્યા છે તો હવે સુખ આવે, સેવાનો લાભ મળે તેવા તેવા સકલ્પો તેમના અતરમા થવા લાગ્યા.

તેમનો અત્યંત ભક્તિભાવ હતો, સેવા કરવાની પણ ભાવના હતી. ઝીણાભાઈ, ગગાભાઈ તથા અદીબાને એ લાભ મહારાજે સર્વ પ્રકારે આપ્યો. તેમણે સંતો, હરિભક્તોની સેવા સરભરામાં ખામી આવવા દીધી નહિ. મહારાજ તેમની ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. આ નિમિત્તે ઝીણાભાઈને સંકલ્પ થયો કે

મહારાજ અહીં છે તો હવે આ પ્રસંગે આખા ગામને જમાડીએ. તેમણે મહારાજને આ વાત કરી. મહારાજ અત્યંત રાજી થયા અને કહ્યું : "આખા ગામને નોતરો. એક ઘર પણ ખાલી ન રહી જાય. ઢોલ પિટાવો અને સારામાં સારી રસોઈ સૌને જમાડો."

મહારાજની ઈચ્છા પ્રમાણે ઠાકોર ઝીણાભાઈએ ગામનો ધુમાડો બંધ કરાવ્યો. ગામમાં સાદ પડાવ્યો, ઢોલ પિટાવ્યો, ઘરે ઘરે નોતરાં મોકલ્યાં. મહારાજના આ પ્રસંગે સૌને દર્શન થાય, તેમની દૃષ્ટિપ્રસાદીનું અન્ન સૌ જમે તો સૌને સંસ્કાર થાય એ ભાવ તેમના અંતરમાં હતો. સારામાં સારી રસોઈ બનાવી. આખા ગામને જમાડ્યું. બધા જ રાજી થયા. મહારાજ પણ સૌ જમ્યા તેથી અતિ રાજી થયા.

જૂનાગઢમાં

પંચાળાથી મહારાજ પીપલાણા પધાર્યા અને ત્યાંથી જૂનાગઢ આવ્યા. જૂનાગઢમાં પ્રવેશ કરતાં મહારાજ ગામની નજીક અવેડાની વાવ છે ત્યાં રોકાયા. ગામમાં ખબર આપી એટલે નાગર હરિભક્ત રામજીભાઈએ અન્ય હરિભક્તોને ખબર આપી. વાજતે-ગાજતે મહારાજનું સામૈયું કર્યું. મહારાજને પુરમાં લાવ્યા. ભીમજીભાઈ નાગરને ત્યાં મહારાજનો ઉતારો રાખ્યો હતો. તેથી મહારાજને લઈને સૌ ત્યાં ગયા. સાથેના સંતો, હરિભક્તો માટે પણ ઉતારાની જુદી જુદી વ્યવસ્થા કરી રાખી હતી.

અહીં મહારાજ થોડા દિવસ રહ્યા. તે દરમ્યાન રોજ કાળવા નદીમાં સ્નાન કરવા પધારતા. સંતોને ત્યાં યોગાભ્યાસ કરાવતા. પછી આસોપાલવના ઝાડ નીચે સભા કરીને લોકોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો કરતા : "આ લોક નાશવંત છે, મનુષ્યદેહ દુર્લભ છે તેથી આયુષ્યના દિવસો વ્યર્થ જવા દેવા નહિ. સંસારની આસક્તિ છોડીને ભગવાનમાં આસક્તિ રાખવી."

મહારાજની વાતો સાંભળી હરિરામ નાગરને સંસારનું અસારપણું સમજાયું. તેમણે ત્યાગી થવાનો સંકલ્પ કર્યો. મહારાજે તેમને સંન્યાસીની દીક્ષા આપી. દંડ, કમંડલું આપ્યાં, માધવાનંદ નામ પાડ્યું. પછી મહારાજે તેમને કહ્યું : "તમે સંન્યાસી થયા તેથી એમ ન માનવું કે આપણે अहं ब्रह्मास्मि થઈ ગયા છીએ. આપણે તો કેવળ આશ્રમધર્મ બદલ્યો છે. પણ સિદ્ધ કે બ્રહ્મ થયા નથી. એ માર્ગે ચાલવાનાં પરિયાણ કર્યાં છે. તેથી નિયમ, ધર્મ, પંચવ્રત વગેરે શૂરવીર

થઈને પાળવાં.''

માધવાનંદ સંન્યાસીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ.''

હરિરામને સંન્યાસીની દીક્ષા આપી તેથી શ્રીહરિના અનન્ય શિષ્ય નાગર મહેતા રામજી ભક્તને પણ સંન્યાસ લેવાની ઇચ્છા થઈ. તેણે પણ મહારાજને કહ્યું : ''મહારાજ ! મને પણ દીક્ષા આપો.''

મહારાજે તેમને કહ્યું : ''તમે સંસારમાં રહો છો પરંતુ સંસાર તમને બંધનકર્તા નથી. એટલે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહીને સંતોની સેવા કરજો. તમને આ આજ્ઞા છે. મોક્ષ તો અમારી ઇચ્છાથી થાય છે.''

રામજી મહેતા આ સાંભળી કાંઈ વિશેષ બોલ્યા નહિ. રામજીભાઈની સ્થિતિ પણ એવી જ હતી. સંસારમાં સદા જળકમળવત્ જ રહેતા.

મહારાજ જૂનાગઢમાં થોડા દિવસો રહ્યા. હરિભક્તોને આનંદ આવ્યો. હઠીલાઓને ચમત્કાર બતાવ્યા. મુમુક્ષુને પોતાના સ્વરૂપથી તથા ઉપદેશથી ખેંચ્યા. સાથેના સંતોને કાળવા નદીના તટે યોગવિદ્યા શીખવાડી. જૂનાગઢ તો દામોદરજીનું ધામ હતું, યાત્રાનું મોટું સ્થળ હતું. તેથી ઘણા સાધુ, સંન્યાસી, વેરાગીઓ, બાવાઓ ત્યાં આવતા. લોકો તેમને જોતા, તેમની ક્રિયા પણ જોતા. કેટલાકની હુડધંગાઈ, દોંગાઈ અને વર્તનથી ત્રાસી પણ જતા. તેમને થતું કે બાવાઓ બધા આવા જ હોય તો તેમને સેવવા કેમ ? તેમને ગુરુ શી રીતે કરવા ? ગુરુ કરવા જેવા કોણ ? તેની તેઓ વિમાસણમાં પડી જતા. સંન્યાસીઓ પ્રવચનો આપીને ચાલ્યા જતા. તેમના વર્તનમાં વિધિ-નિષેધના નિયમો ન હતા. પોતે જ બ્રહ્મ એટલે પૂજન, અર્ચન કોનાં કરવાં, એવો ભાવ દેખાડતા તેથી તેમના સંગે પ્રભુ પ્રત્યે ભક્તિ અંતરમાં સ્ફૂરતી નહિ.

શાસ્ત્રોમાં વર્ણવેલા સાધુ મૂર્તિમાન બન્યા છે

તેમના આ અનુભવની દૃષ્ટિએ તેમણે સ્વામિનારાયણના આ સાધુઓને પણ જોયા. પહેલાં તો બાવા જ માન્યા અને તિરસ્કાર્યા. પરંતુ તેમની ક્રિયા જોઈ, વર્તન જોયું, સદાચાર જોયો, સાધુતા જોઈ, પરમાત્મા પ્રત્યેની ભક્તિ જોઈ, સેવાની ભાવના જોઈ, માન અપમાનમાં સમભાવ જોયો. તેથી તેમને પ્રતીતિ થઈ કે શાસ્ત્રોમાં વર્ણવેલા સાધુ કેવળ શાસ્ત્રોમાં જ પુરાઈને રહેતા નથી, મૂર્તિમાન બનીને પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. સ્વામિનારાયણના આ સંતો પ્રત્યે

તેમને પ્રેમ જાગ્યો.

મહારાજે વિચાર કર્યો કે આ પ્રેમની ભાવના પાંગરે, આ સાધુઓના સમાગમની તેમને ઝંખના રહે તેથી હમણાં તો જૂનાગઢથી નીકળી જવું. મહારાજે સંતોને પણ આદેશ આપ્યો હતો કે "જ્યાં સન્માન થાય ત્યાંથી ચાલી નીકળવું. સન્માનથી દેહાભિમાન વધે છે, દેહાભિમાનથી ભક્તિમાં વિઘ્ન આવે છે." મહારાજે જૂનાગઢ છોડ્યું.

મહારાજ થાણાગાલોળ પધાર્યા. માવા પટેલ અને તેની પત્ની રૈયાબાઈએ મહારાજની સેવા કરી. ત્યાંથી મહારાજ નીકળ્યા અને દેરડી પધાર્યા. અહીં વાઘા મેરામના ઉત્તરાદા બારના ઓરડામાં મુકામ કર્યો. ગામમાં ખબર પડી એટલે આંબાભાઈ, વીરાભાઈ તરત જ આવ્યા. મહારાજના ચરણમાં પડી ગયા. તેમણે સૌએ ખૂબ સેવા કરી.

મહારાજ ત્યાંથી નીકળીને કોટડા થઈને વાંકિયા મોકાખાચરને ત્યાં પધાર્યા. વાંકિયામાં એક દિવસ રોકાઈ ખંભાળે પધાર્યા. અહીં ઓઘડખાચરના[૧૨૮] ઘેર રહ્યા. તેના પુત્ર માણસિયાએ મહારાજની સેવા કરી મહારાજને રાજી કરી દીધા.

ત્યાંથી કરિયાણા થઈને વાવડિયા પધાર્યા. મહારાજ પધાર્યા તેથી નાનબાઈ રાજી રાજી થઈ ગયાં. તેમણે હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ ! હું તો ક્યુંની વાટ જોતી'તી !"

મહારાજે તરત જ હસીને કહ્યું : "અમે પણ તમને સંભારતા'તા તેથી તો અહીં આવ્યા."

વાવડિયામાં એક દિવસ રહી મહારાજ કાર્તિક વદિમાં ગઢડા પધાર્યા.

ગઢડાના હરિભક્તો તો મહારાજની રાહ જોઈને જ બેઠા હતા. રોજ દિવસ ગણતા, મહારાજના વાવડ મંગાવતા, આજે આવે કાલે આવે. રોજ મહારાજ માટે નવીન રસોઈ બનાવી તૈયાર રાખતા. મહારાજ ન આવે એટલે વાસુદેવનારાયણને થાળ ધરાવી સંતોને મોકલાવી દેતા. શબરી પણ આમ જ કરતી. રામચંદ્ર ભગવાનની રોજ રાહ જોતી, રોજ સુંદર બોર વીણીને, ધોઈને તૈયાર રાખતી. પ્રભુ ન આવે એટલે બાળકોને આપી દેતી. પણ પ્રભુનિમિત્તે એકઠાં કરેલાં બોર પોતે જમતી નહિ. આમ, પ્રભુ વાટ જોવડાવતા અને વાટ જોવડાવીને જ્યારે આવતા ત્યારે પ્રેમનો ફુવારો અંતરમાંથી છૂટતો. પ્રભુમિલનનો એ આનંદ અનુભવગમ્ય છે.

---

૧૨૮. તેમના પિતાનું નામ વાજસુરખાચર હતું.

ખુશાલ ભટ્ટને મહારાજ ભાગવતી દીક્ષા આપે છે

મહારાજ ગઢપુર પધાર્યા તેમા તેમનો એક વિશેષ હેતુ હતો. અક્ષરધામના ઉત્તમ મહામુક્તને તેમને ભાગવતી દીક્ષા આપવી હતી. તેઓ અહીં આવી ગયા હતા. મહારાજે આ.સં. ૧૮૬૪ કાર્તિક વદિ ૮ને દિવસે તેમને ભાગવતી દીક્ષા આપવાનું નક્કી કર્યું હતું. બાપુ એભલખાચરને તેમણે આ વાત કરી. નજીકનાં ગામડાંઓમાં ફરતાં સંતોનાં વૃંદોને બોલાવી લીધાં. મુખ્ય મુખ્ય હરિભક્તોને પણ કાગળો લખી તેડાવી લીધા હતા.

કાર્તિક વદિ ૮ની વહેલી સવારે મહારાજના નિવાસ અક્ષર ઓરડી સમક્ષ સંતો, હરિભક્તોની સભા થઈ ગઈ. તે સમયે આ મહામુક્ત શિખાવર્જિત મુંડન કરાવી, સ્નાન કરી, સફેદ વસ્ત્રો પહેરી મહારાજ સમક્ષ આવી ગયા. મહારાજે તેમને પોતાની નજીક બેસાર્યા. નવી કંઠી અને જનોઈ પહેરાવ્યાં. કપાળમાં તિલક કર્યું, વચ્ચે ચાંદલો કર્યો. બંને હાથે તથા છાતીમાં પણ તે છાપ આપી, પછી દીક્ષામંત્ર કાનમાં આપ્યો. સભા આ નવીન યોગીરાજની પ્રતિભાથી અંજાઈ ગઈ હતી. તેમના મુખ ઉપર મહારાજ પ્રત્યેની ભક્તિનો ભાવ હતો. શરણાગતિની સ્વાર્પણતા હતી.

મહારાજે સંતો-હરિભક્તોની સભાને સંબોધતાં કહ્યું : "ઈડર પાસે આવેલા ટોડલા ગામના આ વતની. માધ્યંદીની શાખાના યજુર્વેદી શુક્લ ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ. પિતા મોતીરામ કૃષ્ણભક્ત હતા, માતા કુશળબા હતાં. તેમની અટક ઠાકર, તેમનું મૂળ નામ ખુશાલ ભટ્ટ છે. તે બદલીને હવે તેમનું ભાગવતી દીક્ષાનું નવું નામ આજે 'ગોપાળાનંદ' આપીએ છીએ. તેમનું જીવન ભક્તિમય છે. ચમત્કારી છે. તેઓ બાળયોગી છે. તેમના દ્વારા સત્સંગ પ્રસારણ ઘણું થશે. સત્સંગના મોટેરા થશે અને અમારા પછી સત્સંગને તેઓ સાચવશે."

મહારાજની આ વાત સૌ એકાગ્ર થઈ સાંભળી રહ્યા. ગોપાળાનંદ સ્વામીનો મહિમા સહુના જીવમાં ઊતરી ગયો.[૧૨૯]

ગઢપુરમાં વસંતોત્સવ

મહારાજ ગઢડા પધાર્યા એટલે વસંતના ઉત્સવની તૈયારી સૌ કરવા લાગ્યા. મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન થયા હતા. બાપુ એભલખાચર

---

૧૨૯. વિસ્તૃત જીવન પ્રસંગો માટે જુઓ પરિશિષ્ટ : ૧, પૃષ્ઠ ૪૭૮.

તેમના કુમાર ઉત્તમકુમારને લઈને ત્યાં આવ્યા. તેમણે મહારાજને દંડવત્ કર્યા, ઉત્તમકુમારે પણ દંડવત્ કર્યા. મહારાજે તેમને પકડી લીધા અને પોતાની પાસે બેસાર્યા. તે જોઈ એભલબાપુએ કહ્યું : "મહારાજ ! આ દાદો તો રોજ પૂછ્યા કરતો કે 'મહારાજ ક્યારે આવશે ? મહારાજ ક્યારે આવશે ?' અને અમે એનું મન મનાવવા કહીએ કે 'આજે આવશે.' એટલે તે ફોઈ પાસે જાય, તેની મા પાસે જાય અને કહે : 'સારી રસોઈ બનાવો. મહારાજ આજે આવશે.' તેમ રસોઈ બનાવરાવે. પછી આપની રાહ ડેલીએ બેસીને જુવે. બાર ઉપર એક વાગે એટલે ઓરડામાં આવે અને કહે : 'મહારાજ તો ન આવ્યા.' તેમને તેમ બોલતા જોઈને ફોઈની આંખમાંથી આંસુ પડી જાય. પછી દાદો કહે : 'મહારાજ માટે રસોઈ કરી હોય તે લાવો. વાસુદેવનારાયણને ધરાવીને સાધુઓને આપી આવું."

એભલબાપુ એકધારું બોલ્યે જતા હતા. મહારાજ સાંભળતાં સાંભળતાં દાદાની સામું જોતા જતા હતા. દાદાખાચર પણ મહારાજ સામું જ સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યા હતા. મહારાજ તેના વાંસા ઉપર હાથ ફેરવતા હતા. પછી બાપુએ કહ્યું : "મહારાજ ! તેની મા, તેની ફોઈ તેને કહે : 'દાદા ! ઠાકોરને ધરાવેલી પ્રસાદી તું જમી લે.' ત્યારે દાદો તરત કહેતા : 'એ તો સાધુને જ આપવાની. આપણે તો મહારાજનાં દર્શન ન થાય ત્યાં સુધી રોટલા ને દાળ જ જમવાનું."

આ સાંભળતાં જ મહારાજે દાદાખાચરને ઊંચકી લીધા. પોતાના ખોળામાં બેસારી દીધા. તેને માથે હાથ ફેરવતાં મહારાજ બોલ્યા : "બાપુ ! આ તમારો દાદો તો તમારું ઘર ઉજાળશે, ગામની દીશ ઉજાળશે, દેશ અને પરદેશમાં ગવાશે એવો એ ઉત્તમ ભક્ત છે. તેનું ઉત્તમ નામ ખરેખર તે સાર્થક કરશે."

એભલબાપુની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં, ભગવાને દીકરો આપ્યો પણ દી'વાળે એવો દીકરો આપ્યો !

પીપળાવના પ્રભાશંકર

એટલામાં કોઈએ ખબર આપી કે પીપળાવથી પ્રભાશંકર આવ્યા છે. મહારાજે કહ્યું : "તેમને ઉતારો આપો અને પછી અહીં મોકલજો." એટલું કહીને મહારાજે એભલબાપુને કહ્યું : "બાપુ ! આ પ્રભાશંકર મહાભગવદી છે. નાનપણથી જ કથાવાર્તા સાંભળવાનું વ્યસન. ધર્મ-નિયમ પણ ખરેખરા પાળે."

તે સાંભળી બાપુએ કહ્યું : "મહારાજ ! આપના જોગમાં આવે તેમાં કહેવાપણું હોય નહિ."

તે સાંભળી મહારાજે કહ્યું : "જુવોને બીજે ક્યાં ગોતવા જવું. તમે જ ! અમે મળ્યા પહેલાં શું કરતા ?"

તે સાંભળી બાપુએ આંખ્યો નીચે ઢાળી દીધી. પછી મહારાજે પૂછ્યું : "બાપુ ! આ લીમડો લાવ્યા ત્યારે શું કરવા ગયા હતા ?"

તે સાંભળી બાપુએ કહ્યું : "મહારાજ ! અમારી વાત જ મેલો. બાર ગામના ધણી કહેવાઈએ પણ હાથફેરો ન કરીએ ત્યાં સુધી સોરવે નહિ." આ સાંભળી મહારાજ હસ્યા. પછી તેમણે કહ્યું : "મહારાજ ! તમે મળ્યા અને કાઠીમાત્રનું સુધરી ગયું. આ દીકરીયુંને દૂધપીતી કરતા તે પણ તમે અળસાવ્યું. ધણીની પાછળ બળીને સતીયું થતી તે પણ તમે અળસાવ્યું અને હાથમાં માળા આપી ભજન કરતા સૌને કરી દીધા."

દાદા તો કુળ-ઉજામણ છે

મહારાજે કહ્યું : "બાપુ ! તમારું કુટુંબ તો ખરેખર પવિત્ર છે. તેમાંય આ દાદો તો કુળ-ઉજામણ છે." દાદાખાચર હજુ મહારાજના ખોળામાં જ બેઠા હતા. એભલબાપુને વાતમાં તે કાંઈ ખબર રહી નહિ. પણ મહારાજે દાદાનું કહ્યું એટલે તરત તેમનું ધ્યાન ગયું. દાદાનો હાથ પકડી તેઓ તેને મહારાજના ખોળામાંથી ઉઠાડવા માંડ્યા. એટલે મહારાજે કહ્યું : "દાદો ભલે બેઠો. આ તમારો દીકરો અને તમારી દીકરીયું અમારી દીકરા-દીકરીયું છે એવું અમે નો'તું કહ્યું ? આ દાદા માટે તો અમે અહીં આવ્યા છીએ."

મહારાજનું દાદાખાચર પ્રત્યેનું આવું હેત જોઈ એભલખાચર ગદ્‌ગદ થઈ ગયા ! થોડી વારે તેઓ ઊઠ્યા. ઉત્તમકુમારને આંગળીએ લીધા અને મહારાજની રજા લીધી. મહારાજે કહ્યું : "વસંતની તૈયારી કરો. ઉત્સવ કરીને અમારે નીકળવું છે." એભલખાચર નમસ્કાર કરીને ગયા.

કૃપા નથી, કૃપા નથી

રાત્રે મહારાજ એકાએક જાગી ગયા. મહારાજે પાસે સૂતેલા સેવક માનસંગ પાળાને કહ્યું : "માનસંગ ! જો તો ખરો અત્યારે આ કોણ મંડાણું છે ?"

માનસંગ તરત બહાર ગયા. પ્રભાશંકર ત્યાં જ સૂતા હતા. પોષ મહિનાની ઠંડી હતી. તેમને તો ગોદડું મળ્યું હતું પણ બીચારા સાધુઓ ગોદડા વગર આ ટાઢમાં કેવા ઠરતા હશે તે વિચારથી તેઓ મોટેથી બોલતાં હતા :

"કૃપા નથી, કૃપા નથી."

માનસંગ એકદમ ત્યાં આવ્યો. તેણે પ્રભાશંકરને મોટેથી બોલતાં સાંભળીને કહ્યું : "એ ભગત ! મહારાજની ઊંઘ ઊડી ગઈ. ધીમા બોલો." તોય પ્રભાશંકરે તો મોટેથી 'કૃપા નથી, કૃપા નથી' એમ બોલ્યા જ કર્યું. તેથી માનસંગ તેનો હાથ પકડીને તેને મહારાજ પાસે લઈ ગયા.

મહારાજ પાસે આવીને પ્રભાશંકરે દંડવત્ કર્યા. માનસંગે કહ્યું : "મહારાજ ! આ ભગત મોટે મોટેથી બોલતા હતા : કૃપા નથી, કૃપા નથી."

તે સાંભળી મહારાજે પૂછ્યું : "પ્રભાશંકર ! શું કૃપા નથી ?"

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! હું તો કૃપાનિધિ, કૃપાનિધિ એમ બોલતો હતો પણ આ ભગતને ટાઢ વાતી હશે એટલે તેણે આપને આવીને આમ કહ્યું કે કૃપા નથી."

મહારાજ પ્રભાશંકરના બોલવાનો મર્મ સમજી ગયા. બીજે દિવસે સવારે મહારાજે લાડુબા, જીવુબાને બોલાવીને કહ્યું : "સાધુઓ માટે ગોદડાં કરાવો. બીચારા ટાઢમાં ઠરી જાય છે અને લોકો અમને 'કૃપાનિધિ' ને બદલે 'કૃપા નથી' એવું કહે છે."

લાડુબા ને જીવુબા આ સાંભળી હસ્યાં. તેમણે કહ્યું : "લોકો તો ખરું જ કહે છે. તમારે છપ્પર પલંગમાં પોઢવું છે ને બીચારા સાધુને ટાઢે મારવા છે. પછી ક્યાંથી કૃપાનિધિ કહે ?"

"તમેય આવું કહેશો ?" મહારાજે તેમને કહ્યું.

"તે કહીએ જ ને. ઓલી જીવીને ઘેર જઈને રોટલા ઘડી આવ્યા અને અહીં અમે નેતરાં તાણી તાણીને થાકી જઈએ છીએ તોય સામું જોતા નથી." બંને બહેનોએ વરાળ કાઢી.

મહારાજે પણ વરાળ કાઢતાં કહ્યું : "ભગવાનનેય સાંભળવું પડે છે."

નરહરિ નેતરાં તાણે

બે-ત્રણ દિવસ પછી વહેલી સવારે મહારાજ પાંચુબાના ઓરડામાં ગયા. ત્યાં પાંચુબા એકલા છાશ કરતાં હતાં. મહારાજે પૂછ્યું : "પાંચુ ! એકલી કેમ નેતરાં તાણે છે ?"

પાંચુબાએ કપાળેથી પરસેવો લૂછીને કહ્યું : "મહારાજ ! મોટીબા અને લાડુબા આપને માટે થાળ તૈયાર કરવાનો એટલે હમણા જ ગયા અને હવે

એકલી થાકી ગઈ છું.''

ત્યારે મહારાજે કહ્યું : ''લાવ, હું મદદ કરું.'' એમ કહી મહારાજે નેતરાં ઝાલ્યાં. એક તરફ પાંચુબા અને સામે મહારાજ ! આમ જોડી જામી. છાશ વલોણાનો ઘમ્મર ઘમ્મર અવાજ સંતોના પ્રભાતી પદ સાથે સૂર પુરાવતો તેની સાથે એકતાન થઈ ગયો.[૧૩૦]

મુકુન્દ બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં ગયા. ત્યાં મહારાજને ન જોયા. પછી બધે ફરી વળ્યા. છેવટે અહીં પાંચુબાના ઓરડામાં આવ્યા. અહીં જુવે છે ત્યાં તો નરહરિ નેતરાં તાણે છે. મહારાજે બ્રહ્મચારીને જોઈને કહ્યું : ''બ્રહ્મચારી ! આવો. છાશ પીવી સારી લાગે છે પણ કેમ થાય છે તે તો આ નેતરાં તાણો ત્યારે ખબર પડશે.''

બ્રહ્મચારી બોલ્યા : ''હું તો ગોતી ગોતીને થાક્યો.''

''વલોણાનો ઘમ્મર ઘમ્મર અવાજ નો'તો સંભળાતો ?'' મહારાજે હસતાં હસતાં પૂછ્યું.

''તે વલોણાવાળિયું વલોણાં કરે. તમે અહીં હશો તે કેમ ખબર પડે ?''

મહારાજે કહ્યું : ''બ્રહ્મચારી ! અમને તો અંતર બોલાવે ત્યાં જઈએ છીએ.''

''તેથી જ તો હું બોલાવવા આવ્યો છું.'' બ્રહ્મચારીએ હસતાં હસતાં કહ્યું. પછી મહારાજ પાસે જઈ તેમના હાથમાંથી નેતરાં લઈને કહ્યું : ''નહાવું નથી ?''

પાંચુબાએ તરત જ કહ્યું : ''મહારાજ ! ઊભા રહો આ માખણ જમતા જાઓ.'' મહારાજ માખણ અને મીસરી જમ્યા પછી બ્રહ્મચારી સાથે નાહવા પધાર્યા.

મહારાજે વસંતનો સમૈયો ગઢપુરમાં ધામધૂમથી કર્યો. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ આ સમૈયા ઉપર મહારાજે તેડાવ્યા તેથી આવ્યા હતા. મહારાજે તેમને શ્રીપુરના સમાચાર પૂછ્યા. મહારાજે કહ્યું : ''સ્વામી ! માંડીને વાત કરજો.''

મુક્તાનંદ સ્વામી શ્રીપુરની વાત કરે છે

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞાથી અમે શ્રીપુરમાં ગયા. દરિયાખાન ઘુંમટ પાસે આમલિયુંની ઘટામાં ઊતર્યા હતા. નિર્જન વન જેવું એટલે દિવસે કો'ક કો'ક આવે તેને ઉપદેશ કરીએ. ગામમાં ભિક્ષા માગવા

---

૧૩૦. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ આઠ પદ બનાવ્યાં છે : *'મારું મન હરિયું રે, શામળિયે સુખ દઈને.'* તેમાં સાતમા પદમાં આ પ્રસંગ ઉપરથી આ પંક્તિ રચી છે :

'ખટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે.'

જઈએ પણ ભાગ્યે જ પેટ પૂરતું મળે. રાત્રે કથા, વાર્તા, ભજન કરીએ અને મોડી રાત સુધી ધ્યાનમાં બેસીએ.

"એક દિવસ ત્યાં એક જૈન શાહુકારનો અગ્નિસંસ્કાર કરવા મોટા મોટા શેઠિયાઓ અને ગામના માણસો આવ્યા. અમને તેમણે ત્યાં જોયા અને તેમને કુતૂહલ થયું. અમારી પાસે આવ્યા. અમને પૂછ્યું : 'તમે કેવળિક છો ?' અમે કહ્યું : 'ના.' તે સાંભળી તેમનામાંનો કોઈ ગઠિયા જેવો હતો તે બોલ્યો : 'જુઓ કેવલિક તો અમે છીએ.' એમ કહીને ચાર-પાંચ જણા નીચે પદ્માસન વાળી, બેસી ગયા. આપણા સાધુઓ પણ તે વખતે ધ્યાનમાં બેઠા હતા. એટલામાં ઝાડ ઉપરથી એક સર્પ નીચે પડ્યો. તેને જોઈને ધ્યાન કરવા બેઠેલા વાણિયા તો એકદમ ઊભા થઈને ત્યાંથી ભાગ્યા. આપણા સંતો આપની આજ્ઞા હતી કે 'ધ્યાન કરતાં શરીર ઉપર જીવ, જંતુ, વીંછી કે સરપ ચડે તો પણ શરીરને હલવા દેવું નહિ.' તેથી બેસી જ રહ્યા. સરપ કોઈના પગ ઉપર તો કોઈના વાંસા ઉપર તો કોઈના માથે ચઢીને ફેણ પ્રસારીને ડોલવા લાગ્યો. પરંતુ આપણા સંતોની સ્થિરતા જોઈને શ્રાવક વાણિયાને થયું કે આ ખરેખર કેવળિક છે. ધીરે રહીને સરપ જ્યારે ત્યાંથી પસાર થઈ ગયો, ત્યારે તેઓ અમારી પાસે આવ્યા. મને કહ્યું : 'સ્વામી ! તમે ખરા કેવળિક છો.' ત્યારે મેં કહ્યું : 'કેવળિક તો અમારા ભગવાન સ્વામિનારાયણ છે. અમે તો તેમના દાસ છીએ.'

"તેમને બહુ જ ગુણ આવ્યો. તેમણે કહ્યું : 'ભિક્ષા લેવા અમારે ઘેર પધારજો.' પણ અમે બીજે દિવસે ભિક્ષા લેવા ગયા જ નહિ. એટલે તેઓ ત્યાં આવ્યા. ઘી, ગોળ, લોટ વગેરે સીધાં-સામગ્રી લઈ આવ્યા. બે-ત્રણ દિવસ ઉપરા ઉપરી આ પ્રમાણે સીધું લાવ્યા. ત્યારે અમને આપની આજ્ઞાનું સ્મરણ થયું : 'માન મળે ત્યાંથી ચાલી નીકળવું. સારું સારું ખાવા મળે તે તો દેહને બંધનરૂપ છે.' અમે તરત જ ત્યાંથી નીકળી ગયા. પછી ફરતાં ફરતાં આપની આજ્ઞા આવી એટલે અહીં આવ્યા."

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી સભામાં બેઠેલા સર્વે વિસ્મિત થઈ ગયા. દેહ ઉપર સર્પ ચડે, દેહને ખાવા ન મળે, ગમે તે દુઃખ આવી પડે પરંતુ મહારાજની આજ્ઞા લોપવી નહિ. આવા આજ્ઞાકારી સંતો એ સંપ્રદાયની શોભા છે.

રાજકોટ નરેશ સુરાજીરાજ મહારાજને આમંત્રણ આપે છે

સમૈયો પૂરા થયો અને મહારાજે સૌ સંતમંડળોને દેશમાં વિચરણ કરવાની

આજ્ઞા આપી. મહારાજને પણ રાજકોટના ઠાકોર સાહેબનું આમંત્રણ આવ્યું : "મહારાજ ! થોડા સંતો લઈને પધારજો."

બંધિયાના મૂળુભા દરબારનાં બહેન લખુબા સમાધિનિષ્ઠ હતાં. તેમના પ્રસંગથી રાજકોટ નરેશ સુરાજીનાં બહેનને સત્સંગ થયો હતો. શ્રીજીમહારાજનો અતિ અપાર મહિમા સાંભળી તેણે તેના ભાઈ સુરાજીરાજને કહ્યું : "બાપુ ! મહારાજને તેડાવો તો દર્શન થાય." સુરાજીરાજે તે પ્રમાણે આમંત્રણ આપ્યું.

શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા. સાથે માચાખાચર, અલૈયાખાચર, સોમલાખાચર, સુરાખાચર, ઘેલા ધાધલ, નાગમાલ, રાઠોડ ધાધલ તથા અમરો વગેરે સખાઓ હતા. મુકુન્દાનન્દ તથા જયાનન્દ વર્ણી બે મહારાજના અંગત સેવક પણ સાથે હતા. સંતોમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, સંતદાસજી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મોટા સુખાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી વગેરે સંતો હતા. ડુંગરજી, ઉમાભાઈ, નાથજી, હીરજી, અમરાજી, ઉકરડો, કાળો, અલૈયો, મૂળજી વગેરે શસ્ત્રધારી પાર્ષદો પણ સાથે હતા.

ગઢડાથી નીકળી મહારાજ ખંભાળા, કોટડા થઈને સરધાર પધાર્યા. અહીં તોંગાભાઈ તથા વેરાભાઈએ મહારાજનું તથા સંઘનું સ્વાગત કર્યું. સૌ ભૂખ્યા હતા એટલે તરત જ જમવા બેસારી દીધા. કંસારમાં ધારે ઘી પીરસ્યું. ખોબે ખોબે ખાંડ પીરસી. પછી દૂધ-ભાત પીરસ્યાં. સૌ તૃપ્ત થઈ ગયા. મહારાજને થાક લાગ્યો એટલે જમીને પોઢી ગયા.

સવારે મહારાજ તથા સંઘ તળાવે નાહવા માટે ગયા. વર્ણીએ મહારાજ માટે રસોઈ બનાવી. સંઘ નાહી, નિત્યકર્મથી પરવારી આવી ગયો. તે દરમ્યાન પુરજનો પણ મહારાજનાં દર્શન કરવા આવી ગયા. મહારાજે તેમને ઉપદેશ કરતાં કહ્યું : "અમે નિષ્કામ ધર્મ પ્રવર્તાવવા જ પ્રગટ થયા છીએ. માટે જે નિષ્કામ ધર્મ રાખશે તે અમારા છે, જે નહિ રાખે તે અમારા નથી. જેને એ ધર્મમાં ખોટ આવી હોય પરંતુ પ્રાયશ્ચિત્ત કરવાની ઈચ્છા હોય, તેને અમે રાખીશું."

આ સાંભળી રામાનંદ સ્વામીનો શિષ્ય બોદો કમાનગર મુક્તાનંદ સ્વામીને એક બાજુ લઈ ગયો અને ખાનગીમાં કહ્યું : "સ્વામી ! હું ભ્રષ્ટ થયો છું. પરંતુ મહારાજ મને ખાનગીમાં પ્રાયશ્ચિત્ત આપે."

મુક્તાનંદ સ્વામીએ મહારાજને આ વાત કરી. મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! રામાનંદ સ્વામીના મોટા ગણાતા શિષ્યને જો તેના પાપ માટે

જાહેરમાં પ્રાયશ્ચિત્ત આપીએ, તો બીજા પાપ કરતાં ડરશે. માટે છાનું પ્રાયશ્ચિત્ત આપવું નથી."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! જેવી આપની મરજી." સ્વામીએ બોદા કમાનગરને પાસે બોલાવ્યો. મહારાજે તેને કહ્યું : "પાપમાંથી છૂટવું હોય અને સત્સંગમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડશે. તને પ્રાયશ્ચિત્ત આપ્યું છે એવી લોકોને ખબર પડશે તો તેઓ પાપ કરતા અટકશે." એમ કહીને બોદાને કહ્યું : "નાગા થઈને ગામ વીંધીને બહાર જે ઉકરડો છે તેના ઉપર જઈને બેસજે. એટલું અમારા વચને કરીશ તો પાપમાંથી છૂટી જઈશ."

બોદાને મહારાજની આ આજ્ઞામાં પોતાની પ્રતિષ્ઠાની હાનિ થતી દેખાતી હતી છતાં પાપમુક્ત પણ થવું હતું. શ્રીજીમહારાજની આજ્ઞાની મહત્તા પણ તે જાણતો હતો. તેથી સત્સંગમાં રહેવાનો તેને ખપ જાગ્યો હતો. તેણે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કર્યું.

✧

મહારાજ સરધારથી નીકળી રાજકોટ પધાર્યા. મહારાજ રાજકોટ પહોચ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. સુરાજીરાજે ડંકાનિશાન સાથે ભવ્ય સામૈયું કર્યું. રાજકોટના હરિભક્તો ભટ્ટ માહેશ્વર, મહાદેવ, રણછોડ તથા હરિસેવક તેમજ મેવાસાના ઇન્દ્રજી વ્યાસ, તેમના ભાઈ દેવકૃષ્ણ, કરસનજી શેઠ, કરસનભાઈ ઠક્કર, માંડણ મિસ્ત્રી, વાલાભાઈ, ઉકાભાઈ તથા માવજી મિસ્ત્રી, પાંચાભાઈ, ગોવિંદભાઈ, દેવરાજ, જેરામ વગેરેએ પણ મહારાજ તથા સંઘનું સ્વાગત કર્યું. રાજકોટની આજુબાજુ પાડાસણ, ખાંભા, વડાળી તથા લોધિકા, કાંકશિયાળી, મેંગણી, વાગુદડ, માખાવડ વગેરે રાજ્યના દરબારો પણ મહારાજના દર્શન કરવા આવ્યા હતા. મહારાજનું વાજતે-ગાજતે સામૈયું થયું.

પુર બહાર એક મોટા ચોગાનમાં તંબુઓ, રાવટીઓ વગેરે તૈયાર રાખ્યાં હતા. મહારાજ તથા સઘનો આ સ્થાને ઉતારો રાખ્યો.[૧૩૧] મહારાજ સ્વસ્થ થઈને બોરડી પાસે આવ્યા. ત્યારે એક હરિભક્તે તાજાં બોર ધોઈને મહારાજને આપ્યા. મહારાજ બોર જમ્યા. સ્વાદુ ફળ વખાણ્યાં અને સૌને પ્રસાદી આપી.

હરિભક્તોએ બોરડીની ડાળે હિંડોળો બાંધ્યો. મહારાજ તેમનો ભાવ હતો

---

૧૩૧. આ સ્થાને બોરડીની નીચે છત્રી છે. ત્યાં મહારાજનો ઉતારો હતો. આજુબાજુ તંબુઓ હતા. હાલ અહીં સ્વામિનારાયણનું મંદિર છે.

એટલે હિંડોળે બિરાજ્યા. હરિભક્તોએ મહારાજને ઝુલાવવાનો લાભ લીધો.

એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ અને વર્ણી મહારાજને બોલાવવા આવ્યા. મહારાજે પૂછ્યું : "આટલી વારમાં રસોઈ તૈયાર ?"

"હા, મહારાજ ! રાજ્યના કારભારીઓએ બધી જ સામગ્રી તૈયાર રાખી હતી એટલે વાર ન લાગી."

મહારાજ હાથ-પગ ધોઈ જમવા પધાર્યા. મહારાજ જમી રહ્યા પછી સર્વ સંત-હરિભક્તોને જમાડ્યા. પછી મહારાજે કીર્તન-ભજન મોડી રાત સુધી કરાવ્યાં.

બીજે દિવસે મહારાજને તથા સંઘને સુરાજીરાજે પોતાના મહેલમાં વાજતે-ગાજતે પધરાવ્યા. રસ્તામાં ગુલાલ ઉડાડ્યો, જયઘોષણા કરી. પુરના વાસીઓને પણ આ દિવ્ય દર્શનથી આનંદ થયો. મહારાજ મહેલમાં પધાર્યા. રાજોપચારથી મહારાજનું લાખાજીરાજે પૂજન કર્યું. મહારાજ હિંડોળા ઉપર બિરાજ્યા. પછી મહારાજે સંતોને કહ્યું : "કીર્તન-ભક્તિ કરો."

સંતોની કીર્તન-ભક્તિથી લાખાજીરાજ તથા તેમના રાજ્યના અમલદારો પ્રસન્ન થઈ ગયા. તેમને થયું કે સ્વામિનારાયણના સાધુઓ સાધુતામાં તો પૂર્ણ છે પણ સંગીત આદિ કળામાં પણ નિપુણ છે.

મહારાજે કહ્યું : "કળાની સિદ્ધિ, મનુષ્યની બુદ્ધિ સૂક્ષ્મતર થાય છે ત્યારે થાય છે. એ બુદ્ધિ વિશેષ સૂક્ષ્મ થાય ત્યારે તે બુદ્ધિથી ભગવાનનું દર્શન થાય છે, ભગવાન ઓળખાય છે. બુદ્ધિ શુદ્ધ થાય તો જ સાચો સત્સંગ થાય. અમે ત્રણ ધામ ફર્યા પરંતુ સ્ત્રી અને ધનના ત્યાગી, કલાના અનુરાગી, સાધુતાના ગુણેયુક્ત આવા સંતો અમે જોયા નથી. હવે ચોથા ધામ દ્વારિકામાં જઈને ખોળીશું."

તે સાંભળી સુરાજીરાજ બોલ્યા : "મહારાજ ! દ્વારકામાં તો સાધુ નથી પણ શઠ છે. દ્વારિકાધીશ પણ ત્યાં હશે કે નહિ તેની શંકા છે."

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "તીર્થોમાં લોકો પાપ મૂકવા જતા નથી પરંતુ પાપ વિશેષ કરવા જાય છે. તેથી તો તીર્થોને વારંવાર તીર્થત્વ આપવાની આવશ્યકતા હોય છે. સાચા સંતો તીર્થોને તીર્થત્વ આપવા વિચરણ કરે છે, માટે સત્પુરુષનો સંગ કરે તો શ્રીહરિનો રંગ ચડે."

એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ. રાજાએ ભાવથી દૂધપાક, પૂરીની રસોઈ કરાવી હતી. આનંદ સ્વામી મહારાજની સેવામાં હતા. મહારાજ જમવા બિરાજ્યા. સુરાજીરાજ સામે બેઠા, તેમણે મહારાજને આગ્રહ કરી કરીને પીરસાવ્યું. પછી હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! અમારું કલ્યાણ થાય

એ જ અમારી પ્રાર્થના છે. બાકી આપનો કે આપના સંતોનો સત્સંગ તો અમે કરી શકીએ તેમ નથી. પરંતુ અમારી આ અલ્પ સેવા અંગીકાર કરી અમારો મોક્ષ થાય તેવી દૃષ્ટિ કરો એ જ અમારી માંગણી છે.''

મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થયા. સારી રીતે જમ્યા. પછી ચળુ કરીને સૌ સંતો-હરિભક્તોને પીરસવા પધાર્યા.

ત્યારબાદ સુરાજીરાજે બંધિયાનાં લખુબાએ તેમને અગાઉથી શીખવાડ્યા પ્રમાણે મહારાજની કેસર, ચંદન, અત્તર, ફૂલહાર વગેરેથી પૂજા કરી, જરિયાન વસ્ત્રો તથા આભૂષણો પણ ધરાવ્યાં. સંતોની પણ પૂજા કરી. પછી મહારાજ ત્યાંથી ઉતારે પધાર્યા.

ત્રીજે દિવસે ગામના હરિભક્તોએ મહારાજ તથા સંઘને દૂધપાક, પૂરીની રસોઈ આપી. સંઘને ભાવપૂર્વક જમાડ્યો. મહારાજનું પૂજન કર્યું. સંતોનું પણ પૂજન કર્યું. મહારાજને હાર પહેરાવ્યા. મહારાજનો કંઠ હારથી ભરાઈ ગયો. મહારાજ એક એક હાર ગળામાંથી કાઢી હરિભક્તો ઉપર ફેંકવા લાગ્યા. હરિભક્તોએ પ્રસાદીના હાર જાણી હાર લેવા પડાપડી કરી. સૌને ખૂબ સુખ આપ્યું, સત્સંગનો રંગ ચડાવી દીધો.

મહારાજ ત્યાંથી ગઢપુરમાં ફૂલદોલનો સમૈયો કરવા નીકળ્યા. ફરતાં ફરતાં થોડા દિવસે મહારાજ ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૨૨

ગઢપુરમાં ફૂલદોલ અને હરિનવમીના ઉત્સવો

(આ.સં. ૧૮૬૪-૧૮૬૫, ઈ.સ. ૧૮૦૮)

મહારાજ ગઢપુર પધાર્યા. મહારાજ જ્યારે જ્યારે વિચરણ કરી ગઢપુર પધારતા, ત્યારે જાણે ઘેર આવ્યા હોય તેવી નિરાંત અનુભવતા. મહારાજે ગઢપુરને પોતાનું ધામ માન્યું હતું અને દાદાના દરબારને પોતાનું ઘર માન્યું હતું. એભલખાચરનો પરિવાર પણ મહારાજને રાખવા સારુ મહારાજનું ગમતું જ સદા કરતો. તેમના સૌની નિષ્કામ ધર્મની દૃઢતા જોઈને મહારાજ ત્યાં ટક્યા હતા. નાના ઉત્તમકુમારને જોઈ મહારાજ અતિ પ્રફુલ્લિત થતા. તેમને વારંવાર બોલાવતા, પાસે બેસાડતા, કીર્તનો શીખવાડતા, શાસ્ત્રોની વાતો કરતા. ભગવાનના અવતારોની વાતો કરતા. ઉત્તમકુમાર આ બધું જ શાંતિથી સાંભળતા. પછી મહારાજને પૂછતા પણ ખરા : ''મહારાજ ! આપે અવતારોની વાત કરી પણ આપ કોણ ?''

મહારાજ તેમની બુદ્ધિ જોઈ હસતા અને કહેતા : ''ઉત્તમ ! અમે તો સર્વ અવતારોના અવતારી પુરુષોત્તમનારાયણ.''

ઉત્તમકુમાર આ વાત સાંભળી રાજી થઈ જતા.

દાદો તો ગગનમાં ઘોડા ખેલવે એવો થશે

એટલામાં ત્યાંથી પસાર થતાં સૂરપ્રભાદેવી ત્યાં આવ્યાં. તેમણે નાના કુમારને મહારાજ સાથે વાતો કરતા જોયા એટલે તરત જ કહ્યું : ''દાદા ! મહારાજને તો કેટલા મોટા મોટા ભક્તો મળવા આવે, આમ મહારાજને બેસારી ન રખાય.''

મહારાજે આ સાંભળી કહ્યું : ''સૂરપ્રભાબા ! આ દાદો - ઉત્તમ - એ ઉત્તમ ભક્ત છે. અમને તેની સાથે વાતું કરવી બહુ ગમે છે. ગગનમાં ઘોડો

ખેલવે એવો થશે.''

સૂરપ્રભા મહારાજની વાત સાંભળી રહ્યાં. ઉત્તમકુમાર તરત જ ઊભા થઈ ગયા. પરંતુ પૂર્ણ પુરુષોત્તમનારાયણને મુખે પોતાના પુત્રની પ્રશંસા સાંભળી અતિ હર્ષના ભાવમાં સૂરપ્રભાદેવીની આંખો મીંચાઈ ગઈ. દાદાએ તેનો હાથ પકડી કહ્યું : ''મા, ચાલો.'' ત્યારે તેણે આંખો ઉઘાડી. મહારાજને નમસ્કાર કર્યા.

શિયાણીના શિવરામ ભટ્ટ શ્રીહરિને પ્રશ્નો પૂછે છે

ગઢપુરમાં ફાગણના ફૂલદોલ ઉત્સવની તૈયારીઓ પૂરઝડપથી થવા લાગી. શ્રીહરિનો પણ ઉત્સાહ માતો ન હતો. ભક્તોના અંતર રંગવાનો આ અવસર હતો. પછી તે અંતરના ઝૂલે પોતાને ઝૂલવું હતું. હરિભક્તો પણ દૂર દેશાવરથી આવ્યે જતા હતા. લાડુબા, જીવુબા વગેરે બહેનો તથા અન્ય સ્ત્રી-હરિભક્તો, સંતો, હરિભક્તોની સેવા-સરભરામાં તન્મય બની ગયાં હતાં.

એકાદશીનો દિવસ આવ્યો. શ્રીહરિએ આ પ્રસંગે વિધિપૂર્વક કૃષ્ણપૂજાનો મહોત્સવ કરાવ્યો. એકાદશ ઇન્દ્રિયોને ભક્તિમય બનાવી દેવા રાત્રે તેમણે સભા માટે વ્યવસ્થા કરવા અભય ભૂપતિને કહી દીધું હતું. અભય ભૂપતિએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે પોતાના જ વિશાળ પ્રાંગણના પૂર્વભાગમાં મંડપ બંધાવી સભા માટે સુંદર વ્યવસ્થા કરી દીધી. સભાના મધ્ય ભાગમાં શ્રીહરિ માટે ઉચ્ચ આસન ગોઠવી તે ઉપર સુંદર સિંહાસન મૂક્યું હતું. સદ્‌ગુરુઓને માટે પણ તેમની કક્ષા પ્રમાણે બેસવાની વ્યવસ્થા કરી દીધી હતી.

સભામાં ત્યાગી તથા ગૃહસ્થ હરિભક્તો આવ્યા. સૌ પોતપોતાના સ્થાનકે ગોઠવાઈ ગયા. શ્રીહરિની આજ્ઞાથી સંતોએ કીર્તન-ભક્તિ શરૂ કરી. એકાદશી હતી એટલે અર્ધરાત્રિ સુધી જાગરણ તો કરવાનું જ હતું. એટલે કોઈના અંતરમાં બીજો કોઈ સંકલ્પ હતો નહિ. સૌ શ્રીહરિની મૂર્તિ તરફ એકાગ્ર બની તેમના સ્વરૂપની પ્રશસ્તિનાં કીર્તનો સાંભળતાં હતાં.

કીર્તન-ભક્તિ સમાપ્ત થઈ. પછી સૌવીર દેશના રાજા હરિસિંહે પોતાના ગામ શિયાણીના વિદ્વાન વિપ્ર શિવરામ ભટ્ટને ગઢપુર મોકલ્યા હતા, તે એકાએક સભામાં ઊભા થયા. તેમને આ રીતે ઊભા થયેલા જોઈ સૌને આશ્ચર્ય થયું ! પરંતુ શિવરામ ભટ્ટે હાથ જોડી સ્તુતિ કરતાં કહ્યું : ''મહારાજ ! મારા દેશના રાજા હરિસિંહજી બહુ જ મુમુક્ષુ છે. ગઢપુરમાં ભગવાન બિરાજે છે, અનેક પ્રકારનાં ઐશ્વર્ય બતાવે છે. તે જાણી તેમણે મને આપની પાસે થોડા પ્રશ્નો

લઈ મોકલ્યો છે.''

શ્રીહરિ તેમની વાણીનો મર્મ સમજી ગયા. વિપ્રની વિવેકબુદ્ધિથી પ્રસન્ન પણ થયા. તેમણે કહ્યું : ''ભલે, તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે ખુશીથી પૂછો.''

શિવરામ ભટ્ટે ફરી હાથ જોડી કહ્યું : ''દયાળુ ! મારા પ્રશ્નો સાંભળી સભામાં કોઈ અન્યથા ન સમજે તે માટે હું પહેલેથી સ્પષ્ટતા કરું છું કે કેવળ એક મુમુક્ષુ જિજ્ઞાસાથી જે પ્રમાણે પૂછે તે ભાવનાથી જ હું પ્રશ્નો પૂછવાનો છું.''

શ્રીહરિએ તેને કહ્યું : ''વિપ્ર ! તમારા જે પ્રશ્નો હશે તેના અમે ખુલાસા જરૂર કરીશું. તમે ખુશીથી પૂછો.''

શિવરામ ભટ્ટને શ્રીહરિની આ દિવ્ય સભા, કૃષ્ણભક્તિના ઉત્સવો, ચારિત્ર્યશીલ સંતો, નિયમધારી ગૃહસ્થ હરિભક્તો – આ બધું જોઈ પોતે જે પ્રશ્નો પૂછવા માટે ધાર્યું હતું તે પૂછવા માટે ક્ષોભ થયો. પરંતુ રાજાની જ આજ્ઞા હતી કે ખુલાસાઓ મેળવીને જ શિયાણી આવવું. તેથી તેમણે બે હાથ જોડી પૂછ્યું : ''મહારાજ ! મને મારા નૃપતિએ જે આજ્ઞા કરી છે તે પ્રમાણે આપને હું પૂછું છું. મારા નૃપતિ ખૂબ જ ભાવિક છે. ભગવાનની શોધમાં છે. તેમને આપનું જન્મસ્થાન, કુળ, જ્ઞાતિ, વેદ, પ્રવર તેમજ આપના સંપ્રદાયનાં શાસ્ત્રો, ઉપાસનાની રીત, સંતોના નિયમ વગેરે જાણવાની ઇચ્છા છે તો આપ કૃપા કરી વિગતથી જણાવશો.''

શ્રીહરિ તેમનો પ્રશ્ન સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''શિવરામભાઈ ! જે શુદ્ધ મુમુક્ષુ હોય, તે સદા બુદ્ધિને સતેજ રાખીને જ ભગવાનની અથવા ગુરુની શોધ કરે; જો બુદ્ધિનો ઉપયોગ ન કરે, તો જગતમાં અત્યારે પ્રવર્તતા અનેક કલ્પિત મતપંથોમાં અટવાઈ જાય અને ઉત્તમ મનુષ્યદેહનું મૂલ્ય ગુમાવી બેસે. આપના રાજા બુદ્ધિશાળી છે.'' તે પછી શ્રીહરિએ વિગતવાર પોતાનાં કુળ, કુટુંબ, વેદ, પ્રવર, શાખા, જન્મ તથા રામાનંદ ગુરુની સવિસ્તાર વાત કરી.

તેમણે કહ્યું : ''અમારા ગુરુ રામાનંદજી ઉદ્ધવજીનો અવતાર હતા. ઉદ્ધવજી માટે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું હતું કે नोद्धवोऽण्वपि मन्न्यूनो । ઉદ્ધવજી મારા સ્વરૂપથી અણુમાત્ર ન્યૂન નથી. ઉદ્ધવજીને શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ માની તે ઉદ્ધવરૂપ રામાનંદ સ્વામી પાસે અમે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી છે. અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ એ અમારા ઉપાસ્ય ઇષ્ટદેવ છે. રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ આદિ તેમનાં જ વિભૂતિસ્વરૂપો છે

એટલે તે સર્વ અમારે નમસ્કાર કરવા યોગ્ય અને પૂજા કરવા યોગ્ય છે.''

શ્રીહરિની વાણીમાં દિવ્યતા હતી, અમૃત હતું, સનાતન શાસ્ત્રોનો સાર હતો. શિવરામ ભટ્ટને શ્રીહરિના શબ્દો અંતરમાં ઊતરી ગયા. શ્રીહરિના દિવ્યસ્વરૂપની એમને પ્રતીતિ થઈ એટલે શ્રીહરિનો આશ્રય કર્યો અને રાજા હરિસિંહ પાસે જઈને શ્રીહરિની અદ્ભુત મોહિનીની વાત કરી. રાજા હરિસિંહને સમજાઈ ગયું કે આ કળિકાળમાં પુરુષોત્તમનારાયણ વિના આવી ધર્મપ્રવર્તનની પ્રણાલિકા કોઈ સ્થાપી શકે જ નહિ.[૧૩૨]

ગઢપુરમાં ફૂલદોલોત્સવ : આ.સં. ૧૮૬૪

એભલબાપુના દરબારમાં ફૂલદોલનો ઉત્સવ થવાનો હતો. તેથી તો હરિભક્તો ગઢપુર આવી ગયા હતા. મુક્તાનંદ સ્વામી મહારાજની સાથે જ હતા. મહારાજ રંગે રમ્યા. સંતોને રમાડ્યા. ઘેલામા સ્નાન કરવા પધાર્યા. ત્યાં પણ જળક્રીડા કરી સૌને પોતાની દિવ્ય મૂર્તિની સ્મૃતિ રહે તેવી લીલા કરી. પછી દરબારમાં પધાર્યા. પોતે જમ્યા પછી સૌ સંતોને પોતે પીરસ્યું. ઉત્સવ પૂરો થયો અને સૌ સંતોને તથા હરિભક્તોને રજા આપી.

સારંગપુરમાં

સારંગપુરના જીવાખાચર પણ આ ઉત્સવ ઉપર આવ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! સંતોનો સંઘ લઈને મારે ગામ પધારો તો મારો મનોરથ પણ પૂરો થાય.''

મહારાજે તરત જ કહ્યું : ''જરૂર આવીશું. પણ તમે મોરથી જાઓ અને બધી તૈયારી કરાવો, અમે કાલે સંતોનો સમાજ લઈને આવીશું.''

જીવાખાચરને આ સાંભળી આનંદ થયો. તરત તે ત્યાંથી પોતાના પરિવાર તથા સારંગપુરના બીજા હરિભક્તોને લઈને સારંગપુર જવા નીકળી ગયા.

બીજે દિવસે મહારાજ સારંગપુર જવા નીકળ્યા. સખા અને સંતોનો સંઘ સાથે હતો. મહારાજ સંઘ સાથે ઢીંકવાળી પહોંચ્યા. ત્યાં મહારાજે કહ્યું : ''અહીં થોડી વાર આરામ કરીને પછી જઈએ.'' પછી એક વાડીમાં પોતે પધાર્યા. સોમલાખાચરે પોતાનો ધાબળો પાથરી દીધો. મહારાજ તે ઉપર બિરાજ્યા. એટલામાં તો ત્યાં વાડીનો ધણી આવ્યો. તેણે મહારાજને પ્રણામ કર્યા. મહારાજે

૧૩૨. આ પ્રસંગના વિસ્તાર માટે જુઓ : સત્સંગિજીવન; પ્ર. ૨, અં. ૩૭.

તેને પૂછ્યું : "તમારી વાડીમાં શું પાક્યું છે ?"

તેણે તરત જ કહ્યું : "મહારાજ ! રીંગણાં સારાં થયાં છે. બીજાં પણ શાક આ વાડીમાં કરીએ છીએ પણ અહીંનાં રીંગણાં જેવાં આ પંથકમાં કોઈ ઠેકાણે રીંગણાં થતાં સાંભળ્યાં નથી."

એ સાંભળી મહારાજને થયું સંતોને રીંગણાંનું શાક જમાડીએ. તેથી તેમણે વાડીવાળા પાસે એક મણ રીંગણાં તોડાવ્યાં. વાડીવાળાએ કહ્યું : "એક મણનો એક રૂપિયો પડશે. ગાંસડી બાંધીને હું તમે જ્યાં કહેશો ત્યાં મૂકવા આવીશ."

મહારાજે કહ્યું : "ભલે."

સોમલાખાચરે પણ રીંગણાં જોઈને કહ્યું : "અરે એક રૂપિયાના કાકા. તું ગાંસડી બાંધીને તૈયાર થઈ જા ને."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "આ સોમલાખાચરના મોઢામાં પાણી આવતાં લાગે છે. રૂપિયાના કાકા એમ કહ્યું. પણ ગજવામાં રૂપિયો છે ?" સાથે આવતા સૌ સખા પોતપોતાનાં ગજવાં તપાસવા લાગ્યા. પણ કોઈની પાસે એક કોડી પણ ન નીકળી.

વાડીવાળો બીચારો અજ્ઞાત આદમી હતો. સૌ મહારાજને 'મહારાજ' કહે એટલે તેણે પણ 'મહારાજ' કહ્યું. સૌ પગે લાગે એટલે તે પણ પગે લાગ્યો. પણ આ જ પોતે સ્વામિનારાયણ છે તેની તેને ખબર ન હતી. કોઈની પાસે રૂપિયો ન નીકળ્યો. તેથી તે અકળાયો. તેણે કહ્યું : "ખીસામાં કાવડિયાં નો'તાં તો પછી રીંગણાં તોડાવીને ગાંસડી કેમ બંધાવી ?"

સંતો પણ મહારાજ સામે જોઈ રહ્યા. તેમને મૂંઝાયેલા જોઈ મહારાજે કહ્યું : "સંતો મૂંઝાશો નહિ. નાણું ચાલ્યું આવે છે."

એટલામાં સામેથી બોટાદના બે હરિભક્તો મૂળચંદ અને કેશવજી ગામડામાં ઉઘરાણીએ ગયા હતા તેમને ઘોડી ઉપર આવતા જોયા. તેમણે પણ મહારાજને તથા સંતોને જોયા એટલે ઘોડી દોડાવી. મહારાજ પાસે આવ્યા. ઘોડી ઉપરથી ઊતરીને મહારાજને પગે લાગ્યા. મહારાજના ચરણમાં પાંચ રૂપિયા મૂકીને તેઓ સૌને પગે લાગીને ત્યાંથી બોટાદ તરફ રવાના થઈ ગયા. મહારાજે સંતોને કહ્યું : "લક્ષ્મીના પતિ અમને જાણો છો અને એક રૂપિયા માટે તો મૂંઝાઈ જાવ છો !" સંતોને પણ લાગ્યું કે મહારાજના મહિમાની, કર્તાપણાની તો ટાણું આવે ત્યારે જ ખબર પડે. વાડીવાળાને રૂપિયો આપી તેને સાથે લઈને સારંગપુર સૌ પહોંચી ગયા.

જીવાખાચરે ધામધૂમથી સામૈયું કર્યું. આખા ગામમાં મહારાજને ફેરવ્યા. સૌને દર્શન થયાં. પછી મહારાજને પોતાના દરબારમાં તેડી ગયા. અન્ય સંતો-હરિભક્તોને યોગ્ય સ્થાને ઉતારા આપ્યા. એટલામાં ત્યાં વાડીવાળો રીંગણાંની ગાંસડી લઈને આવ્યો. તેણે ગાંસડી છોડી રીંગણાંનો ઢગલો કર્યો. ત્યારે જીવાખાચરે પૂછ્યું : "આ રીંગણાંનું શું આપવાનું છે ?"

એટલે તેણે કહ્યું : "એક રૂપિયો. પણ મને તો મળી ગયો છે."

જીવાખાચરે તેને કહ્યું : 'એ રૂપિયો પાછો લાવ અને હું તને આ રૂપિયો આપું છું." વાડીવાળા પાસેથી રૂપિયો લઈ જીવાખાચરે મહારાજને આપી દીધો.

બીજે દિવસે મહારાજે રીંગણાંનું શાક કરાવ્યું. બીજાં પણ ભાવતાં ભોજન જીવાખાચરે કરાવ્યાં હતાં. પરંતુ મહારાજ જ્યારે પંક્તિમાં પીરસવા નીકળ્યા ત્યારે સૌએ રીંગણાંનું શાક જ લીધું. મહારાજે જાણે તેમાં અમૃતરસ મૂકી દીધો હોય તેવું સ્વાદિષ્ટ એ શાક સૌને લાગ્યું.

મહારાજ સારંગપુરમાં બે રાત રહ્યા. પછી ત્યાંથી નીકળવાનો વિચાર કર્યો તે પહેલાં તેમણે સંતમંડળને હવે દેશમાં ફરવા માટે જવાની આજ્ઞા કરી.

મહારાજ મુક્તાનંદ સ્વામીનો મહિમા કહે છે

મુક્તાનંદ સ્વામીને તેમણે કહ્યું : "સ્વામી ! તમે પણ હવે મંડળ લઈને ફરવા જાઓ. પહેલાં ઝાલાવાડમાં જજો પછી ત્યાંથી દંઢાવ્ય દેશમાં જજો. પછી ચરોતરમાં." એટલું કહીને મહારાજ મુક્તાનંદ સ્વામીને ભેટ્યા. પછી બોલ્યા : "સ્વામી ! તમે તો અમારા અંગભૂત છો. સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. તમારાં દર્શનથી અમારાં દર્શન જેટલું લોકોને પુણ્ય થશે. અમારી જેમ પૂજા થાય છે, તેમ તમારી પણ પૂજા થશે. તમારાં દર્શનથી હરિભક્તોને અમારાં દર્શનનો વિયોગ ટળી જશે."

મહારાજની આ વાણી સાંભળી મુક્તમુનિ ગદ્ગદ થઈ ગયા. તેણે કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે વર્તવું તે મારો ધર્મ છે. આપ જેને આજ્ઞા કરો છો તેનાં હું ધન્યભાગ્ય માનું છું. આજે મારાં પણ ધન્યભાગ્ય છે કે આપે મને આજ્ઞા કરી."

આજ્ઞાધારક સંતનાં દર્શનથી ભગવાનનાં દર્શન જેટલું ફળ મળે છે, તેમને પૂજવાથી ભગવાન સ્વયં પૂજાય છે. મહારાજની તમામ આજ્ઞા અભંગપણે પાળનાર સંતનો આ મહિમા છે. એવા સંતનું પૂજન, અર્ચન કરવાથી મહારાજ

પ્રસન્ન થાય છે.

મહારાજ પોતાના પાર્ષદોને તથા જીવાખાચરને લઈને મુક્તાનંદ સ્વામીને હોળીધાર સુધી વળાવવા ગયા. અહીં સૌ ઊભા રહ્યા. મહારાજ પણ રોઝા ઘોડા ઉપરથી ઊતરી ગયા. તેમણે મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રદક્ષિણા કરી. પછી તેમને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ મુક્તાનંદ સ્વામીએ તરત જ મહારાજનો હાથ પકડી ઊભા કરી દીધા. મહારાજે સ્વામીને કહ્યું : "સ્વામી ! ચાર દંડવત્ કરવા દ્યો. તમારા જેવા સંત, મારી મરજી પ્રમાણે વર્તનારા આ બ્રહ્માંડમાં હજુ સુધી મેં ભાળ્યા નથી. મારા માટે તમે અપમાન, કષ્ટ, તિરસ્કાર સહન કરો છો. મારા અર્થે તમે સારાં ખાન-પાન તજી દીધાં. માન-મોટપ તજી દીધી. સદ્‌ગુરુપદ તજી દીધું. આ કાંઈ જેવી તેવી વાત ન કહેવાય. તમે તો દંડવત્ કરવા યોગ્ય જ છો." એમ કહી મહારાજ તેમને ફરી દંડવત્ કરવા નીચા વળ્યા પરંતુ મુક્તાનંદ સ્વામીએ મહારાજને પકડી રાખ્યા.

સ્વામીએ મહારાજને હાથ જોડી ગદ્‌ગદ ભાવે કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞામાં સમગ્ર અક્ષરમુક્તો રહ્યા છે. તો હું તો તેમની આગળ શું હિસાબમાં !" મહારાજ તેમને ભેટ્યા, તેમના મંડળના સંતોને ભેટ્યા. પછી સૌને વિદાય આપી.

શ્રીહરિ પાછા વળીને જીવાખાચરના દરબારમાં પધાર્યા ત્યારે ત્યાં કારિયાણી અને કુંડળના હરિભક્તો શ્રીહરિની વાટ જોતા બેઠા હતા. શ્રીહરિએ તેમને પૂછ્યું : "તમો હજુ ગયા નથી ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અમો આપને અમારે ગામ પધારવા આમંત્રણ આપવા રોકાયા છીએ."

મહારાજે કહ્યું : "ભલે, તો થાવ સાબદા." એમ કહી મહારાજે મુકુન્દ બ્રહ્મચારીને તૈયાર થઈ જવા કહ્યું.

કારિયાણીમાં

મહારાજ કારિયાણી પધાર્યા. વસ્તાખાચરના દરબારમાં ઊતર્યા. વસ્તાખાચરે તેમના દરબારમા મહારાજ માટે એક અલાયદો ઓરડો તૈયાર કરાવ્યો હતો. મહારાજ આ વખતે આ ઓરડામાં પધાર્યા. મહારાજ ઓરડો તથા આજુબાજુની જગ્યા જોઈ ખૂબ રાજી થયા. મહારાજે કહ્યું : "જેમ ગઢપુરમાં અમે જે ઓરડીમાં રહીએ છીએ તેને 'અક્ષર ઓરડી' એવું નામ આપ્યું છે, તેમ

આ ઓરડાને 'અક્ષર ઓરડો' જ કહેવો."

આ સાંભળી માંચાખાચર બોલ્યા : "મહારાજ ! ઓરડાનું નામ તે કાંઈ અક્ષર હોતું હશે ? અક્ષર તો લખવાના હોય તેને કહેવાય."

મહારાજ આ સાંભળી હસ્યા. આ નિરક્ષર પરંતુ ભોળા હૃદયના કાઠીઓને પોતાનું જે પરાત્પર દિવ્ય અક્ષરધામ છે તેની કેમ ખબર પડે ? અને તેની ખબર પડ્યા સિવાય તે અક્ષરબ્રહ્મ સાથે પોતાના જીવાત્માની એકતા કરી અક્ષરરૂપ થઈને મારી સેવામાં રહેવાય નહિ. આત્યંતિક કલ્યાણમાં વિઘ્ન આવે.

મહારાજે તેમને સમજાવતાં કહ્યું : "અક્ષર એટલે અમારે રહેવાનું ધામ ! જે દિવ્યધામમાં અમે રહીએ છીએ, તે અક્ષરધામ છે. તેથી અહીં પણ જ્યાં અમે રહીએ છીએ તેને અક્ષરધામ સમજવું."

એટલે વસ્તાખાચરે કહ્યું : "મહારાજ ! અમને તે ધામ દેખાડો ને."

ત્યારે મહારાજે પૂછ્યું : "મૂર્તિમાન જોવું છે કે અમૂર્ત ?"

મહારાજના આ શબ્દોમાં કોઈ કાંઈ સમજ્યા નહિ. એટલે સૌ મહારાજની સામે જોઈ રહ્યા. મહારાજ પણ તેમની મૂંઝવણ સમજી ગયા. મહારાજે તેથી તેમને કહ્યું : "જ્યાં અમે અમારા મુક્તો સાથે રહીએ છીએ તે ધામ માપ વિનાનું અતિ અપાર છે. તે તમને સમાધિમાં દેખાડશું. વળી, તે જ ધામ અમારા સેવક રૂપે સદા અમારી સેવામાં રહે છે. દીક્ષા લઈને જ્યારે તે સત્સંગમાં આવશે ત્યારે દેખાડીશું."

બૂડઠૂંઠાં

મહારાજ કારિયાણીમાં થોડા દિવસ રહ્યા તે દરમ્યાન એક દિવસે મહારાજ ગામના ચોરામાં બિરાજતા હતા. ત્યાં કથાવાર્તા થતી હતી. તે વખતે એક ખેડૂત હળ લઈને જતો હતો. તેને જોઈ ખેતરના માલિક કણબી પટેલે તેને બૂમ પાડીને કહ્યું : "જોજે, ખેતરમાં બૂડઠૂંઠાં આવે તે સંભાળજે, નહિ તો બળદની કાંધ આવી જશે."

મહારાજે આ સાંભળ્યું પણ કાંઈ સમજ્યા નહિ. તેથી તેમણે પટેલને પૂછ્યું : "પટેલ ! તમે આ બૂડઠૂંઠાંનું કહ્યું તે શું ?"

ઉત્તર હિંદમાંથી નીકળી સમગ્ર ભારતમાં ફરીને ગુજરાતમાં આવ્યે મહારાજને આઠ વરસ થયાં હતાં. તેથી ગુજરાતી ભાષાનો પાકો પરિચય તેમને ન હતો. તેમાંય વળી આ તો કાઠિયાવાડની તળપદી ભાષા ! તે તો કેમ

સમજાય ? તેઓ બોલતા તે પણ હિંદી મિશ્રિત ગુજરાતી બોલતા. કણબી પટેલે કહ્યું : "મહારાજ ! ખેતરમાં બોરડીનાં ઝાડ ઊગ્યાં હોય તે ઉપરથી કાપી નાખ્યાં હોય પણ તેનાં મૂળ ખૂબ ઊંડાં હોય. તેમાં હળની કોશ ભરાઈ જાય તો બળદની કાંધ ખેંચાઈ જાય."

મહારાજ સમજી ગયા. આ વાત ઉપરથી મહારાજે સભામાં સૌને કહ્યું : "તમે સૌએ આ પટેલે કહ્યું તે સાંભળ્યું ? ખેતરમાં બૂડઠૂંઠાં હોય તે તો કોદાળીથી ખોદી કાઢવાં જોઈએ નહિ તો હળ ચલાવતાં બળદની કાંધ આવી જાય. તે પ્રમાણે તમારા જે સ્વભાવ છે તે બૂડઠૂંઠાં જેવા છે. તે માંહી પડ્યા છે એટલે દેખાતા નથી. પણ કોઈ સ્વભાવ ઉપર વાત કરે તો તરત તપી ઊઠે અને બહાર દેખાય. માટે તેને ખોદીને કાઢી નાખીએ તો જ સુખ થાય."

કોઈ પણ લૌકિક વાતને આધ્યાત્મિક સ્વરૂપ આપીને સમજાવવાની મહારાજની આ કળા જોઈ સૌને ખૂબ જ આનંદ થયો. મહારાજની વાત અંતરમાં ઊતરી ગઈ !

સાંજે મહારાજ સભામાં બિરાજતા હતા. તે વખતે બે સાધુ દેશમાં ફરીને મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમને જોઈ મહારાજે તેમને પૂછ્યું : "તમારા મંડળમાં તો છ સાધુ હતા અને તમે બે જ કેમ આવ્યા ?"

એટલે તે સાધુઓએ કહ્યું : "મહારાજ ! બે સાધુ ખસ ગયા અને બે બગડ ગયા." આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું : "કોણ ખસી ગયું ? અને કોણ બગડી ગયું ? આવું કરવા તમને ફરવા મોકલ્યા હતા ?" સહેજ લાલીમાભરી આંખોના ભાવથી મહારાજ આ શબ્દો બોલ્યા. તેથી સભામાં સૌ હસી પડ્યા. સભાને હસતી જોઈ મહારાજ વધુ અકળાયા. તેમણે કહ્યું : "બે સાધુ ખસી ગયા અને બે બગડી ગયા તે સાંભળી તમો હસો છો ?"

આ સાંભળી સૌ ફરી ખડખડાટ હસવા લાગ્યા. હવે મહારાજ વધુ મૂંઝાયા. તેથી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! અહીં બાજુમાં ખસ અને બગડ બે ગામ છે. એટલે બે સાધુ ખસ ગયા છે અને બે બગડ ગયા છે. પણ આપને આપના દેશની ભાષા હજુ ભૂલાણી નથી એટલે આપ એ પ્રમાણે સમજ્યા."

આ સાંભળી મહારાજ પણ એકદમ હસવા લાગ્યા.

કુંડળમાં અમરા પટગરના દરબારમાં

મહારાજને કુંડળથી અમરા પટગર તથા મામૈયા પટગર તેડવા આવ્યા.

મહારાજને કહ્યું : "મહારાજ ! કુંડળમાં બધા આપની વાટ જુવે છે. તો આપ કુંડળ પધારો." મહારાજે ગઢપુરમાં તેમને વચન આપ્યું હતું. એટલે મહારાજ તરત જ તૈયાર થયા.

મહારાજ કુંડળ પહોંચ્યા અને ત્યાંના વાસીઓનાં મન હરખ્યાં. કુંડળનાં રાઈબાઈ સમાધિસ્થ હતાં અને મહારાજની મૂર્તિનું સુખ લેતાં. છતાં તેમને મહારાજના પ્રગટ સ્વરૂપનાં દર્શન અને તેમની સેવાની પણ તાણ રહેતી. એટલે મહારાજ તેમને ઘેર પધાર્યા તેથી તેમને પણ ખૂબ આનંદ થયો.

તમે સૌએ લોહીમાં સ્નાન કર્યું છે

મહારાજ કુંડળ રહ્યા એટલા દિવસ રોજ સખાઓ સાથે ઉતાવળી નદીએ નાહવા પધારતા. એક દિવસ ત્યાં ગયા ત્યારે કોઈકે કહ્યું : "મહારાજ ! બરવાળાના રસ્તે ઉત્તર દિશામાં પાણીનો ધરો છે, ત્યાં નાહવા જઈએ."

મહારાજે કહ્યું : "સારુ ચાલો." એટલે સૌએ ઘોડા તે તરફ વાળ્યા. પાણીનો ધરો જોઈ મહારાજ રાજી થયા. સૌ કાઠી સખાઓ લૂગડાં ઉતારી ધરામાં નાહવા પડ્યા. મહારાજે પણ ખૂબ સ્નાન કર્યું. જળક્રીડા પણ કરી. પછી બહાર નીકળી કોરાં વસ્ત્રો પહેરી મહારાજે ત્યાં સભા કરી. સભામાં કાઠી ભક્તો આવતા અને મહારાજના ચરણસ્પર્શ કરવા હાથ લબાવતા, પણ મહારાજ તેમના ચરણ પાછા ખેંચી લેતા. એટલે એક કાઠી ભક્તે પૂછ્યું : "મહારાજ ! અમારો શો વાંક કે આપ ચરણ ખેંચી લ્યો છો ?"

ત્યારે મહારાજે કહ્યું : "તમે સૌ અશુદ્ધ છો."

આ સાંભળી સૌને આશ્ચર્ય થયું. હમણાં તો આ ધરામાં સૌએ સ્નાન કર્યું છે અને છતાં અશુદ્ધ ! તેમની શંકાનું નિવારણ કરતાં મહારાજે કહ્યું : "અમે જ્યાં સ્નાન કરતા હતા ત્યાંથી દૂર જઈને તમે ધરામાં કૂદકા માર્યા, તર્યા, ધિંગામસ્તી કરી. જ્યારે અમારી સાથે બીજા જે નહાતા હતા તે સર્વેએ નહાતાં-નહાતાં કીર્તન-ભક્તિ કરી. ભગવાનને સંભાર્યા. માટે ભગવાનની સાથે રહીને અથવા તો ભગવાનની સ્મૃતિ કરીને જો નહાયા હોત તો શુદ્ધ ગણાત. પણ જ્યાં ભગવાનની સ્મૃતિ નથી તે જળ પણ લોહી સમાન છે. તેમાં તમે નહાયા તેથી અશુદ્ધ થયા. આપણી તમામ ક્રિયા જો ભગવાનને સંભારીને કરીએ તો તે શુદ્ધ ક્રિયા કહેવાય. બાકી બધી જ અશુદ્ધ ! પછી ભલે ને પૂજા કરતા હો, ધ્યાન કરતા હો કે માનસી કરતા હો, પરંતુ મન બીજે ભમતું હોય તો તે બધી જ ક્રિયા

અશુદ્ધ જ કહેવાય.''

મહારાજ કુંડળમાં થોડા દિવસો રહ્યા. સૌને બ્રહ્માનંદ કરાવ્યો. પછી હરિનવમીનો ઉત્સવ પાસે આવતો હતો એટલે ત્યાંથી ગઢપુર પધાર્યા.

ગઢપુરમાં હરિનવમીનો ઉત્સવ : આ.સં. ૧૮૬૪

ગઢપુરમાં આ ઉત્સવ ઉપર સંતોનાં મંડળો તથા હરિભક્તો આવ્યાં હતાં. શ્રીહરિનો આ પ્રાગટ્ય દિન હતો. વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વરસ અને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી પુરુષોત્તમનારાયણની સ્તુતિ કરી ત્યારે તેઓશ્રી આ બ્રહ્માંડમાં પધાર્યા. વેદોની સ્તુતિ સાંભળી અધર્મનો નાશ કરવા તેઓ પ્રગટ્યા હતા. આજે એ કાર્ય જોતજોતામાં થઈ રહ્યું હતું. તેને માટે કાંઈ લડાઈ કે યુદ્ધની ઘોષણા તેમણે કરી ન હતી. તેમણે યુદ્ધ આદર્યું હતું અધર્મના સર્ગ સાથે. પોતાના આશ્રિતોના અંતરમાંથી તે અધર્મ સર્ગનો નાશ તેમને કરવો હતો. તે કામ થઈ રહ્યું હતું. તેમના પરમહંસો તે યુદ્ધના પટાંગણમાં ભક્તોને સહાય કરતા હતા. કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા, અસૂયા આદિ દોષોને જીતવા એ તિમંગલના સૈન્ય સાથે લડવા કરતાં પણ વધુ કપરું કામ હતું. મેરુ જેવડા માનની અને લોકાલોક પર્વત જેવડી વાસનાના ચૂરેચૂરા કરી નાખતા હતા. ભક્તોએ પણ કમર કસી લીધી હતી. આ લોકના ભોગ, સ્નેહ, મમતા, તેનાં કોઈ આકર્ષણ તેમનાં અંતરમાં ન હતાં. તેમના અંતરમાં તો મહારાજ પ્રત્યેનો પ્રેમ અને તેમના સંતો સાથે મમતા એ બે જ ભર્યાં હતાં. આ બે હથિયારો અંતરશત્રુઓ સાથે લડવા માટે પૂરતાં હતાં.

હરિભક્તોનો સમૂહ જોઈ મહારાજ પ્રસન્ન થયા. ઉત્સવના દિવસ દરમ્યાન રોજ પોતે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પધારતા. સંતો-હરિભક્તો પણ સાથે જતા. ત્યાં જળક્રીડા થતી. તે દર્શન, તે સ્મૃતિ હરિભક્તોનાં હૈયાંમાં સોંસરી ઊતરી જતી. સંતોએ હરિભક્તોને જ્ઞાન આપ્યું હતું.

મહારાજનો કેવળ ઉપદેશ સાંભળવાથી જ અંતરનું અજ્ઞાન નાશ થઈ જાય છે એવું નથી. તેમનાં દર્શન, તેમની લીલાની સ્મૃતિ, તેમની પ્રસાદી, તેમનો સ્પર્શ - આ બધું જ જો મહિમા સહિત થાય, તો અંતરનું અજ્ઞાન સૂર્યના પ્રકાશ આગળ જેમ અંધારું નાસે તેમ નાસી જશે અને શુદ્ધ થઈ જવાશે – સંતોએ તેમને આવું જ્ઞાન આપ્યું હતું.

મહારાજે આ ઉત્સવમાં અનેક પ્રકારનું ઐશ્વર્ય બતાવ્યું. સભામાં

બિરાજતા હોય ત્યારે દૈવી જીવોને અક્ષરધામના દિવ્ય સ્વરૂપનું તેમના માનુષી સ્વરૂપમાં દર્શન થતું. કેટલાકને મહારાજને જોતાં જ સમાધિ થઈ જતી અને જાણે મહાયોગી સમાધિસ્થ થઈ ગયા હોય તેવી અલૌકિક સ્થિતિ દેખાતી. નાનાં બાળકો પણ મહારાજની મૂર્તિમાં લીન થઈ જતાં, સ્ત્રીઓ પણ ગોપીઓની જેમ દેહદશા ભૂલીને મહારાજનાં દર્શન કરવા આમતેમ દોડાદોડી કરતી. મહારાજના શબ્દમાં તેમને બ્રહ્મનો નાદ સંભળાતો, આંખોમાં વીજળીની ચમક દેખાતી. દૃષ્ટિ અને વાણી વડે મહારાજ સૌને ખેંચતા. મુમુક્ષુઓ ખેંચાતા અને ભક્તિભાવમાં તરબોળ થઈ જતા. મૂઢમતિ જનોને મહારાજની આકર્ષણ શક્તિમાં ઇન્દ્રજાળ દેખાતી, માયાની રમત દેખાતી.

ઉત્સવ પૂરો થયો અને ઝીંઝાવદરના અલૈયાખાચરે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! ઝીંઝાવદર પધારો. અમારો દરબાર પાવન કરો." મહારાજે તેમની પ્રાર્થના સ્વીકારી. મહારાજે કહ્યું : "આપણે કાલે ચાલશું."

મહારાજ ઝીંઝાવદરમાં

બીજે દિવસે મહારાજ ગઢપુરથી સખા સાથે નીકળ્યા. ઉગામેડી પહોંચ્યા. ત્યાં ગામની પશ્ચિમ દિશામાં એક મીઠા પાણીની વાવ છે. ત્યાં મહારાજ પધાર્યા. મહારાજ ઘોડા ઉપરથી ઊતરી વાવમાં ઊતર્યા. તેનું પાણી પીધું. સૌ સખાઓને પણ કહ્યું : "પાણી બહુ મીઠું ટોપરા જેવું છે." સૌએ તે પ્રસાદીનું પાણી પીધું.

ત્યાંથી મહારાજ નિંગાળા થઈ કેરિયા ગયા અને ત્યાં નારાયણ પટેલની વાડીમાં બાવળના ઝાડ નીચે ઊતર્યા. મોટા મોટા ઋષિમુનિઓને જેમનો સંબંધ ન થાય તે આ કાંટાળા બાવળિયાને થઈ ગયો ! ત્યાં મહારાજ થોડી વાર બિરાજ્યા. એટલામાં ભગુ પટેલ, તેમની સાથે કાના સોલંકીને લઈને મહારાજનાં દર્શને આવ્યા. તેમણે મહારાજ પાસે શ્રીફળ મૂક્યું. મહારાજે શ્રીફળ ફોડાવ્યું અને તેના ટોપરાની નાની નાની શેષ કરાવી. પછી સૌને પ્રસાદી આપી. વધેલી શેષ વાડીમાં નાખી દીધી અને બોલ્યા : "એ પ્રસાદ ખાશે તેનું કલ્યાણ થશે."

કેરિયાથી મહારાજ નીકળ્યા અને ઝીંઝાવદર પહોંચ્યા.

આખું બ્રહ્માંડ ફરી વળો, આવા સાધુ તમને ક્યાંય નહિ મળે

એ વખતે ઝીંઝાવદરના પાદરમાં એક જટા ધારી નાગો બાવો ધ્યાન લગાવીને બેઠો હતો. મહારાજ તો ત્યાંથી નીકળી ગયા પરંતુ અલૈયાને બાવાની

પરીક્ષા કરવી હતી. તેથી તેણે એક કાઠી ભક્તને ઊભા રાખ્યા. બંને ઘોડા ઉપરથી ઊતર્યા અને બાવાજી પાસે આવ્યા. અલૈયાએ બાવાજીને નમસ્કાર કર્યા. પરંતુ બાવાજી આંખો ઉઘાડતા ન હતા. તેથી તેણે કહ્યું : ''ભાઈ ! મેં માનતા માની છે કે આવા જોગીનાં દર્શન થાય તો પાંચ રૂપિયા તેમનાં ચરણોમાં મૂકવા.''

એટલે તેના મિત્રે કહ્યું : ''તો મૂકી દ્યો તેમના ખોળામાં.''

અલૈયાએ પાંચ રૂપિયા ખિસ્સામાંથી કાઢ્યા. રૂપિયાનો અવાજ સાંભળી બાવાજી જરા સળવળ્યા. પછી અલૈયાએ કહ્યું : ''અહીં ખોળામાં મૂકીએ તો કોઈ લઈ જાય. વળી, બાવાજી પાસે લૂગડું પણ નથી. નહિ તો તેમાં બાંધી દેત, શું કરીએ ? જોગી તો મળ્યા પણ આપણાં કરમ ફૂટલાં એટલે માનતા પૂરી ન થઈ.''

તે સાંભળી તેના મિત્રે કહ્યું : ''અલૈયા ! એમ મૂંઝાઓ નહિ. તમારો ભાવ હશે તો બાવાજી મોઢું ઉઘાડશે તેમાં રૂપિયા મૂકી દેજો.''

અલૈયાખાચર આ સાંભળી રાજી થયા. તેણે કહ્યું : ''હા, એ સાચું. બાવાજી મોઢું ખોલે તો પ્રદક્ષિણા કરીને માનતાના રૂપિયા મોઢામાં પધરાવી દઈએ.''

બાવાજીને વાતો સાંભળી ગલગલિયાં થવા માંડ્યાં. તેમણે તરત જ મોઢું ખોલ્યું. બાવાજીએ મોઢું ખોલ્યું એટલે કાઠી ભક્તે કહ્યું : ''જુઓ, તમારો ભાવ હતો તો તમારી પ્રાર્થના સાંભળી. હવે પધરાવી દ્યો રૂપિયા.''

એટલે અલૈયાખાચરે કહ્યું : ''એક પ્રદક્ષિણા દઈ દઉં. ત્યાં સુધી મોઢું ઉઘાડું રાખે તો સારું.'' એમ કહી, પ્રદક્ષિણા કરીને પાછળથી ખોબામાં ધૂળ લીધી. બાવાજી સન્મુખ આવી તેમના મોઢામાં ધૂળનો ઢગલો કર્યો. બાવાજી એકદમ ઊભા થઈ ગયા અને એસી તેસી બોલવા લાગ્યા. અલૈયાએ એક તમાચો ચોડી દીધો અને બોલ્યા : ''માંગર્યના ! કાણુંનો ઢોંગ કરીને બેઠો'તો !'' એમ કહી ત્યાંથી રવાના થઈ ગયા.

મહારાજ ઝીંઝાવદર પહોંચી ગયા હતા અને અલૈયાખાચરના દરબારમાં આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તેમણે અલૈયાને આવતા જોઈ પૂછ્યું : ''અલૈયા ! ક્યાં રોકાયા હતા ?''

તેમણે હસીને કહ્યું : ''મહારાજ ! ગામને પાદર એક જોગી ધ્યાન લગાવીને બેઠા હતા એટલે માનતા પૂરી કરવા રોકાયો હતો.''

પછી તેમણે વિગતે વાત કરી. તે સાંભળી મહારાજ ખૂબ હસ્યા. પછી મહારાજે કહ્યું : ''સાચા સંત તો તમને આ સત્સંગમાં જ મળશે. જેને ધનની ધાંખના નથી, સ્ત્રીની આસક્તિ નથી. માન-મમતાથી દૂર રહે છે. સ્વાદને જેણે

જીત્યો છે અને મોહની જાળમાં જે ફસાતા નથી. અલૈયાખાચર ! આખું બ્રહ્માંડ ફરી વળો આવા સાધુ તમને ક્યાંય નહિ મળે.''

આ સાંભળી અલૈયાએ હાથ જોડ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! તમે સાચું કહો છો. પુરાણની વાતું બહુ સાંભળી પણ વિષયના જોરમાં મોટા મોટા તણાયા છે. આજે તો આપના પ્રતાપથી જ આ નિર્વિષયી સંતોની હાર્ય થઈ છે.''

''અમે એ સંકલ્પ લઈને જ અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. કેવળ અધર્મીઓનો નાશ કરવાથી ધર્મ સ્થપાતો નથી. પરંતુ અંતરમાં રહેલા અધર્મનો જ્યારે નાશ થશે; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જીવનમાં વિકસશે; ત્યારે એકાંતિક ધર્મનું સ્થાપન થશે અને અંતરમાં રહેલા અંતર્યામી પણ ત્યારે જ પ્રગટ થશે. ઉદ્ધવજીને ત્યાગ કરવાનો કેટલો ઉપદેશ આપ્યો, પરંતુ તેમનાથી તે થઈ શક્યું નહિ. તે ઉત્તમ ભક્ત કહેવાતા. શ્રીકૃષ્ણના તુલ્યભાવને પામ્યા હતા. છતાં તેમને પણ તે કઠણ પડ્યું. જ્યારે આજે તો મીંઢળબંધા જુવાનો મીંઢળ તોડીને ચાલ્યા આવે છે.'' મહારાજ બોલતા હતા. સભા સ્થિર થઈને સાંભળતી હતી. મહારાજ થોડી વાર સ્થંભીને બોલ્યા : ''સૌથી મોટો પરચો આ છે કે અંતરમાંથી જગત કાઢીને માંહી ભગવાન પ્રગટ કરી દેવા. બીજા પરચા તો સિદ્ધિવાળા અનેક આપશે, પણ તેમાં કાંઈ લોકોનું કલ્યાણ થશે નહિ.'' એકાંતિક ધર્મનું સાચું સ્વરૂપ સમજાવતાં મહારાજે કહ્યું.

એટલામાં મુકુન્દ બ્રહ્મચારી મહારાજને જમવા માટે બોલાવવા આવ્યા. મહારાજ તેમની સાથે જમવા પધાર્યા. સંતો તથા સખાઓની પંક્તિ થઈ ગઈ. જમ્યા પછી મહારાજ પોઢી ગયા.

આપ ખુદા છો

સાંજે અલૈયાખાચર પોતાની વાડીએથી પાછા આવતા હતા. ત્યાં તેમણે એક પઠાણને ગામના પાદર પાસે આંટા દેતો જોયો. તેમણે ઘોડી ઊભી રાખી અને તેને પૂછ્યું : ''કેમ ભાઈ ! આંહીં આઘોપાછો થાય છે ? કાંઈ જંતર-મંતર તો નથી કરતો ને ?''

પઠાણ જૂનાગઢના લશ્કરમાં નોકરી કરતો હતો એટલે અલૈયાની ભાષા તે સમજી ગયો. તેણે કહ્યું : ''બાપુ ! જંતર-મંતર હું જાણતો નથી. હું તો મક્કા-મદીનાની જાત્રા કરી હાલ્યો આવું છું. પણ આ સીમમાં દાખલ થતાં જ મારા અંતરમાં ટાઢું ટાઢું થઈ ગયું તેથી મને થયું કે આ ગામમાં કોઈ

મોટાપુરુષ રહેતા હશે.''

અલૈયાને તેની વાતમાં રસ પડ્યો. છતાં તેને ખરેખરા મોટાપુરુષની ઓળખાણ છે કે નહિ તેની પરીક્ષા કરવા તે તેમની પાસે આવ્યો. તેમણે કહ્યું : ''હા, આંહીં તો ઘણા મોટાપુરુષ વસે છે. ચોરે બધા જ બેઠા છે. હોકા, ચલમ, ગાંજા પીને મસ્ત રહે છે. જોવા હોય તો હાલો મારી ભેગા.''

પઠાણને તેના અંતરમાં થયેલા અનુભવની પ્રતીતિ કરવી હતી. તેથી તે અલૈયાખાચર ભેગો ગામમાં ગયો. ગામને ચોરે બેઠેલા ગંજેરી બાવાઓને બતાવી અલૈયાએ કહ્યું : ''જુઓ, આ બધા મોટાપુરુષો અમારે ત્યાં છે. દર્શન કરવાં હોય તો કરી લ્યો.''

પઠાણે તેમને છેટેથી જ જોઈને કહ્યું : ''બાપુ ! આવા તો મલકમાં કંઈક રખડે છે. ભોળા લોકોને ઊંધે રવાડે ચડાવી ધૂતે છે. આવાનાં દર્શનથી તો ઊલટી અંતરમાં અશાંતિ થાય. માટે સાચા પુરુષ જો હોય તો બતાવો.''

અલૈયાએ તેની મુમુક્ષુતા, ખપ જાણી લીધાં ને તેને પોતાના દરબારમાં લાવ્યા. દરબારમાં મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. આજુબાજુ સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પઠાણને અલૈયાખાચરે કહ્યું : ''આ અમારા ભગવાન છે. પાસે જાઓ ને દર્શન કરો.''

પઠાણની નજર મહારાજ ઉપર પડી કે તરત જ તેનું અંતર ખેંચાયું. ત્યાં જ તેને સમાધિ થઈ. મહારાજની સેવામાં અગણિત ઓલિયા મહારાજની સ્તુતિ કરતા દેખાયા. તેના અંતરમાં અતિ અપાર આનંદ થઈ ગયો !

સમાધિમાંથી તે જાગ્યો ત્યારે મહારાજ પાસે આવી મહારાજના ચરણમાં નમી પડ્યો. બે ગોઠણ ભર બેસીને બંદગી કરતો હોય તેમ મહારાજને ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યો : ''આપ ખુદા છો, માલિક છો. આપના દીદાર થયા હવે ક્યાંય જવાની ઇચ્છા નથી.''

મહારાજે તેને માથે હાથ મૂક્યો ને કહ્યું : ''તમે અહીં રહો તો તમારી ન્યાતના તમને ઉપાધિ કરશે. માટે ઘેર જાઓ. આ મૂર્તિને અંતરમાં રાખજો, ધર્મ-નિયમ પાળજો, તમારું કલ્યાણ હું કરીશ.''

પઠાણ મહારાજના આ શબ્દો ઘૂંટી ઘૂંટીને પી રહ્યો હતો. તેને લાગ્યું કે જાણે અમૃત અંતરમાં ઊતરતું હતું. આંખમાં આંસુ સાથે તેણે કહ્યું : ''ખુદાવિંદ ! આપનો જેવો હુકમ.'' એટલું કહીને તે ઊઠ્યો.

નીચે ઊતરીને જતો હતો ત્યાં અલૈયાએ તેનો હાથ પકડ્યો : ''હવે રોટલા

ખાધા વિના નો જવાય. મારા ભગવાનનાં દર્શન કરીને કોઈ આ દરબારમાંથી ભૂખ્યો ગયો નથી !'' પઠાણ જમીને રસ્તે પડ્યો.

✧

ઉનાળાનો સખત તાપ હતો. તેથી મહારાજ રોજ સાંજે બારકોશિયા કૂવામાં અલૈયાખાચર, માતરા ધાધલ, નાજો જોગિયો, રામખાચર, અમરોખાચર, બોટાદના ભગા દોશી, લાધો ટાંક વગેરેને લઈને નાહવા જતા. કૂવામાં ધૂબકા મારતા, જળક્રીડા કરતા અને સખાઓને આનંદ કરાવતા. પછી વાજતે-ગાજતે ગામમા પધારતા.

✧

ઝીંઝાવદરથી મહારાજ કારિયાણી પધાર્યા. અક્ષર ઓરડીમાં ઊતર્યા. રાત્રે વસ્તાખાચરને બોલાવી કહ્યું : ''અહીં ફળીમાં આપણે કૂવો ગળાવીએ તો સ્નાન કરવાનું સુગમ પડે.''

એટલે વસ્તાખાચરે કહ્યું : ''મહારાજ ! આપ અહીં થોડા દિવસનો મુકામ રાખો તો જ કૂવો તૈયાર થાય. આપની હાજરી હોય તો લોકો ભક્તિ માનીને સેવા કરે.''

મહારાજે કહ્યું : ''ભલે, અમે કૂવો તૈયાર થશે ત્યાં સુધી અહીં રોકાશું.'' વસ્તાખાચર તથા બીજા ભક્ત આ સાંભળી રાજી થયા.

મહારાજ કારિયાણી પધાર્યા છે તે સમાચાર સાંભળીને ગામોગામથી હરિભક્તો કારિયાણી આવવા લાગ્યા. મહારાજ સૌને જોઈને રાજી થાય, વાતો કરે, જમાડે અને કૂવો ગાળવાની સેવામાં પણ સૌને જોડી દે.

એક દિવસ મહારાજ અક્ષર ઓરડીની ઉગમણી ઓસરીમાં સવારે ચાકળા ઉપર બિરાજમાન થઈ દાતણ કરતા હતા. તે વખતે ઝમરાળાથી જીવા દવે તથા ગંગારામ દવે બંને ભાઈઓ મહારાજ પાસે આવ્યા. એકને માથે ઘઉંના લોટની ગાંસડી હતી. બીજાને માથે ઘીનો ઘાડવો તથા ગોળનાં ભીલાં હતાં. બંને મહારાજ પાસે આવીને એકદમ રોવા માંડ્યા. તે સાંભળી બ્રહ્મચારી અક્ષર ઓરડીમાંથી બહાર આવ્યા. તેમણે આ બેને રોતા જોયા એટલે કહ્યું : ''તમારે માથે ભાર છે તે તો હેઠો મૂકો. પછી તમારે રોવું હોય તો રોજો !''

આ સાંભળી મહારાજ હસ્યા. ગંગારામે અને જીવા દવેએ પોતાના માથા ઉપરની વસ્તુઓ અક્ષર ઓરડીમાં જઈને મૂકી.

મહારાજ દાતણ કરી રહ્યા પછી મુખ ધોઈને તેમને બંનેને મળ્યા અને

પૂછ્યું : "તમને શું દુઃખ આવ્યું છે તે પોક મૂકીને રોતા હતા ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! તમે અહીં સુધી આવ્યા અને અમારે ગામ પધારો નહિ તો અમારું જે હોય તે આપની સેવામાં શી રીતે કામ લાગે ?"

તે સાંભળી મહારાજ પ્રસન્ન થયા. તેમને કહ્યું : "તમે આજે રોકાઓ. તમે જે ગોળ, ઘી ને લોટ લાવ્યા છો તેની રસોઈ બનાવો. અમે જમીશું. પછી તમારે ત્યાં આવીશું."

તે સાંભળી બંને ભાઈઓએ કહ્યું : "મહારાજ ! આપ એકલા નહિ, પરંતુ આપની સાથે જેટલા સંતો-હરિભક્તો તથા સખાઓ છે તે તમામને લઈને ઝમરાળા આવવાનું."

મહારાજે કહ્યું : "ભલે, તે પ્રમાણે આવીશું."

ઝમરાળાના ગંગારામનું સ્વાર્પણ

મહારાજ ત્રીજે દિવસે ઝમરાળા પધાર્યા. ગંગારામ તથા જીવા દવેએ ઉત્સાહથી રસોઈ બનાવી. સૌ સંતો ને હરિભક્તોને જમાડ્યા. મહારાજ માટે સુંદર પાક બનાવ્યા. મહારાજ ભાવથી જમ્યા. બંને ભાઈઓને પ્રસાદી આપી. પછી મહારાજે કહ્યું : "દવેજી ! તમે ખૂબ જમાડ્યા. તેથી હવે ઘોડે બેસાશે નહિ. માટે વેલ્ય કે ગાડું જે હોય તે તૈયાર કરો એટલે પાછા કારિયાણી જઈએ."

ગંગારામે ગાડું તૈયાર કર્યું. તેમાં નવું ગોદડું પાથર્યું. બળદની ઉત્તમ જોડ જે હમણાં જ ખરીદી હતી, તે ગાડે જોડી અને મહારાજને તેમાં બેસાર્યા.

મહારાજે રસ્તામાં પૂછ્યું : "ગંગારામ ! આ તારા બળદ છે ?"

ગંગારામે કહ્યું : "હા મહારાજ ! હમણાં જ આ જોડ ખરીદી છે."

મહારાજે કહ્યું : "ગંગારામ ! બળદ બહુ જાતવાન છે. અમારી વેલ્યે જોડ્યા જેવા છે."

તે સાંભળી ગંગારામે કહ્યું : "મહારાજ ! આપને જોઈતા હોય તો આ બળદની જોડ, ગાડું અને હું એ ત્રણેય આપને કૃષ્ણાર્પણ !" એમ કહીને તેણે બળદની રાશ મહારાજના હાથમાં દઈ દીધી !

મહારાજ તેની ભક્તિ જોઈ પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "ગંગારામ ! તું દઈ ચૂક્યો અને અમને પહોંચી ગયું." એમ કહી મહારાજે તેનો વાંસો થાબડ્યો.

કારિયાણી પહોંચ્યા એટલે મહારાજે સભામાં સૌને કહ્યું : "જુઓ, આ ગંગારામ, અમે સહેજ કહ્યું કે બળદ અમારી વેલ્યે જોડ્યા જેવા છે. એટલામાં તો

બળદ, ગાડું અમને કૃષ્ણાર્પણ કરી દીધાં અને પોતે સેવામાં આવવા તત્પર બની ગયા ! અમારે તો તેનું કાંઈ જોઈતું ન હતું. પરંતુ બલિરાજાની પેઠે તેણે તેનું સર્વસ્વ અર્પણ કરી દીધું. સત્સંગમાં આવા ભક્તો પાક્યા છે.'' પછી ગંગારામને આશીર્વાદ આપી ઘેર મોકલ્યા.

✧

મહારાજ રોજ ફળીમાં ખુરશી નાખીને બિરાજે અને હરિભક્તો કૂવો ગાળે. મહારાજનાં દર્શન કરતા જતા, તેમને કામનો વધુ ઉત્સાહ આવતો. થોડા દિવસો થયા એટલે કૂવામાં પાણી આવ્યું. મહારાજને વાત કરી ત્યારે મહારાજ કહે : ''પાણી લાવો.'' એટલે કૂવામાંથી પાણી લાવ્યા. મહારાજે તે પાણી ગાળીને પીધું. મહારાજ રાજી થઈને બોલ્યા : ''પાણી બહુ જ મીઠું મધ જેવું છે.''

એટલે વસ્તાખાચરે કહ્યું : ''મહારાજ ! આપની દયા એટલે પાણી મીઠું નીકળ્યું. નહિ તો અહીં તો સો હાથ ખોદે તો પણ પાણી આવું મીઠું નો નીકળે.''

મહારાજે તે સાંભળી કહ્યું : ''તમે અને આ બધા હરિભક્તોએ મહિમા જાણીને સેવા કરી એટલે પાણી મીઠું નીકળ્યું.''

આમ, ભક્તો ભગવાનનો પ્રતાપ કહે, ભગવાન ભક્તોની ભક્તિનો પ્રતાપ બતાવે. કોઈ પણ ક્રિયામાં મહારાજ પોતાનું કર્તાપણું સીધી રીતે જણાવા દેતા નહિ. સહજ રીતે જ કામ થાય, તેમાં વિઘ્નો પણ આવે, બીજાની મદદ પણ લેવી પડે. પરંતુ જ્યારે કામ થાય, ત્યારે સૌને લાગે કે ન થઈ શકે એવું કાર્ય કેવળ મહારાજની કૃપાથી જ પાર પડ્યું. મહારાજ પોતાનું કર્તાપણું જણાવવા દેતા નહિ. ભક્તો મહારાજનું કર્તાપણું કોઈ ક્રિયામાં ભૂલતા નહિ. ભક્તિનો આ એક પ્રકાર છે. ભગવાનનું સર્વકર્તાપણું કોઈ પણ ક્રિયામાં ભૂલવું નહિ.

મહારાજ કારિયાણીમાં સૌ ભક્તોને અનેક પ્રકારે સુખ આપી ત્યાંથી નીકળી લાઠીદડ થઈને સારંગપુર પધાર્યા. અહીં જીવાખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડે ઊતર્યા.

મહારાજ પધાર્યા છે તે સમાચાર સાંભળીને હરિભક્તો ત્યાં આવવા લાગ્યા. ગામના હરિભક્તો પણ આવ્યા અને મહારાજ સન્મુખ સભા થઈ ગઈ. મહારાજે સભામાં વાતો કરી. સંતોએ કીર્તન-ભક્તિ કરી. રસોઈ તૈયાર થઈ એટલે જીવાખાચરે મહારાજને કહ્યું : ''મહારાજ ! થાળ તૈયાર છે.''

મહારાજ તરત જ ઊઠ્યા. હાથ-પગ ધોઈ બાજોઠ ઉપર બિરાજ્યા. પોતે જમ્યા. સંતોને પણ પોતે પીરસીને ખૂબ જમાડ્યા.

મહારાજ એક જ સમયે અનેક સ્વરૂપ ધારી ભક્તોને ઘેર જમે છે

સાંજે મહારાજ દરબારમાં ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. સૌ હરિભક્તો પણ સભામાં આવી ગયા હતા. સૌ મહારાજને પોતાને ઘેર જમવા પધારવા નોતરું દેવા લાગ્યા. મહારાજે મુકુન્દ બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! આ હરિભક્તોનાં નોતરાં ગણો તો. કેટલાં થાય છે ?"

હરિભક્તો બોલતા જાય અને બ્રહ્મચારી ગણતા જાય. ગણે ને ભૂલે. વળી ફરી ગણે. પછી બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! પાંચ મહિના આંહીં રોકાવું પડશે."

મહારાજ એ સાંભળી બોલ્યા : "એટલું તો ન રહેવાય !" પણ બધા હરિભક્તોનો આગ્રહ હતો. અમારે ઘેર જમ્યા સિવાય જવા નહિ દઈએ. પછી મહારાજે કહ્યું : "જુઓ, અમારે પરમ દિવસે તો અહીંથી જવું છે. માટે કાલે તમે બધા સૌ સૌને ઘેર રસોઈ કરજો. અમે બધાને ત્યાં જમવા આવીશું."

આ સાંભળી સૌ રાજી થયા. જીવાખાચરે મહારાજને હાથ જોડી કહ્યું : "દયાળુ ! મારે ઘેર પધાર્યા છો તે મારે ત્યાં પણ જમવું પડશે."

મહારાજે કહ્યું : "તમારે ત્યાં પણ જમીશું."

બીજે દિવસે મહારાજ જીવાખાચરને ત્યાં જમવા બિરાજ્યા. જીવાખાચરને મનમાં થયું કે બીજા હરિભક્તોએ રસોઈ કરી હશે તેમનું શું થશે ? એટલે પીરસવામાં થોડો સંકોચ કરતા હતા. મહારાજે કહ્યું : "જીવાખાચર ! પીરસો, નહિ તો અમે ભૂખ્યા રહીશું."

જીવાખાચરે મહારાજને ખૂબ પીરસ્યું. તેમણે મૂળુખાચર તથા વસ્તાખાચરને ત્યા એક માણસ મોકલ્યો. તે માણસ ત્યા ગયો તો ત્યા તેણે મહારાજને જમતા દીઠા. તેને આશ્ચર્ય થયું ! તે ત્યાંથી સીધો રાઠોડ ધાધલને ત્યાં, માતરા ધાધલને ત્યાં ગયો. ત્યાં પણ તેણે મહારાજને જમતા જોયા ! બોઘા શેઠને ત્યા, કમા શેઠને ત્યા તથા જીવરામ શેઠને ત્યા પણ મહારાજ જમતા હતા ! તેને થયું કે હવે ઘેર ઘેર જઈને જોવું. તેથી તે લીલાધર રાજગરને ત્યાં ગયો, ઘેલા રાજગરને ત્યાં ગયો, બધે જ મહારાજ પીતાંબર પહેરીને જમતા હતા અને મુકુન્દ બ્રહ્મચારી મહારાજને જમાડતા હતા ! પછી તો નારાયણ પટેલ, ભગવાન પટેલ, હીરો મેરાઈ, સુથાર ગોપાળભાઈ તથા હાજા ભરવાડને ત્યાં તે ગયો. બધે જ મહારાજ જમતા હતા. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો !

તે દોડતો જીવાખાચરના દરબારમા આવ્યો. ત્યારે મહારાજ જમી રહ્યા હતા અને ચળુ કરતા હતા. તેણે જીવાખાચરને કહ્યું : "બાપુ ! મહારાજને તો મેં બધે જ જમતા જોયા. જેણે જેણે નોતરાં દીધાં હતાં તે બધાને ત્યાં મહારાજને મેં જમતા જોયા."

જીવાખાચરને આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે તેમને કહ્યું : "જીવાખાચર ! એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. આ બ્રહ્માંડો અનંત કોટિ છે, અસંખ્ય છે. તેમાં જ્યાં જેવું સ્વરૂપ ધારણ કરી પ્રગટ થવું હોય ત્યાં તેવું સ્વરૂપ ધારણ કરીને અમે પ્રગટ થઈએ છીએ. ત્યારે આ તો તમારા સારંગપુરનાં દોઢસો ઘર ! તેમાં એટલા સ્વરૂપે થવું તેમાં કયું મોટું આશ્ચર્ય છે !"

જીવાખાચર ભક્તરાજ હતા. મહારાજને સર્વોપરી ભગવાન જાણતા હતા. તે નિષ્ઠા દૃઢ હતી. મૂઢપણાની તેમની ભક્તિ હતી. તેથી જ્ઞાનના આ ઊંડા પાણીમાં ઊતરવાનું તેમનું ગજુ ન હતું. તેમણે મહારાજને હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! આપ તો પુરુષોત્તમનારાયણ છો. આપ ધારો તે કરી શકો તેમ છો."

કંઠી એ આશરાની નિશાની છે

મહારાજનો આ પ્રતાપ સારંગપુરમાં ઘેર ઘેર પ્રસરી ગયો. આજુબાજુનાં ગામડાંઓમાં પણ આ વાત પ્રસરી. તેથી મહારાજનાં દર્શન કરવા મુમુક્ષુઓનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં. મહારાજ જીવાખાચરની ઓસરીમાં બિરાજતા. સામે ચોકમાં સભા થતી. ગામોગામથી દર્શન કરવા આવેલા મુમુક્ષુઓએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! અમને વર્તમાન ધરાવો."

મહારાજે તરત જ પાણી મંગાવ્યું અને ઢોલિયા ઉપરથી ઊઠીને ઓસરીને કિનારે આવી તે પાણીમાંથી સૌના ઉપર અંજલિ છાંટી. મહારાજે કહ્યું : "જેના ઉપર આ પાણીનું ટીપું પડ્યું હોય તેણે સમજવું કે વર્તમાન ધરાવી લીધા છે. માટે અમારા આપેલા નિયમમાં રહીને સૌ ભજન કરજો." એમ કહી ત્રણ-ચાર વાર પાણીની અંજલિ છાંટી. સૌ વ્રતધારી બની ગયા. વ્રતના નિયમો સંતોએ બતાવ્યા. સૌને કંઠી પહેરાવી દીધી.

મહારાજે સૌને કહ્યું : "કંઠી ગળામાં હશે તો તમને સૌને જાણપણું રહેશે કે મહારાજની કંઠી બાંધી છે. એટલે ફેલફતુર થશે નહિ. નિયમ ધર્મમાં રહેવાશે. કંઠી એ આશરાની નિશાની છે."

સૌ સમજ્યા. સત્સંગનો, આશરાનો મહિમા અંતરમાં ઉતારી ઘેર ગયા.

પાંચ જણને નિયમ ધરાવી પછી જ જમવું

શ્રીજીમહારાજનું કાર્ય વેગપૂર્વક પ્રસરતું જતું હતું. ચોળિયો માર્ગ, વામ માર્ગ, કૌલાર્ણવ માર્ગ આ બધા પંથનાં દૂષણો ધીરે ધીરે સૌ સમજતા ગયા. માંસ, મદિરા અને મૈથુનમાં કલ્યાણ દેખાડનારા આ માર્ગના માંધાતાઓ ઉઘાડા પડતા હતા. શ્રીજીમહારાજ તથા તેમના સંતોના ઉપદેશથી અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય વગેરે ધર્મોનાં મૂળ ઊંડાં જતાં હતાં. શ્રીજીમહારાજે પોતાના પરમહંસોને આજ્ઞા કરી હતી : "ગામડે ગામડે, ખેતરે ખેતરે, વાડીએ વાડીએ જવું. કોસ ચલાવતા ખેડૂતોની સાથે કોસના પયામાં ફરવું અને તેમને ઉપદેશ દેવો. દારૂ, માંસ, વ્યભિચાર, ચોરી અને છિનાળી છોડાવવાં – એમ નિયમ આપી વ્રતધારી બનાવી ભગવાનનો આશરો કરાવવો. પ્રગટ ભગવાનના આશરાથી જ નિયમ પળાશે. આવી રીતે પાંચ જણને વ્રતધારી બનાવી પછી જ ભિક્ષાનું અન્ન જમવું."

તેમણે આવો આકરો નિયમ આપ્યો. પાંચ જણ ન મળે તો સંતો ભૂખ્યા રહેતા હતા. લોકકલ્યાણની આવી નિઃસ્વાર્થ ભાવનાના પ્રતીક સમા આ સંતો, પરમહંસો સેવાની આદર્શમૂર્તિ સમાન હતા. તેમના પ્રયત્નથી સૌરાષ્ટ્રમાં અધમ વર્ગ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો.

જેતલપુરમાં પ્રથમ અહિંસક યજ્ઞ

આ જ સમયે જેતલપુરમાં ગોવિંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર મહારુદ્રયાગ કરવાની શરૂઆત કરી. મોહોલની દક્ષિણે યજ્ઞ મંડપ બાંધ્યો હતો. નારદીપુરના વિપ્ર નાનાભાઈ મુખ્ય યજમાન તરીકે હતા એટલે કાર્યની જવાબદારી મુખ્યત્વે તેમના ઉપર હતી. સૂબાની હકૂમતમાં આ પ્રથમ અહિંસક યજ્ઞ મહારાજે શરૂ કરાવ્યો. 'અહિંસક યજ્ઞો જ થવા જોઈએ' તેવો ઉપદેશ આપવો અને સાથે સાથે અહિંસક યજ્ઞો યોજવા. લોકોને પણ અહિંસક યજ્ઞની ભાવના ગમી. અશ્લાલીના પાટીદારો આ યજ્ઞમાં સેવા આપવા આવ્યા. તે ઉપરાંત ચોસર, વહેલાલ, કણભા, અમદાવાદ વગેરે ગામોના ભક્તો તથા અન્ય મુમુક્ષુજનો પણ આ યજ્ઞ કાર્યમાં ઉત્સાહપૂર્વક સેવા કરવા લાગ્યા.

યજ્ઞનો તમામ ખર્ચ ગંગામાએ આપ્યો. નાનાભાઈના ભાણેજ નથુભાઈએ રસોડાનું કામ સંભાળ્યું. હજારો બ્રાહ્મણો, મુનિઓ તથા અન્ય જનો જમ્યા. બ્રાહ્મણોને દક્ષિણા પણ આપી.

આ પ્રમાણે આ.સં. ૧૮૬૪ના વૈશાખ માસમાં સાત દિવસનો યજ્ઞ થયો. યજ્ઞની પૂર્ણાહુતિ વૈશાખ સુદ ૧૫ના દિવસે કરી. શ્રીજીમહારાજ પંચાળામાં વિચરણ કરતા હોવાથી આવી શક્યા ન હતા. પરંતુ અહિંસક યજ્ઞની શરૂઆત તો તેમણે આ રીતે કરાવી, હિંસક યજ્ઞોના અનિષ્ટનું સૌને ભાન કરાવ્યું.

✧

મહારાજ સારંગપુરથી નીકળી સુંદરિયાણા પધાર્યા. અહીંના દરબાર ડોસાખાચરને, કારિયાણીના માચાખાચર તથા ગઢપુરના એભલખાચરના પ્રસંગથી સત્સંગ થયો હતો. તેથી તેમને પણ મહારાજને સંતમંડળ સહિત તેડાવી સેવાનો, સત્સંગનો લાભ લેવો હતો. સારંગપુર જઈ તેઓ મહારાજને આમંત્રણ આપી આવ્યા હતા. મહારાજ તેમના દરબારમાં પધાર્યા અને ડોસાખાચરને તેના તમામ સકલ્પો પૂરા થતા લાગ્યા.

ડોસાખાચરના બે કામદાર પૂજા શેઠ અને વના શેઠ. આ બને ત્યાના ચૂસ્ત વૈષ્ણવ વણિક શેઠ હિમરાજ શાહના પુત્રો હતા. વૈષ્ણવોમાં આ કુટુંબ અગ્રેસર હતું. વૈષ્ણવોના આચાર્યશ્રી પાસે પણ તેમનું માન ઘણું હતું. પુત્રોમાં પણ વૈષ્ણવ ધર્મના સંસ્કારો રૂઢ હતા. પરંતુ ડોસાખાચરના તે કામદાર હતા. તેથી ડોસાખાચરને ત્યાં મહારાજ પધારે એટલે સેવા-સરભરામાં તેમણે રહેવું જોઈએ. સ્વામિનારાયણનો નવો ધર્મ છે, લોકો તેને જાદુગરા કહે છે. વળી, તેમના ઉપાસ્ય દેવ કોણ છે, તેમનાં શાસ્ત્રો શાં છે તેની કોઈને ખબર નથી. પોતે ભગવાન થઈને પૂજાય છે અને ભોળા કાઠી દરબારો તેમને ભગવાન માને છે. આવા બધા વિચારોના મંથનમાં તેમણે નક્કી કર્યું કે કામદાર તરીકે તો રાજ્ય સંબંધી જ કામો કરવાનાં હોય. આ તો દરબારનો અંગત પ્રસંગ છે. બીજા પસાયતાઓ તથા ભાયાતો મદદ કરશે. આપણે આ નવી પ્રવૃત્તિમાં ભાગ ન લેવો.

ડોસાખાચરે જોયું કે બંને કામદાર ભાઈઓ આજે આવ્યા નહિ. તે સમજી ગયા. ચૂસ્ત વૈષ્ણવ છે એટલે નવા ધર્મની ભડક સહેજે લાગી હશે. પરંતુ આ પ્રસંગના લાભથી તેઓ વંચિત રહે તે તેમને ગમ્યું નહિ. તેઓ સામે ચાલીને તેમને ઘેર ગયા. તે વખતે રાજા અને તેના કામદાર વચ્ચેના સંબંધો કૌટુંબિક સંબંધ જેવા હતા. દરબારને ઘેર આવેલા જોઈ વના શેઠે તરત જ હાથ જોડી બાપુને આવકાર્યા. પછી પૂછ્યું : "બાપુ ! આપને અચાનક પધારવું પડ્યું ?"

બાપુ આ પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "જુઓ ભાઈ ! સ્વામિનારાયણ પોતે ભગવાન છે. અમારી કાઠીની જાત અભણ ખરી પણ છતાં

અમે ચિકિત્સા ઝીણવટથી કરી શકીએ. તેમનામાં એ લક્ષણો જોયાં પછી જ અમારી જ્ઞાતિના મોટા મોટા રાજાઓ તેમના પંથમાં જોડાયા. પંથ તમને નવો લાગશે પણ અનુભવ કરશો ત્યારે જણાશે કે વૈષ્ણવ ધર્મ જ નવા રૂપમાં છે.''

પૂજા શેઠને તથા વના શેઠને બાપુની વાતમાં કાંઈક તથ્ય લાગ્યું. વાણિયા હતા એટલે બુદ્ધિનો ઈજારો તો હતો જ. વળી, વૈષ્ણવી સંસ્કારો હતા તેથી અંતર પણ કુમળું હતું. એ કુમળા અંતરમાં ઉજાસ પાડે તેવી કોઈ વાત, પ્રવૃત્તિ કે પ્રભાવ તેમણે તેમના હવેલી સંપ્રદાયમાં જોયા ન હતા. બધી જ પ્રવૃત્તિ ચીલાચાલુ હતી. તેથી અંતરમાં તો એમ થતું હતું કે કેવળ ધર્મ પાળ્યાથી કે હવેલીમાં દર્શને જવાથી કે આચાર્ય મહારાજની પધરામણી ઘેર કરાવી તેમને ભેટ-સોગાદો આપવાથી અંતરનો આતમરામ જાગશે નહિ. અંતે મનુષ્યદેહ એળે જશે. તેમની આવી સુષુપ્ત મુમુક્ષુતાથી તેમને આજે આ યોગ ઘેર બેઠાં આવ્યો.

પૂજા શેઠે કહ્યું : ''બાપુ ! અમે આવીએ તેની ના નહિ પરંતુ તેમના ભગવાનપણાનો અનુભવ અમને થાય તો વાત જીવમા બેસે.''

બાપુએ આ સાંભળી તરત જ કહ્યું : ''અરે ભાઈ ! ઈ તો એમ જ હોય ને ! ભગવાન હોય તેને પણ ચકાસી તો જોવા પડે. ભગવાન તેના ભક્તને નથી ચકાસતા ? તો વળી, આપણે શું કામ અધૂરું મૂકવું પડે ?''

બાપુની આ વાત સાંભળી બંને ભાઈઓ રાજી થયા. તેમણે કહ્યું : ''બાપુ ! અમે સંકલ્પ કરીએ છીએ તે પૂરા થાય તો તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા ! નહિ તો અમે અમારે રસ્તે અને તમે તમારે રસ્તે.''

બાપુએ તરત જ કહ્યું : ''ત્યારે કરો સંકલ્પ અને અબઘડી જ આવો.''

બંને ભાઈઓ બાપુની સાથે તેમના દરબારમાં ગયા. મહારાજ તે વખતે સભામાં બિરાજમાન થયા હતા. સર્વાંગ સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. બાપુ તેમને મહારાજ પાસે લઈ આવ્યા. તેમણે મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા. બાપુએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આ બંને ભાઈઓ ચૂસ્ત વૈષ્ણવ છે, ધંધુકા પરગણાના મોટા શેઠ અને આપણા કામદાર છે.''

મહારાજ આ સાંભળી તેમના તરફ સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. પછી બોલ્યા : ''બાપુ ! તમારા કામદાર એટલે આપણા પણ કામદાર જ કહેવાય. ભવિષ્યમાં આપણે ત્યાં વહીવટ તેમને જ કરવાનો છે.''[૧૩૩]

---

૧૩૩. પૂજા શેઠ વિધુર થયા પછી ગઢડામાં જ રહ્યા. મંદિરનો તમામ વહીવટ તેમને સોંપવામાં આવ્યો હતો.

બંને ભાઈઓ આ સાંભળી આશ્ચર્ય પામ્યા.

મહારાજે તેમને પોતાની સન્મુખ બેસાર્યા. પોતે તકિયે ઓઠીંગણ દઈને બેઠા હતા પણ પછી તેમની સન્મુખ જોઈને વાતો કરવા લાગ્યા. બંને ભાઈઓ મહારાજના ચરણારવિંદ તરફ દૃષ્ટિ રાખી જોઈ રહ્યા હતા. મહારાજ પણ વાતો કરતાં અનેક પ્રકારની ચેષ્ટા કરતા, ઘડીક ડાબો ચરણ પ્રસારે તો ઘડીક જમણો ચરણ પ્રસારે. બંને ભાઈઓએ મહારાજના બંને ચરણારવિંદ સંપૂર્ણ રીતે નીરખી લીધા. મહારાજે પણ વાતો પૂરી કરી. બંને ભાઈઓ ઊઠ્યા. મહારાજ પાસે આવીને કહ્યું : "પ્રભુ ! અમને આપને શરણે લ્યો. જે વિધિ કરવાની હોય, તે અમે કરવા તૈયાર છીએ."

બાપુ ડોસાખાચર તો આ સાંભળી વિસ્મય પામી ગયા ! ઘડી પહેલાં તો અનુભવ કરવાની વાત કરતા હતા તેને એકાએક આ શું સૂઝ્યું ? મહારાજે તેમને કેવો અનુભવ કરાવ્યો ?

મહારાજે તેમને વર્તમાન ધરાવ્યાં. પછી મંત્ર આપતાં કહ્યું : "श्रीकृष्ण त्वं गतिर्मम ! આ મંત્રજાપથી શ્રીકૃષ્ણનું શરણું પમાય છે. એ પ્રકારની પ્રપત્તિથી જ સાચો વૈષ્ણવભાવ અંતરમાં પ્રગટે છે. વળી, બીજો આ મંત્ર ब्रह्माह कृष्णदासोऽस्मि એ મંત્રનો જાપ તમારે જ્યારે સાચો શરણ ભાવ અનુભવાય ત્યારે કરવાનો છે. તે મંત્ર મહાદીક્ષા આપવા સમયનો છે. તેના અધિકારીને જ તે અપાય છે. તે મંત્રમાં આત્માના સ્વરૂપમાં બ્રહ્મની-અક્ષરની ભાવના કરી, તે ભાવથી શ્રીકૃષ્ણની દાસભાવે ભક્તિ કરવી તેવો ભાવ છે !"[૧૩૪]

આ મંત્ર અને તેનો અર્થ સમજીને બંને ભાઈઓને લાગ્યું કે સાચો વૈષ્ણવ ધર્મ જ આ છે. તેમણે શ્રીજીનું શરણું સ્વીકારી લીધું. પછી મહારાજે તેમને કહ્યું : "આ મંત્ર તમે લીધો, શિષ્યપણું સ્વીકાર્યું તો હવે દક્ષિણા તો અમને આપવી પડે ને !"

પૂજા શેઠ તથા વના શેઠ બંને આ સાંભળી રાજી થઈ ગયા. તેમને થયું આજે મહારાજ જે માંગે તે આપી દેવું છે. એટલામાં મહારાજે કહ્યું : "પૂજા શેઠ ! અમારે વધુ તો તમારી પાસે માંગવું નથી. પરંતુ તમારે ઘેર કોઠી ઉપર ત્રણ નવા નવાનગરના ચોફાળ મૂક્યા છે તે મંગાવી આપો."

આ સાંભળી બંને ભાઈઓ આશ્ચર્યવત્ મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજ પણ તેમની સામું જોઈ હસ્યા ! બાપુને લાગ્યું કે મહારાજે માગી

૧૩૪. સત્સંગિજીવન; પ્ર. ૧, અં. ૧૬.

માગીને આ શેઠિયા પાસે ચોફાળ માંગ્યા ! તેમણે બંને ભાઈઓને એક બાજુ બોલાવ્યા. પછી પૂછ્યું : "પૂજા, વના ! મને આમાં કાંઈ સમજાયું નહિ. તમને તો કાંઈ દેખીતો એવો અનુભવ થયો નથી અને વર્તમાન લઈ લીધાં !"

એટલે પૂજા શેઠે કહ્યું : "બાપુ ! સાંભળો. મહારાજનાં બંને ચરણારવિંદો અમે જોયાં. અમારો એ સંકલ્પ હતો એટલે મહારાજે વારાફરતી બંને ચરણારવિંદ પ્રસાર્યાં. બંનેમાં સોળ ચિહ્નો અમે જોયાં. તે ભગવાનપણાનું લક્ષણ છે. વળી, અમારા સંકલ્પ પ્રમાણે અમારી પાસેથી કોઠી ઉપર નવાનગરના નવા નક્કોર ચોફાળ મહારાજે માંગી લીધા. આથી વિશેષ બીજો અનુભવ શો હોઈ શકે ? હવે તો આ સત્સંગ, આ કંઠી અને આ વર્તમાન માથા સાટે !"

બાપુ સમજ્યા. તેમને થયું કે વાણિયા બુદ્ધિશાળી ખરા. ભગવાનને ઓળખી ગયા ! બંને ભાઈઓ સત્સંગી બની ઘેર ગયા.

તેમના પિતા હિમરાજભાઈને આ ખબર પડી એટલે તેમને પારાવાર દુઃખ થયું. વૈષ્ણવ મટી પરધર્મ અંગીકાર કર્યો ? પરંતુ ઘરમાં જ કજિયો પેસે એટલે મનમાં સમસમી રહ્યા. વૈષ્ણવ ન્યાતમાં હાહાકાર મચી ગયો !

✧

મહારાજ સુંદરિયાણાથી લોયા નાગડકા થઈને બોટાદ પધાર્યા. અહીં હમીરખાચરના પુત્ર દાહાખાચરના દરબારમાં ઊતર્યા. ભગા દોશી, હીરાચંદ શેઠ, વસ્તા શેઠ, કેશવજી, મૂળચંદ, ચકુભાઈ, કરસન વડોદરિયા, શિવા જોષી તથા મોનજી જોષી વગેરે હરિભક્તોએ મહારાજનું ધામધૂમથી સામૈયું કર્યું. સૌને હોંશ આવી ભગવાન પધાર્યા છે. હજુ સારંગપુરમાં જઈને તો લાભ લીધો છે. છતાં તૃપ્તિ થઈ ન હતી. એટલે પોતાને ઘેર પધાર્યા ત્યારે વિશેષ વેગથી સેવા-ભક્તિ કરવા લાગ્યા.

અહીં મહારાજને જેતલપુરના યજ્ઞની પૂર્ણાહુતિના સમાચાર મળ્યા. મહારાજ તે સાંભળી અત્યંત પ્રસન્ન થયા.

દાહાખાચરે પોતાની વાડીમાં રસોઈ ગોઠવી હતી જેથી સૌ હરિભક્તોને મોકળાશ રહે. મહારાજ ત્યાં પધાર્યા. જેઠનો સખત તાપ હતો. એટલે તેના કૂવામાં મહારાજે સ્નાન કર્યું. પછી પીપળાની નીચે આસન કર્યું. પોતે જમ્યા પછી સંતોની અને હરિભક્તોની પંક્તિ કરાવી સૌને પોતે પીરસ્યું. પછી પોતે ઢોલિયા ઉપર બિરાજ્યા.

એટલામાં મોના જોષી મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછ્યું :

"જોષી ! જમ્યા ?"

તેમણે પેટે હાથ ફેરવતાં કહ્યું : "હા મહારાજ ! આપે જેટલું પીરસ્યું હતું તે બધું જમી ગયો."

એટલે મહારાજે પૂછ્યું : "કાંઈ ઓછું પડ્યું ?"

"ના મહારાજ ! બ્રહ્મચારી જાણે છે એટલે આપે દષ્ટિપ્રસાદી કરેલા લાડવામાંથી દસ-બાર મૂકી ગયા." મોનજી જોષીએ સહજતાથી કહ્યું.

મહારાજ આ સાંભળી હસ્યા.

અમારા ગ્રહ જુઓ

તેમની પાઘડીમાં ટીપણું જોઈ મહારાજે તેમને કહ્યું : "જોષી ! આ ટીપણું કાઢો અને અમારા ગ્રહ જુઓ."

મોનજી જોષીએ ટીપણું કાઢ્યું. ગોળ ટીપણું જોરથી ઉખેળ્યું તે મહારાજના ખોળામાં જઈને તેનો આગલો ભાગ પડ્યો. મહારાજ ચમક્યા ! આ જોઈ મોનજી જોષીએ કહ્યું : "મહારાજ ! ચમકશો નહિ. આ બધા ગ્રહો તો આપના ખોળામાં આપને આશરે આવીને પડ્યા છે. એટલે તેમને જરા કહી દેજો કે તમારા ભક્તો સાથે મિત્રભાવ રાખે."

મહારાજ અને આખી સભા હસી પડી. મોનજી જોષીની નિષ્ઠા જોઈ તેમને થયું કે આ બ્રાહ્મણ ટીપણાના આધારે નથી જીવતો પણ મહારાજની આવી નિષ્ઠાના આધારે જીવે છે. મહારાજે તેને પૂછ્યું : "જોષી ! અમને કોઈ ગ્રહ નડતા તો નથી ને ?"

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! રાહુ કેતુને થોડું વેર ખરું એટલે થોડા ઉધામાં કરે. પરંતુ આપના પ્રતાપ આગળ તેનું કાંઈ ચાલતું નથી."

મહારાજ સખાઓ સાથે સીમમાં ફરવા નીકળ્યા. હમીરખાચર પણ સાથે હતા એટલે તેમની વિનંતીથી તેમના દરબારમાં મહારાજ પધાર્યા. તેમણે મહારાજની ચંદન, અત્તર વગેરે સુગંધી દ્રવ્યોથી પૂજા કરી. થાળ ભરી રૂપિયા ભેટ આપ્યા અને મહારાજને સુગંધી પુષ્પના હાર પહેરાવ્યા. મહારાજે રૂપિયા મોનજી જોષીને આપી દીધા. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! રાહુની નજર મારા ઉપર હતી એટલે રૂપિયાનો જોગ થાતો નહોતો પણ આપની દષ્ટિ પડી તે રૂપિયા મળી ગયા !"

મહારાજે કહ્યું : "જેને અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા છે તેને ગ્રહ કે

પનોતિ નડી શકે નહિ. તે બધા ક્ષુદ્ર દેવોનું પુરુષોત્તમનારાયણના આશ્રય આગળ કાંઈ ચાલતું નથી.''

મહારાજે બે દિવસ બોટાદમાં રહ્યા. હરિભક્તોને ઘેર પધરામણીમાં પધાર્યા. એ રીતે તેમને પાવન કર્યા. સૌના મનોરથ પૂરા કરી મહારાજ ત્યાંથી પોતાના સખાઓ, સંતો સહિત નીકળીને નાગલપર આવ્યા.

નાગલપરમાં મહારાજ વસ્તા ધાધલના દરબારમાં ઊતર્યા. વસ્તા ધાધલને અતિ આનંદ થયો. શ્રીકૃષ્ણના સંબંધે વૃંદાવનના વટ, વૃક્ષ, વેલી, પશુ અને પક્ષી જો અતિ ભાગ્યશાળી હોય તો આ તો સાક્ષાત્‌ પુરુષોત્તમનારાયણનો સંબંધ ! આથી અદકું બીજું કયું ભાગ્ય હોઈ શકે ? મહારાજની, સંતોની, સખાઓની સેવાની તમામ તૈયારી તેમણે આદરી દીધી. થોડી વારે ત્યાં સગાળશા શેઠ આવ્યા. મહારાજે તેમને પ્રેમથી બોલાવ્યા. પછી કહ્યું : ''શેઠ ! તમારી ન્યાતના ભગા દોશી અમારા આશ્રિત થયા છે અને તમે કેમ હજુ કંઠી પહેરી નથી ?''

તરત જ શેઠે કહ્યું : ''મહારાજ ! હું પણ આપનો આશ્રિત થયો છું.''

મહારાજ તે સાંભળી પ્રસન્ન થયા.

એટલામાં ત્યાં વીરો રાજગર તથા બીજા હરિભક્તો આવ્યા. તેમણે મહારાજને પધરામણી માટે વિનંતી કરી. મહારાજે કહ્યું : ''અમારે જવાની ઉતાવળ છે. એટલે ફરી આવીશું. ત્યારે પધરામણીનો જોગ કરીશું.'' આ સાંભળી હરિભક્તો રાજી થયા. મહારાજ જમ્યા. સંતો, હરિભક્તો પણ જમ્યા.

ત્યાંથી નીકળી મહારાજ જોટિંગડા પધાર્યા. ત્યાં પાદરમાં હનુમાનજી છે. પીપરોની ઘટા છે અને કૂવો પણ છે. તે કૂવાનું પાણી પીધું. પ્રસાદી જળ કૂવામાં નાખ્યું.

ત્યાંથી ગોરડકા પધાર્યા. અહીં કેરી નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી નીકળી જેઠ ઊતરતાં ગઢપુર પધાર્યા.

✧ ✧ ✧

આ.સં. ૧૮૬૫નો રથયાત્રાનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો. દેવ પોઢણી એકાદશીનો ઉત્સવ કર્યો. સૌને વિશેષ નિયમો આપ્યા.



ઉદ્‌ગીથ ૨૩

શેખજીને ઉન્માદ ચઢે છે

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૮)

મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. ત્યાં કોઈકે આવીને ખબર આપી કે શેખજી ગઢડામાં આવ્યા છે અને આયરને ચોરે મુકામ રાખ્યો છે. ગામલોકોને ભેગા કરે છે અને કહે છે : "જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો." અને વળી કહે છે : "મહારાજ જેમ પરચા દે છે, તેમ હું પણ પરચા દઉં છું."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી તથા બીજા ચાર-પાંચ સાધુઓને તેની પાસે મોકલો અને તેને સમજાવીને અહીં તેડી લાવો."

મહારાજની આજ્ઞાનુસાર બ્રહ્માનંદ સ્વામી બીજા ચાર સંતોને લઈને આયરના ચોરે ગયા. ત્યાં શેખજી બેઠા હતા. આજુબાજુ આયરોનું ટોળું બેઠું હતું. શેખજીએ બ્રહ્માનંદ સ્વામીને જોયા પણ મોઢું ફેરવી લીધું. બ્રહ્માનંદ સ્વામી શેખજી પાસે આવ્યા અને પૂછ્યું : "શેખજી ! તમે સિંધમાં સત્સંગ કરાવવા નથી ગયા ?"

ત્યારે શેખજીએ કહ્યું : "ત્યાં શું કરવા જવું પડે ? હું તો ગુજરાતમાં ગયો હતો ત્યાં લોકોને સમાધિ કરાવી ધ્યાન શીખવાડ્યું. ત્યાં સત્સંગ બહુ જ વધાર્યો."

"પણ મહારાજની આજ્ઞા સિંધમાં સત્સંગ કરાવવાની હતી, તે સારુ તો તમને મોકલ્યા હતા, ઐશ્વર્ય આપ્યું હતું."

બ્રહ્માનંદ સ્વામીની આ વાત સાંભળી શેખજી તાડૂક્યા : "મહારાજે મને શું ઐશ્વર્ય આપ્યું છે ? મારી દાઢીમાં ઐશ્વર્ય છે. તેથી જે મારી દાઢીનાં દર્શન કરે છે તેને સમાધિ થાય છે."

શેખજીની આવી ઉદ્ધત વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામી રાતા પીળા થઈ ગયા. તેમણે કહ્યું : "શેખજી ! તારું માથું ફર્યું છે શું ? ગોંડલમાં ભગવાન થઈને

પૂજાતો. મહારાજ મળ્યા અને તે ચાળા મૂક્યા અને વળી પાછા નવા શરૂ કર્યા ?"

શેખજીને પોતાના સ્વભાવ પ્રમાણે બ્રહ્મમુનિની વાત સાંભળી ગુસ્સો આવ્યો. તેણે કહ્યું : "તમને સાધુને અમારી વાતમાં ખબર ન પડે."

બ્રહ્માનંદ સ્વામીએ જાણ્યું કે આનું માથું ફર્યું છે, ભગવાનપણાનો અભિનિવેશ થયો છે. તેમને અફસોસ થયો કે ભગવાન થવાના ફંદમાંથી મહારાજ મળ્યા અને માંડ છૂટ્યો હતો અને મુમુક્ષુ બનીને કેવળ પોતાના કલ્યાણ માટે મહારાજ પાસે આવીને રહ્યો હતો. મહારાજે ઐશ્વર્ય આપ્યું અને ફરી તેણે પોતાનું પોત પ્રકાશ્યું.

અનાદિ પરમાત્મા એક જ છે અને તે પૂર્ણ પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી જ છે. તેમનું સહેજ ઐશ્વર્ય તેમની ઇચ્છાથી કોઈ જીવમાં કોઈ કાર્ય નિમિત્તે કે તે જીવનું સ્વરૂપ ઉઘાડું કરવા તેઓ પ્રેરે છે. ત્યારે તે જીવ પોતાની જીવદશા ભૂલી પરમાત્મા બની જાય છે. તેમાં પરમાત્માનો દ્રોહ છે. એવા જીવની અવનતિ પણ તેમાં છે. થોડો સમય કદાચ એ ઐશ્વર્યના જોરે પોતાને પરમાત્મા મનાવે પરંતુ બુદ્ધિશાળી મનુષ્યોને તો કળાયેલ મોરના પૂંછડા જેવી તેની સ્થિતિ દેખાય છે.

બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી ઊઠ્યા. પણ ઊઠતાં ઊઠતાં તેને કહ્યું : "મહારાજ પાસે તો ચાલો."

ત્યારે તેણે કહ્યું : "તમે જાઓ હું પાછળથી આવું છું."

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું "મહારાજ ! એ શેખજીનું માથું ફર્યું છે."

એટલે મહારાજે કહ્યું : "માયા વેષ્ટિત જીવ છે. તેથી સહેજ ઐશ્વર્ય આવે તેમાં અભિમાન આવી જાય છે."

એટલામાં શેખજી ત્યાં આવ્યા. તેને જોઈ મહારાજે તેને પૂછ્યું : "શેખજી ! તમને શી આજ્ઞા કરી હતી ?" શ્રીજીમહારાજની દૃષ્ટિનો પ્રભાવ શેખજી ઝીલી શક્યા નહિ. તે કાંઈ બોલી શક્યા નહિ. મહારાજે તેને કહ્યું : "જવાબ આપો, શેખજી ! તમારી જીવદશાનું ભાન ભૂલીને તમે ભગવાન બનવાના ચાળા આદર્યા તે તમારી નજર કેટલામાં પડે છે ?"

પરંતુ શેખજીની જીભ સિવાઈ ગઈ હતી. મહારાજે વક્રદૃષ્ટિ કરી તેનું ઐશ્વર્ય ખેંચી લીધું. શેખજીને કહ્યું : "શેખજી ! સિંધમાં કેવળ ઐશ્વર્યથી જ સત્સંગ કરાવી શકાય એવો તે જડ અને ભૂંડો દેશ છે. તેથી તો તમને ઐશ્વર્ય

આપ્યું હતું અને સિંધમાં સત્સંગ કરાવવા મોકલ્યા હતા. સેવાની આ અનુપમ તક છોડીને તમને પૂજાવાના કોડ જાગ્યા ?"

શેખજી ચૂપ હતા. પરંતુ મહારાજને તેમને સમજાવવું હતું : "શેખજી ! અનંત કોટિ બ્રહ્માંડો છે. તે અમારા અક્ષરધામના એક રોમમાં અણુની પેઠે જણાય છે. છતાં અમારું તે અક્ષરધામ પણ અમારા સેવક બની સ્વામી-સેવકભાવે અમારી ઉપાસના-ભક્તિ કરે છે. અનંત કોટિ ઈશ્વરો એક એક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે તેવા સમર્થ છે, છતાં જો તેમને અમારી ઉપાસના કે સંબંધ ન હોય, તો અંતે માયાના ગર્ભમાં લીન થઈ જાય છે. અરે ! અમારા પરમહંસો એક એક અવતાર જેવા સમર્થ છે, બ્રહ્માંડો લઈને ઊડી જાય એવા શક્તિશાળી છે, છતાં અમારી સેવામાં તત્પર રહે છે. અને તમે આ સહેજ ઐશ્વર્ય મળ્યું તેમાં આટલા છકી ગયા ?"

શેખજીની વાચા બંધ થઈ ગઈ હતી. મહારાજે ત્યાં ઊભેલા સંતો-હરિભક્તોને કહ્યું : "આ શેખજી આજથી આપણા સત્સંગની બહાર છે. તેની સાથે કોઈ સંબંધ રાખશો નહિ." એટલું બોલીને મહારાજ જમવા પધાર્યા.

શેખજીની સાન ઠેકાણે આવે છે

શેખજી બહાર નીકળ્યા. પોતાની દાઢી ઉપર હાથ ફેરવ્યો પરંતુ દાઢીનું દૈવત હણાઈ ગયું હોય તેમ તેને લાગ્યું. તે બહાર થોડી વાર ઊભા રહ્યા. એટલામાં બ્રહ્માનંદ સ્વામી નીકળ્યા. તેણે તેમને ઊભા રાખ્યા અને હાથ જોડી કહ્યું : "સ્વામી ! મારે આપની સાથે વાત કરવી છે."

સ્વામીએ કહ્યું : "ભલે, મારા આસને આવો."

શેખજી બ્રહ્મમુનિ સાથે તેમના આસને ગયા. અહીં તેમણે બ્રહ્મમુનિને કહ્યું : "સ્વામી ! હું ખરેખર ભૂલો પડી ગયો હતો. હવે તમે મને રસ્તે ચઢાવો."

બ્રહ્મમુનિએ કહ્યું : 'તેં અમારું વચન માન્યું નહિ અને તારા અભિમાનના તોરમાં મહારાજ કોણ છે તે ભૂલી જઈને જેમ તેમ બોલવા માંડ્યો તેનું ફળ તને મળ્યું. છતાં જો પસ્તાવો થતો હોય, તો આ દાઢી-મૂછ ઉતરાવીને, નાહીને મહારાજ પાસે આવજે. હું મહારાજને સમજાવીશ."

બ્રહ્માનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે શેખજીએ તેનાં દાઢી ને મૂછ પડાવી નાખ્યાં. નાહીને મહારાજ પાસે અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજ તેને જોઈને બોલ્યા : "તું કોણ ?"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ તો શેખજી !"

મહારાજ તેને જોઈને હસ્યા. પછી પૂછ્યું : "તારી દાઢી ક્યાં ગઈ ?"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ દાઢી ઉપરથી તો ઘણા અક્ષરધામમાં જતા હતા. એટલે ઘસાઈ ગઈ." આ સાંભળી સૌ હસ્યા.

શેખજીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારે કલ્યાણનો ખપ છે. આપના સિવાય બીજે ક્યાંય કલ્યાણ નથી. હું ભૂલો પડ્યો હતો તો મને માફ કરો."

મહારાજ તેની દીનતા જોઈ બોલ્યા : "આ દાદાખાચરની ઘોડશાળમાં ઘોડાની લાદ ઉપાડવી પડશે. છે કબૂલ ?"

તેણે તરત જ કહ્યું : "હા મહારાજ ! કબૂલ છે. આપ જે કહેશો તે કરીશ."

મહારાજ તેનો ખપ જોઈ રાજી થઈ ગયા. તેમણે આશીર્વાદ આપતાં કહ્યું : "શેખજી ! જા. તારા બધા ગુના માફ. તને હું અક્ષરધામમાં તેડી જઈશ."

એટલામાં ઉત્તમકુમાર દોડતાં દોડતાં ત્યાં આવી ગયા. તેની પાછળ સૂરપ્રભાદેવી દોડતાં હતાં. ઉત્તમકુમાર એકદમ મહારાજ પાસે પહોંચી ગયા. પરંતુ મહારાજ પાસે સંતો હતા તેથી સૂરપ્રભાદેવી ત્યાં જ અટકી ગયાં. ઉત્તમકુમારને મહારાજે એકદમ પકડી લીધા અને પોતાના ઢોલિયા ઉપર બેસારી દીધા. પરંતુ ઉત્તમકુમાર ત્યાંથી ઊઠી ગયા અને નીચે બેસી ગયા. મહારાજે તેમને પૂછ્યું : "દાદા ! કેમ નીચે બેસી ગયા ?"

ત્યારે ઉત્તમકુમારે કહ્યું : "આપના ઢોલિયા ઉપર આપની સાથે ન બેસાય. આપ ભગવાન છો અને હું આપનો દાસ છું."

પછી મહારાજે પૂછ્યું : "પણ મા કેમ પાછળ દોડતાં હતાં ?"

"મને જમાડવા માટે. આપે બધાને નિયમ આપ્યા એટલે મેં એક વખત જમવાનો નિયમ લીધો છે. પણ મા કહે હું હજુ નાનો છું. એટલે નિયમ ન લેવાય."

મહારાજ દાદાની મીઠી વાણી સાંભળી તેના ઉપર ખૂબ પ્રસન્ન થયા. તેને માથે બે હાથ મૂક્યા. સંતો તરફ જોઈ મહારાજ બોલ્યા : "આ ગઢપુર જેવું તીર્થ નહિ થાય અને દાદા જેવો કોઈ ભક્ત થશે નહિ."

✧

મહારાજ દરબારમાં સભા કરીને બિરાજમાન હતા. તેવામાં ચાર ક્ષત્રિય હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. ભેટે તલવાર બાંધી છે. મૂછોના કાતરા વળ દઈને ચડાવ્યા છે. છતાં મુખાકૃતિ સૌમ્ય દેખાય છે. બધે જોતાં જોતાં જ્યાં મહારાજ બિરાજતા હતા ત્યાં આવ્યા. મહારાજે ચાલતી કથા બંધ રખાવીને

તેમને બોલાવ્યા અને પોતાની પાસે બેસાર્યા. પછી પૂછ્યું : ''તમો ક્યાંથી આવો છો ? લાગો છો તો દરબાર પણ રંગ ભક્તિનો ચડ્યો હોય એવું જણાય છે.''

તે સાંભળી પાડાસણ ગામના ભૂપ સરતાનજી બોલ્યા : ''પ્રભુ ! હું પાડાસણનો દરબાર છું. મારું નામ સરતાનજી છે. આ વડાળીના મેઘાભાઈ છે. આ ખાંભાના જેઠાભાઈ છે અને આ કાંકશિયાયીના હકાભાઈ છે. આપના સાધુ સ્વરૂપાનંદજીનાં દર્શન અમે કર્યાં. તેમની સાધુતા જોઈ, તેમની વાતો સાંભળી અમને તેમના પ્રત્યે ભક્તિ થઈ. પણ તેમણે કહ્યું કે 'મારા ભગવાન તો સ્વામિનારાયણ છે.' અને આપના મહિમાની ઘણી વાતો તેમણે કરી. તેથી આપનાં દર્શને આવ્યા છીએ. અમે અંદર અંદર સંબંધી થઈએ છીએ.''

મહારાજ આ સાંભળી તેમના ભક્તિભાવથી પ્રસન્ન થયા. એભલખાચરને બોલાવી તેમને ઉતારાની ને જમવાની વ્યવસ્થા કરવાનું કહ્યું.

ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ

મહારાજે ગઢપુરમા આ.સ. ૧૮૬૫ના શ્રાવણ વદિ અષ્ટમીએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં પિપળીયાના સુથાર વીરાભાઈ તથા વેલાભાઈ આવ્યા હતા તેમણે મહારાજને પ્રાર્થના કરી : ''મહારાજ ! પિપળીયા પધારો તો બધાંને દર્શન થાય અને લાભ મળે.''

મહારાજે તેમની પ્રાર્થના સ્વીકારી અને કહ્યું : ''તમે આજે જાઓ અને બધી તૈયારી કરો. અમે કાલે આવીશું.'' આ સાંભળી બંને ભગત બહુ જ રાજી થયા અને મહારાજની આજ્ઞા લઈ ઘેર ગયા.

શ્રાવણ માસમાં તો મેનાં સરવડાં હોય અને ભાદરવે મે મોંઘા હોય; પરંતુ શ્રાવણ ઊતર્યો, ભાદરવાની શરૂઆત થઈ અને ગઢપુરની ઉપરવાસ મે મંડાણો, અનરાધાર વરસ્યો અને ઘેલામાં પૂર આવ્યું. મહારાજને ખબર પડી કે ઘેલામાં પૂર આવ્યું છે એટલે મહારાજે કહ્યું : ''ચાલો, આપણે પૂર જોવા જઈએ.''

પછી રતનજી, ભગુજી વગેરે પાંચ-સાત પાર્ષદોને લઈને બજારમાં થઈ, જીવાખાચરના દરબાર પાસે થઈ ગઢ પાસે ટેકરા ઉપર પધાર્યા. જમીન ભીની થઈ ગઈ હતી. પરંતુ પાર્ષદે ધાબળો પાથરી દીધો એટલે મહારાજ તે ઉપર બિરાજમાન થયા. વરસાદના ઝીણા ઝીણા છાંટા પડતા હતા. એટલે મહારાજે કાળો ધાબળો ઓઢ્યો. ઘેલા નદીમાં પૂર ચઢ્યું હતું.

એ વખતે ખળખળિયાની પાસે એક મોટો પથ્થર હતો. તે પથ્થર ઉપર

બેઠેલો એક છોકરો આ પૂરમાં તણાયો. મહારાજે તે જોયું. તરત જ રતનજીને કહ્યું : ''બાપુ ! દોડો દોડો પેલા છોકરાને બચાવો.''

બાપુ રતનજી શૂરવીર હતા. મહારાજની આજ્ઞામાં ટૂકટૂક થઈ જાય એવા હતા. તેથી તેઓ તરત જ ત્યાંથી દોડ્યા અને ચઢેલા પૂરમાં પડ્યા. છોકરો પૂરમાં તણાતો હતો. રતનજી તરીને તે તરફ ગયા અને છોકરાનો હાથ પકડી તેને પોતાના માથા ઉપર બેસારી દીધો. પાછા તરીને કાંઠે આવ્યા અને છોકરાને લઈને મહારાજ પાસે આવ્યા. મહારાજે તેના શરીર ઉપર હાથ ફેરવ્યો. ઊંધો કરીને પેટમાં ગયેલું પાણી કાઢી નાખ્યું. પછી મહારાજે રતનજીને પૂછ્યું : ''બાપુ ! નદીમાં તાણ કેવું છે ?''

બાપુએ તરત જ કહ્યું : ''મહારાજ ! આ તો વરુણદેવ કોપ્યા છે. આપની કૃપા ન હોત તો પાછું ન અવાત.'' એટલી વાત કરે છે ત્યાં તો પૂરનો વેગ વધે છે. ધીરે ધીરે પાણી ચઢતાં જાય છે.

તે જોઈ મહારાજે ત્યાં વાત કરી : ''આ પૂરમાં હાથી, ઘોડા કે ઊંટ પડ્યાં હોય તો સામે પાર નીકળે કે નહિ ?''

એટલે ભગુજીએ કહ્યું : ''મહારાજ ! આમાં તો તણાઈ જ જાય., પૂરનો વેગ જબરો છે.''

એટલે મહારાજે ફરી પૂછ્યું : ''પણ કાલે પૂર ઊતરી જાય પછી સામે પાર જવાય કે નહિ ?''

એટલે ભગુજીએ કહ્યું : ''મહારાજ ! ત્યારે તો નાનાં છોકરાં પણ નદી પાર ઊતરી જાય.'' આ સાંભળી મહારાજ હસ્યા.

અંતરમાં વાસનાનાં પૂર

થોડી વારે તેમણે કહ્યું : ''ભગુજી ! આ પૂરના વેગની જેમ આ જીવના હૃદયમાં દોષ રહ્યા છે. તેનાં પૂર જબરાં છે. કામાતુર, ક્રોધાતુર, લોભાતુર, સ્નેહાતુર ને માનાતુર ! આ પાંચ દોષના પૂરનો વેગ અંતઃકરણમાં જબરો છે. તેથી આ જીવ કોઈ ઉપાયે આ સંસારસાગર તરી શકવા સમર્થ થતો નથી. પરંતુ જો આત્મનિષ્ઠા હોય અને અમારા સ્વરૂપનું માહાત્મ્ય હોય, તો આ પાંચે દોષનાં પૂર સહેજે તરી જવાય.''

મહારાજે એટલી વાત કરી એટલામાં વરસાદ વધવા માંડ્યો. એટલે ભગુજીએ કહ્યું : ''મહારાજ ! ચાલો દરબારમાં.''

તે સાંભળી મહારાજ ઊઠ્યા, દરબારમાં પધાર્યા. બ્રહ્મચારીએ મહારાજનાં ભીનાં વસ્ત્રો કાઢી કોરાં વસ્ત્રો પહેરાવ્યાં. પછી બ્રહ્મચારી થાળ લાવ્યા. ખીચડી, કઢી, દૂધ, પૂરીનો થાળ મહારાજ જમ્યા. બાજુમાં ઉત્તમકુમાર મહારાજનાં દર્શન કરતા બેઠા હતા. મહારાજે ચળુ કરી પ્રસાદીનો થાળ તેમને આપ્યો.

બીજે દિવસે મહારાજ પિપળીયા પધાર્યા. આજે જ્યાં હરિમંદિર છે તે જગ્યામાં મહારાજ સંતો સાથે ઊતર્યા. વીરાભાઈએ તથા વેલાભાઈએ તમામ તૈયારીઓ કરી દીધી હતી. એટલે થોડી વારમાં રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ બ્રહ્મચારીની સાથે જમવા પધાર્યા. જમ્યા પછી સૌ સંત-હરિભક્તોને પણ પીરસીને જમાડ્યા. સાંજે મઢીના લીંબડા છે ત્યાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા.

હળવદના બ્રાહ્મણો સત્સંગી બને છે

આ સભામાં પૂજાખાચર આવ્યા. મહારાજને પગે લાગીને બેઠા. એટલામાં હળવદના આઠ બ્રાહ્મણો આવ્યા. તેઓ સામુદ્રિક શાસ્ત્રના જાણનારા હતા. તેમણે મહારાજના ચરણારવિંદનાં ચિહ્નો જોયા. મુખારવિંદની પ્રતિભા નિહાળી, વાણીનું અમૃત પીધું. તેમણે નક્કી કરી લીધું કે આ નિશ્ચય જ ભગવાન છે. શાસ્ત્રમાં લખેલાં તમામ લક્ષણો આ સ્વરૂપમાં છે. મહારાજને દંડવત્ કરી સમીપે બેઠા. પછી મહારાજ વાત કરી રહ્યા ત્યારે પાસે જઈ પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપ ભગવાન છો એવી નક્કી પ્રતીતિ અમને થઈ છે. તો આપના શરણે અમને લ્યો." મહારાજે તેમને તરત જ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. પછી તે વિપ્રો પોતાને ઘેર ગયા.

✧

મહારાજ પિપળીયામાં એક રાત રહીને બીજે દિવસે સારંગપુર પધાર્યા. અહીં જીવાખાચરના દરબારમાં ઊતર્યા. જીવાખાચરનું આ નાનકડું ગામ. કેવળ કાઠી, કુંભાર અને કણબીની વસતિ. ત્યાં મહારાજ વણતેડ્યા પધારતા. તેથી ગ્રામજનો પોતાને ધન્ય માનતા. જીવાખાચર જેવા પરમ ભગવદી ભક્તના સંબંધથી તેમનાં ભાગ્ય પણ ઊઘડી ગયાં. ગામની ભૂમિ પણ અતિ પુણ્યવતી કે પૂર્ણ પુરુષોત્તમનારાયણે મોટાં મોટાં શહેર કે ત્યાંના રાજમહેલો છોડીને આ ગામને પોતાના અક્ષરધામ તુલ્ય બનાવી દીધું.

મહારાજની સભામાં ગામના હરિભક્તો પણ આવતા અને કથા-કીર્તનનો

લાભ પણ લેતા. મહારાજ કોઈ કોઈ વખત તેમને સમાધિ કરાવતા અને અક્ષરધામમાં પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવતા. કોઈ કોઈ વખત દેવો પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ અને તેમની આ દિવ્ય સભાનાં દર્શન કરવા આવતા. મહારાજને પુષ્પોથી, ચંદનથી વધાવતા. તે પુષ્પો અને ચંદન ઉપરથી સભામાં પડતાં દેખીને સૌને આશ્ચર્ય થતું. પરંતુ ભગવાન જ્યાં હોય ત્યાં તેમનો સમાજ હોય, વિભૂતિઓ હોય, દેવતાઓ હોય અને ગંધર્વો પણ હોય. પરંતુ મહિમાની દૃષ્ટિ જેને હોય તેને એ દિવ્ય દર્શન થાય.

એક દિવસ મહારાજને જીવાખાચરે કહ્યું : "મહારાજ ! આપણે મોટી વાડીએ કૂવો ગળાવીએ છીએ પણ પાણી હજુ પૂરતું થતું નથી."

મહારાજે તરત જ કહ્યું : "આજે સાંજે આપણે વાડીમાં જઈશું."

સાંજે મહારાજ મોટી વાડીએ પધાર્યા. મહારાજે કૂવા પાસે આવીને જોયું તો થોડું પાણી થયું હતું. મહારાજે જીવાખાચરને કહ્યું : "આ પાણી કઢાવીને આ કૂંડી ભરી દ્યો. અમે તેમાં સ્નાન કરીશું."

તરત જ જીવાખાચરે કૂંડી સાફ કરાવી તેમાં પાણી ભરાવ્યું. મહારાજ તે કૂંડીમાં બિરાજ્યા. ઘણી વાર સુધી તે પાણીમાં સ્નાન કર્યું. ડૂબકી મારીને શ્વાસ રૂંધી ઘણી વાર બેઠા, પછી બહાર નીકળી મહારાજે જીવાખાચરને કહ્યું : "હવે અહીં ખોદવા માંડજો, પાણી ઘણું થશે."[૧૩૫]

મહારાજે શરીર લૂછ્યું. બ્રહ્મચારીએ કોરાં વસ્ત્રો આપ્યાં. તે પહેર્યાં અને દરબારમાં પધાર્યા.

સારંગપુરમાં મહારાજ બ્રાહ્મણોને જમાડે છે

મહારાજે જીવાખાચરને બોલાવીને કહ્યું : "બાપુ ! અહીં આપણે બ્રાહ્મણો જમાડવા છે. તે માટે તૈયારી કરો અને આજુબાજુનાં ગામના બ્રાહ્મણોને નોતરાં મોકલાવો."

જીવાખાચરે કહ્યું : "બહુ સારું મહારાજ ! હમણાં જ બધી તૈયારી કરાવી ગામડાંઓમાં માણસ મોકલી દઉં છું. આપણે કેટલા દિવસનું નોતરું દેવાનું છે ?"

"આઠ દિવસનું" મહારાજે કહી દીધું. તરત જ જીવાખાચર તેની તૈયારીમાં પડી ગયા.

---

૧૩૫. આ કૂવામાં પાણી ઘણું થયું હતું. તે પાણીથી વાડીમાં શેરડીનો વાઢ સારો થતો. આ રીતે મહારાજે જીવાખાચરનું સંકટ ટાળ્યું.

મહારાજે ગામને પાદરે જ્યાં ખીજડો છે ત્યાં બ્રાહ્મણોના ચોકા કરાવ્યા. કુંભારોને કહી રાંધવાનાં વાસણો તૈયાર કરાવ્યાં. સીધા-સામગ્રી પણ તૈયાર કરાવી દીધી. પછી માણસ મોકલીને નોતરાં મોકલાવ્યાં. જોતજોતામાં તો સારંગપુરમા ભૂદેવોના ટોળે ટોળાં ઊમટવા માંડ્યાં. કપાળમાં ત્રિપુંડ, ખભે જનોઈ, ગળામાં રુદ્રાક્ષની માળાઓ અને મુગટાઓ પહેરી બ્રાહ્મણો હાથમાં લોટા લઈને આવ્યે જ જતા હતા. પંક્તિઓ થતી હતી અને બ્રાહ્મણો જમતા જતા હતા. તેમની સન્મુખ જ મહારાજ ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા હતા. તેથી ભૂદેવો જમતાં જમતાં મહારાજનાં દર્શન કરતા જાય અને 'હરહર મહાદેવ હર' કરતાં કરતાં 'સ્વામિનારાયણ'ની પણ જય બોલાવતા જાય. મહારાજ બ્રાહ્મણોને જમતા જોઈને બહુ જ પ્રસન્ન થતા.

મહારાજ પાસે બેઠેલા જીવાખાચરને કહ્યું : "બાપુ ! તમારાં પુણ્ય અપાર છે."

"તેથી તો આપ અમારે આંગણે પધાર્યા છો." જીવાખાચરે તરત જ કહ્યું.

"એમ નહિ." મહારાજ હસ્યા અને કહ્યું : "જુઓ, આ વૈરાટ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો, જગતગુરુ કહેવાય. તે બધા તમારે આંગણે તમારી રસોઈ જમે છે તે મોટાં ભાગ્ય !"

જીવાખાચરે આ સાંભળી ડોકું ધુણાવ્યું અને કહ્યું : "મહારાજ ! આ તો બીચારા દયા પ્રભુની કરતાં પેટ ભરતાં, જનોઈના ત્રણ તાગડા પહેરી, સંધ્યાના છાંટા નાખીને બ્રાહ્મણ થયેલા. તેમને જમાડવાથી શું પુણ્ય ? આ તો આપની આજ્ઞા એટલે."

મહારાજે તેમને કહ્યું : "બાપુ ! તમે તો ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ કહેવાઓ. તમારે આમ ન બોલાય. બ્રાહ્મણ તો ભગવાનનું મુખ છે. એટલે શાસ્ત્રની આજ્ઞાએ તેમની સેવા કરીએ તો તેનું સેવા કરનારને પુણ્ય. બ્રાહ્મણો બ્રાહ્મણપણું ન રાખે તો તેમનું પાપ તેમને ભોગવવાનું."

જીવાખાચર મહારાજના આ શબ્દો સાંભળી વિચારમાં પડી ગયા. મહારાજ સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છે છતાં શાસ્ત્રોના શબ્દોની મર્યાદા કેટલી પાળે છે અને પળાવે છે ? તેમને થયું ખરેખર ભગવાન પ્રગટ થાય ત્યારે જ તેમનાં વચને શાસ્ત્રોમાં આસ્તિક ભાવ આવે અને ધર્મ પળાય.

કુંડળનાં રાઈબાની ભક્તિ

મહારાજ સારંગપુર આટલા દિવસો રહ્યા, જીવાખાચરને રાજી કરી દીધા.

પછી ત્યાંથી કુંડળ જવા નીકળ્યા. કુંડળમાં મોકા પટગરના દરબારમાં મહારાજ ઊતર્યા. તેમની પત્ની રાઈબાઈની મહારાજ પ્રત્યેની ભક્તિ તો ગોપીઓનું પણ માન તોડે તેવી હતી.

મહારાજ પધાર્યા તે દિવસે તેણે સંતો-હરિભક્તો માટે શેરે શેર ઘીના ચૂરમાના લાડુ બનાવ્યા હતા. મહારાજે રાઈબાઈને કહ્યું : ''તમારી પાકશાળા બતાવો.'' રાઈબાઈ મહારાજને લઈને પાકશાળામાં આવ્યાં. અહીં રસોઈ બધી તૈયાર થઈ ગઈ હતી. ખસખસ ભભરાવેલ ચૂરમાના લાડુની ચોકીઓ પણ એક ઉપર એક ખડકી હતી. લાડુ જોઈ મહારાજે કહ્યું : ''રાઈમા ! આ લાડુ તો અમારા સંતો જમશે નહિ. અમે તેમને નિયમ આપ્યા છે કે ભિક્ષામાં જે અન્ન આવે તે નદીમાં ઝબોળીને તેનો ગોળો કરવો, તેમાંથી થોડું જમીન પર નાંખવું. તેને કીડી, મકોડા પણ અડે નહિ એવું રસ કસ વિનાનું હોય તેવું જ અન્ન ખાવું. માટે આ તમારા લાડવા બધા પડ્યા રહેશે.''

આ સાંભળી રાઈબાઈએ કહ્યું : ''મહારાજ ! તો તો અમારા ઘરનું નાનું છોકરુંય જમશે નહિ.''

એટલે મહારાજે તેમને સમજાવતાં કહ્યું : ''પણ અમે તો જમશું ને ! પછી તમારે શું વાંધો છે ?''

''વાંધો તો ઘણો મહારાજ ! આ સંતો તો દેહના કષ્ટ વેઠીને તમારું ભજન કરાવે છે. તેમનો અમને સંબંધ થયો છે એટલે અમે તમારો મહિમા સમજી શકીએ છીએ. માટે અમારે તો સંતો જમે તો જ જમવું છે. માટે આજે કાં તો સંતોને જમવાની આજ્ઞા આપો અને નહિ તો અમને સૌને ભૂખ્યા રાખો !''

રાઈબાઈનો પ્રેમ જોઈ મહારાજે કહ્યું : ''ભલે, તમારો ભાવ છે તો સંતો જમશે !''

જમવાની પંક્તિ થઈ અને મહારાજે સંતોને કહ્યું : ''આજે તો સૌએ આ રસોઈ જમવાની છે. પણ બધું ભેગું કરી, પાણી નાખીને, મૂર્તિ સંભારીને જમજો એટલે સ્વાદ મૂર્તિનો આવે અને નિઃસ્વાદી વર્તમાનમાં ખામી ન આવે.''

મહારાજની આજ્ઞા પ્રમાણે સંતો જમ્યા. રાઈબાઈને પણ સંતોષ થયો.

તે દિવસે સાંજે મહારાજ પાસે રાઈબાઈ આવ્યાં અને હાથ જોડીને કહ્યું : ''પ્રભુ ! આપ ગામોગામ અખંડ ફરો છો, હરિભક્તો માટે કષ્ટો સહન કરો છો પણ તમારું આ દેહ જોઈને મારી આંતરડી બળી જાય છે. મારું રાંકનું માનશો ?''

મહારાજ એકી નજરે રાઈબાઈ સામે જોઈ રહ્યા હતા. મહારાજે કહ્યું :

"જરૂર, રાઈબા, તમારું તો અમારે માનવું પડે."

એટલે રાઈબાએ કહ્યું : "મહારાજ ! અહીં રહો. મારી આ પારઠ ભેંશોનું દૂધ જમાડું, માખણ જમાડું. અતિશય તપ કરવાથી આ લોહી ઊડી ગયું છે તે પાછું ભરાય અને શરીર ઝગારા મારે એવું કરી દઉં." રાઈબાઈએ પોતાનો ભાવ બતાવ્યો.

મહારાજ હસ્યા. શરીર બ્રહ્મચર્યની, ધર્મની, ભક્તિની કાંતિથી શોભે છે. લોહી અને માંસની કાંતિમાં મોહ ઉત્પન્ન થાય છે તે શરીરમાં ઊલટા વિકારો ઉત્પન્ન કરે છે. પરંતુ રાઈબાનો ભાવ હતો. મહારાજના એવા પુષ્ટ શરીરનાં તેમને દર્શન કરવાં હતાં. તેથી મહારાજે કહ્યું : "ભલે, તમે જેમ કહેશો તેમ કરીશું." રાઈબાઈ મહારાજની આ સંમતિથી રાજી થઈ ગયાં.

મહારાજ પોતાના સખાઓ અમરા પટગર, મામૈયા પટગર, સુરાખાચર, અલૈયાખાચર, માતરા ધાધલ, નાજા જોગિયા, દેહોખાચર, સોમલોખાચર વગેરેને લઈને ઉતાવળી નદીમાં ટીંબલો ધરો છે ત્યાં નાહવા પધાર્યા. ધરામાં પાણી ખૂબ હતું એટલે સૌ સારી પેઠે નાહ્યા. નાહીને મહારાજ બહાર નીકળ્યા એટલે બ્રહ્મચારીએ શરીર લૂછી ધોયેલાં કોરાં વસ્ત્રો મહારાજને પહેરવા આપ્યાં. મહારાજે વસ્ત્રો પહેર્યાં અને પછી સૌ સાથે મોકા પટગરના દરબારમાં પધાર્યા.

મહારાજ અહીં સભા કરીને બિરાજમાન થયા હતા. એટલામા અલૈયાખાચરને કાંઈક વિચાર આવ્યો. તે ઊભા થઈને મહારાજ પાસે આવ્યા. મહારાજને કહ્યું : "કૃષ્ણાવતારમાં મલ્લોને તમે હરાવ્યા હતા એવું સાંભળ્યું છે તો આજે એ લીલા જોવી છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "પણ અહીં મલ્લ ક્યાં છે ?"

એટલે અલૈયાએ કહ્યું : "મહારાજ ! મલ્લનું શું કામ છે ? મારા હાથમાંથી તમારું કાંડું છોડાવી દ્યો એટલે મલ્લવિદ્યા પૂરી થઈ માનીશું."

મહારાજે જાણ્યું કે અલૈયાખાચરને પોતાના બળનું અભિમાન છે. એટલે તેમણે કહ્યું : "ભલે, લ્યો પકડો આ હાથ." એમ કહી મહારાજ ઊભા થઈ ગયા.

અલૈયાખાચર મહારાજ સાથે મલ્લકુસ્તીના દાવ રમે છે

આ બધી વાત સાંભળીને રાઈબાઈ દોડતાં આવ્યાં. તેણે કહ્યું : "તપથી મહારાજનું શરીર કેવું દૂબળું થઈ ગયું છે. તેમની સાથે તમારે હોડ બકવા છે ?"

અલૈયાએ કહ્યું : "મા ! કૃષ્ણ તો બાળક જ હતા અને તેની સામે કેટલા

મલ્લો આવ્યા હતા ?''

મહારાજે તરત જ રાઈબાઈને કહ્યું : ''મા, તમે પણ અલૈયાની રમત તો જુઓ, ભક્ત આગળ હારવું અમને ગમે છે.'' એમ કહી મહારાજે પોતાનો જમણો હાથ અલૈયાના હાથમા આપ્યો. મહારાજનો હાથ પોતાના હાથમા આવ્યો એટલે અલૈયાને હસવું આવ્યું. આવો કોમળ હાથ મજબૂત પકડીશ તો કાંડું ખડી જશે. તેનો એ વિચાર જાણી મહારાજે તેને કહ્યું : ''અલૈયા ! જેટલું જોર હોય તેટલા જોરથી હાથ પકડજો. જરાય ઢીલો પકડશો નહિ. ખરાખરીનાં આજે પારખાં કરવાં છે.'' એટલે અલૈયાએ જોરથી મહારાજનો હાથ પકડ્યો.

મહારાજે એક જ ઝાટકો માર્યો અને બાળકના હાથમાંથી કાંડું છૂટે તેમ અલૈયાની પકડમાંથી મહારાજનો હાથ છૂટી ગયો. અલૈયાને આથી આશ્ચર્ય થયું ! તેણે નીચેથી ધૂળ લઈને હાથમાં ચોપડી અને મહારાજને કહ્યું : ''લાવો બીજી વાર.'' મહારાજે બીજી વાર હાથ આપ્યો. અલૈયાએ હવે તો મજબૂત પકડથી, સિંહ જેમ શિકારને પકડે તેમ મહારાજનો હાથ પકડ્યો અને મહારાજે ફરી ઝાટકો માર્યો, હાથ છૂટી ગયો અને તે સાથે અલૈયાખાચર ભોંય ઉપર પડી ગયા. આ જોઈ બધા હસવા લાગ્યા. અલૈયાખાચર શરમાઈ ગયા. પણ તેના બળનું અભિમાન ઓસર્યું નહિ. તેણે ત્રીજી વખત મહારાજનો હાથ પકડ્યો અને એ જ રીતે એક જ ઝાટકે અલૈયા ત્રણ ગુંલાટ ખાઈ ગયા ! તે ઊભા થઈને મહારાજના પગમાં પડી ગયા. તેણે પ્રાર્થના કરતાં કહ્યું : ''પ્રભુ ! તમે તો જગકરતાર છો. તમારી આગળ અમારું જોર શું ચાલે ?''

તેનું અભિમાન ઓસર્યું એટલે મહારાજે તેને આશીર્વાદ આપ્યા. માથે બે હાથ મૂક્યા, છાતીમાં ચરણારવિંદ આપ્યાં. રાઈબાઈને પણ આ લીલા જોઈ થયું કે શરીર તો સાલપાંખડા જેવું છે પણ તાકાત તો બ્રહ્માંડો હલાવી દે એટલી છે.

મહારાજ શિવજીની પ્રતિષ્ઠા કરે છે

મામૈયા પટગરના દરબાર પાસે એક સુંદર ચોરો હતો. તેના ઉત્તરમુખે પીપળા ફરતો ચૂનાબંધ ઓટલો હતો. ત્યાં એક શિવલિંગ પડ્યું હતું. મહારાજે વિચાર કર્યો કે અહીં શિવજીની પ્રતિષ્ઠા કરીએ. તેથી તે ઓટા ઉપર મહારાજે શિવજીની વિધિસર પ્રતિષ્ઠા કરાવી. ઉપર જળઝારી પણ ગોઠવી દીધી. પછી મહારાજે સૌને કહ્યું : ''આ કુંડળેશ્વર મહાદેવ. સૌ ભાવથી પૂજા કરજો.''

મહારાજ પછી દરબારમાં આવ્યા ત્યારે રામ પટગર બળદને પાણી પાવા

લઈ જતા હતા. બળદને મોઢે લૂગડું બાંધેલું જોઈ મહારાજે રામને પૂછ્યું : "રામ ! આ બળદને મોઢે લૂગડું કેમ બાંધ્યું છે ?"

રામ પટગરે કહ્યું : "મહારાજ ! તમારી આજ્ઞા છે ને કે પાણી ગાળીને પીવું. તેથી આ બળદને મોઢે લૂગડું બાંધ્યું છે એટલે પાણી ગળાઈ જાય."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "માણસના અને પશુ-પક્ષીના ધર્મો જુદા છે. માટે લૂગડું છોડી નાંખો."

એટલે રામે પૂછ્યું : "મહારાજ ! આજ્ઞા લોપશે તો તેનું કલ્યાણ કેમ થાશે ?"

મહારાજે કહ્યું : "પટગર ! આ તમારો દરબાર એવો પવિત્ર છે કે જે કોઈ પશુ-પક્ષી અહીં દેહ મૂકશે તેનું કલ્યાણ થઈ જ જાશે."

રામ પટગર આ સાંભળી રાજી થઈ ગયા અને બળદને મોઢેથી લૂગડું છોડી નાખ્યું.

✧

અમરા પટગર એકાએક માંદા થઈ ગયા. મંદવાડ અસાધ્ય થઈ ગયો. છેલ્લી ઘડી હતી. મહારાજે તેમને પૂછ્યું : "અમરા ! શો વિચાર છે ? ધામમાં જવું છે કે હજી આંહીં રહેવું છે ?"

ત્યારે તેણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! હવે આ ભૌતિક દેહમાં રહેવું નથી. માટે કૃપા કરી અક્ષરધામમાં તમારા મુક્તો સાથે તમારી સેવામાં લઈ લ્યો."

મહારાજ તેની નિર્વાસનિક સ્થિતિ જોઈ રાજી થયા. મહારાજે કહ્યું : "સારું ત્યારે. દેહ હવે પડી જશે."

સાજે અમરા પટગર ધામમાં ગયા. મહારાજ બીજે દિવસે ત્યાંથી નીકળી સારંગપુર પધાર્યા.

સારંગપુરમાં

સારંગપુરમાં મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. જીવાખાચર તો મહારાજની સાથે જ હતા. પરંતુ આગળથી સમાચાર મોકલ્યા હતા એટલે તમામ તૈયારીઓ કરી રાખી હતી. મહારાજ જમીને ઓશરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

તે વખતે દસ-બાર ભરવાડણો મહારાજનાં દર્શને આવી. નીચે બેસીને મહારાજને પગે લાગી અને મહારાજનાં વારણાં લઈને દુખડાં લીધાં. મહારાજ તેમનો પ્રેમ જોઈ પ્રસન્ન થયા. શ્યામ શરીર ઉપર ઊનનાં વસ્ત્રો પહેર્યાં હતાં.

રૂપાનાં ઘરેણાં ભારોભાર શરીર ઉપર શોભતાં હતાં. મહારાજે તેમને જોઈને મનમાં વિચાર કર્યો કે આ બધી ભરવાડણો દર્શને આવી છે પણ તેમની ભક્તિ કેવી છે તે જોઈએ. તેમ વિચારી મહારાજે તેમને કહ્યું : "તમે બધાં આ રૂપાનાં શણગાર પહેરીને આવ્યાં છો તે ઉતારીને અમને આપો. અમારે અહીં યજ્ઞ કરવો છે. તેમાં તમારાં ઘરેણાં કામમાં આવી જશે."

મહારાજની આ વાત સાંભળીને બધી ભરવાડણો વિચારમાં પડી ગઈ. પણ હાજા ભરવાડની સ્ત્રીએ તો ડોકમાંથી રૂપાની સાંકળી, પગની કાંબીઓ, કાનના ઠોળિયા, વેઢ અને ઝાલ, નાકની નથ વગેરે ઉતારીને મહારાજના ચરણકમળમાં મૂકી દીધાં. મહારાજે તે જોઈ તેને કહ્યું : "આ ઘરેણાં ઉતારીને આપ્યાં પણ હાજો વઢશે નહિ ?"

ત્યારે તેણે હસીને કહ્યું : "મહારાજ ! ઈ યે તમારો ભગત છે. ઊલટો રાજી થશે."

અમારે મન તો તમે ભગવાન

પછી મહારાજે તેને પૂછ્યું : "તને આવો ઉપદેશ કોણે આપ્યો કે બધું આપી દેવું ?"

ત્યારે તે બાઈએ કહ્યું : "મહારાજ ! એવું બધું અમે સમજીએ નહિ. અમારે મન તો તમે ભગવાન એટલે બધું તમારું જ કહેવાય. તમારું આપેલું અમે ભોગવીએ છીએ પણ તમે માગો ત્યારે આપી દેવું પડે."

મહારાજે ત્યાં બેઠેલા હરિભક્તોને પૂછ્યું : "આને કયા સંતોએ ઉપદેશ દીધો છે ? કયાં શાસ્ત્રો એણે વાંચ્યાં છે ? પણ તેના પૂર્વના સંસ્કાર ઉદય થઈ ગયા અને ભગવાનનો જોગ થઈ ગયો. તેથી આવી આત્મસમર્પણની ભક્તિ સહેજે તેને સિદ્ધ થઈ ગઈ છે."

એટલામાં હાજો ભરવાડ આવ્યો. તેણે આ બધું જોયું. મહારાજે તેને કહ્યું : "તમારા ઘરનાં ભારે ભગત છે. આ બધાં ઘરેણાં અમને આપી દીધાં."

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! તમારાં હતાં તે તમને આપ્યાં એમાં શું નવાઈ કરી છે ?"

મહારાજે તેની સામે પ્રેમભરી દૃષ્ટિ ફેંકી પછી કહ્યું : "હાજા ! અમારે તો તમારી ભક્તિનું માપ કાઢવું હતું. માટે હવે આ ઘરેણાં પાછાં લઈ લ્યો."

આ સાંભળી હાજા ભરવાડને આંચકો લાગ્યો. તેણે કહ્યું : "મહારાજ !

આપને આપેલી વસ્તુ પાછી નો લેવાય.''

મહારાજે કહ્યું : ''હાજા ! એ તો પ્રસાદીનાં થયાં માટે અમારી આજ્ઞાએ કરીને પાછાં લેવાય.''

હાજા ભક્તે કમને ઘરેણાં પાછાં લીધાં.

સારંગપુરમાં દેશોદેશના સંઘ આવે છે

બીજે દિવસે ગુજરાતથી સંઘ આવ્યો. તેમાં સુરતનો પણ સંઘ હતો. મહારાજ હરિભક્તોને જોઈ અત્યંત રાજી થયા. તેમને સૌને ઉતારવાની તથા જમાડવાની વ્યવસ્થા કરવાનું મહારાજે જીવાખાચરને કહ્યું. ત્યારે સુરતના હરિભક્તોએ કહ્યું : ''મહારાજ ! અમારે સંકલ્પ છે કે પહેલાં આપની પૂજા કરી લઈએ.''

તે સાંભળી મહારાજે કહ્યું : ''ભલે.''

સુરતના હરિભક્તોએ મહારાજની કેસર મિશ્રિત ચંદનથી પૂજા કરી, અત્તરનો છંટકાવ કર્યો, પુષ્પના હાર પહેરાવ્યા, કપૂરની આરતી ઉતારી. પછી સુરતી મીઠાઈની માટલીઓ ધરાવી. કિનખાબનો સૂરવાળ તથા ડગલી મહારાજને અર્પણ કરી. માથે સુંદર મંડિલ ધરાવ્યું. હેમના મુગટથી પણ અધિક શોભાયમાન મંડિલ જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા !

એવામા જેતલપુરના ગગામા ત્યા આવ્યા. તેમણે પણ મહારાજને હાથ કાંતેલ સૂતરનું આઠ હાથનું પાણકોરું ધરાવ્યું. મહારાજે તે લઈને મંડિલ ઉપર વીંટી દીધું. તેથી બહારની શોભાના આગ્રહી ભક્તો બોલ્યા : ''મહારાજ ! પાણકોરું મંડિલ ઉપર શોભતું નથી. મંડિલની શોભાને ઝાંખી કરે છે. માટે તે ઉતારી નાંખો.''

મહારાજે તે સાંભળી કહ્યું : ''આ પાણકોરાના પ્રેમનું મૂલ્ય થાય તેમ નથી. એની પાસે મોતી અને હીરાના હારની પણ ગણતરી નથી. આ ગંગામા રામાનંદ સ્વામી છતાંના ભક્ત છે, તેમણે અમારા માટે અમારી મૂર્તિ ધારીને ઝીણું સૂતર કાંતી આ પાણકોરું બનાવ્યું છે. માટે તે તો હવે ઊતરશે નહિ.''

મહારાજના આ શબ્દો સાંભળી સૌને લાગ્યું કે અંતરના પ્રેમની ભક્તિનાં મૂલ્ય સદાય અણમૂલાં જ રહે છે. ગંગામાનો મહિમા સૌને આ પ્રસંગે સમજાયો.

આ પ્રમાણે સારંગપુરના હરિભક્તોને સુખ આપી મહારાજ આ.સં. ૧૮૬૫, ભાદરવા સુદિ ચોથ, ગણેશ ચતુર્થી કરીને ત્યાંથી કારિયાણી પધાર્યા.



ઉદ્‌ગીથ ૨૪

કારિયાણીમાં મહારુદ્ર

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૮-૧૮૦૯)

મહારાજ પધાર્યા એટલે વસ્તાખાચર ખૂબ રાજી થયા. રામકુંડ અને ભીમકુંડ ગળાવ્યા તેનું ભર્યું કરવાનું હતું. મહારાજને તેણે પૂછ્યું : "મહારાજ ! આ બન્ને કુંડનું ભર્યું કરવાનું છે તે શું વિધિ કરશું ?"

મહારાજે કહ્યું : "આપણે મહારુદ્ર કરીએ. બ્રાહ્મણોને બોલાવીએ અને હજારો બ્રાહ્મણોને જમાડીએ."

વસ્તાખાચર આ સાંભળી રાજી થયા. તેમણે તળાવને કાંઠે બ્રાહ્મણો માટે ચાલીસ ચૌકા તૈયાર કરાવ્યા. બ્રાહ્મણોને નોતરાં મોકલ્યાં. વિદ્વાન બ્રાહ્મણોને વિધિ માટે તેડાવ્યા. તમામ તૈયારી કરીને વસ્તાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! બધી તૈયાર કરી દીધી છે. બ્રાહ્મણો પણ કાલે આવી જશે."

મહારાજે કહ્યું : "બ્રાહ્મણો આવે પછી મહારુદ્ર શરૂ કરીએ. સંતોને પણ તેડાવીએ." વસ્તાખાચર આ સાંભળી રાજી થયા.

કારિયાણીમાં મહારુદ્ર

કારિયાણીમાં તળાવની પાસે મહારુદ્રની શરૂઆત બ્રાહ્મણોના વેદધ્વનિના ઘોષથી થઈ ગઈ. રોજ બ્રાહ્મણો આવતા જાય અને લાડુ જમીને રાજી થાય. વસ્તાખાચરે ખર્ચ સામું જોયું નહિ. હજારો બ્રાહ્મણોને ચાલીસ દિવસ સુધી જમાડ્યા, સૌને દક્ષિણા પણ આપી. મહારાજનો જે સંકલ્પ હતો, આજ્ઞા હતી તે પૂરી કરી. મહારાજને બ્રાહ્મણો ઉપર ખૂબ જ હેત હતું. બ્રાહ્મણો જગતગુરુ કહેવાય. તે બધા વામપંથ અને કૌલપંથમાંથી છૂટીને આ શુદ્ધ સનાતન માર્ગે ચડે તો તેમનું કલ્યાણ થાય. તેથી આવા યજ્ઞના પ્રસંગો મહારાજ યોજતા, બ્રાહ્મણોને આમંત્રણ આપતા, તેમને જમાડતા, દક્ષિણા આપતા. વળી, શાસ્ત્રોક્ત

વિધિપૂર્વક અહિંસક યજ્ઞો કરી, યજ્ઞમાં પશુહિંસા એ શાસ્ત્રનિષિદ્ધ છે તેની સૌને પ્રતીતિ કરાવતા. માંસ, મદિરા અને મૈથુનથી ભ્રષ્ટ થતા બ્રાહ્મણોને શાસ્ત્રે ચીંધેલા માર્ગે વાળતા. આથી બ્રાહ્મણો શુદ્ધ પણ થતા અને સત્સંગી પણ બનતા. આમ, ઘણા બ્રાહ્મણો વામપંથ, શાક્તપંથ અને કૌલપંથનો ત્યાગ કરીને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા.

મહારુદ્રની મહારાજે આસો વદ તેરશે પૂર્ણાહુતિ કરી. હજારો બ્રાહ્મણો જમ્યા, દક્ષિણા પામ્યા અને સહજાનંદ સ્વામીની, સ્વામિનારાયણ ભગવાનની જય ઘોષણા કરી વિખરાયા. વસ્તાખાચરે પણ સમય સાચવી લીધો.[૧૩૬]

✧

તે પછી મહારાજે સંતોનાં બે મંડળો કર્યાં. એક મંડળના મુખ્ય સ્વરૂપાનંદ સ્વામીને બનાવ્યા અને બીજા મંડળના મુખ્ય આત્માનદ સ્વામીને બનાવ્યા. સ્વરૂપાનંદ સ્વામીને મહારાજે જામનગર જવા આજ્ઞા કરી અને આત્માનંદ સ્વામીને સુરત મોકલ્યા. આ રીતે સંતોના વિચરણથી મહારાજે સત્સંગ પ્રસારણનું કાર્ય વિશાળ પાયા ઉપર શરૂ કરી દીધું.

મહારાજ દિવાળી અને અન્નકૂટ ઉત્સવો કરવા કારિયાણીમાં જ રોકાયા. દિવાળીના ઉત્સવના દિવસો હતા એટલે વસ્તાખાચરે તથા બીજા હરિભક્તોએ મહારાજને સુંદર આભૂષણો પહેરવા પ્રાર્થના કરી. પરંતુ મહારાજ માન્યા નહિ. તેથી વસ્તાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! આપણે એકડમલને કેમ માનતા નથી ?"

ત્યારે મહારાજે કહ્યું : "તે અમારી આજ્ઞા માનતા નથી એટલે."

તે સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું : "મહારાજ ! તમે અમારું માનતા નથી તો અમારે તમને શું કહેવું ?" આ સાંભળી મહારાજ હસી પડ્યા અને તરત જ સુંદર વસ્ત્રાભૂષણો પહેરવાનું કબૂલ કરી દીધું.

દિવાળીને દિવસે વસ્તાખાચરના વિશાળ દરબારમાં દીપમાળા કરી. તેની વચ્ચે હિંડોળો ગોઠવ્યો. મહારાજ સુંદર વસ્ત્રાભૂષણો પહેરી હિંડોળા ઉપર બિરાજમાન થયા. સંતો કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. નાનાં બાળકો બપોરિયા અને બંધૂકિયા ફોડી વિક્ષેપ કરતા હતા. તે જોઈ શ્રીહરિએ કહ્યું : "આ બાળકોમાં

---

૧૩૬. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી આ પ્રસંગના સાક્ષી હોવાથી લખે છે :

'તે દિ યજ્ઞ કર્યો ભગવાને, દિઠી નજરે નથી સુણી કાને.'

– ભક્તચિંતામણિ; પ્ર. ૫૬-૧૪.

અજ્ઞાન છે તેથી તેમને ભગવાનની આવી કીર્તન-ભક્તિમાં રસ નથી અને ફટાકડા ફોડવામાં આનંદ આવે છે. પરંતુ જ્યારે મોટા થશે, ત્યારે સમજણ આવશે અને આવી રમતમાં રસ નહિ આવે. તેમ મનુષ્યોમાં જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી સત્સંગના આ દિવ્ય આનંદનો લાભ લઈ શકતા નથી. પરંતુ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે જગતની પ્રવૃત્તિમાં વીતરાગ પામી સત્સંગમાં આનંદ માનશે.''

દિવાળી અને અન્નકૂટના ઉત્સવ કારિયાણીમાં[૧૩૭] કરી શ્રીહરિ ત્યાંથી નીકળી કુંડળ, ઝિંઝાવદર થઈને ગઢપુર પધાર્યા. અહીં જીવાખાચરના દરબારમાં બે-ત્રણ દિવસ રહી પછી મહારાજ બાપુ એભલખાચરના દરબારમાં પધાર્યા.

ભગવાન દૂર મનાય છે તે અજ્ઞાન છે

ગઢપુરમાં પ્રબોધિની એકાદશી કરી ત્યાંથી પૂનમે નીકળવાની મહારાજે તૈયારી કરી. નીકળતાં પહેલાં મહારાજ જીવુબા, લાડુબા, રાજબા, સોમબા, સુરપ્રભાદેવી, પાંચુબા, નાનીબા તથા કરિયાણાનાં મીણબાઈ વગેરેની રજા લેવા ગયા. તેમની સેવા-ભક્તિનાં મૂલ્ય થાય તેવાં ન હતાં. મહારાજ પણ તેમની પ્રેમની દોરીથી બંધાયા હતા. તેમની અનુજ્ઞા સિવાય મહારાજ ગઢપુરની બહાર નીકળતા નહિ. મહારાજના સ્વરૂપમાં ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ તેમણે સમગ્રપણે જોડી દીધી હતી. તેથી જેમ મહારાજ વિના તેઓ રહી ન શકતાં, તેમ મહારાજ પણ તેમના વગર રહી શકતા ન હતા. તેથી મહારાજ તેમની પાસે ગયા.

મહારાજ ગઢપુરથી ગુજરાતમાં પધારવાની તૈયારી કરીને તેમની રજા લેવા આવી રહ્યા છે તે જોઈ આ ભક્તોની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. મહારાજે તેમને કહ્યું : ''હું ગમે ત્યાં જાઉં પણ તમારી ભેગો તો નિરંતર રહું છું. તમને મારાં પ્રત્યક્ષ દર્શન નથી થતાં છતાં અંતર્દષ્ટિથી જોશો તો હું તમારી સાથે જ છું. મારા સ્વરૂપનું એવું જ્ઞાન સિદ્ધ કર્યા સિવાય ભગવાન છેટા છે, દૂર છે, એવા ભાવથી અંતરમાં સદા ગ્લાનિ રહ્યા કરશે. તમોગુણના એ ભાવથી તમને કદી મારી મૂર્તિનું સુખ નહિ આવે.''

મહારાજ બોલતા હતા પરંતુ આ ભક્તોના હૃદયમાં તો મહારાજ હવે ગઢપુર છોડીને જાય છે એવો જ સ્થૂળ ભાવ હતો. તેથી તેમણે કહ્યું :

૧૩૭. આ ઉત્સવો શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૨, તરંગ-૪૨ થી ૪૫ પ્રમાણે છે. શ્રીહરિલીલામૃત, કળશ ૬, વિશ્રામ ૨૯માં આ.સં. ૧૮૬૫નો અન્નકૂટ ઉત્સવ ગઢડામાં કર્યો એવો ઉલ્લેખ છે.

"મહારાજ ! એવું જ્ઞાન સિદ્ધ થાય ત્યારે વિયોગનું દુઃખ ન લાગે. પરંતુ ત્યાં સુધી તો આપના સ્વરૂપનાં દર્શન, સેવા અને સમાગમનો લાભ તો ન જ મળે."

"એ જ્ઞાન સિદ્ધ કર્યા સિવાય છૂટકો જ નથી. ત્યાં સુધી જીવને આલંબન જોઈએ જ. તમારા માટે અહીં વાસુદેવનારાયણની મૂર્તિની મેં તે હેતુથી જ પ્રતિષ્ઠા કરી છે. તે મૂર્તિ દ્વારા તમને સર્વ પ્રકારે અમારી સેવા કર્યાનો આનંદ આવશે. પરંતુ તે મૂર્તિમાં અમારા સ્વરૂપનો પ્રત્યક્ષ ભાવ રહેશે તો." મહારાજે તેમને સાંત્વનના શબ્દો કહેતાં જ્ઞાનદૃષ્ટિ આપી દીધી.

લાડુબા, જીવુબા વગેરે બહેનોને લાગ્યું કે મહારાજે જ્ઞાનની સ્થિતિ સિદ્ધ કરવા પોતાના પ્રત્યક્ષ સ્વરૂપના સંબંધની અનિવાર્યતા સમજાવી દીધી. પરંતુ જો મહારાજના સ્વયં સ્વરૂપની સન્નિધિ ન મળે, તો તેમની પ્રત્યક્ષ મૂર્તિનાં મનન અને નિદિધ્યાસન દ્વારા પણ એ સુખ લેતાં શીખવું જોઈએ. દૃષ્ટિ દ્વારા અને વૃત્તિ દ્વારા પણ ભગવાન ભક્તોને સેવે છે. જેવો ભક્તોનો ભાવ !

મહારાજને તેમણે પ્રસન્ન વદને રજા આપી. મહારાજ ત્યાંથી નીકળ્યા. ઉત્તમકુમાર પણ તૈયાર થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : "તમે હજુ નાના છો પણ મારા અંતરમા સદાય છો."

ઉત્તમકુમારની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને ઊંચકી લીધા. પોતાના હૃદયમાં ચાંપી તેમને માથે હાથ મૂક્યો. તેમણે કહ્યું : "દાદા ! તારા માટે તો હું ગઢપુર આવ્યો છું. ગઢપુરને મેં મારું માન્યું છે, ગઢપુરવાસીઓને પણ મેં મારા માન્યા છે."

મહારાજ ગઢપુરથી સખા સાથે નીકળ્યા. ઝિંઝાવદર, કારિયાણી, બોટાદ થઈને બરવાળા પધાર્યા.

મૂળજી ભક્ત ! આપણે શું કરવા આવ્યા છીએ ?

બરાબર આ જ દિવસે, સં. ૧૮૬૫ની કાર્તિકી પૂનમે ભાદરામાં મૂળજી શર્મા તેમના ખેતરમાં શેરડીના વાઢમાં પાણી વાળતા હતા. તે સમયે શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું, માથે દક્ષિણી પાઘ પહેરી હતી. મૂળજી ભક્તને ખેતરમાં પાણી વાળતા જોઈ મહારાજે કહ્યું : "મૂળજી ભક્ત ! આપણે શું કરવા આવ્યા છીએ અને શું થાય છે ? બ્રહ્મતેજ તો સાવ સુકાઈ ગયું છે. હવે ચાલો નીકળો, મુદત પૂરી થઈ છે." આટલું કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા !

મૂળજી ભક્તે શ્રીજીમહારાજના શબ્દોમાં રહેલી આજ્ઞા સાંભળી તરત જ પાવડો ફેંકી દીધો અને ત્યાંથી ઘેર ન જતાં સીધા ગઢપુરને રસ્તે જવા નીકળી પડ્યા. અક્ષરબ્રહ્મના સંબંધ વિના જગતમાં બ્રહ્મતેજ સુકાઈ ગયું હતું. તેને પ્રદિપ્ત કરવા મહારાજે ટકોર કરી. અક્ષરબ્રહ્મના મહાભિનિષ્ક્રમણની કાર્તિકી પૂર્ણિમા ધન્ય બની ગઈ ! પ્રાગટ્યની પુણ્યતિથિ આશ્વિન પૂર્ણિમા અને મહાપ્રસ્થાનની પુણ્યતિથિ કાર્તિક પૂર્ણિમા !

મૂળજી ભક્ત થોડા દિવસે ગઢપુર પહોંચી ગયા. પરંતુ મહારાજ ગઢપુરથી નીકળી ગયા હતા. મહારાજ ગઢપુરથી બોટાદ પધાર્યા ત્યારે નિત્યાનંદ સ્વામીને તેમણે કહ્યું હતું કે "ભાદરાથી મૂળજી શર્મા આવે છે તો તમો તેમને રોકજો."

મહારાજ ગઢપુરમાં નથી પરંતુ નજીકમાં બોટાદમાં છે, એવી મૂળજી ભક્તને ખબર પડી એટલે તેઓ સીધા ત્યાંથી બોટાદ ગયા. અહીં તેમને નિત્યાનંદ સ્વામીનાં દર્શન થયાં. સ્વામીએ તેમને જોઈ કહ્યું : "આવો મૂળજી ભક્ત ! મહારાજે મને તમારા સમાચાર આપ્યા છે અને તમને અહીં જ રોકાવાનું કહ્યું છે. એટલે મહારાજ ગઢપુર આવશે ત્યારે મહારાજ ભેળા થવાશે."

મૂળજી ભક્ત આ સાંભળી ત્યાં જ રોકાઈ ગયા.

બરવાળાથી ધંધૂકા થઈને મહારાજ વઢવાણ પધાર્યા. મહારાજનું ખૂબ જ ભાવપૂર્વક સામૈયું ત્યાંના સત્સંગીઓએ, વઢવાણ ઠાકોર સાહેબે મોકલેલી અસ્વારી લઈ કર્યું. દરબારના કુંવર રાયસિંહ પણ શ્રીહરિના સ્વાગત માટે આવ્યા હતા. તે ઉપરાંત વિપ્ર બેચરભાઈ, તેમના ભાઈ દેવકૃષ્ણ, જેઠા વ્યાસ, ધના ત્રવાડી, તુલસી દવે, કરસનજી દવે, બેચર જોષી જેમણે શ્રીહરિની જન્મોત્રી કરી હતી, લાધા ઠક્કર, વીરપાલ શેઠ, માવજી શેઠ, મૂળજી શેઠ, રઘુભાઈ, રત્નાભાઈ, પૂજાભાઈ સોની વગેરે ઘણા હરિભક્તો પુષ્પહાર લઈને સામા આવ્યા હતા.

મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં સૌ હરિભક્તોની મોખરે તુલસી દવેને તેમણે જોયા. તેમને પાસે બોલાવ્યા. તુલસી દવે હાથમાં હાર લઈને મહારાજ સન્મુખ આવ્યા.

તુલસી દવે યજ્ઞ કરવાની ના પાડે છે

મહારાજે તુલસી દવેને કહ્યું : "તમે અગાઉ કહ્યું હતું કે તમારે યજ્ઞ કરાવવાની ઇચ્છા છે. તમારો તે મનોરથ પૂરો કરવા અમે અહીં આવ્યા છીએ. અત્યારે હિંસામય યજ્ઞો ઘણા થાય છે તે વેદપ્રણીત નથી અને અહિંસામય યજ્ઞો

જ વેદોક્ત છે. તે અમારે પ્રવર્તાવવું છે તેથી તમો યજ્ઞની તૈયારી કરો."

શ્રીહરિનાં આ વચન સાંભળી તુલસી દવે મૂંઝાયા. તેમને થયું કે મહારાજ યજ્ઞ કરશે તેમાં હજારો બ્રાહ્મણોને તેડાવશે. તેમજ જમાડવાનું ખર્ચ પણ ખૂબ થશે. વળી, સંતોનાં મંડળો તથા હરિભક્તો પણ આવશે.

મહારાજ તેમને વિચાર કરતા જોઈ રહ્યા. છેવટે તુલસી દવેએ કહ્યું : "મહારાજ ! મારે યજ્ઞ કરવાનો વિચાર તો છે જ પરંતુ અત્યારે આપણા સાધુઓને લોકો તરફથી ઘણી ઉપાધિ થાય છે અને અહીં પણ એવા અસદ્ભાવવાળા ઘણા છે. એટલે અત્યારે દેશકાળ સારા નથી."

તેમની એ વાત સાંભળી મહારાજ હસ્યા. મહારાજે કહ્યું : "તમે અમને શું માનો છો ?"

તુલસી દવેએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ ભગવાન છો."

ત્યારે મહારાજે કહ્યું : "જો ખરેખર એમ માનતા હો, તો દેશકાળ અમારે આધારે પ્રવર્તે છે. અમે ઇચ્છીએ ત્યાં સુધી જ દેશકાળનું જોર ચાલે. પરંતુ અમારી ઇચ્છા ન હોય તો લેશમાત્ર ન ચાલે."

પરંતુ તુલસી દવેએ તો નક્કી કરી જ લીધું હતું. તેથી તેમણે કહ્યું : "મહારાજ ! ફરી આવો યોગ આવશે ત્યારે વાત. અત્યારે તો મને ઠીક લાગતું નથી."[૧૩૮]

મહારાજે કહ્યું : 'ભલે, તમારી મરજી. તમારી જ્યારે ઇચ્છા થાય ત્યારે અમને કહેવરાવજો, અમે આવીશું."

પરંતુ તુલસી દવે બોલ્યા નહિ. મહારાજ તેમની મરજી જાણી ગયા.

યજ્ઞ કરવાની શ્રીહરિની મરજી જાણી બીજા હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! અહીં આપ યજ્ઞ કરો. અમો તમામ ખર્ચ આપીશું."

પરંતુ મહારાજે કહ્યું : "આ તો તુલસી દવેએ અમને કહ્યું હતું એટલે અમે

---

૧૩૮. આ પ્રસંગનો બે પ્રકારે ઉલ્લેખ છે. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે :

'ત્યાંથી વાલો ગયા વઢવાણ, દવે તુલસીનું કરવા કલ્યાણ;
તુલસી બોલ્યો'તો કરું જગન, પડ્યો ખોટો ન ખર્ચાણું ધન.'

— ભક્તચિંતામણિ; પ્રકરણ ૫૬-૧૯.

જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગરમાં એવો ઉલ્લેખ છે કે મહારાજે અસુરોના ત્રાસને લઈને યજ્ઞ કરવાની ના કહી. પૂર-૧૨, તરંગ-૪૯. ભક્તચિંતામણિનો ઉલ્લેખ વધુ પ્રમાણભૂત લાગે છે. — લેખક

તેમને કહ્યું, પરંતુ અમારે યજ્ઞ તો જેતલપુરમાં કરવો છે. ત્યાં તમે સૌ આવજો.''

એટલામાં ત્યાં વિદ્વાન બ્રાહ્મણો આવ્યા. તેમણે મહારાજની પરીક્ષા કરવા વેદનાં બાર મહાવાક્યોના અર્થ પૂછ્યા. મહારાજે બેઠેલા ચાર સંતોને તે પ્રશ્નોના ઉત્તર કરવા કહ્યું. ગોપાળાનંદ સ્વામી વગેરેએ યથાર્થ ઉત્તર કર્યા. વચ્ચે મહારાજે પણ ખુલાસા કર્યા. આ પ્રશ્નોત્તર વખતે ત્યાં લાધા ઠક્કર બેઠા હતા તે લખી લેતા હતા. વિદ્વાન સંતોની વિદ્વત્તા જોઈ તેઓ તો મુગ્ધ થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાન છે એવી તેમને પ્રતીતિ થઈ.

બીજે દિવસે સવારે સભામાં સંતો કીર્તન-ભક્તિ કરતા હતા. તે વખતે લાધા ઠક્કર તેમણે આગલે દિવસે લખેલા પ્રશ્નોત્તર મહારાજને બતાવવા આવ્યા. મહારાજ તે જોઈ બહુ જ રાજી થયા. મહારાજે તેમને કહ્યું : ''અમે ગઢડે જઈએ ત્યારે તમો ત્યાં આ પ્રશ્નોત્તર લેતા આવજો. ત્યાં નિરાંતે વાંચીશું.'' એમ કહી પ્રસન્ન થઈ શેલું તથા પાઘડી મંગાવી તેમને મહારાજે પહેરામણી કરી.[૧૩૯]

પુષ્કરદાસને ચક્ષુ પ્રાપ્ત થાય છે

મહારાજ વઢવાણથી નીકળી અમદાવાદ પધાર્યા. અહીં મહારાજ બરકતરામની હવેલીમાં ઊતર્યા. શ્રીનગરના હરિભક્તો તથા અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો પણ શ્રીહરિનાં દર્શન માટે આવવા લાગ્યા.

ભદ્રની પાછળ દક્ષિણીઓના વાસમાં શ્વેતકૃષ્ણનું એક મંદિર છે. ત્યાંના પૂજારી તથા અન્ય ભક્તોએ મહારાજને તે મંદિરમાં દર્શન કરવા આવવાનું આમંત્રણ આપ્યું. તેમનું ભાવભર્યું આમંત્રણ સ્વીકારી મહારાજ પોતાના સખા અને સંતો સાથે તે મંદિરમાં પધાર્યા. મંદિરના પૂજારી સાધુ પુષ્કરદાસજીએ મહારાજનું સ્વાગત કર્યું. મહારાજે રાધાકૃષ્ણ દેવનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ પૂજારી પુષ્કરદાસજી પાસે આવ્યા અને તેમને ભાવથી ભેટ્યા. મહારાજના આ દિવ્ય સ્પર્શથી પૂજારીના અંગમાં દિવ્યતાનો સંચાર થયો. મહારાજના આ દિવ્ય સ્વરૂપની તેને ઝાંખી થઈ !

એટલામાં મહારાજે પૂછ્યું : ''પૂજારી ! આંખે દેખાતું નથી કે ?''

એટલે પૂજારીએ લાચારીથી કહ્યું : ''પ્રભુ ! ઘણાં વર્ષોથી આમ છે. પરંતુ આજે અંતરનાં ચક્ષુ ખુલી ગયાં !''

મહારાજ પૂજારીના ભાવથી પ્રસન્ન થયા. તેમણે પૂજારીનો હાથ પકડી

---

૧૩૯. સદ્‌ગુરુ તદ્રૂપાનંદ સ્વામીની વાતું; પા. ૯૨-૯૩.

કહ્યું : "અહીં આવો. તમારી આંખોનાં રતનને આજે ઊજળાં કરીએ."

પૂજારી મહારાજ પાસે આવ્યા. મહારાજે તેની આંખો સામે પોતે કૃપાદૃષ્ટિ કરીને જોયું, હાથ વડે તેની બંને આંખોનો સ્પર્શ કર્યો. પૂજારી તો હજુ નતમસ્તક હતા. પરંતુ તેની આંખોની કીકીઓ હલવા લાગી. ધીરે ધીરે તેને પ્રકાશ દેખાયો. આંખો બંધ કરી, ફરી ઉઘાડી અને સામે મહારાજ ઊભા હતા, તેમના તરફ જોયું. તેને મહારાજના સુંદર અને સુરેખ સ્વરૂપનાં દર્શન થયાં ! તેના આનંદનો પાર ન રહ્યો. તેણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ દર્શન માટે જ આપે આ રતન પાછાં આપ્યાં છે તો હવે આ દર્શન સિવાય આ આંખોને બીજું જોવાનું પણ શું છે ?"

શ્રીહરિનો આ પ્રતાપ જોઈ ત્યાં દર્શને આવેલા દક્ષિણી મુમુક્ષુઓને પણ મહારાજ પ્રત્યે ભાવ થયો. તેમણે મહારાજની પૂજા કરી અને ભેટ ધરી. બીજા પણ સૌ આવ્યા. સૌએ તે પ્રમાણે લાભ લીધો. પછી શ્રીહરિએ સૌને ઉપદેશ આપતાં કહ્યું : "સાંભળો, ભગવાને આપણને આંખ, કાન, નાક, હાથ, પગ વગેરે આપ્યાં છે તેનો ઉપયોગ ભગવાનની ભક્તિ કરવામાં કરી લેવો અને મનુષ્ય જન્મ સફળ કરવો." એટલું કહી મહારાજ ત્યાંથી નીકળી ઘીકાંટામાં આવેલ ઘાંચીની વાડીમાં ગૌરીશંકર મહાદેવનાં દર્શન કરવા પધાર્યા.

પૂજારી પુષ્કરદાસજી ત્યારબાદ જ્યારે જ્યારે મહારાજ અમદાવાદ પધારતા ત્યારે દરરોજ સવાર-સાંજ દર્શને આવતા. આ.સ. ૧૮૭૮માં નરનારાયણ દેવની સ્થાપના મહારાજે કરી ત્યારપછી રોજ નરનારાયણ દેવનાં દર્શન કરવા તે આવતા.[૧૪૦]

✧

પછી મહારાજ ત્યાંથી જેતલપુર પધાર્યા. અહીં ગોવિંદ સ્વામીને દર્શન દીધાં અને ફરી જેતલપુર આવવાનું કહી ત્યાંથી માતર જઈ ગિરધર સોનીને ત્યાં પધાર્યા.

બીજે દિવસે ડભાણ પધાર્યા. અહીં રઘુનાથદાસને ત્યાં ઊતર્યા. શ્રીહરિનાં દર્શન અને સેવાના સૌ પ્યાસી હતા. તેમનાં દર્શનથી શાંતિ થતી, તેમના સ્વરૂપમાં ઇન્દ્રિયો, અંતઃકરણ ખેંચાતાં એટલે જગતની સહેજે વિસ્મૃતિ થઈ જતી, બ્રહ્મના આનંદનો અનુભવ થતો. શ્રીહરિ પણ જે તેમનાં દર્શન ઇચ્છતા,

૧૪૦. 'અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ' પા. ૮૭-૮૮ના આધારે. લેખક અને પ્રકાશક મહત શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ. સં. ૨૦૩૫.

મનથી સંકલ્પ કરતા, તેમને ત્યાં પધારતા. તેમનાં અનેકવિધ કાર્યોમાં અને અવિરત વિચરણમાં એવા એક પણ હરિભક્તને તેઓ ભૂલ્યા ન હતા કે જેમણે તેમને સંભાર્યા હોય, સંકલ્પ કર્યો હોય ! એ રીતે તેમનું વિચરણ સહજ જ ગોઠવાઈ જતું કે જેથી સૌને એમ જ લાગતું કે બધું ક્રમ પ્રમાણે ચાલી રહ્યું છે.

ડભાણથી મહારાજ પીજ પધાર્યા. અહીં બચાભાઈની ખડકીમાં ઊતર્યા. બચાભાઈ, ભાઈજીભાઈ, લલ્લુભાઈ, કાનદાસ, ઝવેરદાસ, અવલબાઈ વગેરે ભક્તો કોઈ સમૈયાની, ઉત્સવની કે યજ્ઞની રાહ જોઈને બેઠેલાં. તેમને શ્રીહરિ એકાએક પધાર્યા, તેથી આનંદ થયો.

શ્રીહરિના સ્વરૂપમાં જ જેમનું મન નિરંતર લાગી રહ્યું છે; તેમના સ્વરૂપ સિવાય, તેમના લીલાચરિત્રના ગાન સિવાય જેમનું મન એક ક્ષણ પણ રહી શકતું નથી; તેમના અંતરનો આત્મા એ શ્રીહરિના સંબંધે ગીતાસૂત્ર **मन्मना भव मद्‌भक्तो**ના પઠન, શ્રવણ વિના પણ જાગ્રત થયો હતો. એટલે શ્રીહરિના સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે જોડાઈ ગયા હતા. આ યોગ હતો, પછી તેને મનનો, ચિત્તનો કે પ્રાણના નિરોધનો યોગ કહો; પરંતુ જે સિદ્ધિ પ્રાપ્ત કરવાની હતી તે તેમણે શ્રીહરિના સ્વરૂપના જ્ઞાનથી અને તેમના સંબંધથી સહેજે જ પ્રાપ્ત કરી લીધી હતી.

શ્રીહરિ પીજમાં થોડા દિવસ રહી ત્યાંથી નડિયાદ પધાર્યા. અહીં ગંગાબા, રેવાબા તથા ઉત્તરકુંવરી વગેરે નાગર બહેનોએ શ્રીહરિને ભાતભાતની રસોઈ કરી જમાડ્યા. શ્રીહરિ રસોઈ જમી બોલ્યા : "આવી રસોઈ તો નાગરને જ આવડે."

શ્રીહરિ નડિયાદમાં રહ્યા તે દરમ્યાન ગંગાદાસ પટેલ તથા કેવળરામ કડિયા પણ શ્રીહરિની તથા સંતોની સેવામાં જોડાઈ ગયા હતા.

આ જટાધારી વડ તપ કરે છે

નડિયાદથી નીકળી મહારાજ ડુમરાળને રસ્તે ચાલ્યા. રસ્તામાં પ્રખ્યાત પંચોતરો વડ જોઈ મહારાજ બોલ્યા : "આ જટાધારી જોગી ઘણાં વર્ષોથી તપ કરે છે તો આજે તેનું કલ્યાણ કરીએ." એમ કહી તેની આસપાસ સુંદર ઓટો હતો તે ઉપર બિરાજ્યા. એટલામાં તો ત્યાં લોકોનું ટોળું જમા થઈ ગયું. તેમને સૌને જોઈ મહારાજને આનંદ થયો. જાણે-અજાણે પણ આ પુરુષોત્તમનારાયણના માનુષી સ્વરૂપનાં દર્શન ક્યાંથી ? થોડી વાર ત્યાં બેસીને મહારાજ ત્યાંથી ચાંગા થઈને રોણ્ય ગામે પધાર્યા.

પીરાણાના ગાદીપતિ સાધુ બને છે

રોણ્ય ગામમાં પીરાણાનો પંથ ચાલતો હતો. કહેવાય છે કે છસો વર્ષ પહેલાં અરબસ્તાનથી ઈમામશાહબાબા આવ્યા હતા. તેમનો ત્યાં રોજો છે. બાજુના ઓરડામાં ઢોલિયો છે. ઈમામબાબાએ તે વખતે કહ્યું હતું કે "આ ઢોલિયા ઉપર જે બેસશે તે ખુદા હશે." પછી ભવિષ્ય કહેતાં કહ્યું હતું કે "પૂરવ દેશથી સાહેબો આવશે ને કાંકરિયે ડેરા તાણશે ને આ ગાદીએ બેસશે – આ ત્રણે વાત મળતી આવે તો તેને તમે ખુદા માનજો."

અહીં અખંડ ઘીનો દીવો બળતો હોય છે. ઘણા હિંદુ પટેલોએ પણ પીરાણાનો આ પંથ અપનાવી લીધો હતો અને ઈસ્લામ ધર્મ તેમણે સ્વીકાર્યો હતો.

મહારાજ ત્યાંથી નીકળ્યા અને સૌ પીરાણાએ મહારાજને રોક્યા. તે જગ્યાના ગાદીપતિને તેમના શિષ્યો કાકા કહેતા હતા. મહારાજ રોજા પાસેના ઓરડામાં પધાર્યા અને ત્યાં જે ઢોલિયો હતો તે ઉપર બેસી ગયા. સૌ પીરાણાને આ ગમ્યું નહિ પરંતુ કાકાને ઈમામશાહબાબાનાં વચન યાદ આવ્યાં. તેમને લાગ્યું કે આ જરૂર ચમત્કારી પુરુષ છે.

મહારાજે તેમને પૂછ્યું : "તમે સૌ ઉત્તમ પાટીદાર જ્ઞાતિના હોવા છતાં આ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો તેથી લાગે છે કે કોઈક ચમત્કાર તમોએ જોયો હશે."

તે સાંભળી કાકા બોલ્યા : "અહીં આ દીવાની માનતા ચાલે છે. જેની ભેંસ દોવા દેતી ન હોય તે આ દીવાની માનતા કરે તો તેની ભેંસ દોવા દે. વળી, કોઈને કાંઈ રોગ થયો હોય તે પણ આ માનતાથી મટે છે. નવટાંકથી લઈને દસ મણ ઘીની અહીં માનતા થાય છે."

તે સાંભળી શ્રીહરિએ તેમને પૂછ્યું : "પણ તમારા મોક્ષનું શું ?"

ત્યારે કાકાએ કહ્યું : "મરી ગયા પછી શું થાય છે તે અમે જાણતા નથી. અમે તો જેટલું પ્રત્યક્ષ દેખાય તે જ માનીએ છીએ."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમને થયું લોકોમાં કેવું અજ્ઞાન ચાલ્યું આવે છે. કેવળ આ લોકની ક્ષુલ્લક ઈચ્છાઓ પૂર્ણ કરવામાં તેમને જીવનની ઈતિ દેખાય છે. તેમણે કહ્યું : "અમે તમને પ્રત્યક્ષ દેખાડીએ." એમ કહી કાકાને કહ્યું : "તમારા અંતર સન્મુખ તમે દૃષ્ટિ કરો."

કાકાને આવી કોઈ ભાષાની સમજ ન હતી. તેથી શ્રીહરિએ તેમને સમજાવ્યું કે "આંખો બંધ કરી અંતર સન્મુખ મનને એકાગ્ર કરો."

કાકાએ તે પ્રમાણે આંખો બંધ કરી અને અંતર સન્મુખ મન કર્યું ત્યાં શ્રીહરિની ઈચ્છાથી તેમને અંતરમાં પ્રકાશ દેખાયો. તે પ્રકાશમાં દિવ્ય સિંહાસન ઉપર તેમણે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કર્યાં. થોડી વારે તે જ્યારે જાગ્રત થયા ત્યારે શ્રીહરિના સ્વરૂપમાં તેમને દિવ્યતા દેખાઈ. તેમને જ્ઞાન થયું કે આ પુરુષ સ્વયં ભગવાન છે. તેમણે શ્રીહરિને કહ્યું : "પ્રભુ ! મને આપ અપનાવશો ? આપનો શિષ્ય બનાવશો ?"

શ્રીહરિએ તેને પૂછ્યું : "શિષ્ય બનવું છે એટલે કેવી રીતે રહેવા ઈચ્છો છો ?"

"મારે આપના આ સાધુ મડળમાં જોડાવું છે. મને સાધુ બનાવો."

શ્રીહરિએ તરત જ તેમને અલફી આપી અને કહ્યું : "ચાલ્યા આવો અમારી સાથે." પરંતુ કાકાના શિષ્યો આ જોઈ મૂંઝાયા. તેમણે શ્રીહરિને કહ્યું : "અમારા ગાદીપતિને લઈ જશો તો અમે શું કરીશું ?" શ્રીહરિએ હસીને કહ્યું : "ગાદીપતિઓની ખોટ નથી, આવા મુમુક્ષુઓની ખોટ છે. તમને બીજા ગાદીપતિ મળી રહેશે." પરંતુ તેમણે રોકકળ કરવા માંડી. કેટલાકે તો તોફાન કરવાની ધમકી આપી. એટલે શ્રીહરિએ કાકાને સમજાવ્યા અને કહ્યું : "અલફી ઉતારી નાખો અને અંતરમાં અમારું ભજન કરજો. તમારું કલ્યાણ થશે. જેમને તમારામાં ભાવ થશે, તમારી ક્રિયા ગમશે તો તમારા સંબંધે તમારા તે શિષ્યોનું પણ કલ્યાણ થશે." એટલું કહી શ્રીહરિ ત્યાંથી વરતાલ જવા રવાના થયા.[૧૪૧]

મહારાજ વરતાલમાં

શ્રીહરિ ત્યાંથી સંઘ સાથે વરતાલ પધાર્યા. અહીં વાસણ સુથારને ત્યાં મહારાજે ઉતારો કર્યો. વાસણ સુથારની મેડીએ મહારાજ બિરાજે છે તે ખબર લોકોને પડી અને સૌ ત્યાં આવવા લાગ્યા. સભા ધીરે ધીરે મોટી થવા માંડી એટલે શ્રીજીમહારાજે કહ્યું : "ચાલો, આપણે બધા ગોમતી કિનારે જઈએ. ત્યાં સભા કરીએ."

ગોમતી કિનારે સુંદર સભા થઈ. મહારાજ આંબાના વૃક્ષ નીચે ઢોલિયા

---

૧૪૧. એવું પણ કહેવાય છે કે હિન્દુઓનો સંઘ કાશીએ જતો હતો અને આ રસ્તે નીકળ્યો ત્યારે ઈમામબાબાએ તેમને પૂછ્યું : "તમે બધા ક્યાં જાઓ છો ?"
ત્યારે તેમણે કહ્યું : "અમે સૌ કાશીએ જાત્રા કરવા જઈએ છીએ."
તે સાંભળી ઈમામબાબાએ તેમને કહ્યું : "તમને અહીં કાશીનાં દર્શન થાય તો અહીં રહો કે નહિ ?"

ઉપર બિરાજમાન થયા હતા. મોટા મોટા સંતો-હરિભક્તો પણ સભામાં બેઠા હતા. અહીં શ્રીજીમહારાજે વાત કરતાં કહ્યું : "ભગવાનની ભક્તિ કરવી તે આત્મરૂપ થઈને કરવાની છે. આત્માના ભાવમાં સદા જાણપણું રહે અને અંતરમાં રહેલા ગુણદોષ ઓળખાય. પરંતુ દેહભાવે જે ભક્તિ કરતા હોય તેને અહંગ્રંથિ વધે છે અને પોતાના દોષ તેથી ઓળખાતા નથી. આ પ્રકારની ભક્તિમાં આગળ મોટું વિઘ્ન આવે છે અને મુમુક્ષુ મોક્ષના માર્ગથી ચ્યુત થઈ જાય છે."

માંગરોળમાં ગોરધનભાઈ

તે વખતે ત્યાં માંગરોળના ગોરધનભાઈ શેઠ આવ્યા. ગોરધનભાઈ સદા ઉપશમ સ્થિતિમાં રહેતા. તેથી તેમની ક્રિયા લોકોને ગાંડા જેવી જણાતી, પરંતુ તેમની ઉપશમ સ્થિતિનું રહસ્ય કોઈને સમજાતું નહિ. તેમની એકાંતિક સ્થિતિનો સૌને ખ્યાલ આપવા શ્રીજીમહારાજે એક સેવકને કહ્યું : "એક થાળીમાં સાકર અને એક થાળીમાં મીઠું લઈ આવો." તે પ્રમાણે સાકર અને મીઠું લઈ આવ્યા એટલે મહારાજે ગોરધનભાઈને કહ્યું : "આ જમી જાઓ."

તે તો બન્ને થાળમાંથી બે હાથે સાકર અને મીઠું લઈને જમવા લાગ્યા. તેથી મહારાજે તેમને પૂછ્યું : "ગોરધન ! આમાં સાકર કઈ અને મીઠું કયું ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! બેય સાકર છે."

તેમની આ વાત સાંભળી સભાજનોને આશ્ચર્ય થયું !

ખંભાતના હરિભક્તો સૂતરફેણીની માટલી લઈ આવ્યા હતા. તે તેમણે મહારાજને આપી અને કહ્યું : "મહારાજ ! આપ આ સૂતરફેણી જમો."

મહારાજે તે માટલી લઈને ગોરધનભાઈને આપી અને કહ્યું "ગોરધનભાઈ ! અમને આ સૂતરફેણી જમાડો."

એટલે ગોરધનભાઈ તેમાંથી સૂતરફેણી લઈને પોતે જમવા માંડ્યા. તે

આ સાંભળી સંઘના માણસો વિચાર કરવા લાગ્યા. અહીં બેઠા કાશીનાં દર્શન થાય તો એટલે છેટે જવાની જરૂર શી ? તેથી તેમણે કહ્યું : "અમને અહીં કાશીનાં દર્શન થાય તો અમે અહીં જ રહીશું."

ઈમામબાબાએ તેમને ત્યાં કાશી દેખાડી. અનેક મંદિરો, વિશ્વનાથનું મંદિર, ગંગા નદી આ બધું જોઈને તેમને લાગ્યું કે અહીં જ કાશી છે. ત્યારથી તેઓ ત્યાં રહી પડ્યા. ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો, તેમના રીત-રિવાજો બધા ઈસ્લામ ધર્મ પ્રમાણેના રહ્યા પરંતુ રહેણી અને ખાવા-પીવાનું હિન્દુ ધર્મ અનુસાર હતું.

જોઈ હરિભક્તોએ કહ્યું : "ગોરધનભાઈ ! સૂતરફેણી તો મહારાજને જમાડવાની હતી. તમે ક્યાં જમવા માંડ્યા ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ જ જમે છે." આ સાંભળી મહારાજ હસ્યા.

પછી ગોરધનભાઈએ તે સૂતરફેણીની માટલી મહારાજને આપી ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમે જમો."

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! હજુ મેં તો સ્નાન પણ નથી કર્યું."

આ સાંભળી સભાજનોને વિશેષ આશ્ચર્ય થયું ! મહારાજે તેમને સૌને કહ્યું : "આ ગોરધનભાઈની સ્થિતિ તમે સમજી શક્યા નથી. તે ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખતા નથી. તે સૂતરફેણી જમતા હતા ત્યારે તમને લાગ્યું કે અમને મૂકીને તે જમે છે પણ તે તો અમને જ જમાડતા હતા. અમે જ્યારે તેમને કહ્યું : "તમે જમો." ત્યારે તેને ખ્યાલ આવ્યો એટલે કહ્યું : "મેં તો હજુ સ્નાન પણ કર્યું નથી." એ એવા એકાંતિક ભક્ત છે તો તેમને મીઠું અને સાકરના સ્વાદમાં ફેર જણાતો નથી. અમારી મૂર્તિમાં નિરંતર રહે છે. એટલે તેમના દ્વારા અમે જ ક્રિયા કરીએ છીએ. આવી એકાંતિક સ્થિતિ તમારી સૌની કરવા માટે અમે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છીએ. અમારી ભેગા રહો અને અમારું સ્વરૂપ ઓળખો. અમારા આવા એકાંતિક ભક્તને ન ઓળખો તો જેમ જાદવો શ્રીકૃષ્ણ ભેળા રહ્યા છતાં નિરંતરના અભાગિયા કહેવાયા એવી તમારી સ્થિતિ થશે અને અમારો દાખડો છૂટી પડશે. માટે અમારા દાખડા સામું જોઈ આવી સ્થિતિ કરવાનું લક્ષ્ય રાખવું."

શ્રીજીમહારાજ પછી ત્યાંથી ઊઠીને વાસણ સુથારના ઘેર પધાર્યા. ત્યાં થાળ જમી સાંજે ઉમરેઠ પધાર્યા. અહીં જાગનાથ મહાદેવમાં ઉતારો કર્યો. શ્રીહરિ નિત્ય સભામાં અજ્ઞાનનાં પડળની ચીરતી બ્રહ્મજ્ઞાનની વાતો કરતા.

વાતોના પ્રસંગમાં મહારાજે સૌને કહ્યું : "અમે તો તમારું સૌનું કલ્યાણ કરવા આવ્યા છીએ."

ત્યારે સભામાંથી એક બ્રાહ્મણ બોલ્યો : "કલ્યાણ તો શંકર સ્વામી જેવા કરે, માટે તમે તેમના જેવા હો તો તેમની માફક પાડાની પાસે વેદ બોલાવો." તેવી વાત સાંભળી સભામાં બેઠેલા બધા બ્રાહ્મણો ઊભા થઈ ગયા. સૌ એકી સાથે કહેવા લાગ્યા : "ભગવાન થવું કાંઈ સહેલું નથી અને છતાં તમે ભગવાન છો એવું કહો છો તો જેમ શંકરાચાર્યે પાડાની પૂંઠે વેદ બોલાવ્યા હતા તેમ તમે પાડાની પૂંઠે વેદ બોલાવો તો તમને અમે ભગવાન માનીએ."

તે સાંભળી મહારાજે કહ્યું : "શંકર સ્વામીએ પાડાની પૂંઠે વેદ બોલાવ્યા હતા તેવું તો ફક્ત તમારી પાસેથી જાણ્યું માટે તે વાત સાચી નથી. પરંતુ સંત જ્ઞાનેશ્વરે પાડા પાસે 'વેદ' એવા બે અક્ષર બોલાવ્યા હતા. વેદગાનનો અધિકાર દ્વિજ સિવાય બીજા કોઈને નથી. માટે પાડા પાસે વેદ બોલાવ્યા હતા તે વાત ખોટી છે. પરંતુ તમારે જો વેદગાન સાંભળવું હોય, તો કોઈ પાડા જેવા અભણ, અબુધ બ્રાહ્મણને અમારી પાસે લાવો તો તેમની પાસે ચારે વેદના મંત્રો બોલાવીએ."

મહારાજની આ વાત સાંભળી સભામાં બેઠેલા એક તદ્દન અભણ, અબુધ અને વળી બોલવામાં જીભ પણ થોથરાતી હતી, તે હરિશંકરને મહારાજ પાસે લાવ્યા. મહારાજને કહ્યું : "જો ભગવાન હો તો આ બ્રાહ્મણ પાસે વેદ બોલાવો."

મહારાજે તેના તરફ દૃષ્ટિ કરી અને વિદ્વાન વેદપાઠી બ્રાહ્મણની જેમ હરિશંકર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મંત્રો બોલાવા લાગ્યો. તદ્દન અબુધ અને તોતડું બોલનારો હરિશંકર આવી દિવ્ય વેદવાણી બોલવા લાગ્યો. તે સાંભળી બ્રાહ્મણોને આશ્ચર્ય થયું. કર્મકાંડી અને કેવળ ભાગવતના ભણેલા ઉમરેઠના બ્રાહ્મણો તો પૂરા વેદમંત્રો પણ જાણતા ન હતા. પરંતુ કર્મકાંડમાં જે કાંઈ વેદમંત્રો પોતે ભણ્યા હતા, તે સંપૂર્ણ શુદ્ધ રીતે તેના અંગ સાથે હરિશંકરને બોલતા સાંભળી તેમણે જાણ્યું કે આ કોઈ મહાન વિભૂતિ છે. વેદગાનના અંતે તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "ભગવાન ! તમે સાક્ષાત્ શંકર સ્વામી છો."

મહારાજ તે સાંભળી હસ્યા. તેમને લાગ્યું કે બ્રાહ્મણ જગતગુરુ કહેવાય છે છતાં તેમની બુદ્ધિ પરબ્રહ્મના અનાદિ સ્વરૂપ સુધી પહોંચી શકતી નથી.

અહીં સાત દિવસ રહી શ્રીહરિ પાછા વરતાલ પધાર્યા. સાંજે ત્યાંથી ચાંગા પધાર્યા અને ત્યાં થોડો સમય રોકાઈ મોરજ પધાર્યા.

મોરજમા મહારાજ ગોકળદાસ ગઢવીને ત્યાં રહ્યા. અહીં બારોટ અમથાભાઈ તથા જેકર્ણ વગેરેએ શ્રીહરિની સેવાનો લાભ લીધો. તેમની શ્રીહરિ પ્રત્યેની ભક્તિથી જાણે ધ્રુવ અને પ્રહ્‌લાદ પ્રગટ થયા હોય તેવું જણાયું હતું.

ગોકળ ગઢવી અફીણ છોડે છે

મહારાજ અહીં પાંચ દિવસ રહ્યા. છેલ્લે દિવસે ગોકળદાસ ગઢવીએ મહારાજની ચંદન, અક્ષત, ફૂલહાર વગેરેથી પૂજા કરી, વસ્ત્રો, અલંકારો અર્પણ કર્યાં અને રૂપિયા પાંચસો રોકડા ભેટ મૂક્યા. મહારાજ તેમનો ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "ગઢવી ! તમારે ત્યાં પાંચ દિવસ રહ્યા, તમે

ભક્તિભાવથી અમારી સેવા કરી, હવે અમારે તમારી સેવા કરવી છે."

તે સાંભળી ગઢવી વિસ્મય પામ્યા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મારી સેવા ? અને એ પણ આપને કરવાની ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "હા, ગઢવી ! તમારી સેવા. તમે અમને રાજી કર્યા તો અમારે તમને અભયદાન દેવું જોઈએ ને ? પણ તમારું અફીણનું બંધાણ અમારા એ અભયદાનને ફળવા દેશે નહિ."

ગઢવી આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને થયું મહારાજને ક્યાંથી આ ખબર પડી ! પાંચ દિવસ તો હું અફીણને અડ્યો જ નથી, વળી એવે ઠેકાણે મૂક્યું છે કે તેની ગંધ સરખી પણ કોઈને ન આવે.

મહારાજે કહ્યું : "ગઢવી ! બંધાણ તો ભગવાનના ભક્તે ફક્ત કથા-વાર્તાનું જ રાખવું જોઈએ. તે બંધાણ મુક્તિ અપાવશે, બીજાં બંધાણ બંધન કરાવશે. તમે અમારા ભક્ત છો તેથી કહીએ છીએ કે ભક્તમાં આવાં વ્યસનો શોભે નહિ. અમારા વચને આજથી અફીણ છોડી દ્યો."

ગોકળદાસ ગઢવી શૂરવીર હતા, મહારાજની રુચિ જાણનારા હતા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આજથી અફીણ છોડ્યું. એની ગંધ સરખી આ ઘરમાં પેસવા ન દઉં." મહારાજ આ સાંભળી રાજી થયા.

ગઢવીને થયું કે ભગવાન પ્રગટ મળ્યા, તો તેમણે આ ઉપદેશ આપ્યો, વ્યસન છોડાવ્યું, શુદ્ધ કર્યો. બાકી અત્યાર સુધી ભક્તિ તો કરતો જ હતો પણ વ્યસનનું બંધન હતું તેનું ભાન પણ ન હતું. આજે ભગવાન પ્રગટ મળ્યા એટલે જાગૃતિ આવી ગઈ. એ જાગૃતિમાં હવે નિદ્રાનો અંધકાર પેસવા દેવો નથી.

✧

મહારાજ ત્યાંથી મૈયારી થઈ હાડેવે પધાર્યા. ત્યાંથી વૌઠે જઈને રાત રહ્યા. વૌઠાથી સવારે નિત્યકર્મથી પરવારી શ્રીહરિ તથા તેમની સાથેનો સંત સમાજ ચલોડે આવ્યો. અહીં અમીન નથુભાઈને ઘેર મહારાજે ઉતારો કર્યો. તેમણે તેમનું દીવાનખાનું મહારાજના ઉતારા માટે તૈયાર જ રાખ્યું હતું.

નથુભાઈએ સુંદર ભોજન તૈયાર કરાવ્યા. મહારાજને અને સંતોને તથા સાથેના હરિભક્તોને સારી રીતે જમાડ્યા. મહારાજ જમીને થોડી વાર પોઢી ગયા.

સાંજે ત્યાંથી નીકળી મહારાજ જેતલપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૨૫

જેતલપુરમાં યજ્ઞ

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૯)

હું તમારા જેવો નાનો બનું છું

શ્રીહરિ જેતલપુર પધારે છે તે સાંભળી આશજીભાઈ, જીવણભાઈ તેમજ અન્ય ભક્તો તથા ગંગામા આદિ સ્ત્રીભક્તો શ્રીહરિની સન્મુખ પુષ્પહારો, ભેટો, મીઠાઈઓ વગેરે લઈને ગયાં. શ્રીહરિ લાલ અશ્વ ઉપર બિરાજમાન થયા હતા. સાથે શસ્ત્રધારી પાર્ષદો તથા સૌમ્ય કાષાય વસ્ત્રોધારી પરમહંસો હતા. શ્રીહરિએ સામેથી આવતું ભક્તોનું વૃંદ જોયું. શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. એટલામાં શ્રીહરિને દંડવત્ કરી રહેલા ગોવિંદ સ્વામી શ્રીહરિ સામે આવ્યા. શ્રીહરિ તેમને ભેટ્યા. તેમની સાથેના મંડળના સંતોને પણ શ્રીહરિ પ્રેમથી ભેટ્યા. હરિભક્તોએ શ્રીહરિને પુષ્પહાર પહેરાવ્યા, ભેટો ધરી. સ્ત્રીઓએ સાકરનાં પાણી પાયાં. શ્રીહરિને હરિભક્તોએ પોતાની પ્રેમભક્તિથી વધાવ્યા. છતાં પણ શ્રીહરિની અલૌકિક મૂર્તિ જોઈ પોતાની ભક્તિમાં સૌને અધૂરપ લાગી. ક્યાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ અને ક્યાં પોતે આ લોકના જીવો ! શ્રીહરિ તેમનો આ ભાવ જોઈ હસ્યા. એ હાસ્યમાં મર્મ હતો, તમારું સ્વાર્પણ હું તમારા જેવો નાનો બનીને સ્વીકારી લઉં છું !

પછી શ્રીહરિ દેવ સરોવર પાસે મુનિઓના આશ્રમમાં પધાર્યા. તળાવ પાસે જે મહેલ છે ત્યાં તેમનો ઉતારો હતો. શ્રીહરિ આ ઉતારામાં પધાર્યા. તેમની સેવામાં આશારામ ત્રવાડી, ગંગારામ, ભિખારીદાસ વગેરે આવી ગયા.

સાંજે શ્રીહરિએ વડ નીચે સભા કરી. અહીં આ સમયે જ આનંદાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામી તેમના મંડળ સહિત આવ્યા. શ્રીહરિ તેમને જોઈ બહુ જ રાજી થયા. પછી તેમને કહ્યું : “તમો દેશ-પરદેશમાં ફરો છો અને મુમુક્ષુઓને વાતો કરો છો. પરંતુ આપણો સંપ્રદાય વૈદિક નથી એવું કેટલાક

મિથ્યાભિમાની પંડિતો કહે છે. તેથી તેમની સાથે શાસ્ત્રાર્થ કરી, આપણે તેમને સમજાવવાનું છે કે અમારો સંપ્રદાય વૈદિક છે. માટે તમોને આજથી અમારી આજ્ઞા છે કે તમારે સંસ્કૃતનો અભ્યાસ કરવો, કૌમુદી ભણવાની આજથી જ શરૂઆત કરો."

આ બે પરમહંસો આ વાત સાંભળી સ્તબ્ધ બની ગયા ! તેમને તો શ્રીહરિની મૂર્તિનો આનંદ લૂંટવો હતો. તે છોડીને આ માથાકૂટમાં પડવાની ઇચ્છા ન હતી. તેમનો આ વિચાર જાણી શ્રીહરિ બોલ્યા : "સાંભળો, સંતો ! બ્રહ્મ-પરબ્રહ્મના સનાતન દિવ્ય સ્વરૂપોનું જ્ઞાન આપી આપણે ભાગવતધર્મનું સ્થાપન કરવું છે. સંપ્રદાય સ્થાપવો છે. એ સંપ્રદાયમાં આ બંને સ્વરૂપોનું જ્ઞાન અને તેમની ઉપાસના સતત ચાલુ રહે એટલા માટે શાસ્ત્રવિદ્યા ભણવાની આવશ્યકતા છે. શાસ્ત્રવિદ્યા અને સાધુતા આ બંનેનો સમન્વય હશે તો સંપ્રદાય ટકશે."

શ્રીહરિની આ વાણી સાંભળી સંતો તેમની રુચિ સમજી ગયા. તરત જ તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપની જેવી આજ્ઞા. અમે શાસ્ત્રવિદ્યામાં આપની કૃપાથી પારંગત થઈશું." આ સાંભળી શ્રીહરિ પણ પ્રસન્ન થયા.

શ્રીહરિએ સભામાં સૌને કહ્યું : "હવે અમે આવતી કાલે ગામડી ગામે જઈશું."

તે સાંભળી ગંગામાએ કહેવરાવ્યું : "દીકરાને કહેજો કે કાલે તો નહિ જ જવાય. કાલે ઉત્તરાયણનો શુભ દિવસ, દાન-પુણ્યનો અવસર છે. માટે કાલે તો નહિ જવા દઈએ."

જેતલપુરના હરિભક્તોએ પણ કહ્યું : "મહારાજ ! સહેજે સહેજે આવો અવસર અમને પ્રાપ્ત થયો છે. તે લાભ અમે કેમ જવા દઈએ ?"

મહારાજ તેમની આ વાત સાંભળી રહ્યા.

પ્રથમ મણથી મંડાણ કર્યું

પછી થોડી વારે મહારાજે ગંગારામ તથા આશજીભાઈ વગેરે હરિભક્તોને કહ્યું : "કાલે ઉત્તરાયણ છે. તો આપણે બ્રાહ્મણોને જમાડીએ. બ્રાહ્મણોની ચોરાસી કરીએ."

આ સાંભળી હરિભક્તો રાજી થયા. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! અમે તૈયારી કરવા માંડીએ."

એટલે મહારાજે પૂછ્યું : "અહીંના બ્રાહ્મણોની ચોરાસી કરીએ તો કેટલું

ઘી જોઈએ ?"

ત્યારે ગંગારામે કહ્યું : "મહારાજ ! પાંચ મણ !"

એટલે મહારાજે ફરી પૂછ્યું : "આજુબાજુનાં ગામોના બ્રાહ્મણોને તેડાવીએ તો કેટલું જોઈએ ?"

એટલે આશારામ ત્રવાડી બોલ્યા : "દશ મણ."

પછી મહારાજે ફરી પૂછ્યું : "અને અમદાવાદ તથા તેની આજુબાજુના બ્રાહ્મણો હજારે હજાર આવે તો કેટલું ઘી જોઈએ ?"

તે સાંભળી હરિભક્તો વિચારમાં પડી ગયા. મહારાજ તેમને વિચાર કરતા જોઈ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "અમને લાગે છે કે પાંચસો મણથી[૧૪૨] અધિક જોઈશે. તે પ્રમાણે બીજી સીધા-સામગ્રીની પણ તૈયારી કરવા માંડો."

પછી મહારાજે કહ્યું : "ગામોગામ પત્ર લખો, બ્રાહ્મણોને તેડાવો. આપણાં સંતમંડળોને પણ તેડાવો. અહીં આપણે મહારુદ્ર કરવો છે. હજારો બ્રાહ્મણોને જમાડવા છે. પરનાળે ઘી હોમવું છે." મહારાજની આ વાત સાંભળી હરિભક્તો તો અવાક્ બની ગયા ! મહારાજે તેમની મૂંઝવણ પારખી લીધી. પછી કહ્યું : "મૂંઝાશો નહિ. આ તો ભગવાનનું કાર્ય છે. દેવતાઓ, સિદ્ધિઓ આવીને કાર્ય કરી જશે. તમે બધી તૈયારી કરવા માંડો."

હરિભક્તો જાણતા હતા કે મહારાજની આ ઇચ્છા છે. કાર્ય ઘણું મોટું છે. આપણી શક્તિ અતિ અલ્પ છે, પણ મહારાજની શક્તિ તેમાં ભળશે એટલે કાર્ય થઈ જશે.

જેતલપુરમાં મહારુદ્રની તૈયારીઓ

મહારાજે ઠેઠ કાશી સુધીના વિદ્વાન બ્રાહ્મણોને પત્રો લખાવી આ મહારુદ્રમાં આવવા આમંત્રણ મોકલી દીધાં. કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, હાલાર, ઝાલાવાડ, ગુજરાત તથા ખાનદેશ અને બીજા દેશોમાં પણ પત્ર લખાવ્યા. કંકોત્રીઓ મોકલી. જ્યાં બન્યું ત્યાં ખેપિયા, ઘોડેસવારો મોકલ્યા. જેતલપુરમાં

---

૧૪૨. *તૈયે નાથ કહે તેડો બ્રાહ્મણ, જમે મગાવીએ ઘૃત મણ,*
પ્રથમ મંડાણ મણથી કર્યું, પછી પૂછતાં પાંચસે ઠર્યું.
જેમ જેમ પૂછ્યું વળી જને, તેમ તેમ વધાર્યું જીવને,
મોર્યે નોતરું ને પછી સીધું, એમ યજ્ઞનું પરિયાણ કીધું.

— ભક્તચિંતામણિ; પ્ર. ૫૬.

મહારુદ્રની તૈયારીમાં સૌને જોડી દીધા. જેતલપુરના હરિભક્તોએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારાં અહોભાગ્ય છે કે આપે અમારા ગામમાં આવો મહોત્સવ કરવાની ઇચ્છા કરી. આ યજ્ઞમાં જેટલા ચોખા જોઈશે, જેટલું બળતણ જોઈશે, બળદ કે ઘોડાઓ માટે ઘાસ, ચંદી, પાવરો વગેરે જે જોઈશે તે અમો પૂરું પાડીશું." મહારાજ તે સાંભળી રાજી થયા.

મહારાજે કોઈને સ્વપ્નમાં દર્શન દીધાં, કોઈની પાસે દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા, કોઈના અંતરમાં પ્રેરણા કરી. એમ જે જે વસ્તુ જોઈતી હતી, જેમની સેવાની જરૂર હતી, તેમને સૌને આ રીતે મહારાજે સંદેશો પહોંચાડી દીધો. ખેપિયા પહોંચ્યા પહેલાં તો સૌ ઘેરથી આ યજ્ઞ માટે સેવાની સામગ્રીઓ લઈને રવાના થવા લાગ્યા.

કરજીસણમાં રહેતા નારદીપુરના નાનાભાઈ વિપ્ર ઘીના ઘાડવા લઈને આવી ગયા. મહારાજ ઘાડવા જોઈ રાજી થયા અને બોલ્યા : "નાનાભાઈ ! આજે તો કલ્યાણના વાવટા અમે છૂટા મૂક્યા છે. જે ભેંસનું આ ઘી હશે, તે ભેંસોનું પણ અમે કલ્યાણ કરીશું." નાનાભાઈ આ સાંભળી મહારાજ સામે આશ્ચર્યવત્ જોઈ રહ્યા ! મહારાજે તેમને એ રીતે જોતા જોઈ કહ્યું : "એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. નાનાભાઈ ! પ્રગટનો પ્રતાપ જ એવો બળવાન છે. જે ઝાડ નીચે બેસે, જે ઢોરનું દૂધ-દહીં જમે તે સર્વેનું કલ્યાણ થાય. આ ફેરે તો ન દીઠી હોય ન સાંભળી હોય એવી રીત પ્રવર્તાવવી છે."

નાનાભાઈ મહારાજનો પ્રતાપ જાણતા હતા. તેમના સર્વોપરી સ્વરૂપની તેમને નિષ્ઠા હતી. તેમણે વિચાર્યું ધણીનો કોઈ ધણી છે ? આજ અક્ષરધામના પતિ મોજ આપવા પધાર્યા છે એટલે જે જે હડફેટમાં આવી જશે તે તમામનું કલ્યાણ કરી દેશે. જેને આ વાત નહિ સમજાય, જે અવળું સમજશે તેના કરમ ફૂટ્યા જાણવા.

મહારાજે જોષીને બોલાવ્યા. યજ્ઞના પ્રારંભનું મુહૂર્ત જોવરાવ્યું. જોષીઓએ ટીપણાં લાંબા કરી ધન, મકર, કુંભનો મેળ બેસારી કહ્યું : "ઉત્તરાયણના સૂર્ય થાય પછી બ્રહ્મભોજન ચાલુ કરાય."

આ સં. ૧૮૬૫ના પોષ સુદિ આઠમથી યજ્ઞ પ્રારંભ કરવાનું જોષીઓએ મુહૂર્ત આપી દીધું.

ગંગારામ, દયારામ, આશારામ ત્રવાડી, દેવરામ વગેરે બ્રાહ્મણો શ્રીહરિની સેવામાં રહ્યા. તે પ્રમાણે સ્ત્રીહરિભક્તોમાં રળિયાત, રૂક્ષ્મણિ, રામાબાઈ,

ઝવેરબાઈ વગેરે પણ શ્રીહરિની વિવિધ પ્રકારની સેવાનો લાભ લેવા તત્પર બની ગઈ. આશજી, કાકુજી, ગંગાદાસ, શંકર, જીવણભાઈ, મનોહર, રાવજીભાઈ આદિ વૈશ્ય ભક્તો યજ્ઞ માટેની તમામ તૈયારી કરવામાં પડી ગયા.

બીજે દિવસે ઉત્તરાયણ હોવાથી શ્રીહરિએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. તે દિવસે તો ફક્ત જેતલપુર તથા આજુબાજુનાં ગામના બ્રાહ્મણો હતા એટલે હરિભક્તોની ગણતરી મુજબ ઘી વધ્યું. પણ પછી તો યજ્ઞ માટે વેદિયા બ્રાહ્મણો પણ આવવા લાગ્યા. અન્ય બ્રાહ્મણો પણ વરુણમાં બેસવા આવી ગયા. ભોજનપ્રિય બ્રાહ્મણોનાં પણ ટોળેટોળાં આવવા લાગ્યાં. જેતલપુરની સીમ, ખેતર, વાડીઓ વગેરેમાં ભૂદેવોનાં ઊમટેલાં જૂથોથી એક તસુની પણ જગ્યા રહી નહિ. સત્સંગીઓ પણ તે પ્રમાણે આવવા લાગ્યા. કાઠી ભક્તો, સંતમંડળો પણ જેતલપુરના આ યજ્ઞમાં શ્રીહરિના દિવ્ય પ્રભાવનાં દર્શન કરવા, તેમની સેવા કરવા, તેમની વાણી સાંભળવા દેશોદેશથી ઊમટવા માંડ્યા.

જામનગરથી સ્વરૂપાનંદ સ્વામી આવે છે

શ્રીહરિને કોઈકે ખબર આપ્યા કે જામનગરથી સ્વરૂપાનંદ સ્વામીનું મંડળ આવી ગયું. મહારાજ આ સાંભળી બોલ્યા : "અહો ! સ્વામી આવી ગયા ? બોલાવો, ઝટ બોલાવો."

એટલામાં તો સ્વરૂપાનંદ સ્વામી મહારાજ સમક્ષ આવી દંડવત્ કરવા લાગ્યા. મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠીને સ્વામીને ભેટ્યા. બે ક્ષણ સુધી તો સ્વામીને પોતાના ભુજપાશમાં પકડી રાખ્યા. જાણે તેમનાથી છૂટા પડવાનું મન જ ન થતું હોય ! સ્વામીને પણ મહારાજના આશ્લેષમાંથી છૂટવાની ઇચ્છા થતી ન હતી. પરંતુ મહારાજને કષ્ટ પડશે એમ જાણી સ્વામીએ મહારાજ તરફ જોયું. એ દૃષ્ટિમાં ભાવ હતો : "પ્રભુ ! આપના બંધનમાં નિરંતર રાખજો." મહારાજ છૂટા પડ્યા. ઢોલિયા ઉપર બિરાજ્યા. સ્વામી મહારાજ સન્મુખ બેઠા. સૌ સંતો-હરિભક્તો પણ આજુબાજુ બેસી ગયા.

પરમહંસોની કસોટી

મહારાજે પૂછ્યું : "સ્વામી ! સુખિયા છો ને ?"

"મહારાજ ! આપના પ્રતાપે સુખિયા છીએ અને આપના પ્રતાપે જીવતા રહ્યા છીએ."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! તમારા વિચરણની વાતો કરો."

સ્વરૂપાનંદ સ્વામીએ વાત શરૂ કરી : "મહારાજ ! આપની આજ્ઞાથી અઢીસો સાધુનું મંડળ લઈને અમે જામનગર ગયા. ત્યાં લખોટા તળાવને કાંઠે ઊતર્યા. ગામમાં સાધુઓ ભિક્ષા માગવા જાય ત્યારે કોઈ જારનો ચપટી લોટ ઝોળીમાં નાખે, તો કોઈ રોટલાના ટુકડા નાખે, તો કોઈ વાસી ખીચડી નાખે, મગની ફોતરી નાખે – એમ ભિક્ષા લઈને સંતો આવે. તે ઝોળીઓ આપની આજ્ઞા પ્રમાણે તળાવમાં બોળી, સાફ કરી તેના ગોળા વાળતા. તેમાંથી થોડું જમીન ઉપર નાખીએ. કીડી, મકોડા તેને અડે નહિ એવું સત્ત્વ વિનાનું અન્ન લાગે ત્યારે તેના ગોળા વાળી સાધુઓને આપતા. કોઈ દિવસ નવટાંક મળે તો કોઈ દિવસ પાશેર મળે અને કોઈ દિવસ કાંઈ મળે જ નહિ. કોરા કડાકા થાય. આવી સ્થિતિ થઈ અને સાધુઓ મૂંઝાણા. કુતૂહલ ખાતર શહેરમાંથી કેટલાક વણિકો અમારી પાસે આવતા. તેમણે આવીને મશ્કરી કરતા હોય તેમ મને પૂછ્યું : 'તમારામાં કોઈ કૃષ્ણ જૈસા હૈ ?' ત્યારે મેં કહ્યું : 'દેખ, યે સબ કૃષ્ણ જૈસે હૈં !' અમે કહ્યું એ જ સમયે અઢીસો સંતો કૃષ્ણ રૂપે તેમને દેખાયા. તેમને તે જોઈ લાગ્યું કે આવો ચમત્કાર જેમના સંતોના વચનમાં છે, ત્યારે તેમના નિયંતા સહજાનંદ સ્વામીને વિષે તો અનંત પ્રકારના ઐશ્વર્ય હોય તેમાં શું કહેવું ? એ તો હોય જ ![૧૪૩] પછી સંતમંડળે આપને પત્ર લખ્યો.

"આપનો પત્ર આવ્યો. તેમાં વાંચ્યું કે ચોખાનું ધોવામણ પીને પણ ગુરુનો સમાગમ કરવા ચાર શિષ્યો તૈયાર થયા ત્યારે અમને તો કોઈક કોઈક વાર નવટાંક અનાજ પણ મળતું. એટલે બધા સાધુઓને આપના પત્રથી બળ મળી ગયું. પછી જ્યારે ભિક્ષામાં કાંઈ જ ન આવે ત્યારે હું નાના સાધુઓને કહેતો કે આ તળાવમાં શાકભાજીવાળા શાકભાજી ધોવા આવે છે, તે પાંદડાં પાણીમાં તરતાં હોય તે ખાઓ. પણ નાના સાધુઓને આપના સ્વરૂપનું બળ હતું. તેથી વૈરાગ્યની ખુમારી ચઢી ગઈ હતી. તેઓ કહેતા : 'તમે ખાઓ તો અમે ખાઈએ.' ત્યારે હું તેમને કહેતો કે 'મહારાજની આજ્ઞા નથી એટલે અમે તો નહિ ખાઈએ.' એ સાંભળી તેઓ પણ શૂરવીરતાથી જવાબ આપતા : 'તમારે મહારાજની આજ્ઞા પાળી મહારાજને પ્રસન્ન કરવાનો ખપ છે તો અમારે પણ એવો ખપ છે.' આ

---

૧૪૩. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ પા. ૯૧, સંપાદક, સંશોધક, પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ. સં. ૨૦૨૯.

નાના સાધુઓની આવી ખુમારી જોઈ આપનો પ્રતાપ વિશેષ સમજાયો.

"પરંતુ જ્યારે સાધુઓને લાગટ પાંચ-છ દિવસના ઉપવાસ થતા ત્યારે અંતરમાં દયાભાવથી ફરી હું તેમને કહેતો : 'ભલે તમે ભાજીનાં પાંદડાં ના ખાઓ, પણ તળાવના કિનારે સુકાઈ ગયેલી માટીની પોપડી ખાઓ, તેથી પેટમાં શાંતિ થશે.' છતાં તેની પણ તેઓ ના કહેતા."

તમારા ત્યાગથી ભલભલાનાં માથાં નમી પડે છે

મહારાજ આ વાત સાંભળતાં સાંભળતાં મંદમંદ હસતા હતા. તેમણે કહ્યું : "સ્વામી ! તમારા ત્યાગથી ભલભલાનાં માથાં નમી પડે છે. એકલો ત્યાગ નથી પણ સાથે જ્ઞાનાંશનો વૈરાગ્ય છે. ભક્તિનો ભાવ છે. આજે આપણે એવો ઠેલ મારવો છે કે આ પ્રકરણ મોળું પડે જ નહિ."

આ સાંભળી સભામાં બેઠેલા સંતો-હરિભક્તોને મહારાજની ત્યાગ-વૈરાગ્યની રુચિનો વિશેષ ને વિશેષ ખ્યાલ આવતો ગયો.

મહારાજને આ વાત બીજાને સંભળાવવામાં રસ હતો. તેથી તેમણે કહ્યું : "સ્વામી ! આગળ વાત કરો."

એટલે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એટલામાં એક દિવસ જામ સાહેબ ગાડીમાં બેસી ત્યાંથી નીકળ્યા. તેઓ હનુમાનજીનાં દર્શન કરવા જતા હતા. તેમણે તળાવને કાંઠે આટલા બધા સાધુ જોયા તેથી તેમની સાથેના નોકરને પૂછ્યું : 'આ બધા કોના સાધુ છે ?' એટલે નોકરે કહ્યું : 'સ્વામિનારાયણના.' પછી તો તેમણે સાધુઓ ક્યાં જમે છે, શું જમે છે એવું ઘણું પૂછ્યું. એટલે નોકરે કહ્યું : 'મહારાજ ! રોજ ગામમાં ભિક્ષા માગવા આવે છે. પણ પેટ પૂરતી ભિક્ષા મળતી નથી. એટલે કોઈ વખત તો ભૂખ્યા પણ રહે છે.' જામ સાહેબ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે નોકરને કહ્યું : 'તેમને જઈને કહી આવ કે કાલે આપણા રાજ્યના રસોડે સાધુઓ જમવા આવે. નહિ તો અહીં રસોઈ બનાવે. આપણે મોદીખાનેથી સીધુ મોકલીશું.'

"ઘોડાગાડી ઊભી રાખી નોકર અમારી પાસે આવ્યા અને રસોઈનું આમંત્રણ આપ્યું. ત્યારે અમે તેને કહ્યું : 'અમારા ગુરુની આજ્ઞા છે કે ભિક્ષામાં અન્ન આવે તે જ જમવું.' પછી તો જામ સાહેબે નોકરને કહ્યું : 'સાધુઓ કાલે ભિક્ષા માંગવા નીકળે એટલે મોદીખાનેથી તેમને ઘી, ગોળ, લોટ, દાળ, શાકભાજી બધું જ આપવાની ગોઠવણ કરી દેજે.'

જામ સાહેબ સંતોને ભિક્ષા પીરસે છે

સ્વરૂપાનંદ સ્વામીએ આગળ કહ્યું : ''બીજે દિવસે સાધુઓ ગામમાં ભિક્ષા માગવા ગયા અને માગતા માગતાં દરબારગઢના દરવાજે આવ્યા. ત્યા તો નોકર સીધા-સામગ્રીની ગાંસડી લઈને ઊભો હતો. તેણે તે ભિક્ષામાં ગાંસડી આપી. સાધુઓ તે લઈને આવ્યા. એટલે અમે પૂછ્યું : 'આવડી ગાંસડીમાં શું લાવ્યા ?' ત્યારે તેમણે કહ્યું : 'ભિક્ષા, જામબાપુએ મોકલી છે.'

''આટલા દિવસની કસોટી પછી આપની ઇચ્છાથી જ આ પ્રકારે ભિક્ષા પ્રાપ્ત થઈ એટલે મેં સંતોને કહ્યું : 'સંતો ! કુલેર બનાવો. બીજી માથાકૂટમાં પડવું નથી. ઠાકોરજીને ધરાવીને આજે તો સૌ સારી રીતે જમો.' સંતોએ કુલેર બનાવી. ઠાકોરજીને ધરાવી અને સૌ જમ્યા. આટલા દિવસોની ભૂખ પછી તે દિવસે કોઠો ટાઢો થયો. પછી બીજે, ત્રીજે એમ ચાર-પાંચ દિવસ એ પ્રમાણે રાજ્ય તરફથી ભિક્ષા આવવા લાગી. તેથી આપની આજ્ઞાનું સ્મરણ થયું, જ્યાં સન્માન થાય ત્યાંથી નીકળી જવું. અમે ત્યાંથી નીકળી કઈ તરફ જવું તે વિચાર કરતા હતા. ત્યાં સમાચાર મળ્યા કે આપ જેતલપુરમાં મોટો યજ્ઞ કરો છો તેથી અમે સૌ અહીં આપનાં દર્શને આવી ગયા !''

સ્વરૂપાનંદ સ્વામીની વાતમાં સંતોના ત્યાગ-વૈરાગ્યની કસોટીની કહાણી હતી. મહારાજની આજ્ઞા પાળવાની તીવ્રતા હતી. કેવળ મહારાજના જ આશરે જીવન જીવવાની તમન્ના હતી. સૌ સંતો, હરિભક્તો આ સાંભળી રહ્યા. મહારાજે જાણે નવો યુગ સર્જ્યો હોય, સાધુતાની અસલિયત ઉગાડી હોય, એવો ભાવ થયો. કેવળ મહારાજનું જ બળ રાખી આવાં આકરાં વ્રતોની કસોટીમાંથી પાર પડનારા સંતો પ્રત્યે સૌનાં મસ્તક નમી પડ્યાં !

સંતોનાં મંડળો આવે છે

એટલામાં સુરતથી આત્માનંદ સ્વામી તેમનું મંડળ લઈને આવી ગયા. બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી પણ પોતપોતાના મંડળ સાથે આવી ગયા. સમગ્ર સત્સગનો સમૂહ જેતલપુરના માર્ગે આવ્યો જ જતો હતો. જેમ સત્સંગીનો, સાધુઓનો સમૂહ આવ્યે જતો હતો, તેમ યજ્ઞ માટેની સામગ્રીઓના ગાડાંની વણજાર પણ જેતલપુર તરફ આવ્યે જ જતી હતી. આ બધું જોઈ લોકો પોતાની સ્મૃતિને ઢંઢોળતા હતા કે ગુજરાતના આંગણે કદી આવો મહામોટો

સમારોહ થયો હોય, જ્યાં હજારોને હિસાબે નહિ, પરંતુ લાખોને હિસાબે લોકો આવ્યે જ જતા હતા ! પરંતુ ઇતિહાસના પાના ઉપર એવો ઉલ્લેખ ન હતો.

ઘઉંના ગંજના ગંજ મહારાજે જેતલપુરના ઘરે ઘર દળવા માટે આપી દીધા. કોઈને મણ, કોઈને બે મણ તો કોઈને તેથી પણ વધુ. એમ શ્રદ્ધા પ્રમાણે સૌ રાત-દિવસ સેવામાં જોડાઈ ગયા. તે ઉપરાંત આજુબાજુનાં ગામડાંઓમાંથી પણ ઘંટીઓ મંગાવી. સંઘમાં આવેલ સ્ત્રીભક્તો પણ સેવામાં પ્રવૃત્ત થઈ ગઈ. ઘંટીના ઘરર ઘરર અવાજ સાથે સવારના પ્રભાતી સૂરો સંભળાવા લાગ્યા. જેતલપુરમાં આબાલવૃદ્ધ સૌ આ મહારુદ્રના યજ્ઞની સેવામાં જોડાઈ ગયા.

જેતલપુરની વેશ્યા પાવન બને છે

લોકોને ઉત્સાહપૂર્વક, ભક્તિભાવપૂર્વક આ બધી સેવા કરતા જોઈ ત્યાં રહેતી એક વેશ્યાના મનમાં પણ આ સેવા કરવાના કોડ જાગ્યા. પોતે પતિત હતી. સમાજે તેને ત્યક્તા ગણી હતી. સૌના તિરસ્કારનું પાત્ર બની ગઈ હતી. એટલે તેને મનમાં સંકોચ થતો હતો કે આવા પુણ્ય કાર્ય માટે મારા જેવી પતિત સ્ત્રીએ સ્પર્શ કરેલું અનાજ ઉપયોગમાં આવે ખરું ? તેને લાગ્યું મને એ ભદ્ર લોકો સેવા કરવા દેશે જ નહિ. છતાં તેણે હિંમત એકઠી કરી. સહજાનંદ સ્વામી ભગવાન હતા એવું લોકો કહેતા હતા. તેથી તેણે વિચાર્યું કે ભગવાન તો પતિતને પાવન કરવા માટે જ પૃથ્વી ઉપર પધારે છે. તો મને એ પાવન નહિ કરે ?

શ્રીહરિની સભામાં આ સેવાની માગણી કરવા, એ ભિક્ષાની યાચના કરવા, તે ગઈ. સભામાં અસંખ્ય મનુષ્યોને જોઈ તેને મનમાં થયું કે શ્રીહરિ પાસે શી રીતે પહોંચાશે ? તેમની સમક્ષ સંતો બેઠા છે. તે બધા અષ્ટાંગ બ્રહ્મચર્યના વ્રતધારી છે. એ મનોમંથન કરતાં કરતાં તે આગળ વધી. સ્ત્રીઓના વિભાગમાંથી જ તેણે શ્રીહરિ સમક્ષ પહોંચવા માંડ્યું. જે તેને ઓળખતા ન હતા તે તેનું સ્વરૂપ, તેનાં વસ્ત્ર, અલંકાર, તેનો ઠસ્સો, દમામ જોઈ તેને માર્ગ આપવા લાગ્યા. પરંતુ તે વધુ આગળ આવી એટલે જેતલપુરની સ્ત્રીઓ તેને ઓળખી ગઈ. તેમણે કોલાહલ મચાવ્યો. પુરુષ પણ તેને ઓળખી ગયા. તેમણે પણ તેને તિરસ્કારી. આવી સત્સંગ સભામાં જ્યાં સાક્ષાત્ પરમાત્મા અને તેના પરમહંસો બિરાજે છે ત્યાં આ પાપ ક્યાંથી આવ્યું ? સૌએ શોરબકોર કરી તેને આગળ વધતી અટકાવી.

એટલામાં મહારાજની દૃષ્ટિ તેના ઉપર પડી. મહારાજે બે હાથ ઊંચા કર્યા. સૌને શાંત થઈ જવા આજ્ઞા કરી. એટલે તરત જ કોલાહલ શમી ગયો.

પછી મહારાજે આશજીભાઈને બોલાવીને પૂછ્યું : ''પેલી બાઈને અહીં આવતા લોકો કેમ અટકાવે છે ?''

આશજીભાઈએ તે બાઈ તરફ જોઈ કહ્યું : ''મહારાજ ! એ તો વેશ્યા છે. તેનો ઓછાયો પડે તોય ભ્રષ્ટ થઈ જવાય !''

તે સાંભળી મહારાજે કહ્યું : ''તેના ઓછાયાથી ભ્રષ્ટ થઈ જવાય તો તમારા જેવા હરિભક્તો, આ સંતો, તેમના ઓછાયે એ શુદ્ધ નહિ થાય ? તેને શુદ્ધ થવાની ભાવના છે અને તમારે તેને સદા અશુદ્ધ, અછૂત જ રાખવી છે ?''

શ્રીહરિના આ શબ્દોનો કોઈ પાસે જવાબ ન હતો. મહારાજે કહ્યું : ''દરેકનું અંતર પાપ, પુણ્યના વિચારોના પ્રવાહથી ભ્રષ્ટ થાય છે અને પછી શુદ્ધ થાય છે. તમને આ સંગ મળ્યો છે એટલે તમારા આંતરિક પવિત્ર વિચારોને બળ મળે છે અને તમો સૌ શુદ્ધ ભક્તિમય જીવન જીવી રહ્યા છો. તેને પણ એવી તક આપવી જોઈએ કે નહિ ?'' એટલું કહી શ્રીહરિએ સભામાં બેઠેલા સંતોને કહ્યું : ''તમે બધા જરા દૂર ખસી જાઓ.'' પછી શ્રીહરિએ તે બાઈને હાથના ઈશારાથી નજીક બોલાવી. તે પાસે આવી. પરંતુ પરમાત્માના દિવ્ય સ્વરૂપ પાસે, તેના પાપમય જીવનની શરમથી તે નીચું જોઈ રહી. શ્રીહરિએ તેને પૂછ્યું : ''બહેન ! તું શા માટે અહીં આવી છે ?''

આવા મૃદુ શબ્દોથી, આવી વત્સલતાથી કોઈએ તેને અત્યાર સુધી બોલાવી ન હતી. બધાયની દૃષ્ટિ તેના શરીર ઉપર હતી. વાણી તે શરીરને ચૂસવા માટેની હતી. શ્રીહરિની વાણી સાંભળી તેણે નીચું મોં રાખી કહ્યું : ''પ્રભુ ! અહીં મોટો યજ્ઞ થાય છે, આટલા બધા લોકો સેવા કરે છે તો મને પણ કાંઈક સેવા આપશો ?'' તેના શબ્દોમાં તેના પતિત જીવન માટેની ઘૃણા હતી, પશ્ચાત્તાપ હતો.

શ્રીહરિએ તેને કહ્યું : ''સ્ત્રીઓને તો અમે ઘઉં દળવાની સેવા આપીએ છીએ, તું જાતે ઘઉં દળીશ ?''

''હા પ્રભુ ! હું જાતે જ આપ જેટલા આપશો તેટલા ઘઉં દળીશ. આપની સેવા કરી કૃતાર્થ થવા ઇચ્છું છું. પતિત છું પણ પાવન થવા માગું છું.'' તેણે કહ્યું.

શ્રીહરિએ સભા સમક્ષ જોયું. તેમણે કહ્યું : ''સૌની દૃષ્ટિએ પતિત દેખાતી આ સ્ત્રી આજે આ સભાનાં દર્શન કરી પાવન થઈ ગઈ છે. આ યજ્ઞમાં સેવા કરશે તો તેનું અતર વધારે શુદ્ધ થશે. સમાજને જે પાપરૂપ દેખાય છે, તે સમાજમાં ભદ્ર બની જશે. તેને શુદ્ધ કરીને અપનાવવામાં સમાજનું ગૌરવ વધશે.''

શ્રીહરિના શબ્દોની ધારી અસર થઈ. સૌ શાંત થઈ ગયા. શ્રીહરિએ

આશજીભાઈને કહ્યું : ''આ બહેનને એક માણું ઘઉં દળવા આપો.'' એટલું કહીને તેમણે તેને કહ્યું : ''જો બહેન, આ યજ્ઞ માટેની સેવા છે. તારે જાતે કરવાની છે.''

ગણિકાએ પ્રફુલ્લ વદને કહ્યું : ''પ્રભુ ! હું જાતે જ એ સેવા કરીશ. આજે આપે મારો જનમ સુધારી દીધો.'' માણું ઘઉં લઈને ગણિકા ત્યાંથી રવાના થઈ ગઈ. તેનું આ પ્રકારનું પરિવર્તન સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા !

✧

યજ્ઞ માટેની તમામ તૈયારીઓ પૂરી થઈ ગઈ. વેદિયા બ્રાહ્મણો જુદા જુદા પ્રાંતોમાંથી આવી ગયા. મહોલની સમીપ જ યજ્ઞકુંડ શાસ્ત્રવિધિ પ્રમાણે તૈયાર થઈ ગયો. શ્રીહરિ યજ્ઞકુંડ, યજ્ઞશાળા જોવા પધાર્યા. પ્રાંત પ્રાંતના વિદ્વાન બ્રાહ્મણોને જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા. પછી વડની નીચે સભા થઈ. સૌ બ્રાહ્મણો પણ ત્યાં આવી ગયા.

શ્રીહરિએ સભાને સંબોધતાં કહ્યું : ''પ્રજાપતિ બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વ પ્રજાને કહ્યું હતું કે તમો સર્વે યજ્ઞ કરજો અને યજ્ઞે કરીને જ તમારા પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની વૃદ્ધિ થશે. ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે સાત્ત્વિક યજ્ઞો જ આપણા શાસ્ત્રકારોએ બતાવ્યા છે. યજ્ઞમાં બલિમાં જવ, તલ, ઘી વગેરે હોમવાનાં હોય છે. અત્યારે હિંસામય યજ્ઞોની જે પ્રવૃત્તિ થાય છે તે વેદ પ્રણીત નથી. પરંતુ જે એવી ખોટી પ્રથાના આગ્રહી છે અને તેમને અનુસર્યા છે તે કોઈ પ્રકારના ઉપદેશથી તેમની હિંસક યજ્ઞોની પ્રવૃત્તિ બંધ કરશે નહિ. તેથી આપણે આ અહિંસક યજ્ઞની શરૂઆત કરી વેદ પ્રણીત પ્રણાલિનું પુનરુત્થાન કરીએ છીએ.''

પર પ્રાંતના વિદ્વાન બ્રાહ્મણોએ જીવનમુક્તાનું નામ સાંભળ્યું હતું. પરંતુ તેમની વાણી સાંભળી ન હતી. તેમની વાણી સૌને મંત્રમુગ્ધ કરી દે તેવી તેમને લાગી. તેમાં શાસ્ત્રોનો આધાર હતો. શુદ્ધ આચારની ફોરમ હતી.

પોષ સુદ આઠમથી યજ્ઞની શરૂઆત થઈ.

નારદીપુરના નાનાભાઈને યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે શ્રીહરિએ બેસાર્યા. વરુણીમાં બેઠેલા બ્રાહ્મણો ઉમરેઠના હરિરામ, તેમના પુત્ર નંદુરામ, પુરુષોત્તમ, કૃપાશંકર, કાશીરામ, હળવદના શિવરામ યાજ્ઞિક, હેમંત ઋષિ, પુરુષોત્તમ ઋષિ, મોતીરામ, દીનાનાથ ભટ્ટ, શિવરામભાઈ, પ્રાગજી દવે તથા અન્ય બ્રાહ્મણો હતા.

વેદ મંત્રોના ઘોષ શરૂ થયા. વાજિંત્રો અને પડઘમ વાગવા લાગ્યાં. સ્ત્રીઓનાં મંગળ ગીતોના સૂરો પણ સંભળાવા લાગ્યા. વચ્ચે વચ્ચે બ્રાહ્મણોના

'સ્વાહા', 'સ્વાહા' શબ્દોના ઘોષ પણ ગાજવા લાગ્યા. સાથે સાથે ભોજન કરતા બ્રાહ્મણોના પણ 'હર હર મહાદેવ હર' એ શબ્દો પણ ગુંજવા લાગ્યા. જેતલપુરને આંગણે સત્યયુગના ધર્મના પ્રતીકરૂપ અહિંસક યજ્ઞ[૧૪૪] શ્રીહરિએ શરૂ કર્યો.

જેતલપુર ગામ, તેની સીમ, ખેતરો, વાડીઓ, આજુબાજુ ત્રણ-ત્રણ યોજનનો વિસ્તાર જાણે માનવ મહેરામણથી ઊભરાયો હતો. ઠેર ઠેર દેખાતી દૂધ જેવી સફેદ રાવટીઓ, તંબુઓ, જાણે માનસ સરોવરના હંસો શ્રીહરિનાં દર્શન માટે ઊમટ્યાં હોય તેવા શોભતાં હતાં !

યજ્ઞની વિધિની શરૂઆત કરાવી શ્રીહરિ ગંગામાને ત્યાં જમવા માટે પધાર્યા. ત્યાં લીમડા નીચે વેદિકા ઉપર બેસી તેમણે સ્નાન કર્યું. પછી ધોયેલાં સફેદ વસ્ત્રો પહેરી જમવા માટે ગોઠવેલા બાજોઠ ઉપર બિરાજ્યા, જયાનન્દ વર્ણી તથા મુકુન્દ વર્ણી શ્રીહરિની સેવામાં હતા. ગંગામાએ સુંદર રસોઈ બનાવી હતી. શ્રીહરિ જમતાં જાય અને ગંગામાની રસોઈનાં વખાણ કરતાં જાય : "અત્યાર સુધી ઘણે ઠેકાણે સ્ત્રીઓએ બનાવેલી રસોઈ અમે જમ્યા છીએ પરંતુ આ ગંગામા જેવી સ્વાદિષ્ટ રસોઈ કોઈને કરતાં આવડતી નથી."

શ્રીહરિ જમી રહ્યા પછી ચળુ કરી સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા.

યજ્ઞનું કાર્ય, બ્રહ્મભોજન વગેરે વ્યવસ્થા પ્રમાણે ચાલતું હતું. શ્રીહરિ આજ્ઞા કરતા અને વ્યવસ્થા થઈ જતી. બધું જ આયોજન તેમની સૂચના અનુસાર થયું હતું. શ્રીહરિ આરામમાંથી ઊઠી સ્નાનાદિક વિધિથી પરવારી યજ્ઞનું કાર્ય તેમજ હરિભક્તો જે દૂર દૂરથી આવ્યા હતા તેમની ઉતારાની વ્યવસ્થા, તેમની જરૂરિયાતો વગેરેનું નિરીક્ષણ કરવા નીકળ્યા. બધે ફરતાં ફરતાં સાંજ પડી ગઈ. સંધ્યા આરતીનો સમય થયો એટલે મહોલ નીચે મંડપમાં જ શ્રીહરિ સભામાં બિરાજ્યા. દીવાઓની જ્યોત તથા મશાલોનો પ્રકાશ સર્વત્ર પ્રસરી ગયો. સંધ્યા આરતી કરી અને પછી શ્રીહરિ ધૂન બોલવા લાગ્યા :

માધવ મુકુન્દ વૃંદાવન ચંદા, સ્વામિનારાયણ સુખકંદા.
નરનારાયણ નવલ વિહારી, ગોલોકમેં રહે દિવ્યતનુધારી.

સતો પણ સાથે સાથે બોલવા લાગ્યા.

ઉપાસનાનું રહસ્ય

પછી શ્રીહરિ સભામાં બિરાજ્યા. પ્રસંગે પ્રસંગે શ્રીહરિ સભાને ઉદ્‌બોધન

---

૧૪૪. સત્યયુગનો ધર્મ, યજ્ઞયાગાદિકની સ્થાપના અને તેનું પ્રવર્તન.

કરતા જ. તે પ્રમાણે અત્યારે પણ તેમણે સભામાં વાત શરૂ કરતાં કહ્યું : "ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે.[૧૪૫] તેના ગુણ પણ જુદા જુદા છે તેથી સૌ વિવિધ પ્રકારનાં ભોજન ઇચ્છે છે. પરંતુ તરતના તાજા ભોજનમાં જે સ્વાદ રહ્યો છે તેવો સ્વાદ બીજા ભોજનમાં નથી અર્થાત્ જેવો પ્રગટ સ્વરૂપમાં માલ છે તેવો પરોક્ષ સ્વરૂપોમાં નથી. તે રીતે અવતારોનું પણ જાણવું.

---

૧૪૫. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ શ્રીહરિની આ જ્ઞાનગોષ્ઠિ તેમના 'શ્રીહરિચરિત્રામૃત-સાગર' ગ્રંથમાં આ.સં. ૧૮૬૨ની જેતલપુરની મુલાકાત પ્રસંગે વણી લીધી છે :

જેસો ભોજન જેહીકે, તેસો હે તામે સ્વાદ;
તેસો ગુન હે તાહિમેં, તેહિ કર અનત હે વાદ.
તાજે ભોજન તર્તકે, સ્વાદ હે તામે જેસે;
તેસો સ્વાદ નહિ અવરમેં, અવતાર દેખત હે તેસે.
અવતારમેં નહિ ભેદ, ચરિત્રમેં બહુ ભેદ કહત;
પુરાણ સબહિ વેદ, તેહિ કર ઉચ્ચરત નેતિ નેતિ.
દેખે સુનેમેં ભેદ અનંતા, એક હિ એક બાત રહંતા;
દેખી પારખના સાચેસોઉ, પારખ વિન પરખાત ન કોઉ.
પારખકું પરખનાં જેણ, થોરે મનુષ્ય હે એસે તેણ;
હીરાસે હીરા જાત વેધાઈ, તાવિન કોટિ જલે ન પાઈ.
શ્રીહરિ હોવત પ્રગટ જબહિ, આપ દીયે જ્ઞાન મનાત તબહીં;
ઓર જન દેવે જ્ઞાન હિ જેહુ, આપ ગુન તામેં લાવે તેહુ.
દરપન સમ કહે જો બાતા, વર્તનમે આપ દેખાય તાતા;
હરિ મહિમા આપ જાને જેસે, સર્વોપરી સો માને તેસે.
ઓર જાનત હરિ મહિમા જેતા, તામેં કસર દેખાવત તેતા;
પાતાલસે અક્ષર પ્રજંતા, સબમે કસર દેખાવે રહંતા.
હરિમુખ બાત સો શોભે તેહી, સબ અવતાર કારણ એ તેહી;
દેખાદેખી બોલે યું જાહી, અવતાર કે ચોર હોત તાહી.
અપનો મોક્ષહે તાકે હાથા, પ્રગટ ભોમિ પર વિચરત નાથા;
ચરિત્ર કહન જીય નહિ અધિકારી, કહનકું તેહી હુંસ અતિભારી.
પ્રગટ વિન નહિ મોક્ષ તત્કાલા, વાત કરના જીમી લાગે રસાલા;
અવતાર આગેં અવતારા, હો ગયે કબુ વારમવારા.
પ્રગટકું જબ માને જબે, તબ તેહી પ્રસન્ન હોત;
એસે કેનાં વિવેક તેહી, વિવેક વિન વાત વિગોત.

– પૂર-૮, તરંગ-૧૩.

અવતારમાં ભેદ નથી પરંતુ ગુણ અને ચરિત્રમાં ભેદ છે. જેને જે અવતાર મળ્યા હોય તેને તે સર્વોપરી કહે અને તે જ ભાવે તેની ભક્તિ કરે.''

ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કેવળ સાંભળવાથી કે કેવળ તેમને જોવાથી થતું નથી. એ તો જેમ હીરે કરીને હીરો વેધાય, તેમ જ્યારે શ્રીહરિ પોતે જ પ્રગટ થાય અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે ત્યારે જે જ્ઞાન થાય તે સાચું. બીજા તો શ્રીહરિના સ્વરૂપના જ્ઞાનની વાત કરવામાં પોતાની સમજણ લાવી દે, પોતે જેવો મહિમા જાણ્યો હોય તેને જ સર્વોપરી મહિમા સમજાવે. શ્રીહરિનો મહિમા બીજા વિશેષ જાણતા હોય તો પણ તેમાં ગૌણતા બતાવે, અક્ષર પર્યંત બધામાં જ કસર બતાવે. શ્રીહરિ તો અવતારના અવતારી છે તેથી પોતાના સર્વોપરી સ્વરૂપનો મહિમા કહેવામાં બીજાની ગૌણતા આવે તેનો તેમને બાધ નહિ. આગળ જે જે અવતારો થઈ ગયા તે બધા જ જે આ પ્રગટ સ્વરૂપનું ધ્યાન, ભજન, ઉપાસના કરે છે તેના ઉપર પ્રસન્ન થાય છે.

શ્રીહરિની વાતમાં ઉપાસનાનું રહસ્ય હતું. સર્વ અવતારના અવતારી પોતે પ્રગટ થયા તે પ્રગટ મૂર્તિ ઉપર જ લક્ષ્ય રાખી તેમની જ ભક્તિ, ઉપાસના અને ધ્યાન કરવું. આગળ અનંત અવતારો થઈ ગયા છે તે પૂજનીય છે, વંદનીય છે, તેમનાં ચરિત્રો ગાવા યોગ્ય છે પરંતુ તાજા તરતના કરેલા ભોજનની જેમ સ્વાદ તો આ પ્રત્યક્ષ મૂર્તિની જ ઉપાસના, ભક્તિમાં છે. શ્રીહરિની વાતનું રહસ્ય સમજવું કઠણ હતું છતાં તેમની કૃપાથી ઘણા સમજી ગયા. મોડી રાત્રે શ્રીહરિ મહોલમાં પોઢી ગયા.

વહેલી સવારે શ્રીહરિ જાગ્યા ત્યારે સંતો નારાયણ ધૂન કરતા હતા. તે સાંભળવા શ્રીહરિ ગોખમાં આવીને બિરાજ્યા. થોડી વારે પોતે સંતો પાસે પધાર્યા. અહીં શ્રીહરિને જોઈ સૌ સ્વસ્થ થઈ ગયા. શ્રીહરિએ રામદાસભાઈને કહ્યું : ''ભગવાનના નામમાં ભગવાન મૂર્તિમાન રહ્યા છે માટે પ્રથમ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ધ્યાન-ભજન સિવાય સત્સંગમાં એક સ્થિતિ રહેવી કઠણ છે.'' એટલું કહીને શ્રીહરિ થોડી વાર મૌન રહ્યા. પછી બોલ્યા : ''આ મુક્તાનંદ સ્વામી સર્વોપરી સંત છે. તેમને સૌ સાથે સદ્‌ભાવ છે, કોઈમાં અધિક કે ન્યૂન ભાવ નથી. પોતાનો દ્રોહ કે ઈર્ષ્યા કરનારાનું પણ હિત થાય તેવું ઇચ્છે છે. રામાનંદ સ્વામીના સમયથી તેમનું જેવું અંગ બંધાયું હતું તેમાં નિત્ય નવો રંગ ચઢે છે પણ કદી મોળા પડતા નથી. અમે આપેલા નિયમોને પણ અમારું સ્વરૂપ જાણી દૃઢતાથી પાલન કરે છે. કોઈ

પ્રકારની મોટાઈ કે માન તેમના અંતરમાં કદી જોયાં નથી એવા તે સરળ સ્વભાવના છે."[૧૪૬]

બંસીધર સાથે શાસ્ત્રાર્થ

યજ્ઞના દિવસોમાં શ્રીહરિ રોજ સવાર-સાંજ સભા કરતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી કીર્તન-ભક્તિ કરતા. શ્રીહરિ હરિભક્તો, સંતોને ઉપદેશની વાતો કરતા. તેઓ કહેતા કે વાતો સાંભળવાથી જ નિષ્ઠાની દૃઢતા થાય છે, અંગ બંધાય છે.

એક દિવસ શ્રીહરિની સભામાં મહેમદાવાદનો શક્તિપંથી વિપ્ર બંસીધર તેના શિષ્યો સાથે આવ્યો. તેણે કહ્યું : "મારે પ્રશ્નો પૂછવા છે."

શ્રીહરિએ કહ્યું : "ભલે, અમે યજ્ઞ માટે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા છે તેમને અહીં તેડાવીએ પછી તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછજો." એટલું કહી શ્રીહરિએ ત્યાં અમદાવાદના વિદ્વાન વિપ્ર નરભેરામ તથા નથુરામ, નડિયાદના આશારામ, વીસનગરના દુર્ગાશંકર, સુરતના નારાયણરામ અને દામોદર તથા કાશીના કૃષ્ણરામ અને હરિપ્રસાદને બોલાવ્યા. તેઓ સભામાં આવ્યા એટલે શ્રીહરિએ બંસીધરને કહ્યું : "હવે તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછો."

એટલે બંસીધરે પૂછ્યું : "શક્તિની ઉપાસના કયા ઉપચારોથી કરવી ?"

ત્યારે તે વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું : "શક્તિ એ ભગવાનનું સ્વરૂપ છે. લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી આ ત્રણ દેવીઓ તે ભગવાનની શક્તિ છે. જેમ ભગવાનનું પૂજન-અર્ચન ચંદન, કંકુ, કેસર, અક્ષત, શ્રીફળ તથા બીજાં અનેક ધન-ધાન્યમાંથી બનાવેલા ભોગોથી કરીએ છીએ તે જ પ્રમાણે તેમના સ્વસ્વરૂપ

---

૧૪૬. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃત' ગ્રંથમાં લખે છે :

મુક્ત મુનિ સતને કેહુ, સર્વોપરી હમ જાનત તેહુ,
માહાત્મ્ય કો ગુન હે અધિકાઈ, દિન દિન પ્રતિ હોત ચઢાઈ;
હરિજન સંત સત્સંગમાં જેહા, પરમ મિત્ર નિજ માનત તેહા,
અધિક ન્યૂન નહિ કિનસે ભાવા, એસો સહેજે બલવાન સ્વભાવા,
સબકો હિત કરન મન પ્યારા, નિજ પર રખે જો કોઈ ખારા,
જાકો ફલ તાકી રહે પાસા, નિરંતર એસો કરત તપાસા,
રામાનન્દ સ્વામી બાંધે જીમી અંગા, નયે નયે તાકો રખત તે રંગા.
હમને નિયમ દીયે હે જીતે, હમકુ જાનીકે રખત હે તે તે,
તા મેં નહિ માને મોટાઈ, સત્સંગમેં જનુ રહે અબિહી આઈ.

તેમની શક્તિની પૂજા પણ તે જ ઉપકરણોથી કરવાની હોય છે.''

બંસીધર આ ઉત્તર સાંભળી મૂંઝાયો. તે શક્તિપંથી હતો, કૌલમતવાદી હતો, તેથી માંસ અને મદિરાથી શક્તિનું પૂજન કરતો. આ વિદ્વાન બ્રાહ્મણો પાસે પણ તેણે એ જ ઉત્તરની અપેક્ષા રાખી હતી. કારણ, સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્રમાં બ્રાહ્મણો કૌલમતને આશર્યા હતા. તેની મૂંઝવણ જોઈ શ્રીહરિએ આ બ્રાહ્મણોને પૂછ્યું : ''વિપ્રો ! જે બ્રાહ્મણો મદ્ય-માંસથી શક્તિની પૂજા કરી ઉપાસના કરતા હોય છે તેમની કયા પ્રકારની ઉપાસના સમજવી ?''

તે બ્રાહ્મણોએ તરત જ કહ્યું : ''તે તામસી ઉપાસના છે અને એ રીતે શક્તિની ઉપાસના કરનારા બ્રાહ્મણો એ બ્રાહ્મણો નથી પરંતુ મ્લેચ્છ છે.''

શ્રીહરિ આ સાંભળી ઊંચેથી બોલ્યા : ''સૌ સાંભળો. આ બંસીધર વિપ્રના પ્રશ્નનો ઉત્તર આપણે ત્યાં યજ્ઞમાં આચાર્યો તરીકે આવેલા વિદ્વાન બ્રાહ્મણોએ શાસ્ત્રોના આધારે કરતાં કહ્યું કે જે વિપ્રો શક્તિની ઉપાસના મદ્ય-માંસથી કરતા હોય છે તેમને મ્લેચ્છ જાણવા. અમે નથી કહેતા, પરંતુ આ વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રોના આધારે કહે છે. માટે શાસ્ત્રોનો સનાતન સિદ્ધાંત – અહિંસક યજ્ઞો કરી યજ્ઞનારાયણને પ્રસન્ન કરવા – એ જ છે.''[૧૪૭]

વિદ્વાન બ્રાહ્મણોના શાસ્ત્રના સપ્રમાણ સમર્થનથી મદ્ય-માંસથી શક્તિની પૂજાનો નિષેધ સાંભળી બંસીધર મૂંઝાયો. તેના શિષ્યો ઉશ્કેરાયા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણે કૌલમત તોડવા માટે જ આ બધો પ્રપંચ આદર્યો છે, અહિંસક યજ્ઞો તેથી જ કરે છે. તેમણે યજ્ઞમાં આવેલા પોતાના મતના બ્રાહ્મણોને ઉશ્કેરી યજ્ઞમાં વિઘ્ન નાંખવાનું વિચાર્યું. શ્રીહરિએ તેમને કહ્યું : ''કોઈ પણ ધર્મ કે સંપ્રદાય જેનું વેદાદિક શાસ્ત્રો પ્રમાણ ન કરતા હોય તો તે કલ્પિત ધર્મ કે સંપ્રદાય જાણવો અને તે અંતે ટકી શકશે નહિ. તમારાં મંતવ્યોને આપણા કોઈ પણ શાસ્ત્રોનો આધાર નથી. ફક્ત તમારાં રચેલાં શાસ્ત્રો ઉપર જ તમે તે ટકાવ્યો છે. જેથી અંતે તેનો નાશ થઈ જશે.''

શ્રીહરિની આ વાણીમાં શાપ ન હતો પરંતુ શાસ્ત્રોનું મંતવ્ય હતું.

બંસીધર અને તેના શિષ્યોને તેમના મંતવ્યનો આ રીતે હ્રાસ થયો તે ન ગમ્યું. તેમનામાં ઉશ્કેરાટ વધ્યો. સ્વામિનારાયણ પ્રત્યે દ્વેષની ભાવના તેમના અંતરમાં ભડકે બળવા લાગી. શ્રીહરિ તેમના અંતર્ગત ભાવો જાણી ગયા.

---

૧૪૭. બંસીધર વિપ્રનું આ આખ્યાન સત્સંગિજીવન, પ્ર. ૨, અ. ૪૫-૪૬-૪૭માં વિસ્તારથી આપ્યું છે. બંસીધરનો સત્સંગિજીવનમાં 'કિચક' તરીકે ઉલ્લેખ કર્યો છે.

મહારુદ્ર પૂરો થયો. બીજે જ દિવસથી વિષ્ણુયાગ શરૂ થયો. વામી બ્રાહ્મણોએ જાણ્યું કે યજ્ઞનું કાર્ય તો નિર્વિઘ્ને થતું જ જાય છે. એ રીતે જો તે પૂરું થઈ જશે તો સ્વામિનારાયણનો દિગ્વિજય થશે. માટે ગમે તે પ્રકારે યજ્ઞમાં વિઘ્ન નાખવું જ જોઈએ. આ બ્રાહ્મણોએ અમદાવાદમાં ગાયકવાડના મરાઠા સૂબા વિઠ્ઠલરાવ બાલાજીને[૧૪૮] કાને આ વાત નાખી. તે વામમાર્ગી હતો, સ્વામિનારાયણ પ્રત્યે તેને દ્વેષ હતો. તેથી તે આ વાત સાંભળી ઉશ્કેરાયો. બ્રાહ્મણોએ તેને કહ્યું : "અહીંથી યજ્ઞ માટે ઘીના ઘાડવા જેતલપુર જાય છે તે જો તમે અટકાવો તો યજ્ઞમાં વિઘ્ન આવે. અમારા બ્રાહ્મણો ઘી માટે કોલાહલ કરશે. બ્રાહ્મણોને ઉશ્કેરશે અંતે બધું વેરવિખેર થઈ જશે."

યજ્ઞમાં વિઘ્ન નાંખવાના પ્રયત્નો

વામાચારી બ્રાહ્મણોએ પોતાની યોજના પ્રમાણે યજ્ઞમાં ભંગ કરવાની શરૂઆત કરી દીધી. પાકશાળામાં જે લાડુ હતા તે બધા રાત્રે તળાવમાં ફેંકી દીધા. બીજે દિવસે સવારે રસોઈની તૈયારી કરવાની શરૂઆત કરી એટલે બ્રાહ્મણો ભંડારી પાસે આવ્યા : "લાડુ બધા ખલાસ થઈ ગયા છે. નવી રસોઈ બનાવવાની છે. અમારા ચોકાના બાવીસ હજાર બ્રાહ્મણો માટે ઘી આપો."

ભંડારી સાધુઓએ તરત જ ઘીનાં કુડલાં તપાસવા માંડ્યાં, પણ બધાં જ ખાલી જોયાં. આથી તે મૂંઝાયા. ભંડારીની આ મૂંઝવણ જોઈ બ્રાહ્મણોએ કોલાહલ

---

૧૪૮. સંપ્રદાયના ગ્રંથોમાં જેતલપુરનો યજ્ઞ પોષ વદિ ૧૦, સંવત ૧૮૬૫(સને ૧૮૦૯)ના દિને પૂરો થયો. એ ઐતિહાસિક ઉલ્લેખ છે. સાથે સાથે આ અરસામાં શેલુકર સૂબો હતો એવું પણ લખ્યું છે. પરંતુ ઇતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે આબા શેલુકર (કરશનરાવ ભીમરાવ શેલુકર) સને ૧૭૯૮ થી ૧૮૦૦માં સૂબેદાર રહ્યો. આ સૂબો પેશ્વાઇનો છેલ્લો સૂબો કહેવાય છે. એના જુલ્મી શાસનથી પ્રજા ત્રાસી ગઈ હતી. તેથી ગાયકવાડી ફોજે તેને પકડીને પૂના મોકલી આપ્યો અને ગાયકવાડે પોતાના સૂબાને સ્થાપ્યો. જેમાં સને ૧૮૦૦ થી ૧૮૦૯ સુધી રઘુનાથ ઉર્ફે કાકાસાહેબ સૂબા રહ્યા. સને ૧૮૦૯ થી ૧૮૧૨ વિઠ્ઠલરાવ બાલાજી સૂબો રહ્યો. જેતલપુર મહાયાગ થયો, તે જ વર્ષે આ સૂબાએ અમદાવાદમાં સૂબાગીરી સંભાળી હતી. એટલે કે સંવત ૧૮૬૫, સને ૧૮૦૯માં વિઠ્ઠલરાવ સૂબો ઇતિહાસ પ્રસિદ્ધ છે. સંપ્રદાયના ગ્રંથોમાં ક્યાંક વિઠ્ઠલરાવ દેવાજી લખ્યું છે. પણ વિઠ્ઠલરાવ બાલાજી જોઇએ.
– 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૭, મરાઠાકાળ'ના આધારે.

મચાવવો શરૂ કર્યો. આ કોલાહલ સાંભળી આનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને મહારાજ પાસે મોકલ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! ભંડારમાં ઘીનાં બધાં જ કુડલાં ખાલી થઈ ગયાં છે. બ્રાહ્મણો ઘી માટે કોલાહલ મચાવી રહ્યા છે.''

મહારાજ તરત જ પરિસ્થિતિ સમજી ગયા. તેઓ મહાનુભાવાનંદ સ્વામી સાથે ભંડાર તરફ ગયા. અહીં આનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! ઘીનાં ગાડાં હજુ આવ્યાં નથી અને બ્રાહ્મણોએ કાંઈક તોફાન કરવાનો વિચાર કર્યો તેમ લાગે છે.''

તે સાંભળી એક પાર્ષદે કહ્યું : ''મહારાજ ! આ તળાવમાં જુઓ. રાત્રે લાડવા તળાવમાં નાખી દીધા હોય તેમ લાગે છે. પાણી ઉપર ખસખસ તરે છે અને લાડવાની કણો પણ ઉપર તરતી દેખાય છે.''

મહારાજે કહ્યું : ''તમે સૌ ધીરજ રાખો. આ બધું કામ વામાચારી બ્રાહ્મણોનું છે. ઘીનાં ગાડાં આવતાં પણ તેમણે અટકાવ્યાં છે, લાડવા પણ તેમણે જ તળાવમાં નાખી દીધા છે. તેમનો ઇરાદો એવો છે કે ખુટવાડવું અને ખોટું દેખાડવું. પણ તેમનો આશય પાર પડે તેમ નથી.'' એટલું કહીને મહારાજે પોતાના હાથમાં સોટી હતી તે દરેક કુડલાં ઉપર અડાડી. પછી ભંડારીને કહ્યું : ''તમે જુઓ તો ખરા, કુડલામાં થોડું ઘી તો હશે.''

ભંડારી સાધુએ કહ્યું : ''મહારાજ ! બધું જોયા પછી જ આનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને આપની પાસે મોકલ્યા હતા.''

''છતાં ફરી જુઓ.'' મહારાજે કહ્યું. ભંડારી સાધુએ ફરી જોયું તો બધાં જ કુડલાં ઘીથી ભરેલાં જોયાં. તેમના આનંદનો પાર ન રહ્યો. મહારાજનો પ્રતાપ તેમને સમજાઈ ગયો.

મહારાજે તેમને કહ્યું : ''આપણા સત્સંગી બ્રાહ્મણોને જ પાકશાળામાં રાખો. તેમને જોઈએ તેટલું ઘી આપો. કાંઈ ખૂટવાનું નથી.'' એટલું કહી પોતાની પાસે પચ્ચીસ પાર્ષદો હતા તેમને લઈ મહારાજ બ્રાહ્મણોની જુદી જુદી પાકશાળામાં ગયા. ત્યાંના વામાચારી બ્રાહ્મણોને યુક્તિપૂર્વક બહાર બોલાવી હળવદના બ્રાહ્મણો તથા બીજા સત્સંગી બ્રાહ્મણોને દરેક પાકશાળામાં ગોઠવી દીધા. દરેક પાકશાળામાં સીધા-સામગ્રી સાથે ઘીનાં કુડલાં પણ આવવા લાગ્યાં. તે જોઈ તેમને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે તેમની મેલી મુરાદ નિષ્ફળ ગઈ !

વામાચારી બ્રાહ્મણોની આવી ખળતા જોઈ, શ્રીહરિ સાથેના પાર્ષદો અને સંતો એકદમ ગુસ્સે થઈ ગયા. શ્રીહરિ તેમનો ભાવ કળી ગયા. તેમણે કહ્યું :

"બ્રાહ્મણો તો જગત્ગુરુ કહેવાય. તેમને માટે કોઈ અનિષ્ટ સંકલ્પ કરવો નહિ."

તે સાંભળી મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું : "એવું બ્રાહ્મણત્વ દ્વિજોમાં હોય તો તે પૂજનીય ખરા, પરંતુ આવાં કાળાં કામો કરવાની મુરાદો સેવતા હોય તેમના પ્રત્યે પૂજ્યભાવ શી રીતે પ્રગટે ?"

"તે તેમનાં નઠારાં કર્મોથી તેમનો મોક્ષ બગાડે છે. પરંતુ આપણે તો તેમનું હિત થાય તેવું જ ચિંતવન કરવું." મહારાજે કહ્યું.

યજ્ઞની પૂર્ણાહુતિ આજે પોષ વદિ ૧૦ને મંગળવારે હતી. શ્રીહરિએ સવારે જ સત્સંગી બ્રાહ્મણોને સૂચના આપતાં કહ્યું : "જે બ્રાહ્મણોના હાથમાં લાકડી હોય તે તરત જ ઝૂંટવી લેવી. તે પીરસે તેના ઉપર બરાબર ધ્યાન રાખવું. સૌને સારી રીતે જમાડવા પણ બગાડ તો થવા દેશો જ નહિ. કાઠીઓ તમારી મદદમાં છે."

કાઠીઓને પણ શ્રીહરિએ સૂચના આપી દીધી : "બ્રાહ્મણો જમવા બેસે ત્યારે પંક્તિએ પંક્તિએ તમે ઊભા રહેજો. જો જરા પણ કોલાહલ કરે, તો પકડીને બહાર કાઢી મૂકજો."

શ્રીહરિએ કરેલી વ્યવસ્થાથી બ્રહ્મભોજન નિર્વિઘ્ને પાર પડ્યું. કાઠીઓ જમતા બ્રાહ્મણોની પંક્તિઓ સામે જ તેમની બંધૂકની નાળ ધરીને ઊભા હતા. બ્રાહ્મણોને ગોળી ખાવી તેના કરતાં લાડુ જમવા તે વધુ ઈષ્ટ લાગ્યું. સૌ નીચું મુખ રાખી જમી રહ્યા. તેમના મનની મનમાં રહી ગઈ.

મહારુદ્ર અને વિષ્ણુયાગ અઢાર દિવસ ચાલ્યા. અઢાર દિવસ સુધી રોજ હજારો બ્રાહ્મણો જમ્યા. યજ્ઞમાં પરનાળે ઘી હોમાયું. કાંઈ જ ખૂટ્યું નહિ, મેલાઓની મેલી મુરાદ મનમાં રહી ગઈ. યજ્ઞની નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થઈ. પૂર્ણાહુતિને દિવસે શ્રીહરિએ અતિ ઉત્તમ હોમ કરાવ્યા. શ્રીફળ હોમ્યાં અને યજ્ઞનારાયણને પ્રસન્ન કર્યા.

શ્રીહરિએ અવભૃથ સ્નાન કર્યું. સ્નાન કરી બધા જ વિપ્રોને દક્ષિણા આપી. ભગવાનના વિશાળ હૃદયમાં નાના મનના માનવીના દોષો દેખાતા નથી. દોષોને જાણીને જો ટાળવા પ્રયત્ન કરે તો ભગવાન તેના ઉપર પ્રસન્ન થાય છે. દોષોને ગુણ જ જાણી જો તેમાં રાચ્યા કરે તો તે કર્મનાં પોટલાં બાંધે છે. વામાચારીઓને બ્રહ્મપંથે દોરવા શ્રીહરિનો સંકલ્પ હતો. જેટલા સમજ્યા તે શ્રીહરિના આશ્રયમાં આવ્યા. બીજાએ પોતાનું કુંડાળું છોડ્યું નહિ અને સ્વામિનારાયણનો વિધ્વંસ કરવાના વિશેષ પ્રયત્નોમાં પ્રવૃત્ત થયા.

દેશદેશાંતરથી આવેલા હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. કોઈએ વસ્ત્રો,

તો કોઈએ અલંકારો, કોઈએ પદાર્થો, કોઈએ નગદ એ પ્રમાણે સેવા કરી. શ્રીહરિ નગદ નાણું જોઈ બોલ્યા : "યજ્ઞનો ખર્ચ આમાંથી પૂરો થઈ રહેશે." હિસાબ કર્યો અને મેળ મળી રહ્યો.

શ્રીહરિ ગંગામાને ત્યાં ભોજન માટે પધાર્યા. શ્રીહરિ ગંગામાને મા કહેતા. ગંગામા પણ શ્રીહરિને 'દીકરા' કહેતાં. રામાનંદ સ્વામીની આ શિષ્યાને રામાનંદ સ્વામીએ જ દર્શન દઈ શ્રીહરિના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હતો. શ્રીહરિ પણ ગંગામાની પૂજામાં રાધાકૃષ્ણ દેવ[૧૪૯] હતા તે દ્વારા થાળ જમી જતા અને અનેક ઐશ્વર્ય બતાવતા. શ્રીહરિ પુત્રભાવે ગંગામાના લાડનું સુખ લેતા અને માને કૃતાર્થ કરી દેતા. ગંગામા શ્રીહરિ સાથે જ્યારે સંઘમાં ફરવા નીકળતાં ત્યારે માથે સગડી રાખતાં. શ્રીહરિ જ્યારે કહે : "મા ! ભૂખ લાગી છે." ત્યારે સગડી ઉપર તપેલીમાં ગરમ પાણીમાં પંખાળીના ચોખાની પોટલી મૂકી દેતાં. થોડી વારમાં ચોખા તૈયાર થઈ જતા. તેમાં ગોળ અને ઘી ભેળવી ગંગામા શ્રીહરિને જમાડતાં. આજે પણ તેમણે શ્રીહરિને એવા જ ભાવથી જમાડ્યા.

ગણિકા મહારાજને આમંત્રણ આપે છે

શ્રીહરિ જમીને પોતાના ઉતારે મહોલમાં પધાર્યા. ત્યાં પાર્ષદે ખબર આપ્યા કે "મહારાજ ! સભામાં તે દિવસે પેલી ગણિકા આવી હતી તે આપનાં દર્શન ઇચ્છે છે."

મહારાજે કહ્યું : "તેને અહીં મોકલો." શ્રીહરિ પાસેના સંતો બધા આઘાંપાછાં થઈ ગયા. ગણિકા શ્રીહરિ પાસે આવી. શ્વેત વસ્ત્રો તેણે પહેર્યાં હતાં, મુખ ઉપર સત્કર્મ કર્યાનો સંતોષ જણાતો હતો. તેણે નીચે બેસીને શ્રીહરિને પંચાંગ પ્રણામ કર્યા. પછી શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું : "દયાળુ ! મને આપે પાવન કરી. શુદ્ધ જીવન જીવવાના આનંદનો અનુભવ કરાવ્યો. મારા ઉપર આપે ખૂબ જ કૃપા કરી છે. હજુ એક વિશેષ કૃપા કરશો ?"

શ્રીહરિએ તેની સામે જોઈ પૂછ્યું : "તે દિવસે ઘઉં દળવા તમે લઈ ગયાં હતાં ?"

"હા, મહારાજ !" શ્રીહરિનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ તેણે કહ્યું :

૧૪૯. રાધાકૃષ્ણદેવની આ શ્રીજીની પ્રસાદીભૂત મૂર્તિઓ જેતલપુરના મંદિરના સભામંડપમાં પધરાવી છે.

"હું જ દળવા લઈ ગઈ હતી અને મેં જ આખી રાત્રિ જાગી ઘઉં દળ્યા છે. આપ તો અંતર્યામી છો એટલે જાણો જ છો. છતાં મારા આ બે હાથ જુવો." એમ કહી તેણે શ્રીહરિને તેના બંને હાથ બતાવ્યા.

શ્રીહરિએ તેના હાથ જોયા. તેમણે કહ્યું : "બહેન ! તારાં આજ સુધીનાં તમામ પાપકર્મ બળીને ભસ્મ થઈ ગયાં. હવે શુદ્ધ જીવન જીવી મનુષ્યજન્મ સાર્થક કરી લેજે."

ગણિકાને શ્રીહરિએ બહેન તરીકે સંબોધી. આવું સંબોધન તેણે જીવનમાં સાંભળ્યું ન હતું. શ્રીહરિના આ વહાલપનાં વેણ તેના અંતરમાં સોંસરાં ઊતરી ગયાં ! તેણે કહ્યું : "પ્રભુ ! આપની દૃષ્ટિથી મારી કામવાસના નષ્ટ થઈ ગઈ છે. હવે તો તે નર્કાગારના વિચારથી જ અંતરમાં ધ્રુજારી છૂટે છે. પરંતુ પ્રભુ ! આપ નર્કાગાર સમા મારા ઘરે પધારી તેને પાવન ન કરો ? મને તેથી વિશેષ પ્રેરણા મળશે. આપના દિવ્ય સ્વરૂપની પુણ્ય સ્મૃતિથી મારા અંતરમાં થયેલો પ્રકાશ કદી નાશ નહિ થાય. આપ એટલી દયા કરશો ?"

શ્રીહરિને તેના શબ્દોમાં પુણ્યજીવનની સાર્થકતાના ભાવ જણાયા. તેમણે તરત જ કહ્યું : "જરૂર, અમે તારે ત્યાં કાલે આવીશું. તારી જગ્યા ધોઈને સાફ કરી નાંખજે."

"દૂધે ધોઈ નાંખીશ પ્રભુ ! આપ મારે ત્યાં પધારો તેથી રૂડાં બીજાં કયાં ભાગ્ય હોઈ શકે ?" મહારાજે તેની સામું જોઈ એક સ્મિત કર્યું. ગણિકા તરત જ નીચે ઊતરી ગઈ.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી વગેરે સંતો મહારાજ પાસે આવ્યા. મુક્તાનંદ સ્વામીને મહારાજે કહ્યું : "સ્વામી ! આપણે કાલે પેલી ગણિકાને ત્યાં જવાનું છે. તે આમંત્રણ આપવા આવી હતી." સંતો તો આ સાંભળી સ્તબ્ધ બની ગયા ! મહારાજે કહ્યું : "પાપનું જે પ્રાયશ્ચિત્ત કરે છે તે પછી પણ તેને પાપી ગણવો તેમાં કૃતઘ્નતા છે. તે હવે પુણ્યવતી બની ગઈ છે."

મુક્તાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "ભલે મહારાજ."

સાંજે મહારાજે સભા કરી. સંતો-હરિભક્તો સૌ સભામાં આવી ગયા. સંતમંડળીને જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. આ સંતોએ તેમને માટે અપમાન, તિરસ્કાર, માર સહન કર્યાં છે. તેઓ તો અક્ષરધામના મુક્તો છે. પણ પૃથ્વી ઉપરના મુમુક્ષુઓને ભગવાનને પ્રસન્ન કરવાની સાધનાનો માર્ગ તેઓ દેખાડી

રહ્યા છે. ફક્ત પાંચ જ વર્ષમાં શ્રીહરિ પાસે પાંચસો સંતો જમા થઈ ગયા હતા. તે તમામનું એક જ લક્ષ્ય હતું : "મહારાજને પ્રસન્ન કરી લેવા." તેમની પ્રસન્નતામાં જ બ્રહ્મભાવની સિદ્ધિ તેમને દેખાતી હતી.

મહારાજ ભક્તોની ભક્તિ કરે છે

મહારાજ સિંહાસન ઉપરથી ઊભા થયા. મુકુન્દ બ્રહ્મચારી પાસે ચંદનનો કટોરો મંગાવ્યો. પછી મહારાજે કહ્યું : "આજે તમો બધાએ અમારું પૂજન કર્યું. હવે અમારે તમારું પૂજન કરવું છે.[૧૫૦] ભક્તની જે ભક્તિ નથી કરતા તેમાં કોઈ જાતની મોટપ શોભતી નથી."

પછી શ્રીહરિએ રામદાસ સ્વામીની, મુક્તમુનિની તથા અન્ય સર્વ સંતોના અંગેઅંગમાં કેસરમિશ્રિત ચંદન ચર્ચી પૂજા કરી. તેમને ફૂલના હાર પહેરાવ્યા. હાથે ફૂલના ગજરા બાંધ્યા. માથે ફૂલની ટોપી પહેરાવી. પછી તેમનાં સૌનાં મહારાજે એક દૃષ્ટિથી દર્શન કર્યાં. પછી બોલ્યા : "તમે સર્વે તો અક્ષરધામના મુક્તો છો. તમને જે આ લોકના કેવળ સાધુ જ સમજે છે તેઓ અજ્ઞાની છે. અક્ષરધામના તમારા દિવ્ય સ્વરૂપનું તેમને જ્ઞાન નથી." એટલું કહી શ્રીહરિ તેમને સૌને ભેટ્યા. તેમના સૌના શરીરે ચોપડેલું ચંદન શ્રીહરિના શરીરને લાગ્યું તેથી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

અક્ષરના સંબંધે જીવભાવ ટળે છે

પછી શ્રીહરિએ તેમને કહ્યું : "તમારા ઉપર હું પ્રસન્ન છું. પરંતુ આ લોકમા જે મોટા હતા તે પણ જીવ ભાવે વર્ત્યા છે. અક્રૂરજી ભક્ત સાચા પણ સ્યમંતક મણિના લોભમાં શ્રીકૃષ્ણ ઉપરનું જૂઠું આળ તે ટાળી શક્યા નહિ. બળદેવજીને પણ શંકા થઈ કે શ્રીકૃષ્ણે મણિ લીધો હશે ! તેથી તેઓ શ્રીકૃષ્ણનો સંગ છોડી જનકપુરી ચાલ્યા ગયા. માટે જ્યાં સુધી જીવભાવ હશે, ત્યાં સુધી ભક્ત કહેવાતા હશો તો પણ ભક્તિમાં વિઘ્ન આવશે. માટે જીવને પોતાનું

---

૧૫૦. *શ્રીહરિ કહે સંતસે, પૂજા કર રહે જોઈ,*
તબહી જો પૂજા કરે, તમારી હમહી સોઉં,
તુમારે હે જેસે ભાવહિ, પૂજા કરનકું જોઈ,
એસો ભાવ હમારહિ, કરને પૂજા સોઈ.
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૮, તરંગ-૧૮.

સ્વરૂપ ન માનવું પરંતુ શુદ્ધ અક્ષરને પોતાનું સ્વરૂપ માનવું, કારણ કે અક્ષરમાં સદા શ્રીહરિ દિવ્ય સ્વરૂપે બિરાજમાન છે.[૧૫૧] અક્ષરના સંબંધે જ જીવનો દેહભાવ ટળે છે. માટે અમારી આપેલી આજ્ઞામાં સૌ વર્તજો. નિયમ-ધર્મરૂપી વાડમાં સહુ રહેજો. વાડ વગરનું ખેતર હરાયા ઢોર ખાઈ જાય. વાડ હોય અને ખેતરને સાચવનારો ન હોય તો પાક પંખી ખાઈ જાય છે. મન અને ઇન્દ્રિયો એ પંખીરૂપ છે. માટે સંતના સંબંધે સત્સંગ કરતાં કરતાં અંતરમાં જાણપણું આવે છે અને આત્મા બળવાન બને છે. પછી ઇન્દ્રિયો-અંતઃકરણ આત્મા ભેળાં ભળવા આવી શકતાં નથી.

"અમારે તો સંકલ્પ એટલો જ છે કે હરિભક્તો બ્રહ્મરૂપ થાય. તે માટે અમારું વિચરણ છે, અમારી પ્રવૃત્તિઓ છે, અમારાં ચરિત્રો છે. અમારા સંતો પણ એ જ ઉદ્દેશ લઈને ફરે છે."

શ્રીહરિની વાતમાં આત્યંતિક કલ્યાણની, અંતિમ મોક્ષની છેલ્લી વાત હતી. પુણ્યકર્મો કરી સ્વર્ગે જવું અને એ પુણ્ય ક્ષીણ થયા પછી પાછું જન્મ-મૃત્યુના ચકાવામાં પડવું તે જીવનનું લક્ષ્ય ન કહેવાય. વળી, પ્રકૃતિની અંદર રહેલાં બીજાં અનેક ધામો તે પણ પ્રાકૃત પ્રલયમાં તો નાશ થઈ જ જવાનાં. એટલે તેમાં પણ પ્રાકૃત પ્રલયને અંતે, વળી ઉત્પત્તિ કાળે ફરી જન્મવાનું થાય અને ફરી મોક્ષ માટેની સાધના કરવાની રહે. જ્યારે આ સમયે તો પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરધામ તેના અધિપતિ પોતે સ્વયં પધાર્યા હતા. પ્રકૃતિથી પર પોતાના દિવ્ય અક્ષરધામમાં જ પોતાના ભક્તોને ગતિ કરાવવાનો તેમને સંકલ્પ હતો. એ સંકલ્પની સિદ્ધિ એ જ અંતિમ મુક્તિ છે. મનુષ્યજીવનનું ધ્યેય પણ આ લક્ષ્ય સિદ્ધ કરવા માટેનું જ હોય છે.

બીજે દિવસે વહેલી સવારે શ્રીહરિએ મોહોલ ઉપર ફરી સભા કરી. આગલા દિવસની એકાદશી હતી. તેથી બારશનાં પારણાં માટે હરિભક્તો પોતપોતાની સ્થિતિ અને શક્તિ પ્રમાણે મહારાજ માટે થાળ લાવ્યા હતા.

---

૧૫૧. *અક્ષર ભાવના જીવમેં લાઈ, ચિંતવન કરના ચિત્તમેં તાઈ,*
અક્ષરભાવ જબ જીયમેં આયે, પ્રાકૃતભાવ તબ દૂર રહાયે. ૨૩
અક્ષરમેં હરિ રહે હે સદાઈ, દિવ્ય મૂર્તિ અલૌકિક જાઈ,
સત્સંગમે વિચરત મૂર્તિ જેહી, એહી એક જીયમેં રહે તેહી. ૨૪
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૮, તરંગ-૨૧.
આ મતલબનો પત્ર શ્રીહરિએ જેતલપુરથી લખાવેલો.

કોઈના થાળ સોનાના તો કોઈના રૂપાના તો કોઈના કાંસાના, પિત્તળના કે તાંબાના. વાનગીઓ પણ અદ્‌ભુત !

મહારાજ જીવણ ભક્તનો થાળ જમે છે

સભાને છેડે દૂર બેઠેલો એક જીવણ ભક્ત આ બધું એકી નજરે જોઈ રહ્યો હતો. તેના હાથમાં પણ થાળ હતો. પરંતુ થાળી તૂટેલી અને ઘોબાવાળી હતી. તેના દીદાર જ એવા હતા કે તે જોઈને તે હાથમાં લેવાનું મન જ ન થાય. વળી, તે ઉપર મેલું મસોતા જેવું કપડું ઢાંકેલું હતું. અંદર શું હશે તે તો તે ભક્ત જ જાણે. પણ આજુબાજુ બેઠેલા હરિભક્તો તેના થાળને, ઉપર વીટેલા મેલા કપડાને જોઈ તેને વારંવાર કહેતા હતા : ‘‘ભાઈ, જરા આઘો બેસ ને ! આ તારુ લૂગડુ ગધાય છે.’’

જીવણ ભક્તને મનમાં અત્યંત નિરાશા ઉત્પન્ન થઈ. અઢાર દિવસથી તે મહારાજ માટે રોજ થાળ બનાવરાવતો. પરંતુ બીજાની ભારે ભારે વાનગીઓ જોઈ તે અચકાતો અને અંતે થાળી એમને એમ તેના ઝૂંપડામાં લઈ આવતો. આજે તેણે બધી જ હિંમત ભેગી કરીને મહારાજ પાસે જવાનું નક્કી કર્યું હતું. પરંતુ ભક્તોના આ શબ્દો સાંભળી તેને થયું કે મહારાજ પાસે આવી તદન નિર્માલ્ય વસ્તુ આવી ફૂટેલ થાળીમાં ન લઈ જવાય. તે ધીરે રહીને ઊઠ્યો, તેના અંતરમાંથી એક ભારે નિઃશ્વાસ બહાર નીકળી ગયો ! કોણ જાણે પણ તે ઊનો નિઃશ્વાસ મહારાજ સુધી પહોંચી ગયો અને મહારાજની તેના ઉપર દૃષ્ટિ પડી ગઈ ! મહારાજે બાજુમાં ઊભેલા પાર્ષદને કહ્યું : ‘‘પેલા ગરીબ હરિભક્ત હાથમાં થાળી લઈને ઊભા છે તેને અમારી પાસે લઈ આવો.’’

તે પાર્ષદ એકદમ જીવણ ભક્ત પાસે આવ્યો. તેને કહ્યું : ‘‘ભગત ! તમને મહારાજ બોલાવે છે.’’ એટલે જીવણ ભક્તના અંતરમાં હામ આવી. તે પાર્ષદની પાછળ મહારાજ પાસે જવા લાગ્યો. સભામાં સૌ આ ચીંથરેહાલ ભક્તને મહારાજ પાસે જતો જોઈ રહ્યા. પાર્ષદે પાછા વળીને કહ્યું : ‘‘એલા, આ હાથમાં શું લીધું છે ?’’

જીવણ ભક્તે કહ્યુ : ‘‘મહારાજ માટે થાળ બનાવ્યો છે.’’

તે જોઈ પાર્ષદે કહ્યું : ‘‘ખબરદાર, જો મહારાજને થાળ આપ્યો છે તો ! આવા મેલા વસ્ત્રે ઢાંકેલી, તૂટેલી થાળીમાં તે કેવી વાનગી હશે ! મહારાજને આવું ન અપાય.’’

"નહિ આપું, બાપા ! મહારાજના ચરણસ્પર્શ કરીને પાછો વળી જઈશ."

જીવણ ભગત મહારાજ પાસે આવ્યા. પરંતુ પોતાની પાસેનો થાળ તેમણે પાછળ સંતાડી રાખ્યો. મહારાજના ચરણસ્પર્શ કરવા તેણે થાળ નીચે મૂક્યો. એટલે મહારાજે તરત જ થાળ લઈ લીધો. જીવણ ભગત આર્દ્રભાવે આ જોઈ રહ્યો. તેણે કહ્યું : "મહારાજ ! આપ તે ન જમશો. તેમાં તો મઠનો રોટલો અને ભોંપાથરીની ભાજી છે. ભાજીમાં પણ હવેજ મસાલોય નથી. આપને માટે ભારે ભારે થાળ આવ્યા છે તે જમો. આપે થાળી પ્રસાદીની કરી તે મને પાછી આપી દ્યો." જીવણ ભગત બોલતા રહ્યા.

મહારાજે થાળી ઉપરથી મેલું કપડું ઉપાડ્યું, તે સૂંઘ્યું અને પછી પોતાની બાજુમાં મૂક્યું. થાળીમાં અડધો કાચો મઠનો રોટલો હતો. બ્રહ્માનંદ સ્વામી જિજ્ઞાસાથી આ બધું જોઈ રહ્યા હતા. મહારાજે રોટલો ભાંગ્યો અને જીવણ ભક્તને કહ્યું : "ભગત ! મોટા ભક્તોના મેવા-મીઠાઈઓ કરતાં તમારો આ રોટલો મને વધારે મીઠો લાગે છે." એમ કહીને તેમણે રોટલાનું બટકું મોંમાં મૂક્યું અને જીવણ ભક્તના અંતરમાં શાંતિનો શેરડો પડ્યો. ભક્તોએ શ્રીહરિના કપાળને ચંદનથી ચર્ચિત કર્યું હતું. પુષ્પમાળાઓ પહેરાવી હતી. ઉષાનાં કોમળ કિરણો શ્રીહરિના મુખારવિંદ ઉપર પડતાં હતાં. શ્રીહરિનું એવું શોભાયમાન મુખારવિંદ જીવણ ભક્તના ભક્તિભાવનો મઠનો રોટલો જમતાં વધુ દેદીપ્યમાન બની ગયું ![૧૫૨] જીવણ ભક્તની આંખોમાંથી આંસુ ચાલવા લાગ્યાં.

બ્રહ્માનંદ સ્વામીએ જોયું કે મહારાજ આ ભક્તના અપૂર્વ ભક્તિભાવથી

---

૧૫૨. જીવણ ભક્તનો આ મઠનો રોટલો સંપ્રદાયના ઇતિહાસમાં એક અમર ગાથા સમો બની ગયો. શ્રીહરિના મુખારવિંદની તે સમયની શોભા અને મઠનો રોટલો જમવાની દિવ્ય લીલાનો સત્સંગમાં શ્લોક ગુંથાઈ ગયો :

स्नातं चन्दनचर्चितं निजजनैः पुष्पस्रजालकृत
प्रातः सूर्यमयूखसेवितमुखं श्रीचन्द्रशालोपरि ।
धृत्वा रोटकमेकपाणितलके भङ्क्त्वाऽन्यहस्तेन तं
भुञ्जानं प्रविलोक्य सेवकगणान् वन्दे सदा स्वामिनम् ॥

"સ્નાન કર્યા બાદ પોતાના ભક્તોએ ચંદનથી પૂજા કરેલા તથા અનેક પ્રકારનાં પુષ્પની માળા પહેરાવેલા મહોલ ઉપર પ્રાતઃકાળમાં સૂર્યનાં કિરણો દ્વારા જેમનું મુખ સેવાઈ રહ્યું છે એવા, એક હાથમાં રોટલો ધરીને બીજા હાથથી તેના ટુકડા કરીને, ભક્તો ઉપર અમૃતમય દૃષ્ટિ કરતાં કરતાં આરોગતા એવા શ્રી સહજાનંદ સ્વામીને હું વંદન કરું છું."

પ્રસન્ન થઈ ગયા છે. આખો રોટલો જમી જશે. રોટલો કાચો પાકો છે તેથી પેટમાં દુખશે. તેમણે યુક્તિ કરી. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આટલી મોટી સભા સમક્ષ આપ એકલા જમો તે ઠીક ન કહેવાય. અમનેય થોડી થોડી પ્રસાદી આપો." એમ કહી બ્રહ્માનંદ સ્વામીએ દરેક સંત માટે તે રોટલાની પ્રસાદી લીધી. મહારાજે બધાયને તે પ્રસાદી આપી. જીવણ ભક્ત કૃતકૃત્ય થઈ ગયા !

પોતાના જેવા એક તુચ્છ ગરીબનો લૂખો-સૂકો રોટલો આજે શ્રીહરિએ અંગીકાર કર્યો ! અઢાર દિવસનો મારો સંકલ્પ આજે પૂરો કર્યો ! તેણે મનમાં સ્તુતિ કરી : "પ્રભુ ! આપ ખરેખર દીનબંધુ છો, આપની નજરમાં ગરીબ, તવંગરનો ભેદ નથી. આજે આપે મારો જન્મારો સફળ કરી દીધો."

તે ધીરે ધીરે પાછો વળવા લાગ્યો. એટલામાં શ્રીહરિએ તેને બોલાવ્યો : "જીવણ ભક્ત ! લ્યો આ તમારો થાળ." એમ કહીને નાનાભાઈને મહારાજે કહ્યું : "આ ભગતને દશ શેર સાકર આપજો."

જીવણ ભક્તને દશ શેર સાકર કરતાં પણ શ્રીહરિના આ શબ્દો મીઠા લાગ્યા. તે શ્રીહરિને ફરી પ્રણામ કરી નીચે ઊતરી ગયો.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે જાણો છો ? અઢાર દિવસથી બીચારો થાળ બનાવતો અને રોજ મેવા-મીઠાઈના સારા સારા થાળ જોઈ, સંકોચ પામી, તેનો થાળ પાછો લઈ જતો હતો. આજે તેનો સંકલ્પ બળવાન હતો. પરંતુ બારસનાં પારણાંના ભારે ભારે થાળ જોઈ તે નિરાશ થઈ ગયો. તેણે નિઃશ્વાસ મૂક્યો તે અમારી સુધી પહોંચી ગયો ! તેનો થાળ આરોગવા જ અમે તેને બોલાવ્યો."

બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડી દીધા. તેમણે કહ્યું : "મહારાજ ! આપની દૃષ્ટિમાં સદા આવા જ ભક્તો રહે છે. તેની અંતર્ગત ભક્તિનો ભાવ બીજા કેમ કળી શકે ?" મહારાજ પ્રસન્ન હતા. જીવણ ભક્તના આનંદનાં આંસુ તેમની પ્રસન્નતાના પ્રતીક સમાં હતાં.

મહારાજ ગણિકાના આવાસે પધારે છે

એટલામાં ગણિકાને ત્યાંથી એક માણસ આવ્યો. પાર્ષદે મહારાજને કહ્યું : "કાલે જે ગણિકા આવી હતી તેના તરફથી આ માણસ આવ્યો છે."

મહારાજે તેને બોલાવ્યો. તેણે કહ્યું : "મહારાજ ! આજે આપ અમારી બાઈને ત્યાં પધારવાના છો એટલે તેડવા આવ્યો છું."

મહારાજ તરત જ ઊઠ્યા. મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તૈયાર થાઓ. કાલે ગણિકા આવી હતી તેના ઘેર આપણે જવાનું છે.''

મહારાજનાં આ વચનથી ત્યાં બેઠેલા સૌને લાગ્યું કે ભક્તિ એ કાંઈ કેવળ ભદ્ર પુરુષોનો જ ઈજારો નથી હોતો. ભગવાન તો પતિતો કે ક્ષુદ્રોની ભક્તિમાં વધુ રાચે છે, કારણ કે તેમનું અંતર તેમના ભ્રષ્ટ જીવનના પરિતાપથી નિર્મળ થઈ ગયું હોય છે. તેમાંથી ભક્તિનો સ્રોત વિશેષ ભાવથી વહે છે. ગરીબોમાં, અજ્ઞાનીઓમાં જગતનું પાપ હોતું નથી. તેથી તેમની ભક્તિનો ભાવ નિર્મળ હોય છે.

ગણિકાએ પોતાનો આવાસ ધોઈને સંપૂર્ણ સ્વચ્છ કરી નાખ્યો હતો. દીવાલો ઉપર પણ રાતોરાત ચૂનો લગાવી દીધો હતો. વાસણો ચાંદીનાં નવાં જ તૈયાર રાખ્યાં હતાં. બ્રાહ્મણ પાસે શુદ્ધ રીતે અનેક પ્રકારની વાનગીઓ તૈયાર કરાવી હતી. બેઠકખંડમાં નવા ગાલિચા ઉપર રેશમી ગાદલાં બિછાવી દીધાં હતાં. નવો પલંગ પણ મશરૂનાં ગાદલાં, ગાલમશુરિયાં, રેશમી ધડકી વગેરેથી સજ્જ-તૈયાર કરી દીધો હતો. ઝરૂખામાં શ્રીહરિની આતુર નયને તે વાટ જોતી ઊભી હતી : ''આજે મારો નાથ પધારશે, આજે મારા કંકણનો સદાનો રક્ષક આવશે. મને હેતથી બોલાવશે. પણ હું કેમે કરીને તેમની સામે જોઈ શકીશ ?'' આવા આવા વિચારોથી તેના ગાલ ઉપર શરમની લાલીમા પથરાઈ ગઈ !

એટલામાં તો શ્રીહરિ દેખાયા, સાથે સંતો પણ દેખાયા. તેની છાતી ધડકવા લાગી : અરે પ્રભુ ! તમે એક પતિતાને ત્યાં, એક ગણિકાને ત્યાં પધાર્યા ! આટલો બધો ભાવ બતાવ્યો ! મારા જીવનમાં એવા એક પણ પુણ્યકર્મની મને ઝાંખી થતી નથી કે આપ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મારું આંગણું પાવન કરો ! આપની આટલી બધી કૃપા હું કેમે કરીને જીરવી શકીશ ! હું ગાંડી તો નહિ થઈ જઉં ને !

શ્રીહરિ પધાર્યા. સંતો નીચી દૃષ્ટિ રાખી કીર્તન ગાતાં ગાતાં શ્રીહરિની સાથે તેના આવાસમાં દાખલ થયા. ગણિકાએ શ્રીહરિ તથા સંતોનું પૂજન કરવા એક બ્રાહ્મણને બોલાવ્યો હતો, તેને પણ સ્નાન કરાવ્યું હતું. રેશમી પીતાંબર પહેરવા આપ્યું હતું. તે બ્રાહ્મણે વિધિપૂર્વક શ્રીહરિની કેસરમિશ્રિત ચંદન, કંકુ, અક્ષત, ફૂલહાર વગેરે ઉપકરણોથી પૂજા કરી. પછી સંતોની પણ પૂજા કરી. પછી શ્રીહરિ સમક્ષ અનેક પ્રકારનાં મેવા, મીઠાઈઓ, ફળો વગેરેના થાળ મૂક્યા, રૂપિયા ભરીને ચાંદીનો થાળ મૂક્યો. શ્રીહરિએ તેમાંથી થોડું અંગીકાર કર્યું, પ્રસાદી સંતોને આપી.

બ્રહ્માનંદ સ્વામી આ બધી જ લીલા કુતૂહલપૂર્વક જોઈ રહ્યા હતા. શ્રીહરિ

જાણે પોતાને ઘેર જ પધાર્યા હોય તેવી રીતે બ્રાહ્મણ પૂજારીને સૂચના આપ્યે જતા હતા ! ચકની પાછળ રહી ગણિકા અશ્રુપૂર્ણ આંખે શ્રીહરિની આ અતિ અલૌકિક લીલાનાં દર્શન કરી રહી હતી. બ્રહ્માનંદ સ્વામીથી સહેજ પુછાઈ ગયું : "મહારાજ ! આ ગણિકાનું પણ કલ્યાણ કરશો ને ?"

મહારાજ હસીને બોલ્યા : "સ્વામી ! તમારા જેવું જ કલ્યાણ !"

બ્રહ્માનંદ સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું ! મહારાજે કહ્યું : "સ્વામી ! તેના અંતરના ભાવો અમે જાણીએ. તમારી દૃષ્ટિ બહારના સાધન ઉપર હોય."

આ સાંભળી સ્વામીની આંખો ભીની થઈ ગઈ. શ્રીહરિની કેટલી કૃપા ! કેવા દયાળુ ! આજે તો અક્ષરધામ બક્ષિસ આપી દેવા જ પધાર્યા છે ! શ્રીહરિ અંતરના ઊંડાણનો ભાવ જોઈને જ પ્રસન્ન થાય છે. શ્રીહરિ ક્રિયાસાધ્ય નથી, કૃપાસાધ્ય છે.

થોડી વારે શ્રીહરિ ઊઠ્યા. સંતોને કહ્યું : "તમે બધા અહીં બેસો. અમે તેના આવાસમાં પગલાં કરીને આવીએ." એમ કહી શ્રીહરિ તેના આવાસમાં ઉપર ગયા. ગણિકા પણ તેમની સાથે ગઈ. શ્રીહરિ બધે જ ફર્યા. તેના શયનખંડમાં પણ પધાર્યા. અહીં સુંદર સેજ શણગારીને બિછાવી હતી. શરમાતી, સંકોચાતી ગણિકાએ શ્રીહરિ તરફ એક દૃષ્ટિ નાખી. એ દૃષ્ટિમાં વિકાર ન હતો પરંતુ શ્રીહરિના પ્રસંગથી પાવન થવાનો ભાવ હતો. શ્રીહરિ બધે જ ફરીને નીચે પધાર્યા. સંતોને કહ્યું : "સંતો, ચાલો હવે ઉતારે જઈએ."[૧૫૩]

---

૧૫૩. આ ગણિકાનું નામ નાથી હતું. સાંપ્રદાયિક ગ્રંથોમાં ક્યાંક તેનો લક્ષ્મીબાઈ તરીકેનો પણ ઉલ્લેખ મળે છે. શ્રીહરિની પધરામણીના આ પ્રસંગ ઉપર સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીએ કીર્તન રચ્યું છે :

કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા, સજની કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા
આવી મારા તનડા કેરા તાપ નિવાર્યા સજની–કોડે આનંદ ઘેર.
હરખેથી ઊઠી હું તો સન્મુખ ચાલી, તેડી બેસાડ્યા મેં તો બાંહ્યલડી ઝાલી
હરિને નીરખીને હું તો થઈ અનુરાગી સજની–કોડે આનંદ ઘેર.

આ કીર્તનમાં શૃંગારના અનેક ભાવો સ્વામીએ વણી લીધા છે.

સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ પણ આ પ્રસંગનું કીર્તન બનાવ્યું છે તેવું કહેવાય છે :

મોહન મોહોલે પધારો રંગભીના રે,
મોહોલે પધારો, મારો જનમ સુધારો રે. મોહન મોહોલે.
ગજગતિ ચાલે ગુલતાન થઈ છું હું તો,
ચિત્તને ચોરે છે, રાવલો કમર કટારો. રંગભીના મોહન.

શ્રીહરિ સંતો સાથે મોહોલમાં પધાર્યા. મુક્તાનંદ, બ્રહ્માનંદ આદિ સંતોને શ્રીહરિના સ્વરૂપની દૃઢ નિષ્ઠા હતી. તેમના સ્વરૂપમાં સંપૂર્ણ દિવ્યભાવ હતો. તેમની દરેક ક્રિયા, ચરિત્ર તેમને દિવ્ય જ દેખાતાં. કુબ્જાને ઘેર ભગવાન કૃષ્ણ પધાર્યા અને ઉદ્ધવજી નિઃસંશય રહી બહાર બેસી રહ્યા. એ પ્રસંગનું રહસ્ય તેમણે ઘૂંટી ઘૂંટીને પીધું હતું. શ્રીકૃષ્ણની ગોપીઓ સાથેની રાસલીલા, ચીરહરણલીલા, આ લીલાનું આધ્યાત્મિક રહસ્ય તેમના અંતરમાં ઊતરી ગયું હતું. શ્રીહરિનાં સમગ્ર ચરિત્રો કેવળ કલ્યાણકારી જ છે એવી ભાવનાની દૃઢ ગાંઠ તેમના અંતરમાં સ્થિર થઈ ગઈ હતી. એ ભાવનાથી જ તેમણે શ્રીહરિની લીલાનાં પદો રચ્યાં છે.

✧

જેતલપુરનો યજ્ઞ પૂરો થયો. શ્રીહરિએ વામમાર્ગનું ખંડન કર્યું. હિંસક યજ્ઞો વેદ વિરુદ્ધ છે એવું બ્રાહ્મણો પાસે પ્રતિપાદન કરાવ્યું. એટલું જ નહિ પોતે એવા અહિંસક યજ્ઞો કરવાની શરૂઆત પણ કરી દીધી. વામમાર્ગીય બ્રાહ્મણો હિંસામય યજ્ઞો કરાવી, માંસ અને મદિરાનું પાન કરે છે તે બધા મલેચ્છ સમાન છે એવું પણ શાસ્ત્ર આધારે પ્રતિપાદન કરાવ્યું. આથી વામમાર્ગી બ્રાહ્મણો રોષે ભરાયા. તેમણે આ વાત અમદાવાદમા મરાઠા સૂબા વિઠ્ઠલરાવ બાલાજીને પહોંચાડી. વામમાર્ગીય વિઠ્ઠલરાવને પોતાના જ મતનું ખંડન કરનાર સ્વામિનારાયણ ઉપર વધારે રોષ થયો. તેણે શ્રીહરિને પકડી લાવવા માટે એક ટુકડીને જેતલપુર જવા રવાના કરી.

✧

શ્રીહરિએ જમ્યા પછી ફરી સભા કરી. આજે જેતલપુરથી પોતે વિદાય થવાના હતા. જેમણે જેમણે આ યજ્ઞમાં સેવા કરી હતી તેમને આશીર્વાદ આપવા હતા, પોતાની પ્રસન્નતાના ભાવથી તેમનું અંતર ભરી દેવું હતું. યજ્ઞમાં ગંગામાની સેવા મુખ્ય હતી, યજ્ઞમાં સામગ્રીઓ આવી પરંતુ ધનની પણ જરૂર

આડી આડી મીટે જોતાં, મનડાને મોહતાં વારી,
નીપટ લાગે છે વહાલો નેણુનો નજારો. રંગભીના મોહન.
નવલ કલંગી ચંગી, રસિક રસિલી લાગે રે,
મોલીડું શોભે છે, જાણે ફૂલડાનો ભારો. રંગભીના મોહન.
બ્રહ્માનંદના રે વહાલા, છેલછબીલા વારી,
આવી મારા મનડા કેરા, તાપ નિવારો. રંગભીના મોહન.

પડી હતી. બ્રાહ્મણોને, આચાર્યોને, વરુણોને તમામને દક્ષિણા આપવા માટે, તે બધું ધન ગંગામાએ આપ્યું હતું. તેમની સાથે સેવામાં દામોદર હતા. અસલાલીના અમીનો, તેમજ ગામડી, ચોસર, કણભા વગેરે ગામના હરિભક્તો પણ સેવામાં અખંડ હતા. વહેલાલના જેસંગભાઈ યજ્ઞ અંગે જે કામકાજ હતું તેમાં મુખ્ય હતા. કૌકા ગામના હરિભક્તોએ ઘઉં આપ્યા હતા, દંઢાવ્યના ભક્તો ઘી લાવ્યા હતા. તે ઉપરાંત ચોખા, દાળ વગેરે પણ હરિભક્તો ગાડેગાડાં ભરી લાવ્યા હતા. શ્રીહરિએ તેમને કહ્યું હતું કે "જે પૈસા થશે તે અમે આપી દઈશું." પરંતુ હરિભક્તોએ આ અમૂલ્ય સેવાનો લાભ લઈ લીધો, શ્રીહરિને પ્રસન્ન કરી દીધા.

અમદાવાદમાં સૂબાના ફૂલના બાગો હતા. તેમાંથી માળીઓ રોજના પંદર-વીસ હજાર હારો બનાવી મોકલતા. છૂટાં પુષ્પો પણ ઘણાં મોકલતા. વહેલાલ અને કણભાના ભક્તોએ ગાડેગાડાં ભરીને લાકડાં મોકલાવ્યાં હતાં. ભંડાર ઉપર સંતોની ચોકી હતી, સંઘની ચોકી ક્ષત્રિય ભક્તો કરતા. સૌ હરિભક્તો યજ્ઞની સેવામાં તન્મય બની ગયા હતા. મયારામ ભટ્ટ મુખ્ય યજમાન હતા. તેમને શ્રીહરિએ સોનેરી તારવાળી પાઘડી બંધાવી. બીજાને આશીર્વાદ આપ્યા. કોઈના ઉપર પ્રસન્નતાની દૃષ્ટિ કરી. શ્રીહરિએ સભામાં સૌને કહ્યું : "આપણો યજ્ઞ નિર્વિઘ્ને થઈ ગયો. તમે સૌએ સેવા કરી તો અહિંસક યજ્ઞનો દિગ્વિજય થઈ ગયો. વામમાર્ગીઓ પાછા પડ્યા, તેમને વિઘ્ન નાખવાના મનસૂબા હતા તે પણ અધૂરા રહ્યા."

ત્યારે સૌ હરિભક્તોએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! એ તો આપનો જ પ્રતાપ, નહિ તો આ વામમાર્ગી બ્રાહ્મણોના રાજ્યમાં આવો અહિંસક યજ્ઞ થઈ શકે જ નહિ."

ઉદ્ગીથ ૨૬



અમદાવાદના સૂબાનુ કાવતરુ

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૯)

શ્રીહરિ ત્યાંથી નીકળી ગામડી ગામે પધાર્યા. સંઘના હરિભક્તો પણ પોતપોતાના ગામે જવા નીકળી ગયા. એટલામા તેમને અમદાવાદના ગાયકવાડી મરાઠા સૂબા વિઠ્ઠલરાવ બાલાજીની લશ્કરી ટુકડી સામી મળી. તેમણે તેમને પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

તેમણે કહ્યું : "જેતલપુરમાં સ્વામિનારાયણ ભગવાને મહારુદ્ર અને વિષ્ણુયાગ કર્યો હતો ત્યાં અમે સૌ ગયા હતા. ગઈ કાલે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ગઈ એટલે અમે બધા અમારે ગામ પાછા જઈએ છીએ."

આ સાંભળી ટુકડીનો સરદાર ધૂંવાંપૂવાં થઈ ગયો. તેણે પૂછ્યું : "તમારા સ્વામિનારાયણ ક્યાં છે ?"

સંઘના ભક્તો સમજી ગયા. તેમણે કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન તો જેતલપુરથી નીકળી ગયા છે, ક્યાં ગયા છે તે અમે જાણતા નથી."

લશ્કરી ટુકડીનો સરદાર જાણતો હતો કે સ્વામિનારાયણ પાસે રોઝો ઘોડો છે, કાઠી અસવારો છે, મોટા સૈન્યને પૂરા પડે એવા બળિયા પાર્ષદો છે. તેના મુઠ્ઠીભર માણસોથી હવે તેમનો પીછો પકડવાનું બને તેમ ન હતું. તે ત્યાંથી જ અમદાવાદ જવા પાછો વળ્યો.

વામાચારી બ્રાહ્મણોનું દુઃખ

સ્વામિનારાયણ ભગવાને નિર્વિઘ્ને આ અહિંસક યજ્ઞ પૂરો કરી દીધો તે જાણી વામાચારી બ્રાહ્મણોને અત્યંત દુઃખ થયું. જે યજ્ઞમાં આવી નહોતા શક્યા તેમણે યજ્ઞમાં જે બ્રાહ્મણો ગયા હતા તેમને ઠપકો આપ્યો : "સાવ બેસી રહ્યા, નિર્લજ્જ બનીને બધું જોઈ રહ્યા, લાડવાની અને દક્ષિણાની લાલચમાં ભોળવાઈ

કાંઈ વિઘ્ન નાખવાનું સૂઝ્યું નહિ ?"

એટલે એક બ્રાહ્મણે કહ્યું : "અરે ! અમે બધું કરી જોયું, લાડવા તળાવમાં નાખી દીધા, ઘી ખૂટવાડી નાખ્યું, કોઈ રીતે સ્વામિનારાયણનું ખોટું દેખાય એવું કરવામાં બાકી નથી રાખ્યું પણ તેનો પ્રતાપ બહુ છે. ક્યાંથી ઘી આવ્યું તે ખબર પડી નહિ, ખાલી કુડલાં ભરાઈ ગયાં, આપણા બ્રાહ્મણોને પાકશાળામાંથી બહાર કાઢ્યા, તેમના સત્સંગી બ્રાહ્મણોએ પાકશાળાનો કબજો લઈ લીધો. અમારું કાંઈ ચાલવા દીધું નહિ."

તે સાંભળી તે ટોળામાંનો એક જણ બોલ્યો : "યજ્ઞના કુંડમાં પડીને મરી કેમ ન ગયા ? એટલું કર્યું હોત તો પણ તેનું ખોટું દેખાત."

પરંતુ બુદ્ધિમાં પ્રેરણા આપનાર અંતર્યામી તો ભગવાન હતા, તે તેઓ જાણતા ન હતા.

આ નિષ્ફળતાથી વામમાર્ગીઓના રોષે માઝા મૂકી. તેમના અગ્રેસરો સૂબા પાસે અમદાવાદ આવ્યા. સૂબાએ તેમનું સન્માન કર્યું. તેઓ જાણતા હતા કે વિઠ્ઠલરાવ બાલાજી સૂબો લોલંગર બાવાનો શિષ્ય છે. લોલંગર બાવાના ગોમતીપુરના મઠમાં તેના સાતસો-આઠસો લડાયક બાવા હતા. એટલે લોલંગર બાવો જો સ્વામિનારાયણને પકડી લે તો તેનું કાસળ નીકળી જાય.

સૂબાએ તેમને પૂછ્યું : "જેતલપુરના યજ્ઞમાં ગયા હતા ?"

એટલે તેમના અગ્રેસરે કહ્યું : "ત્યાં શું જાય ? સ્વામિનારાયણની શું નાત છે, શું જાત છે, શું તેનું કુળ છે તે જાણ્યા સિવાય તમે તેને તમારા રાજ્યમાં યજ્ઞો કરવા દ્યો છો. વેદમાં હિંસક યજ્ઞો કરવાનું જ પ્રતિપાદન કર્યું છે. જ્યારે સ્વામિનારાયણ તે પ્રકારના પશુબલિનો હોમ યજ્ઞમાં કરતા નથી અને વેદની મર્યાદાનો ભંગ કરે છે. તેથી તો મહા અનર્થ થવાનો છે."

આ સાંભળી સૂબો વિચાર કરવા લાગ્યો. તેના અંતરમાં પણ સ્વામિનારાયણનો પરાભવ કરવાના વિચારો આવતા હતા. તેમાં વામાચારી બ્રાહ્મણોના આ શબ્દોથી ઘી હોમાયું. તેણે કહ્યું : "તમે ચિંતા કરશો નહિ. હું સ્વામિનારાયણને થોડા દિવસોમાં જ પકડી તેનું કાસળ કાઢી નાખીશ. આપણા રાજ્યમાં આવો અધર્મ પોષાય નહિ."

"પણ તમે કેવી રીતે તે કરશો ? તેની પાસે તો ખમીરવાળા કાઠી દરબારો છે. તેના પાર્ષદો પણ ગાંજ્યા જાય તેવા નથી. તમારી આરબફોજને તે જોતજોતામાં જેર કરી નાખે એવી તેમની તાકાત છે." વામાચારીએ કહ્યું.

"રાજ્યનીતિનાં બધાં પાસાં ખુલ્લાં કરવાનાં હોય નહિ. તમે ચિંતા કરશો નહિ. થોડા વખતમાં જ આ કાંટો નીકળી જશે." સૂબાના આ શબ્દોથી બ્રાહ્મણોને સંતોષ થયો. તેઓ સૂબાને આશીર્વાદ આપી ત્યાંથી નીકળ્યા.

સૂબો મહારાજને આમંત્રણ આપે છે

બ્રાહ્મણો ગયા અને સૂબાનું મન સ્વામિનારાયણને પકડવા, તેમને કેદ કરવા અનેક યુક્તિ-પ્રયુક્તિઓ શોધવા કામે લાગી ગયું. છેવટે એક વિચાર આવ્યો અને સૂબો એકદમ એક હાથ ઉપર બીજા હાથની મુઠી મારી ઊભો થઈ ગયો. તેણે ઘંટડી ખખડાવી અને અનુચર સલામ કરતો સામે ઊભો રહી ગયો. પોતાના હાથ નીચેના અમલદારને બોલાવવા તેને કહ્યું. તે આવ્યો અને સૂબાએ કહ્યું : "આપણે સ્વામિનારાયણને આપણા શહેરમાં પધરાવવા છે. જેતલપુરમાં બહુ મોટો યજ્ઞ કર્યો અને ભારે પ્રતાપ બતાવ્યો છે તેથી મારે તેમનાં દર્શન કરવાની ઇચ્છા છે."

"જી સરકાર ! હમણાં જ બંદોબસ્ત થઈ જશે !" અમલદારે તરત જ કહ્યું.

શ્રીહરિને સૂબાનું આમંત્રણ મળ્યું. શ્રીહરિ તે સાંભળી મંદમંદ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "સરકારના સૂબા આપણને તેડાવે છે. એટલે તો જવું જ જોઈએ."

શ્રીહરિ અમદાવાદ પધાર્યા. અમદાવાદના હરિભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું. શ્રીહરિ શ્રીમાળી વૈદ્ય અંબારામને ઘેર પધાર્યા અને તેમના મેડા ઉપર ઉતારો કર્યો. હરિભક્તો સૌ ત્યાં મહારાજનાં દર્શન માટે આવવા લાગ્યા. કેટલાકે મહારાજને કહ્યું : "મહારાજ ! સૂબાએ આપને આમંત્રણ આપ્યું છે. પણ તેમાં કાંઈ કપટ હોય તેવું જણાય છે. તે તો આપણો કટ્ટર દ્વેષી છે અને વામમાર્ગી છે."

મહારાજે ધીરેથી તેમને કહ્યું : "આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોય ! માટે તમે ચિંતા ન કરો. ધાર્યું ભગવાનનું થશે."

એટલામાં ત્યાં પ્રાણશંકર શુકલ આવ્યા. મહારાજને પ્રણામ કરી સન્મુખ બેસી ગયા. મહારાજે તેનું દારિદ્રય જોઈ પોતાના કંઠમાં સોનાની ઊતરી પહેરી હતી તે તેને આપી દીધી.

✧

સૂબાને શ્રીહરિ પધાર્યા છે તે સંદેશો મળી ગયો હતો. તેણે શ્રીહરિના સ્વાગતની બધી તૈયારીઓ કરી દીધી. ભદ્રના કિલ્લામાં સૂબાનો આવાસ હતો. તેણે પોતાનો દૂત મોકલ્યો. સાથે શ્રીહરિના સ્વાગત માટે બીજો સરંજામ પણ

મોકલ્યો. ઘોડેસવાર સૈનિકો શ્રીહરિને તેડવા આવ્યા. શ્રીહરિએ તેમને કહ્યું : "તમો સૌ જાઓ. અમે સાદાઈથી જ આવીશું." એટલે તે પાછા ફર્યા.

શ્રીહરિ પોતાની સાથે સંતો, હરિભક્તો તથા કાઠી અસવારો લઈ ભદ્રના કિલ્લામાં પધાર્યા. વિઠ્ઠલરાવ બાલાજી શ્રીહરિની આતુરતાપૂર્વક રાહ જોતો કિલ્લાના દરવાજા પાસે પોતાના અનુચરો સાથે ઊભો હતો. શ્રીહરિ પધાર્યા એટલે તેમને નમસ્કાર કરી તેમનું સ્વાગત કર્યું. શ્રીહરિ માટે પોતાના ભવનમાં બેઠક ગોઠવી હતી ત્યાં તે શ્રીહરિને લઈ ગયો. શ્રીહરિ સાથે કાઠી ભક્તો, પાર્ષદો, સંતો હતા. પણ સૂબાની સૂચના હતી કે કોઈને પણ અંદર દાખલ થવા ન દેવા. તેથી દરવાનોએ બધાને જ અટકાવ્યા. છતાં દંડી સંન્યાસી દેવાનંદજી દરવાનને ધક્કો મારીને અંદર દાખલ થઈ ગયા.

સૂબાના હાથ હેઠા પડે છે

મહારાજ અંદર ગયા અને સૂબાએ હાથ જોડી કહ્યું : "પધારો મહારાજ ! આજે આપે મારો આવાસ પાવન કર્યો. આપની પ્રતિષ્ઠા મારા દ્વાર સુધી પહોંચી ગઈ છે. આપનું કાર્ય હવે કોઈથી અજાણ્યું રહ્યું નથી." એટલું કહી તેણે મહારાજનો હાથ પકડ્યો અને તેમને માટે જે ગાદી તૈયાર કરી હતી, ત્યાં મહારાજને લઈ ગયો. પછી હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ આ ગાદી ઉપર બિરાજો. આપને સન્માનવાનો આ મહામૂલો અવસર મને મળ્યો છે."

શ્રીહરિએ હસીને કહ્યું : "તમારા જેવા રાજ્ય દરબારો, અમલદારોનો આ વિવેક છે. પરંતુ અમે તો ત્યાગી કહેવાઈએ. અમને આવાં રાજ્યાસન શોભે નહિ."

"આપ ત્યાગી છો તે વાત સાચી, પરંતુ આપ અનેકના ગુરુ છો, ઘણા આપને ભગવાન પણ માને છે. તેથી આપને માટે આ આસન યોગ્ય જ છે."

મહારાજે તરત જ ભ્રૂકુટી ફેરવી : "વિઠ્ઠલરાવ ! તમને તો ખ્યાલ નહિ હોય પણ ભગવાનની ગાદી અચળ હોય છે; સ્થિર હોય છે. તે કદી ડગતી નથી." એટલું કહીને મહારાજે તે ગાદી ઉપર પોતાના હાથમાં પકડેલી લાકડી જોરથી દબાવી અને તરત જ ગાદી નીચે સરકી.

દેવાનંદે આ જોયું. તેલના ઊંડા ટાંકામાં ગાદી જઈને પડી. તે તરત જ બોલી ઊઠ્યા : "કપટ, દગો !" સૂબો આ જોઈ મૂંઝાયો. દેવાનંદના મુખ ઉપરની રેખાઓ જોઈ તેને લાગ્યું કે જરૂર આ સાધુ શાપ આપશે. મહારાજે

દેવાનંદના મોં ઉપર પોતાનો હાથ મૂકી દીધો.

સૂબો વીલો પડી ગયો. તેનું કપટ ઉઘાડું પડી ગયું. તેણે નહોતું જાણ્યું કે તે ભગવાન સાથે કપટ રમી રહ્યો હતો. તેના ક્ષોભથી તે ધૂંધવાયો. શ્રીહરિની શાંત મુખમુદ્રાએ તેને વધુ પરાસ્ત કર્યો. તેની વાણીએ વિવેક ગુમાવ્યો : "તમારું કુળ, ન્યાત, જાત કોઈ જાણતું નથી. છતાં અમારા રાજ્યમાં તમો યજ્ઞો કરી અવૈદિક કાર્યો કરી રહ્યા છો. તેમાં રાજ્યનો દ્રોહ છે."

"અમે કોશલ દેશના સરવરિયા બ્રાહ્મણ છીએ. અમારા પિતાનું નામ ધર્મદેવ છે. માતાનું નામ ભક્તિદેવી છે. અમે વેદોક્ત કાર્યો જ કરીએ છીએ અને વેદધર્મનું સ્થાપન કરીએ છીએ. અમારી ન્યાત, જાત, કુળ, કુટુંબ બધું જ લોકો જાણે છે." શ્રીહરિએ શાંતિથી કહ્યું.

દેવાનંદ સ્વામીની ધીરજ હવે રહી નહિ. તેમણે તો 'દટ્ટણ સો પટ્ટણ' કરી નાખવાનો સંકલ્પ કરી લીધો. સૂબા તરફ તે એવી રીતે ફર્યા કે હમણાં જાણે સત્તા ઊથલી પડશે ! શ્રીહરિએ તેમને વાર્યા. તેમણે કહ્યું : "કોઈના પતનમાં આપણે નિમિત્ત ન બનવું. ભગવાને જે ધાર્યું હશે તે થશે."

દેવાનંદ સ્વામી ધ્રૂજતા હતા. તેમનો ક્રોધ તેમના રોમેરોમમાં પ્રસરી ગયો હતો. શ્રીહરિના સ્પર્શે તેઓ શાંત થયા.

સૂબાએ કહ્યું : "તમારી બધી જ વાત મિથ્યા છે. અમારા પંડિતોએ તમારાં વેદ વિરુદ્ધ આચરણ જોયાં છે. તમને મારો હુકમ છે કે તમારે અમદાવાદમાં પ્રવેશવું નહિ."

શ્રીહરિ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "ભલે, રાજ્યની આજ્ઞા અમારે માથે ચડાવવી જોઈએ. પરંતુ ક્યાં સુધી ન આવવું તે કહેશો ?"

સૂબાએ તરત જ કહ્યું : "અમારું રાજ્ય હોય ત્યાં સુધીનું ફરમાન છે. હમણાં ને હમણાં જ ઈડરિયા દરવાજેથી તમે શહેરની બહાર નીકળી જાઓ. બીજા બધા દરવાજા તમારા માટે બંધ છે."

મહારાજ દેવાનંદ સંન્યાસીની સાથે ત્યાંથી બહાર નીકળી ગયા. કિલ્લાની બહાર સંતો, હરિભક્તો, કાઠી અસવારો, પાર્ષદો ઊભા હતા. દેવાનંદ સ્વામીની મુખમુદ્રા જોઈ તે સૌ કાંઈક અનિષ્ટ બન્યું છે તે પામી ગયા. દેવાનંદ સ્વામીની પાસેથી હકીકત જાણવા મળી. કાઠી અસવારો અને પાર્ષદોએ કેડે હાથ નાખ્યો. મહારાજે કહ્યું : "આપણને સૂબાનું ફરમાન છે. માટે આ શહેરમાંથી નીકળી જઈએ."

ત્યાંથી જેતલપુર જવા દક્ષિણાદે દરવાજે ગયા. પણ ત્યાં દરવાનોએ અટકાવ્યા. તેમણે કહ્યું : "ઈડરિયા દરવાજેથી જ તમારે બહાર નીકળવાનું છે, બીજા બધા જ દરવાજા તમારા માટે બંધ છે." છતાં મહારાજ શ્રીપુરના અગિયાર દરવાજા હતા ત્યાં બધેય ગયા. દરવાનોને દર્શન દીધાં અને પછી ઈડરિયે દરવાજે પધાર્યા. અહીંથી મહારાજ અમદાવાદ શહેરની બહાર નીકળી ગયા.[૧૫૪]

રસ્તામાં એક પ્રેમી હરિભક્ત મળ્યા. તેણે બરફીની માટલી આપી. મહારાજે અશ્વ ઉપર બેઠાં બેઠાં જ તે હાથમાં લઈ લીધી. મહારાજે સાથેના સંતો-હરિભક્તોને કહ્યું : "આપણે મોટેરા જઈએ. ત્યાંના હરિભક્તોનો ખૂબ ભાવ છે." ત્યાંથી સંઘ મોટેરે ઉપડ્યો.

મહારાજ મોટેરામાં

અહીંના હરિભક્તોએ મહારાજને સુંદર ઉતારો આપ્યો. સંઘના સંતો-હરિભક્તો માટે પણ યોગ્ય વ્યવસ્થા કરી. હરિભક્તોએ રસોઈની વ્યવસ્થા દીધી. થોડી વારમાં રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ માટે પણ થાળ તૈયાર થઈ ગયો. મહારાજ જમ્યા. પછી સૌ સંતો-હરિભક્તોને જમાડ્યા.

જમ્યા પછી સૌ મહારાજ પાસે આવ્યા. ભદ્રમાં શું બન્યું તે જાણવા સૌ ઉત્સુક હતા. દેવાનંદ સ્વામીએ બધી જ હકીકત કહી. તે સાંભળી સંતોએ કહ્યું : "મહારાજ ! અમદાવાદનો સૂબો બહુ જ દ્વેષી છે. સંતોનો તો તે દ્રોહ કરે છે. પણ આપનો પણ તેણે દ્રોહ કર્યો ? સૂર્ય-ચંદ્રાદિક દેવતાઓ, નાના-મોટા ભગવાનો આ બધું કેમ સહન કરી રહ્યા છે ?"

મહારાજે કહ્યું : "આપણે આપત્તિમાં હંમેશાં ધીરજ રાખવી. આવો સમય સદાકાળ તો રહેવાનો નથી જ, માટે ભગવાનની મરજીમાં આપણે રાજી રહેવું."

---

૧૫૪. આ પ્રસંગ પછી તરત જ અમદાવાદમાં ધરતીકંપ થયો હતો અને સભાનો ગોખ તથા ઘણાં મકાનો પડી ગયાં હતાં. પરંતુ શ્રીહરિએ ભક્તોની તથા બીજા મનુષ્યોની રક્ષા માટે તરત જ તે કંપ બંધ કરી દીધો હતો.

– 'અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ'; પા. ૧૨૪

આ પ્રસંગ બીજી રીતે વર્ણવાય છે પણ ઉપર મુજબનું વર્ણન વધુ પ્રમાણભૂત મનાય છે.

આ પ્રસંગ શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૧૪, તરંગ-૬૫માં આ.સં. ૧૮૬૮માં બન્યો એમ ઉલ્લેખ છે. જ્યારે 'અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ'માં ૧૮૬૭ની સંવતનો ઉલ્લેખ છે. – લેખક

"તો હવે અમદાવાદમાં આપણે જવાનું જ નહિ ?" સંતોએ પૂછ્યું.

"અનુકૂળ સમય આવશે ત્યારે જવાશે. ત્યાં સુધી આજુબાજુનાં ગામોમાં ફરશું. અમદાવાદના હરિભક્તોને એ રીતે પોષણ આપશું." મહારાજે શાંતિથી કહ્યું.

વહેલાલમાં

મહારાજે પછી સૌ સંતોને કહ્યું : "આપણને જેતલપુરમાં વહેલાલના જેસિંગભાઈએ વહેલાલ આવવાનું આમંત્રણ આપ્યું હતું. માટે આપણે અહીંથી હવે વહેલાલ જઈએ." શ્રીહરિ સાથે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી વગેરે સંતો હતા.

મહારાજ સંતો-હરિભક્તો સાથે વહેલાલ પધાર્યા. તે સમાચાર વહેલાલમાં જેસિંગભાઈને મળ્યા. એટલે તેઓ તથા તેમના ભાઈઓ જોરાભાઈ, જેઠાભાઈ તથા જેસિંગભાઈના પુત્રો અજુભાઈ, વસ્તાભાઈ, શામળભાઈ તેમજ ગામના પાટીદારોએ મહારાજનું ભવ્ય સામૈયું કર્યું. જેસિંગભાઈએ હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપે જેતલપુરમાં આપેલું વચન યાદ રાખ્યું ખરું !"

મહારાજ હસ્યા. પછી બોલ્યા : "તમારો ભાવ હતો એટલે યાદ આવી ગયું."

જેસિંગભાઈ સમજી ગયા કે મહારાજ કોઈ વાત પોતાના ઉપર લેતા જ નથી. પોતે સર્વકર્તા, સર્વાંતર્યામી હોવા છતાં હંમેશાં ભક્તોને, તેમના ભાવને નિમિત્ત બનાવી તેમના મનોરથ પોષે છે, પૂરા કરે છે.

મહારાજને માઢ-મેડી ઉપર ઉતારો આપ્યો. મહારાજ અહીં ઢોલિયા ઉપર બિરાજ્યા અને પોતાનાં બે ચરણારવિંદ પસાર્યાં. જેસિંગભાઈના પિતા રઘનાથદાસે મહારાજનાં બંને ચરણારવિંદમાં સોળ ચિહ્નો જોયાં અને તેમને નિશ્ચય થયો કે જરૂર આ મોટાપુરુષ છે. મહારાજ તેમના સામું જોઈ હસતા હતા.

રસોઈ તૈયાર થઈ એટલે મહારાજને બ્રહ્મચારી તેડવા આવ્યા. મહારાજ તળાવકાંઠે પધાર્યા, રાયણની[૧૫૫] નીચે બેસી જમ્યા. સંતોની પંક્તિ કરી તેમને

૧૫૫. આ રાયણનું ઝાડ અત્યારે 'સ્વામીની રાયણ' એ નામે ઓળખાય છે. તેને કોઈ કાપી શકતું નથી. એક જણે તે રાયણનું ઝાડ કાપ્યું તો સરકારે તેનો રૂ. ૧૫૦૦/- દંડ કર્યો. બીજો તે કાપવા ગયો તો કુહાડી તેના પગમાં વાગી. ત્યારથી 'સ્વામીની રાયણ'નો ચમત્કાર સૌ સમજવા લાગ્યા.

પણ જમાડ્યા. પછી મહારાજ ઉતારે પધાર્યા.

✧

ત્યાંથી મહારાજ સળકી પધાર્યા. અહીં દયાળજી પગીને ઘેર ઊતર્યા. મહારાજને અહીં ચોરાસી કરવાની ઇચ્છા થઈ. જેતલપુરથી છૂટા પડેલા સંતો હજુ આજુબાજુનાં ગામોમાં જ ફરતા હતા. એટલે મહારાજે તેમને સૌને અહીં બોલાવ્યા.

મહારાજે નાંદોલના વિપ્રોને બોલાવ્યા. તેમને કહ્યું : "અમારે અહીં બ્રાહ્મણોની ચોરાસી કરવી છે. તો આસપાસનાં ગામોના બ્રાહ્મણોમાં નોતરાં ફેરવવાં છે."

આ સાંભળી તેમણે કહ્યું : "મહારાજ ! અમારી ન્યાતમાં હમણાં ઝઘડા ચાલે છે. એટલે ન્યાતના વરા બધા બંધ છે અને અમો કોઈ ક્યાંય જમવા જતા નથી."

મહારાજ આ સાંભળી રહ્યા. ન્યાતના ઝઘડા મહારાજની ચોરાસી કરવાના સંકલ્પની આડે આવ્યા. આવી ક્ષુદ્ર સમજણવાળા બ્રાહ્મણોએ શ્રીજીમહારાજના સંકલ્પમાં ભળી ભક્તિ કરવાનો આવો અમૂલ્ય અવસર ખોયો.

આ અવસરે આસપાસના કોળી, ઠાકરડા, ભીલ વગેરે બાળ, જુવાન ત્યાં આવ્યા હતા. સત્સંગનો તેમને રંગ ન હતો. પરંતુ લોકો મહારાજને ભગવાન કહે છે અને વળી આજ બ્રાહ્મણોને નોતરાં છે તેથી કાંઈક જમવાનું પણ મળશે એ ભાવથી તેઓ આવ્યા હતા.

મહારાજે તેમને બધાને બોલાવ્યા અને કહ્યું : "તમે બધા આવ્યા છો તે આજે જમો ને અમારું વચન માનશો તો તમે પણ બ્રાહ્મણો જેવા થઈ જશો."

અમારે બ્રાહ્મણોની ચોરાશી થઈ ગઈ

તેમણે બધાએ હાથ જોડી કહ્યું : "બાપજી ! આપનું શું વચન છે ?"

મહારાજે કહ્યું : "ચોરી તથા છીનાળીનો તમારો ધંધો છોડી દ્યો. દારૂ પીવાનું બંધ કરો અને માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લ્યો. તમારું કલ્યાણ થશે."

કોળી, ઠાકરડાઓ અને ભીલ જેવી અજ્ઞાત પ્રજા કલ્યાણની વાતમાં તો કાંઈ સમજી નહિ. પરંતુ મહારાજના આ શબ્દો તેમને જુદા લાગ્યા. તેમને આંતરપ્રેરણા થઈ કે આ ભગવાનનું વચન માની લેવું. સૌએ એકી અવાજે કહ્યું : "પ્રતિજ્ઞા, બાપજી ! આજથી જ પ્રતિજ્ઞા, તમારા વચને બધું જ છોડ્યું."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. બધાને પંક્તિમાં બેસારવાની આજ્ઞા

કરી. પાર્ષદોએ વ્યવસ્થા કરી દીધી. મહારાજે જાતે સૌને પીરસ્યું. પીરસતાં પીરસતાં પણ કહેતા જાય : "જો જો હોં શૂરવીર થજો, ચોરી-છીનાળીને ચાળે હવે ચડશો નહિ. દારૂ, માંસ અગરાજ કરી દેજો."

"અરે બાપજી ! હવે તો માથા સાટે, આપની પ્રસાદી જમ્યા પછી ખૂટલ કેમ થવાય ?"

મહારાજ તેમની સચ્ચાઈ જોઈ બોલ્યા : "અમારે બ્રાહ્મણોની ચોરાશી થઈ ગઈ !"

બીજે દિવસે મહારાજ સંતો સાથે ખારી નદીએ સ્નાન કરવા પધાર્યા. મહારાજ સ્નાન કરી રહ્યા પછી દયાળ પગીએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ નદીમાં પાણી રહેતું નથી તેથી લોકોને ખૂબ ત્રાસ પડે છે. તો આપ દયા કરો તો એ ત્રાસ મટે."

મહારાજે તરત જ કહ્યું : "હવેથી પાણી રહેશે. લોકો આ પ્રસાદીનું પાણી પીશે, તેમાં સ્નાન કરશે અને પાવન થઈ જશે."

જમ્યા પછી મહારાજે સંતોને ગામેગામ ઉપદેશ નિમિત્તે ફરવા મોકલ્યા. પછી મહારાજ થોડા સંતો, પાર્ષદો સાથે ત્યાંથી નીકળી જેતલપુર, ધોળકા, લીંબડી, ચૂડા, નાગડકા, લોયા થઈને બોટાદ પધાર્યા. બોટાદથી સારંગપુર પધાર્યા. ફાગણનો ફૂલદોલ મહારાજને સારંગપુરમાં કરવાની ઈચ્છા હતી.



ઉદ્‌ગીથ ૨૭

સારંગપુરમાં ફૂલદ્વોલોત્સવ આ.સ. ૧૮૬૫

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૯)

મહારાજ જીવાખાચરના દરબારમાં ઊતર્યા. સારંગપુરના હરિભક્તોને અજાણ્યે જ આ લાભ મળી ગયો. એટલે સૌ ઉત્સાહમાં આવી ગયા. મહારાજે જીવાખાચર, માતરા ધાધલ વગેરે હરિભક્તોને કહ્યું : ''આપણે અહીં ફૂલદોલનો ઉત્સવ કરવો છે. તો દેશોદેશ કંકોત્રી લખો. ગામોગામથી હરિભક્તોના સંઘ તેડાવો, સંતનાં મંડળ તેડાવો.''

મહારાજે સામે ચાલીને આ ઉત્સવ અહીં ઊજવવાનું કહ્યું તેથી સૌ આનંદમાં આવી ગયા. ઘોડેસવારો અને ખેપિયાઓ સાથે કાગળો ગામોગામ મોકલી દીધા.

સારંગપુરમાં સંતોનાં મંડળો આવવા લાગ્યાં. હરિભક્તોના સંઘ પણ આવ્યા. કીડિયારું ઊભરાય તેમ માણસ ઊભરાવા લાગ્યા. ગામ નાનું અને સંઘ મોટો ! પણ ગાગરમાં સાગર સમાઈ ગયો ! જીવાખાચર એવા ભક્તરાજ હતા. મહારાજને તેમની ભક્તિનો રંગ બહેલાવવો હતો, સારંગપુરને સદાનું મહાન તીર્થધામ બનાવવાનો સંકલ્પ કરવો હતો.

સારંગપુરના હરિભક્તો સંઘની સેવામાં જોડાઈ ગયા. બોટાદથી ગાડાં ભરી ભરીને કંકુ-ગુલાલ આવવા લાગ્યાં. સારંગપુર અને આજુબાજુનાં ગામોની સીમમાં ઝાડ ઉપર કેસૂડો શ્રીહરિને રંગથી રંગી તેમના રંગે રંગાવા ફાલ્યો હતો. તે ફૂલો પણ ગાડાં ભરીને લોકો લાવવા લાગ્યા.

હરિભક્તોના સંઘ પણ ભારે ભેટો મહારાજ માટે લઈને આવવા લાગ્યા. સંતોનાં મંડળો પણ આવ્યાં. મહારાજ સૌને જોઈ ખૂબ પ્રસન્ન થયા. તેમને સમૂહ ગમતો, સમૂહમાં રહેવું ગમતું. તેમાંય વળી આ તો પોતાનો જ પરિવાર ! પોતાના સંબંધે બ્રહ્મભાવ પામી મોક્ષની સિદ્ધિ હાંસલ કરવાની અભિપ્સાવાળા

મુમુક્ષુઓ ! તેમને જોઈને મહારાજ કેમ પ્રસન્ન ન થાય ?

જીવાખાચરના દરબારની બાજુમાં જ તેમના જમાઈ માતરા ધાધલનાં ઘર હતાં. દરબારગઢનો ચોક અને માતરા ધાધલની ફળી વચ્ચે એક મોટી અને પહોળી દીવાલ હતી. મહારાજ તે દીવાલ ઉપર ઢોલિયો મુકાવીને તે ઉપર બિરાજ્યા. જીવાખાચરના દરબારગઢના ચોકમાં સંતો, પાર્ષદો અને હરિભક્તો હતા. માતર ધાધલની ફળીમાં સ્ત્રીહરિભક્તો હતાં. મહારાજ ઉપર બંને તરફથી ગુલાલ ઉછળવા માંડ્યો. હરિભક્તો, સંતો અને પાર્ષદો તથા બીજી બાજુ સ્ત્રીભક્તો મહારાજનાં દર્શન કરતાં, પરસ્પર રંગે રમતાં, મહારાજના દિવ્ય સંબંધની આ ભક્તિમાં મસ્ત બની ગયાં !

એટલામાં એક બહેને ગરમ પાણીમાં ઉકાળેલો કેસૂડાનો રંગ મહારાજ ઉપર નાખ્યો. પાણી સખત ગરમ હતું. તેથી મહારાજ એકદમ હં હં કરતા જે તરફ સંતો-હરિભક્તો હતા તે તરફ ઊતરી ગયા. સંતોએ જોયું કે મહારાજના શરીર ઉપર ગરમ પાણી પડ્યું છે. હાથની, મુખની ચામડી લાલ લાલ થઈ ગઈ હતી. સૌ મહારાજનાં વસ્ત્રો ઉતારવા લાગ્યાં. મહારાજે તેમને કહ્યું : "પ્રેમમાં નિયમ ન હોય માટે રહેવા દ્યો. ચાલો, જાળિયે ધરે નાહવા જઈએ." એમ કહી પોતાનો રોઝો ઘોડો મગાવ્યો.

મહારાજ સંત-પાર્ષદો સાથે જાળિયે ધરે નાહવા પધાર્યા. અહીં સંતો, ભક્તો સાથે જળક્રીડા કરી. સખાએ સારી રીતે નવરાવ્યા. પોતે પણ સખાઓને જળ છાંટી સ્નાન કરાવ્યું. પછી બહાર નીકળી મહારાજે કોરાં વસ્ત્ર પરિધાન કર્યાં. એટલામાં એક સ્ત્રી દોડતી પાણીનો ઘડો લઈને આવી અને મહારાજ ઉપર તેણે પાણી ઢોળી દીધું. મહારાજનાં બધાં જ વસ્ત્રો ભીંજાઈ ગયાં. મહારાજે હસીને કહ્યું : "જુઓ, આ ગાંડો પ્રેમ કહેવાય." મૂળજી બ્રહ્મચારી મૂંઝાયા. બીજાં કોરાં વસ્ત્રો દરબારમાં હતાં, મહારાજ ભીને વસ્ત્રે જ ત્યાંથી સખા સાથે નીકળ્યા.[૧૫૬]

કામવાસના ભક્તોનું પતન કરે છે

મહારાજ ગામમાં પધાર્યા ત્યારે સામી એક ઝાંપડી મળી. તેણે મહારાજનાં ભાવથી દર્શન કર્યાં. પૃથ્વી ઉપર બેસી પંચાંગ પ્રણામ કર્યા અને તેને તરત જ ત્યાં સમાધિ થઈ ગઈ ! મહારાજ સખા સાથે આગળ ચાલ્યા. જીવાખાચરના

૧૫૬. શ્રીહરિલીલામૃત; કળશ ૭, વિશ્રામ ૫.

દરબારમાં પધાર્યા. અહીં મુકુન્દ બ્રહ્મચારીએ મહારાજને કોરાં વસ્ત્રો પરિધાન કરાવ્યાં. પછી મહારાજ પલંગ ઉપર બિરાજમાન થયા. તે સમયે જીવાખાચરે મહારાજને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! ઝાંપડીને આપનાં દર્શનથી સમાધિ થઈ ગઈ તે એવા ભારે સંસ્કારવાળી લાગે છે."

મહારાજે તે સાંભળી કહ્યું : "તે પૂર્વજન્મમાં ભારે પુણ્યવતી સ્ત્રી હતી. કૃષ્ણભક્તિ કરતી હતી. દાન, પુણ્ય પણ ખૂબ કરતી. પરંતુ અંતરમાં કામવાસના ખૂબ હતી." સભાજનો આ આશ્ચર્યકારી ઘટના શ્રીહરિના મુખે સાંભળી રહ્યા.

મહારાજે કહ્યું : "વર્ષાઋતુના સમયે તે પોતાના મકાનના ઝરૂખામાં બેઠી હતી. એટલામાં સામેથી ઝાંપડો આવતો તેણે જોયો. તે વાને ગોરો હતો. માથે લાલ ફાળિયું વીંટ્યું હતું. વાંસળી વગાડતો વગાડતો તે આવતો હતો. તે સ્ત્રીની નજર તેના પર પડી. વર્ષાઋતુ અને વાંસળીના સૂર બંનેએ કામણ કર્યું અને તે સ્ત્રીનું ચિત્ત તે ઝાંપડામાં પરોવાઈ ગયું !"

આવી પુણ્યવતી સ્ત્રી અને તેનું મન ઝાંપડામાં લોભાયું ! સૌ આશ્ચર્યવત્ આ વાત સાંભળી રહ્યા.

મહારાજે આગળ વાત કરતાં કહ્યું : "કામવાસના ભક્તનું કેવું પતન કરે છે; તે સમજવાનું છે. આ સ્ત્રીને તેના અંત સમયે તે ઝાંપડાની સ્મૃતિ થઈ આવી અને તેણે દેહ મૂકી દીધો. આ જનમ ઝાંપડીનો લેવો પડ્યો." મહારાજે વાત પૂરી કરી અને સભામાં જાણે સૌના અંતરમાંથી નીકળતો નિઃશ્વાસ ભારેખમ થઈને બેસી ગયો !

"સંતો ! ભક્તો ! સાંભળો, આ સ્ત્રીની કામવાસના બળવાન હતી, તો તેના પુણ્યકાર્યને પણ દબાવી તેને આવી ગતિમાં નાખી દીધી. ભરતજી મહાન તપસ્વી હતા. ભગવાનની પ્રાપ્તિ માટે રાજ્ય, કુટુંબ, પરિવાર બધું જ છોડ્યું હતું, પરંતુ મૃગલીના બચ્ચામાં હેત થઈ ગયું તો તેના આકારે તેની વૃત્તિઓ થઈ ગઈ. બીજો જન્મ મૃગનો લેવો પડ્યો. એટલે સમગ્રપણે તમારા સૌની વૃત્તિઓ અમારા સ્વરૂપમાં જોડાયેલી નહિ રહે, જગતની કોરની સહેજ પણ વાસના હશે તો મોક્ષમાર્ગમાં વિઘ્ન આવશે."

મહારાજની આ વાતો સૌ સાંભળી રહ્યા. પછી મહારાજે તેમને કહ્યું : "અમે તમારી રક્ષા તો કરીશું પરંતુ તમારે સૌએ સાવધાન રહેવું પડશે, જાણપણું રાખવું પડશે. અમારા સ્વરૂપમાં તમારા ચિત્તની વૃત્તિ અખંડ જોડી રાખવાનું જે જાણપણું તે જ તમારું સાધન ! એ સાધન જ તમને નિર્વાસનિક

બનાવી બ્રહ્મમહોલના અધિકારી બનાવશે.'' મહારાજે વાત પૂરી કરી.

સૌને થયું મહારાજની પ્રાપ્તિ તો થઈ છે, મહિમા પણ સમજાણો છે. પરંતુ અંતરમાં સંસારના ભાવો છે તેથી મહારાજના સ્વરૂપમાં અંખડ વૃત્તિ રહેતી નથી.

એ સાધન કઠણ હતું અને છતાં એ જ કરવાનું હતું. ચિત્તની વૃત્તિ સમગ્રપણે મહારાજના સ્વરૂપમાં જોડી દેવાની હતી.

✧

મહારાજે બીજે દિવસે સંઘને રજા આપી. હરિભક્તો, સંતો, પાર્ષદો સૌ મહારાજની આજ્ઞા પ્રમાણે સારંગપુરથી નીકળ્યા – સંતો દેશ-પરદેશ ફરવા, હરિભક્તો પોતાને ઘેર જઈ મહારાજની આ દિવ્ય લીલાની સ્મૃતિ કરવા. તેમને તો મનમાં અખંડ એમ જ કે ક્યારે હવે બીજો ઉત્સવ મહારાજ કરે અને આપણને એમનાં દિવ્ય સ્વરૂપનાં, એમની દિવ્ય લીલાનાં દર્શન થાય !

મહારાજ પણ તેમનો પ્રેમ જોઈ તેમને સૌને સારંગપુરની સીમ સુધી વળાવવા જવા માટે તૈયાર થયા. પોતાનો રોઝો મંગાવ્યો. મહારાજની સાથે જીવાખાચર, સોમલોખાચર, રાઠોડ ધાધલ તથા અન્ય કાઠી ભાયાતો પણ હતા.

રોઝા ઘોડાને અસુરો દેખાયા

મહારાજ ગામ બહાર થોડા આઘેરા નીકળ્યા અને મહારાજનો રોઝો ઘોડો એકદમ ઝાડ થઈ ગયો. ઘડીક આગળથી બે પગ ઊંચા કરે અને ઘડીક પાછળથી બે પગ ઊંચા કરે, સૌને લાગ્યું કે ઘોડો તોફાને ચઢ્યો છે. એટલે પાર્ષદો તેનું ચોકડું પકડવા પાસે આવ્યા. પણ રોઝો ભારે તોફાને ચઢ્યો હતો. મહારાજે બને પેગડામા રાખેલા બને પગ ઘોડાના પેટ સાથે દબાવ્યા. ચોકડું ખેચ્યું અને રોઝો ત્યાંથી ચાર પગે દોડ્યો. સૌ રોઝાને એ રીતે ઉન્મત્ત બની દોડતો જોઈ રહ્યા. મહારાજે તેને કુંડાળે નાખ્યો. મહારાજે ચોકડું સજ્જડ પકડ્યું હતું. બંને પગ તેના પેડુમાં મજબૂત હતા અને તેની ગરદન ઉપર નીચા નમી પેડુમાં પગ ભરાવતા ઘોડાને વેગથી કુંડાળામાં મહારાજ ફેરવવા લાગ્યા. એક, બે, ત્રણ, ચાર એમ મોટા કુંડાળે ઘોડાને નાંખ્યો, સંતો-હરિભક્તો ઊંચા શ્વાસે આ જોઈ રહ્યા હતા. કેટલાકે વિચાર કર્યો કે ઘોડીઓ લઈને તે રોઝા ઘોડાને આંતરિએ, પણ તેમાં તો તે વધારે ભડકશે એવી સૌને બીક લાગી. તેથી મહારાજની આ લીલામાં પણ કાંઈક કૌતુક હશે એમ જાણી સૌ નિહાળી રહ્યા.

એટલામાં મહારાજ રોઝાને ફેરવતાં ફેરવતાં જ્યાં હરિભક્તો, સંતો ઊભા હતા ત્યાં પધાર્યા. ઘોડાની ઉન્મતાઈ મંદ પડી ગઈ હતી. તેનો વેગ ધીમો થઈ ગયો હતો, શરીરે પરસેવો ચાલ્યો જતો હતો, મહારાજ ભક્તો પાસે આવ્યા અને રોઝા ઘોડા ઉપરથી છલાંગ મારી નીચે ઊતરી ગયા. નાજા ભક્તે રોઝાની લગામ મહારાજના હાથમાંથી લઈ લીધી. મહારાજના શરીરે પરસેવો વળી ગયો હતો. મહારાજ એક ઝાડ નીચે પધાર્યા. હરિભક્તોએ વસ્ત્રો પાથરી દીધાં. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. ઘોડો હજી હાંફતો હતો.

થોડી વારે જીવાખાચરે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ ઘોડો એકાએક કેમ ભડક્યો ? એક પળમાં આ શું બની ગયું તે કાંઈ ખબર પડી નહિ."

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "તમને સમજાય એવી આ વાત નથી. આપણે જેવા આ સીમમાં આવ્યા તે વખતે જ શ્રીકૃષ્ણના સમયમાં જે અસુરો મરાયા હતા તે તેમનું વેર વાળવા માટે હાથમાં શસ્ત્રો લઈ અદૃશ્ય સ્વરૂપે આવ્યા. તેના તમોગુણી તપથી તે ગમે તેવું સ્વરૂપ ધારણ કરી શકે એવી શક્તિ ધરાવતા હોય છે. અમારી ઇચ્છાથી આ રોઝાને દેખાયા અને તે બે પગે ઝાડ થયો. એટલે અસુરો પાછળ ગયા. એટલે અમે ઘોડાના પાછલા બે પગ તેમની સામે ઉછાળ્યા. એટલે તે આગળ આવ્યા અને અમે તેના ઉપર ઘોડો દોડાવ્યો, ઘોડાની ખરીએ તે બધા અસુરોને ચગદી નાખ્યા." એટલું કહી મહારાજ થોડી વાર અટક્યા. પછી બોલ્યા : "વળી, આ રોઝો પણ ઉન્મત્ત થઈ ગયો હતો, એટલે તેને કુંડાળે નાંખ્યો. પૂરપાટ દોડાવ્યો અને જ્યાં ત્રણ, ચાર, પાંચ કુંડાળાં ફેરવ્યો એટલે તરત તેનો મદ ઊતરી ગયો, તેની ઉન્મત્તાઈ મંદ પડી ગઈ."

સૌ એકચિત્તે આ સાંભળી રહ્યા. મહારાજ પણ તેમની સામે જોઈ રહ્યા. પછી મહારાજે હસતાં હસતાં કહ્યું : "હવે ત્રીજી વાત કહું. ઘોડાને અમે કુંડાળે નાંખ્યો અને જેટલી જમીન આંતરી ત્યાં આજથી સો વર્ષ પછી મોટું મંદિર થશે. તે મંદિરનું ખાતમુહૂર્ત પણ આજે અમે કરી દીધું. તે મંદિરમાં અમે અમારા ધામ સહિત બેસીશું."

ન કળાય, ન સમજાય તેવી મહારાજની આ વાત હતી. વર્તમાનમાં વસનારાને અગમનો અવાજ ન સંભળાય. સૌ આશ્ચર્યચકિત થઈ ગયા !

"અને ચોથી વાત.' એમ કહી મહારાજ બોલ્યા : "આજે તમે સૌ વિદાય લ્યો છો તો આ દિવ્ય લીલા, આ દિવ્ય મૂર્તિ તમારા સૌના અંતરમાં કાયમ રહે

તે માટેનું પણ અમારું આ ચરિત્ર હતું."[૧૫૭] એટલું કહી મહારાજ વિરમ્યા.

અતૃપ્ત નયને મહારાજનાં દર્શન કરતાં સૌ સંતો-હરિભક્તો આ દિવ્ય લીલાની સ્મૃતિ કરતા ત્યાંથી વિદાય થયા. મહારાજ પણ જીવાખાચર અને કાઠી હરિભક્તોની સાથે જીવાખાચરના દરબારમાં પધાર્યા.

✧

જીવાખાચરનાં દીકરી સોમદેબાઈ જેને દેવકુબાઈ પણ કહેતાં તેને મહારાજ પ્રત્યે અતિશય હેત હતું. સોમદેબાઈના પતિ માતરા ધાધલ કાઠીના રિવાજ મુજબ બાપુ જીવાખાચરને ત્યાં જ રહેતા. એટલે સોમદેબાને મહારાજની સેવા કરવાનો લાભ સારો મળતો. મહારાજ પણ તેના પ્રેમને અનુરૂપ તેને લાડ લડાવતા. ઘણી વખત વહેલા ઊઠી મહારાજ સોમદેબાના ઓરડામાં જઈને સોમદેબા વલોણું કરતા હોય ત્યારે તેની સાથે નેતરાં તાણતા. સોમદેબા મહારાજને માખણ અને સાકર જમાડતાં. પરંતુ માતરા ધાધલને સોમદેબાની મહારાજ સાથેની આ ક્રિયા ગમતી નહિ. તેને મનમાં થતું સોમદે રૂપાળી અને જુવાન અને મહારાજ પણ જુવાન. મહારાજ તેની સાથે હસીને બોલે, નેતરાં તાણે, સોમદે મહારાજને માખણ જમાડે, તેમના માટે ઊના ઊના રોટલા બનાવે, ઘી, ગોળ, ચોપડીને આપે, મહારાજ સામે બેસીને જમે, આ બધું જોઈ તેનું અંતર કકળી ઊઠતું. તેના અંતરમાં દ્વેષાગ્નિ વધુ પ્રદિપ્ત થયો. તેણે વિચાર કર્યો કે મહારાજનું કાસળ કાઢી નાખવું.

માતરા ધાધલને દિવ્ય દર્શન

તેના વિચારને વેગ મળ્યો. સોમદેએ તેને કહ્યું : "રોજ મહારાજથી આઘો આઘો ફરે છે, તે કાંઈક સેવા કરીશ તો મહારાજ રાજી થશે."

---

૧૫૭. *શ્રીજી કહે સુણો તમે દાસ - રમે હરિ રંગતાળી.*
અસુર આપતા તમને ત્રાસ - રમે હરિ રંગતાળી.
તેથી કર્યું અસૂર નિધન, રમે; હવે સુખે રહો હરિજન. રમે.
વળી ઘોડો ઉન્મત્ત બેહદ, રમે; તેથી હરણ કર્યો તેનો મદ. રમે.
વળી કુંડાળાની જાણો વાત, રમે; કર્યું મોટા મંદિરનું ખાત. રમે.
ધામ સહિત રહેશું અમે આહીં, રમે; એવું મંદિર થાશે સુખદાઈ. રમે.
આજ થકી વીતે વરસ શત, રમે; થાશે મોટું મંદિર ત્રત. રમે.
સુણી હરિના અગમ વચન, રમે; થયા રાજી પુરના હરિજન. રમે.

"શું સેવા કરવાની છે ? મને બતાવ !" માતરાએ કહ્યું.

સોમદેએ તરત કહ્યું : "હમણાં મહારાજ નાહવા પધારશે. તેમને ઊના પાણીથી સારી રીતે ચોળીને નવરાવજે."

આ સાંભળી માતરો મનમાં રાજી થયો. તેને થયું કે ખરો લાગ આવ્યો છે. તેણે કહ્યું : "સોમદે, પાણી ઊનું હું કરીશ. માટે દેગડો ભરીને લાવ, ચૂલા ઉપર મૂકી દઉં." સોમદેને માતરાના ઉત્સાહથી આનંદ થયો.

મહારાજ સ્નાન કરવા પધાર્યા. આજે બ્રહ્મચારી સાથે ન હતા. એટલે માતરા ધાધલને આનંદ થયો ! પાણી સારી રીતે ગરમ કર્યું. દેગડામાં પાણી ઉકળવા માંડ્યું. મહારાજ પાટલા ઉપર બિરાજ્યા અને પાસેની તાંબા કૂંડીમાંથી ગરમ પાણીથી સ્નાન કરવા લાગ્યા. તેવામાં માતરે મહારાજ ઉપર દેગડામાંથી ઉકળતું પાણી નાંખ્યું. એટલે તરત જ મહારાજે ઊંચે જોયું. માતરા સામે હસીને કહ્યું : "માતરા ! પાણી આટલું બધું ટાઢું કેમ છે. જરાક તો ગરમ કરવું'તું."

માતરો વિચારમાં પડી ગયો ! દઝાય નહિ તેથી લૂગડાથી દેગડો તેણે પકડ્યો હતો. તેમાંથી વરાળ નીકળતી હતી અને છતાં મહારાજને પાણી ટાઢું લાગ્યું ! તેણે મહારાજના શરીર ઉપર હાથ ફેરવ્યો અને ખરેખર મહારાજનું શરીર ટાઢું જ હતું ! તે હેબતાઈ ગયો ! તેણે મહારાજના સન્મુખ હાથ જોડી દીધા, તરત જ તેને સમાધિ થઈ અક્ષરધામમાં મહારાજનાં દિવ્ય સ્વરૂપે તેને દર્શન થયાં.[૧૫૮]

સોમદે દેવકીજીનો અવતાર છે

થોડી વારે તે જાગ્રત થયો ત્યારે મહારાજે તેને કહ્યું : "ધાધલ ! અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા કરો. અમારો કાગળ વાંચીને તમે જ સાધુ થવા નીકળી ગયા હતા. ત્યારે જે ભાવ હતો, આજે એ ભાવમાં ફેર પડી ગયો છે."

માતરાની આંખમાં આંસુ હતાં. મહારાજે કહ્યું : 'આ તારી સ્ત્રી કોણ છે તે તું જાણે છે ? તે દેવકીજીનો અવતાર છે. તે જન્મમાં ભગવાન તેના પુત્ર હોવા છતાં તેમને લાડ લડાવી શક્યાં ન હતાં. તેથી આજે આ જન્મમાં તેના લાડકોડ અમે પૂરા કરીએ છીએ. તેને વિશે હવે ખોટો ભાવ કદી કલ્પીશ નહિ."

---

૧૫૮. આ પ્રસંગ શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૩, વા. ૪૮૧માં જુદી રીતે લખ્યો છે. સારંગપુરના જીવાખાચરના વંશજ શ્રી હકાભાઈખાચર પાસેથી આ પ્રસંગ ઉપર પ્રમાણે સાંભળ્યો છે. — લેખક

માતરા ધાધલનું અંતર મહારાજના આ શબ્દોથી શુદ્ધ થઈ ગયું. મહારાજના સ્વરૂપના જ્ઞાનના શબ્દો તેમાં લખાયેલા તે વાંચવા લાગ્યો. મહારાજની વાણી તેમાં પ્રકાશ પાડતી ગઈ. તેણે ફરી મહારાજના ચરણમાં પ્રણામ કર્યા. એટલામાં બ્રહ્મચારી દોડતા આવ્યા : "અરે નવરાવતી વખતેય પગે લાગવાનું ! ખબર પડે છે કે મહારાજને ટાઢ વાતી હશે ?" એમ કહી તે મહારાજનું શરીર લૂછવા લાગ્યા. મહારાજ નાહીને જીવાખાચરના દરબારમાં પધાર્યા.

માતરા ધાધલ પણ તેના ઓરડામાં ગયા. અહીં સોમદેબા મહારાજ માટે રસોઈ કરતાં હતાં. નીચે બેસીને તે તેને પગે લાગ્યા. તે જોઈ સોમદેબા એકદમ ઊભાં થઈ ગયાં અને બોલ્યાં : "અરે ધાધલ ! આ તે વળી શું ગાંડા કાઢવા માંડ્યાં ! પગે તો મહારાજને લાગવાનું હોય !"

"મહારાજને તો પગે લાગ્યો, પણ એમણે જ કહ્યું : જા, દેવકીજીને પગે લાગ." આ સાંભળી સોમદે નીચું જોઈ ગયાં. માતરાએ કહ્યું : "સોમદે ! ખરું કહું ? તારા વિષે અને મહારાજને વિષે મને ખોટા સંકલ્પો થતા હતા. તમને એકલાં સાથે જોતો, મહારાજ તારી સાથે નેતરા તાણતા, તું તેમને માખણ જમાડતી, આ બધું જોઈ મારું અંતર સળગી ઊઠ્યું હતું."

એ સાંભળી સોમદેબા એકાએક બોલી ઊઠ્યાં : "અરે ભૂંડા ! મહારાજ તો ભગવાન છે. આપણને તો એ લાડ લડાવે છે. તેમાં આવા ભૂંડા ઘાટ કર્યા ? મહારાજને ભગવાન જાણી સાધુ થાવા તો કાગળ વાંચીને હાલી નીકળ્યો'તો. તે સમજણ સળગી ગઈ ?"

માતરે કહ્યું : "સોમદે ! સાંભળ. તે સમજણ સળગી જ ગઈ હતી અને એટલે જ આજે તેં મને મહારાજને નવરાવવાનું કહ્યું ત્યારે હું રાજી થયો. મનમાં થયું આ સમો જાવા દેવો નથી. મહારાજ ઉપર ફળફળતું પાણી રેડ્યું !"

આ સાંભળી સોમદેબાથી ચીસ પડાઈ ગઈ : "મહારાજ દાઝી ગયા ! અરેરે ! મેં ભૂંડીએ તને ક્યાં આ કહ્યું !" એટલું કહીને સોમદેબા રડવા લાગ્યાં.

"સોમદે, સાંભળ, મહારાજ મારી સાન ઠેકાણે લાવ્યા. પાણી તો ફળફળતું હતું પણ મહારાજના શરીર ઉપર તે ટાઢું થઈ ગયું ! મને નવાઈ લાગી. મહારાજ સામું જોયું ને સમાધિ થઈ ગઈ ! મહારાજના તેજોમય દિવ્ય સ્વરૂપનાં મને દર્શન થયાં. ભૂલાઈ ગયેલું જ્ઞાન પાછું મળ્યું. સમાધિમાંથી જાગ્યો ત્યારે મહારાજે મને કહ્યું : 'સોમદે તો દેવકીજીનો અવતાર છે !"

આ સાંભળી સોમદેબા શરમાઈ ગયાં. તેમણે કહ્યું : "મહારાજ તો

ભગવાન છે. તે કહે પણ આપણે તો સાધારણ માનવી. મહારાજની ભક્તિ મળી છે એ જ મોટાં ભાગ્ય !"

✧

મહારાજના સંબંધથી જીવાખાચરનો દરબાર અક્ષરધામ તુલ્ય બની ગયો. રોજ કથા, કીર્તન અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં લીલા ચરિત્રોનાં દર્શન ! આ પ્રાપ્તિ, આ પ્રસંગ, આ સંબંધનો લાભ મહારાજે સારંગપુર આવી કાઠી હરિભક્તોને આપી તેમનું જીવન ઉન્નત બનાવી દીધું.

મહારાજ સારંગપુરમાં ચૈત્ર સુદિ સુધી રોકાયા. હરિનવમીનો ઉત્સવ કરવા મહારાજ ગઢડા પધારવા તૈયાર થયા. જીવાખાચર, માતરા ધાધલ, રાઠોડ ધાધલ તથા બીજા કાઠી ભક્તો પણ મહારાજની સાથે જવા તૈયાર થયા. મહારાજે દેશદેશના હરિભક્તોને અહીંથી જ ગઢડે આ ઉત્સવ ઉપર આવવા કાગળો લખી દીધા હતા. તેથી ગઢપુરમાં સંઘ આવવા લાગ્યો.



ખોખરામા લોલગરના બાવાઓ યુદ્ધે ચડે છે

(આ.સં. ૧૮૬૫, ઈ.સ. ૧૮૦૯)

મહારાજ ગઢપુર પધાર્યા. જીવાખાચર તેમજ નાનકડા ઉત્તમકુમાર-દાદાખાચર પણ ઘોડી ઉપર બેસી મહારાજનું સામૈયું કરવા આવ્યા હતા. મહારાજ અભય પુત્ર દાદાખાચરને જોઈ અત્યંત રાજી થયા. રોઝા ઘોડા ઉપરથી ઊતરી અને દાદા પાસે ગયા. એટલામાં તો નાનકડા ઉત્તમકુમાર ઘોડા ઉપરથી છલાંગ મારી નીચે ઊતરી મહારાજનાં ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને ઊંચકી લીધા.

હરિજયંતી ઉત્સવ ખૂબ ધામધૂમથી થયો. સવારે રામજન્મ, સાંજે હરિકૃષ્ણ જન્મ. આખો દિવસ ઉત્સવ ! કથાનો, કીર્તનનો અને ભગવાનનાં દર્શનનો આ લહાવો લેવા સંતો, હરિભક્તો મહિના મહિના સુધી પંથ કરતા, વાટમાં લૂંટાતા, ખર્ચી ખૂટી જતી, ખાવા ન મળતું છતાં મહારાજનાં દર્શનની તેમની તાલાવેલી મોળી પડતી નહિ. મહારાજનો એવો મહિમા તેમના અંતરમાં દૃઢ થઈ ગયો હતો.

મૂળજી શર્માને તેના ભાઈ તેડવા આવે છે

બીજે દિવસે સવારે ભાદરાથી સુંદરજી શર્મા એક બ્રાહ્મણને લઈને પોતાના મોટાભાઈ મૂળજીને ગોતતા ગોતતા ગઢડા આવી પહોંચ્યા. તે સીધા મહારાજ પાસે પહોંચી ગયા. મહારાજને દંડવત્ કરી તેમણે પૂછ્યું : "મહારાજ ! મૂળજી અહીં છે ?"

મહારાજે તે સાંભળી પૂછ્યું : "કોણ સુંદરજી ? મૂળજીને ગોતવા આવ્યો છે ?"

"હા, મહારાજ ! એકાએક ખેતરેથી નીકળી ગયા છે. ઘેર કાંઈ કહેવરાવ્યું પણ નથી." એટલું બોલતાં સુંદરજીની આંખમાં આંસુ આવી ગયાં.

એટલામાં મૂળજી ભક્ત ઘેલે સ્નાન કરવા ગયા હતા તે આવ્યા. મહારાજે

તેમને બોલાવ્યા અને કહ્યું : "મૂળજી ! આ તમારો નાનો ભાઈ સુંદરજી તમને તેડવા આવ્યો છે. માટે ઘરે જાઓ !"

સુંદરજીની સાથે આવેલા બ્રાહ્મણે મૂળજીનો હાથ પકડ્યો અને કહ્યું : "ભગવાન ભજવા હોય તો પણ આમ ઘર છોડીને હાલી નો નીકળાય. ગીતામાં ભગવાને કહ્યું છે, 'સસારમા સરસો રહે ને મન મારા પાસ જો.' એમ ઘેર રહીએ તો પણ બેય કામ થાય."

મૂળજી ભક્ત આ બ્રાહ્મણના અજ્ઞાનથી હસ્યા. તેમણે ધીરેથી કહ્યું : "ભાઈ, તમે કહો છો તે સાચું નથી. એક સાથે બે કામ ન થાય. 'ચિત્તકી વૃત્તિ એક હૈ, ભાવે ત્યાં લગાઓ, ચાહે તો હરિભક્તિ કરો, ચાહે તો વિષય કમાવ.' એમ ભગવાન ભજવા ને સંસારનું સુખ લેવું એ બે વાત ન બને."

આ સાંભળી બ્રાહ્મણ બીચારો મૂંગો થઈ ગયો, પરંતુ મહારાજની આજ્ઞા હતી. તેથી મૂળજીને તેમની સાથે ઘેર જવું પડ્યું.

✧

મહારાજ હરિજયંતીનો ઉત્સવ કરી ગઢપુર થોડા દિવસ રોકાઈને બોટાદ થઈને નાગડકા પધાર્યા. અહીં ભક્તરાજ સુરાખાચરના દરબારમાં ઊતર્યા. લોયા અને નાગડકાના ભક્તો અહીં ભેગા થઈ ગયા. આસપાસનાં ગામોમાંથી, ઝાલાવાડમાંથી પણ ભક્તો આવવા લાગ્યા.

મહારાજ સંતો-હરિભક્તો સાથે ભૂતિ તળાવે રોજ સ્નાન કરવા પધારતા. ત્યાં જળક્રીડા કરતા. સૌને ખૂબ સુખ આપતા. પછી દરબારમાં આવી જ્ઞાનવાર્તા કરતા. મહારાજે થોડા દિવસ ભક્તોને રાખી તેમને વિદાય આપી. આ એકાંતનું સ્થાન હતું. તેથી સંતોને અહીં એકાંતનું સુખ આપવું હતું. જ્ઞાનોપદેશ કરી તેમની દઢતા વિશેષ દઢ બનાવવી હતી.

નિત્યાનંદ સ્વામીને આશીર્વાદ : 'અજિત થશો'

નિત્યાનંદ સ્વામી પણ ત્યાં આવી પહોંચ્યા. મહારાજે તેમને આજ્ઞા કરી હતી – શાસ્ત્રો ભણવાની, વિદ્વત્તાના પારને પામવાની.

નિત્યાનંદ સ્વામીએ આજ્ઞા ઝીલી અને શાસ્ત્રવિદ્યામાં પારંગત થઈ ગયા. પરંતુ એ વિદ્યા અંતરમાં દઢીભૂત થાય તે માટે મહારાજના આશીર્વાદ લેવા તેઓ અહીં આવ્યા હતા. મહારાજ તેમને જોઈને ખૂબ પ્રસન્ન થયા. મહારાજનાં દર્શન કરી નિત્યાનંદ સ્વામીના મુખમાંથી મહારાજના દિવ્ય સ્વરૂપના મહિમાનો

ગીર્વાણ ભાષામાં સ્રોત સરવા લાગ્યો :

तं सुकायभृतं कान्तं तं कान्तं सर्वतोगतम् ।
तं गतोद्वेगदेवं तं तं वन्दे भक्तिकासुतम् ॥[१५९]

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. નિત્યાનંદ સ્વામીને આશીર્વાદ આપ્યા : "જાઓ, અજિત થશો. શાસ્ત્રવિદ્યામાં તમે અદ્વિતીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશો."

નિત્યાનંદ સ્વામી મહારાજની દૃષ્ટિથી કૃતકૃત્ય થઈ ગયા ! તેમને તો મહારાજને પ્રસન્ન કરવા હતા. તેમની પ્રશસ્તિ ગાઈ અંતરમાં તેમને પધરાવવા હતા. જગતની પ્રતિષ્ઠાનું મોરું તેમને ખપતું ન હતું. છતાં મહારાજના આશીર્વાદ સૂચક હતા. સંપ્રદાયના સિદ્ધાંતોની પ્રતિષ્ઠા કરવા મહારાજના આશીર્વાદ આવશ્યક પણ હતા.

મહારાજે નિત્યાનંદ સ્વામીને વ્યાસપીઠ ઉપર પધરાવી તેમની પાસે શ્રીમદ્ભાગવતના પંચમ સ્કંધની કથા શરૂ કરાવી. મહારાજ કહેતા કે "શ્રીમદ્-ભાગવતનો પંચમ સ્કંધ તે યોગશાસ્ત્ર છે અને દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે."

પચમ સ્કંધમાં જડભરતનું આખ્યાન આપ્યું છે.

મહારાજે કહ્યું : "સંતો ! આ આખ્યાન ચમત્કારી એટલા માટે છે કે ભરતજીએ રાજ્ય છોડ્યું, સ્ત્રી-પુત્રો છોડ્યાં, બધું જ છોડ્યું પરમાત્માની પ્રાપ્તિ માટે. તેમણે યોગ સાધના આદરી. પરંતુ જો પરમાત્માને વિષે અસાધારણ પ્રીતિ, ભક્તિ તેમનામાં નહોતી; તો મૃગના બાળકમાં તેમને પ્રીતિ થઈ ગઈ. આથી તેમને ત્રણ જન્મ લેવા પડ્યા. માટે એક પરમાત્મા સિવાય બીજે ક્યાંઈ પ્રીતિ ભગવાનના ભક્તને ન હોવી જોઈએ. તેથી પંચમસ્કંધ સાથે દશમસ્કંધના પાઠની પણ જરૂર છે. ગોપીઓની ભક્તિ એ પરાભક્તિ છે. સૌને આદર્શરૂપ છે."

રોજ કથામાં આવતા જુદા જુદા પ્રસંગો ઉપર મહારાજ વાતો કરતા. લગભગ એક માસ લોયામાં જ્ઞાનયજ્ઞ ચાલ્યો. તેવામાં ડભાણથી રામદાસે બે સાધુને મોકલ્યા હતા તે આવી પહોંચ્યા. મહારાજને દંડવત્ કરી પાસે બેઠા. રામદાસભાઈએ તેમની સાથે કાગળ મોકલ્યો હતો, તે તેમણે મહારાજને આપ્યો.

મહારાજે કાગળ વંચાવ્યો. ડભાણના હરિભક્તોની ઇચ્છા હતી કે જેવો જેતલપુરમાં મહારાજે યજ્ઞ કર્યો, તેવો ડભાણમાં પણ યજ્ઞ થાય. સૌ સેવા કરવા તત્પર હતા. મહારાજે સૌ સંતો સામું જોયું, કોઈનેય આ એકાંતનું સુખ મૂકીને,

૧૫૯. જેમનું મુખ દિવ્ય અને મનોહર છે, જેમની ગતિ સર્વત્ર છે, જેમનાં દર્શનથી ઉદ્વેગમાત્ર ઓસરી જાય છે એવા પરમ દેવાધિદેવ ભક્તિસુતને હું વંદન કરું છું.

આ દિવ્ય જ્ઞાનામૃતના શબ્દો સાંભળવાનું મૂકીને, બીજે ક્યાંઈ જવાની ઇચ્છા ન હતી. પરંતુ મહારાજની ઇચ્છા હશે અને તેથી જ આ બંને સાધુઓ અહીં પત્ર લઈને આવ્યા છે. તેવું સમજી તેમણે મહારાજ સામું જોયું. મહારાજે કહ્યું : "સંતો ! હવે ગુજરાતમાં જવું પડશે."

મહારાજ નાગડકાથી સંતો સાથે નીકળ્યા. ભેંસજાળ પધાર્યા. ભેંસજાળથી ચાસકા પધાર્યા. ત્યાંથી કરમડ ફૂલજીબાને ઘેર રાત રહી જેતલપુર પધાર્યા.

વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે

શ્રીહરિ જેતલપુર પધાર્યા છે તે સાંભળીને વામમાર્ગીઓએ ઉપદ્રવ કરવાનું નક્કી કર્યું. ત્યાં એક શક્તિપંથી પરદેશી બ્રાહ્મણ આવ્યો હતો. તે જુવાન હતો અને વળી પહેલવાન પણ હતો. તેને ધનની લાલચ આપી કટાર આપીને કહ્યું : "કાલે સવારે તળાવ પાસે આંબા નીચે સભા થશે. તારે સભામાં જવું. કટાર સંતાડી રાખવી અને પાટ ઉપર જે બેઠા હોય તેને કટાર મારીને ચાલ્યા આવવું." બ્રાહ્મણને પોતાની જુવાનીનો મદ હતો. ધનની લાલસા હતી અને વામમાર્ગી બ્રાહ્મણોના સહકારની-આશરાની જરૂર હતી. તેણે તરત જ તે વાત સ્વીકારી લીધી.

બીજે દિવસે શ્રીહરિ સભામાં પધાર્યા. સંતો, હરિભક્તો પણ આવ્યા. શ્રીહરિ પાટ ઉપર બિરાજ્યા. તે સમયે આ બ્રાહ્મણ સંન્યાસીના વેશે ત્યાં આવ્યો. પરદેશી જાણી સૌએ તેને આવકાર આપ્યો. ધીરે ધીરે તે શ્રીહરિની પાટ પાસે પહોંચી ગયો. શ્રીહરિએ તેના સામું જોયું. પછી પૂછ્યું : "તમારો કયો દેશ અને કયો મઠ છે ?"

જુવાન આ પ્રશ્નથી ગૂંચવાયો. તેને કોઈ મઠ ન હતો, તે તો ભમતારામ હતો. તેણે કહ્યું : "અમે તો વામાચારી બ્રાહ્મણ છીએ. જ્યાં અમારી જમાત હોય તે અમારો દેશ અને ત્યા અમારો મઠ."

શ્રીહરિ તેની અલડ ભાષા સાંભળી હસ્યા. તે દરમ્યાન તે જુવાને પોતાના ભગવાં અંચળામાં સંતાડેલી કટાર કાઢવા પ્રયત્ન કર્યો. શ્રીહરિએ તે જોયું અને ઇશારાથી મૂળુભાઈને પાસે બોલાવ્યા. મૂળુભાઈ તરત જ પાસે આવી તે જુવાનની પાછળ ઊભા રહ્યા. જુવાનને તે ખ્યાલ ન રહ્યો. તે ધીરે રહીને ઊભો થયો. શ્રીહરિ પાસે આવ્યો. તેમને નમસ્કાર કરવાની ચેષ્ટા કરી અને અંચળામાંથી કટાર કાઢી. પાછળ ઊભા રહીને જોઈ રહેલા મૂળુભાઈએ તરત જ

તેને પાછળથી પકડી લીધો. જુવાનના હાથમાંથી કટાર નીચે પડી ગઈ. સભામાં હાહાકાર થઈ ગયો !

મહારાજે મૂળુભાઈને કહ્યું : "તેને મારશો નહિ. ભેખ તો એવા જ હોય. ભેખમાં જ લોકો ભરમાય !"

મૂળુભાઈ તેને પકડીને સભાની બહાર લઈ આવ્યા. પાટીદાર હરિભક્તોનું લોહી ઊકળી ગયું. પરંતુ મહારાજની આજ્ઞા હતી તેથી સૌ સમસમી રહ્યા. જુવાનને આઘેરા લઈ જઈને તગડી મૂક્યો.

બીજે દિવસે મહારાજ ખોખરા મહેમદાવાદ પધાર્યા. અહીં મેવાડા બ્રાહ્મણ નથુ ભટ્ટને ત્યાં મહારાજ ઊતર્યા. સંતો કાંકરિયે ઊતર્યા.

પાંચાળમાંથી મહારાજ જેતલપુર થઈ ખોખરા મહેમદાવાદ પધાર્યા છે તે સમાચાર મળતાં ઘણા દિવસના વિયોગી ભક્તો અહીં મહારાજનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. મહારાજ પણ તેમને જોઈ આનંદ પામતા, તેમને પાસે રાખતા અને ઉપદેશની વાતો કરતા. આ પ્રમાણે થોડા દિવસ કાર્યક્રમ ચાલ્યો. એટલે સંતો તથા હરિભક્તોએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપણે રામદાસ સ્વામીની ઇચ્છા પ્રમાણે ડભાણમાં યજ્ઞ કરવાનો છે, તે માટે તો આપ નાગડકાથી પધાર્યા છો. તો હવે યજ્ઞ માટે કાંઈ તૈયારીઓ કરીએ કે નહિ ?"

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જ્યાં કથાવાર્તા થાય, જ્યાં ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાંથી પાછી વળી અંતરમાં વિરામ પામે, આત્માનું શુદ્ધ સ્વરૂપ જે બ્રહ્મ તે રૂપ બની જાય તે જ સાચો યજ્ઞ ! આપણે તો યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ – આ બે મહામોટા યજ્ઞ સદાય કરવાના છે. પોતાનું મૂળ સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે અમે તે જ્યારે તમને દેખાય ત્યારે સમજવું કે જ્ઞાનયજ્ઞ અને યોગયજ્ઞનો અવધિ આવી ગયો."

મહારાજને અહીં રહેવું હતું. તેમનું વિચરણ, રહેવાનું બધું સહેતુક હતું. મહારાજ રોજ સંતમંડળી લઈને કાંકરિયે સ્નાન કરવા પધારતા. સ્નાન કરી ત્યાં થોડો સમય રોકાતા. પછી કીર્તનો ગાતાં ગાતાં સૌ સાથે ફરતા.

વૈશાખ વદિ ૧૧ના દિવસે મહારાજ અને સંતો-હરિભક્તો માટે શિવકુંવરબા પેંડા લઈ આવ્યાં. સૌને ફરાળ કરાવ્યું. દ્વાદશીના દિવસ નથુ ભટ્ટે સૌને પારણાં કરાવ્યાં. મહારાજની વાતો, સંતોનાં કીર્તનો અને ગામમાં 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ'ની આહ્‌લેક જગાવી ઝોળી માગતાં થતો દિવ્ય નાદ, આ ઉદ્‌ઘોષ બધે વ્યાપી ગયો.

ભેખ ઉશ્કેરાય છે

સ્વામિનારાયણ ભગવાનના પરમહંસોની સ્થિતિ જોઈ ભેખ ઉશ્કેરાયો. તેમનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય, નિર્માનીપણું, અહિંસા, સાધુતા વગેરે ગુણોથી તેમને લાગ્યું કે આ સાધુ જ્યાં જ્યાં ફરશે ત્યાં સ્વામિનારાયણનો પ્રભાવ પડશે. લોકો દારૂ, માંસ છોડશે અને આ સાધુઓ પ્રત્યે આકર્ષાશે. પોતાનું પડી ભાંગશે. અમદાવાદના સૂબાને તેમણે તેથી ઉશ્કેર્યો હતો. તેણે સ્વામિનારાયણને ખતમ કરી નાખવાનો પેંતરો રચ્યો હતો. પણ સ્વામિનારાયણે તેની બાજી ખુલ્લી પાડી દીધી. આથી તેનો પણ ક્રોધાગ્નિ ભભૂક્યો હતો. તેના ગુરુ લોલંગરને તેણે આજ્ઞા કરી હતી કે સ્વામિનારાયણને જીવતા પકડીને મારી પાસે લઈ આવો. તેમના મૂંડિયાઓને ખતમ કરી નાંખો.

મહારાજ કાંકરિયે પધાર્યા અને સંતો સાથે જળક્રીડા કરી પછી સંતોનો જ્યાં મુકામ હતો ત્યાં સભા કરી. મહારાજે તે વખતે નાનાભાઈને બોલાવ્યા અને કહ્યું : "સંતો ભિક્ષા માગવા જાય છે. પણ તમો શ્રીનગરથી બરફી, પેંડા વગેરે મંગાવો. આજે અમારે સંતોને ખૂબ જમાડવા છે."

નાનાભાઈ શ્રીહરિએ એકાએક કરેલી આ આજ્ઞાથી મૂંઝાયા. તેમને કાંઈ સમજણ પડી નહિ. શ્રીહરિએ તેમને કહ્યું : "નાનાભાઈ ! આપણે જેતલપુરમાં યજ્ઞ કર્યો. યજ્ઞ નિર્વિઘ્ને પાર પડી ગયો. આપણો જયજયકાર થઈ ગયો. હવે નરમેધ થશે."

શ્રીહરિના આ શબ્દોનું રહસ્ય પણ નાનાભાઈ ન સમજ્યા. તેઓ તો શ્રીહરિની આજ્ઞા શિરે ધારી શ્રીનગરમાં બરફી, પેંડા વગેરે લેવા ગયા.

અહીં નરમેધ થશે

સંતો ઝોળી માંગીને આવ્યા. નાનાભાઈ પણ શ્રીનગરમાંથી પેંડા, બરફી વગેરે લઈને આવ્યા. શ્રીનગરના ભક્તો પણ શ્રીહરિ અને સંતો માટે ભાતભાતનાં મેવા-મીઠાઈઓ લાવ્યા. મહારાજે સંતોની પંક્તિ કરી પોતે પીરસવા પધાર્યા. સંતોને મેવા-મીઠાઈ ખૂબ જમાડ્યાં. મહારાજ સંતોને આગ્રહથી જમાડતા જાય અને કહેતા જાય : "સંતો ! આજે ખૂબ જમો. એક-બે દિવસમાં અહીં નરમેધ થશે અને આપણે ઉચાળા ઉપાડવા પડશે."

શ્રીહરિનાં આ મર્મવાક્યોથી સંતોને ફાળ પડી: ઉપાધિના ભણકારા તો

વાગતા જ હતા. પરંતુ નરમેધ થશે અને આપણે ભાગવું પડશે એ શબ્દો મહારાજે કહ્યા તે સૌને આકરા લાગ્યા. સૌ અંતરમાં મહારાજનું ભજન કરતાં કરતાં મહારાજે પીરસેલી પ્રસાદી જમવા લાગ્યા.

કાંકરિયા ઉપર મહારાજ સંતોની સભા કરે છે, તેમને જમાડે છે અને સંતોને ગામોગામ ફરી લોકોમાં ધર્મભાવના પ્રવર્તાવવા આદેશ કરે છે. આ પ્રવૃત્તિથી લોલંગરના બાવાઓને સ્વામિનારાયણનો દિગ્વિજય ચારેકોર દેખાયો. જેતલપુરનો યજ્ઞ નિર્વિઘ્ને પાર પડી ગયો. તેમાં વિઘ્ન નાંખવાના વામમાર્ગી બ્રાહ્મણોના પ્રયત્નો નિષ્ફળ ગયા. અમદાવાદના સૂબા વિઠ્ઠલરાવ બાલાજીને પણ સ્વામિનારાયણનું કાસળ કાઢી નાખવું હતું તે પણ તેનો સંકલ્પ અધૂરો રહ્યો. આ પ્રસંગોથી સ્વામિનારાયણની વિજયપતાકા ચારે તરફ ફરતી તેમને દેખાવા લાગી. હવે તેમની પ્રવૃત્તિ અટકાવવી જ જોઈએ. તેમને અને તેમના સાધુઓને જેર કરી દેવા જોઈએ. સૂબાની પણ આજ્ઞા હતી. લોલંગરે તેના બાવાઓને છૂટા મૂકી દીધા.

લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ

નિત્ય નિયમ પ્રમાણે યોગાનદ, ચિદ્રૂપાનંદ, કલ્યાણાનંદ અને અરિહંત્રાનંદ – આ ચાર સાધુઓ ભિક્ષા માગી કાંકરિયા તરફ આવી રહ્યા હતા. તેમને જોઈને બાજ પક્ષીની પેઠે લોલંગરના બાવાઓ તેમના પર તૂટી પડ્યા. તેમની ઝોળીઓ ઝૂંટવી લીધી. તેમને પકડ્યા અને માર મારતાં મારતાં પોતાના મુકામ સુધી લઈ ગયા. અહીં તેમનાં નાક, કાન કાપી તેમને વરવા બનાવી દેવાની ઇચ્છા હતી. જેથી કોઈ પણ સ્વામિનારાયણના પંથમાં સાધુ થવા ન આવે. સંતો તો ક્ષમાની મૂર્તિસમા હતા. અત્યંત મારથી તેમના શરીર ઉપર સોળ ઊઠી ગયા હતા, તેમાંથી લોહી ટપકતું હતું. આ લોહીને જોઈને જાણે વધુ ખુન્નસ ચઢતું હોય તેમ તે નરપશુઓ તેમના શરીર ઉપર ચીપિયા, ભાલા વગેરે ઘોંચવા લાગ્યા. સંતો તો 'મહારાજ સ્વામિનારાયણ' એ શબ્દોથી કેવળ મહારાજનો આધાર રાખી આ પશુતોલ મારની અસહ્ય વેદના સહન કરી રહ્યા. તેમને પોતાના મુકામે લાવી એક ઓરડામાં પૂરી દીધા.

અમદાવાદના હરિભક્ત લાલદાસ ગોરાને કાને આ વાત આવી. તે સાંભળી તેને કમકમાં આવી ગયાં. શરીર ઉપરની રોમાવલી ખડી થઈ ગઈ ! પરંતુ તેને થયું કે આ કાળમુખા ભમરાળા બાવા પાસે ઉશ્કેરાઈને જવાથી ઊલટો

ક્લેશ વધશે અને આપણા સાધુઓને તે મારી નાખશે. આ વિચારથી તેઓ શાંત થઈ ગયા. તરત જ પોતાનો ઘોડો મંગાવી ગોમતીપુર આવ્યા.

અમદાવાદના પ્રતિષ્ઠિત લાલદાસ ગોરાને જોઈ લોલંગરે તેમને આવકાર આપ્યો. તેના મનમાં થયું કે આ લાલદાસ તેના સાધુઓને છોડાવવા આવ્યો છે. છતાં તે વાત તેણે મનમાં રાખી લાલદાસને પૂછ્યું : "પધારો, તમે અહીં એકાએક ક્યાંથી ?"

લાલદાસે કહ્યું : "મહંતજી ! આવતી કાલે મારે ત્યાં પર્વ છે. તેથી મારે સાધુઓને જમાડવા છે. એટલે હું અહીં આવ્યો છું."

"અમને આમંત્રણ આપવા ?" લોલંગરે પૂછ્યું.

"હાસ્તો ! એ માટે જ આવ્યો છું. એટલે મને કહો કે આપને ત્યાં કેટલી મૂર્તિઓ છે ?"

લોલંગરે તરત જ બીજા બાવાને બોલાવ્યો અને તેને કહ્યું : "આ લાલદાસને ઘેર આવતી કાલે આપણે જમવા જવાનું છે તો આપણે સૌ કેટલી મૂર્તિઓ છીએ તે ગણીને તેમને કહો."

એટલામાં સામેના ઓરડાની જાળીમાંથી લાલદાસે સાધુઓને બાંધેલા જોયા. મૂઢમારથી તેમનાં શરીર સૂઝી ગયાં હતાં. તેમાંથી લોહી નીકળતું હતું. લાલદાસે તે જોઈ લોલંગરને કહ્યું : "આમને કેમ અહીં પૂર્યા છે ? એ તો ગાય કહેવાય. તેમને છોડી દ્યો."

બીજા દિવસના જમણના આમંત્રણથી લોલંગરે લાલચમાં તરત જ કહ્યું : "આ સાધુઓને છોડી દ્યો." તે સાંભળી સાધુઓને તેના માણસે છોડી દીધા.

લાલદાસ તેમની પાસે આવ્યા અને કહ્યું : "મારી સાથે ચાલો." એટલું કહી તેણે લોલંગર તરફ ફરીને કહ્યું : "કાલે બપોરે બે વાગે આપ સહુ મૂર્તિને લઈને મારે ઘેર પધારજો." એટલું કહી લાલદાસ સાધુઓને લઈને મહારાજ પાસે કાંકરિયે ગયા.

મહારાજની રોમાવલી ઊભી થઈ ગઈ

મહારાજ કાંકરિયે સંતોની સભામાં બિરાજી સંતોને અત્યારે પ્રવર્તતા વિષમ દેશકાળની વાતો કરી રહ્યા હતા : "ભગવાનની ઇચ્છાએ ઘણી વખત દેશકાળનું પ્રધાનપણું પણ પ્રવર્તે. આજે એવા વિષમ દેશકાળના વાયરા વાઈ રહ્યા છે. તો તમારે સર્વેએ ધીરજ રાખવી. ધીરજ અને ક્ષમા એ તમારાં અમોઘ

શસ્ત્રો છે. જે શસ્ત્રો પૃથ્વી ઉપરથી અધર્મનું મૂળ ઉખેડી નાખશે.'' એ પ્રમાણે મહારાજ વાતો કરી રહ્યા હતા.

એટલામાં લાલદાસ ગોરા ચાર સંતો સાથે ત્યાં આવ્યા. સંતોના શરીર ઉપર સોળ ઊઠી ગયા હતા. તેમાંથી લોહી નીકળતું હતું. હાથ, પગ અને વાંસામાં મૂઢમાર એટલો સખત માર્યો હતો કે સંતો ચાલી પણ શકતા ન હતા. મહારાજે આ જોયું. લાલદાસે મહારાજને સર્વ હકીકત કહી. આ સાંભળી મહારાજની રોમાવલી ઊભી થઈ ગઈ ! મહારાજ એકદમ ઊભા થઈ ગયા. બે હાથની મુઠ્ઠી વાળી મહારાજ એક ડગલું આગળ ખસ્યા અને જાણે દિગ્પાલો ડોલવા લાગ્યા હોય, પૃથ્વી આ ભાર સહન ન કરી શકતી હોય તેમ ઉત્પાત થવા લાગ્યો. મહારાજનાં લાલ લોચન અને વાંકી ભ્રૂકુટિ જોઈ, સૌને લાગ્યું કે આજે હવે પ્રલય થશે. સાધુઓનાં અંતર ધ્રૂજવા લાગ્યાં. પાર્ષદો અને ક્ષત્રિય વીરોના અંતરમાં તમોગુણનો ભાવ વ્યાપી ગયો.

''મહારાજ ! ક્ષમા કરો. આપના આ ભ્રૂ-ભૃંગથી અને લાલ લોચનથી એમ લાગે છે કે આજે પૃથ્વી રસાતાળ જશે. આપણે તો અનેક જીવોના કલ્યાણ કરવા આવ્યા છીએ.''

''પણ મારા આ ગરીબ ગાય જેવા સાધુઓ, કીડી જેવા જીવને પણ ન દૂભવે તેની આ દશા ! અસુરોનું આટલું બધું ચડી વાગ્યું છે ? આજે તો ક્ષમા હોય જ નહિ. આ આતતાયીઓને હવે હણી નાખવા જોઈએ. મુકાબલો કરી લેવો જોઈએ.'' મહારાજ એ જ ભાવમાં બોલ્યા.

સભામાં નિસ્તબ્ધતા છવાઈ ગઈ. સૌના મનમાં થયું કે કાંઈક અવનવું જરૂર બનશે. મહારાજે કાઠી ભક્તો તથા પાર્ષદોને કહ્યું : ''તમે સાવધ રહેજો.''

આ શૂરવીર ભક્તોમાં તો લડાઈનું ખમીર ઊછળી રહ્યું હતું. ફક્ત મહારાજની આજ્ઞાની જ તેઓ રાહ જોઈ રહ્યા હતા.

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને વ્યાસપીઠ ઉપર બેસાર્યા અને કથા શરૂ કરવાનું કહ્યું અને પોતે નથુ ભટ્ટને ઘેર જમવા પધાર્યા. તેમની સાથે પાર્ષદો તથા કાઠી હરિભક્તો પણ તેમની રક્ષા માટે ગયા. સભામાં હજારો હરિભક્તો બેઠા હતા. મુક્તાનંદ સ્વામી તેમની મધુર શૈલીથી કથામૃતનું પાન કરાવી રહ્યા હતા. બરાબર તે જ વખતે લોલંગર તથા તેના બાવાઓ ત્યાં હાથમાં હથિયારો, ત્રિશૂળ, ભાલા, લાકડીઓ તથા અન્ય શસ્ત્રો લઈને આવ્યા. લોલંગરે કેડે લોખંડની સાંકળ બાંધી હતી. આંખો ધગેલ ત્રાંબા જેવી હતી. મોં ક્રોધથી વિરૂપ

થઈ ગયું હતું. અંગ ઉપર ભભૂતી ચોળી હતી. તેના બાવાઓની આંખોમાં ભાંગ અને ચરસનો મદ હતો. હાથમાં પકડેલાં હથિયારો તેમની મર્દાનગી કરતાં પણ ક્રૂરતા વધુ બતાવતાં હતાં. જાણે ભૂતની સેના માણસને કાચાને કાચા ખાઈ જવા ઊતરી આવી હોય તેવા તેમના ઢંગ જણાતા હતા.

લોલંગર બાવાનો શિકાર મુક્તાનંદ સ્વામી

મુક્તાનંદ સ્વામીને મંચ ઉપર બેઠેલા જોઈ તેમના તરફ તે સેના દોડી. મુક્તાનંદે તેમને તેમના તરફ આવતા જોયા. તેમની હિંસક વૃત્તિનો ભાવ તેઓ પરખી ગયા. તે તરત જ મંચ ઉપરથી કૂદ્યા અને ત્યાંથી દોડીને એક બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા. કમાડ અંદરથી તેમણે બંધ કરી દીધાં. સભામાં હાહાકાર વ્યાપી ગયો. હથિયારબંધ બાવાઓની જમાતનો સામનો કરવાની કોઈની હિંમત ન હતી. તેમને સૌને ભયગ્રસ્ત જોઈ એક બાવો મુક્તાનંદ સ્વામી જે ઘરમાં સતાયા હતા તે તરફ જવા લાગ્યો. તે વખતે મહારાજે મોકલેલા અગરોજી તથા ભગુજી ત્યાં આવી પહોંચ્યા. અગરોજીએ બાવાને દોડતો જોયો એટલે તે તેની પાછળ દોડ્યા અને પગની આંટી ભરાવી બાવાને નીચે પાડી દીધો. પછી તલવારના એક ઝાટકાથી તેના બંને પગ કાપી નાખ્યા.

એટલામાં તો બીજા બાવાઓ પણ ત્યાં દોડતા આવ્યા. ભગુજીએ તેમનો સામનો કર્યો, પરંતુ સામી છાતીએ તેમના ઘા ન ઝીલી શકતા બાવાઓએ પાછળથી ભગુજી ઉપર ઘા કર્યો. ભગુજીને તથા અગરોજીને એ રીતે ત્યાં રોકી, બીજા બાવાઓ બ્રાહ્મણની ખડકી તોડી અંદર દાખલ થયા. ત્યાં મુક્તાનંદ સ્વામીને પકડી તેમને ખૂબ માર માર્યો. આ અસહ્ય મારના ત્રાસથી સ્વામીની આંખોમાંથી લોહી ટપકવા લાગ્યું. ઘવાયેલા ભગુજી અને અગરોજી પણ અંદર ગયા. પરંતુ બાવાઓને ખબર પડી કે સ્વામિનારાયણ તો નથુ ભટ્ટને ત્યાં પહોંચી ગયા છે એટલે તે જમાતને લઈ લોલંગર નથુ ભટ્ટના ઘર તરફ દોડ્યો.

અહીં મહારાજ સ્નાન કરી જમવા બેસવાની તૈયારી કરતા હતા. ઘરની બહાર તથા અંદર પાર્ષદો દયાળજી, બાજીજી, વનસિંહ, રૂપજી, ઝાલાજી, જેઠીજી, ડુંગરજી, શાર્દૂલજી, ભાનુસિંહ, કશિયાજી, વેરાભાઈ, જેલજી વગેરે મહારાજનું રક્ષણ કરવા માટે ઊભા હતા. ભગુજીને શરીરે ઘા પડ્યા હતા. પરંતુ પોતે કમરે ભેટ બાંધીને ઘાની પીડા દાબી દીધી હતી. તેમને શૂરાતન ચઢ્યું હતું. તેમના એક હાથમાં બરછી હતી. કેડે તલવાર કચકચાવીને બાંધી હતી. મહારાજ

આ પાર્ષદોનો જુસ્સો જોઈ પ્રસન્ન થયા. મહારાજે તેમને કહ્યું : ''આજે આપણે કાંઈ તોફાન કરવું નથી.''

તે સાંભળી ભગુજી બોલ્યા : ''મહારાજ ! મુક્તાનંદ સ્વામીને મરણતોલ માર આ બાવાઓએ માર્યો છે. તેમની આંખોમાંથી લોહી નીતરે છે અને તમે કહો છો કે તોફાન કરવું નથી ?''

મહારાજ આ સાંભળી મૌન થઈ ગયા ! સાધુતાની પરમમૂર્તિ મુક્તાનંદ, પોતાના ગુરુ, સદા નિર્વૈરી, પ્રેમ અને કરુણાની મૂર્તિ, તેમની આ દશા ! આજે કાળ વિફર્યો છે. તો તે કાળને પણ હવે પડકારવો પડશે. મહારાજ જમવા બિરાજ્યા પણ પોતાના પ્રાણપ્રિય સંતોની પીડા સાંભળી જમી શક્યા નહિ.

એટલામાં લોલંગર તેના બાવાઓ સાથે ત્યાં આવ્યો. ઘરની આજુબાજુ ઉઘાડી તલવારે ઊભેલા પાર્ષદોની ચોકી જોઈ તેને લાગ્યું કે આજ તો ખરાખરીનો ખેલ થઈ જશે. પરંતુ તેને તો મહારાજને પકડવા હતા. તેથી તેણે બે બાવાઓને આગળ મોકલ્યા. ત્યાં હથિયારબંધ પાર્ષદોને જોતાં જ તેઓ પાછા વળી ગયા. લોલંગરની બાજી આજે ફાવી નહિ. તેણે વિચાર કર્યો કે આવતી કાલે સાતસો બાવાઓની આખી ટુકડી લઈને જ આવવું પણ સ્વામિનારાયણને હવે છોડવા નથી.

આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ

મહારાજે પાર્ષદોને અંદર બોલાવ્યા. મુક્તાનંદ સ્વામીને પાર્ષદોના રક્ષણ નીચે પોતાની પાસે લઈ આવવા કહ્યું. રામદાસ સ્વામી પણ સાથે જ હતા. બીજા સાધુઓને પણ બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી આવ્યા એટલે મહારાજ તરત જ ઊભા થઈ ગયા. સ્વામીને શરીરે કષ્ટ ઘણું થતું હતું. પરંતુ મહારાજનાં દર્શનથી તેમને શાંતિ થઈ ગઈ ! મહારાજે પણ તેમના શરીરે હાથ ફેરવ્યો. આંખો ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું : ''સ્વામી ! મારો અત્યંત દયાવાળો સ્વભાવ છે. જગતના જીવ-પ્રાણી ઉપર મને સદા દયા જ વર્તે છે. પરંતુ આપના જેવા નિર્વૈરી સંતની લોલંગરના ભેખે આ દશા કરી તેથી આજે મારા રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો છે. બ્રહ્માંડમાં જો આવા જ જીવો ભર્યા હોય, તો બ્રહ્માંડને બોળી દેવામાં મને સંકોચ થશે નહિ. કાળે પણ વિષમતા ધારી મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.''

સ્વામી મહારાજની વાણી સાંભળી રહ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ

તો સાક્ષાત્ પરમાત્મા છો. આપને આવું કરવું ન ઘટે.''

''છૂટકો નથી સ્વામી ! આ અસુરોના યોગે બીજાના અંતરમાં પણ અસુરભાવ પ્રવેશશે. મુમુક્ષુતા મરી પરવારશે. માટે તેમનું નિકંદન કાઢી નાખવું જ પડે.''

મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે મહારાજ આજ જુદા જ ભાવમાં હતા. તેઓ આગળ કાંઈ ન બોલ્યા.

સાધુઓને સુરત મોકલો

મહારાજે રામદાસ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ પ્રદેશમાં સંતોને રાખવા જેવા નથી. સુરતમાં અત્યારે દેશકાળ સારા છે. ત્યાં સંતોને મોકલી આપીએ.''

રામદાસ સ્વામી મહારાજની આ મરજી જાણી ગયા. તેમણે તરત જ કહ્યું : ''ભલે, આપની ઇચ્છા !''

મહારાજે કહ્યું : ''આજે જ અહીં આવેલા તમામ સંતોને સુરત રવાના કરી દ્યો.'' રામદાસ સ્વામીએ તે પ્રમાણે સૂચના આપી દીધી.

મહારાજની ગંભીર મુખમુદ્રા જોઈ કોઈ કશું બોલી શક્યા નહિ. કાઠી હરિભક્તો-પાર્ષદો જાણે કાંઈક અવનવું બનવાનું છે તે પામી ગયા. મહારાજની પ્રકૃતિ આજે રુક્ષ બની ગઈ હતી.

કાળને મારે ડામવો છે

સંતો એક પછી એક મહારાજ પાસે આવવા લાગ્યા. દંડવત્ કરી, બે હાથ જોડી અશ્રુપૂર્ણ નયને સુરત જેટલા દૂર દેશમાં વિદાય લેતા મહારાજના વિરહની વેદના તેઓ અનુભવી રહ્યા હતા. મહારાજે તેમને આશ્વાસન આપતાં કહ્યું : ''સંતો ! હું સદા તમારી ભેગો જ છું. આ લાલજીની મૂર્તિ તમને આપું છું. અમને જ્યારે જ્યારે સંભારશો ત્યારે આ મૂર્તિમાંથી અમે તમને દર્શન દેશું. આ મૂર્તિનો મહિમા આગળ ખૂબ વધશે. તમારા સંકલ્પો સિદ્ધ થશે. સુરતમાં ભાવિક ભક્તો ભાઈચંદ, લક્ષ્મીચંદ, ઇચ્છાબાઈ વગેરે છે. રાજ્ય પણ ત્યાં હવે અંગ્રેજનું થયું છે. તેથી તમને સર્વ વાતે સાનુકૂળ રહેશે.''

એટલું કહી મહારાજ બોલ્યા : ''તમને વધુ સુખ આપવા મારે આ અસુરોનો કાંટો કાઢવો છે. જે કાળ તમારા માટે વિષમ થયો હતો, ભાગવતધર્મના પ્રસ્થાપનમાં જે બાધા નાખતો હતો, તે કાળની સાન મારે ઠેકાણે લાવવી છે.

મારી મરજી જાણીને જે ચાલે છે તેને હું અનુકૂળ થાઉં છું. મારી મરજીથી વિરુદ્ધ ચાલે છે તેને માટે હું પ્રતિકૂળ બનું છું. કાળને મારે આજે ડામવો છે."

સ્થિર શ્વાસે સૌ મહારાજની વાણી સાંભળી રહ્યા. સભામાં સૌ શૂન્યમનસ્ક થઈ ગયા. કાળની ગતિ પણ જાણે સ્થંભી ગઈ હોય તેમ સૌને લાગ્યું. મહારાજની મુખમુદ્રા જોઈ કાંઈક અવનવું બની જશે એવી સૌના અંતરમાં બીક લાગી.

સંતોનું મંડળ સુરત રવાના થયું. મુક્તાનંદ સ્વામીને પણ સુરત સંતમંડળ સાથે મોકલ્યા.[૧૬૦] રામદાસ સ્વામીને મહારાજે પોતાની પાસે રાખ્યા. સંતો રવાના થયા.

પછી મહારાજે ત્યાં બેઠેલા કાઠી ભક્તો પ્રત્યે કહ્યું : "આજે મારા આ ગરીબ સંતો ઉપર આ અસુરોએ ત્રાસ વર્તાવ્યો છે. આપણે તો સાધુતાનો માર્ગ પકડી બેસી રહ્યા. આપણું કાંઈ ઊપજ્યું નહિ. કેવળ અમારાં દર્શનના પ્યાસી, અમારા સંગે જ જેમણે પ્રાણ ટકાવી રાખ્યા છે તેવા સંતોને અમારે ઠેઠ સુરત જેટલા દૂર દેશમા મોકલવા પડ્યા." મહારાજ બોલતા હતા. તેમના શબ્દોમા વિષાદ હતો. સંતોનો વિરહ તેમને પણ સાલતો હતો. કાઠી ભક્તોનું મહારાજના શબ્દે શબ્દે લોહી ઊકળી રહ્યું હતું.

શ્રીનગરથી ત્યાં આવેલા હરિભક્તો દામોદરદાસ, હરિભાઈ, રણછોડ, લાલદાસ ગોરા; તેમજ વણિક હરિભક્તો શંભુદાસ, માણેકચંદ, વજેરામ, કેવળચંદ; નાગર ભક્તો હિંમતરામ, જીવણરામ, હરિભાઈ વગેરે મહારાજની પૂજા કરવા આવ્યા હતા. પરંતુ તેમણે મહારાજે અંગીકાર કરેલા ગુણના ભાવો જોયા. મહારાજના વિષાદયુક્ત શબ્દો સાંભળ્યા. મહારાજ કોઈ પ્રકારે શાંત થાય તેવા ભાવથી તેમણે મહારાજની સ્તુતિ કરતાં કહ્યું : "હે મહારાજ ! આપની અમોઘ શક્તિથી અધર્મસર્ગનો પરિવાર નાશ થઈ જશે જ. આપ તો કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ શક્તિધારી છો. સર્વના કારણ, સર્વના આધાર અને અનંત શક્તિએ યુક્ત અક્ષરબ્રહ્મ – જેમની મોટપ જેવી બીજા કોઈની મોટપ

---

૧૬૦. મુક્તાનંદ સ્વામીની સાથે ચારસો સંતોને મહારાજે સુરત મોકલ્યા. તેઓ થોડા દિવસે સુરત પહોંચ્યા અને ત્યાં સૈયદપરામાં વેણીની વાવ ઉપર આવી ત્યાં જ ઉતારો કર્યો.
– શ્રી નારાયણમુનિદેવ તથા શ્રી રાધાવિહારીદેવના શતવાર્ષિક પ્રતિષ્ઠોત્સવનો ઇતિહાસ. લેખક, શોધક, સંશોધક : શાસ્ત્રી હરિજીવનદાસ, સં. ૧૯૯૩.
શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૨, તરંગ-૭૫ તથા સત્સંગિભૂષણ; ૨-૫૪માં મુક્તાનંદ સ્વામીને મહારાજે સાથે રાખેલા એવો ઉલ્લેખ છે.

નથી, જેમના સાધર્મ્યને પામવા માટે શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમના મુક્તો પણ તપ કરી રહ્યા છે, શુક, નારદ અને સનકાદિક પણ તપ કરી રહ્યા છે એવા અતિ પ્રતાપી અક્ષર પણ આપની શક્તિ પાસે અસમર્થ છે.[૧૬૧] એવા આપ શક્તિશાળી છો.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''અમારા આવા સામર્થ્યની અમને ખબર ન હતી.''

આ સાંભળી ભક્તો હસ્યા. સુરાખાચર, એભલખાચર, અલૈયાખાચર વગેરે કાઠી ભક્તો મહારાજના મનુષ્યભાવમાં મોહ પામે તેવા ન હતા. તેમણે કહ્યું : ''મહારાજ ! ભાગવતધર્મનું સ્થાપન કરવા આપ પધાર્યા છો. અનેક મુમુક્ષુઓનું આપના અને સંતોના સંબંધે આત્યંતિક કલ્યાણ કરવાનો હેતુ લઈને આપ પૃથ્વી ઉપર પ્રગટ થયા છો. તો આવા નિર્માલ્ય ભેખની બીકે આપણા સાધુઓને શું સંતાડી રાખવા છે ? અમને આજ્ઞા આપો. અમારા સંતો ઉપર આ ભેખે જે ત્રાસ વર્તાવ્યો છે તેથી અમારાં રોમેરોમ સળગી ઊઠ્યાં છે. માટે એક વાર તો અમને અમારી રમત રમવા દ્યો.''

મહારાજની પણ એ ઇચ્છા હતી. તેમણે કહ્યું : ''કાલે વાત.''

આજે ખાંડાના ખેલ ખેલવાના છે

વૈશાખ વદિ ૧૪ની સવારે જ મહારાજે નિત્યકર્મથી પરવારી સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને કહ્યું : ''આજે તમે કોઈ બહાર નીકળશો નહિ. જ્યાં હો ત્યાં જ બેસીને ભજન કરજો.'' કાઠી ભક્તો તથા પાર્ષદોને કહ્યું : ''આજે યુદ્ધનું મંડાણ થશે, નરમેધ થશે અને ભેખનું કાસળ આજે નીકળી જશે. તમારે આજે તમારું ખમીર બતાવવાનું છે.''

---

૧૬૧. *તુમ બિન જડવત દેખત સબહી, તુમારો પ્રતાપ વિચારત જબહી;*
અક્ષરસેં મોટપ નહિ ઓરા, બડી મોટપ તાકી રહે જોરા....૩૧
શ્વેતદ્વીપમેં મુક્ત અપારા, તપ કરત હે વારમ વારા;
બદરિકાશ્રમમેં તેહી રીતા, તપ કરત મુનિ કરીકે પ્રીતા....૩૨
અક્ષર કે સાધર્મ્ય હોય કાજા, કઠિન તપ અતિ કરત મહારાજા;
શુક, નારદ, સનકાદિક જેસે, તપ કરત હે શિવજી તેસે....૩૩
અક્ષર ઐસે પ્રતાપ હિ વાના, તુમ આગે જડ હો ભગવાના;
ઐસી મોટપ તુમરી કાવે, જથાર્થ શેષ પાય ન પાવે....૩૪
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૨, તરંગ-૭૬.

કાઠી ભક્તો તથા પાર્ષદો આ સાંભળી ઉત્સાહમાં આવી ગયા. ઘણા વખતથી મ્યાન કરેલી તલવાર આજે વીંઝવાનો વખત આવ્યો છે. આજે ખાડાના ખેલ ખેલવાના છે.

લોલંગરે ધાર્યું કે નથુ ભટ્ટના ઘરમાં જ સ્વામિનારાયણ હશે. ત્યાં જ ઘેરો ઘાલીને તેમને પકડી લેવા. મહારાજ પણ એ સમજીને જ ત્યાં ગયા. પાર્ષદોની ચોકી આજુબાજુ બેસી ગઈ. લોલંગર સાતસો બાવાની જમાત સાથે ત્યાં આવ્યો. કોઈકે ત્રિશૂળ ઝાલ્યાં હતાં, કોઈના હાથમાં ગેડીઓ હતી, કોઈ ભાલા, તીરકામઠાં અને બરછીઓ લઈ સજ્જ થઈ આવ્યા હતા. રામદાસ સ્વામી મહારાજની બાજુમાં જ બેઠા હતા. રામદાસ સ્વામીને આ ઉપાધિ જોઈ સંકલ્પો થવા લાગ્યા. તેથી મહારાજે તેમનો જમણો હાથ લઈ પોતાની છાતીએ અડાડ્યો અને કહ્યું : "સ્વામી ! આ મૂર્તિનું ભજન કરી અનેક મુમુક્ષુઓ અક્ષરપંક્તિમાં ભળી ગયા છે અને હજુ પણ જે જે ભજન કરશે તે અક્ષરધામમાં અક્ષરમુક્તની પંક્તિમાં ભળી જશે. માટે કાંઈ સંકલ્પ તમે કરશો નહિ અને ઉપાધિથી બીશો નહિ."

ચાર પાડ્યા ચોકમાં

બહાર ધમાલ થવા લાગી. એટલે મહારાજે અંદર બેઠેલા પાર્ષદોને તથા કાઠી ભક્તોને કહ્યું : "ચાલો, આપણે કાંકરિયે જઈએ."

પાર્ષદોએ કહ્યું : "મહારાજ ! આવી ઉપાધિમાં તમારાથી બહાર ન નીકળાય."

મહારાજ આ સાંભળી હસ્યા અને પછી કહ્યું : "તો તમે બહાર નીકળો અને ઉપાધિ ટાળો. જોઈ શું રહ્યા છો ? આજે તો રમત રમવાનો અવસર આવ્યો છે."

કાઠી હરિભક્તો આ આજ્ઞાની જ રાહ જોઈ રહ્યા હતા. બહાર 'જય સ્વામિનારાયણ'નો ઉદ્‌ઘોષ થયો અને અંદરથી પણ 'જય સ્વામિનારાયણ'નો ઉદ્‌ઘોષ કરતાં કાઠી ભક્તો અને પાર્ષદો બહાર નીકળ્યા. આ કાઠીઓને જોઈ કેવળ શસ્ત્ર ધારીને બીજાને બીવરાવતા તથા શસ્ત્ર વાપરવાની આવડત વિનાના આ શસ્ત્રધારી બાવાઓ બીન્યા અને ત્યાંથી નાઠા. એટલે કાઠી ભક્તો તથા પાર્ષદો તેમની પાછળ પડ્યા. તેમાંના ચાર મોટેરાને તો ચોકમાં જ ધરાશાયી કર્યા.

આ જોઈ બીજા ભાગ્યા. લોલંગરને પણ લાગ્યું કે જોતજોતમાં અનેકને રહેંસી નાખનારા કાઠી દરબારોના પંજામાં જો આવી ગયા તો આજે નક્કી જમદ્વારનાં દર્શન થવાનાં. તે પણ તેની લોઢાની સાંકળ હાથમાં લઈ ભાગ્યો.

કાઠીઓ તથા પાર્ષદો તેમની પાછળ પડ્યા. જેટલા ઝપટમાં આવ્યા તેમના ઉપર તૂટી પડ્યા. બંધિયાના મૂળુભા દરબાર તથા રાજા રામસિંહ, ભગુ ખાંટ અને બીજા કાઠીઓની તલવારની રમતથી બાવાઓનાં ધડ નીચે પડવા લાગ્યાં. કાઠીઓ અને પાર્ષદો તો પટ્ટા ખેલનારા. એક પણ ઘા પોતાના શરીર પર ન પડવા દે તેવી ક્ષત્રિયની, મરદાનગીની રમત રમનારા. તેમણે કેટલાકને આંતર્યા અને કેટલાકને ઘાયલ કર્યા. જે પૂંઠ બતાવી, મૂઠીઓ વાળીને ભાગ્યા તેમનો પીછો તેમણે પકડ્યો નહિ. આજે તેમને આનંદ હતો. કટાઈ ગયેલી તલવારો આજે સજાઈ ગઈ. ધાર તીક્ષ્ણ થઈ ગઈ અને ભૂલાઈ ગયેલી રમતના દાવ આજે ફરી પાકા થઈ ગયા !

સાચી અહિંસા

શ્રીજીમહારાજના આદેશનું રહસ્ય તેઓ સમજી ગયા. મહારાજને નામર્દાઈ અહિંસા ખપતી ન હતી. ગરીબને પીડનારા કે સમાજને દૂષણરૂપ આતતાયીઓ, સમાજને વધુ ને વધુ ભ્રષ્ટ કરનારા; તેમની સામે અહિંસાના પાઠ ભણવા તે તેમને મન નામર્દાઈ હતી. જગન્નાથપુરીમાં તેમણે દશ હજાર બાવાઓનું કાસળ કઢાવ્યું. જ્યાં જ્યાં આવા અસુરો, આતતાયીઓ સમાજને ભ્રષ્ટ કરનારા મળ્યા; ત્યાં ત્યાં તેમનો તેમણે બુદ્ધિપૂર્વક નાશ કરાવ્યો. અહિંસાનું શસ્ત્ર તેમણે પોતા ઉપર કે પોતાના સાધુઓ ઉપર આવી પડતી આપત્તિઓનો સામનો કરવા માટે જ ઉપદેશ્યું હતું. તેમાં સાચી મર્દાનગી હતી, તેવું તેઓ કહેતા; પરંતુ સમાજના શુદ્ધીકરણ માટે, દેશની રક્ષા માટે જે ક્ષત્રિયોનો એક આખો વર્ગ તેમણે ઉત્પન્ન કર્યો છે; તેમને માટે તો યુદ્ધ સિવાયના બીજા પ્રસંગોમાં જ અહિંસા ધર્મ કહ્યો છે. ગીતામાં આ જ ઉપદેશ છે.

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥[૧૬૨]

શ્રીજીમહારાજની અહિંસા એ કેવળ નિયમોની જડતા ન હતી. પરંતુ ધર્મના સિદ્ધાંતોનું તેમાં લક્ષ્ય હતું. જે હિંસાથી ધર્મ સચવાય તે સાચી અહિંસા હતી. તેમણે ક્ષત્રિયો પાસે, કાઠીઓ પાસે, ધારાળાઓ અને બારૈયાઓ પાસે શસ્ત્રો મુકાવ્યાં. પણ તે શસ્ત્રોનો લોકોના કે રાજ્યના રક્ષણ માટે ઉપયોગ

૧૬૨. શૌર્ય, તેજ, ધૃતિ, દક્ષતા, યુદ્ધ સમયમાં પીછેહઠ ન કરવી, દાન અને ઈશ્વરભાવ આ બધાં ક્ષત્રિયના સ્વાભાવિક ધર્મ છે. ક્ષત્રિય ! તે ધર્મનો વિચાર કરીને યુદ્ધમાં સામા આવેલા અને હથિયાર લઈને મારનારાને હણવામાં તારે કંપવું ન જોઈએ. (૨-૩૧).

કરવાનો સમય આવ્યો ત્યારે તેનો ઉપયોગ કરવાની આજ્ઞા પણ આપી. પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ હતા. તેથી ધર્મ શું ? અને અધર્મ શું ? હિંસા શું અને અહિંસા શું ? તે યથાર્થ સમજીને જ પોતાના કાર્યમાં પ્રવૃત્ત રહેતા અને પોતાના ભક્તો પાસે પણ એવી પ્રવૃત્તિ કરાવતા. લોલંગરના બાવાની જમાત સમાજને ત્રાસરૂપ હતી. સૂબાને જ્યારે તેની જરૂર પડતી ત્યારે તેની સહાયથી તે ગરીબોને, નિર્દોષોને પીડતો; તેમને કચરી નાખતો. તેથી આ જમાતનો મહારાજે આજે તેમના કાઠી ભક્તો અને પાર્ષદો દ્વારા ધ્વંસ કરાવ્યો. ભાગવતધર્મના પ્રસ્થાપનમાં વિઘ્નરૂપ એવું આ આસુરી બળ સમુદ્રમાં આવતી ઓટની જેમ હવે ઓસરવા લાગ્યું.

મહારાજે નથુ ભટ્ટના ઘરમાંથી બહાર આવતાં યુદ્ધનાં મંડાણ જોયાં. બાવાઓને ધરાશાયી થતા જોયા. કાઠી ભક્તો અને પાર્ષદોની શૂરવીરતાનાં દર્શન કર્યાં. મુઠ્ઠીભર આ ભક્તોએ લોલંગરની સાતસો બાવાઓની જમાતને નસાડી. નામર્દો અને ભાગતાઓની પૂંઠે ન પડવું એવો તેમનો સિદ્ધાંત હતો. આ સિદ્ધાંતમાં સાચો ધર્મ હતો, સાચી અહિંસા હતી. તેઓ સૌ મહારાજ પાસે આવ્યા. કેટલાકના શરીર ઉપર ઘા પડ્યા હતા. મહારાજે તેમના શરીર ઉપર હાથ ફેરવ્યો. સૌને શાતા વળી ગઈ. મહારાજે તેમને કહ્યું : "શાબાશ, મારા શૂરવીર ભક્તો ! આજે તમે તમારો ધર્મ બજાવ્યો. આદર્શ શૂરવીરોને છાજે એવી રમત કરી. આજ રીતે તમારે અમારા સાધુઓનું, અમે સ્થાપવા ઇચ્છતા ભાગવતધર્મનું રક્ષણ કરવાનું છે."

લોલંગર અમને પકડવા આવશે

ભક્તોનાં શરીર શૂરાતનના શ્વાસે હજુ ધ્રૂજતાં હતાં. મહારાજના સ્પર્શથી, મહારાજની વાણીથી તેઓ ધન્ય બની ગયા ! ક્ષાત્રવટ આજે કામમાં આવી ગઈ ! એટલામાં મહારાજે એકદમ કહ્યું : "ભગુજી ! અમારો ઘોડો લાવો. મને લાગે છે કે લોલંગર અમને પકડવા આવશે. માટે અહીંથી હમણાં જ નીકળી જવું છે."

મહારાજની વાણી સાંભળી કાઠી ભક્તો, પાર્ષદો હસ્યા. ભગુજીએ કહ્યું : "મહારાજ ! તમારી જ પ્રેરણાથી અમે આ બાવાઓને મારીને ભગાડ્યા અને તમને બીક લાગે છે ?"

મહારાજે તરત જ કહ્યું : "વાત કરવાની આ વેળા નથી. માટે ઘોડો જલદી લાવો."

ભગુજી સમજી ગયા. ઘાયલ શરીરે પણ મહારાજની સેવામાં સદા તત્પર રહેતા આ શૂરવીર પાર્ષદવર્ય મહારાજના ઓછાયાની જેમ તેમની સાથે જ રહેતા. સાથે ઊભેલા કાઠી ભક્તો તથા પાર્ષદો પણ મહારાજની સાથે જવા તૈયાર થઈ ગયા. મહારાજ રોઝા ઘોડા ઉપર સવાર થયા. પેગડામાં પગ ગોઠવ્યા અને લગામ ખેંચી. રોઝો આગલા બે પગે ઝાડ થયો. બીજા કાઠી ભક્તો, પાર્ષદો તૈયાર થાય તે પહેલાં તો ધૂળની ડમરી ઉડાડતો રોઝો અદૃશ્ય થઈ ગયો ! સૌ જોઈ રહ્યા. વિચારમાં પડી ગયા કે મહારાજ ક્યાં ગયા ! છતાં સૌએ મહારાજ જે દિશામાં ગયા તે દિશામાં તેમના ઘોડા દોડાવ્યા.

મહારાજ કણભા થઈને સીધા વહેલાલ પધાર્યા. અહીં આવી જેસિંગભાઈના મકાનમાં કોઈ ન જોઈ શકે એટલે એક ઓરડીમાં ઘોડી બાંધી.[૧૬૩] મહારાજે વખતબાને પૂછ્યું : "જેસિંગભાઈ અને બીજા ભક્તો ક્યાં ગયા છે ?"

વખતબાએ કહ્યું : "મહારાજ ! એ તો બધા લોકિકે ગયા છે. પણ તમે આટલા બધા ધ્રૂજો છો કેમ ?"

મહારાજે કહ્યું : "વખત ! અમારી પાછળ લોલંગર અને તેના બાવાઓ પડ્યા છે. અમને પકડીને સૂબાના દરબારમાં લઈ જવા માંગે છે. હવે બચવાનો કોઈ ઉપાય નથી. કાઠી ભક્તો પણ પાછળ રહી ગયા છે." મહારાજે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું.

તમારી બીકથી અમને શૂરાતન ચડ્યું છે

વખતબા મહારાજની વાત સાંભળી હસ્યાં. તેમણે કહ્યું : "મહારાજ ! તમારી બીકથી અમને શૂરાતન ચડ્યું છે. આદમી જ તમારું રક્ષણ કરી શકશે એવું નથી અમે પણ આ ગોફણો વાપરી શકીએ તેમ છીએ."

મહારાજ વખતબાનું શૂરાતન જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "તો બોલાવો બધાં બૈરાંઓને."

વખતબાએ તરત જ રણશિંગુ ફૂંક્યું. તેમને અમીનાત[૧૬૪] હતી તેથી

---

૧૬૩. આ ઓરડી જેમાં મહારાજે ઘોડી બાંધી હતી તે પ્રસાદીની જગ્યા હજુ સચવાઈ રહી છે.

૧૬૪. આ ગામના જેસિંગભાઈની છઠ્ઠી પેઢીના પૂર્વજ પટેલ પ્રાગદાસ મથુરદાસે વિ.સં. ૧૭૮૭ (સને ૧૭૩૧)ના અરસામાં જાતે દિલ્હી જઈને અમીનગીરીની સનદ મેળવી હતી. (વહેલાલ ઐતિહાસિક રૂપરેખા; લે. ભાઈલાલ આશાભાઈ પટેલ, ઑક્ટોબર ૧૯૭૭.)

તીરકામઠાવાળા સૈનિકો તેમની પાસે હતા. તે બધા ટોળે ટોળાં મળી ત્યાં આવવા લાગ્યા. સાંબેલાં લઈને બીજાં બૈરાંઓ પણ આવી ગયાં. વખતબાએ પણ ગોફણ તૈયાર રાખી.

એટલામાં લોલંગરના બાવાઓ દેખાયા. વખતબાએ ગોફણમાં પથરા નાખી મારો ચલાવ્યો. તીરકામઠાવાળા તેમનાં તીરો છોડવા લાગ્યા. કાઠી હરિભક્તો પણ આવી પહોંચ્યા. વળી, જેસિંગભાઈ વગેરે ભક્તો પણ તેમને બોલાવવા ઘોડેસવાર મોકલાવેલ તેથી આવી ગયા. લોલંગરના બાવાઓ આ બધું લશ્કર જોઈ નાઠા. જેસિંગભાઈએ તેમના તીરકામઠાવાળાઓને હુકમ આપ્યો : "તેમની પાછળ પડો અને એકે એકને વીંધી નાખો."

તીરકામઠાવાળા પાછળ પડ્યા. દોડતા બાવાઓ ઉપર મારો ચલાવ્યો. કેટલાક પડ્યા, કેટલાક નાઠા. આમ, લોલંગરનું લશ્કર વેરવિખેર થઈ ગયું. મહારાજ આ બધી રમત સંતાઈને જોઈ રહ્યા હતા.

આપનાં ચરિત્રો મોહ પમાડે તેવાં છે

જેસિંગભાઈ તથા વહેલાલના ભક્તો, કાઠી ભક્તો, પાર્ષદો બધા મહારાજ પાસે આવ્યા. મહારાજ હજુ સંતાઈને જ બેઠા હતા. તેમણે મહારાજને એ રીતે જોયા એટલે તેમને હસવું આવ્યું. જેસિંગભાઈએ કહ્યું : "દયાળુ, આપનાં ચરિત્રો ખરેખર મોહ પમાડે એવાં છે."

મહારાજે કહ્યું : "તે સિવાય તો તમારી બુદ્ધિ અમારા સ્વરૂપમાં સ્થિર થઈ છે કે નહિ તેની તમને જ કેમ ખબર પડે ?"

જેસિંગભાઈ સમજી ગયા. મહારાજને કહ્યું : "મહારાજ ! લોલંગર અને તેના બાવાઓને તો ભગાડી દીધા છે. માટે આપ હવે સુખેથી બહાર પધારો."

મહારાજે કહ્યું : "અમારે કાલે અહીંથી કચ્છ જવું છે. લોલંગર હજુ ઉપાધિ કરે એવી ભીતિ છે."

જેસિંગભાઈએ કહ્યું : "મહારાજ ! અહીંના હરિભક્તોનો ભાવ છે. તો આપ થોડા દિવસો અહીં રહો. આપની સેવા કરવાના અમારા મનોરથ છે તે પૂરા કરો. અહીં હમણાં જ અઢાર હરિભક્તોનાં નોતરાં આવી ગયાં છે. એટલે એટલા દિવસ તો આપને રોકાવું જ પડશે."

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે થોડી વારે તેમણે કહ્યું : "જેસિંગભાઈ ! આટલા બધા દિવસ તો રોકાવાય નહિ. અમારે તો કાલે

જ જવું છે.''

''જો એવી આપની ઇચ્છા હોય, તો આ અઢાર હરિભક્તોના થાળ જમીને જાઓ.'' જેસિંગભાઈએ તરત જ કહ્યું. તેમને મનમાં હતું કે રોજ બે હરિભક્તોના થાળ જમશે તો પણ નવ દિવસ તો મહારાજને રોકાવું પડશે જ.

પણ મહારાજે તરત જ કહ્યું : ''એ અઢારે હરિભક્તોને કહી દો કે કાલે સૌ થાળ કરે. અમે તેમને ત્યાં જમવા જઈશું.'' આ સાંભળી જેસિંગભાઈ આશ્ચર્ય પામી ગયા.

મહારાજ અઢાર સ્વરૂપ ધારણ કરે છે

બીજે દિવસે મહારાજ અઢાર હરિભક્તોને ઘેર અઢાર સ્વરૂપ ધારણ કરી જમવા પધાર્યા. દરેકને એમ લાગ્યું કે મહારાજ આપણે ત્યાં જ જમવા પધાર્યા છે. જેસિંગભાઈએ મહારાજને પ્રેમથી લાડુ પીરસ્યા. લાડુ સામાન્ય કદથી મોટા જોઈને મહારાજે પૂછ્યું : ''જેસિંગભાઈ ! લાડુ આવડા મોટા કેમ કર્યા ?''

તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! અમે પાટીદાર એટલે અમારી બુદ્ધિ જાડી અને લાડુ પણ જાડા.''

મહારાજ આ સાંભળી હસ્યા. સૌને ભાવ હતો કે મહારાજ વધુ જમે તો સારું. તેથી લાડુ મોટા બનાવ્યા હતા. મહારાજ પણ દરેકનો ભાવ જોઈ દરેકને ઘેર એવા મોટા લાડુ જમી ગયા. સૌ ભેગા થયા ત્યારે સમજાયું કે મહારાજ સૌને ઘેર જુદા જુદા સ્વરૂપે જમી ગયા હતા.

મહારાજને તે દિવસે સાંજે નીકળવું હતું. એટલામાં ડભાણથી રઘુનાથદાસ પટેલ તથા બીજા હરિભક્તો આવ્યા. મહારાજને તેમણે વિનંતી કરતાં કહ્યું : ''મહારાજ ! જેતલપુરમાં યજ્ઞ કર્યો હતો તેવો ડભાણમાં કરો.''

મહારાજ સાંભળી રહ્યા. પછી કહ્યું : ''હમણાં લોલંગરની ઉપાધિ બહુ છે. માટે આપણને સુખ આવશે નહિ. હમણાં તો અમે કચ્છ જઈએ છીએ. ત્યાંથી સંતોને મોકલીશું અને ડભાણમાં સર્વોપરી યજ્ઞ કરીશું.''

ડભાણના ભક્તો આ સાંભળી રાજી થયા.

મહારાજ વહેલાલથી નીકળી ગયા. પોતાની સાથે જે સંતો, કાઠી હરિભક્તો હતા તેમને સૌને કચ્છ આવવાનું કહ્યું.

પરિશિષ્ટ : ૧

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી

મહાસમર્થ યોગમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૩૭ના મહા સુદ ૮ના મંગળ દિવસે, ઈડર પ્રાંતના ટોડલા ગામમાં, પિતા મોતીરામ ભટ્ટ ને માતા કુશલાદેવીને ત્યાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણનું નામ હતું ખુશાલ. ગૌર વર્ણ અને તેજસ્વી મુખાકૃતિવાળા આ બાળકનાં જન્મજાત લક્ષણો, પ્રભાતનાં કિરણો ફૂટે તેમ એક એક પ્રકાશવા લાગ્યાં. કુમળી વયે તો બાજુના નભોઈ ગામના વિદ્વાન બ્રાહ્મણ પાસે વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, ખગોળ, વેદ-વેદાંતનો પણ ઊંડો અભ્યાસ કર્યો.

પૂર્વના યોગાભ્યાસી હોય તેમ ટોડલાને પાદર વહેતી નદીને સામે કિનારે આવેલા મહાદેવના દેરામાં તેઓ ઘણી વખત ધ્યાનમગ્ન રહી બેસતા અને ટોડલા ગામને ફરતી સોહામણી પર્વતમાળની કંદરામાં જઈ મહિનાઓ સુધી તપ કરતા.

અધ્યયન પૂર્ણ થયા પછી ગામમાં એમણે પાઠશાળા શરૂ કરી. બાળકોને તેઓ અભ્યાસ કરાવતા. માત્ર પઠન-પાઠનની વિદ્યા અધૂરી જણાતાં તેઓ બાળકોને ભગવદ્‌ભક્તિનાં પાઠો – ધૂન, કીર્તન, નામસ્મરણ આદિક પણ કરાવતા. ક્યારેક ભગવદ્‌ભક્તિમાં તલ્લીન થઈ જતા ખુશાલ ભક્તની સાથે બાળકો પણ ભક્તિના પ્રભાવથી સમાધિદશા પ્રાપ્ત કરતાં. દેવદર્શન, પૂજાપાઠ, કથાવાર્તા, સંતોની સેવા એ જ ખુશાલ ભક્તનો નિત્યનો ક્રમ હતો.

ટોડલાથી થોડે દૂર શામળાજીનું વિખ્યાત પુરાતની મંદિર છે. અહીં એક વહેલી સવારે પૂજારીએ મંદિરના દ્વાર ખોલ્યાં તો સિંહાસનમાં શામળાજીની મૂર્તિ જ ન મળે. આ જોઈ પૂજારી તો એકદમ હેબતાઈ ગયો. તેણે તરત મંદિરના બીજા માણસોને બોલાવ્યા. ફરી દ્વાર ખોલ્યાં તો શામળાજીની મૂર્તિ સિંહાસનમાં જેમ હતી તેમ ગોઠવાઈ ગઈ હતી. આ જોઈ પૂજારીને ઘણું આશ્ચર્ય થયું. પણ બીજા માણસોને શંકા ગઈ કે નક્કી આમાં પૂજારીનું કંઈ કપટ છે. તેમણે મૂર્તિનાં વસ્ત્રાલંકારોની તપાસ કરી તો જણાઈ આવ્યું કે એક જરિયાન વસ્ત્ર અને પગનું એક સોનાનું ઝાંઝર મૂર્તિના અંગ પર ન હતાં. આથી પૂજારી ઉપર ચોરીનો આરોપ આવ્યો. સૌ તેને મારવા લાગ્યા.

તે વખતે મૂર્તિમાંથી એકાએક અવાજ આવ્યો કે "પૂજારીનો કાંઈ વાંક નથી. હું અહીંથી થોડે દૂર ટોડલા ગામે, મારા એક ભક્ત ખુશાલની સાથે રોજ રમવા

જાઉં છું. આજે રોજના સમય કરતાં પૂજારીએ નિજમંદિર વહેલું ખોલ્યું એટલે મારે દોડતાં ત્યાંથી આવવું પડ્યું. આથી મારું એક વસ્ત્ર અને ઝાંઝર રસ્તામાં પડી ગયાં છે. તે તમે ત્યાં તપાસ કરો તો મળી આવશે."

આ સાંભળી સૌ આશ્ચર્યમાં ડૂબી ગયા. આ બાજુ ખુશાલ ભક્તનાં માતુશ્રી સવારના પહોરમાં પોતાના ઘરનું આંગણું વાળતાં હતાં ત્યાંથી એક જરિયાન વસ્ત્ર અને નવેળામાંથી ઝાંઝર તેમને મળી આવ્યાં. તેઓ આમતેમ જોવા લાગ્યાં. તેથી હસતાં હસતાં બાલભક્તે કહ્યું કે "એ ત્યાં ને ત્યાં રહેવા દો. જેનું છે તે હમણાં આવીને લઈ જશે."

થોડી વારમાં જ શામળાજી મંદિરના માણસો તે ઘર શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા. ખુશાલ ભક્તને પ્રણામ કર્યા. તેમનાં માતુશ્રીને બધી વાત કરી અને આશ્ચર્ય પામતાં બંને વસ્તુઓ લઈ ગયા.

આવા ચમત્કારી પ્રસંગોમાં બીજો પણ એક પ્રસંગ ખાસ નોંધાયેલો છે. તે વખતે ઈડરના રાજાએ બ્રાહ્મણો ઉપર માથા દીઠ રૂપિયા ત્રણનો વાર્ષિક કર નાખેલો. બ્રાહ્મણોએ કર માફ કરવા રાજાને વિનંતી કરી, પણ રાજાએ તે માન્ય રાખી નહિ. આ સમયે બાલભક્તની ખ્યાતિ ચોતરફ પ્રસરી ચૂકી હતી. તેથી બ્રાહ્મણોએ તેમને ચમત્કારી જાણી, તેમના દ્વારા રાજાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ ગર્વથી અંધ બનેલા તે રાજાએ અજ્ઞાનતામાં આ બાલભક્તના વચનની પણ ઉપેક્ષા કરી. આથી ખુશાલ ભક્ત સૌ બ્રાહ્મણોને સાથે લઈ ગામની બહાર વાવ છે ત્યાં ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે રાજાને સદ્‌બુદ્ધિ આપે.

પોતાના ભક્તનો થયેલો અપરાધ ભગવાન કેમ સહન કરે ? ભગવાને ઇચ્છા કરી અને તે જ વખતે રાજા અને તેનાં કુટુંબીજનો તથા કારભારીઓનાં ઝાડા-પેશાબ એકદમ બંધ થઈ ગયાં. રાજમહેલમાં ખળભળાટ મચી ગયો. બધા ખૂબ અકળાવા લાગ્યા. પછી કોઈએ સલાહ આપી કે પેલા નાનકડા ખુશાલ ભક્તનું તમે અપમાન કર્યું તેથી જ કદાચ આમ બન્યું હશે. માટે હવે તેની માફી માગો. તો જ સૌને સારું થાય. રાજાના અંતરમાં પણ આ વાત મનાઈ ગઈ. રાજાએ અને તેના માણસોએ ખુશાલ ભક્ત પાસે આવી માફી માગી. ત્યારે બાલભક્તે કહ્યું કે "પહેલાં વેરો માફ કરો અને તાંબાના પતરા ઉપર લેખ કરી આપો કે મારા રાજ્યમાં બ્રાહ્મણો ઉપર વેરો નહિ નાખવામાં આવે."

આ પ્રમાણે કર્યું ત્યારે જ રાજા અને તેના માણસોને સારું થયું. સૌ રાજી થઈ ખુશાલ ભક્તનો મહિમા સમજવા લાગ્યા. આવા અનેક ચમત્કારિક પ્રસંગોનો ખુશાલ ભક્તના જીવન દ્વારા સૌને અનુભવ થયેલો.

થોડાં વર્ષો પછી વાડાશિનોરના બે સત્સંગીઓ, કાશીરામભાઈ તથા મુરલીધરભાઈ પાસેથી તેમણે સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્ય અને મહિમા સંબંધી વાતો સાંભળી. પૂર્વના સંસ્કારથી ખુશાલ ભક્તને આ વાતોથી મહારાજનાં દર્શનની ઉત્કંઠા વધવા લાગી. એવામાં નભોઈ ગામમાં મહારાજના પરમહંસ સર્વેશ્વરાનંદજીનો તેમને યોગ થયો. તેમની પાસે વર્તમાન લઈ શ્રીજીના આશ્રિત થયા, પણ મહારાજનાં દર્શનની તત્પરતા રોકી શક્યા નહિ અને ડભાણમાં સૌ પ્રથમ મહારાજનાં દર્શન કર્યાં. જેમ નદી સાગરમાં મળી જાય, તેમ મહારાજના દિવ્ય સ્વરૂપમાં ખુશાલ ભક્ત પણ લીન થઈ ગયા. પૂર્વનું હેત ઊભરાઈ આવ્યું અને ભાવવિભોર બની આનંદાશ્રુથી મહારાજનાં ચરણકમળ તેમણે પખાળ્યાં. મહારાજ પણ પોતાના ભક્તને મળીને અત્યંત રાજી થયા. પૂર્વનું જ્ઞાન પ્રગટ થયું અને ભક્તને ભગવાનનો નિશ્ચય તે જ ક્ષણે થઈ ગયો.

ખુશાલ ભક્તે તરત ત્યાગી થઈ ચરણકમળમાં નિવાસ આપવા મહારાજને આજીજી કરી. મહારાજે થોડી મુદત આપી ભક્તને ઘરે મોકલ્યા. પણ સંસારનો ત્યાગ કરી પ્રભુની સમીપ પહોંચવાની ખુશાલ ભક્તની ઝંખના રાત-દહાડો વધવા લાગી.

એક વખત એક બ્રાહ્મણ ખુશાલ ભક્તને ત્યાં આવી પહોંચ્યો. બ્રાહ્મણ સાથે ખુશાલ ભક્ત પણ ગુજરાતમાં, મહારાજને મળવાની અભિલાષાથી નીકળ્યા. રસ્તામાં આ બ્રાહ્મણ પોતે ખુશાલ ભક્તને જમાડે, તેમના પગમાં (જોડા ન હતા તેથી) કાંટા વાગે તે કાઢી આપે, એમ બહુ સેવા કરે. આગળ જતાં જેતલપુર નજીક બ્રાહ્મણે ખુશાલ ભક્તનો સાથ છોડી દીધો અને તેમને કહ્યું કે "સ્વામિનારાયણ ભગવાન અહીં બિરાજે છે, તમે તેમને મળો, હું પછી આવીશ."

ખુશાલ ભક્ત તો દર્શનની તાલાવેલીમાં એકદમ મહારાજ પાસે પહોંચી ગયા. મહારાજ રાજી થયા અને કઈ રીતે આવ્યા તે વિગત કહી તેથી ખુશાલ ભક્તને ખાતરી થઈ કે મહારાજ પોતે જ બ્રાહ્મણના વેશે તેડવા આવેલા. તેઓ ગદ્‌ગદ થઈ મહારાજનાં ચરણોમાં પડી ગયા. પછી મહારાજની ઇચ્છાથી તેઓ થોડો સમય વડોદરા પાસે સરસવણી ગામે શિક્ષક તરીકે નિશાળમાં ભણાવતા. પાછળથી મહારાજની આજ્ઞાથી વડોદરામાં સદાશિવભાઈને ત્યાં રહેતા અને કથાવાર્તા કરી મુમુક્ષુઓને સન્માર્ગે વાળતા.

ત્યાગાશ્રમમાં પ્રવેશવાનો એ પવિત્ર દિવસ આવી પહોંચ્યો. મહારાજે પોતાના ભક્ત ખુશાલ ભટ્ટને ગઢપુર તેડાવ્યા અને સં. ૧૮૬૪ના કાર્તિક વદિ આઠમના રોજ દાદાખાચરના દરબારમાં ખુશાલ ભક્તને ભાગવતી દીક્ષા આપી

અને 'ગોપાળાનંદ સ્વામી' એવું શુભ નામ ધારણ કરાવ્યું.

મહારાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી ઘણુંખરું વડોદરામાં રહેતા. આ નગરીમાં ઘણા વિદ્વાનો હતા. તેથી અહીં સત્સંગ પ્રવર્તાવવાનું કાર્ય ઘણું કઠણ હતું, છતાં પણ પોતાની સાધુતા અને વિદ્વત્તાથી તેમણે વિદ્વાનો, સદ્‌ગૃહસ્થો, રાજ્યના અમલદારો અને ખુદ સયાજીરાવ ગાયકવાડને પણ સત્સંગ કરાવ્યો અને મહારાજના આશ્રિત બનાવ્યા. તેમણે દેખાડેલાં ઐશ્વર્ય ચમત્કારોથી પણ આ પ્રદેશમાં સત્સંગનો સારો વિકાસ થયો. ગોપાળાનંદ સ્વામીએ પોતાના અનેક અનન્ય શિષ્યોને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરધામાવતાર તરીકે અપાર મહિમા સમજાવી તેમના શરણાર્થી બનાવ્યા હતા.

પરિશિષ્ટ : ૨
પરમહંસ નામાવલી

શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમ્યાન અસંખ્યને દીક્ષા પ્રદાન કરેલી. એમાંથી શ્રીહરિચરિત્રામૃતસાગર, ભક્તચિંતામણિ અને સત્સંગિજીવનમાંથી જેટલાં નામ મળ્યાં એ અહીં ઉલ્લેખ્યાં છે. હકીકતમાં તો આનાથી ત્રણ ગણાંથી પણ વધુ સંતો હતા એવો ઉલ્લેખ શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૮, તરંગ-૩૫માં મળે છે.

"હરિભક્તને શ્રીહરિ કહે કે 'જેટલાં ગામના હરિભક્તો હોય તે પ્રમાણે બે-ચાર-પાંચ સંતો ગામેગામ મોકલીએ. તે નિત્ય ઝોળી માંગશે પણ પૂરું ન મળે ત્યારે તમારે સંભાળ રાખવી.' તે સાંભળી હરિભક્તો આનંદ પામ્યા ને શ્રદ્ધા પ્રમાણે સાધુની સંખ્યા લખાવી. પાંચથી અધિક સંતો શ્રીહરિ લખવા દેતા નહિ. એ પ્રમાણે લખતાં ત્રણ હજાર જેટલી સંખ્યા થઈ."

અ

અકામાનંદ
અક્રોધાનંદ
અક્ષયામાનદ
અક્ષયરૂપાનંદ
અક્ષરનિવાસાનંદ
અક્ષરપુરુષાનંદ
અક્ષરરૂપાનંદ
અક્ષરાત્માનદ
અક્ષરાતીતાનંદ
અક્ષરાનદ
અક્ષોભ્યાનદ
અખિલ બ્રહ્માંડેશ્વરાનંદ
અખિલાત્માનંદ
અખિલાધારાનંદ
અખિલાનંદ
અખડાત્માનદ
અખંડાનંદ-૨
અગમ્યાનદ
અગ્રાહ્યાનદ
અચલાનદ
અચ્છેદ્યાત્માનંદ
અચિંત્યાનંદ-૩
અચ્યુતાનદ-૨
અછેદ્યાનંદ
અજન્માનદ
અજયાનદ
અજિતાનંદ
અતિપ્રકાશકાનંદ
અતીંદ્રિયાનંદ
અતુલાનંદ
અદ્ભુતાનંદ-૨
અદ્વૈતાનદ-૩
અનઘાનદ
અનન્તજિદાનંદ
અનાદિનિધનાનંદ
અનાદિસિદ્ધાનંદ
અનિમેષાનંદ
અનિરુદ્ધાનંદ
અનિર્દેશાનંદ
અનિર્દેશ્યાનંદ
અનિલાત્માનંદ
અનિલાનંદ-૨
અનુકૂલાનદ
અનુપમાનંદ-૨
અનુભવાનંદ-૨
અનંતાનદ-૨
અપારાનદ
અપ્રમેયાનદ
અભેદાનદ-૨
અભેદ્યાનંદ

અમરેશ્વરાનંદ
અમૂર્તાનંદ
અમૃતાનંદ
અમોઘાનંદ
અયોનિજાનંદ
અરિહંત્રાનંદ
અરૂપાનંદ-૨
અવદાતાનંદ
અવધૂતાનંદ
અવિનાશાનંદ
અવ્યક્તરૂપાનંદ
અવ્યયરૂપાનંદ
અવ્યયાત્માનંદ-૨
અવ્યયાનંદ
અશોકાનંદ
અષ્ટવક્રાનંદ
અસખ્યેયાનંદ
અજ્ઞાનહાનંદ

આ

આકાશનિવાસાનંદ
આકાશાનંદ
આત્માનંદ (ભાઈ)
આજ્ઞાનંદ
આદ્યાનંદ
આદિત્યવર્ણાનંદ
આદિત્યાનંદ
આદિદેવાનંદ
આદિવર્ણાનંદ
આધારાનંદ
આનંદ કરાનંદ
આનંદાનંદ
ઓજસાનંદ
ૐકારાનંદ
ઐશ્વર્યાનંદ

ઈ

ઈજ્યાનંદ
ઈશાનંદ
ઈશાનાનંદ
ઈશ્વરાનંદ-૨
ઈશ્વરેશ્વરાનંદ

ઉ, ઊ

ઉગ્રધર્માનંદ
ઉજાસાનંદ
ઉત્તમાનંદ
ઉદારાત્માનંદ
ઉદારાનંદ
ઉદ્‌ભવાનંદ
ઉપદેશાનંદ
ઉપશમાનંદ
ઉપેન્દ્રાનંદ
ઉરુકમાનંદ
ઉર્જિતાનંદ

ઋ

ઋષભાનંદ

ક

કપિલેશ્વરાનંદ-૨
કરુણાનંદ
કવ્યાનંદ
કલ્યાણાનંદ-૨
કાનડાનંદ-૨
કારણાનંદ
કુમુદાનંદ
કુમોદાનંદ
કૃતજ્ઞાનંદ-૨
કૃપાનંદ
કૃષ્ણાનંદ-૩
કેવલાત્માનંદ
કેશવાનંદ-૩
કૈવલ્યાનંદ-૨
ક્રોધજરણાનંદ
ક્રોધદમનાનંદ
ક્રોધનાશાનંદ
ક્રોધશમનાનંદ
ક્રોધહરાનંદ
ક્રોધહાનંદ-૨
ક્રોધાનલભસ્માનંદ
કૌશિકાનંદ

ખ

ખગેશારુઢાનંદ
ખલદમનાનંદ

ગ

ગણેશાનંદ
ગદાધરાનંદ
ગર્ભાનંદ
ગવેન્દ્રાનંદ
ગિરિધરાનંદ

ગુણાતીતાનંદ
ગુરુગમ્યાનંદ
ગુરુત્તમાનંદ
ગુલાલાનંદ
ગોતીતાનંદ-૨
ગોપાલાનદ નાના-૨
ગોપાળાનંદ
ગોપીશાનંદ
ગોપેશ્વરાનંદ
ગોવર્ધનાનંદ
ગોવિંદ પ્રસાદાનંદ
ગોવિંદાનંદ-૪
ગોલોકેશ્વરાનંદ
ગૌત્તમાનંદ-૨

ઘ

ઘનશ્યામાનંદ

ચ

ચક્રધરાનંદ
ચતુરાત્માનંદ-૨
ચતુર્ભાવાનંદ
ચતુર્વેદાનંદ
ચતુર્વ્યૂહાનંદ
ચિદ્ઘનાનંદ
ચિદ્રૂપાનંદ
ચિદાકાશાનંદ
ચિદાનંદ-૨
ચિન્મયાનંદ
ચૈતન્યાનદ-૨

છ

છિન્નસંશયાનંદ

જ

જક્તખડાનંદ
જગત્કારણાનદ
જગત્ખડાનદ
જગત્પાવનાનદ
જગત્પ્રકાશાનદ
જગત્રાતાનંદ
જગદ્રઘાનંદ
જગદીશાનંદ
જગદ્દેવાનંદ
જગન્નાથાનંદ-૨
જગન્નિવાસાનંદ
જનાર્દનાનંદ
જયદેવાનંદ
જયાનંદ
જ્યોતીશ્વરાનંદ
જ્યેષ્ઠાનદ
જ્યોતિષાનંદ
જ્યોતિષેશ્વરાનંદ
જિતક્રોધાનંદ
જિવનાનંદ
જિષ્ણવાનંદ
જૂઠતાનંદ

ત

ત્યાગાનદ-૪
તત્ત્વદર્શાનંદ
તત્ત્વરૂપાનંદ
તત્ત્વસ્વરૂપાનંદ
તત્ત્વજ્ઞાનાનંદ
તત્ત્વાનંદ
તદ્રૂપાનંદ
તમોહરાનંદ
તાપસાનદ-૨
તુર્યાનદ
તુર્યાતીતાનંદ
તૃપ્તાનંદ

ત્રિ

ત્રિકમાનંદ
ત્રિગુણાતીતાનંદ
ત્રિવિક્રમાનંદ
ત્રિલોકાનંદ
ત્રિલોકેશાનંદ

દ

દર્પહાનંદ
દયાળાનદ
દહરાનંદ
દક્ષાનંદ
દિત્યાનંદ
દિવ્યમૂર્ત્યાનંદ
દિપ્તાનંદ
દુર્જયાનંદ
દુરાધર્માનંદ
દુર્મર્ષણાનંદ
દુર્લભાનંદ
દુષ્ટદમનાનંદ
દુષ્ટપ્રકાશાનંદ

દેવકૃષ્ણાનંદ
દેવ દેવાનંદ
દેવ દેવેશાનંદ
દેવ વંધાનંદ
દેવાનંદ-૨
દેવેશાનંદ
દૃઢ નિર્માનાનંદ
દૃઢ વ્રતાનંદ

ધ

ધર્મદ્રુષાનંદ
ધન્યાનંદ
ધનંજયાનદ
ધર્મધરાનંદ
ધર્મપ્રકાશાનંદ
ધર્મપાલાનંદ
ધર્મયુદ્યાનંદ
ધર્મસિદ્ધાનંદ
ધર્માત્માનદ
ધર્માધ્યાક્ષાનંદ
ધર્માનંદ-૨
ધરણી ધરાનંદ
ધ્યાનધરાનંદ
ધ્યાનાનંદ
ધામાનંદ
ધીરાનંદ-૨
ધ્રુવાનંદ
ધૃતાત્માનંદ

ન

નધાનંદ
નયાનદ
નરનારાયણાનંદ
નરહર્યાનંદ
નરાનંદ-૨
નરોત્તમાનદ
નારાયણાનંદ
નિજજનાનંદ
નિજબોધાનંદ
નિજાનંદ
નિત્યાનંદ
નિધનાનંદ
નિમેષાનંદ
નિયમાનંદ
નિર્ગુણાનંદ-૨
નિર્દેન્દ્રાનંદ
નિર્દોષાનંદ
નિર્ભયાનંદ
નિર્મત્સરાનંદ
નિર્મલાનંદ
નિર્માનાનંદ-૨
નિર્મોદાનંદ
નિર્મોહાનંદ
નિર્વાણાનંદ
નિર્લોભાનંદ-૨
નિરન્ન મુક્તાનંદ
નિરન્નાનંદ
નિરપેક્ષાનંદ
નિરાનંદ
નિરાલંબાનંદ
નિરંજનાનંદ-૩
નિર્વિઘ્નાનંદ
નિર્વિશેષાનંદ
નિર્વિષાનંદ
નિવ્રતાનંદ
નિવૃત્યાનંદ-૨
નિવાસાનંદ
નીલકંઠાનંદ-૨
નિષ્કામાનંદ-૨
નિષ્કુલાનંદ
નિષ્પાપાનંદ
નિઃસ્પૃહાનંદ
નિઃસંદેહાનંદ
નૃસિંહાનંદ-૨
નૃહર્યાનંદ
નૈકરૂપાનંદ
નંદનાનંદ
નદનંદનાનંદ
નંદાનંદ

પ

પતિતપાવનાનંદ
પદ્મધરાનંદ
પદ્મનાભાનંદ
પરમ કૈવલ્યાનંદ
પરમચૈતન્યાનંદ-૩
પરમ દયાનંદ
પરમ ધર્માનંદ
પરમ પ્રકાશાનંદ
પરમ પુરુષાનંદ
પરમ સિદ્ધાનંદ
પરમ સંતોષાનંદ
પરમ હંસાનંદ-૨

પરમ જ્ઞાનાનંદ
પરમાત્માનંદ
પરમાનંદ-૩
પરમેશ્વરાનંદ
પરમેષ્ઠાનંદ
પરમેષ્ઠપાનંદ
પરાનદ
પર્વતાનંદ
પરિપૂર્ણાનંદ
પવિત્રાનંદ
પાવનાનંદ
પીતાંબરાનંદ
પુનિતાનંદ
પુરાતનાનંદ
પુરુષાનંદ
પુરુષોત્તમાનંદ
પુંડરીકાક્ષાનંદ
પૂર્ણાનંદ-૪
પૂણ્યકીર્ત્યાનંદ
પૂણ્યાત્માનંદ
પૂણ્યાનંદ
પૂતાત્માનંદ
પ્રકાશાત્માનંદ
પ્રકાશાનંદ
પ્રજેશ્વરાનંદ
પ્રજેશાનંદ
પ્રતાપાનંદ
પ્રતીતાનંદ
પ્રતોષાનંદ
પ્રથિતાનંદ
પ્રદ્યુમ્નાનંદ
પ્રધાનપુરુષાનંદ
પ્રધાનપુરુષેશ્વરાનંદ
પ્રધાનાનંદ
પ્રબલાનંદ
પ્રબોધાનંદ
પ્રભવાનંદ-૨
પ્રભાનંદ-૨
પ્રભુતાનંદ-૪
પ્રમેષ્ટાનંદ
પ્રમોદાનંદ
પ્રશાન્તાનદ
પ્રસન્નાત્માનંદ
પ્રસાદાનંદ
પ્રજ્ઞાનંદ-૨
પ્રાણદાતાનંદ
પ્રાણદાનંદ
પ્રેમાનંદ

બ

બદરીનાથાનંદ
બલદેવાનદ
બલભદ્રાનંદ-૨
બાલકૃષ્ણાનંદ
બાલમુકુન્દાનંદ
બુધાનંદ
બુદ્ધાનંદ-૨
બુહદ્‌રૂપાનંદ
બ્રહ્મણ્યાનદ
બ્રહ્માનદ

ભ

ભક્તવત્સલાનંદ
ભક્તવલ્લભાનંદ
ભક્તિપ્રિયાનંદ
ભક્તિશાનંદ
ભક્તેશ્વરાનંદ
ભગવદાનંદ
ભગવાનાનંદ
ભજનાનદ
ભદ્રાનદ
ભવનાનદ
ભવેશ્વરાનંદ
ભાગેશ્વરાનંદ
ભાવનાનદ
ભાવાનાનદ
ભાવાનદ
ભાસ્કરાનંદ
ભૂગર્ભાનદ
ભૂતાત્માનંદ
ભૂતાવાસાનંદ
ભૂધરાનંદ
ભૂમાનદ-૨
ભૂષણાનંદ
ભ્રાજિષ્ણવાનંદ

મ

મધુસૂદનાનંદ
મનોહરાનંદ
મહાકર્માનંદ
મહાનુભાવાનંદ
મહાનંદાનંદ

મહાનંદ
મહાપુરુષાનંદ
મહાપ્રસાદાનંદ
મહાભાગાનંદ
મહાભૂતાનંદ
મહામખાનંદ
મહાવીર્યાનંદ
મહાશકત્યાનંદ
મહેન્દ્રાનંદ
મહેશ્વરાનંદ
મહોશ્વાસાનદ
મહોત્સાહાનંદ
માધવાનંદ-૨
માનદાનંદ
માયાજિતાનંદ
માયાતીતાનંદ-૨
મુક્તનાથાનંદ
મુક્તાત્માનંદ
મુક્તાનંદ
મુક્તાશાનંદ
મુક્તિદાનંદ
મુક્તેશ્વરાનંદ
મુકુંદાનંદ
મુકુંદપ્રસાદાનંદ
મુનીશ્વરાનંદ
મોહનાનદ
મગલાનંદ
મંજુકેશાનંદ

ય

યજ્ઞનાથાનંદ
યજ્ઞનિવાસાનંદ
યજ્ઞપ્રિયાનંદ
યજ્ઞપુરુષાનંદ
યજ્ઞાનદ
યજ્ઞેશ્વરાનંદ
યુક્તાનંદ-૩
યુતાત્માનંદ
યોગકલાનંદ
યોગનાથાનંદ
યોગસિદ્ધાનંદ
યોગાનદ-૨
યોગીશાનંદ
યોગેશ્વરાનંદ
યોગેશાનદ

ર

રઘુનાથાનંદ
રમાકાન્તાનદ
રમેશ્વરાનંદ
રમેશાનદ
રાઘવાનદ-૩
રાધાકૃષ્ણાનંદ
રાધેશ્વરાનંદ
રાધેશાનદ
રામકૃષ્ણાનંદ
રામચદ્રાનંદ
રામદાસજી (ભાઈ)
રામરત્નાનંદ
રામશરણાનદ
રામાનુજાનદ
રાસ મંડલેશ્વરાનદ
રાસેશ્વરાનદ

લ

લક્ષ્મણાનંદ
લક્ષ્મીનારાયણાનંદ
લોકનાયાનદ
લોકાધ્યક્ષાનંદ

વ

વર્ધનાનંદ
વરદાનદ
વલ્લભાનદ
વસ્વાનદ
વસુદાનદ
વસુધાનંદ
વામનાનદ
વાસુદેવાનંદ-૩
વિકર્ત્રાનંદ
વિચારાનંદ
વિજયાત્માનંદ
વિજયાનંદ
વિધાત્રાનંદ
વિદ્યાનંદ
વિદેહાનંદ
વિમુક્તાનંદ
વિરક્તાનંદ
વિરામાનંદ
વિવિક્તાનંદ
વિવેકાનંદ
વિશાલાનંદ-૨
વિશિષ્ટાનંદ

વિશુદ્ધાત્માનંદ
વિશુદ્ધાનંદ
વિશોકાનંદ
વિષ્વકસેનાનંદ
વિષમાનંદ
વિશ્વકર્માનંદ
વિશ્વચૈતન્યાનંદ
વિશ્વધરાનંદ
વિશ્વનાથાનંદ
વિશ્વનિવાસાનંદ
વિશ્વમૂર્ત્યાનંદ
વિશ્વરૂપાનંદ-૨
વિશ્વાત્માનંદ
વિશ્વાધારાનંદ
વિશ્વાનંદ-૨
વિશ્વાસ ચૈતન્યાનંદ
વિશ્વાસાનંદ
વિશ્વેશ્વરાનંદ
વિશ્વેશાનંદ
વિવભરાનંદ
વિશ્રામાનંદ
વિશ્રુવાનંદ
વીર્યાનંદ
વૃદ્રરૂપાનંદ
વૃષકર્માનંદ
વૃષાકપ્યાનંદ
વ્રજાનંદ-૩
વ્રજેશ્વરાનંદ
વ્રજેશાનંદ
વેણુધરાનંદ
વેદાગાનંદ
વેદાંતાનંદ-૨
વેદાનંદ
વૈકુણ્ઠાનંદ
વૈરાગ્યાનંદ-૪
વૈષ્ણવાનંદ-૩
વંશીધરાનંદ
વ્યવસાયાનંદ
વ્યાપકાનંદ-૨

શ

શતાનંદ
શત્રુઘ્નાનંદ
શત્રુહાનંદ
શત્રાત્માનંદ
શમાનંદ
શ્યામલીયા ચૈતન્યાનંદ
શ્યામાનંદ
શરણ્યાનંદ
શાન્તગુણાનંદ
શાન્તાત્માનંદ
શાન્તાનંદ-૬
શાન્તિદાનંદ
શાશ્યાનંદ
શાશ્વતાનંદ
શિવાનંદ-૫
શુકાનંદ
શુદ્ધજ્ઞાનાનંદ
શુદ્ધાનંદ-૨
શુદ્ધાત્માનંદ-૨
શુભગાનંદ
શુભાનંદ
શૂન્યાતીતાનંદ
શેષાનંદ
શકરાનંદ
શંખધરાનંદ
શંસિતવૃત્તાનંદ
શ્વેતદ્વીપાનંદ
શ્વેત વૈકુણ્ઠાનંદ
શ્વેત પ્રકાશાનંદ
શ્રી ગર્ભાનંદ
શ્રી ગુરુચરણરતાનંદ
શ્રી ધરાનંદ
શ્રી નિવાસાનંદ
શ્રુત્યાનંદ
શ્રુતિ સાગરાનંદ

સ

સંકર્ષણાનંદ-૨
સગુણાનંદ
સચ્ચિદાનંદ
સજ્જનાનંદ
સત્કર્ત્રાનંદ
સત્ક્રિયાનંદ
સત્કીર્ત્યાનંદ
સર્વજિતાનંદ-૨
સત્તાનંદ
સન્તદાસજી
સતોષાનંદ-૨
સત્યધર્માનંદ
સત્યપરાક્રમાનંદ
સત્યપ્રકમાનંદ
સત્યવૃત્તાનંદ

સત્યકૃતાનંદ	સવિત્રાનંદ	સુદેહાનંદ
સત્યસંધાનંદ	સવ્યાનંદ	સુધર્માનંદ
સત્યસ્વરૂપાનદ	સહત્યાનદ	સુધાનંદ
સત્યાત્માનદ	સહસ્રશીર્ષાનંદ	સુનેત્રાનંદ
સત્યાનંદ-૨	સહસ્રાક્ષાનંદ	સુપર્ણાનંદ
સત્યેશ્વરાનદ	સહસ્રાનદ	સુપ્રકાશાનંદ
સત્વસ્થાનદ	સહિતાનંદ	સુપ્રજ્ઞાનંદ
સત્ત્વાનદ	સહિષ્ણવાનંદ	સુબોધાનંદ
સદાનંદ-૨	સાખ્યાનદ	સુભગાનંદ
સદ્ગત્યાનંદ	સાક્ષ્યાનદ	સુભદ્રાનંદ
સદ્ગુણાનંદ	સાત્વતાનદ	સુમંતાનંદ
સદ્ધર્માનંદ	સામગાનદ	સુમિત્રાનંદ
સદ્ભૂતાનંદ	સિદ્ધસંકલ્પાનંદ	સુમુખાનંદ
સદ્ભૂત્યાનંદ	સિદ્ધાત્માનંદ	સુયજ્ઞાનંદ
સદ્વૃત્તાનંદ	સિદ્ધાનંદ	સુયશાનંદ
સનાતનાનદ-૨	સિદ્ધાર્થાનંદ	સુરેશાનંદ
સન્યાસાનંદ-૨	સિદ્ધિદાનંદ	સુરેશ્વરાનંદ
સવત્સરાનંદ	સિદ્ધેશ્વરાનંદ	સુલભાનંદ
સંવૃત્તાનંદ	સુકર્માનંદ	સુવત્સરાનંદ
સશિતાનંદ	સુકૃતાનંદ	સુવર્ણાનંદ
સંશિતવૃત્તાનંદ	સુકૃત્યાનંદ	સુવ્યક્તાનંદ
સરૂપાનંદ	સુક્ષમાનંદ	સુવ્રતાનંદ
સર્વજ્ઞાનંદ	સુખદાત્રાનંદ	સુશીલાનંદ
સર્વદાનદ	સુખદાનંદ	સુહદાનંદ
સર્વદેવાનંદ	સુખપ્રકાશાનંદ	સૂક્ષ્માનંદ
સર્વનિવાસાનંદ	સુખપ્રદાનદ	સૂર્યાનંદ
સર્વપ્રકાશાનદ	સુખરૂપાનંદ	સોમપ્રકાશાનંદ-૨
સર્વપ્રસાદાનંદ	સુખાનંદ-૪	સ્થવિષ્ઠાનંદ
સર્વવિદાનંદ	સુજ્ઞાનંદ	સ્થિરાનંદ
સર્વવિસર્ગાનંદ	સુદર્શનાનંદ	સ્વચ્છદાનંદ
સર્વેશ્વરાનંદ-૨	સુદેવાનંદ	સ્વયંપ્રકાશાનંદ (ભાઈ)

સ્વયંપ્રભવાનંદ
સ્વયભવાનદ
સ્વરૂપાનંદ-૩
સ્વયનશાનદ
સ્વસ્વરૂપાનંદ

હ
હયગ્રીવાનંદ
હર્યાનંદ
હર્ષાનદ
હૃષીકેશાનંદ
હરિકૃષ્ણાનંદ
હરિગ્રીવાનંદ
હરિગોવિંદાનંદ-૨
હરિનામાનંદ
હરિનારાયણાનંદ
હરિપ્રકાશાનંદ
હરિપ્રતાપાનંદ
હરિપ્રસાદાનંદ-૨
હરિભજનાનંદ-૨
હરિભૂષણાનંદ
હરિહર્યાનંદ
હરિહરાનંદ
હિરણ્મયાનંદ
હિરણ્યગર્ભાનંદ
હિરણ્યાનંદ

ક્ષ
ક્ષેત્રજ્ઞાનદ
ક્ષેમાનદ

જ્ઞ
જ્ઞાનગમ્યાનદ
જ્ઞાનપ્રકાશાનંદ
જ્ઞાનવલ્લભાનંદ-૩
જ્ઞાનસ્વરૂપાનદ
જ્ઞાનાનદ-૩
જ્ઞાનર્હાવાનદ

બ્રહ્મચારીઓ

અ
અકામાનદ
અખંડાનદ
અચિંત્યાનદ
અનંતાનદ
આત્માનંદ-૨
આનંદાનદ

ઈ
ઈશ્વરાનદ
ઈશાનદ

ઉ
ઉત્તમાનદ

ઋ
ઋષભાનદ

ક
કાલીદાસાનંદ
કૃષ્ણાનદ
કેશવાનદ

ગ
ગિરિધરાનંદ
ગોપાલાનદ
ગોવિંદાનંદ

ઘ
ઘનશ્યામાનદ

જ
જગન્નાથાનદ
જયરામાનદ
જયાનદ

ત
ત્યાગાનદ
ત્રિકમાનંદ

દ
દેવાનદ

ધ
ધર્મપ્રકાશાનદ
ધર્મવલ્લભાનદ
ધર્માનંદ
ધ્યાનાનદ

ન
નારાયણાનદ
નિષ્કામાનંદ

નીલકંઠાનંદ
નૃસિંહાનંદ

પ
પ્રજ્ઞાનાત્માનદ
પરમાત્માનદ
પુરુષોત્તમાનંદ
પૂર્ણાનંદ

ભ
ભાનુચૈતન્યાનંદ

મ
માધવાનંદ-૨
મુકુન્દાનંદ (મૂળજી બ્રહ્મચારી)

ર
રણછોડાનંદ
રાઘવાનદ
રામકૃષ્ણાનંદ
રામચદ્રાનંદ

લ
લક્ષ્મીનારાયણાનંદ

વ
વામનાનદ
વાસુદેવાનંદ
વિજયાનંદ
વિષ્ણ્વાનંદ
વિશુદ્ધાનંદ
વૈકુંઠાનંદ

શ, શ્ર, સ
શ્રીકૃષ્ણાનંદ
શ્રીધરાનંદ
શુકાનદ
શાંતાનદ
સુખપ્રકાશાનદ

હ
હરિકૃષ્ણાનંદ
હરિરામજી
હૃષીકેશાનંદ

દાસ પંક્તિના સાધુઓ

કપિલદાસ
કલ્યાણદાસ
કૃષ્ણચરણદાસ
કૃષ્ણદાસ
કૃષ્ણવલ્લભદાસ
ગંગાદાસ
ગંભીરદાસ
ગોવર્ધનદાસ
ગોવિંદદાસ
ઘનશ્યામદાસ
જયરામદાસ
જાનકીદાસ
જ્ઞાનદાસ
દયાળદાસ
દ્વારિકાદાસ
ધર્મવલ્લભદાસ
નરોત્તમદાસ
નારાયણદાસ
નિરંજનદાસ
નિર્લેપદાસ
પુરુષોત્તમદાસ
પ્રભુદાસ
પ્રેમદાસ
બાલમુકુંદદાસ
ભગવાનદાસ
મનોહરદાસ
માધવદાસ
મોહનદાસ
રાઘવદાસ
રામદાસ
લક્ષ્મણદાસ
વાસુદેવચરણદાસ
વિષ્ણુદાસ
શીતલદાસ
સતદાસ
સેવાદાસ
હનુમાનદાસ
હરિચરણદાસ
હરિદાસ

સંન્યાસીઓ

અનતાનંદ	પદ્મનાભાનંદ	વાસુદેવાનંદ
કૃષ્ણાનંદ	પુરુષોત્તમાનંદ	વૈષ્ણવાનદ
કેશવાનંદ	પૂર્ણાનંદ-૨	શંકરાનંદ
જનાર્દનાનંદ	બ્રહ્માનંદ	શિવાનંદ
જ્ઞાનાનંદ-૨	મધુસૂદનાનંદ	શ્રીધરાનંદ
દેવાનંદ	માધવાનંદ	સદાનંદ
ધરાનંદ	રાઘવાનંદ	સિદ્ધાનંદ
નિત્યાનંદ	વામનાનંદ	સેવાનંદ

પાર્ષદો

કેશવજી	ભગુજી	રતનજી
જોરાજી	ભીમજી	લાખાજી
દેવાજી	મહીજી	વીરાજી
ધનજી	માનજી	હસનજી
નથુજી	માવાજી	કરીમજી વગેરે
બેચરજી	મિયાંજી	

પરિશિષ્ટ : ૩

પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ

સંતો-પરમહંસો-પાર્ષદોની સૂચિ

હરિભક્તોની સૂચિ

ગ્રામ સૂચિ





સાક્ષાત્ ગઢપુર તીર્થધામમાં
દાદાખાચરના આ દરબારમાં
પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે
અનેક દિવ્ય લીલાઓ કરીને તેને ચિરંતન બનાવ્યો છે.
દાદાખાચરના દરબારના કેન્દ્રમાં
એ મહાપવિત્ર લીંબતરુ,
જેની નીચે બિરાજીને શ્રીહરિએ
અનેક વચનામૃતો ઉદ્બોધ્યાં છે.
ડાબેથી જમણે અનુક્રમે : ઉગમણા, ઓતરાદા અને આથમણા બારના ઓરડા


શ્રી અક્ષર ઓરડી.
ગઢપુરમાં દાદાખાચરના દરબારના
અંતર્ગત આવેલી આ મહાપ્રસાદીની
અક્ષર ઓરડીમાં
ભગવાન સ્વામિનારાયણનો
નિત્યનિવાસ રહેતો હતો.
પાછળથી આ દિવ્ય અને
મહાપ્રસાદિક અક્ષર ઓરડીના
સ્થાને આ એક શિખરનું સ્મૃતિસ્થાન
રચવામાં આવ્યું છે.






જીવુબા અને લાડુબાને શ્રીહરિએ
પૂજવા આપેલા લાલજીની મૂર્તિઓ.
શ્રીહરિની ભક્તિમાં લેલીન જીવુબાના
આ લાલજી(નાના લાલજી) પ્રત્યક્ષ દૂધ
આરોગી ગયા હતા અને શ્રીહરિના
દિવ્ય અસ્તિત્વનો પુરાવો આપ્યો હતો.

દાદાખાચરના દરબારના અંતર્ગત
પરમહંસની જાયગા,
જ્યાં પરમહંસો નિવાસ કરતા હતા.
ભગવાન સ્વામિનારાયણે અનેક વખત
અહીં પધારીને સંતોને
વચનામૃતો ઉદ્દ્બોધ્યાં છે.
પરમહંસોની જાયગાના સ્થાને
હાલ સ્મૃતિદેરી રચવામાં આવી છે.



ભક્તરાજ જીવાખાચરના ઓરડા,
સારંગપુર.
આ મહાતીર્થસ્થાનમાં શ્રીહરિએ
અનેક વખત બિરાજીને
દિવ્ય લીલાઓ કરી છે,
વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે.





સારંગપુર તીર્થધામમાં આવેલો ચોરો.
શ્રીહરિએ અહીં અનેક દિવ્ય
લીલાઓ કરી છે.



સારંગપુર તીર્થધામમાં,
ખીજડાના આ વૃક્ષ નીચે
શ્રીહરિએ બ્રાહ્મણોની ચોરાશી કરીને
સૌને ખૂબ તૃપ્ત કર્યા હતા.




ભક્તરાજ શ્રી વસ્તાખાચરનો દરબાર,
કારિયાણી.
શ્રીહરિએ અહીં અનેક લીલાઓ કરી
છે અને વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે.



રામકુંડ અને ભીમકુંડ, કારિયાણી.
શ્રીહરિએ અહીં તળાવ ગળાવીને
પૂર્તકર્મ કર્યું હતું.
અહીં શ્રીહરિએ બ્રાહ્મણોની ચોરાસી
કરી હતી.



શ્રીહરિનું દિવ્ય નિવાસસ્થાન -
અક્ષર ઓરડી,
કારિયાણી.
ભક્તરાજ વસ્તાખાચરના દરબારમાં
આ મહાપ્રાસાદિક સ્થાનમાં
શ્રીહરિ નિવાસ કરીને રહેતા.



શ્રી સ્વામિનારાયણ મંદિર (જૂનું)
ગુણાતીતનગર (ભાદરા).
આ ઐતિહાસિક સ્થળેથી
ભગવાન સ્વામિનારાયણે ૧૮
ગરાસદારો, પાટીદારો વગેરે સુખી
સદ્‌ગૃહસ્થ હરિભક્તોને તાત્કાલિક
પરમહંસ થવા પત્ર લખ્યો હતો.



ઊંડ નદીનો મહાપ્રાસાદિક તટ
અને દિવ્ય સ્મૃતિચિહ્ન સમું વટવૃક્ષ,
ગુણાતીતનગર (ભાદરા).
આ વડ ઉપરથી કૂદીને
ભગવાન સ્વામિનારાયણે
ઊંડ નદીમાં અનેકવિધ
સ્નાનલીલા કરી છે.
અહીં જ ચલાખા પર (કાપડનો
ચોરસો) વિરાજીને શ્રીહરિએ
મૂળજી શર્મા (ગુણાતીતાનંદ સ્વામી)
અને લાલજી સુથાર સાથે
જળવિહાર કર્યો હતો.



મૂળજી શર્મા તરીકે સાક્ષાત્
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ
પોતાના પૂર્વાશ્રમમાં જ્યાં ખેતી કરી હતી
અને જ્યાં શ્રીહરિએ અનેક
લીલાઓ કરી છે
- એ મહાપ્રાસાદિક ખેતર,
ગુણાતીતનગર (ભાદરા).

સુંદરજી સુથારની મેડી,
ભુજ,
જ્યાં શ્રીહરિ ભુજના દીવાનના ભયથી
સંતાયા હતા અને પછી પોતે પ્રગટ
થઈને પોતાનો
અપ્રતિમ પ્રભાવ દર્શાવ્યો હતો.




અક્ષર ઓરડી,
સુંદરજી સુથારનું ઘર, ભુજ,
જ્યાં શ્રીહરિએ અનેક વખત નિવાસ કર્યો છે.





શ્રીહરિના આદેશે ત્યાગી થઈને આવેલા
૧૮ પરમહંસો સાથે ભુજમાં આ સ્થાને
શ્રીહરિનું દિવ્ય મિલન થયું હતું.
'ભડના નાકા' તરીકે પ્રસિદ્ધ આ સ્થળે
શ્રીહરિએ આ નવદીક્ષિત પરમહંસોને
દંડવત્ પ્રણામ કર્યા હતા
એ પ્રાસાદિક સ્થાન.

શ્રીહરિનો શિર સાટે
પક્ષ રાખનાર ભક્તરાજ
ગંગારામ મલ્લનું પ્રાસાદિક ઘર,
ભુજ,
જ્યાં શ્રીહરિએ આશ્રય કર્યો હતો.






ગંગારામ મલ્લનો અખાડો,
ભુજ.
અહીં શરીરબળના
અનેક પ્રયોગો દર્શાવી
ગંગારામ મલ્લે
શ્રીહરિએ ખૂબ પ્રસન્ન કર્યા હતા.
શ્રીહરિએ પ્રસાદીભૂત કરેલાં
ગંગારામનાં કુસ્તી-સાધનો.





ભુજમાં કાયસ્થ શેરીમાં
આવેલી લાધીમાની ઓરડી.
શ્રીહરિ અહીં અનેક વખત
લાધીમાના હાથની રસોઈ જમ્યા છે.



ભુજની પ્રસિદ્ધ
પીંગળ-કાવ્યશાસ્ત્ર શાળા,
જ્યાં મહાકવિ બ્રહ્માનંદ સ્વામીએ
કાવ્યશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું.



નિષ્કુળાનંદ સ્વામીના
સાસરાનું ઘર, આધોઈ,
શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને
આધોઈ ગામને પાદર દીક્ષા આપીને
જ્યાં સર્વ પ્રથમ ભિક્ષા લેવા
મોકલ્યા હતા...



વેદાંતી ખૈયા ખત્રીનું
પ્રાસાદિક ઘર,
માંડવી, કચ્છ.




માંડવીની એ ઐતિહાસિક જગ્યા,
જ્યાં શ્રીહરિએ વેદાંતી
ખૈયા ખત્રી સાથે શાસ્ત્રચર્ચા કરીને
તેને પોતાનો આશ્રિત કર્યો...




સમુદ્ર કાંઠે શ્રીહરિએ
મીઠી વીરડી ગાળી હતી એ
પ્રાસાદિક જગ્યા,
માંડવી(કચ્છ),
જ્યાં આજે પણ
મીઠા પાણીની ડંકી છે !



કચ્છમાં રુક્માવતી નદીના કિનારે
અહીં બિરાજી શ્રીહરિએ
એક માસ સુધી કથા કરી હતી.



માનકૂવા(કચ્છ)માં જૂનાવાસમાં
નાથા સુથારનું ઘર,
જ્યાં શ્રીહરિ રોટલો અને
કઢી જમ્યા હતા.



માનકૂવા(કચ્છ)માં ક્ષત્રિય ભક્તરાજ
આદાભાઈના દરબારના ઓરડા,
જ્યાં શ્રીહરિએ નિવાસ કરીને
અલૌકિક સ્મૃતિઓ આપી છે.



નારાયણ સરોવર,
કચ્છ,
અહીં શ્રીહરિએ અનેક વખત
સ્નાનલીલાઓ કરી છે.





ઉત્તરાસર સરોવર,
કચ્છ.
અહીંથી ભૂસકો મારી
શ્રીહરિએ અનેકવિધ
સ્નાનલીલાઓ કરી
દિવ્ય સ્મૃતિઓ આપી છે.



રંગમહોલ, જેતલપુર.
અહીં બિરાજીને શ્રીહરિએ પરમહંસોને
અનેક વખત જમાડ્યા છે,
અનેક જ્ઞાનવાર્તાઓ ઉદ્‌બોધી છે.

૧૫૦ વર્ષ પહેલાંનો
દિલ્હી દરવાજો,
અમદાવાદ.
(સામેના પૃષ્ઠ પર આધુનિક દરવાજો)
આ દરવાજેથી શ્રીહરિ
અનેક વખત પસાર થયા છે.
અહીં દરવાજા પર મઢુલીમાં બિરાજીને
શ્રીહરિએ દિવ્ય દર્શન આપ્યાં છે અને
કથાવાર્તા-કીર્તન કર્યાં છે.






૧૫૦ વર્ષ પહેલાંનો
ખાનપુર દરવાજો, અમદાવાદ.
(સામેના પૃષ્ઠ પર આધુનિક દરવાજો)
અહીં ઉપર ઓરડીમાં બિરાજીને
શ્રીહરિએ ભજન-કીર્તન કર્યાં છે,
અનેક ભક્તોને
અહીંથી દર્શન આપ્યાં છે.

૧૫૦ વર્ષ પહેલાંના
ત્રણ દરવાજા, અમદાવાદ.
શ્રીહરિએ આ દરવાજા ઉપર બિરાજીને
અનેક વખત દિવ્ય સ્મૃતિઓ આપી છે.
(ફોટો : જેમ્સ બર્જેસ, સને ૧૮૬૬)






દિલ્હી દરવાજા,
અમદાવાદ.



ખાનપુર દરવાજો,
અમદાવાદ.




ત્રણ દરવાજા,
અમદાવાદ.



અમદાવાદનો પ્રસિદ્ધ
રાયપુર દરવાજો,
આ દરવાજા ઉપર બિરાજીને શ્રીહરિએ
ભક્તોની સભા સંબોધી છે...




અમદાવાદમાં ભદ્રનો ઐતિહાસિક
કિલ્લો, જ્યાં પેશ્વાના સૂબાએ
શ્રીહરિને બોલાવીને
કપટ કર્યું હતું, અને
શ્રીહરિએ એને પોતાના
ઐશ્વર્યથી નિષ્ફળ બનાવ્યું હતું.




શ્રીહરિના નિર્દોષ સંતો પર
ક્રૂરતાથી ત્રાટકેલા લોલંગર બાવાના
હથિયારધારી બાવાઓને,
જ્યાં ક્ષત્રિય હરિભક્તોએ શૌર્યથી પાઠ
ભણાવ્યો હતો એ ઐતિહાસિક ચોક;
અને તે ચોકની સામે જે મકાનમાં
શ્રીહરિ તે સમયે રહ્યા હતા
તે ઘર તથા તેની યાદ અપાવતી
સ્મૃતિ દેરી, ખોખરા,
અમદાવાદ.

કાંકરિયા તળાવ આગળ શ્રીહરિએ
સ્થાપેલા પ્રાસાદિક હનુમાનજી,
અહીં શ્રીહરિ અનેક વખત
સભા કરીને બિરાજ્યા છે.





અમદાવાદમાં પ્રસિદ્ધ નીલકંઠ મહાદેવ,
અસારવા, જ્યાં શ્રીહરિએ અનેક વખત પધારીને
દિવ્ય સ્મૃતિઓ આપી છે.



અમદાવાદમાં,
ભદ્રમાં આવેલ શ્રી શ્વેતકૃષ્ણનું મંદિર,
જેના અંધ પૂજારીને શ્રીહરિએ
દેખતા કર્યા હતા.



નવાવાસ, અમદાવાદમાં
ભક્તરાજ શ્રી પુરુષોત્તમ પટેલનું
મકાન, જ્યાં શ્રીહરિ નિવાસ કરતા.




અમદાવાદમાં, નવાવાસમાં
ભક્તરાજ શ્રી દામોદર પટેલનું
પ્રાસાદિક ઘર.




સાબરમતીના તટે,
ભીમનાથનો આરો,
જ્યાં શ્રીહરિએ અનેક વખત
સ્નાનલીલા કરી છે.





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા
આધ્યાત્મિક સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને
ભારતીય સંસ્કૃતિના સનાતન વારસાને અને
ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને
વિશ્વભરમાં પ્રસરાવતી આ સંસ્થા
એક આધ્યાત્મિક-સામાજિક સેવાસંસ્થા છે.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં સ્થાપેલી
આ સંસ્થા ૯,૧૦૦ સત્સંગ કેન્દ્રોના
વિશ્વવ્યાપી પરિવાર દ્વારા માનવ-ઉત્કર્ષની
અવિરત ગંગા વહાવે છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં,
સંસ્થાના ૭૦૦ સુશિક્ષિત સંતો તથા
૪૦,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેક રચનાત્મક
સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું
પુનર્નિમાણ હોય, અદ્યતન ભવ્ય વિદ્યાર્થી સંકુલો અને
અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો કે
રોગનિદાન યજ્ઞોની સેવાઓ હોય.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
દિલ્હી, ગાંધીનગર, લંડન, શિકાગો, હ્યુસ્ટન અને નૈરોબીમાં
ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં અભૂતપૂર્વ
આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલોનું નિર્માણ કરી સંસ્થાએ
યુગસિદ્ધિ હાંસલ કરી છે અને
લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રેરણામૂર્તિ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજતા એવાં શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.

સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે. પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે. તેમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પુસ્તક સુમેરુ સમાન છે.

શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઇતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે.

આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન છે.

શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

ISBN: 81-7526-211-7